કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિરચિતા

ગુર્જર ભાવાનુવાદ સમેતા

પ્રમાણમીમાંસા

ગુર્જરવિવરણકર્તા

મુનિશ્રી રત્નજ્યોત વિજયજી મ.સા.



પ્રકાશક

શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય

માલવાડા (રાજ.)

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિરચિતા

ગુર્જર ભાવાનુવાદ સમેતા

પ્રમાણમીમાંસા

દિવ્યાશિષ્દાતા

સ્વ. આચાર્યદેવ શ્રીરત્નશેખર સૂરીશ્વરજી મ.સા.

શુભઆશીર્વાદ દાતા

કલિકુંડ તીર્થોદ્ધારક આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

પ્રેરણાદાતા

પ.પૂ. યુવાચાર્ય શ્રીમદ્વિજય રત્નાકરસૂરીશ્વરજી મ.સા.

ગુર્જરવિવરણકર્તા

મુનિશ્રી રત્નજ્યોત વિજયજી મ.સા.

પ્રકાશક

શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય

માલવાડા (રાજ.)

ગ્રંથ પરિચય

ગ્રંથનું નામ	–	પ્રમાણમીમાંસા
મૂળકર્તા	–	શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજી
સંપાદક	–	પં. દલસુખમાલવણીયા
અનુવાદક	–	મુનિશ્રી રત્નજ્યોતવિજયજી
પ્રકાશક	–	શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય-માલવાડા
પ્રથમ આવૃત્તિ	–	૫૦૦ (વિ.સં. - ૨૦૫૮)
કિંમત	–	રૂા. ૧૬૫-૦૦

પ્રાપ્તિ સ્થાન

શ્રી પારસ ગંગા જ્ઞાન મંદિર
C/o રાજેન્દ્રભાઈ
બી-૧૦૪, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પીટલ સામે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪
ફોન (ઘર) ૨૮૬૦૨૪૭

શ્રી મણીલાલ યુ. શાહ
ડી.૧-૨૦૩, સ્ટાર ગેલેક્સી, લોકમાન્ય તિલક રોડ,
બોરીવલી (વે.) મુંબઈ-૪૦૦ ૦૯૨
ફોન (ઘ) ૮૦૧૧૪૬૯, (ઓ) ૮૦૧૫૦૧૧

સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧ ફોન : ૫૩૫૬૬૯૨

મુદ્રક :નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) ૨૭૩૩, કુવાવાળીપોળ, શાહપુર, અમદાવાદ-૧
ફોન : (૦૭૯) ૫૬૨૫૩૨૬, મોબાઈલ : ૯૮૨૫૨ ૬૧૧૭૭

આ પુસ્તક જ્ઞાન ખાતામાંથી પ્રકાશિત થયેલ હોઈ ગૃહસ્થે વેચાણથી લેવું

સમર્પણ

૧ વૈરાગ્ય રંગનાં "રો" મટીરીયલ્સને ભાવનાના ખરળમાં વાણીના રૈનાથી ઘૂંટી ઘૂંટીને પાકારંગની પેદાશ કરનારા.....

૨ મુંઝવણના મહાસાગરમાં ભ્રાન્ત બનેલ માનવને દીવાદાંડીની ગરજ સારનારા.....

૩ યુવાવયમાં સૂરિપદવીથીજ નહીં, સાથોસાથ સાચેજ વૃદ્ધતુલ્ય ગંભીર ગરીમાશાળી બુદ્ધિથી શોભનારા.....

૪ પ્રતિકૂળતાને પાવન પીણું માની શાસન માટે તેના જ ઘૂંટ ભરનારા.....

૫ મહાવ્રતની પચ્ચીશ ભાવના સાથે સંયમ જીવનના પચ્ચીશ વર્ષની સફર ખેડનારા.....

ગુરૂદેવ યુવાચાર્ય રત્નાકરસૂરીશ્વરજીના કરકમળમાં [દીક્ષાની પચ્ચીશમી બર્થડે] સંયમ પર્યાયની રજત જ્યંતિ નિમિત્તે.....

ન્યાય સુગંધથી સુવાસિત એવા
ગ્રંથ પુષ્પની ભેટ કરતા આનંદ અનુભવુ છું.....

ગુરૂપાદપદ્મરેણુ
મુનિ રત્નજ્યોત

શ્રુત ભક્તિ સદ્‌ભાગી

શ્રી જૈન પંચમહાજન સંઘ

શ્રુતનિધિ

માલવાડા (રાજ.)

દીક્ષાની ખાણ સમા અમારા નગરમાંથી અનેક આત્માઓ સંયમ પંથને વરેલ છે. આજથી ૨૫ વર્ષ પહેલા એક અણમોલ હીરો ગજાણી પરિવારમાંથી નીકળેલ, જે ખુશાલ માંથી મુનિ રત્નેદુવિજય બન્યા, જે આજે અનેકવિધ શાસન પ્રભાવના કરતા પ.પૂ.યુવાચાર્ય રત્નાકરસૂરિશ્વરજી મ.સા. નામે સુપ્રસિદ્ધ બનેલ છે.

તેઓશ્રીના ૨૫ વર્ષના સંયમ પર્યાયના અનુમોદન પ્રસંગે અમારા શ્રી સંઘને પ્રમાણમીમાંસા નામના અનુપમ ગ્રંથની શ્રુત ભક્તિનો સુઅવસર પ્રાપ્ત થયો તે બદલ ધન્યતા અનુભવીએ છીએ.

લી. જૈન પંચમહાજન સંઘ

માલવાડા (રાજ.)

સંપાદકીય.....

ષડ્દરિસણ જિન અંગભણીજે, ન્યાસષડંગ જો સાધે,
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ્ દરસણ આરાધે.

"જિનેશ્વરનો ઉપાસક ષડ્દર્શનની સાધના કરે છે", આ વળી કેવી વાત ? આ વાતમાં મોટુ રહસ્ય રહેલું છે. છ દર્શનનાં સમૂહાત્મક જિનશાસ્ત્ર-શાસન છે. જિનશાસનનાં ઉંડાણમાં ગરકાવ થવા તેનાં અંગભૂત ષડ્દર્શનનું જ્ઞાન મેળવવું જરૂરી–ઉપયોગી છે. ષડ્દર્શનનું મેળવેલું જ્ઞાન જિનશાસનની આસ્થાને વધારે છે, નિર્મલ બનાવે છે જેમ કે –

"मन्ये वरं हरिहरादय एव दृष्टा. दृष्टेषु एषु हृदयं त्वयि तोषमेति ।" અન્ય હરિહર વગેરે જોયા પછી પ્રભુ વીતરાગને જોતાં તેમનાં ચિત્ત વિશેષ સંતોષને પામે છે. તેમ ષડ્દર્શનનાં સ્વરૂપને જાણ્યા પછી તે બધાને સ્વીકાર અને આવકાર આપનારું જિનશાસન વિશેષ રૂચિકર બને છે. એકાન્તને લઈ પરસ્પર વિરોધ કરતા છ દર્શનનો સુંદર સમન્વય કરવાનું કામ જિનશાસન કરે છે.

સ્યાદ્વાદનો સિદ્ધાંત બીજે ક્યાંય જોવા ન મળે. "જૈનદર્શન ભણાવવું હોય તો પહેલા છ દર્શન નો અભ્યાસ કરવો પડે" એમ મુનિશ્રી મોહજિતવિજયજીને ઉર્ફે પંડિત મહારાજને કાશી યુનિવર્સિટીના પ્રીન્સીપાલે કહેલું.

આગમના રહસ્યને પ્રગટ કરવા પૂર્વપક્ષનું જ્ઞાન જરૂરી બને છે. તેથી જ આપણે આપણી વાતમાં સ્થિર બની શકીએ. તત્ત્વનું ભાન ત્રિભુવનભાણનું ભાન કરાવે છે. તેનું સીધું પ્રતિબિંબ આત્મા ઉપર પડે છે, જે આત્માના અભ્યુદય માટે ઉપયોગી નીવડે છે. પૂજ્યશ્રી ગ્રંથકાર હેમચંદ્રાચાર્યે સંક્ષિપ્ત સૂત્રોમાં આટલા વિસ્તૃત પદાર્થને ગૂંથવા પોતાની બુદ્ધિ કેટલી સૂક્ષ્મ બનાવી હશે... એ તો સૂક્ષ્મદૃષ્ટિથી આ ગ્રંથનું અવલોકન કરીએ ત્યારે જ ખબર પડે. પૂજ્યશ્રીએ વ્યાકરણ વિગેરના વિષયમાં જે રીતે સંક્ષેપ દૃષ્ટિ અપનાવી છે, એ રીતે ન્યાયનાં વિષયને ટૂંકમાં આવરી સુંદર મધુરા નાનકડા સૂત્રોમાં આખા ષડ્દર્શનનો રસાસ્વાદ ભરી દીધો છે.

પૂજ્યશ્રીનો જે લક્ષ્ય અધૂરો રહી ગયેલો, તે લક્ષ્યને આંબવા સંસ્કૃતમાં નવા સૂત્રો અને ટીકા બનાવીને તેને ગ્રંથના અંતે જોડવામાં આવેલ છે. જે બીજા અધ્યાયના બીજા આહ્નિક અને ત્રીજા અધ્યાયના પ્રથમ અહ્નિક રૂપે છે. "अग्रेवक्ष्ये" ઈત્યાદિ ગ્રંથના આધારે તેવા વિષયને જ અહીં સંકલિત કરાયો છે, માત્રમનઃકલ્પિત નથી. અને તે વિષય લગભગ ત્રણ અધ્યાયમાં સમાવિષ્ટ થઈ ગયો હોવાથી પાંચ અધ્યાયની રચના કરી નથી. તેના માટે પ્રમેયકમલમાર્તંડ, પ્રમેય રત્નકોશ, સંમતિ તર્ક પ્રકરણ, રત્નાકરાવતારિકા, સ્યાદ્વાદ રત્નાકર, સ્યાદ્વાદમંજરી, જૈનતર્કભાષા ઈત્યાદિ ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે.

આ ગ્રંથને જેમ જેમ આપણી ભાષામાં લાવીને મમળાવીએ તેમ તેમ અખૂટ રસનો ઝરો ફૂટતો જાય છે. આ વાતને લક્ષ્યમાં રાખીને આ સુંદર મજાના ગ્રંથનો ગુજ. અનુવાદ થાય તો વધારે ઉપયોગી અને ઈચ્છનીય બને એમ છે. કા. કે. આજનો ઘણો ખરો ન્યાયનો અભ્યાસુ વર્ગ ગુર્જર દેશીય-ગુર્જર ભાષીય છે. માટે આ ગ્રંથનો ગુર્જર અનુવાદ કરવામાં આવ્યો છે. હજી તો મેં માત્ર ગુજ. લખાણ કર્યું હતું તેના આધારે પણ એક વર્ષમાં અનેક સમુદાયના સાધ્વીજી ભગવંતોએ આ ગ્રંથનો અથથી ઈતિ સુધી મનન વાંચન સાથે અભ્યાસ કર્યો. અને ગ્રંથનો રસાસ્વાદ માણ્યો.

પ્રેરણા અને આશીર્વાદદાતા મારા કાર્યને વેગવંતુ બનાવવા માટે સહુથી પહેલા ઉપકારી છે કલિકુંડ તીર્થોદ્ધારક આચાર્ય દેવશ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજા અને પૂજ્ય ગુરુદેવ શ્રીરત્નાકર સૂરીશ્વરજી મ. સા. અભ્યાસ સિવાયની બધી જ જવાબદારી પોતાના શિરે લઈ સાહિત્યકાર્યમાં વેગ આપવા સાથે ચમત્કૃત વચન દ્વારા મારા ઉપર સતત કૃપા વૃષ્ટિ કરી રહેલા છે.

સંપૂર્ણ ગ્રંથનું નિરીક્ષણ કરી અને પ્રસ્તાવના લખીને આ ગ્રંથને નવો ઓપ આપનાર મારી સાહિત્ય યાત્રાની શરૂઆતમાં પ્રથમ બળ આપનારા આ. વિ. ઊંકાર. સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના આચાર્ય મુનિચંદ્રસૂરિજીના ઉપકારને ભૂલાય તેમ નથી. વળી આચાર્ય શ્રી અભયશેખરસૂરિજીએ ગુંચવણ ભરેલા શંકા સ્થાનોને સ્પષ્ટ કરી આપી આ કાર્યની શોભા વધારી. છેલ્લે ૨/૧/૩૬થી બીજા અને ત્રીજા અધ્યાયપર્યન્ત નવા સં.+ગુજ. વિવરણને તપાસી આપનાર મુનિશ્રી ઉદયવલ્લભ વિજયજી અને મનીષિ મૂર્ધન્ય મુનિશ્રી યશોવિજયજીને કેમ ભૂલી શકાય ?

વળી સાધ્વી સોહનશ્રીજી તથા સા. શ્રીસૂર્યપ્રભાશ્રીજીના પ્રશષ્યિાએ આ ગ્રંથના ગુજ. વિવરણના અવલોકન સાથે અનેકવિધ શંકા-સમાધાન કરી ગ્રંથના હાર્દને સ્પષ્ટ કરવામાં અનેરો ફાળો આપ્યો છે.

પં. જીતુભાઈએ એલ.ડી. ડીરેક્ટર આ ગ્રંથના વિવરણ માટે ભલામણ કરેલી, સમય સમય સલાહ સૂચનથી વિવરણના કામને જોમ મળતું રહ્યું. પં. શોભાચંદ્ર ભારિલ્લ દ્વારા કરાયેલ હિંદી અનુવાદ સૂત્રાર્થના તાત્પર્યને પકડવા અને શંકા સ્થાનમાં નિશ્ચલતા મેળવવા માટે અત્યંત ઉપયોગી બન્યો છે.

આ ગ્રંથ વિવરણથી સહુથી મોટો ઉપકાર મને થયો છે, કારણ કે જ્યારે હું આ ગ્રંથનું માત્ર પ્રુફ રીડીંગ કરવા બેસુ છું , ત્યારે મારા ત્રણે યોગમાં એકાગ્રતા આવે છે. એવો લયલીન બની જાઉં છું કે પ્રમાણમીમાંસા સિવાય બધું જ ભૂલી જાઉ છું. સંયમનો મુખ્ય ધ્યેય છે યોગની એકાગ્રતા, તેનો સ્વચ્છ—શુદ્ધ સ્વાદ આવા ગ્રંથના કામ કરતાં મળે છે.

અભ્યાસું વર્ગ આ ગ્રંથનો સુંદર અભ્યાસ કરી દર્શન-જ્ઞાન ચારિત્રને નિર્મળ બનાવે, અને ઉત્તરોત્તર વિશુદ્ધિ વડે પરાકાષ્ઠાને પામે.

એજ શુભેચ્છા.

મુનિ રત્નયોગ

પ્રસ્તાવના

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય પ્રવરશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી રચિત પ્રમાણ-મીમાંસા ગ્રંથ સ્વોપજ્ઞ ટીકા સાથે ઉપલબ્ધ થતાં અંશબ્દની અને તેના ગુજરાતી અનુવાદ સાથે પ્રસિદ્ધ થઈ રહ્યો છે તે ઘણાં હર્ષનો વિષય છે.

ગુજરાતી ભાષામાં અનુવાદ પ્રથમવાર જ પ્રગટ થઈ રહ્યો છે એટલે અનુવાદક મુનિરાજશ્રી **રત્નજ્યોત** વિ.મ. અભિનંદનના અધિકારી છે.

પ્રમાણમીમાંસાનું પ્રકાશન આમ તો ૮૦ વર્ષ પૂર્વે અમદાવાદ અને પુનાથી થયું છે, પણ વિ.સં. ૧૯૮૬માં સિંધી જૈનગ્રંથમાળાના ૯માં મણિ તરીકે થયેલું પ્રકાશન અનેક રીતે વિશિષ્ટ બન્યું છે.

પ્રસ્તુત પ્રકાશનમાં મૂળ-સૂત્ર, સ્વોપજ્ઞટીકા, પાઠભેદ આદિ ટિપ્પણો આ સિંધી પ્રકાશનના પ્રમાણે જ રાખવામાં આવ્યા છે.

પં. સુખલાલજી આદિએ સંપાદિત કરેલ આ સંસ્કરણમાં ત્રણ હસ્તલિખિત પ્રતિઓનો અને પુનાથી છપાયેલ પ્રમાણમીમાંસા ગ્રંથનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પ્રતિઓનો પરિચય

૧. "તા." આ સંજ્ઞાવાળી પ્રત જેસલમેર કિલ્લામાં આવેલા ભંડારની ૮૪ નંબરની આ પ્રત છે. (તાજેતરમાં ઈ.સં. ૨૦૦૦માં પ્રસિદ્ધ થયેલ **'जैसलमेरके प्राचीन जैन ग्रंथभंडारो की सूची'** અનુસાર આ ગ્રંથ જિનભદ્રસૂરિ તાડપત્રીય ગ્રંથભંડારનો ૩૬૭/૧ ક્રમાંકનો જણાય છે. એનો સી.ડી ક્રમાંક ૧૯૩ છે.)

૨. "ડે." આ સંજ્ઞાવાળી પ્રત અમદાવાદ દોશીવાડાની પોળમાં આવેલ ડેલાના ઉપાશ્રય સ્થિત ભંડારની છે. આ પ્રત વિ.સં. ૧૭૦૭ માં પાટણમાં લખાયેલી છે.

૩. "સં.મૂ." પાટણના ભંડારની આ પ્રત માત્ર મૂળ સૂત્રોની છે અને કાગળ ઉપર લખેલી છે.

પં. સુખલાલજીના સંસ્કરણ મુજબ જ પ્રસ્તુત સંસ્કરણમાં પણ પાઠભેદો ઉપરોક્ત પ્રતોના ઉપરોક્ત સંકેત મુજબ જ આપેલા છે.

સિંધી જૈન ગ્રંથમાલામાં વિ.સં. ૧૯૮૬માં પ્રકાશિત આ સંસ્કરણનું પુનર્મુદ્રણ થોડા સમય પૂર્વે સરસ્વતી પુસ્તક ભંડાર અમદાવાદથી થયું છે.

હિન્દી અને અંગ્રેજી અનુવાદ સાથે પણ આ ગ્રંથ વર્ષો પૂર્વે પ્રગટ થયેલ છે. સિંધી સંસ્કરણ ગત પ્રસ્તાવના અને ટિપ્પણનો અંગ્રેજી અનુવાદ 'એડવાંસ સ્ટડિઝ ઈન ઈન્ડીઅન લોજીક એન્ડ મેટાફિસીક્સ' નામે કલકત્તાથી પ્રકાશિત થયેલ છે.

અભિનંદન

આજથી પચીસેક વર્ષ પહેલાં આ ગ્રંથનું વાંચન કર્યું ત્યારે આ ગ્રંથનો હિન્દી અનુવાદ અમારી પાસે હતો. શ્રી શોભાચંદ્ર ભારિલ્લ કૃત અનુવાદ ઈ.સં. ૧૯૭૦માં પાથર્ડી બોર્ડીંગ અહમદપુરથી પ્રસિદ્ધ થયેલ.) આ અનુવાદ જોઈને મને પણ આનો ગુજરાતી અનુવાદ કરવાની ભાવના થઈ આવી અને મેં મારા ક્ષયોપશમ મુજબ ગુજરાતી અનુવાદ કર્યો પણ હતો. પણ એ માત્ર શબ્દાનુવાદ જેવો હતો.

આજે આ ભાવાનુવાદ પ્રગટ થતાં ગુજરાતી ભાષામાં આ ગ્રંથ પ્રથમવાર ઉપલબ્ધ થઈ રહ્યો છે. અનુવાદક મુનિશ્રીને અનેકશઃ અભિનંદન !

પ્રસ્તુત ગુજરાતી અનુવાદનું મુનિશ્રી રાજહંસવિજયજી અને નારાયણ કંસારા પી.એસ.ડી.એ તલસ્પર્શી નિરીક્ષણ કર્યુ છે. અને આની સાથે સંકલિત અભિનવ સૂત્ર અને ટીકાના ઉમેરાને મુનિશ્રી ઉદયવલ્લભવિજયજી, મુનિશ્રી યશો વિજયજી વગેરેએ તપાસ્યો છે. આ વિદ્વાનો દર્શન અને ન્યાય શાસ્ત્રના નિષ્ણાત છે અને ઘણાં ગ્રંથોના સુંદર અનુવાદો તેઓએ કરેલા છે. માટે આ બાબતમાં કંઈ લખવાની જરૂર જણાતી નથી.

ગ્રંથ અને ગ્રંથકાર

ગ્રંથ અને ગ્રંથકાર વિષે પણ પં. સુખલાલજી આદિએ, પ્રો. રસીકલાલ પરિખ આદિએ જે લખ્યું છે તે પ્રસ્તુતગ્રંથમાં અન્યત્ર પ્રકાશિત થયું છે.

સરસ્વતી પુસ્તક ભંડાર તરફથી પ્રગટ થયેલા પુનર્મુદ્રણના પ્રારંભમાં પં. સુખલાલજીના સંસ્કરણ વિષે ડૉ. કે.આર. ચંદ્રા લખે છે કે -

"यह प्रमाणमीमांसा भी. हिन्दी टिप्पणों के साथ जो प्रकाशित हुई वह भी एक नई दिशा दरसाने वाला ग्रन्थ था ।

किन्तु उसमें जो एक कमी थी वह यह कि जैन दर्शन का आगमगत रूप विस्तारसे प्रदर्शित नहीं हुआ था । उस कमी की पूर्ति करने का प्रयास मैंने 'न्यायावतार वार्तिक वृत्ति' की प्रस्तावना लिखकर किया था । वह प्रस्तावना "आगमयुग का जैन-दर्शन' नाम से प्रकाशित हुई है ।"

શ્રી મધુસૂદન મોદીએ 'હેમસમીક્ષા'માં પ્રમાણ મીમાંસાનો પરિચય આપ્યો છે. તેઓ લખે છે કે - .

"કેટલેક સ્થળે શ્રી હેમચંદ્રાચાર્ય રચિત 'વાદાનુશાસન' નામે ગ્રંથનો ઉલ્લેખ કરવામાં આવે છે, પરંતુ એ 'વાદાનુશાસન' એ આ 'પ્રમાણમીમાંસા' ને અન્ય જનોએ આપેલું અપરનામ હોય એ અસંભવિત નથી.

'પ્રમાણમીમાંસા' સૂત્ર શૈલીનો ગ્રંથ છે. અને અક્ષપાદ ગૌતમનાં ન્યાયસૂત્રોની યોજના અનુસાર ગ્રંથને તેમણે પાંચ અધ્યાયમાં વિભક્ત કર્યો છે, અને પ્રત્યેક અધ્યાયને તેમણે ગૌતમની માફક જ બે આહ્નિકોમાં વહેંચી દીધો છે.

પ્રમાણમીમાંસાની ચર્ચા એકાદ સ્થાન સિવાય બહુ સૌમ્ય રીતે આચાર્યશ્રીએ કરેલી છે.

પ્રમાણમીમાંસામાં આચાર્યશ્રીએ કરાવેલા તત્ત્વદર્શનને તેમણે અનેક સ્થળે, તેમની મહાવીરસ્તુતિ દ્વાત્રિંશિકાઓમાં, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતનાં અનેક સ્થાનોમાં, તથા વીતરાગ સ્તુતિમાં નિરૂપણ કરેલુ છે. શ્રી હેમચન્દ્રાચાર્ય અનેક વિદ્યાઓના વારિનિધિ હતા, અને તેમની દૃષ્ટિ બહુ જ સૂક્ષ્મ અને વેધક હતી. પ્રમાણ-મીમાંસામાં જયાં જયાં તેમણે પુરોગામી આચાર્યોનાં વિધાનોમાં સુધારો વધારો કરેલો છે. ત્યાં એમની વેધકદૃષ્ટિનો અભ્યાસકને સાશ્ચર્ય પરિચય થાય છે. જયાં એમને પુરોગામી આચાર્યો સાથે સંમતિ છે, ત્યાં પુરોગામી આચાર્યોના વચનોમાં બહુ ફેરફાર કરી નાખવાની તેમની લેખનપ્રણાલી નથી. પ્રમાણમીમાંસાનો ગ્રંથ સરળ, સીધી અને સચોટ શૈલિમાં લખવામાં આવ્યો છે. અને અનુશાસન તરીકે બીજાં અનુશાસનની હરોળમાં તેનું સ્થાન એટલું જ સુનિશ્ચિત છે." (પૃ. ૨૦૧ થી ૨૧૭)

શ્રીતિલોકરત્ન સ્થા. જૈન ધાર્મિક પરીક્ષા બોર્ડ પાથર્ડી અહમદનગર થી હિન્દીઅનુવાદ સાથે પ્રકાશિત પ્રમાણમીમાંસાના પ્રાસ્તાવિકમાં પં. શ્રી દલસુખમાલવણિયા લખે છે કે -

प्रारंभ के देढ अध्याय जितना हि अंश मिलता है । किंतु जितना अंश मिलता है वह भी जैनदर्शन की प्रमाणमीमांसा को संक्षेप में जानने का अच्छा साधन है इसमें संदेह नहीं ।

प्रमाणमीमांसा कई युनवर्सिटियों में और जैन धार्मिक परीक्षा बोर्ड में पाठ्य ग्रन्थ रूप से स्वीकृत है ।"

અનુવાદકશ્રીએ આ પૂર્વે પણ પણ કેટલાક ગ્રંથોના અનુવાદ ટીકા વગેરે કર્યા છે. એમની શ્રુતોપાસના સતત ચાલતી હોય છે.

બન્ને ગુરુભાઈઓ (મુનિશ્રી રત્નત્રય વિ.મ. અને મુનિશ્રી રત્નજયોત વિજયમ.) જયાં જયાં જ્ઞાનભંડાર અવ્યવસ્થિત હોય તેને વ્યવસ્થિત કરવાનું પણ ચૂકતા નથી. શ્રુતભક્તિની ભૂરિ ભૂરિ અનુમોદના આ રીતે બીજા પણ ગ્રંથરત્નોને પ્રકાશમાં લાવવાનું કાર્ય કરે એજ અભિલાષા.....

આ ગ્રંથનું અધ્યયન અધ્યાપન કરી સહુ જિનેશ્વર ભગવંતોએ પ્રબોધેલા તત્ત્વનું સમ્યગ્ દર્શન કરવા સમર્થ બને એજ મંગળ કામના.....

જૈન ઉપાશ્રય
વાંકડિયા વડગામ
સ્ટે. રાનીવાડા
પ્ર.આસુ. ૧૫ વિ.સં. ૨૦૫૭

આ. ભશ્રી ભદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
પૂ. મુનિરાજશ્રી જિનચન્દ્ર વિ.મ.સા.ના વિનેય
આ. વિજય મુનિચન્દ્રસૂરિ

પ્રકાશકીય

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય રચિત પ્રમાણમીમાંસા સ્વોપજ્ઞ ટીકા અને અનુવાદ સાથે પ્રકાશિત કરતા આનંદ અનુભવીએ છીએ.

ટુંકા શબ્દોમાં ગંભીર અને મહાન અર્થને દર્શાવતા સૂત્રોની રચના દ્વારા પૂજ્યશ્રીના આ ગ્રંથે ન્યાય ગ્રંથોમાં અગ્રેસર સ્થાન મેળવ્યું છે. આ ગ્રંથ પાઠ્યક્રમમાં પણ જોવા મળે છે.

વર્તમાન સાધુ-સાધ્વી વર્ગને જૈન પદાર્થનો તાર્કિક ભાષામાં બોધ આપવા માટે આ ગ્રંથ અતિશય ઉપયોગી બને એમ છે. તેનું સંપાદન તો પં. દલસુખ માલવણીયાએ વર્ષો પૂર્વે કરેલ છે. હવે પ.પૂ. આચાર્ય દેવશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને માર્ગદર્શન દ્વારા મુનિરાજ શ્રી રત્નજ્યોતવિજયજી મ.સાહેબે અનુવાદનું કામ કરેલ છે.

વિશેષ વિશ્લેષણથી આ ગ્રંથ ૩૦૦ પાનાનાં કદને પામ્યો છે, આવા અણમોલ ગ્રંથને પ્રકાશિત કરવાનો લાભ અમારી સંસ્થાને મળ્યો છે, તે બદલ અમો આભારી છીએ.

આ ગ્રંથના પ્રકાશનથી જિજ્ઞાસુવર્ગને લાભ થશે તેવી અમો આશા રાખીએ છીએ.

આ ગ્રંથનું કંપોઝ તથા મુદ્રણ કાર્ય નવનીત પ્રિન્ટર્સ અમદાવાદ વાળાએ સારી રીતે કર્યું છે તે બદલ ધન્યવાદ.

લિ.
શ્રી રંજનવિજયજી જૈન
પુસ્તકાલય
માલવાડા

વિષય સૂચિ

(૧) મંગલાચરણ ૧
(૨) પ્રતિજ્ઞાવચન ૨
(૩) અથ શબ્દનો અર્થ ૩
(૪) મીમાંસાશબ્દનો ભાવાર્થ ૫
(૫) પ્રમાણનું લક્ષણ ૬
(૬) લક્ષણનું પ્રયોજન ૫
(૭) નિર્ણયપદની સાર્થકતા ૭
(૮) ત્રણ પ્રકારના પદાર્થ ૭
(૯) સ્વ શબ્દની ચર્ચા ૯
(૧૦) ગૃહીત ગ્રાહીનો વિચાર ૧૬
(૧૧) દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાએ જ્ઞાન ૧૭
(૧૨) અવગ્રહ વિ.ની પ્રમાણતા ૧૮
(૧૩) સ્મૃતિની પ્રમાણતા ૧૮
(૧૪) સંશયનું લક્ષણ ૧૯
(૧૫) અનધ્યવસાયનું લક્ષણ ૨૦
(૧૬) ભ્રમનું લક્ષણ ૨૦
(૧૭) સ્વતઃ પરતઃ પ્રામાણ્યનિશ્ચયની ચર્ચા-વિચારણા ૨૧
(૧૮) દૃષ્ટ અદૃષ્ટ પદાર્થને આશ્રયી આગમમાં પરતઃ પ્રામાણ્યનો નિશ્ચય ૨૪
(૧૯) અન્યમતના પ્રમાણ લક્ષણનો નિરાસ ૨૬
(૨૦) પ્રમાણના બે ભેદ ૩૦
(૨૧) પ્રમાણની સમાનતા અને પ્રત્યક્ષના બે પ્રકાર ૩૨
(૨૨) પ્રત્યક્ષથી ઈતર પ્રમાણની સિદ્ધિ ... ૩૨
(૨૩) અભાવ પ્રમાણની અસત્તા ૩૬
(૨૪) પ્રત્યક્ષનું લક્ષણ ૩૯
(૨૫) વિશદતાના બે લક્ષણ ૪૦
(૨૬) મુખ્ય પ્રત્યક્ષનું લક્ષણ ૪૧
(૨૭) મુખ્ય પ્રત્યક્ષની અસિદ્ધિની શંકા .. ૪૩
(૨૮) સર્વજ્ઞ સિદ્ધિની ચર્ચા ૪૭
(૨૯) તેના બાધક પ્રમાણનો અભાવ ૫૩
(૩૦) અવધિ મનઃપર્યાય જ્ઞાનનો નિર્દેશ ૬૦
(૩૧) બંનેની વિલક્ષણતાનું નિરૂપણ ૬૨
(૩૨) સાંવ્યવહારિક પ્રત્યક્ષનું લક્ષણ ૬૩
(૩૩) ઈંદ્રિયોનું લક્ષણ અને તેના ભેદોનું નિરૂપણ ૬૫
(૩૪) પરસ્પર ભેદાભેદ અને આત્મા સાથે ભેદાભેદનો વિચાર ૭૦
(૩૫) દ્રવ્યેંદ્રિયનું લક્ષણ ૭૬
(૩૬) બે પ્રકારની ભાવેંદ્રિય ૭૭
(૩૭) મનનું લક્ષણ ૭૯
(૩૮) અર્થ અને આલોકનો જ્ઞાનના નિમિત્ત તરીકેનો નિરાસ ૮૧
(૩૯) અવગ્રહનું લક્ષણ ૮૮
(૪૦) ઈહાનું લક્ષણ ૮૯
(૪૧) અવાયનું લક્ષણ ૯૦
(૪૨) ધારણાનું લક્ષણ ૯૧
(૪૩) નૈયા.ના પ્રત્યક્ષ લક્ષણનું ખંડન ૯૪
(૪૪) ચક્ષુની અપ્રાપ્યકારિતાની સિદ્ધિ ૯૬
(૪૫) બૌદ્ધ વિ.અન્યમત માન્ય પ્રત્યક્ષ લક્ષણનો નિરાસ ૯૬

(૪૬) પ્રમાણના વિષયનું નિરૂપણ ૧૦૧
(૪૭) દ્રવ્યપર્યાય સ્વરૂપ વસ્તુનું નિરૂપણ૧૦૨
(૪૮) નિત્યએકાંત દ્રવ્યરૂપ વસ્તુનો નિરાસ ... ૧૦૪
(૪૯) અનિત્ય એકાંતપર્યાયરૂપ વસ્તુનો નિરાસ ૧૦૮
(૫૦) ઉભયાત્મક વસ્તુમાં આવતા વિરોધાદિ આઠદોષ..... ૧૧૪
(૫૧) સ્વાદ્વાદશૈલીથી દોષોનો પરિહાર ૧૧૭
(૫૨) દ્રવ્યપર્યાય ઉભયાત્મક વસ્તુમાં અર્થક્રિયાકારિત્વનું સમર્થન..... ૧૨૦
(૫૩) પ્રમાણ ફળનો વિચાર..... ૧૨૨
(૫૪) ઈહા વગેરેનું પ્રમાણ અને ફળ ઉભયરૂપે નિરૂપણ..... ૧૨૫
(૫૫) ત્યાગ વિ.ની બુદ્ધિ થવી ઈત્યાદિનો પ્રમાણના ફળરૂપે નિર્દેશ..... ૧૨૬
(૫૬) મતાંતરના નિરાસ સાથે પ્રમાણ અને ફળ વચ્ચેના ભેદાભેદનું સમર્થન ૧૨૬
(૫૭) પ્રમાતાનું લક્ષણ ૧૨૮

બીજું આહ્નિક

(૫૮) પરોક્ષનું લક્ષણ ૧૩૨
(૫૯) સ્મૃતિનું લક્ષણ..... ૧૩૩
(૬૦) પ્રત્યભિજ્ઞાનું લક્ષણ ૧૩૭
(૬૧) ઉપમાનનો પ્રત્યભિજ્ઞામાં સમાવેશ૧૩૯
(૬૨) પ્રત્યભિજ્ઞાની આવશ્યકતા..... ૧૪૧
(૬૩) તર્કનું લક્ષણ..... ૧૪૩
(૬૪) વ્યાપ્તિજ્ઞાનનાં અનન્ય હેતુ તરીકે તર્કનું સમર્થન..... ૧૪૪
(૬૫) અન્યમતને માન્ય વ્યાપ્તિગ્રાહક નિમિત્તનો નિરાસ.....૧૪૫
(૬૬) વ્યાપ્તિનું નિરૂપણ.....૧૫૦
(૬૭) અનુમાન લક્ષણ.....૧૫૪
(૬૮) અનુમાનના બે વિભાગ ૧૫૪
(૬૯) સ્વાર્થાનુમાનનું લક્ષણ.....૧૫૪
(૭૦) સાધનનું લક્ષણ-ઉપયોગ.....૧૫૫
(૭૧) સૌગતમાન્ય ત્રૈરૂપ્ય સાધનનો નિરાસ ૧૬૧
(૭૨) નૈયા. માન્ય પંચલક્ષણ સાધનનો નિરાસ ૧૬૧
(૭૩) અવિનાભાવનું લક્ષણ ૧૬૩
(૭૪) તર્કપ્રમાણથી અવિનાભાવનો નિશ્ચય.....૧૬૫
(૭૫) સ્વભાવાદિ ભેદે લિંગના વિભાગ.....૧૬૬
(૭૬) સ્વભાવલિંગનું નિરૂપણ ૧૬૬
(૭૭) અસાધારણ દોષવાળાનું સાધન તરીકે સમર્થન.....૧૬૬
(૭૮) કારણનું લિંગ તરીકે સમર્થન ૧૬૯
(૭૯) કાર્ય લિંગનું નિરૂપણ ૧૭૨
(૮૦) એકાર્થ સમવાયિ લિંગનું નિરૂપણ ૧૭૫
(૮૧) વિરોધિ લિંગનું પ્રતિપાદન.....૧૭૮
(૮૨) સાધ્ય પક્ષનું લક્ષણ ૧૮૦
(૮૩) સિષાધયિષિત વગેરે પદો દ્વારા વ્યાવૃત્તિ કરી શુદ્ધ પક્ષનું નિરૂપણ ૧૮૦
(૮૪) બાધાના પ્રકાર ૧૮૨

(૮૫) ધર્મ અને ધર્મીનું સાધ્યરૂપે સમર્થન ૧૮૪
(૮૬) પ્રમાણસિદ્ધધર્મીનું સમર્થન ૧૮૪
(૮૭) બુદ્ધિસિદ્ધધર્મીનું સમર્થન ૧૮૫
(૮૮) દૃષ્ટાંતનો અનુમાનના અંગ તરીકે નિરાસ ૧૮૯
(૮૯) નિરાસ હેતુનો ઉપન્યાસ..... ૧૯૦
(૯૦) દૃષ્ટાંતનું લક્ષણ..... ૧૯૧
(૯૧) સાધર્મ્ય-વૈધર્મ્ય બે પ્રકારના દૃષ્ટાંત ૧૯૨
(૯૨) સાધર્મ્ય દૃષ્ટાંતનું લક્ષણ ૧૯૩
(૯૩) વૈધર્મ્ય દૃષ્ટાંતનું લક્ષણ ૧૯૪
બીજા અધ્યાયનું પ્રથમ આહ્નિક
(૯૪) પરાર્થાનુમાનનું લક્ષણ ૧૯૫
(૯૫) વચનમાં અનુમાનનો ઉપચાર ૧૯૫
(૯૬) તથોપપત્તિ અને અન્યથા અનુપપત્તિ રૂપે અનુમાન પ્રયોગના બે ભેદ .. ૧૯૮
(૯૭) પ્રતિજ્ઞાનું પ્રયોજન ૨૦૦
(૯૮) પ્રતિજ્ઞાવચનની સાર્થકતા ૨૦૪
(૯૯) અનુમાન પ્રયોગમાં વિપ્રતિપત્તિ= વિવાદ અને તેનો નિરાસ..... ૨૦૪
(૧૦૦) પ્રતિજ્ઞા, હેતુ વિ.ના લક્ષણ ૨૦૬
(૧૦૧) હેત્વાભાસનો વિભાગ..... ૨૧૦
(૧૦૨) અસિદ્ધ હેત્વાભાસનું નિરૂપણ... ૨૧૨
(૧૦૩) વાદી વગેરેના ભેદે અસિદ્ધના ભેદો ... ૨૧૩
(૧૦૪) વિશેષ્યાસિદ્ધ વગેરેનો સ્વમાન્ય ભેદોમાં સમાવેશ ૨૧૪
(૧૦૫) વિરુદ્ધ હેત્વાભાસનું લક્ષણ ૨૧૬
(૧૦૬) અનૈકાન્તિકનું નિરૂપણ..... ૨૨૦
(૧૦૭) દૃષ્ટાંતાભાસની સંખ્યા ૨૨૨
(૧૦૮) સાધર્મ્ય દૃષ્ટાંતાભાસ ૨૨૩
(૧૦૯) વૈધર્મ્ય દૃષ્ટાંતાભાસ ૨૨૪
(૧૧૦) વિપરીત અન્વય વ્યતિરેક દૃષ્ટાંતાભાસ ૨૨૬
(૧૧૧) અપ્રદર્શિત અન્વય વ્યતિરેક દૃષ્ટાંતાભાસ ૨૨૭
(૧૧૨) દૂષણનું લક્ષણ ૨૩૦
(૧૧૩) દૂષણાભાસનું લક્ષણ ૨૩૦
(૧૧૪) ૨૪ જાત્યુત્તરનું પ્રદર્શન ૨૩૧
(૧૧૫) જાત્યુત્તર પ્રયોગોનું સાથોસાથ પ્રતિસમાધાન ૨૩૨
(૧૧૬) છલ વગેરેનું નિરૂપણ..... ૨૪૧
(૧૧૭) વાદનું લક્ષણ..... ૨૪૩
(૧૧૮) જયનું લક્ષણ..... ૨૪૭
(૧૧૯) પરાજયનું લક્ષણ ૨૪૮
(૧૨૦) નૈયાયિક.માન્ય પરાજય હેતુનું નિરાકરણ..... ૨૪૮
(૧૨૧) નિગ્રહસ્થાનોનું નિરૂપણ અને પરીક્ષા ૨૪૯

(૧૨૨) સૌગતમાન્ય નિગ્રહહેતુની પરીક્ષા અને નિરાકરણ..... ૨૬૮
(૧૨૩) પત્રવાક્યનું લક્ષણ અને પરીક્ષા... ૨૭૫

બીજું આહ્નિક

(૧૨૪) નવા ઉમેરાની શરૂઆત ૨૭૬
(૧૨૫) ૭ નયનું સ્વરૂપ..... ૨૭૭
(૧૨૬) નયસપ્તભંગી..... ૨૮૩

તૃતીયાધ્યાય

(૧૨૭) અભાવનું નિરૂપણ ૨૮૭
(૧૨૮) જીવાત્માનું સ્વરૂપ..... ૨૮૯
(૧૨૯) કર્મનું લક્ષણ ૨૯૦
(૧૩૦) કર્મબંધના હેતુ..... ૨૯૧
(૧૩૧) મિથ્યાત્વનું લક્ષણ ૨૯૧
(૧૩૨) અવિરતિનું લક્ષણ ૨૯૨
(૧૩૩) યતનાનું સ્વરૂપ..... ૨૯૨
(૧૩૪) સજીવની ઓળખાણ ૨૯૨
(૧૩૫) વનસ્પતિ વિ.મા.સજીવની સિદ્ધિ.. ૨૯૩
(૧૩૬) હિંસાનું લક્ષણ અને નિરૂપણ ૨૯૫
(૧૩૭) પ્રમાદનું લક્ષણ ૨૯૫
(૧૩૮) કષાય અને યોગનું લક્ષણ..... ૨૯૬
(૧૩૯) કર્મ મુક્તિના હેતુનું સ્વરૂપ..... ૨૯૭
(૧૩૦) મોક્ષનું સ્વરૂપ ૨૯૮

संकेतसूची

A.S.	अष्टसहस्त्री
प्र.वा.	प्रमाणवार्तिक
प्र.र.	प्रमेय-रत्नकोश
लघी०	लघीयस्त्रयी
प्रमाण न.	प्रमाणनयतत्त्वालंकार

कलिकालसर्वज्ञश्रीहेमचन्द्राचार्यविरचिता

स्वोपज्ञवृत्तिसहिता

।। प्रमाणमीमांसा ।।

अनन्तदर्शन[१]ज्ञानवीर्यानन्दमयात्मने ।
नमोऽर्हते कृपाक्लृप्त[२]धर्मतीर्थाय तायिने ॥१॥
बोधि[३]बीजमुपस्कर्तुं तत्त्वाभ्यासेन धीमताम् ।
जैनसिद्धान्तसूत्राणां स्वेषां वृत्तिर्विधीयते ॥२॥

§ १. ननु यदि भवदीयानीमानि जैनसिद्धान्तसूत्राणि तर्हि भवतः पूर्वं कानि किमीयानि[४] वा तान्यासन्निति ? अत्यल्पमिदमन्वयुङ्क्थाः । पाणिनि-पिङ्गल-कणादा-ऽक्षपादादिभ्योऽपि पूर्वं कानि किमीयानि वा व्याकरणादिसूत्राणीत्येतदपि पर्यनुयुङ्क्ष्व !

टीकाकारनुं मंगलाचरण

'**अनुबंध चतुष्टय** नुं प्रतिपादन करतां आचार्यश्री→ अनंतदर्शन, अनंतज्ञान, अनंतवीर्य अने अनंत आनंदमय स्वरूपवाळा ! हैयामां प्राणिमात्र प्रत्ये भरेला करुणा रसना वशथी धर्मतीर्थ - चतुर्विध संघनी स्थापना करनारा ! जगजूजंतुनुं रक्षण करवानां स्वभाववाळा ! अरिहंत परमात्माने नमस्कार थाओ ॥ १ ॥

तत्त्व (वस्तुनां यथावस्थित स्वरूप)नां अभ्यासथी बुद्धिशाळीओना बोधिबीज - (परलोकमां जिनधर्मनी प्राप्ति थवी ते बोधि तेनुं बीज-मूळभूत कारण सम्यक्त्व) ते समकितने उपस्कार-संस्कृत करवा - मठारवा माटे पोते रचेला- (आचार्यश्रीए जाते बनावेला) जैन सिद्धान्त संबंधी सूत्रोनी टीका कराय छे. लाघव दर्शाववा कर्मणि प्रयोग करेल छे. एटले के कर्तरिप्रयोगमां कर्तानी मुख्यता होय छे, ज्यारे ग्रंथकार पोताने गौण दर्शाववा मांगे छे. ॥२॥

● १→ शंका : आपश्री जे सूत्रो[१]नी टीका रची रह्यां छो, ते सूत्रो आपश्रीना होय, तो आपश्रीनी पहेलां क्यां अने कोनां सूत्रो हता ?

● समाधान : तमारी आ शंका तो खुबज संक्षिप्त छे. तमारे आ पण पूछवुं जोईए के पाणिनी (पाणिनी द्वारा बनावेल सूत्रात्मक व्याकरणशास्त्र) तेनी पहेला व्याकरण सूत्र, पिंगल (पिंगल रचित छंद शास्त्र) तेनी पहेला छंद शास्त्रना सूत्र, कणादनुं दश अध्याय प्रमाण वैशेषिक सूत्र अने अक्षपादनुं पंच

---

१ तत्त्वश्रद्धानं सामान्यज्ञानं वा दर्शनम् । २ ०रचित० । ३ प्रेत्यजिनधर्मप्राप्तिर्बोधिस्तस्य बीजं सम्यक्त्वम् । ४ कस्य सत्कानि ?

टी-१ प्रकरणकार अने सूत्रकारमां तफावत शुं ? समा → सूत्रकार स्वयं नवेसरथी सूत्र बनावे छे, अने पोताना अभिप्रायमां स्वतंत्र होय छे, जेम उमास्वाति वाचके तत्त्वार्थना सूत्रो नवा रच्या छे, अने "कालश्चेत्येके" इत्यादि सूत्रोमां पोतानो स्वतंत्र अभिप्राय दर्शाव्यो छे के केटलाक काळने द्रव्य माने छे, एटले पोते नथी मानता आवो पोतानो अभिप्राय दर्शाव्यो. ज्यारे दिगंबराचार्य अकलंके ते ज सूत्रोनो आधार लई राजवार्तिक प्रकरण बनाव्युं. तेमां प्रकरणकार सूत्रकारना अभिप्रायने परिस्कृत करे, पण स्वतंत्र अभिप्राय न आपी शके. सूत्रकारनी जवाबदारी पोतानी होय छे. ज्यारे प्रकरणकार सूत्रकार एवा-पूर्वाचार्यना शिरे जवाबदारी सोंपी दे छे. प्र.→ प्रकरणकारनी महत्ता वधारे के सूत्रकारनी महत्ता वधारे?
उ. जवाबदार माणस वधारे महत्ता धरावे छे. बीजु प्रकरणकारने पोताना विषयने शोधवा जवुं नथी पडतुं, जे सामे सूत्र छे तेना आधारे ज वर्णन करवानुं होवाथी तेनुं कार्य सरळ छे. ज्यारे सूत्रकारने नवेसरथी रचना करवानी होवाथी तेनुं कार्य कठिन कहेवाय, माटे सूत्रकार वधारे महत्ता धरावे छे.

अनादय एवैता विद्याः संक्षेपविस्तरविवक्षया नवनवीभवन्ति तत्तत्कर्तृकाश्चोच्यन्ते । किं नाश्रौषीः 'न कदाचिदनीदृशं जगत्' इति ? यदि वा प्रेक्षस्व वाचकमुख्यविरचितानि सकलशास्त्रचूडामणिभूतानि तत्त्वार्थसूत्राणीति ।

§ २. यद्येवम्-अकलङ्क-धर्मकीर्त्त्यादिवत् प्रकरणमेव किं नारभ्यते, किमनया सूत्रकारत्वाहो[१]पुरुषिकया? मैवं वोचः, भिन्नरुचिर्ह्ययं जनः ततो नास्य स्वेच्छाप्रतिबन्धे लौकिकं राजकीयं वा शासनमस्तीति यत्किञ्चिदेतत् ।

§ ३. तत्र वर्णसमूहात्मकैः पदैः, पदसमूहात्मकैः सूत्रैः, सूत्रसमूहात्मकैः प्रकरणैः, प्रकरणसमूहात्मकैः आह्निकैः, आह्निकसमूहात्मकैः पञ्चभिरध्यायैः शास्त्रमेतदरच[A]यदाचार्यः । तस्य च प्रेक्षावत्प्रवृत्त्यङ्गमभिधेयमभिधातुमिदमादिसूत्रम्-

---

અધ્યાય પ્રમાણ ન્યાય સૂત્ર, તેની પૂર્વમાં વૈશેષિક/ન્યાય સૂત્ર કયા અને કોના હતા ? આવી શંકા-પ્રશ્નાવલી કરવી જોઈતી હતી. આચાર્યશ્રી સારી રીતે શંકાકારની સામે નવો પ્રશ્ન ઉભો કરી સમાધાન આપવાનો ઉપક્રમ રચે છે.

હકીકતમાં બધી જ વિદ્યાઓ અનાદિકાલીન છે. સંક્ષેપ અને વિસ્તારની અપેક્ષાએ નવીન રૂપે ઓળખવામાં આવે છે અને તેનો સંક્ષેપ અને વિસ્તાર કરનાર તેના કર્તા તરીકે પ્રસિદ્ધ બને છે. શું તમે આ સાંભળ્યું નથી ? કે "કયારેય આવા પ્રકારનું જગત નથી, એવું નથી" (આ જગત કયારેય આવું ન હતું એવું નથી.)

જો તમારે પ્રશ્નનો જવાબ જોઈતો હોય તો વાચકમુખ્ય ઉમાસ્વાતિજી મહારાજ દ્વારા રચાયેલાં સર્વશાસ્ત્રમાં શ્રેષ્ઠ-શિરોમણિ એવા તત્વાર્થસૂત્રને જુઓ, એટલે મારી પહેલાં સૂત્રાત્મક શૈલીથી જૈન સિદ્ધાન્તની ઉમાસ્વાતિ મહારાજાએ તત્વાર્થસૂત્રમાં રચના કરેલ છે.

● ૨ → શંકા : જો આવું તત્વાર્થ સૂત્ર હયાત છે, તો પછી અકલંક→ (પ્રમાણસંગ્રહ સિદ્ધિવિનિશ્ચય ઈત્યાદિ અનેક પ્રકરણ ગ્રંથની રચના કરનાર પ્રસિદ્ધ દિગમ્બરાચાર્ય) અને ધર્મકીર્તિ→ (પ્રમાણવાર્તિક, ન્યાયબિંદુ ઈત્યાદિ પ્રકરણ ગ્રંથના રચયિતા બૌદ્ધ તાર્કિક)ની જેમ તમારે પણ પ્રકરણનો જ આરંભ કરવો જોઈએ ને ! સૂત્રકાર બનવાનું ગૌરવ મેળવવાની શી જરૂર છે ? "હું પણ સૂત્રકાર છું." એવી ખોટી પક્કડનું શું કામ છે ?

● સમાધાન : તમો આવું બોલશો મા, કારણ કે દરેક માણસ અલગ અલગ રૂચિ ધરાવતો હોય છે. તેથી તેની સ્વેચ્છાને રોકવા માટે કોઈ લૌકિક પ્રતિબંધ કે રાજકીય હુકમ નડતો નથી. પોતાની ઈચ્છા પ્રમાણે

---

૧ वृथाभिनिवेशेन ।

ફુ-A : "अरचयत्" એમ ભૂતકાળ દર્શાવેલ છે એટલે કાં તો આચાર્યશ્રીએ પ્રથમ બધા સૂત્રો બનાવી લીધા હશે, અથવા પાંચ અધ્યાયની ધારણા કરી લીધી હશે, માટે તેનો પ્રયોગ કર્યો લાગે છે. જો સૂત્રો બનેલા હોય તો ઉપલબ્ધ થવા જોઈએ પણ ટીકા વગરનું એક પણ સૂત્ર જોવા મળતુ નથી તે જણાવે છે કે બુદ્ધિસ્થ હશે પણ શબ્દરચનાને પામ્યા નહી હોય. નહીંતર આવો સરસ ગ્રંથ ભણતા ભણતા કોઈ છોડી મૂકે એવું બને જ નહીં કે જેથી પાછળનો ભાગ વિલુપ્ત થઈ જાય. (વસુદેવહિંડીમાં આવું બન્યું છે કે સાધુઓ દ્વારા ઉપયોગ નહી જેવો થવાથી તે ત્રુટીત થયો) જ્યારે આ ગ્રંથમાં તો આવું કોઈ કારણ જણાતું નથી. અઢાર હજારી બૃહદ્વૃત્તિ ઉપલબ્ધ થઈ શકે, તો આ ગ્રંથ રચાયેલ જ હોય તો આવું બનવું સંભવ નથી. તેથી એમ લાગે છે કે આચાર્યશ્રીનો આ છેલ્લો ગ્રંથ અધૂરો જ રહ્યો હશે.

अथ प्रमाणमीमांसा ॥ १ ॥

§ ४. अथ-इत्यस्य अधिकारार्थत्वाच्छास्त्रेणाधिक्रियमाणस्य प्रस्तूयमानस्य प्रमाणस्याभिधानात् सकल-शास्त्रतात्पर्यव्याख्यानेन[1] प्रेक्षावन्तो बोधिताः प्रवर्तिताश्च भवन्ति । आनन्तर्यार्थो वा अथ-शब्दः, शब्द-काव्य-छन्दोनुशासनेभ्योऽनन्तरं प्रमाणं मीमांस्यत इत्यर्थः । अनेन शब्दानुशासनादिभिर[2]स्यैक-कर्तृकत्वमाह । अधिकारार्थस्य च अथ-शब्दस्यान्यार्थनीयमानकुसुमदामजलकुम्भादेर्दर्शनमिव श्रवणं मङ्गलायापि कल्पत इति ।

સદ્‌વિષયની પ્રરૂપણા કરવામાં લોક કે સરકારથી કોઈ નિયમ ઘડાયા નથી.

એટલે તમારી આ વાતમાં કાંઇ માલ નથી !

● ૩ → ત્યાં વર્ણનાં સમૂહ સ્વરૂપ પદ હોય છે. પદના સમૂહ સ્વરૂપ સૂત્ર, સૂત્ર સમૂહ સ્વરૂપ પ્રકરણ, પ્રકરણ સમૂહ સ્વરૂપ આહ્નિક અને આહ્નિક સમૂહ સ્વરૂપ અધ્યાય હોય છે. એવા પાંચ અધ્યાયમાં આચાર્યશ્રીએ આ શાસ્ત્રની રચના કરી છે (કરવાનું ધારેલ હતું). तस्य- તે ગ્રંથનું પહેલું સૂત્ર અભિધેયને દર્શાવવા માટે કહેલ છે. પ્રજ્ઞાશાળી પુરૂષોની પ્રવૃત્તિના અંગભૂત-કારણભૂત અનુબંધ ચતુષ્ટય હોય છે. તેમાંથી અભિધેયને દર્શાવનારૂં આ પહેલું સૂત્ર છે. બુદ્ધિશાળી એક અંગથી શેષ અંગોનો- કારણોનો આક્ષેપ કરી શકતો હોવાથી આચાર્યશ્રીએ આદ્યસૂત્રમાં માત્ર અભિધેય–વિષયનો જ ઉલ્લેખ કર્યો છે. આક્ષેપ=સંકેત કરના, સમઝ લેના (સં.હિં.).

હવે પ્રમાણની વિચારણા કરશું ॥૧॥

● ૪ → આ "अथ" શબ્દ અધિકાર અર્થવાળો છે, માટે આ શાસ્ત્ર[1] દ્વારા અધિકૃત કરાતા અને પ્રસ્તુત કરાતા એવા પ્રમાણનું પ્રતિપાદન કરવાથી "અમે પ્રમાણની બાબતમાં વિચારણા કરવાના છીએ" એવા સંપૂર્ણ[1] શાસ્ત્રનાં તાત્પર્યનું વર્ણન થવા દ્વારા પ્રેક્ષાશાળી માણસોને તેની જાણકારી મળી જાય છે. અને તેથી તેઓ તેમાં પ્રવૃત્તિ કરવા લાગે છે.

અથવા અનંતર અર્થમાં 'अथ' શબ્દ લઈએ તો શબ્દાનુશાસન, કાવ્યાનુશાસન અને છન્દાનુશાસન પછી તરત જ પ્રમાણની વિચારણા કરાય છે. આ કથનથી શબ્દાનુશાસન વગેરેનાં તેમજ આ ગ્રંથના કર્તા એક છે, એવું સૂચિત થયું.

અને અધિકાર અર્થવાળા 'अथ' શબ્દનું શ્રવણ, (બીજા એટલે પોતાના માટે સામેથી કોઈ કુંભ વગેરે લઈ આવે તે શુભ ફળ આપવા સમર્થ નથી. પરંતુ "મારે શુકન આપવા છે માટે સામે જાઉ" એવો વિચાર કર્યા વિના માત્ર પોતાના ઘેર પાણી વગેરે લઈ જવાતુ હોય ત્યારે જે કોઈ માણસ પ્રયાણ કરતો હોય તેના માટે

---

१ व्याख्याने प्रेक्षा०-ता० । २ अस्य-शास्त्रस्य ।

---

१ "अथ प्रमाण मीमांसा" આ શાસ્ત્રથી = સૂત્રથી (શબ્દના સંદર્ભને શાસ્ત્ર કહેવાય, અનેક ઠેકાણે એકાદ વાક્ય પ્રયોગને શાસ્ત્રરૂપે ઉલ્લેખવામાં આવે છે.)

આ પ્રસ્તુત પૂરેપૂરા શાસ્ત્રમાં - એટલે આ પ્રમાણમીમાંસા નામના આખા શાસ્ત્રગ્રંથમાં ગ્રંથકાર શેનું વર્ણન કરવાના છે, તેની ખબર પડી જાય છે. કારણ કે હંમેશા ગ્રંથ રચના કોઈક વિશેષ પદાર્થને લઈને/આશ્રયીને -અધિકારમાં લઈને થાય છે. આ સૂત્રથી પ્રમાણનો અહીં અધિકાર છે એ જણાઈ આવે છે. શાસ્ત્રનિષ્ઠ વિશેષ પદાર્થ બોધક વાક્યપણ શાસ્ત્ર કહેવાય. જેમ (મુક્તા. ૨૧૭-"योगाभ्यासजनित....इत्यर्थः" तद बलाद् अनया रीत्या ग्रन्थः संगमनीयः । અહીં પૂર્વોક્ત પદાર્થ બોધક વાક્યને જ ગ્રંથતરીકે લેવામાં આવ્યો છે.)

मङ्गले च सति परिपन्थिविघ्नविघातात् अक्षेपेण शास्त्रसिद्धिः, आयुष्म[१]च्छ्रोतृकता च भवति । परमेष्ठिनमस्कारादि[२]कं तु मङ्गलं कृतमपि न निवेशितं लाघवार्थिना[३] सूत्रकारेणेति ।

§ ५. प्रकर्षेण संशया[४]दिव्यवच्छेदेन मीयते परिच्छिद्यते वस्तुतत्त्वं येन तत् प्रमाणं प्रमायां साधकतमम्, तस्य मीमांसा-उद्देशादिरूपेण पर्यालोचनम् । त्रयी हि शास्त्रस्य प्रवृत्तिः-उद्देशो लक्षणं परीक्षा च । तत्र नामधेयमात्रकीर्त्तनमुद्देशः, यथा इदमेव सूत्रम् । उद्दिष्टस्यासाधारणधर्म्मवचनं लक्षणम् । तद्द्वेधा सामान्यलक्षणं विशेषलक्षणं च । सामान्यलक्षणमनन्तरमेव सूत्रम् । विशेषलक्षणम् "विशदः प्रत्यक्षम्" [१.१.१३] इति । वि[५]भागस्तु[६] विशेषलक्षणस्यैवाङ्ग[७]मिति न पृथगुच्यते ।

તે કુંભ મંગલ રૂપ બને છે.) બીજા માટે લઈ જવાતી ફૂળની માળ, પાણીનો ઘડો વિગેરેના દર્શનની જેમ માંગલિક મનાય છે. મંગલની હયાતી હોવાથી પ્રતિબંધક- વિઘ્નો નાશ થઈ જવાથી વિરહવિના-વિલંબવિના શાસ્ત્રની સિદ્ધિ થાય છે. એટલે કે કર્તાને લખવાનું પુરૂં થાય તેમજ ભણનારને ભણવાનું પુરૂં થાય અને યાદ રહી જાય તેટલા દીર્ઘાયુ બને છે.

મહાન ગંભીર અર્થવાળા ગ્રંથની રચનામાં-વાંચનમાં કયારેક દુષ્ટ ક્ષેત્ર દેવતા વગેરે અથવા (ગ્રંથ અધિષ્ઠાયક દેવ) મરણાંત કષ્ટ ઉભા કરે, પણ પ્રથમથી મંગલ આચર્યું હોય તો દેવ શાંત રહે છે, વિઘ્ન કરતો નથી. આ વાતનો ખ્યાલ રાખી શિષ્ટ પુરુષો મંગલ કરતા હોય છે. આ આચાર્ય શિષ્ટ હોવાથી અભીષ્ટ દેવતાને નમસ્કાર કરવા પૂર્વક જ પ્રવૃત્તિ કરવી સંભવે છે. એટલે તેમણે પંચ પરમેષ્ઠિના નમસ્કાર સ્વરૂપ મંગલ અવશ્ય કર્યું છે. પણ આ આચાર્ય - સૂત્રકાર (ટીકાકારે તો "अनंतदर्शन" ઈત્યાદિથી અહીં પરમેષ્ઠિ અરિહંતના નમસ્કાર સ્વરૂપ મંગલ શાસ્ત્રમાં રચ્યું છે, પરંતુ પોતાને જ સૂત્રકારની ભૂમિકામાં રાખીને આચાર્યશ્રીએ અહીં સૂત્રાત્મક 'अर्हं' ઈત્યાદિ જેવું કોઈ પરમેષ્ઠિના વંદન-નમનને દર્શાવતુ સૂત્ર રચીને મંગલ કર્યુ નથી. 'अथ' શબ્દ મંગલ વાચક છે, એટલે મંગલ સૂત્ર દ્વારા થયું છે, પરંતુ પરમેષ્ઠિનાં વંદન સ્વરૂપ મંગલ જે હૃદયસ્થ હતું તેને સૂત્રાત્મક શૈલીથી રચવામાં નથી આવ્યું.) લાઘવની ચાહનાવાળા હોવાથી તેમણે સૂત્રમાં ગૂંથ્યું નથી.

● ૫ → પ્રકર્ષ પૂર્વક એટલે કે સંશય-વિપર્યય, અનધ્યવસાયને દૂર કરી વસ્તુ તત્ત્વ જેનાથી જણાય તે પ્રમાણ, એટલે પ્રમાણથી જે વસ્તુસ્વરૂપ જાણવામાં આવે તેમાં સંશય વગેરે રહેતો નથી. કારણ કે નય સમૂહ અને સપ્તભંગી દ્વારા તત્ત્વનો નિર્ણય કરવામાં આવે છે. એટલે જ તો જિનવાણીને નય અને સપ્તભંગીથી મિશ્રિત કહેવાય છે.

તે પ્રમાણ પ્રમીતિ –યથાર્થ અનુભવમાં –પ્રમામાં સાધકતમ–કરણ છે. તે પ્રમાણની ઉદ્દેશાદિ દ્વારા વિચારણા કરવી તે મીમાંસા, શાસ્ત્રની પ્રવૃત્તિ–પદ્ધતિ–રચના ત્રણ પ્રકારમાં વહેંચાયેલી છે. એટલે પહેલા શાસ્ત્રમાં જેના સંબંધી વાત કરવાની હોય તે વસ્તુઓના નામ જણાવે, જેમ કે દ્વારગાથા, તે ઉદ્દેશ થયો. પછી તે તે વસ્તુનું લક્ષણ-અસાધારણ ધર્મ હોય છે, તેનું કથન કરે અને પછી જેનું લક્ષણ કર્યું તે સ્વરૂપ તે વસ્તુમાં યથાવસ્થિત ઘટે છે કે નહિ ? તેની ન્યાયયુક્તિપૂર્વક અતિવ્યાપ્તિ અવ્યાપ્તિ અસંભવ દોષની તપાસ કરીને પરીક્ષા

---

१ आयुष्मन्तः श्रोतारोऽस्मिन् । २ आदेः स्तुति-नामसङ्कीर्त्तने । ३ ०थिना शास्त्रका०-डे०मु० ।
४ आदिग्रहणात् विपर्ययानध्यवसायौ । ५ संख्याद्वारेण भेदकथनं विभागः, यथा "प्रमाणं द्वेधा । प्रत्यक्षं परोक्षं च ।" [१.१.९-१०]।
६-०स्तुलक्ष०-ता० । ७ अङ्गम्-अवयवः कारणमिति यावत् ।

लक्षितस्य 'इदमित्थं भवति नेत्थम्' इति न्यायतः परीक्षणं परीक्षा, यथा तृतीय[૧] सूत्रम् ।

§ ६. पूजितविचारवचनश्च मीमांसा-शब्दः । तेन न प्रमाणमात्रस्यैव विचारोऽत्राधिकृतः, किन्तु तदेकदेशभूतानां दुर्नयनिराकरणद्वारेण परिशोधितमार्गाणां[૨] नयानामपि- "प्रमाणनयैरधिगम[૩]:" [तत्त्वा० १.६.] इति हि वाचकमुख्यः, सकलपुरुषार्थेषु मूर्द्धाभिषिक्तस्य सोपाय[૪]स्य सप्रतिप[૫]क्षस्य मोक्षस्य च । एवं हि पूजितो विचारो भवति । प्रमाणमात्रविचारस्तु प्रतिपक्षनिराकरणपर्यवसायी वाक्कलहमात्रं स्यात् । तद्विवक्षाकृतं तु "अथ प्रमाणपरीक्षा" [प्रमाणपरी० पृ० १] इ[૬]त्येव क्रियेत । तत् स्थितमेतत् - प्रमाणनयपरिशोधितप्रमेय[૭]मार्गं सोपायं सप्रतिपक्षं मोक्षं विवक्षितुं मीमांसाग्रहणमकार्याचाऽऽर्येणेति ॥ १ ॥

કરવામાં આવે છે. જેમકે આ આદ્ય સૂત્ર તે ઉદ્દેશ રૂપે છે. સામાન્ય લક્ષણ, અને વિશેષ લક્ષણ એમ બે પ્રકારે લક્ષણ છે. ત્યાં આ તરતનું સૂત્ર તે પ્રમાણનું સામાન્ય લક્ષણ છે. કારણ કે એ બંને પ્રમાણમાં ઘટે છે. અને "વિશદઃ પ્રત્યક્ષ" એ વિશેષ લક્ષણ છે, કારણ કે તે પ્રત્યક્ષ નામના વિશેષ પ્રમાણનું લક્ષણ છે. અને ત્રીજું સૂત્ર પરીક્ષા સ્વરૂપ છે. કા.કે. "સ્વ"ની અતિવ્યાપ્તિની વિચારણા કરી આચાર્યશ્રીએ સ્વને લક્ષણમાંથી બાકાત કર્યું તેનું સ્પષ્ટીકરણ આ સૂત્રમાં દર્શાવ્યું છે. પરંતુ વિભાગ વિશેષ લક્ષણનો જ અવયવ -કારણ હોવાથી તેને અલગ કહેવામાં નથી આવ્યો. (તેતે વિશેષપદાર્થના વિશેષ-જુદા જુદા લક્ષણ (સ્વરૂપ) દર્શાવવા એજ વિભાગ છે ને.) કોઈ પણ ભાવ–પદાર્થના ભેદ પડતા હોય તો જ તે ભાવનું સમાન્યલક્ષણ બનાવ્યા પછી વિશેષ લક્ષણ બનાવવું પડે, જેમ જ્ઞાનનું સામાન્ય લક્ષણ બતાવી, તેના મતિજ્ઞાનાદિ ભેદો-વિભાગ પડતા હોવાથી તેના વિશેષ લક્ષણ બનાવ્યા. કેવલજ્ઞાનમાં વિભાગ પડતો નથી માટે ત્યાં એક જ સામાન્ય લક્ષણ છે.

● ६ → મીમાંસાનો અર્થ પ્રશસ્ત વિચાર અને પૂજિત વચન છે. તે એ સૂચવે છે કે આ ગ્રંથ માત્ર પ્રમાણના વિચાર પૂરતો નથી, પણ સાથોસાથ પ્રમાણના એક અંશ સ્વરૂપ તેમજ દુર્નયને નિરૂત્તર કરવા દ્વારા માર્ગને = વસ્તુના સ્વરૂપને ઓળખવાની અનેકાંતાત્મક પદ્ધતિને પરિશુદ્ધ બનાવનારા નયોનો પણ વિચાર કરવામાં આવશે.

(નય હમેશા વસ્તુનાં બીજા પાસાને જોવાની તક-પ્રેરણા આપે છે, તેમજ સુનય હોવાથી અન્ય નય દ્વારા દર્શાવેલી હકીકતનો અપલાપ પણ કરતો ન હોવાથી વસ્તુ સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે.)

વાચકમુખ્યે પણ તત્ત્વાર્થમાં કહ્યું છે કે પ્રમાણ અને નય દ્વારા તત્ત્વનું જ્ઞાન-ઓળખ થાય છે. ચારે પુરૂષાર્થમાં શિરોમણિ એવાં મોક્ષનો, તેનાં ઉપાય જ્ઞાનદર્શનચારિત્ર સ્વરૂપ સંવર[૧] નિર્જરા[૧] તેમજ તેનાં વિરોધી આશ્રવ/બંધનો સાથોસાથ વિચાર કરવામાં આવશે. આવી ઉત્તમોત્તમ વસ્તુનાં આગળ-પાછળનો વિચાર જ પૂજિત પ્રશસ્ત બને/કહેવાય છે.

માત્ર પ્રમાણનો વિચાર તો સામેના પક્ષનાં (અપ્રમાણના) (અન્યમતમાન્ય પ્રમાણના) નિરાકરણ કરવા પૂરતો હોવાથી કજીયારૂપે જ છે. જો માત્ર પ્રમાણનું જ નિરૂપણ કરવું ઈષ્ટ હોય તો 'અથ પ્રમાણ પરીક્ષા' એવું

૧ -ૅतीयसू०-डे० । ૨ परिशोधितः प्रमाणानां मार्गोऽनेकान्तात्मकं वस्तु यैः । ૩ अधिगमाय शास्त्रस्य प्रवृत्तिर्नवाक्कलहाय । ૪ ज्ञानदर्शनचारित्ररूपोपायसहितस्य । ૫ प्रतिपक्षः संसारः । ૬ यथा अकलङ्केन (?) [इयं टिप्पणकारस्य भ्रान्तिः मूलादायाता भाति । वस्तुतः प्रमाणपरीक्षा न अकलङ्ककृता किन्तु विद्यानन्दकृता-सम्या०] । ૭ अनेकान्तात्मकवस्तुरूपो मार्गो यस्य मोक्षस्य ।

૧ જ્ઞાનાદિની સાધના અશુભકર્મને આવતા રોકે છે અને જુના પડેલાનો નાશ કરે માટે.

§ ७. तत्र प्रमाणसामान्यलक्षणमाह-

सम्यगर्थनिर्णयः प्रमाणम् ॥ २ ॥

§ ८. प्रमाणम्-इति लक्ष्यनिर्देशः, शेषं लक्षणम्, प्रसिद्धानुवादेन ह्यप्रसिद्धस्य विधानं लक्षणार्थः। तत्र यत्तदविवादेन प्रमाणमिति धर्म्मि प्रसिद्धं तस्य सम्यगर्थनिर्णयात्मकत्वं धर्मो विधीयते । अत्र प्रमाणत्वादिति हेतुः । न च धर्म्मिणो हेतुत्वमनुपपन्नम्, भवति हि विशेषे[१] धर्म्मिणि तत्सामान्यं हेतुः, यथा

જ સૂત્ર બનાવત, તેથી આ નક્કી-નિશ્ચિત થયું કે પ્રમાણ અને નયથી જેનો સ્યાદ્વાદ સ્વરૂપ માર્ગ પરિશુદ્ધ કરાયેલ છે, એવા મોક્ષનાં ઉપાય અને વિરોધિ તત્ત્વના નિરૂપણ સાથે મોક્ષની વિવક્ષા કરવા માટે 'મીમાંસા' શબ્દને આચાર્ય મહારાજે ગ્રહણ કર્યો છે. ॥૧॥

● ७ → તેમાં પ્રમાણનું સામાન્ય લક્ષણ દર્શાવે છે. (જ્ઞાનાવરણીયના ક્ષયોપશમજન્ય જે ભાવેંદ્રિય છે, તે લબ્ધિ અને ઉપયોગરૂપ છે, જ્ઞાન શક્તિના વ્યાપારની શરૂઆત થાય તે પ્રમાણ અને તેના દ્વારા જે અર્થ બોધ થાય તે પ્રમા.)

પદાર્થનો સમ્યગ્ પ્રકારે નિર્ણય તે પ્રમાણ ॥૨॥

● ८ → પદાર્થનો સમ્યક્નિર્ણય તે પ્રમાણ કહેવાય, સૂત્રમાં પ્રમાણ એ પદ લક્ષ્ય છે અને શેષ લક્ષણ સ્વરૂપ છે. પ્રસિદ્ધ પદાર્થનાં અનુવાદ સાથે અપ્રસિદ્ધનું વિધાન કરવું તે લક્ષણનું પ્રયોજન છે. લક્ષ્યભૂત પ્રમાણમાં કોઈને વિવાદ નથી માટે "પ્રમાણ" એ ધર્મી તરીકે પ્રસિદ્ધ છે માટે તેનો અનુવાદ જ કરવાનો હોય અને સાથોસાથ તેમાં પ્રતિવાદીને અપ્રસિદ્ધ એવાં "સમ્યગ્અર્થ નિર્ણય" સ્વરૂપ ધર્મનું વિધાનનવેસરથી કરાય છે. અહીં 'પ્રમાણત્વાત્' એ હેતુ છે.

● શંકા : ધર્મીને હેતુ રૂપે બનાવવો ઉચિત ન કહેવાય ?

१ व्यक्तिरूपे धर्मिणि,A तद्यथा विवादाध्यासितं घटप्रत्यक्षं सम्यगर्थनिर्णयात्मकम्, प्रत्यक्षत्वादिति ।

ટી-૧A "प्रमाणं सम्यग्-अर्थ-निर्णयात्मकं प्रमाणत्वात्" આ અનુમાનમાં વિશેષધર્મી પક્ષ રૂપે કેવી રીતે?
સમા→ પ્રમાણ શબ્દ વ્યક્તિવાચક હોવાથી વિશેષ રૂપ છે અને પ્રમાણત્વ એ જાતિરૂપ હોવાથી સામાન્ય છે. એટલે પ્રત્યક્ષ પ્રમાણ, પરોક્ષ પ્રમાણ જે પ્રમાણ વ્યક્તિ છે તે બધી પક્ષ રૂપ છે અને તે બધામાં પ્રમાણત્વ રહેલું હોવાથી તે સામાન્ય કહેવાય છે. અને કોઈ પણ વિશેષ પ્રમાણમાં પણ પ્રમાણત્વ રહેલું જ છે, એટલે અન્યવ-સંબંધ થઈ શકે છે.

● પ્ર. → વિવાદાધ્યાસિત હોય તો સમ્યક્ અર્થનો નિર્ણય કેવી રીતે ?
ઉ. પક્ષમાં કોઈદિવસ સાધ્યસિદ્ધ ન હોય એટલે જ તેનું લક્ષણ જ આવું છે કે "संदिग्ध साध्यवान् पक्ष" "આપણો પક્ષ–ધર્મી તાદેશસાધ્યવાળો છે કે નહીં" આ બાબતમાં તો ચર્ચા થઈ રહી છે એટલે વિવાદગ્રસ્ત તો ખરો જ ને, પરંતુ આપણો પ્રયુક્ત હેતુ સદ્હેતુ હોવાથી ચોક્કસ ખાત્રીથી એમ કહી શકીએ કે આ પ્રત્યક્ષ સમ્યગ્ અર્થના નિર્ણયવાળુ છે. એટલે સાધ્યની ખાત્રી હેતુ ઉપર આધાર રાખે છે, પક્ષ ઉપર નહીં. પ્રત્યક્ષ એ પ્રમાણ છે અને જો તેમાં આ સાધ્ય રહે જ નહીં તો પછી એને પ્રત્યક્ષ પ્રમાણ જ શી રીતે માની શકાય ? બીજી રીતે તમારી શંકા તો અસ્થાને છે. કારણ કે આપણે તો પક્ષ-ધર્મીને વિવાદાગ્રસ્ત કહ્યો છે, પણ તેમાં રહેલ ધર્મને તો વિવાદાગ્રસ્ત ક્યાં કહ્યો જ છે. "અહીં ઘોડો છે કે નહીં" તે ચર્ચાનો વિષય ખરો પણ તેથી "ઘોડાને ચાર પગ છે." આ ધર્મમાં વિવાદ અને અનિશ્ચય થોડો આવે. ઘટ પ્રત્યક્ષમાં "આ સમ્યગ્, અર્થના નિર્ણય સ્વરૂપ છે કે નહીં" આવા વિરોધિ વિકલ્પના લીધે વિવાદ ઉભો થયો છે માટે તે વિવાદાગ્રસ્ત તો બને જ છે.

પરંતુ અવિનાભાવી હેતુના પ્રયોગ દ્વારા આ વિવાદને ખતમ કરી તે પ્રત્યક્ષમાં સમ્યગ્અર્થનિર્ણયનું વિધાન કરાય છે, એટલે કે પ્રત્યક્ષ પોતે કાંઈ અનિશ્ચિત ડગુમગુ નથી, પરંતુ પૂર્વપક્ષીને તેવો વિવાદ વિકલ્પ ઉભો થયો છે, એમ વિવાદનું અધિકરણ પૂર્વપક્ષી છે અને સમ્યગ્ અર્થનિર્ણયનું અધિકરણ પ્રત્યક્ષ છે. માટે કોઈ વિરોધ નથી. જ્યારે સંશયતો પોતે જ અનિશ્ચિત છે માટે તેને સમ્યગ અર્થ નિર્ણયવાળો ન કહેવાય.

अयं धूमः साग्निः, धूमत्वात्, पूर्वोपलब्धधूमवत् । न च दृष्टान्तमन्तरेण न गमकत्वम्, अन्तर्व्याप्त्यैव साध्यसिद्धेः, 'सात्मकं जीवच्छरीरम्, प्राणादिमत्त्वात्' इत्यादिवदिति दर्शयिष्यते ।

§ ९. तत्र निर्णयः संशयाऽनध्यवसायाविक[२]ल्पक[३]त्वरहितं ज्ञानम् । ततो निर्णय-पदेनाज्ञानरूपस्येन्द्रियसन्निकर्षादेः[४], ज्ञानरूपस्यापि संशयादेः प्रमाणत्वनिषेधः ।

§ १०. अर्यतेऽर्थ्यते वा अर्थो हेयोपादेयोपेक्षणीयलक्षणः, हेयस्य हातुम्, उपादेयस्योपादातुम्, उपेक्षणीयस्योपेक्षितुम् अर्थ्यमानत्वात् । न चानुपादेयत्वादुपेक्षणीयो हेय एवान्तर्भवति, अहेयत्वादुपादेय एवान्तर्भावप्रसक्तेः ।

● સમાધાન : વિશેષધર્મી પક્ષ રૂપે હોય ત્યારે તેનાં સામાન્ય ધર્મને હેતુ રૂપે બનાવી શકાય છે. જેમ "આ વિવક્ષિત ધૂમ અગ્નિવાળો છે ધૂમ હોવાથી." જેમ પહેલાં જોયેલો ધૂમઃ અહીં સામે રહેલી ધૂમ વ્યક્તિ વિશેષ પક્ષ છે અને ધૂમ સામાન્ય હેતુ છે. તેમ અહીં "વિવાદાગ્રસ્ત ઘટનું પ્રત્યક્ષ -એ ધર્મીછે, તે સમ્યગ્ અર્થ નિર્ણય સ્વરૂપ છે", આ સાધ્ય અને 'પ્રત્યક્ષત્વાત્' આ પક્ષનો સામાન્ય ધર્મ જ હેતુરૂપ છે. દૃષ્ટાન્ત વિના હેતુ સાધ્યને ઓળખાવી ન શકે એવું નથી, કારણ કે અન્તર્વ્યાપ્તિથી સાધ્ય સિદ્ધિ થઈ શકે છે. જેમ "જીવતું શરીર આત્માવાળું છે, પ્રાણાદિથી યુક્ત હોવાથી, અહીં કોઈ ઉદાહરણ ન હોવાથી બહિર્વ્યાપ્તિ (ઉદાહરણ) નથી. 'તો પણ અન્તર્વ્યાપ્તિના સામર્થ્યથી સાધ્યની સિદ્ધિ થાય જ છે, એમ 'પ્રમાણત્વાત્' અહીં પણ પ્રમાણત્વ હેતુ પ્રમાણ સિવાય અન્યત્ર રહેતો ન હોવાથી ઉદાહરણ તો ન મળે પણ ગમક બની શકે છે.
અન્તર્વ્યાપ્તિની બાબતમાં આગળ વાત કરીશું.

૯ ત્યાં નિર્ણય એટલે સંશય, અનધ્યવસાય અને નિર્વિકલ્પક વગરનું જ્ઞાન. નિર્ણય[૧] પદ મૂકવાથી અજ્ઞાન સ્વરૂપ ઇન્દ્રિય સંનિકર્ષ તથા જ્ઞાતાનો વ્યાપાર, વળી સંશય અને નિર્વિકલ્પકનો પ્રમાણ તરીકે નિષેધ થાય છે. તે જ્ઞાન રૂપ તો છે પણ તે સંશય અનવસ્થિત -અનિશ્ચિત સ્વરૂપ છે અને નિર્વિકલ્પકમાં નામ જાતિ વગેરેનો ઉલ્લેખ ન હોવાથી પદાર્થનો નિર્ણય શક્ય ન બને, એટલે સામે રહેલા પદાર્થો ઉપર નજર પડવા છતાં તેનું શું નામ છે, કંઈ જાતિનું છે, શું ઉપયોગી છે, ઇત્યાદિ કોઈ પણ જાતનું વિશેષ જ્ઞાન ન થાય તો તે પદાર્થનો અન્ય પદાર્થથી વ્યવચ્છેદ કરવો સંભવ ન બને, તો પછી સ્વનો-ઘટાદિ પદાર્થનો નિર્ણય કેમ કરીને સંભવે ? એટલે કે સામે રહેલો પદાર્થ પટાદિરૂપે નથી એવી ખાત્રી થયા વિના "આઘટ જ છે" આવી ખાત્રી કેમ થાય ? સામેની વ્યક્તિ ચોર નથી એવી ખાત્રી થયા વિના આ સાહુકાર જ છે" એવો નિર્ણય કેમ લેવાય ? સંશય વિગેરે નિશ્ચયનામના વિશેષણ વગરના હોવાથી પ્રમાણ નથી કહેવાતા.

૧૦. (પ્રયોજનની સિદ્ધિ માટે) જેની ઇચ્છા કરાય તે અર્થ હેય, ઉપાદેય, ઉપેક્ષણીય સ્વરૂપ છે. હેયને તજવા માટે, ઉપાદેયને ગ્રહણ કરવા, ઉપેક્ષણીયની ઉપેક્ષા કરવા માટે એની ઇચ્છા કરાતી હોવાથી આને (વસ્તુતત્ત્વને) અર્થ કહેવાય છે. તજવા વગેરે ઇચ્છાનો વિષય જે બને તે અર્થ.

१ "न दृष्टान्तोऽनुमानाङ्गम्" [१. २. १८] इति सूत्रे । २ प्रथमाक्षसन्निपातेन यत् ज्ञानम् । यद्यप्यनध्यवसाय एव निर्विकल्पकं तथाप्याहत्य सौगतमतनिराकरणायाविकल्पकत्वेनेति पदम् । ३-०ल्पत्व०-डे० । ४ आदिपदात् ज्ञातृव्यापारः ।

અંતવ્યાંપ્તિ→પક્ષની અંદર જ પ્રાપ્તિ હોય, બાહ્ય કોઈ સપક્ષ મળતો ન હોય, બહિર્વ્યાપ્તિ એટલે જ કે સપક્ષ મળવો જે ઉદાહરણ રૂપે બને છે.

૧ એમાં "સમ્યગ્અર્થ" આટલું જ લખીએ તો "સારો પદાર્થ" આટલો જ અર્થ નીકળે, તેનાથી સંશયાદિમાં અતિવ્યાપ્તિ કેમ થાય? સમા→અહીં લક્ષ્યરૂપે પ્રમાણ શબ્દ પ્રસિદ્ધ જ છે, માટે તેનો આક્ષેપ કરાય છે. તેનો અર્થ જ્ઞાનનું કરણ એટલે સમ્યગ્ અર્થની પ્રતીતિ કરાવનાર જે હોય તે પ્રમાણ. તમે કાંઈ એવું તો કીધુ નથી કે તે જ્ઞાનરૂપે હોવું જોઈએ. સંનિકર્ષ અને જ્ઞાતાનો વ્યાપાર પ્રતીતિ કરાવવામાં અત્યંત ઉપયોગી છે જ, માટે તેમાં લક્ષણ તો જાય છે ને, અને "આ જિનબિંબ છે કે નહી" આવો સંશય પણ સમ્યગ્ અર્થનો બોધ તો કરાવે જ છેને, નિર્વિકલ્પક વિના સીધું સવિકલ્પક જ્ઞાન સંભવ નથી, આમ આ પણ જ્ઞાન માટે ઉપયોગી છે જ, એમ આ બધામાં અતિવ્યાપ્તિ થાય જ છે, તેના વારણ માટે નિર્ણય પદ મુક્યું છે, નિર્ણય પાકી ખાત્રી પૂર્વકનું જ્ઞાન.

उपेक्षणीय एव च मूर्द्धाभिषिक्तोऽर्थः, योगिभिस्तस्यैवा[1]र्थमाणत्वात् । अस्मदादीनामपि हेयोपादेयाभ्यां भूयानेवोपेक्षणीयोऽर्थः, तन्नायमुपेक्षि[2]तुं क्षम[3]ः । अर्थस्य निर्णय इति कर्मणि षष्ठी, निर्णीयमानत्वेन व्याप्यत्वादर्थस्य । अर्थग्रहणं च स्वनिर्णयव्यवच्छेदार्थं तस्य सतोऽप्यलक्षणत्वादिति वक्ष्यामः ।

§ ११. सम्यग्-इत्यविपरीतार्थमव्ययं समञ्चतेर्वा रूपम् । तच्च[4] निर्णयस्य विशेषणम्, तस्यैव सम्यक्त्वाऽसम्यक्त्वयोगेन विशेष्टुमुचितत्वात्, अर्थ[5]स्तु स्वतो न सम्यग् नाप्यसम्यगिति सम्भव[6]व्यभिचारयोरभावान्न विशेषणीयः । तेन सम्यग् योऽर्थनिर्णय इति विशेषणाद्विपर्ययनिरासः । ततोऽतिव्याप्त्यव्याप्त्यसम्भवदोषविकलमिदं प्रमाणसामान्यलक्षणम् ॥ २ ॥

● શંકા : અહીં કોઈ શંકા ઉઠાવે કે ઉપેક્ષણીય પદાર્થ ઉપાદેય ન હોવાથી તેનો હેયમાં સમાવેશ થઈ જશે, તો પછી "ઉપેક્ષણીય" ભેદ પાડવાની શી જરૂર છે ?

● સમાધાન : આમ તો ઉપેક્ષણીય હેય ન હોવાથી ઉપાદેયમાં જ સમાવેશ થઈ જવાની આપત્તિ આવશે. હકીકતમાં તે હેય કે ઉપાદેય ન હોવાથી તેને ઉપેક્ષણીય કહેવું જ યોગ્ય છે, અને તે જ પદાર્થ સર્વશ્રેષ્ઠ છે. કારણ કે યોગીઓ એની જ ઝંખના રાખે છે. આપણા જેવા માટે પણ હેય ઉપાદેયથી ઉપેક્ષણીય પદાર્થ વધારે છે. સાપ કાંટા વગેરે હેય છે, પુષ્પ અન્નાદિ ઉપાદેય છે, એમાં પણ દૂર અજ્ઞાત દેશમાં રહેલા સર્વ પદાર્થ સમૂહ આપણી ઉપેક્ષાનો જ વિષય બને છે. ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો ઉપર તો હેય ઉપાદેય ભાવ હોતો નથી માટે તે પણ ઉપેક્ષણીય જ બને છે. તેથી આ ઉપેક્ષણીય પદાર્થની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. એટલે અર્થનો ત્રીજો ભેદ માનવો જોઈએ. "અર્થનો નિર્ણય" એમ કર્મમાં ષષ્ઠી છે. કારણ કે નિર્ણય નામની ક્રિયાથી કર્તા અર્થને વિશેષ પ્રાપ્ત કરવાને ઈચ્છે છે "કર્મણિકૃત ૨-૨-૮૩ સિદ્ધહેમ ઈતિ અનેન ષષ્ઠી." (કર્તા દ્વારા વિશેષ પ્રાપ્ત કરવાને ઈચ્છાય તે કર્મ = વ્યાપ્ય કહેવાય છે.) (કર્તા સ્વનિષ્ઠ જ્ઞાન દ્વારા વિષયતા સં.થી અર્થ સાથે સંપર્ક સાધે છે.) સૂત્રમાં અર્થ પદનું ગ્રહણ સ્વ=જ્ઞાનના નિર્ણયનો વ્યવચ્છેદ કરવા માટે છે. એટલે જ્ઞાન પણ નિર્ણયનો વિષય બને તો છે, પણ "જ્ઞાન- પ્રમાણનો સમ્યગ્‌નિર્ણય કરવો" આ પ્રમાણનું લક્ષણ નથી. લક્ષણ કેમ નથી તે આગળ કહીશુ.

૧૧. સમ્યગ્ એ અવિપરીત અર્થવાળો અવ્યય છે. અથવા સમ્+અચ્ ધાતુનું ક્વિબંત રૂપ જાણવું. તે નિર્ણયનું વિશેષણ જાણવું/નિર્ણય જ સમ્યક્ અને અસમ્યક્ સંભવી શકે છે. માટે તેને જ વિશેષણથી વિશિષ્ટ કરવો યોગ્ય છે.

અર્થ - વસ્તુ તો પોતે કાંઇ સમ્યક્ કે અસમ્યક્ હોતી નથી. (જડ હોવાથી વસ્તુ તો જેવી છે, તેવી જ રહે છે, પણ આપણી દૃષ્ટિ પ્રમાણે આપણે વસ્તુ માટેનો સાચો/ ખોટો નિર્ણય લઈએ છીએ) એટલે અર્થમાં "સમ્યગ્" વિશેષણનો સંભવ કે વ્યભિચાર ન હોવાથી તેને અર્થનું વિશેષણ ન બનાવી શકાય. કારણ કે સંભવ[1]

१ अर्ध्यमानत्वात् । २ "शकधृष..." [हैमश० ५. ४. ९०] इति तुम् । ३ योग्यः । ४ तत्तु निर्ण०-ता० । ५ जडत्वात् । ६ सम्भवे व्यभिचारे च विशेषणमर्थवद् भवति ।

१ "લાલઘોડો' અહીં લાલ એ વિશેષણ સાર્થક કહેવાય છે, કારણ કે ઘોડામાં લાલવર્ણ સંભવે છે, તેમજ અમુક ઘોડા બીજાવર્ણના પણ હોય છે, માટે ઘોડામાં લાલવર્ણનો વ્યભિચાર પણ છે, તેથી વિવક્ષિત ઘોડાને અન્યવર્ણના ઘોડાથી વ્યવચ્છેદ-છુટો પાડવા માટે આ લાલપદ ઉપયોગી બને છે, માટે તે વિશેષણ કહેવાય છે. - "વ્યવચ્છેદ કરાવે તે વિશેષણ આ તેનો અર્થ છે, તે અહીં સાર્થક બને છે.

§ ૧૨. ननु अर्थनिर्णयवत् स्वनिर्णयोऽपि वृद्धैःप्रमाणलक्षणत्वेनोक्तः- "प्रमाणं स्वपराभासि" [न्यायाव० १] इति, "स्वार्थव्यवसा[1]यात्मकं ज्ञानं प्रमाणम्" [तत्त्वार्थश्लोकवा० १.१०.७७] इति च । न चासा[2]वसन्, 'घटमहं जानामि' इत्यादौ कर्तृकर्मवत् ज्ञप्तेरप्यवभासमानत्वात् । न च अप्रत्यक्षोपलम्भ[3]स्यार्थदृष्टिः प्रसिद्ध्यति । न च ज्ञानान्तरात् तदु[4]पलम्भसम्भावनम्,

---

અને વ્યભિચાર[1] હોય ત્યાં જ વિશેષણ સાર્થક બને છે, તેથી આવો અર્થ થયો કે "અર્થનો સમ્યગ્ નિર્ણય તે પ્રમાણ" આ સમ્યગ્ વિશેષણથી વિપર્યય-વિપરીત નિર્ણયનો પ્રમાણ તરીકે નિરાસ થયો.

અલક્ષ્ય એવાં સંશય વગેરે તેમજ વિપરીત જ્ઞાનમાં લક્ષણ ન જતું હોવાથી અતિવ્યાપ્તિ થતી નથી. અને લક્ષ્યભૂત પ્રમાણમાં સર્વત્ર લક્ષણ 'સમ્યગ્અર્થ નિર્ણય' ઘટતું હોવાથી અવ્યાપ્તિ અને અસંભવ દોષ પણ નથી. આ "પ્રમાણ સામાન્ય"નું શુદ્ધ લક્ષણ થયું. ॥૨॥

૧૨. શંકા[1]→પ્રાચીન આચાર્યોએ અર્થના નિર્ણયની જેમ સ્વનિર્ણયને પણ પ્રમાણના લક્ષણ તરીકે કહ્યું છે 'प्रमाणं स्वपराभासि' એમ ન્યાયાવતારના પ્રથમ સૂત્રમાં સિદ્ધસેન દિવાકરસૂરિએ જણાવ્યું છે. અને તત્વાર્થ શ્લોકવાર્તિકમાં ૧-૧૦-૭૭ "જ્ઞાન અને પદાર્થનું નિશ્ચાયાત્મક જ્ઞાન" તે પ્રમાણ એમ કહ્યું છે. આ સ્વનિર્ણય અસત્-તુચ્છ પણ નથી "હું ઘટને જાણું છું" ઇત્યાદિ પ્રતીતિમાં "હું" કર્તા, અને 'ઘટ'કર્મની જેમ "જાણું છું" એવી જ્ઞપ્તિક્રિયા[2] = જ્ઞાનનું પણ ભાન થાય છે. ઉપલમ્ભ-જ્ઞાનનું જેણે પ્રત્યક્ષ સંવેદન-ભાન[3] થયું નથી તેવા પુરૂષને પદાર્થનું ભાન થઇ શકતું નથી.

જ્ઞાનાન્તર વાદી→ અન્યજ્ઞાનથી તદ્—સ્વનિર્ણયનો ઉપલમ્ભ-ભાન થઇ જશે અને પ્રથમજ્ઞાનથી-સ્વનિર્ણયથી પદાર્થ જણાઇ જશે. ઉપલમ્ભ= નિશ્ચય કરના, જાનના, પ્રત્યક્ષજ્ઞાન, અભિજ્ઞાન, અનુભવ (સં.હિ.),

---

१ निश्चयात्मकम् । २ स्वनिर्णयः । ३ पुरुषस्य । ४ स्वनिर्णयोपलम्भ० ।

---

૧. આ શંકાકાર પ્રાચીન શાસ્ત્રના અભ્યાસવાળો જૈન છે, અને વચ્ચે જ્ઞાનાન્તરવાદી ટપકી પડે છે, ત્યારે સ્વસંવેદનવાદી તેનું સમાધાન કરે છે. સ્વસંવેદનવાદીની વાત આચાર્યશ્રીને માન્ય છે, માટે તેને સમાધાન રૂપે સ્વીકાર્યો છે.

૨. જ્ઞપ્તિ-બુદ્ધિ, સમજ, જ્ઞાન વ્યાપાર, જ્ઞા+ણિ+ક્તિ= જ્ઞપ્તિ ભાવમાંક્તિ પ્રત્યય છે, તેમ જ્ઞા+અનટ્ પ્રત્યય લાગ્યો છે. જાનામિ દ્વારા એમ જણાવવામાં આવે છે કે "આ ઘટ છે" એટલું જ નહીં, પણ "આ ઘટ છે" એવું જ્ઞાન મને થયું છે. એવું ભાન થાય છે. ઘડા રૂપે પોતાને ભાસ થયો. ટુંકમાં સામે રહેલી વસ્તુમાં (વિષયતાસં.થી) ઘટ જ્ઞાન પેદા થાય ત્યારે એનો ભાસ પ્રમાતાને પણ થાય છે. "એટલે કે " આઘડો છે" એવી જાણ મને પડી" અહં ઘટ જ્ઞાનવાન્.

અષ્ટસહસ્રી (૨૪૩ પે.) જ્ઞપ્તિ માત્ર જાણવું, બૌદ્ધો જ્ઞાનને માત્ર નિરંશ માનશે તો અને એકજ્ઞાનને જ માનશે તો પ્રમાતા પ્રમેય પ્રમાણ આ અંશ તેમાં ન રહેવાથી જ્ઞપ્તિની પણ નિવૃત્તિ થઈ જશે કારણ કે જ્ઞપ્તિના ચાર અંગ છે, ઘટ સામે ન હોય તો ન દેખાય, તેમ પ્રમાતા હાજર ન હોય તો પણ ન દેખાય, અને પ્રમાતા પાસે જ્ઞાન ન હોય (આંખ દ્વારા જોવાની શક્તિ) ન હોય તો પણ ન દેખાય. એમ ચારેય અંગની જરૂર પડે છે. હવે જો એક જ આત્મામાં બધા અંશ માનશો તો અનેકાંતવાદ આવી જશે.

૩. જેમ બોલવાની ક્રિયા કરનાર વ્યક્તિ ઉપયોગ શૂન્ય હોય તો હું બોલું છું એનું પણ ભાન રહેતું નથી, તો તે વ્યક્તિને હું શું બોલું છું તેનું ભાન તો ક્યાંથી રહે ? તેમ જે વ્યક્તિને મને જ્ઞાન થયું છે આવું ભાન પણ ન થાય તેને (મને ઘટનું જ્ઞાન થયું છે) "આ ઘટ છે" આવું અર્થ સંબંધી જ્ઞાન કેવી રીતે સંભવી શકે ? દીવામાં જ જ્યોત ન પ્રગટે ત્યાં સુધી તે બીજાને કેવી રીતે પ્રકાશિત કરી શકે ?

तस्याप्यनुपलब्धस्य प्रस्तुतोपलम्भप्रत्यक्षीकाराभावात् । उपलम्भान्तरसम्भावने चानवस्था । अर्थोपलम्भात् तस्योपलम्भे अन्योन्याश्रयदोषः । एतेन[१] 'अर्थस्य[२] सम्भवो नोपपद्येत न[३] चे [त्] ज्ञानं स्यात्' इत्यर्थापत्त्यापि तदु[४]पलम्भः प्रत्युक्तः, तस्या अपि ज्ञापकत्वेनाज्ञाताया ज्ञापकत्वायोगात् । अर्थापत्त्यन्तरात् त[५]ज्ज्ञाने अनव[६]स्थेतरेताराश्र[७]यदोषापत्तेस्तदवस्थः परिभवः ।

स्वसंवेदनवादी → अन्यज्ञान खुद अनुपलब्ध–अप्रत्यक्ष होवाथी प्रस्तुत स्वनिर्णयने–प्रत्यक्ष करी शकतुं नथी. चैत्रनुं ज्ञान मने अप्रत्यक्ष छे, तो तेना ज्ञानथी ज्ञात पदार्थ पण मने अप्रत्यक्ष ज रहे छे. तेज रीते मारुं ज्ञान मने जो अप्रत्यक्ष हशे तो तेनाथी ज्ञात पदार्थ पण मने अप्रत्यक्ष ज रहेशे ने. "स्वयं असिद्धःपरान् कथं साधयेत्" एटले अर्थ अप्रत्यक्ष ज रहेवानी आपत्ति आवे. "अन्य उपलम्भ-ज्ञानथी तेनुं द्वितीय ज्ञाननुं प्रत्यक्ष थई जशे." एवुं मानशो तो अनवस्था दोष आवशे. कारण के एम पुनःपुनः पछी पछीना ज्ञानना उपलम्भ माटे उत्तर ज्ञाननी कल्पना करवी पडशे, एम अप्रामाणिक अनंत ज्ञाननी कल्पना स्वरूप अनवस्था दोष आवशे. क्लृप्तवस्तुसजातीयवस्तुपरंपराकल्पनस्य विरामाभावः अनवस्था. (गौ.वृत्ति)

ज्ञानान्तरवादी[१] → अर्थ-पदार्थ ज्ञानथी (प्रथमज्ञान)थी स्वनिर्णय(द्वितीय ज्ञान) नो उपलम्भ थई जशे. एम द्वितीय ज्ञान ज्ञात बनी जतुं होवाथी ज्ञानान्तरनी कल्पना स्वरूप अनवस्था उभी नहिं थाय.

● स्वसंवेदनवादी → स्वनिर्णय (बीजुं ज्ञान) ज्ञात बने तो ते अर्थज्ञान (प्रथम ज्ञान)ने प्रकाशित करे एटले के अर्थज्ञान(प्रथमज्ञान) नुं ज्ञान करवा माटे स्वनिर्णय (द्वितीयज्ञान)ने ज्ञात थवुं जरूरी छे. अने तमारा कहेवा प्रमाणे स्वनिर्णय-(बीजु ज्ञान) ज्ञात थवा माटे (प्रथम) अर्थज्ञाननी अपेक्षा राखे छे. स्वतः तो बन्ने अज्ञात होय अने ज्ञात थवा माटे एक बीजानी अपेक्षा राखे तो अन्योन्याश्रय स्पष्ट छे. "तारुं घर क्यां छे ? बस स्टेन्डनी सामे, बसस्टेन्ड क्यां छे ? तो कहे मारा घरनी सामे," अहीं बन्ने स्थान अज्ञात होवाथी एकनुं पण भान न थाय, तेज आ अन्योन्याश्रय छे.

["अहं वृक्षंपश्यामि" अहीं प्रमाता पोते वृक्षने जोवानी क्रिया करे छे, साथोसाथ पोते जोई रहो छे' एवुं भानपण थाय छे के नहीं ? "पोते जोई रहो छे" एवुं भान करवा कांई तेने नवा-अन्य ज्ञाननी जरूर पडती नथी, "हुं वृक्षने जोउं छुं" आवुं भान पोताने ज्यारे सामे ઝાડ उपर नजर करे छे, त्यारे ज थई जाय छे. एटले ते वखते बे जातनुं आपणने ज्ञान थाय छे, एकतो "आ वृक्ष छे," बीजुं

---

१ अनवस्थादोषेण । २ अर्थोऽस्यास्तीत्येवंरूपो व्यवहारः । ३ न चेतत् ज्ञा० डे० । ४ अर्थोपलम्भोपलम्भः । ५ अर्थापत्तिज्ञाने । ६ अर्थापत्त्यन्तरस्यापि ज्ञानार्थं पुनरप्यर्थापत्त्यन्तरं कल्प(प्य)मित्यनवस्था । ७ यदा त्वर्थापत्त्यन्तरस्य प्रस्तुतार्थापत्तेः ज्ञानं तदेतरेताराश्रयः।

---

१ शमिक्रियातो अर्थ ज्ञाननी साथोसाथ प्रवर्ते छे, एटले प्रमाता ज्यारे पदार्थने जाणे त्यारे साथे साथे पोताने "आ पदार्थनुं मने ज्ञान थयुं छे" एवुं पण समजी ले छे आ छे शमि. स्वसंवेदनवादी (आपणे)→आ बन्ने काम एक ज साथे थाय छे. अने आपणने अनुभवमां पण एज रीते आवे छे.

ज्यारे ज्ञानान्तर वादी एम कहे छे के प्रथम अयंघटः" आ मात्र पदार्थनुं ज्ञान थाय छे, तेना पछी अन्य ज्ञान पेदा थाय छे, ते नवुं ज्ञान घटज्ञानने पोतानो विषय बनावे छे एटले के अनुव्यवसायज्ञान (नैयायिक मान्य) "घटज्ञानवान अहं" आवुं बीजु ज्ञान छे, ते पाछळथी पेदा थयुं. शमि अने अन्य ज्ञानना आकारमां फेर नथी परंतु काल भेद छे, तेथी प्रक्रियामां तफावत पडी जाय छे. आपणा कहेवा प्रमाणे ज्ञान स्वतः पोतानुं भान करावी दे छे, ज्यारे ज्ञानान्तर वादीनी मुजब बीजा ज्ञाननुं मोढुं पहेला ज्ञानने जोवुं पडे छे. परंतु स्वयं प्रकाशित नथी.

तस्मादर्थोन्मुखतयेव स्वोन्मुखतयापि ज्ञानस्य प्रतिभासात् स्वनिर्णयात्मकत्वमप्यस्ति । ननु अनुभूतेरनुभाव्यत्वे घटादिवदननुभूतित्वप्रसङ्गः,

"હું આ વૃક્ષને જોઈ રહ્યો છું." હવે જો તેને "હું આ વૃક્ષને જોઈ રહ્યો છું" એવું ભાન ન થતું હોય તો તેને કોઈ દિવસ આવી ખબર પડે ખરી કે "આ ઝાડ છે." અર્થાત્ ન જ પડે. જ્યારે જ્ઞાન થશે ત્યારે બન્ને બોધ સાથે જ થશે. દીવો બીજાને જ્યારે પ્રકાશિત કરે તે જ વખતે પોતાને પણ પ્રકાશિત કરીજ લે છે. एतेन = અનવસ્થા અને અન્યોન્યાશ્રય દોષ બતાવવા દ્વારા નીચેની વાતનું પણ ખંડન થઈ જાય છે.]

• પરતઃ વાદી (મીમાંસક) જો જ્ઞાન ન થયુ હોય તો "આ પદાર્થ છે" એવો વ્યવહાર ન થઈ શકે, એટલે આવાં વ્યવહારનાં આધાર માટે અર્થજ્ઞાનનું જ્ઞાન થયેલું હોવું જોઈએ, આવી અર્થાપત્તિથી अर्थोपलम्भोपलम्भ= અર્થના જ્ઞાનનું જ્ઞાન સંભવી શકે છે. માટે અમારે કોઈ દોષ નથી.

• સ્વસંવેદન વાદી - જ્ઞાપક પદાર્થ અજ્ઞાત રહીને કોઈને જણાવી શકે નહિં. એટલે જો અર્થાપત્તિ જ્ઞાપક છે તો તે અજ્ઞાત હોઈ જ્ઞાપક બની શકે નહિ. હવે જો બીજી અર્થાપત્તિથી પ્રથમ અર્થાપત્તિનું જ્ઞાન માનશો તો અનવસ્થા અને અન્યોન્યાશ્રય દોષની આપત્તિ ઉભી જ રહેશે. કારણ કે દ્વિતીયનું જ્ઞાન કરવા ઉત્તર-ઉત્તર અર્થાપત્તિ માનવી પડશે.અને પ્રથમ અર્થાપત્તિથી દ્વિતીયને જ્ઞાત માનવા જશો તો પ્રથમ માટે પુનઃદ્વિતીયની અપેક્ષા રહેતી હોવાથી અન્યોન્યાશ્રય થાય. તેથી જ્ઞાન અર્થની તરફ ઉન્મુખ બની અર્થના બોધમાં વ્યાપૃત થઈને અર્થ જાણે છે તેમ જ્ઞાનની તરફ ઉન્મુખ બની જ્ઞાનને પણ જાણે છે. જે તરફ ટોર્ચનો પ્રકાશ પડે તે પદાર્થને પ્રકાશિત કરે છે. તે પ્રકાશ બલ્બને પણ પ્રકાશિત કરે જ છે (કારણ કે તે તરફ પણ પ્રકાશ પડે જ છે એમાં કોઈ શક નથી. એથી જ્ઞાનને અર્થ નિર્ણાયકની જેમ સ્વનિર્ણાયક- સ્વનો નિશ્ચયકરાવનારું પણ માનવું જોઈએ.

• જ્ઞાનાન્તરવાદી - અનુભૂતિ- જ્ઞાન જ્ઞેય હોય તો ઘડા વગેરેની જેમ જ્ઞાનક્રિયાનું કર્મ બનવાથી અનુભૂતિ = જ્ઞાન અનુભાવ્ય થવાથી અનનુભૂતિત્વ = જડ[1] બની જવાની આપત્તિ આવશે.

१ कर्मत्वात् ।

પ્ર.-૧ જ્ઞેય જડ કેવી રીતે બને ? આવી આપત્તિ કેવી રીતે ?

ઉ. ડૉ. દર્દીને તપાસે ત્યારે પોતે ડૉ. કહેવાય, અને જાતને તપાસે ત્યારે દર્દી કહેવાય, પણ તેમ છતાં તેનું ડૉ.પણુ નાશપામી જતુ નથી. એમ જ્ઞાન ઘટાદિ અર્થને જાણે ત્યારે જ્ઞાન કહેવાય અને સ્વને જાણે ત્યારે ઘટાદિની જેમ જ્ઞેય કહેવાય એ વાત સાચી પણ એટલા માત્રથી તેનું જ્ઞાનપણું નાશ પામી જતું નથી કે જેથી તેને જડ માનવાની આપતિ આવે. (વળી જ્ઞાન પોતાને જ્ઞાનરૂપે જ તો જુએ છે ક્યાં જડ રૂપે જુએ છે, જડ રૂપે જુએ તો આ જ્ઞાન જ ખોટું પડી જશે / અથવા તે તો જડનું જ્ઞાન કહેવાશે, સ્વજ્ઞાન નહીં કહેવાય, સ્વનો અર્થ જ તો જ્ઞાન છે.

અહીં આપત્તિ આપવાનું કારણ તો આમ છે કે ડૉ. પાસે તપાસ કરાવનાર ડૉ. હોતો નથી એવું સામાન્ય જનોમાં પ્રસિદ્ધ હોય, તે મગજમાં ઘુસી ગયું હોય અને ભૂયોદર્શન પણ આવું જ થાય છે. પણ આ ગરબડ જેને ખ્યાલ નથી કે ડૉ. પણ જાતની તપાસ કરે છે અને બીજા પાસે પણ તપાસ કરાવે છે. તેમ સામાન્ય રીતે જ્ઞાન દ્વારા ઘટાદિ જડ પદાર્થનું ભાન થાય છે, એટલે જ્ઞેય = "જેનું જ્ઞાન થયુ તે જડ હોય છે," આવું મગજમાં પેસી જાય, તેનું કારણ એક જ કે તેને એ ખ્યાલ નથી કે જ્ઞાનનું પણ જ્ઞાન થાય છે.

પ્ર. આ આપત્તિ જે જ્ઞાનનું જ્ઞાન પરતઃ માને તેને કેમ નહી આવે ?

ઉ. શંકાકાર માત્ર દોષ દેખાડવામાં સમજે છે, જ્ઞાનાન્તરવાદીના મતે પણ જ્ઞાનનો જ્ઞાન વિષય બનતો હોવાથી જડ થવાની આપત્તિ સ્પષ્ટ જ છે.

मैवं वोचः, ज्ञातुर्ज्ञातृत्वेनेव अनुभूतेरनुभूतित्वेनैवानुभवात् । नचानुभूतेरनु-भाव्यत्वं दोषः, अर्थापेक्षयानुभूतित्वात्, स्वापेक्षयाऽनुभाव्यत्वात्, स्वपितृपुत्रापेक्षयैकस्य पुत्रत्वपितृत्ववत् विरोधाभावात् । न च स्वात्मनि क्रियाविरोधः, अनुभवसिद्धेऽर्थे विरोधासिद्धेः । अनुमानाच्च स्वसंवेदनसिद्धिः, तथाहि- ज्ञानं प्रकाशमानमेवार्थं प्रकाशयति, प्रकाशकत्वात्, प्रदीपवत् । संवेदनस्य प्रकाश्यत्वात् प्रकाश-कत्वमसिद्धमिति[१] चेत्,

● સ્વ સંવેદનવાદી - આવું બોલશો મા ! જ્ઞાતા (અહં) જ્યારે જ્ઞાનનો વિષય બને છે જેમકે "હું તો તે વખતે દેરાસરમાં હતો "अहं तदा जिनालये आसम्" હું મને-જાતને જાણુ છું "અહીં પોતાનું જ જ્ઞાન કરે છે, વળી જ્ઞાન કરનાર બીજું કોઈ તો છે જ નહીં, પ્રમાતા પણ પોતે જ છે. આમ દેશવિશેષમાં પોતાનું જ ભાન જ્ઞાતા કરી રહ્યો છે, આતો સર્વને માન્ય જ છે ને. ત્યારે તે જ્ઞાતા કર્મ બનવા છતાં પણ તેની જ્ઞાતા તરીકે ઓળખાણ થાય છે, તેની જેમ જ્ઞાન જ્યારે જ્ઞાનનો વિષય બને છે, પણ તેનું ભાન તો જ્ઞાન તરીકે જ થાય. "ઘટના જ્ઞાનને હું જાણું છું" એવો અનુભવ થાય છે. એ રીતે જ જ્ઞાનનું જ્ઞાન તરીકે ભાન થતું હોવાથી જડ બનવાની આપત્તિ નથી. જ્ઞાન જ્ઞેય રૂપે બને એમાં દોષ નથી, કારણ કે તે પર-પદાર્થની અપેક્ષાએ જ્ઞાન રૂપે છે. સ્વ-જ્ઞાનની અપેક્ષાએ જ્ઞેય રૂપ બને છે.

જેમ પોતાના પિતાની અપેક્ષાએ જે પુરૂષ પુત્ર છે, તે પુરૂષ સ્વપુત્રની અપેક્ષાએ પિતા પણ હોઈ શકે છે. એમાં કશો વાંધો-વિરોધ નથી.

શંકા → જ્ઞાન પોતાનું જ જ્ઞાન કરે આ તો પોતાની ઉપર જ જ્ઞાન નામની ક્રિયા થઈ. **સ્યાદ્વાદ મંજરીમાં** પૂર્વપક્ષીએ કહ્યું છે કે સુશિક્ષિત નટ પુત્ર પોતાનાં ખભા ઉપર ચઢી શકતો નથી, એટલે સ્વાત્મામાં ક્રિયાનો વિરોધ છે. (સ્વનુ=જ્ઞાનનું સંવેદન= જ્ઞાન-અનુભવ અમે (જ્ઞાનાન્તર વાદી) અન્ય જ્ઞાનથી માનીએ છીએ માટે અમારે તો સ્વાત્મનિ ક્રિયા વિરોધ દોષ લાગુ પડતો નથી.)

સમા → અનુભવ સિદ્ધ બાબતમાં વિરોધને અવકાશ નથી મળતો, કારણ કે દીવો પરની જેમ સ્વને પણ પ્રકાશિત કરે છે, એ પ્રત્યક્ષસિદ્ધ વાતમાં કોઈ વિરોધ કરતું નથી. તેમ "મેં ઘટને જાણ્યો" એવો અનુભવ આત્માને થાય છે. માટે તેમાં વિરોધ ન કરી શકાય. અનુમાનથી પણ સ્વસંવેદનની સિદ્ધિ થઈ શકે છે.

તે આ પ્રમાણે - "જ્ઞાન પ્રકાશમાન થઈને જ અર્થને પ્રકાશિત કરે છે, પ્રકાશક હોવાથી" દીવાની જેમ.

● જ્ઞાનાન્તરવાદી → જો સંવેદન પ્રકાશ્ય હોય તો ઘટાદિનીજેમ તે પ્રકાશક ન બની શકે.

સ્વસંવદેનવાદી → સ્વસંવેદન સ્વરૂપ જ્ઞાનમાંથી અજ્ઞાન સંશય વગેરેનો નિરાસ કરવાથી તેમાં પ્રકાશકત્વ ઘટી

૧-०मितिन अज्ञा०-ता० ।

न, अज्ञाननिरासा[1]दिद्वारेण प्रकाशकत्वोपपत्तेः । न च नेत्रादिभिरनैकान्तिकता, तेषां भावेन्द्रियरूपाणामेव प्रकाशकत्वात् । भावेन्द्रियाणां च स्वसंवेदनरूपतैवेति न व्यभिचारः । तथा, संवित् स्वप्रकाशा, अर्थप्रतीतित्वात्, यः स्वप्रकाशो न भवति नासावर्थप्रतीतिः यथा घटः । तथा यत् ज्ञानं तत् आत्मबोधं प्रत्यनपेक्षितपर[2]व्यापारम्, यथा गोचरा[3]न्तरग्राहिज्ञाना[4]त् प्राग्भाविगोचरान्तरग्राहिज्ञानप्रबन्धस्यान्त्यज्ञानम्,

શકે છે. કારણ કે જે સંશય કે અજ્ઞાન રૂપે ન હોય તે વિશેષ ન્યાયથી જ્ઞાન જ હોઈ શકે છે. [જો પોતે અપ્રકાશક હોત તો દુનિયામાં એક પણ વસ્તુ જ્ઞાત ન બનત. અરે ! તમે જો જ્ઞાનને પ્રકાશ્ય કહી અપ્રકાશક માનવા જાઓ તો, તે કોઈ પણ હિસાબે પ્રકાશ્ય જ ન બની શકત, કારણ કે તમે તે જ્ઞાનને તો અપ્રકાશક માનો છો તો આ જ્ઞાન પણ કોનાથી પ્રકાશ્ય બને ? જ્ઞાનાન્તરનો રસ્તો ન લેવાય તેનો નિરાસ અમે કરીજ લીધો છે (અનવસ્થા, અન્યોન્યાશ્રય દોષ આવતા હોવાથી). અને (સ્વથી) પ્રકાશ્ય માનશો તો અવશ્ય પ્રકાશક માનવું જ પડશે. જેમ જન્ય હોય તો તેનો કોઈ જનક હોય જ. દુનિયામાં જે જ્ઞાન છે તે "પ્રકાશ્ય તો છે જ , તેમને અપ્રકાશક માનો તો તે પ્રકાશ્ય પણ ન બની શકે. (જ્ઞાનપેદા થાય ત્યારે સ્વનું ભાન અવશ્ય કરાવે જ છે]

• ઈન્દ્રિય પ્રમાણવાદી નૈયા. → નેત્ર વગેરે ઘટાદિને પ્રકાશિત તો કરે છે, છતાં પોતે તો પ્રકાશમાન નથી એટલે તમારી વ્યાપ્તિમાં વ્યભિચાર આવશે.

• સ્વસંવેદનવાદી → વાસ્તવમાં બહારથી દેખાતી ઈન્દ્રિય કાંઇ પરપ્રકાશક નથી, પરંતુ ત્યાં ગોઠવાયેલા ક્ષયોપશમવાળા આત્મપ્રદેશ-સ્વરૂપ ભાવેન્દ્રિય જ પ્રકાશક હોય છે. અને તે ક્ષયોપશમ ભાવ તો જ્ઞાન સ્વરૂપ હોવાથી પ્રકાશમાન છે, તેનું ભાન સંભવી શકે છે, માટે અમારી વ્યાપ્તિમાં વ્યભિચાર નથી.

તેમજ બીજું કેવલવ્યતિરેકી અનુમાન આપે છે, "જ્ઞાન સ્વપ્રકાશક છે, અર્થનું પ્રકાશક હોવાથી, "જે સ્વપ્રકાશક નથી હોતું તે અર્થ-પ્રકાશક પણ નથી, જેમ ઘડો, તથા જે જ્ઞાન છે તે સ્વબોધ ખુદને જણાવવા માટે અન્ય જ્ઞાનના વ્યાપારની અપેક્ષા રાખતું નથી. જેમ અન્ય (ઘટ) વિષયને ગ્રહણ કરનાર જ્ઞાનથી પહેલા થનારૂં અન્ય–પટ વિષયવાળા જ્ઞાન પ્રવાહનું છેલ્લુ જ્ઞાન થાય છે. ત્યાં પટ વિષયક છેલ્લા જ્ઞાન પછી તો ઘટ વિષયક જ્ઞાન થતું હોવાથી તેણે પટ વિષયક જ્ઞાનને પ્રકાશિત કરનાર ન મનાય, ભિન્ન વિષયક જ્ઞાન હોવાથી અને પોતે છેલ્લુ હોવાથી તેનાં પ્રવાહમાં સમાન વિષયક જ્ઞાનનો સંભવ નથી એટલે પટવિષયક બીજુ જ્ઞાનાન્તર ત્યાં વિદ્યમાન નથી કે જે પૂર્વના પટજ્ઞાનને પ્રકાશિત કરે અને તે છેલ્લુ જ્ઞાન પણ પટનું તો ભાન કરાવે છે. માટે તે અંતિમ જ્ઞાનને પણ જ્ઞાત માનવું તો આવશ્યક છે. કારણ કે કોઈપણ જ્ઞાન પોતે જ્ઞાત ન બને ત્યાં સુધી અર્થને જણાવી

१ आदेः संशयादिनिरासः । २ ज्ञानान्तरानपेक्षितव्यापारम् । ३ घटविषयम् । ४-०ज्ञानप्रा०-डे० ।

ज्ञानं च विवादाध्यासितं रूपादिज्ञानमिति । संवित्[१] स्वप्रकाशे स्वा[२]वान्तरजातीयं नापेक्षते, वस्तुत्वात्, घटवत् । संवित् परप्रकाश्या वस्तुत्वात्, घटवदिति चेत्, न, अस्याप्रयोजकत्वात्, न खलु घटस्य वस्तुत्वात् परप्रकाश्यता अपि तु बुद्धिव्यतिरिक्तत्वात् । तस्मात् स्वनिर्णयोऽपि प्रमाणलक्षणमस्त्वित्याशङ्क्याह-

ન શકે. હવે અહીં કોઈ અન્ય ગતિ ન હોવાથી સ્વતઃ પ્રકાશિત-જ્ઞાત માનવું જરૂરી છે. આ નિશ્ચિત હોવાથી અહીં દૃષ્ટાન્ત[૧] તરીકે તેનો ઉપન્યાસ કર્યો છે.

આમ જ્ઞાનસામાન્ય[૧] સ્વપ્રકાશિત સિદ્ધ થયું અને વિવાદાસ્પદ રૂપાદિ[૨] જ્ઞાન પણ જ્ઞાન છે માટે રૂપાદિ અર્થને વિષય બનાવનાર જ્ઞાનને પણ સ્વપ્રકાશિત માનવા રહ્યા. જ્ઞાન સ્વપ્રકાશ-ભાનમાં પોતાની જાતિવાળા અન્ય જ્ઞાનની અપેક્ષા નથી રાખતુ, વસ્તુ સ્વરૂપ હોવાથી ઘટની જેમ. જેમ ઘટ સ્વપ્રકાશમાં પોતાનું અસ્તિત્વ પ્રગટ કરવામાં સજાતીય બીજા ઘટની અપેક્ષા નથી રાખતો, તેમ જ્ઞાન....અહીં વસ્તુથી ભિન્ન કશું છે જ નહીં માટે વ્યતિરેક નથી મળતો માટે આ કેવલાન્વયી અનુમાન થયું.

• જ્ઞાનાન્તરવાદી→ ઘટની જેમ જો જ્ઞાન વસ્તુ સ્વરૂપ હશે તો ઘટની જેમ પરપ્રકાશ્ય પણ સિદ્ધ થઈ જશે ને ?

• સ્વસંવેદનવાદી → (વૃદ્ધાચાર્ય) આ અનુમાન અનુકૂલ તર્ક રહિત હોવાના કારણે અપ્રયોજક હોવાથી સ્વ સાધ્યને સિદ્ધ કરવા સમર્થ નથી, કારણ કે ઘટ વસ્તુ રૂપ હોવાથી પર પ્રકાશ્ય નથી. પરંતુ બુદ્ધિથી ભિન્ન હોવાથી ઘટને સ્વપ્રકાશમાં જ્ઞાનની જરૂર પડે છે. એટલે જ્ઞાન વસ્તુરૂપ સિદ્ધ થવા માત્રથી પર પ્રકાશ્ય તરીકે સિદ્ધ થઈ જતું નથી. એમ જ્ઞાન અર્થ પ્રકાશકની જેમ સ્વપ્રકાશક હોવાથી સ્વનિર્ણયને પણ પ્રમાણના લક્ષણ તરીકે કહેવું જોઈએ. આવી શંકા ઉઠાવીને આચાર્યશ્રી કહે છે કે.....

१ केवलान्वय्यनुमानम् । २ ज्ञानान्तरम् ।

૧ જ્ઞાનાન્તરવાદી એવું માને છે કે ઘટ જ્ઞાન પછી બીજું તેના વિષયવાળું સજાતીય જ્ઞાન પેદા થાય છે તે પૂર્વના જ્ઞાનને પ્રકાશિત કરે છે, માટે સ્વપ્રકાશક માનવાની જરૂર નથી, ત્યારે પ્રશ્ન એ ઉભો થયો કે તમારી વાત માની લઈએ તો પહેલાથી ઉપાન્ત્ય જ્ઞાન સુધી તો વાંધો નહી આવે, પરંતુ પોતાના વિષયનું અંતિમજ્ઞાન છે, જેના પછી અન્ય વિષયનું જ જ્ઞાન થઈ જતું હોય ત્યારે અંતિમ જ્ઞાનનો પ્રકાશ શેનાથી થશે ? અહીં કોઈ છટકવાનો રસ્તો નથી.

૨ રૂપાદિ જ્ઞાન જ્ઞાનાન્તરવાદી સાથે ચર્ચાનો વિષય બનેલ છે, સિદ્ધિ તો હંમેશા તેવા ચર્ચાસ્થાનનીજ કરવાની હોય ને, માટે વિમર્શપૂર્વક પૂજ્યશ્રીએ અહીં આ પદ મુકયું છે. હેતુ સચોટ હોય તો વિવાદાધ્યાસિત પક્ષમાં સાધ્યસિદ્ધિની એક કાંકરી પણ કોઈ ખેરવી શકતું નથી. એટલે અંતિમજ્ઞાનનું કથન તો દૃષ્ટાંત છે અને સિદ્ધિ તો આ રૂપાદિ (દરેક) જ્ઞાનમાં કરવાની છે, તે દૃષ્ટાંતદ્વારા સિદ્ધ કરી બતાવ્યું.

स्वनिर्णयः सन्नप्यलक्षणम्, अप्रमाणेऽपि भावात् ॥ ३ ॥

§ १३. सन्नपि-इति परोक्तमनुमोदते । अयमर्थः न हि अस्ति इत्येव सर्वं लक्षण[1]त्वेन वाच्यं, किन्तु यो धर्मो विपक्षाद्व्यावर्त्तते । स्वनिर्णयस्तु अप्रमाणेऽपि संशयादौ वर्त्तते, नहि काचित् ज्ञानमात्रा सास्ति या न स्वसंविदिता नाम । ततो न स्वनिर्णयो लक्षणमुक्तोऽस्माभिः, वृद्धैस्तु परीक्षार्थमुपक्षिप्त इत्यदोषः ॥ ३ ॥

§ १४. ननु च परिच्छिन्नमर्थं परिच्छिन्दता प्रमाणेन पिष्टं पिष्टं स्यात् । तथा च गृहीतग्राहिणां धारावाहिज्ञा[2]नानामपि प्रामाण्यप्रसङ्गः । ततोऽपूर्वार्थनिर्णय इत्यस्तु लक्षणम्, यथाहुः- "स्वा[3]पूर्वार्थ-व्यवसायात्मकं ज्ञानं प्रमाणम्" [परीक्षामु० १.१] इति, "त[4]त्रापूर्वार्थविज्ञानम्" इति[5] च । तत्राह-

---

જ્ઞાન સ્વનિર્ણય સ્વરૂપ છે તો ખરૂં પણ તે લક્ષણ રૂપ નથી, કારણ કે સ્વનિર્ણય તો અપ્રમાણમાં પણ રહેલ છે. ॥૩॥

એટલે સ્વનિર્ણયને પ્રમાણનું લક્ષણ બનાવતા અતિવ્યાપ્તિ આવે છે, માટે તેને લક્ષણ તરીકે સ્વીકારવામાં નથી આવ્યું.

૧૩. આચાર્યશ્રીએ "सन्नपि" કહીને પ્રાચીન આચાર્યોના ઉક્ત કથનનું અનુમોદન કર્યું છે. અભિપ્રાય આ છે કે કોઈ વસ્તુમાં જે જે ધર્મ હોય તે બધા લક્ષણ રૂપ નથી કહેવાતા. પરંતુ જે ધર્મ વિપક્ષથી વ્યાવૃત્ત કરે એટલે સ્વધર્મીને અલક્ષ્યથી અલગ પાડે તે ધર્મ લક્ષણ કહેવાય. સ્વનિર્ણય તો અપ્રમાણ એવા સંશય વગેરેમાં પણ હોય છે, કારણ કે એવું કોઈ જ્ઞાન નથી કે જેમાં સ્વસંવેદનત્વ -સ્વપ્રકાશકત્વ ન હોય "મને સંશય થયો", "મને કશી ખબર ન પડી" ઈત્યાદિરૂપે પોતાને ભાન થાય જ છે. કોઈ પણ દીવો હોય તે સ્વને તો પ્રકાશિત કરે જ છે, ભલે કદાચ તેનાથી રૂપાદી પદાર્થ ખોટા જોવાઈ જાય એટલે દીવાનો પ્રકાશ ધુંધળો હોય તો પદાર્થને અસ્પષ્ટ રૂપે પ્રકાશિત કરે છે અને અમુક લાઈટથી સામેની વસ્તુનો વર્ણ બદલાઈ જાય છે એમ અન્યરૂપે કરે છે, છતાં તે સ્વનો પ્રકાશ-જ્યોતને તો પ્રકાશરૂપે જણાવે છે, એટલે દીવો તો પ્રકાશમય જોવા મળે છે. એટલે અમે(ગ્રંથકારે) સ્વનિર્ણયને લક્ષણ તરીકે નથી જણાવ્યું.

પ્રાચીન આચાર્યોએ પરીક્ષા[1] માટે તેનો લક્ષણમાં સમાવેશ કર્યો છે. અમારા કે વૃદ્ધાચાર્યનાં કથનમાં કોઈ દોષ નથી ॥૩॥

---

१ लक्षणं वाच्यं-डे० । २ -०वाहिकज्ञाना०-डे० । ३ स्वस्य अपूर्वार्थस्य च । ४ ततापू०डे०। तत्रेति प्रत्यं....भट्टः (?) । ५ प्राभाकराः ।

---

૧ પ્રમાણના લક્ષણની પરીક્ષા માટે લક્ષણમાં સ્વપદ મૂક્યું છે, એટલે જે લક્ષણ બનાવ્યું હોય તેની પરીક્ષા કરાય, એટલે જે જ્ઞાન છે તે સ્વને- જ્ઞાનને પ્રકાશિત કરે છે કે નહીં" આવી તપાસ કરવાનુ મન ક્યારે થાય ? જ્યારે તેનું લક્ષણમાં ગ્રહણ કર્યું હોય તો જ આવો વિચાર ઉભો થાય, પૂર્વકાળમાં અનેક અન્ય દર્શનીઓ જ્ઞાનને સ્વપ્રકાશક માનતા ન હતા. હવે આપણે પ્રમાણના લક્ષણમાં સ્વપદ ન મૂકીએ તો તેમની પંક્તિમાં આપણો સમાવેશ થઈ જાય અને કોઈને વિચારનો અવસર પણ ન મળે કે જ્ઞાન વાસ્તવમાં સ્વપ્રકાશક છે કે નહીં, એમ બીજાઓ પણ "જ્ઞાન સ્વપ્રકાશક" છે તે માટેની પરીક્ષા કરતા થાય; અને તેમના મતમાંથી જુદા પડી વાસ્તવિકતાને જગત સામે રજુ કરવા પૂર્વાચાર્યોએ સ્વ પદનું લક્ષણમાંઉપાદાન કરેલું લાગે છે. પૂજયશ્રી તેમનો અપલાપ ન થાય અને પોતે અન્યમતમાં પ્રવેશી ન જાય તેમજ લક્ષણમાં અતિવ્યાતિ ન થઈ જાય માટે (તે બધાનો ખુલાસો કરવા) ત્રીજા સૂત્રમાં ખુલાસો કર્યો છે.

ग्रहीष्यमाणग्राहिणा इव गृहीतग्राहिणोऽपि नाप्रामाण्यम् ॥ ४ ॥

§ ૧૫. अयमर्थः-द्रव्यापेक्षया वा गृहीतग्राहित्वं विप्रतिषिध्येत पर्यायापेक्षया वा ? तत्र पर्यायापेक्षया धारावाहि[1]ज्ञानानामपि गृहीतग्राहित्वं न सम्भवति,

---

૧૪ શંકાકાર → સમ્યગ્ અર્થ નિર્ણય આવું લક્ષણ યોગ્ય નથી, કારણ કે આ તો ગૃહીતગ્રાહીમાં ઘટી શકે છે અને જણાયેલા પદાર્થને જાણવા પ્રવૃત્ત થયેલ પ્રમાણ-જ્ઞાન નકામું પિષ્ટપેષણ જ કરે છે ને. વળી તેવાં જ્ઞાનને પ્રમાણ માનતા ગૃહીતગ્રાહી ધારાવાહી જ્ઞાનો[1] ને પણ પ્રમાણ રૂપે માનવાનો પ્રસંગ આવશે. માટે "અપૂર્વ અર્થનો નિર્ણય તે પ્રમાણ" એવું લક્ષણ કરવું જોઈએ. એટલે જે જ્ઞાન પહેલાં નહિં જાણેલા પદાર્થનો નિશ્ચય કરે તે જ્ઞાન પ્રમાણ કહેવાય. પરીક્ષા મુખ ૧-૧માં કહ્યું છે કે સ્વનો અને અપૂર્વ અર્થનો નિશ્ચય કરનાર જ્ઞાન પ્રમાણ છે. અને વળી મીમાંસક[2] પ્રભાકરે પણ કહ્યું છે કે "અપૂર્વ અર્થને પ્રકાશિત–ગ્રહણ કરનાર જ્ઞાન તે પ્રમાણ છે."

આચાર્ય મહારાજ સમાધાન કરતા કહે છે કે....

ગ્રહીષ્યમાણ = જ્ઞાન દ્વારા હવે જે ગ્રહણ કરવામાં આવશે તે પદાર્થને ગ્રહણ કરનાર જ્ઞાન અપ્રમાણ.નથી તેમ ગૃહીત = જ્ઞાન દ્વાર પૂર્વે વિષય બનાવેલ છે તે પદાર્થને ગ્રહણ કરનાર જ્ઞાન પણ અપ્રમાણ નથી. ॥ ૪ ॥

[પ્રમાતા જ્યારે પણ કોઈ પ્રમેય પદાર્થનું જ્ઞાન કરે છે, ત્યારે પોતાને સામે પર્યાયો જ જોવા મળે છે, મૃત્પિંડ આ પણ એક માટીનો પર્યાય છે અને ઘડો પણ, એટલે આંખથી આકાર-રૂપ વિગેરે ગ્રહણ થાય છે, તો જીભથી રસ, એમ ગ્રહણ કરાતા તે પર્યાયોથી દ્રવ્ય અભિન્ન હોવાથી તેનું પણ ભાન થઈ જ જાય છે. એટલે કે ભૂતમાં જે પર્યાય યુક્ત દ્રવ્યને જોયું હોય તેજ દ્રવ્ય ભવિષ્યમાં ગ્રહણ થવાનું છે. જેમકે પૂર્વે વલયપર્યાયનું જ્ઞાન કર્યું ત્યારે તેનાથી અભિન્ન સુવર્ણનું જ્ઞાન થઈ ગયું, અને હવે પછી ગૃહીષ્યમાણ-અનાગત પર્યાય જે કુણ્ડલ છે કે જે પ્રમાતાના જ્ઞાનમાં અત્યાર સુધી આવ્યો નથી તેવા કુણ્ડલને ગ્રહણ કરનારું જ્ઞાન પણ તે જ સુવર્ણને તો જાણશે. એમ પર્યાયની અપેક્ષાએ ગૃહીત અને ગૃહીષ્યમાણ બંને પદાર્થ ભિન્ન પડે છે, પરંતુ સુવર્ણ તો તેનું તેજ છે, માટે દ્રવ્ય અપેક્ષાએ તો

૧-०हिकज्ञा०-डे० ।

---

૧ કારણ કે જ્ઞાનનો સામાન્ય અર્થ તો આવોજ છે કે અજ્ઞાતને જાણવું, જ્યારે ગ્રંથની શરૂઆતમાં તેના પ્રયોજન રૂપે લખેલું મળે છેકે શ્રોતાને તે વિષયનું જ્ઞાન મળે, હવે પહેલેથી જ્ઞાન હોય તો પ્રયોજન ઘટી ન શકે, જેને જ્ઞાન હશે તે શ્રોતા જાણવા પ્રવૃત્ત થતો નથી. વળી જ્ઞાનાવરણીયને આપણે આંખ આડા પાટા સમાન કહ્યું છે અને પાટા દૂર થવારૂપ જ્ઞાન થયું એનો મતલબ પહેલા અજ્ઞાન હતું, ધારાવાહી જ્ઞાનમાં આ વાત ઘટી શકતી નથી. આમ હોવા છતા "સમ્યગ્ અર્થ નિર્ણય" આ તમારું લક્ષણ તેમાં ઘટી જાય છે, માટે તેને પ્રમાણ માનવાની આપત્તિ આવશે. માટે અમારી વાતને વિચારો એમ ભલામણ કરવા શંકાકારે આ વાત અહીં રજુ કરી છે.

૨ પ્રભાકર મીમાંસકનો પણ આવો મત છે કે અગૃહીતને ગ્રહણ કરનાર જ્ઞાન જ પ્રમાણ છે, એમ અન્ય હવાલો પણ ઉપરની વાતને પોષણ કરનાર છે.

क्षणिकत्वात् पर्यायाणाम्; तत्कथं त[1]न्निवृत्त्यर्थं विशेषणमुपादीयेत[2] ? अथ द्रव्यापेक्षया, तदप्ययुक्तम्, द्रव्यस्य नित्यत्वादेकत्वेन गृहीतग्रहीष्यमाणावस्थयोर्न भेदः । ततश्च कं विशेषमाश्रित्य ग्रहीष्यमाणग्राहिणः प्रामाण्यम्, न गृहीतग्राहिणः ? अपि च अवग्रहेहादीनां गृहीत-ग्राहित्वेऽपि प्रामाण्यमिष्यत एव ।

પૂર્વ અને પછીના જ્ઞાનનો વિષય એક જ પદાર્થ બન્યો,

હવે વિષય સમાન હોવા છતાં તમે કંઈ વિશેષતાના આધારે અનાગત અપૂર્વ-પર્યાયગ્રાહી જ્ઞાન પ્રમાણ માનો અને ગૃહીત-પર્યાયગ્રાહી જ્ઞાનને અપ્રમાણ માનો છો ? કારણ કે ગ્રહીષ્યમાણ વખતે પણ દ્રવ્ય તો ગૃહીત જ છે માટે દ્રવ્ય અપેક્ષાએ તો તમારે ગ્રહીષ્યમાણ ગ્રાહી જ્ઞાનને પણ અપ્રમાણ માનવાની આપત્તિ આવશે, માટે ભલા થાઓ અને બન્નેને પ્રમાણ માનો.]

૧૫ અહીં અભિપ્રાય એ છે કે - દ્રવ્ય અપેક્ષાએ ગૃહીતગ્રાહી જ્ઞાનનો પ્રમાણ તરીકે નિષેધ કરો છો કે પર્યાય અપેક્ષાએ ગૃહીત ગ્રાહી જ્ઞાનનો પ્રમાણ તરીકે નિષેધ કરો છો ?

ત્યાં પર્યાય અપેક્ષાએ ધારાવાહિ જ્ઞાનો પણ ગૃહીતગ્રાહી બની શકતા નથી. કારણ કે પર્યાયો તો ક્ષણિક છે. ઉત્તર ક્ષણમાં તે પદાર્થને ગ્રહણ કરતા પર્યાય બદલાઈ ગયો હોવાથી પર્યાય અપેક્ષાએ ભિન્ન બનેલ પદાર્થને જ જ્ઞાન ગ્રહણ કરશે. તો પછી "આ ઘટ. આ ઘટ" એવું ધારાવાહિ જ્ઞાન પણ અગૃહીતગ્રાહી હોવાથી તેની પ્રમાણતા નિવૃત્ત કરવા અપૂર્વ વિશેષણ મૂકવાની જરૂર જ શી ?

કારણ તે અપૂર્વગ્રાહી હોવાથી ધારાવાહિ પણ લક્ષ્ય જ છે, અપૂર્વગ્રાહીત્વ તેમાં ઘટતું હોવાથી અપૂર્વ વિશેષણ મૂકીને તેનો પ્રમાણ તરીકે નિષેધ પણ સંભવી શકતો નથી.

હવે જો "ધારાવાહિકજ્ઞાન દ્રવ્ય અપેક્ષાએ ગૃહીત ગ્રાહી હોવાથી અપ્રમાણ છે" એમ દ્રવ્ય અપેક્ષાએ કહેતા હો તો તે પણ યુક્ત નથી. કારણ દ્રવ્ય નિત્ય હોવાથી ત્રણે કાલમાં એક જ રૂપે રહે છે. એટલે ગૃહીત કે ગ્રહીષ્યમાણ અવસ્થામાં કોઈ ભેદ પડતો નથી. તેથી તમારે ગૃહીતગ્રાહીની જેમ ગ્રહીષ્યમાણ-ગ્રાહી જ્ઞાનને પણ અપ્રમાણ કહેવું જોઈએ. અથવા બન્નેને પ્રમાણ ઘોષિત કરવા જોઈએ. તેથી- દ્રવ્યની ભૂત ભાવી અવસ્થામાં કશો ફેર નથી તો પછી દ્રવ્યની કંઈ વિશેષતાના આધારે "ગ્રહીષ્યમાણ પદાર્થને ગ્રહણ કરનાર જ્ઞાન પ્રમાણ અને ગૃહીતગ્રાહિજ્ઞાન અપ્રમાણ છે." એવું તમો માનો છે ? એટલે દ્રવ્યની અપેક્ષાએ પદાર્થમાં કશો ફેરફાર ન હોવાથી બન્ને જ્ઞાનને પ્રમાણ માનવા જોઈએ.

વળી અવગ્રહ ઈહા અપાય ગૃહીત-ગ્રાહી હોવા છતાં પણ તમે તેમને પ્રમાણભૂત માનો છો તેથી તમારે અવ્યાપ્તિ આવશે, કારણ કે પ્રમાણ તો અગૃહીતગ્રાહી જ્ઞાન અને ગૃહીતગ્રાહી એવા અવગ્રહાદિ પણ છે, જ્યારે તમારું લક્ષણ તો "અગૃહીતગ્રાહીત્વ" હોવાથી, ગૃહીતગ્રાહીજ્ઞાનમાં (તેવા અવગ્રહ ઈહાદિમાં) લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ આવશે.

---

१ गृहीतार्थग्राहिज्ञाननिरासायेत्यर्थः । २ दीयते-डे० ।

न चैषां भिन्नविषयत्वम्, एवं ह्यवगृहीतस्य अनीहनात्, ईहितस्य अनिश्चयादसमञ्जसमापद्येत । न च पर्यायापेक्षया अनधिगतविशेषावसायादपूर्वार्थत्वं वाच्यम्, एवं हि न कस्यचिद् गृहीतग्राहित्व-मित्युक्तप्रायम् ।

§ १६. स्मृतेश्च प्रमाणत्वेनाभ्युपगताया गृहीतग्राहित्वमेव स[1]तत्त्वम् । यैरपि स्मृतेरप्रामाण्यमिष्टं तैरप्यर्थादनुत्पाद एव हेतुत्वेनोक्तो न गृहीतग्राहित्वम्, यदाह-

---

અપૂર્વગ્રાહી જ્ઞાનવાદી → ઈહા અપાય વગેરેનાં ભિન્ન ભિન્ન વિષય હોવાથી તેમને પ્રમાણરૂપ કહેવામાં વાંધો નથી.

એકદ્રવ્યગ્રાહીજ્ઞાનવાદી (ગૃહીતગ્રાહી વાદી)→ જો અવગ્રહ ઈહા વગેરે જ્ઞાનના ભિન્ન ભિન્ન દ્રવ્ય વિષય બનતા હોય તો અવગ્રહથી જાણેલું દ્રવ્ય ઈહાનો વિષય નહિ બની શકે. અને ઈહાના વિષય બનેલ દ્રવ્યનું અપાયથી ગ્રહણ નહિ થાય. આમ થવાથી આપણી જે વ્યવસ્થા હતી કે અવગૃહીત જ ઈહાનો વિષય બની અંતે અપાય દ્વારા પદાર્થનો નિર્ણય થવાનો હતો, તે વ્યવસ્થા પડી ભાંગશે. અને અવગૃહીત કે ઈહીત ન બનેલ પદાર્થનો પણ સીધો અપાય થવાની આપત્તિ આવશે, જે તમને પણ ઈષ્ટ નથી.

● અપૂર્વગ્રાહી જ્ઞાનવાદી → પર્યાયની અપેક્ષાએ આ અવગ્રહ વગેરે ઉત્તરોત્તર અગૃહીત અર્થને ગ્રહણ કરતા હોવાથી અવસાય = નિર્ણય (સંહિ.) પર્યાયની અપેક્ષાએ અનધિગતવિશેષનો નિર્ણય થવાથી બધા જ્ઞાનોના વિષય અપૂર્વ સંભવી શકે છે. એટલે અવગ્રહ વખતે તે દ્રવ્યમાં જે પર્યાયો હતા, તેનાથી ભિન્ન પર્યાયો ઈહા વખતે હોય છે, તે પૂર્વે ગ્રહણ કરાયેલા નથી, એમ તેવા અનધિગત- પૂર્વે નહીં જણાયેલા પર્યાય વિશેષનો નિશ્ચય થવાથી અમારું લક્ષણ સચવાઈ જશે અને વ્યવસ્થા પણ ટકી રહેશે.

● ગૃહીતગ્રાહી જ્ઞાનવાદી → આમ કહેતા તે ધારાવાહિક અને અધારાવાહિક બધા જ જ્ઞાનો અગૃહીત-અપૂર્વ ગ્રાહી બની જતા હોવાથી ગૃહીત-પૂર્વગ્રાહી કોઈ જ્ઞાન જ નથી આમ સંભવ અને વ્યભિચારનો અભાવ હોવાથી "અગૃહીત=અપૂર્વગ્રાહી જ્ઞાન પ્રમાણ છે" તેનો ફલિતાર્થ પૂર્વગ્રાહી જ્ઞાન તે અપ્રમાણ છે, એમ તમે જે "અગૃહીત"એજ્ઞાનનું વિશેષણ મૂક્યુ છે તેનિરર્થક બની જશે. આ વાત પહેલાં અમે કહી ચૂક્યા છીએ. હવે જો "व्यवसायात्मकं पूर्वग्राहिज्ञानं अप्रमाणं" આમાંથી પૂર્વગ્રાહી વિશેષણ વ્યર્થ હોવાથી કાઢી નાંખોતો "વ્યવસાયાત્મક જ્ઞાનસામાન્ય અપ્રમાણ છે" એમ કહેતા પ્રમાણભૂત જ્ઞાનને પણ અપ્રમાણમાનવાની આપત્તિ આવે. કા. કે તે પણ જ્ઞાન અન્તર્ગત તો છે જ.

● ૧૬ → પ્રમાણ તરીકે સ્વીકારેલી સ્મૃતિનું સ્વરૂપ ગૃહીતગ્રાહી જ છે. વળી જેઓએ સ્મૃતિને અપ્રમાણ તરીકે માની છે, તેનુ કારણ પણ "પદાર્થથી ઉત્પન્ન થયેલ નથી" એવું આપેલ છે. અનુભવથી સ્મૃતિ ઉત્પન્ન થાય છે, પછી ભલે તે પદાર્થ અત્યારે વિદ્યમાન હોય કે ન પણ હોય એટલે વર્તમાન કાલીન સ્મૃતિજ્ઞાન વખતે પદાર્થ હાજર ન હોવાથી તેને અપ્રમાણ માને છે, પણ ગૃહીતગ્રાહી હોવાથી તેને-સ્મૃતિને અપ્રમાણ માની નથી.

---

१ स्वरूपम् ।

"न स्मृतेरप्रमाणत्वं गृहीतग्राहिताकृतम् ।
अपि त्वनर्थजन्यत्वं तदप्रामाण्यकारणम्" [न्यायम० पृ० २३] इति ॥ ४ ॥

§ १७. अथ प्रमाणलक्षणप्रतिक्षिप्तानां संशयानध्यवसायविपर्ययाणां लक्षणमाह-

अनुभयत्रो[1]भयकोटिस्प[2]र्शी प्रत्ययः संशयः ॥ ५ ॥

§ १८. अनुभयस्वभावे वस्तुनि उभयान्तपरिमर्शनशीलं ज्ञानं सर्वात्मना शेत इवात्मा यस्मिन् सति स संशयः, यथा अन्धकारे दूरादूर्ध्वाकारवस्तूपलम्भात् साधकबाधकप्रमाणाभावे सति 'स्थाणुर्वा पुरुषो वा' इति प्रत्ययः ।

अनुभयत्रग्रहणमुभयरूपे वस्तुन्युभयकोटिसंस्पर्शेऽपि संशयत्वनिराकरणार्थम्, यथा 'अस्ति च नास्ति च घटः', 'नित्यश्चानित्यश्चात्मा' इत्यादि ॥ ५ ॥

ન્યાયમંજરીમાં કહ્યું છે કે....

ગૃહીતગ્રાહીના કારણે સ્મૃતિ અપ્રમાણ નથી. પરંતુ અર્થ વિના જન્ય હોવું, તેજ તેના અપ્રમાણનું કારણ છે.

● ૧૭ → હવે પ્રમાણના લક્ષણથી બાકાત કરાયેલા સંશય અનધ્યવસાય અને વિપર્યયના લક્ષણ દર્શાવે છે.....

અનુભયત્ર....સંશયः = જે વસ્તુ ઉભય સ્વભાવવાળી નથી, તેવી વસ્તુમાં ઉભય સ્વભાવને સ્પર્શતું અનિશ્ચિત જ્ઞાન તે સંશય ॥૫॥

[અહીં વસ્તુને અનુભયત્ર કહીને "જે ઉભય સ્વભાવ એક બીજાનાં વિરોધી છે, તેવા બે ધર્મ લેવાના છે", એ જણાઈ આવે છે, કારણ કે તે બે સ્વભાવ જો વિરોધી ન હોત તો એકવસ્તુમાં રહી જાત તો પછી વસ્તુને અનુભય જ ન કહેવાય, માટે ઉભયકોટિમાં વિરૂદ્ધ પદ મુકવું જરૂરી નથી.]

● ૧૮. ઉભય સ્વભાવ વગરની વસ્તુમાં **ઉભયાન્ત** બે કોટિ→જે જાતના બે સ્વભાવ વસ્તુમાં નથી તે વસ્તુમાં તેવા બે જાતના ધર્મોનું પરિમર્શન કરવાના સ્વભાવવાળું જ્ઞાન તે સંશય. [ઉભય એ તો ઉપલક્ષણ છે તેથી ત્રણ વગેરે કોટિને સ્પર્શતું અનિશ્ચિત જ્ઞાન હોય તે પણ સંશય કહેવાય. જેમ કે જંગલમાં એક પશુ દૂર થી જોયું જેને રુવાટિ તો ઘણી દેખાતી હતી, તેથી શું આ રીંછનું બચ્ચુ છે કે શિયાળ છે કે જંગલી વાનર છે. કશી ખબર પડતી નથી એમ પ્રમાતા ત્રિધામાં પડી જાય છે.] જે જ્ઞાન થતાં આત્મા જાણે સર્વથા સૂતો ઘોરતો હોય એવું લાગે છે. એટલે આત્મા ઉભય કોટિના જ્ઞાનમાં એવો ફસાઈ ગયો હોય કે તે એકનો પણ નિર્ણય કરી શકતો નથી. જેમ અંધારામાં દૂરથી ઉંચા આકાર વાળી વસ્તુ જોવાથી, જોયા પછી "આ ઠૂંઠું છે કે આ પુરુષ છે." બન્નેમાંથી એકને પણ સાધક-સિદ્ધ કરવાનું પ્રમાણ અને "પુરુષના હાથ દેખાવાથી આ ઠૂંઠું નથી, કે પુરુષની આ કાળે અહિં સંભાવના ન હોવાથી આ પુરૂષ નથી" તેવું બાધક પ્રમાણ પણ નથી. એટલે તે પ્રમાતાને "આ ઠૂંઠું છે કે પુરૂષ છે" એવો સંશય ઉભો થાય છે. અહીં અનુભયત્રનું ગ્રહણ ઉભયરૂપવાળી વસ્તુમાં ઉભયકોટિને સ્પર્શતું જ્ઞાન સંશય રૂપ નથી, એવું જણાવા માટે છે. જેમ ઘટ સ્વરૂપથી છે અને પરરૂપથી નથી, આત્મા દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, પર્યાય રૂપે અનિત્ય છે. ઈત્યાદિ આ અપેક્ષાકૃત ધર્મો ભિન્ન ખરા, પણ એક ઠેકાણે રહેતા હોવાથી વિરોધી નથી. એટલે એક જ વસ્તુ સાપેક્ષ ધર્મોને આશ્રયી

---

१ उभयेत्युपलक्षणम् आ(त्रा)दिकोटिसंस्पर्शेऽपि संशयस्य सद्भावात् । २ -०टिसंस्प०-डे० ।

विशेषानुल्लेख्यनध्यवसायः ॥ ६ ॥

§ १९. दूरान्धकारादिवशादसाधारणधर्मावमर्शरहितः प्रत्ययः अनिश्चयात्मकत्वात् अनध्यवसायः, यथा 'किमेतत्' इति । यदप्यविकल्पकं तत्राप्यभावादिति ॥ ६ ॥

अतस्मिंस्तदेवेति विपर्ययः ॥ ७ ॥

§ २०. यत् ज्ञाने प्रतिभासते तद्रूपरहिते वस्तुनि 'तदेव' इति प्रत्ययो विपर्यासरूपत्वाद्विपर्ययः, यथा धातुवैषम्यान्मधुरादिषु[1] द्रव्येषु तिक्तादिप्रत्ययः, तिमिरादिदोषात् एकस्मिन्नपि चन्द्रे द्विचन्द्रादिप्रत्ययः, नौयानात् अगच्छत्स्वपि वृक्षेषु गच्छत्प्रत्ययः, आशुभ्रमणात् अलाता[2]दावचक्रेऽपि चक्रप्रत्यय इति । अवसितं प्रमाणलक्षणम् ॥ ७ ॥

§ २१. ननु अस्तूक्तलक्षणं प्रमाणम्, तत्प्रामाण्यं तु स्वतः, परतो वा निश्चीयेत ? न तावत् स्वतः,

---

ઉભયસ્વભાવવાળી છે અને તે જ વસ્તુ નિરપેક્ષ વિરોધી ધર્મોને આશ્રયી અનુભય સ્વભાવવાળી છે. એમ સાપેક્ષધર્મોને આશ્રયી વસ્તુને અનુભય નથી કહેવાતી, માટે તેની અપેક્ષાએ તેમાં બે ધર્મોનું જ્ઞાન કરવું તે સંશય નથી. ॥૫॥

વિશેષનો ઉલ્લેખ નહિં કરનારૂં જ્ઞાન અનધ્યવસાય છે. ॥ ૬॥

૧૯. દૂર, અંધારૂ વગેરેના કારણથી વસ્તુનાં અસાધારણ ધર્મની જાણકારી વગરનું જ્ઞાન, અનિશ્ચિત= વસ્તુના નિશ્ચિત સ્વરૂપને જણાવનારૂં ન હોવાથી અનધ્યવસાય કહેવાય. જેમકે અરે ! આ શું ? કંઈક જ્ઞાન થયું ખરું એટલો ખ્યાલ આવે, પણ તે જ્ઞાનનો કોઈ પણ આકાર ન પડે-મેં કઈ વસ્તુને જોઈ-જાણી તે કશી ખબર ન પડે.

જેને બૌદ્ધ પ્રત્યક્ષ પ્રમાણ માને છે એવું પહેલીક્ષણે ઉત્પન્ન થનારૂં નિર્વિકલ્પક જ્ઞાન પણ વાસ્તવમાં અનધ્યવસાય સ્વરૂપ જ છે. કારણ કે તેમાં પણ વિશેષ ધર્મનો ઉલ્લેખ નથી હોતો ॥ ૬॥

જે વસ્તુ જે રૂપે નથી તેમાં તેજ સ્વરૂપનો નિર્ણય કરવો તે વિપર્યય ॥૭॥

૨૦. જ્ઞાનમાં પ્રતિભાસ પામતી જે વસ્તુ વાસ્તવમાં તેવાં સ્વરૂપવાળી નથી તેવી વસ્તુમાં તદ્રૂપની પ્રતીતિ થવી તે વિપરીત સ્વરૂપ હોવાથી વિપર્યય કહેવાય છે. દાખલા તરીકે ધાતુ (પિત્ત)ની વિષમતાથી સાકર વિ. મીઠા દ્રવ્યોમાં કડવાશની પ્રતીતિ થવી, તિમિર રોગનાં (મોતીયા)ના કારણે આકાશમાં એક ચંદ્ર હોવા છતાં બે ચંદ્રની પ્રતીતિ થવી. (ઝડપથી) નાવડી ચાલવાથી સ્થિર ઝાડોમાં ચાલતાં હોય તેવી પ્રતીતિ થવી. ઝડપી ભ્રમણના કારણે જે ચક્ર રૂપ નથી એવા ઉંબાડીયામાં ચક્રની પ્રતીતિ થવી. આ બધી પ્રતીતિ વિપર્યય રૂપ છે, આ પ્રમાણે પ્રમાણનું લક્ષણ પુરૂં થયું ॥૭॥

૨૧ શંકાકાર - આપશ્રીએ પ્રમાણનું લક્ષણ દર્શાવ્યું તેતો સમજ્યા. પણ તેની પ્રમાણતા સ્વતઃ નિશ્ચિત થાય છે કે પરતઃ ? તેમાં સ્વતઃ નિશ્ચય તો માની શકાય એમ નથી. જ્ઞાન સ્વસંવેદી હોવાથી સ્વ-માત્ર પોતાનાં સ્વરૂપને જ સ્વતઃ સંવેદી-જણાવી શકે છે.

૧-०द्विद्रव्ये०-डे० । २ उल्मुकादौ ।

त[1]द्धि(स्व) संविदितत्वात् ज्ञानमित्येव गृह्णीयात् न पुनः सम्यक्त्वलक्षणं प्रामाण्यम्, ज्ञानत्वमात्रं तु प्रमाणाभाससाधारणम् । अपि च स्वतः प्रामाण्ये सर्वेषामविप्रतिपत्तिप्रसङ्गः । नापि परतः, परं हि त[2]द्गोचरगोचरं वा ज्ञानम् अभ्युपेयेत, अर्थक्रियानिर्भासं वा, तद्[3]गोचरनान्तरीयकार्थदर्शनं वा ? तच्च सर्वं स्वतोऽनवधृतप्रामाण्यमव्यवस्थितं सत् कथं पूर्वं प्रवर्तकं ज्ञा[4]नं व्यवस्थापयेत् ? स्वतो वाऽस्य प्रामाण्ये कोऽपराधः प्रवर्तकज्ञानस्य येन तस्यापि तन्न[5] स्यात् ?

એટલે તે જ્ઞાન-આત્મા જ્ઞાતાને જ્ઞાનમાત્રનો ભાસ તો કરાવી શકશે, પણ "તે જ્ઞાન સત્યરૂપ છે" એવું ભાન કેવી રીતે શક્ય બને ? કારણ કે જ્ઞાનત્વ ધર્મ તો પ્રમાણાભાસમાં પણ રહેલો છે. (દીવો પોતે જાતને પ્રકાશિત કરી શકે છે. પણ પોતે કઈ કંપનીનો છે તે જણાવી શકતો નથી. એતો અન્ય જોનારને નક્કી કરવું પડે છે. જ્યોત માત્ર જ્યોતને પ્રકાશિત કરે તેજ સ્વપ્રકાશકત્વ છે.) વળી જ્ઞાનની પ્રમાણતા સ્વતઃ જણાઈ જતી હોય તો દરેક જ્ઞાતાને ખબર પડી જશે કે મારું જ્ઞાન સાચું છે કે ખોટું ? એથી કોઈને વિખવાદ રહેશે જ નહિં. જેમ ચાર્વાકને પણ "આત્માનથી" આમારું જ્ઞાન ખોટું - અપ્રમાણિકં છે, આવી ખબર તે જ્ઞાન કરતા જ ખબર પડી જશે, પછી તો તે શા માટે આપણી જોડે વિવાદ કરશે. "આત્મા નથી" એને સાચુ પકડીને બેઠો છે, એટલે જ તો વિખવાદ કરે છે. કં.ના નામને જાતે જ વાંચી લે તો તે કાંઈ "આ કંઈ કં. નો છે" એની ચર્ચા કરે ખરો ? પણ હકીકતમાં જ્યોત ઉપર કોઈ કંપનીનું નામ નથી હોતું, તેમ જ્ઞાન ઉપર એવી કોઈ પ્રમાણ કે અપ્રમાણની છાપ હોતી નથી.

પરતઃ પણ પ્રમાણતાનો નિશ્ચય ન માની શકાય. અહીં પ્રશ્ન એ ઉભો થાય છે કે તે બીજું જ્ઞાન[1] કયું છે ? શું તે પ્રથમ જ્ઞાનનો વિષય જે જલાદિ છે તે જ વિષય જે જ્ઞાનનો હોય એવું બીજુ જ્ઞાન છે ? કે જ્ઞાતવસ્તુની અર્થક્રિયાનું જ્ઞાન કે પ્રથમ જ્ઞાનનો વિષય જે અગ્નિ વગેરે તેનાં અવિનાભૂત ધૂમ વિ.નું જ્ઞાન ? પણ આ ત્રણે જાતનાં જ્ઞાનનું પહેલા પોતાનું પ્રામાણ્ય નિશ્ચિત ન થાય ત્યાં સુધી પૂર્વના પ્રવર્તક જ્ઞાનને પ્રામાણ્ય તરીકે કેવી રીતે જાહેર કરી શકે ? પોતે એકડોય ન ભણ્યો હોય તે બીજાને શું ભણાવી શકે ? જો આમ કહો કે તે દ્વિતીય જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ ગૃહીત થઈ જાય છે. અને પછી પ્રથમ જ્ઞાનને પ્રમાણિત જાહેર કરે છે. ત્યારે બીજો પ્રશ્ન પડખે ઉભો થઈ જાય છે કે બિચારા પ્રવર્તક જ્ઞાને શું અપરાધ કર્યો કે તે પોતાનું પ્રામાણ્ય સ્વતઃ નિશ્ચિત ન કરી શકે ?

---

१ प्रमाणम् तद्विसंवि०-डे । २ तस्य प्रथमज्ञानस्य गोचरो विषयो जलादिः, स गोचरो यस्य द्वितीयज्ञानस्य । ३ तस्य ज्ञानस्य गोचरोऽग्न्यादिस्तदविनाभूतो धूमादिः । ४ पूर्वप्रवर्तकज्ञानं डे० । ५ तत्-स्वतः प्रामाण्यम् ।

---

१ જે ક્ષણે તમને अयं घटः આ જ્ઞાન થયું તેના પછી જે જ્ઞાન થાય છે તેના દ્વારા પ્રથમ જ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય થાય છે, એટલે પ્રથમ જ્ઞાન પછી નવેસરથી ઉભુ થતુ જ્ઞાનતે બીજુ જ્ઞાન, આ બીજુ જ્ઞાન ત્રણ પ્રકારનું હોઈ શકે (જે પ્રથમજ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય કરાવનાર સંભવે છે.) તેમાં પ્રથમ વિકલ્પ (૧) अयंघट : પછી પુનઃ તે જ વિષયવાળુ એટલે "अयंघटः" આવું જ્ઞાન. તે પ્રત્યક્ષાદિ કોઈ પણ પ્રમાણથી જન્ય હોઈ શકે છે, પહેલા દૂર થી ઘટ જોયો પછી નજીકથી ઘટ પ્રત્યક્ષ કર્યો (એટલે કે સંવાદીજ્ઞાન) આના ઉપરથી પહેલાદૂરથી ઘટ જોયો એ જ્ઞાન સાચુ હતુ એ નક્કી થાય છે. (૨) જ્ઞાતવસ્તુની અર્થ ક્રિયાનું જ્ઞાન = "घटनात् जलाहरणादि चेष्टावान् घट :" આ જ્ઞાન છે, જ્ઞાત એવા ઘટની અર્થ ક્રિયાનું = પાણી લાવવું વિ.નું જ્ઞાન. (૩) "कम्बुग्रीवादिमान् अयं" જે જે કમ્બુગ્રીવાદિવાળુ હોય તે ઘટ હોય છે. આ પણ કમ્બુગ્રીવાદીમાન્ છે, એટલે ઘટના અવિનાભૂત ધર્મનું જ્ઞાન કરવું.

न च प्रामाण्यं ज्ञायते स्वत इत्युक्तमेव, परतस्त्वनवस्थेत्याशङ्क्याह-

प्रामाण्यनिश्चयः स्वतः परतो वा ॥ ८ ॥

§ २२. प्रामाण्यनिश्चयः क्वचित् स्वतः यथाऽभ्यासदशापन्ने स्वकरतलादिज्ञाने, स्नानपानावगाहनोदन्योपशमादावर्थक्रियानिर्भासे वा प्रत्यक्षज्ञाने, नहि तत्र परीक्षाकाङ्क्षास्ति प्रेक्षावताम्, तथाहि-जलज्ञानम्, ततो दाहपिपासार्त्तस्य तत्र प्रवृत्तिः, ततस्तत्प्राप्तिः, ततः स्नानपानादीनि, ततो दाहोदन्योपशम इत्येतावतैव भवति कृती प्रमाता, न पुनर्दाहोदन्योपशमज्ञानमपि परीक्षते इत्यस्य स्वतः प्रामाण्यम्।

(જ્ઞાનત્વ જાતિથી બધા જ્ઞાન સમાન સ્વભાવવાળા હોવાથી એકને સ્વતઃ અને એકને પરતઃ પ્રામાણ્ય ગ્રાહી માનવા યોગ્ય નથી) એમ પ્રામાણ્ય સ્વતઃ જણાતું જ નથી એ અમે કહેલું જ છે. અને પરતઃ માનશો તો અનવસ્થા આવશે.

પરતઃવાદી→ न च प्रामाण्यं ...અરે ભાઇ ! ખોટી માથાકૂટ શું કામ કરે છે, શા માટે અન્યજ્ઞાનને સ્વતઃ પ્રામાણ્ય માનીને/મનાવીને અમને દોષ આપે છે, અમે પહેલા જ તો કહી આવ્યા કે પ્રામાણ્ય સ્વતઃ જણાતું નથી. પરંતુ અમે કહીતો દીધું કે પ્રામાણ્ય પરતઃ ગ્રાહ્ય છે.

શંકાકાર → પણ એમ જ્ઞાનનું પ્રામાણ્ય પરતઃ ગ્રાહ્ય માનતા અનવસ્થા દોષ આવશે. કારણ કે બીજા જ્ઞાનને પ્રમાણિત ઠેરવવા અન્ય અન્યની જરૂર પડશે. ત્રીજાને ચોથાની જરૂર પડશે. એટલે પૂર્વ પૂર્વના જ્ઞાનને પ્રમાણિત સિદ્ધ કરવા ઉત્તરોત્તર જ્ઞાનને પ્રમાણિત સિદ્ધ કરવા જરૂરી છે, તેનો તો છેડો આવે એમ નથી માટે અનવસ્થા દોષ આવશે.

આ શંકા મનમાં ધારી તેનું સમાધાન દર્શાવવા આચાર્યશ્રી સૂત્ર દર્શાવે છે...

પ્રામાણ્યનો નિશ્ચય સ્વતઃ અથવા પરતઃ થાય છે. ॥૮॥

૨૨. જ્ઞાનની પ્રમાણતા ક્યાંક સ્વતઃ અને ક્યાંક પરતઃ નિશ્ચિત થાય છે, અભ્યાસ દશાને પામેલ-રોજ રોજ જોવામાં આવતી આપણી હથેળી વગેરેના જ્ઞાનમાં, અને સ્નાન, પાન, અવગાહન તરસની ઉપશાંતિ વગેરે અર્થક્રિયાના પ્રત્યક્ષ જ્ઞાનમાં પ્રમાણતાનો નિશ્ચય સ્વતઃ[1] થઇ જાય છે. આથી બુદ્ધિશાળી લોકો તેના પ્રામાણ્યની પરીક્ષા કરવાની ઝંખના રાખતા નથી. તે આ પ્રમાણે દાહથી દાઝતો પેટમાં બળતરાથી પીડાતો કે તરસ્યા માણસને જ્યારે પાણી પ્રત્યક્ષ થાય છે. ત્યારે તે તરફ પ્રવૃત્તિ કરે છે. ત્યાં જાય છે. ત્યાં જતા પાણીની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી પાણીથી ન્હાય, પાણી પીએ વગેરે પ્રવૃત્તિ કરે તેનાથી શરીરની, પેટની બળતરા અને તરસ શાંત થઇ જાય છે. બસ આટલાથી પ્રમાતા કૃતાર્થ થઇ જાય છે. પરંતુ "મારી બળતરા અને તરસ મટી ગઇ છે." આ મારૂં જ્ઞાન સાચું છે કે ખોટું ? તે માટે પરીક્ષા કરતો નથી. કારણ કે બળતરા અને તરસની શાંતિ પોતે જાતે અનુભવે જ છે. તેથી પરીક્ષાની જરૂર પડતી નથી (હા ! બીજા કોઇને જાણવું હોયકે એની બળતરા તરસ ઓછી થઇ છે કે નહિં તો તેના શરીર ઉપર હાથ ફેરવવો પડશે, તેના મુખની રેખા જોવી પડશે અને પછી લિંગના આધારે નક્કી કરે) ખુદ પ્રમાતાને એવા લિંગ જ્ઞાનની અપેક્ષા રાખવી પડતી નથી. એથી આવાં જ્ઞાનની પ્રમાણતાનો નિશ્ચય સ્વતઃ ગ્રાહ્ય કહેવાય.

૧ જલજ્ઞાનની પ્રમાણતાનો નિશ્ચય અર્થક્રિયાના પ્રત્યક્ષથી થયો તો પરતઃ કેમ ન કહેવાય ?

ઉ. અહીં જલજ્ઞાનની પ્રમાણતા નક્કી નથી કરેલી, પણ અર્થક્રિયાના જ્ઞાનની પ્રમાણતા નક્કી કરવાની છે, તેતો સ્વતઃ થાય છે.

अनुमाने तु सर्वस्मिन्नपि सर्वथा निरस्तसमस्तव्यभिचाराशङ्के स्वत एव प्रामाण्यम्, अव्यभिचारिलिङ्गसमुत्थत्वात्, न लिङ्गाकारं[1] ज्ञानं लिङ्गं विना, न च लिङ्गं लिङ्गिनं विनेति ।

§ २३. क्वचित् परतः प्रामाण्यनिश्चयः, यथा अनभ्यासदशापन्ने प्रत्यक्षे । नहि तत् अर्थेन गृहीताव्यभिचारमिति तदेक[2]विषयात् संवादकात् ज्ञानान्तराद्वा, अर्थक्रियानिर्भासाद्वा, नान्तरीयार्थदर्शनाद्वा तस्य प्रामाण्यं निश्चीयते । तेषां[3] च स्वतः प्रामाण्यनिश्चयान्नानवस्थादिदौस्थ्यावकाशः ।

જેમાંથી બધી જ જાતની વ્યભિચાર શંકા દૂર થઈ ગઈ છે, એવા તમામે તમામ અનુમાનમાં પ્રામાણ્યનો નિશ્ચય સ્વતઃ થાય છે અવ્યભિચારી લિંગથી પેદા થયેલુ હોવાથી. "અયંલિંગ" ઈત્યાકારક લિંગને ગ્રહણ કરવાના પરિણામવાળુ લિંગાકારજ્ઞાન લિંગ વિના થઈ શકતું નથી. અને તે લિંગ લિંગી વિના સંભવી ન શકે. જેમ "આ પર્વત ઉપર ધૂમ છે" આવું જ્ઞાન પર્વત ઉપર ધૂમની હયાતી વિના સંભવે નહિં. અને તે ધૂમ (લિંગ) લિંગી = વહ્નિ વિના પેદા થઈ શકે નહિં તેથી પ્રમાતાને આવા અવિનાભાવવાળા ધૂમના જ્ઞાનથી ધૂમની સાથોસાથ અનુમિતિ રૂપે વહ્નિની હયાતીની પણ ખાત્રી થઈ જાય છે. પણ ત્યાં વહ્નિ હશે કે કેમ ? આ ખાત્રી માટે મારે શું કરવું ? ઈત્યાદિ વિચારણા જ થતી નથી. એટલે નવી નિશાની ગોતવા જતો નથી.

પ્ર.→ પર્વત ઉપર ધૂમ ન હોય છતાં પણ ભ્રમના કારણે ધૂળ ઉડતી હોય ત્યારે પણ લિંગજ્ઞાન થઈ જશે તો તે જ્ઞાન ધૂમની હયાતી વિના જ થયુ ને ?

ઉ. અહીં ભ્રમજ્ઞાન નથી લેવાનું, પરંતુ વ્યભિચાર વગેરેની શંકાવગરનું લિંગ જ્ઞાન લેવાનું છે. અહીં ધૂમલિંગનું પ્રત્યક્ષ જ્ઞાન કરવાનું છે અને પ્રમાતા અભ્યાસના કારણે સ્વતઃ તે ધૂમના પ્રામાણ્યની ખાત્રી કરી શકે છે, માટે અહીં ભ્રમ જ્ઞાનનો સંભવ નથી. ધૂળમાં ધૂમનો ભ્રમ થવાનો તેને સંભવ નથી. વાતતો એમ છે કે ધૂમની પાકી ખાત્રી ભલે થઈ ગઈ હોય, પરંતુ જો ધૂમ હોય ત્યાં અવશ્ય વહ્નિ હોય જ" આવું વ્યભિચારની શંકા વગરનું જ્ઞાન ન થાય ત્યાં સુધી વહ્નિનું જ્ઞાન મારુ સાચું છે કે ખોટું એ ખાત્રી કરવા બીજાનો સહારો લેવો પડે, પરંતુ જો ધૂમ-વહ્નિમાં વ્યાપ્તિની પાકી ખાત્રી હોય, તો પછી અહીં સ્વતઃ વહ્નિના અનુમાનમાં ખાત્રી થઈ જાય છે. જેને ધૂમના પ્રત્યક્ષમાં પ્રામાણ્યની ખાત્રી થઈ ગઈ હોય તે જ નિઃશંકપણે અનુમાન કરશેને,દૂર સુદૂરથી ધૂમનો આભાસ થતો હોય તેના પરથી વહ્નિની પાકી ખાત્રી થોડી કરે ? એટલે પહેલા લિંગની ખાત્રી કરી લીધી હોય અને વ્યાપ્તિજ્ઞાન પાકું હોય તેજ અનુમાનના વિષયની ખાત્રી સ્વતઃ કરી શકે.

૨૩. કોઈ ઠેકાણે પ્રામાણ્યનો નિશ્ચય પરતઃ થાય છે, જેમ જે વસ્તુનું પહેલી વાર જ્ઞાન કર્યુ હોય, તે જ્ઞાન સત્ય છે, એવી ખાત્રી કરવા બીજા જ્ઞાનની જરૂર પડે છે, કારણ કે તે જ્ઞાન પદાર્થ સાથે અવ્યભિચારના નિશ્ચયવાળું નથી. જેમ સામે ઘટ પડ્યો હતો તે વ્યક્તિએ તેવા આકારનો ઘટ પ્રથમવાર જોયો હતો, માટે "આ ઘટ જ છે આવું મારું જ્ઞાન સત્ય જ છે એનો નિર્ણય કરી શકતો નથી. પરંતુ કોઈ આપ્ત વ્યક્તિ કહે અલ્યા શું જુએ છે ? આ તો ઘડો છે,

१ लिङ्गग्रहपरिणामि । २ तदेकदेशविष०-डे० । ३ तदेकविषयसंवादकज्ञानान्तरादीनाम् ।

§ ૨૪. शाब्दे तु प्रमाणे दृष्टार्थेऽर्थाव्यभिचारस्य दुर्ज्ञानत्वात् संवादाद्यधीनः परतः प्रामाण्यनिश्चयः,

એવું ઘટના સમાન વિષયવાળું[૧] જ સંવાદી બીજુ (શાબ્દ) જ્ઞાન થયું, તેથી મારૂં પ્રથમ જ્ઞાન સત્ય છે. એવો નિર્ણય કરે છે. (જેમ આર્દ્રકુમારને જાતિસ્મરણથી પ્રતિમા વિષયનું સંવાદિ જ્ઞાન થવાથી પ્રતિમાની ખાત્રી થઈ.) [આમ કોઈ પણ રીતે તે વિષયવાળું બીજું જ્ઞાન થતા, પૂર્વ જ્ઞાનની સચ્ચાઈ પરખાઈ જાય છે. અથવા બીજી રીતે- અર્થક્રિયાના જ્ઞાનથી પ્રથમ જ્ઞાનની પ્રમાણતા નિશ્ચિત થાય છે. જેમ જાપાનમાં બ્રિટીશ લોકો બંદુક લઈને ગયા. જાપાનીઝને લાગ્યુ કે, આ કોઈ શસ્ત્ર છે, પણ તેમને પહેલીવાર બંદુક જોયેલી હોવાથી "આ શસ્ત્રજ છે આ મારૂં જ્ઞાન સત્ય જ છે." એવી ખાત્રી કરી શકતા નથી. પણ જ્યારે હાથમાં લઈને ચલાવે છે, અને સામે વિસ્ફોટ-થવારૂપ અર્થક્રિયા જોવાથી તેવો નિર્ણય કરે છે. અથવા અવિનાભાવી અર્થના દર્શનથી પૂર્વજ્ઞાનની પ્રમાણતા નિશ્ચિત થઈ શકે છે. જેમ "સામેનો ઘટ પૃથ્વીનો છે." આ જ્ઞાન પહેલીવાર કર્યું, પણ તો આ માટીનો જ છે," એવો સત્યનિર્ણય પોતાના પ્રથમ જ્ઞાન ઉપરથી કરી શકતો નથી. પરંતુ પૃથ્વીના અવિનાભૂતપદાર્થ[૨] ગંધના જ્ઞાનથી એટલે "ગંધ આવે છે," માટે આ માટી જ છે. એવો નિર્ણય થઈ જાય છે.] તે સમાન વિષયવાળું જ્ઞાન, અર્થક્રિયાનું જ્ઞાન, અવિનાભાવી પદાર્થનું દર્શન/જ્ઞાન આ ત્રણેની પ્રમાણતાનો નિર્ણય સ્વતઃ થઈ જતો હોવાથી અનવસ્થા વગેરે દોષોની આપત્તિ આવતી નથી.

આગમમાં પરતઃપ્રામાણ્ય

૨૪. જે આગમ પ્રમાણ દૃષ્ટ અર્થનું પ્રતિપાદક હોય તે શાબ્દ જ્ઞાનનો પદાર્થ સાથે અવ્યભિચાર જાણવો મુશ્કેલ હોવાથી તેવા શાબ્દજ્ઞાનના પ્રામાણ્યનો નિશ્ચય સંવાદિ જ્ઞાન (જેવું સાંભળ્યું તેવું જોવું), અર્થક્રિયાજ્ઞાન, અવિનાભૂતનું જ્ઞાન ઈત્યાદિજ્ઞાનને આધીન છે, માટે પરતઃ પ્રામાણ્ય નિશ્ચિત થાય છે. [જેમકે કોઈએ કહ્યું "રુમમાં ઘડિયાલ પડી છે." આ જ્ઞાન સત્ય છે તેની ખાત્રી કરવા શ્રોતા જાતે જઈને જોઈ આવે ત્યારે "इयं घटिका" એવું સંવાદિ પ્રત્યક્ષ જ્ઞાનથી અથવા સદ્હેતુ અવિનાભાવિઅર્થના જ્ઞાનથી=ઘડિયાલનો ટક્ ટક્ અવાજ સાંભળી "રૂમમાં ઘડિયાલ છે એ જ્ઞાનની પ્રમાણતા નિશ્ચિત થઈ જાય છે. અથવા પોતાને ઘડિયાળનો આકારજ ખ્યાલ નથી તેને તો જોવાથી પણ ખાત્રી નહીં થાએ, પરંતુ તેને એટલું જ્ઞાન હતું કે ઘડિયાળનું કામ– અર્થક્રિયા છે="સમય બતાવવો" આ વસ્તુપણ સમયદર્શાવે છે, માટે આય ઘડિયાળ

---

૧ જેમકે અહીં "ઘડો છે" આ સાંભળ્યું આ મારું જ્ઞાન સત્ય છે, તે જાણવા આંખ ખોલી ને સામે જોયું તો ઘડો દેખાયો એમ સમાન વિષયના પ્રત્યક્ષથી પૂર્વના શાબ્દ જ્ઞાનને પ્રામાણ્ય માને છે, અને ઘડો આંખથી તો ઘણી વાર જોયેલો હતો માટે સમાન વિષય જ્ઞાન ના પ્રામાણ્યનો સ્વતઃ નિશ્ચય થઈ ગયેલો છે. અથવા વક્તા આપ્ત હોવાથી પણ ખાત્રી થઈ શકે છે. કારણ કે આપ્તના વાક્યની ખાત્રી કરવા કોઈને પૂછતા નથી. અર્થક્રિયાના સ્વતઃ ગ્રહણ માટે બાવીશમાં પેરામાં દાખલો આપ્યો છે. અવિનાભાવી ધૂમને વારંવાર જોવાથી આ ધૂમ જ છે આવો તો સ્વતઃ નિર્ણય થઈ જાય છે. અને અનેક વાર અલગ અલગ ઠેકાણે ધૂમની સાથે વહ્નિને જોયેલો હોવાથી-લીલાલાકડાને આગ લગાડતા ધૂમાડો પેદા થતો દેખેલો હોવાથી વ્યભિચાર શંકા પણ દૂર થઈ શકે છે. પ્ર. → પરતઃપ્રામાણ્ય માટે આવશ્યક જ્ઞાનના પ્રામાણ્યનો સ્વતઃ નિર્ણય કેવી રીતે ? જ. → ખાંડ ફટકડીના ટુકડા પડ્યા છે "આ સાકર છે", એવો નિર્ણય કરવો હોય તો જીભ ઉપર મૂકતા મધુરતાનું જ્ઞાન થાય, તેવા સાકરના અવિનાભાવિ જ્ઞાનથી "સાકર છે" એ જ્ઞાનમાં પ્રામાણ્યનો પરતઃ નિશ્ચય થઈ જાય છે. જ્યારે જીભ ઉપર મૂકયા પછી આ મધુર છે કે નહિ તેવો સંશય રહેતો નથી, મધુરતા નું સાક્ષાત્ પ્રત્યક્ષ થઈ જતું હોવાથી એટલે સ્વતઃ નિશ્ચય થઈ જ જાય છે. હા જ્યાં જીભ ઉપર મૂક્યા પછી પણ મધુરતા વિગેરેનો નિશ્ચય ન થાય, ત્યાં સુધી સાકર વગેરેનો નિશ્ચય પણ ન થાય માટે કેટલીક વાર સ્વાદનો નિર્ણય કરવા થોડીવાર જીભ હલાવવી પડે છે, જ્યારે મધુર સ્વાદ જણાશે ત્યારે સાકરનો નિર્ણય પણ થઈ જશે.

૨. અનુમાનથી થતો પ્રામાણ્ય નિશ્ચય અને અવિનાભાવી અર્થના દર્શનથી/જ્ઞાનથી પ્રામાણ્યનો નિશ્ચય થાય, તે બન્નેમાં શુ તફાવત? કારણ કે આમાં પણ ગંધ દ્વારા જ માટીનું અનુમાન કર્યું છે. ઉ. અનુમાનમાં સાધ્ય અપ્રત્યક્ષ હોય છે. અને અહીં બન્ને પ્રત્યક્ષ છે.

अदृष्टार्थे तु दृष्टार्थग्रहणोपराग-नष्ट-मुष्ट्यादिप्रतिपाद[१]कानां संवादेन प्रामाण्यं निश्चित्य संवादमन्तरेणाप्याप्तोक्तत्वेनैव प्रामाण्यनिश्चय इति सर्वमुपपन्नम् ।

જ છે, તેથી વક્તાથી સાંભળ્યું તે આગમ જ્ઞાનમાં પ્રામાણ્ય આવે.] અદૃષ્ટપદાર્થને વિષય બનાવનાર શબ્દ જ્ઞાનની પ્રમાણતા આપ્ત કથિત હોવાથી થાય છે એટલે કે દૃષ્ટાર્થ-પ્રત્યક્ષ જોઈ શકાય એવા ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ[૨], થવાથી નષ્ટ મુષ્ટિ[૧] વિ. પદાર્થો મળી જવાથી, ઇત્યાદિ "અમુક દિવસે અમુક સમય થવાનું છે કે મળવાના છે" આ વાક્ય સાંભળ્યા પછી વિવક્ષિત દિવસે તે પ્રમાણે સૂર્યગ્રહણ વિ. જોવાથી પોતાને નિશ્ચિત થાય છે કે આ વાક્ય સત્ય છે, તેનાં આધારે "આ શાસ્ત્રમાં વાતો સત્ય છે" એવી પ્રમાણતા નિશ્ચિત થાય છે. એટલે તે શાસ્ત્રમાં પ્રતિપાદિત અદૃષ્ટ પદાર્થનું પ્રતિપાદન કરનાર વાક્યમાં પણ આતો ઉપરોકત આપ્ત દ્વારા કહેવાયેલું હોવાથી પ્રમાણતાનો નિશ્ચય થઈ જાય છે. અને નવા કોઈ સંવાદિત જ્ઞાનની અપેક્ષા રહેતી નથી. શાસ્ત્રકથિત અદૃષ્ટાર્થમાં ફેરફાર થવા સંભવ નથી માટે અવ્યભિચાર દુર્વિજ્ઞેય નથી. જેમકે એકબેવાર સમય પ્રમાણે સૂર્યગ્રહણ[૨], આયુર્વેદિકશાસ્ત્ર પ્રમાણે ઔષધઉપચાર એક બે ઠેકાણે જોઈ લેતા, પછી તેનું પ્રત્યક્ષ કર્યા વગર પણ ગણતરી કરી સૂર્યગ્રહણ અને આરોગ્યનું આ ઔષધ સાચું છે, આવી ખાત્રી કરી લેશે. આ પ્રમાણે જ્ઞાનની પ્રમાણતા નિશ્ચિત થઈ શકતી હોવાથી કોઈ પણ જાતની ગરબડ રહેતી નથી.

[दृष्टार्थेऽर्थाव्यभिचारस्य दुर्ज्ञानत्वात् એટલે કે જેમ ધૂમસાથે અગ્નિનો અવ્યભિચાર છે, પ્રત્યક્ષ જ્ઞાનનો પણ અર્થ સાથે અવ્યભિચાર છે. સામે ઘટ ન હોય તો ઘટનું ભાન-ઘટ વિષયક પ્રત્યક્ષ સંભવતુ નથી માટે અનુમાન અને પ્રત્યક્ષ જ્ઞાનમાં અવ્યભિચાર જાણી શકાય છે. જ્યારે ઘટ શબ્દ તો ઘટપદાર્થ વિના પણ સુતરાં સંભવી શકે છે, પુસ્તકાદિમાં તેમ જોવા મળે છે, એટલે ઘટ શબ્દનો ઘટ પદાર્થ સાથે વ્યભિચાર આવતો હોવાથી અર્થ સાથે શાબ્દ પ્રમાણ (જ્ઞાન)નો અવ્યભિચાર જાણવો મુશ્કેલ છે. વળી દૃષ્ટપદાર્થમાં તો વધારે મુશ્કેલ છે. કા. કે. જે રૂમમાં ઘડો પડ્યો હોય તે જોઈ આવ્યા, બહાર આવી કહીએ કે જા રૂમમાં ઘડો છે, તે જાય તેટલામાં કોઈએ તે ઘડાને ખસેડી દીધો હોય તેથી ઉપલબ્ધ ન થાય એમ દૃષ્ટાર્થમાં

१ वाक्यानाम् ।

૧. નષ્ટમુષ્ટિ = નષ્ટ એટલે નાશી ગયેલા પુત્ર, ઘોડા વગેરેની યથાર્થમાહિતી, મુષ્ટિ-ધનવગેરેની ચોરી (મુષ્+ક્તિ)ની યથાર્થ માહિતી આપનારા વચનો.

૨. બૌદ્ધ ગ્રંથના પ્રતિપાદક ધર્મકીર્તિએ ન્યાય બિંદુ (૩.૧૩૧) માં "यः सर्वज्ञ आप्तो वा स ज्योति र्ज्ञानादिकं उपदिष्टवान् तद् यथा^A ऋषभवर्धमानादिरिति" જૈન મતનું ખંડન કરવા આવું વૈધર્મ્ય દૃષ્ટાન્ત આપ્યું છે. એનાથી નક્કી થાય છેકે ધર્મકીર્તિની પહેલાં પણ જૈનાચાર્યોએ સર્વજ્ઞની-આપ્તની સિદ્ધિ માટે જ્યોતિષ પ્રતિપાદન વગેરેને હેતુ તરીકે મૂકેલું હોવું જોઈએ, બસ તેનો જ આશરો લઈ આચાર્યશ્રીએ શાસ્ત્રની પ્રમાણતા જણાવી છે.

A. આ દૃષ્ટાંતથી તો સર્વજ્ઞની સિદ્ધિ થાય છે. તો પછી જૈનનું ખંડન કેવી રીતે ?

ઉ. આ વૈધર્મ્ય દૃષ્ટાંત આપી તેનું ખંડન તો ન્યાયબિંદુમાં વિસ્તારથી કર્યું છે, એટલે સાધર્મ્ય દૃષ્ટાંત હોય તો સાધ્યની સિદ્ધિ થાય અને વૈધર્મ્ય રૂપે આપેલુ દૃષ્ટાંત સર્વજ્ઞનું ખંડન જ કરી આપે છે, જેમકે અયંનિત્યઃ અહીં વૌધર્મ્યરૂપે યથાઘટ એ દૃષ્ટાંત શું કહેવાય. સાધ્યની અસિદ્ધિમાં જ કારણ બને છે, તેમ એમને ઋષભ વર્ધમાન વિ. ને વૈધર્મ્ય રૂપે મૂકયા છે તે એમ જણાવે છેકે તેઓ ઋષભ વર્ધમાન વિ. તો અસર્વજ્ઞ જ છે, જેમ ઘટ અનિત્ય જ છે (આપણે તો આ દૃષ્ટાંતની પંક્તિમાંથી માત્ર આટલું જ લેવાનું છે કે ધર્મકીર્તિએ આ વાત મૂકી છે તે જણાવે છે કે પૂર્વાચાર્યોએ આવીવાતનો ઉલ્લેખ કર્યો હશે.)

§ ૨૫. "अर्थोपलब्धिहेतुः प्रमाणम्" इति नैयायिकाः । तत्रार्थोपलब्धौ हेतुत्वं यदि निमित्तत्वमात्रम् , तदा तत् सर्वकारकसाधारणमिति कर्तृकर्मादेरपि प्रमाणत्वप्रसङ्गः ।

શબ્દ સાથે અર્થનો વ્યભિચાર આવવાથી ઘટશબ્દ ઘટ વિના હોય જ નહીં આવો અવ્યભિચાર જાણવો દુર્જ્ઞાન = મુશ્કેલ છે.]

જ્યારે અદૃષ્ટાર્થમાં તો તે તે શાસ્ત્રમાં પ્રરૂપેલા પદાર્થમાંથી કેટલાક પદાર્થ દૃષ્ટાર્થ હોય છે, તેમનો સંવાદ જોવાથી અન્યપદાર્થમાં પણ ખાત્રી કરી લેવાય છે. [કા.કે. ત્યાં બીજો કોઈ વ્યભિચાર આવવાનો વિકલ્પ રહેતો નથી. ભાઈ સાહેબ પોતે સાક્ષાત્ અદૃષ્ટાર્થ પદાર્થ જોઈ શકતા નથી કે અન્યને દેખાડી શકતા નથી કે જેનાથી પોતે વિસંવાદ ઉભો કરી વ્યભિચાર આપી શકે. જેમ કર્મની બાબતમાં કશુ જ્ઞાન ન હોય તે "કર્મગ્રંથમાં આ ખોટું લખેલુ છે, આ વાત બરાબર નથી" એવી કોઈ ચર્ચા કે વિસંવાદ ઉભો કરી ન શકે. કારણ આપણે જ તેને કહી દઈશું કે તને કર્મની કશી ખબર તો છે નહી શું ચર્ચા કરવા નીકળ્યો છે ? અથવા તે કોઈને કહેશે તો તેની વાતને કોઈ માનશે પણ નહીં. તેમ જે અદૃષ્ટપદાર્થ છે તે બાબતમાં પોતે કશી ચર્ચા કરી શકે એમ નથી, નરક કોઈથી દેખાતી નથી, તેથી તેના માટે ચર્ચા કરવી માત્ર અપલાપ છે-પોકળ છે. અથવા તે માટે પોતે ચર્ચા કરશે તો કોઈ શાસ્ત્રનો આધાર લઈને જ કરી શકશે. દૃષ્ટ પદાર્થ જોયા પછી પણ પરિવર્તન થવો સંભવ છે, એવું અદૃષ્ટમાં બનવાનું નથી (ઠંડુપાણી જોયું હોય પરંતુ કોઈ ગરમ ઉમેરે તો ગરમ થઈ જાય, એની ખબર ન હોય તો એતો આમ જ બોલશે કે ઠુંડુ પાણી છે) જ્યારે નારક કે દેખાતા ચંદ્ર સૂર્ય સિવાય બાકીના ૧૩૧, ૧૩૧ ચંદ્રસૂર્ય છે, તેમાં કોઈ દ્વારા ફેરફાર કરવો શક્ય નથી, તેમજ "આ પાપ કર્મ દુખદાયી છે" આવું સાંભલ્યા પછી તે જ પાપી વ્યક્તિને ૪-૫ વર્ષમાં (શરીરમાં કેન્સરાદિરોગ દ્વારા) તે કાતિલ કર્મનો ભોગવટો કરવો પડતો જોવા મળે ત્યારે તેના ઉપરથી " આ પાપ કર્મ દુખદાયી-નરક ગતિ આપનાર છે" એમાં પણ ખાત્રી થઈ જાય છે. દશવૈકાલિકાદિ આગમમાં ષડ્જીવનિકાયની પ્રરૂપણા છે, તેને વૈજ્ઞાનિક સિદ્ધ કરતા જાય છે, એ પણ ખાત્રી આપે છે. વૈદિકો આર્યુવેદ અને મંત્રના અવલંબનથી વેદને પ્રમાણિત કરે છે, (તેમાં આપણને વાંધો નથી ૧૪ પૂર્વમાં બધુ આવી જ જાય છે, એટલે અન્યત્ર રહેલું પણ સદ્જ્ઞાન દ્વાદશાંગીની બાહ્ય નથી.]

અન્ય લક્ષણનો નિરાસ

૨૫. હવે બીજાઓના ઈષ્ટ-માન્ય પ્રમાણના લક્ષણો ઉપર વિચાર કરાય છે. →નૈયાયિક મતનાં અનુસારે "અર્થ-વસ્તુની ઉપલબ્ધિ-જ્ઞાનમાં જે હેતુ હોય તે પ્રમાણ" (ઉત્તરપક્ષ) આચાર્યશ્રી→ આ લક્ષણમાં જે હેતું શબ્દ પ્રયોગ થયો તેનો અર્થ જો માત્ર નિમિત્ત હોય તો બધા કારક નિમિત્ત તો બને જ છે, માટે કર્તા, કર્મ વગેરે બધા કારકોને પ્રમાણ માનવાની આપત્તિ આવશે. કારણ કે સામે ઘટની હયાતિ હોય તો જ તેનું જ્ઞાન થઈ શકે, પ્રમાતા ન હોય, સામે ખુલ્લી જગ્યા—આકાશ ન હોય તો પણ ઘટનું જ્ઞાન સંભવી શકતું નથી. ભોંયતળીયા વિના નિરાધાર ઘટ રહી ન શકે એટલે અધિકરણ પણ ઉપયોગી-નિમિત્ત તો બને જ છે. ઈત્યાદિ રીતે બધા કારક નિમિત્ત બની શકે છે.

अथ कर्तृकर्मादिविलक्षणं करणं हेतुशब्देन विवक्षितम्, तर्हि तत् ज्ञानमेव युक्तं नेन्द्रियसन्निकर्षादि, यस्मिन् हि सत्यर्थ उपलब्धो भवति स[1] तत्करणम् । न च इन्द्रियसन्निकर्षसामग्र्यादौ सत्यपि ज्ञानाभावे स[2] भवति, साधकतमं हि करणमव्यवहितफलं च तदिष्यते, व्यवहितफलस्यापि करणत्वे दधिभोजनादेरपि तथाप्रसङ्गः। तन्न ज्ञानादन्यत्र प्रमाणत्वम्, अन्यत्रोपचारात् ।

§ २६. "सम्यगनुभवसाधनं प्रमाणम्" [न्यायसा० पृ० १] इत्यत्रापि साधनग्रहणात् कर्तृकर्म-निरासेन करणस्य प्रमाणत्वं सिध्यति,

---

નૈયાયિક → કર્તા કર્મ વિ. થી વિલક્ષણ એવું જે કરણ તેજ અહીં હેતુ શબ્દથી વિવક્ષિત છે.

આચાર્યશ્રી→આવા કારણરૂપે તો જ્ઞાન જ આવતું હોવાથી તેને જ પ્રમાણ તરીકે કહેવું ઉચિત છે. પરંતુ ઇન્દ્રિય- સંનિકર્ષ વગેરેને પ્રમાણ ન કહેવાય. કારણ કે જે હોતે છતે અર્થની ઉપલબ્ધિ થાય તે (જ્ઞાન) તે ઉપલબ્ધિનું કરણ કહેવાય. જ્યારે ઇન્દ્રિય સંનિકર્ષ વગેરે હોવા છતાં માણસ બુદ્ધુ હોય તે સામે રહેલાં ઘટને ઘટ તરીકે ઓળખી શકતો નથી. શબ્દો કાન સુધી અથડાવા છતાં ભેંસને સંગીતનું જ્ઞાન થઇ શકતું નથી. અંગ્રેજીના અજ્ઞાત માણસના કાને A.B.C.D. વિ. શબ્દો પડવા છતાં સામેની વ્યક્તિ શું કહેવા માંગે છે તેની ખબર પડતી નથી. માટે साधकतमम् करणं ॥ २-२-२४ ॥ એમ આચાર્યશ્રીએ "ક્રિયામાં પ્રકૃષ્ટ કારણ હોય તે કરણ કહેવાય," આવી કરણની વ્યાખ્યા સિ.હે. વ્યાકરણમાં કરી છે. તે કરણ હયાત થતા કાર્યની ઉત્પત્તિ વ્યવધાન- વિલંબ વિના થઇ જાય છે. જે હોવા છતા ક્રિયાની ઉત્પત્તિમાં વ્યવધાન પડતુ હોય તેને પણ જો કરણ તરીકે માનશો તો દહિં ભોજન વગેરેને પણ કરણ માનવાની આપત્તિ આવશે.

કારણ કે દહિંનું ભોજન તેમજ તે અન્ન પેટમાં પડતુ હોય તો જ વિચાર સુઝે. ભૂખ્યા પેટે યાદ કરેલું પણ ભૂલી જવાય છે, આંખે અંધારા વગેરે આવવાથી પ્રત્યક્ષાદિ જ્ઞાન થઈ શકે નહીં. પણ ભોજન કરતાની સાથે અર્થનું જ્ઞાન થઇ શકતુ નથી. અન્યથા મૂર્ખને પણ થઈ જાત. પરંતુ અન્ન ભોજન વગેરે તો માત્ર આલંબન બને છે. તેથી જ્ઞાન સિવાય બીજુ કોઇ પ્રમાણ રૂપ નથી. घृतं आयुः' અહીં જેમ ઘી રૂપ કારણમાં આયુઃ કાર્યનો ઉપચાર કરીને ઘીને આયુષ્ય કહેવાય. તેમ જ્ઞાનમાં ઇન્દ્રિય સંનિકર્ષ વગેરે કારણ બનતા હોવાથી જ્ઞાનકાર્યનો સંનિકર્ષ રૂપી કારણમાં ઉપચાર કરીને કરણ કહી શકાય. પરંતુ નિરૂપચરિત કરણ તો જ્ઞાનાવરણીયના ક્ષયોપશમાત્મક જ્ઞાન જ બને ॥

૨૬. સમ્યગ્ અનુભવનું સાધન તે પ્રમાણ, એમ 'ન્યાયસાર'માં જણાવ્યું છે, અહીં પણ સાધન પદનું ગ્રહણ કરવાથી કર્તા અને કર્મનો નિરાસ થઈ જાય છે. એથી કરણ એ જ પ્રમાણ તરીકે સિદ્ધ થાય છે.

---

१ स-ज्ञानलक्षणोऽर्थः । २ तस्योपलब्ध्यत्वकारणम् । ३ अर्थोपलम्भः ।

तथाप्यव्यहितफलत्वेन साधकतमत्वं ज्ञानस्यैवेति तदेव प्रमाणत्वेनेष्टव्यम् ।

§ २७. "प्रमाणमविसंवादि ज्ञानम्" [प्रमाणवा० २.१] इति सौगताः तत्रापि यद्यविकल्पकं ज्ञानम्, तदा न तद् व्यवहारजननसमर्थम् । सांव्यवहारिकस्य चैतत् प्रमाणस्य लक्षणमिति च भवन्तः, तत्कथं तस्य[1] प्रामाण्यम् ? उत्तरकालभाविनो व्यवहारजननसमर्थाद्विकल्पात् तस्य[2] प्रामाण्ये याचितकमण्डनन्यायः, वरं च व्यवहारहेतोर्विकल्पस्यैव प्रामाण्यमभ्युपगन्तुम्, एवं हि परम्परापरिश्रमः परिहृतो भवति । विकल्पस्य चाप्रामाण्ये कथं तन्निमित्तो व्यवहारोऽविसंवादी ? दृष्टि[3](श्य)विकल्प(ल्य)योरर्थयोरेकीकरणेन तैमिरिकज्ञानवत् संवादाभ्युपगमे चोपचरितं संवादित्वं स्यात् ।

छतां तेमां पण अव्यवहित फळने पेदा करवामां ज्ञान ज साधकतम होवाथी (बनवाथी) ज्ञानने ज प्रमाण तरीके मानवुं जोईअे.

२७. बौद्धो - अविसंवादी अर्थात् सफल क्रियाजनक ज्ञान प्रमाण तरीके मान्य छे. अेम 'प्रमाणवार्तिक'मां कहेल छे.

जैन → तेमां पण जो ज्ञानने निर्विकल्पक मानशो, ते तो व्यवहार जनक बनी शकतुं नथी. तेथी जो आप ("संगत - सफळ व्यवहार प्रयोजन जेनुं होय अेवुं ज्ञान स्वरूप जे सांव्यवहारिक ज्ञान ते प्रमाण छे") तेवां सांव्यवहारिक ज्ञाननुं आ लक्षण छे." अेम मानता हो, तो पछी निर्विकल्पक ज्ञान प्रमाण केवी रीते बनशे. ?

बौद्ध : उत्तरकालमां निर्विकल्पक ज्ञान पछी व्यवहार जननमां समर्थ अेवुं सविकल्पक ज्ञान उत्पन्न थतुं होवाथी उत्तर कालभावि संवादिज्ञानना मूळमां निर्विकल्पक ज्ञान होवाथी तेने- निर्विकल्पकज्ञानने प्रमाण मनाय छे.

जैन - आ तो पारका घरेणां लावी शोभा करवा जेवुं थयुं, अेटले स्वमांतो संवादी व्यवहार पेदा करवानी शक्ति नथी, पण सविकल्पकना आधारे निर्विकल्पकने प्रमाण मान्युं. आना करता तो जे खुद संवादी व्यवहारने पेदा करनार छे, तेवां सविकल्पक ज्ञानने प्रमाण मानवुं वधारे साचुं कहेवाय. आवुं मानता परम्परानो परिश्रम नहि करवो पडे, अेटले संवादी व्यवहारनुं कारण सविकल्पक ज्ञान तेनुं कारण निर्विकल्पक ज्ञान अेम परंपराअे निर्विकल्पक ज्ञानने संवादी व्यवहार जनक बनावीने प्रमाण मानवा करतां साक्षात् सविकल्पकज्ञानने प्रमाण मानवुं श्रेयस्कर छे.

वळी सविकल्पक ज्ञान अप्रमाण होय तो तेना निमित्ते- आधारे थनारो व्यवहार अविसंवादी केवी रीते होई शके ?

बौद्ध - दृश्य-निर्विकल्पकनो विषय अने विकल्प्य- सविकल्पनो विषय आ बन्नेनुं अेकीकरण करी लेवाथी संवादी व्यवहार संभवी शके छे. अेटले निर्वकल्पकथी जे वस्तु दृश्य बने ते ज वस्तु सविकल्पकनो विषय बनती होवाथी ते वस्तु उपरनी प्रवृत्ति संवादी बने छे.

---

१ संगतो व्यवहारः प्रयोज[न]मस्येति । २ अविकल्पकस्य । ३ "दृश्यविकल्प्यावर्थावेकीकृत्य" - तत्त्वोप० लि० पृ० १११, बृहतीप० १.१. ५-पृ० ५३-सम्पा० ।

तस्मादनुपचरितमविसंवादित्वं प्रमाणस्य लक्षणमिच्छता निर्णयः प्रमाणमेष्टव्य इति ॥ ८ ॥

§ २८. प्रमाणसामान्यलक्षणमुक्त्वा परीक्ष्य च विशेषलक्षणं वक्तुकामो विभागमन्तरेण तद्वचनस्याशक्यत्वात् विभागप्रतिपादनार्थमाह-

---

જૈન - જેમ તૈમિરિક જ્ઞાન=મોતીયાવાળા માણસની નજર તો એક ચંદ્ર ઉપર પડે છે, પણ પોતાને બે દેખાય છે. દશ્ય એક અને વિકલ્પ્ય બે ચંદ્ર છે, પણ નેત્રનો સંનિકર્ષ એક ચંદ્ર સાથે હોવાથી તે સામે (દેખાતા) એક ચંદ્રને જ પોતે બે ચંદ્ર માનીને પ્રવૃત્તિ કરે છે. તેમ નિર્વિકલ્પકના એકીકરણ[1]થી સંવાદી પ્રવૃત્તિ થતી હોવાથી સંવાદી પ્રવૃત્તિનો ઉપચાર માત્ર સવિકલ્પમાં થઇ શકશે. નામજાત્યાદિ વગરનું પદાર્થનું જ્ઞાન કર્યા પછી તેજ પદાર્થના નામ વગેરે. સ્વરૂપને સવિકલ્પ જ્ઞાનથી જાણી પ્રવૃત્તિ કરે છે.તેમાં તેને સફળતા મળે છે.

[અહીં તૈમિરિકનું દૃષ્ટાન્ત માત્ર દશ્ય અને વિકલ્પ્યનું એકીકરણ સંભવી શકે છે એટલા પુરતું જ છે, નહીં કે સંવાદી જ્ઞાન દર્શાવવા માટે.]

તેથી બૌદ્ધ વાસ્તવિક નિરૂપચરિત અવિસંવાદી જ્ઞાનનેજ પ્રમાણ માનવા ઇચ્છતા હોય તો નિર્ણય–સવિકલ્પ-નિશ્ચયાત્મક જ્ઞાનને જ પ્રમાણ માનવું જોઇએ ॥૮॥

[(સ્થૂલ દૃષ્ટિએ વિચારીએ તો) દૂરથી પહાડ ઉપર નજર પડી આ નિર્વિકલ્પકજ્ઞાન અને પહાડ છે દશ્ય, હવે પછી આવો વિકલ્પ ઉભો થયો કે "આ સમેતશિખરજીનો પહાડ છે" આ વિકલ્પજ્ઞાન થયું અને પછી પ્રથમ જે પહાડ ઉપર નજર પડી તેની સાથે આ વિકલ્પ્યનું એકીકરણ કરી એટલે મારી નજરમાં જે પહાડ આવ્યો તે શિખરજીનો છે" એમ નિશ્ચય કરી પોતે પ્રવૃત્તિ કરે છે અને પોતે દર્શન વંદનથી પાવન બને છે, હવે જો પોતાની નજરમાં આવે તે પહાડથી ભિન્ન પહાડની બાબતમાં વિકલ્પ ઉભો કર્યો હોત અર્થાત્ પોતાના વિકલ્પ્યનું દશ્ય-પહાડ સાથે એકીકરણ ન કર્યું હોત તો તે બીજી દિશામાં જાત તો તેને શિખરજીના દર્શન કરવા રૂપ સંવાદી પ્રવૃત્તિ થાત નહીં]

૨૮ પ્રમાણનું સામાન્ય લક્ષણ દર્શાવી, તેની પરીક્ષા કરીને હવે વિશેષ લક્ષણ કહેવાની કામનાવાળા ગ્રંથકાર વિભાગનું પ્રતિપાદન કરે છે. કારણ કે વિભાગ પાડ્યા વિના વિશેષ લક્ષણ રચવું શકય નથી.કોઇ વસ્તુનો ભેદ પડતો હોય તો જ તેનું વિશેષ- જુદુ જુદુ સ્વરૂપ પણ સંભવી શકે. એટલે જ તો કેવલજ્ઞાનનો બીજો કોઈ ભેદ નથી. તેથી એક સામાન્ય લક્ષણ કર્યા પછી બીજા કોઇ વિશેષ-જુદા જુદા લક્ષણ કરવાના નથી રહેતા. અને મતિજ્ઞાન વિગેરેના ભેદ છે, તો તે ભેદોના અલગ અલગ લક્ષણ પણ છે. જેમકે "ઈંદ્રિયમનથી જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન" આવું સામાન્ય લક્ષણ કર્યા પછી સામાન્યથી યત્કિંચિત્નું ગ્રહણ કરવું તે અવગ્રહ ઇત્યાદિ વિશેષ લક્ષણ કર્યા એથી ભેદનું પ્રતિપાદન કરવા સૂત્ર દર્શાવે છે.....

---

૧ પદાર્થનું દર્શન તો નિર્વિકલ્પકજ્ઞાનથી થાય છે, માટે તેનો વિષય દશ્ય કહેવાય, અને પછી તો અનેક વિકલ્પ કલ્પના કરવામાં આવે છે, તેનો જે વિષય બને તે વિકલ્પ્ય કહેવાય, હવે આત્મા-પ્રમાતા જે પદાર્થ દશ્ય બન્યો હતો તેના પછી જ આવા વિકલ્પજ્ઞાન કરતો હોવાથી તેને એમ લાગે છે કે આ મેં જે કલ્પના કરી છે તે પણ એ જ દશ્ય પદાર્થની છે.

प्रमाणं द्विधा ॥ ९ ॥

§ २९. सामान्यलक्षणसूत्रे प्रमाणग्रहणं परीक्षयान्तरितमिति न 'तदा'[१] परामृष्टं किन्तु साक्षादेवोक्तं प्रमाणम्-इति । द्विधा द्विप्रकारमेव, विभागस्यावधारणफलत्वात् । तेन प्रत्यक्षमेवैकं प्रमाणमिति चार्वाकाः, प्रत्यक्षानुमानागमाः प्रमाणमिति वैशेषिकाः, तान्येवेति साङ्ख्याः, सहोपमानेन चत्वारीति नैयायिकाः, सहार्थापत्त्या पञ्चेति प्रभाकराः, सहाऽभावेन षडिति भाट्टाः, इति न्यूनाधिकप्रमाणवादिनः । तत्प्रतिक्षेपश्च वक्ष्यते ॥ ९ ॥

§ ३०. तर्हि प्रमाणद्वैविध्यं किं तथा यथाहुः सौगताः "प्रत्यक्षमनुमानं च" [प्रमाणस० १.२, न्यायबि० १.३।] इति, उतान्यथा ? इत्याह-

---

પ્રમાણ બે પ્રકારનું છે. ॥ ૯ ॥

૨૯ શંકાકાર→ "सम्यग् अर्थनिर्णयः प्रमाणम्" એમ સૂત્ર નં. (૨)માં પ્રમાણ શબ્દનો ઉલ્લેખ કરેલો જ છે, તેનો 'तत्' દ્વારા પરામર્શ કરી લેવો જોઈએ ને ?

સમાધાન - "स्वनिर्णयः" ઇત્યાદિ પરીક્ષાત્મક સૂત્રોથી વ્યવધાન થઈ જતું હોવાથી तत् થી પ્રમાણનો પરામર્શ શક્ય નથી / કર્યો નથી. માટે અહીં પુનઃ સાક્ષાત્ પ્રમાણ શબ્દનો પ્રયોગ કર્યો છે.

● શંકાકાર - સૂત્રમાં તો માત્ર દ્વિધા શબ્દ છે, તો પછી તમે ટીકામાં 'द्विप्रकारमेव' પ્રમાણ બે જ પ્રકારના છે. એવું અવધારણ ક્યાંથી લાવ્યા ?

● સમાધાન - વિભાગ પ્રદર્શનનું ફળ અવધારણ છે માટે, કોઈ પણ વસ્તુના ભેદનું પ્રતિપાદન તેનાંથી વધારે તેનાં ભેદ નથી, એ નિશ્ચય કરી આપે છે. કારણ કે વિભાગનો અર્થ જ આવો છે કે....

विभज्यतावच्छेदकसाक्षात्व्याप्य-मिथोविरुद्ध-यावद्धर्मपुरस्कारेण प्रतिपादनं विभजनम् (मुक्ता.)

પ્રમાણત્વના સાક્ષાત્ વ્યાપ્ય ધર્મોતો પ્રત્યક્ષ અને પરોક્ષ બેજ આવશે, કારણ કે અનુમાન વગેરે પરોક્ષના વ્યાપ્ય ધર્મો કાંઈ પ્રમાણના સાક્ષાત્ વ્યાપ્ય નથી.

पदार्थत्वावच्छेदक व्याप्य यावत् धर्म प्रतिपादनं विभागः

જેનાં વિભાગ પાડવાના હોય તેવા કોઈ પણ પદાર્થના જે કોઈ સાક્ષાત્ વ્યાપ્ય ધર્મો હોય અને પરસ્પર વિરૂદ્ધ હોય તે ધર્મો જેટલા હોય તેનું પ્રતિપાદન કરવું જ તો વિભાગ છે. હવે એક પણ ઓછા વત્તાનું પ્રતિપાદન કરીએ તો વિભાગ લક્ષણ (માં ન્યૂનઅધિક દોષ આવે) નો જ ભંગ થઈ જાય. આવું અવધારણ થવાથી માત્ર એક પ્રત્યક્ષ પ્રમાણ છે, એવું માનનાર ચાર્વાક, પ્રત્યક્ષ, અનુમાન આગમ પ્રમાણ માનનાર વૈશેષિક, તેટલાં જ પ્રમાણ માનનાર સાંખ્ય) ઉપમાન સાથે ચાર પ્રમાણ માનનાર નૈયાયિક, અર્થાપત્તિ સાથે પાંચ પ્રમાણ માનનાર પ્રભાકર મીમાંસક તથા અભાવ સાથે, ૬ પ્રમાણ માનનાર ભાટ્ટ (કુમારિલ ભટ્ટ) આ પ્રમાણે ઓછા - વત્તા પ્રમાણ માનનારાઓનો નિષેધ કરાયો- તેનું ખંડન આગળ કરીશું ॥૯॥

૩૦ શંકાકાર → તો શું પ્રમાણ ના બે ભેદ પ્રત્યક્ષ ને અનુમાન છે ને ? જેમ બૌદ્ધ કહે છે કે "પ્રત્યક્ષ અને અનુમાન" એમ પ્રમાણ સમુચ્ચય માં (૧,૨) અને ન્યાયબિંદુમાં ॥૧.૩॥માં જણાવ્યું છે. અથવા શું બીજા કોઈ પ્રકાર છે ?

---

१ 'तत्'शब्देन [तद् + टा] ।

प्रत्यक्षं[1] परोक्षं च ॥ १० ॥

§ ३१. अश्नुते अक्ष्णोति वा व्याप्नोति सकलद्रव्यक्षेत्रकालभावानिति अक्षो जीवः, अश्नुते विषयम्[2] इति अक्षम्-इन्द्रियं च । प्रतिः प्रतिगतार्थः । अक्षं प्रतिगतं तदाश्रितम्, अक्षाणि चेन्द्रियाणि तानि प्रतिगतमिन्द्रियाण्याश्रित्योज्जिहीते यत् ज्ञानं तत् प्रत्यक्षं वक्ष्यमाणलक्षणम् । अक्षेभ्यः परतो वर्तत इति परेणेन्द्रियादिना चोक्ष्यत इति परोक्षं वक्ष्यमाणलक्षणमेव ।

આચાર્યશ્રી શંકાનું સમાધાન કરતા કહે છે કે ....

પ્રત્યક્ષ અને પરોક્ષ A એમ બે પ્રમાણ છે. ॥૧૦॥

૩૧. અશ્નુતે અક્ષ્ણોતિ એવી વ્યુત્પત્તિનાં અનુસારે જે બધા દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવને વ્યાપ્ત બને તે-એટલે આત્મા, અનાદિકાળથી જન્મમરણ કરતો જીવ તમામ દ્રવ્ય અને તેના પર્યાયનો ભોગવટો કરે છે, જીવ કેવલજ્ઞાન દ્વારા દરેક દ્રવ્ય અને ભાવ સાથે અને કેવલી સમુદ્‌ઘાતથી સંપૂર્ણ ક્ષેત્રને અને નિત્ય દ્રવ્યાદિ ચારને જીવ જાણતો હોવાથી વિષયતા સંબંધથી સર્વત્ર વ્યાપ્ત બને છે, માટે અક્ષ એટલે જીવાત્મા. અને અશ્નુતે વિષયં અર્થાત્ પોતાના વિષયને વ્યાપ્ત થાય તે અક્ષ એટલે ઈન્દ્રિય, કારણ ઈન્દ્રિય પણ સ્વગ્રાહ્ય વિષય ઉપર છવાય છે, સંબદ્ધ બને છે. ત્યારે જ તેનું- તે વિષયનું જ્ઞાન થાય છે. અહીં પ્રતિશબ્દ પ્રતિગત અર્થવાળો છે. એટલે અક્ષને પ્રતિગત આશ્રિત-રહેલ હોય તે પ્રત્યક્ષ. એટલે ઈન્દ્રિયને આશ્રયી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય. પ્રત્યક્ષનું લક્ષણ આગળ કહીશું.

(૧) પરોક્ષ[1] જે જ્ઞાન ઈન્દ્રિયોથી પર હોય- દૂર રહેલા પદાર્થને જણાવે તે, એટલે ઈન્દ્રિયોનો સાક્ષાત્ વિષય સાથે સબંધ થયા વિના ઉત્પન્ન થનારૂં જ્ઞાન પરોક્ષ છે. જેમકે અનુમાન, સ્મૃતિ વિગેરે અને બીજી રીતે

---

१ -०क्षं च परो०-डे० मु० । २ विषयमिन्द्रि० ता० । (A) दुविहे नाणे पण्णते - तं जहा पच्चक्खे चेव परोक्खे चेव (ठाणांग)

---

૧. પરોક્ષની બે વ્યુત્પત્તિ કરી તેમાં પહેલી વ્યુત્પત્તિથી અવધિ, મનઃપર્યવ, અને કેવલજ્ઞાન પરોક્ષ થશે કા.કે. તેઓ ઈંદ્રિયથી દૂર રહેલા પદાર્થને જણાવે છે. અને બીજી વ્યુત્પત્તિથી મતિ અને શ્રુત પરોક્ષ થશે અને પ્રત્યક્ષમાં પણ તેવુ જ સ્વરૂપ છેને ? તેથી સંકીર્ણતા આવે. કા.કે. "ઈંદ્રિયને આશ્રયી જે જ્ઞાન પેદા થાય તે" આમ બન્નેમાં વ્યાખ્યા સરખી છે.

ઉ→ આત્માથી સાક્ષાત્ અવધિજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન થઈ જતા હોવાથી પ્રથમ પ્રકારમાં અક્ષનો અર્થ આત્મા કરવા પ્રમાણે-તેમનો પ્રત્યક્ષમાં પ્રવેશ થઈ જવાથી, અક્ષ = ઈન્દ્રિય એવી વ્યુત્પત્તિનો આશ્રય લઈને તેમને પ્રત્યક્ષ સિદ્ધ કરવાની જરૂર ન હોવાથી હવે અહીં બાકી રહેલા જ્ઞાન માટે જ આ વિચાર કરવાનો રહે છે, આ લોકોત્તર વાત થઈ. લૌકિક વ્યવહારનો આશ્રય લઈ "અક્ષ = ઈન્દ્રિય તેને આશ્રયી થનાર જ્ઞાન" આ પ્રત્યક્ષની બીજી વ્યુત્પત્તિથી ચાક્ષુષ વિ. જ્ઞાનો પ્રત્યક્ષ સિદ્ધ થશે. પણ અનુમાનાદિનું સ્વરૂપ તો બીજી વ્યુત્પત્તિ પ્રમાણે પ્રત્યક્ષ સિદ્ધ થતુ નથી, તેથી પરોક્ષ માટે (તેઓ) સાવકાશ છે. જ્યારે અવધિ-મનઃ પર્યવ-કેવલ જ્ઞાન તો પ્રત્યક્ષ સિદ્ધ થઈ જ ગયેલા છે. માટે હવે જે પરોક્ષનો વિચાર કરીએ તો તે મતિ-શ્રુતમાં લેવાનો છે" એ સહજ સમજાય એમ છે. પરોક્ષની પહેલી વ્યુત્પત્તિ પ્રમાણે અક્ષ =ઈન્દ્રિયથી પર રહેલુ જ્ઞાન તે અનુમાનાદિ ઘટશે. પરોક્ષની બીજી વ્યુત્પત્તિ અક્ષ=આત્માથી પર એવી ઈન્દ્રિયોથી થયેલ જ્ઞાન તે મતિ-શ્રુત પરોક્ષ સિદ્ધ થશે. અક્ષ=આત્મા એમ લોકોત્તર વ્યુત્પત્તિ પ્રમાણે અવધિ વિ. પ્રત્યક્ષ અને મતિ-શ્રુત પરોક્ષ છે એ સ્પષ્ટ છે, માટે સંકીર્ણતા થવાની નથી. જ્યારે પરોક્ષ-ઈન્દ્રિયથી પર રહેલુ જ્ઞાન, "આવો કરીએ તે તો પ્રત્યક્ષ એવા અવધિ વિ.માં ઘટે છે ખરું પણ અનુમાનાદિ સાવકાશ હોવાથી ત્યાં આ વ્યુત્પત્તિ ઘટાવવી યોગ્ય છે. બીજુ અમે અવધિવિગેરેને લોકોત્તર રીતે પ્રત્યક્ષ કહ્યા છે, માટે "तत्प्रमाणे', आद्ये परोक्षम्,' प्रत्यक्षमन्यत्" तत्त्वार्थ सूत्रम् (१,-१०,११,१२). લૌકિક વ્યવહારમાં પરોક્ષ પદાર્થને જણાવનાર અવધિજ્ઞાન જેવા જ્ઞાનને પરોક્ષ કહ્યા છે, માટે તે વ્યુત્પત્તિપ્રમાણે તેમને પરોક્ષ કહેવામાં પણ વાંધો નથી આવતો.

चकारः स्वविषये द्वयोस्तुल्यबलत्वख्यापनार्थः । तेन यदाहुः "सकलप्रमाणज्येष्ठं प्रत्यक्षम्' इति तदपास्तम्। प्रत्यक्ष[1]पूर्वकत्वादितरप्रमाणानां तस्य ज्येष्ठतेति चेत्, (उद्+हा = उठना, उक्ष—तरकरना, निकालना फैलाना सं.हिं. पर+उक्ष् + घञ् = परोक्षः)

न, प्रत्यक्षस्यापि प्रमाणान्तरपूर्वकत्वोपलब्धेः, लिङ्गात् आप्तोपदेशाद्वा वह्न्यादिकमवगम्य प्रवृत्तस्य तद्विषयप्रत्यक्षोत्पत्तेः ॥ १० ॥

§ ૩૨. न प्रत्यक्षादन्यप्रमाणमिति लौकायतिकाः । तत्राह-

व्यवस्थान्यधीनिषेधानां सिद्धेः प्रत्यक्षेतरप्रमाणसिद्धिः ॥११॥

§ ૩૩. प्रमाणाप्रमाणविभागस्य, परबुद्धेः, अतीन्द्रियार्थनिषेधस्य च सिद्धिर्नानुमानादिप्रमाणं विना । चार्वाको हि काश्चिज्ज्ञानव्यक्तीः संवादित्वेनाव्यभिचारिणीरुपलभ्यान्याश्च विसंवादित्वेन व्यभिचारिणीः, पुनः कालान्तरे तादृशीतराणां ज्ञानव्यक्तीनामवश्यं प्रमाणेतरते व्यवस्थापयेत् ।

---

(૨) અક્ષ આત્મા તેનાથી પર અન્ય જે ઈન્દ્રિય વગેરે તેનાથી ઉત્પન્ન થનારૂં જ્ઞાન તે પરોક્ષ જ્ઞાન-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, આનું-પરોક્ષનું લક્ષણ પણ આગળ કહીશું.

સૂત્રમાં ચકારનું ગ્રહણ "બન્ને પ્રમાણ પોતપોતાના વિષયમાં સરખા બળવાળા છે," એવું જણાવવા માટે છે. એટલે પ્રત્યક્ષથી દેખાતો વહ્નિ જેટલો શ્રદ્ધનીય છે, તેટલો જ અનુમાનથી સિદ્ધ વહ્નિ પણ શ્રદ્ધનીય છે જ. આનાથી જે કોઈ કહે છે કે બધા પ્રમાણોમાં પ્રત્યક્ષ જયેષ્ઠ-શ્રેષ્ઠ પ્રમાણ છે. આ કથનનો નિરાસ થઈ જાય છે.

● શંકાકાર'- શેષ પ્રમાણોની પૂર્વમાં પ્રત્યક્ષ પ્રમાણની જરૂર પડતી હોવાથી પ્રત્યક્ષને જયેષ્ઠ માનવું ઉચિત છે. જેમ ધૂમનું પ્રત્યક્ષ થાય, તો જ તેનાં આધારે વહ્નિનનું અનુમાન થઈ શકે, અન્યથા નહિં.

● સમાધાન - પ્રત્યક્ષ પણ અન્ય પ્રમાણ પૂર્વકનું દેખાય છે, જેમ પહેલા લિંગથી અનુમાનથી કે આપ્તોપેદેશ-આગમથી વહ્નિને અમુક ક્ષેત્રમાં રહેલો જાણી તે તરફ પ્રવૃત્તિ કરતા વહ્નિનું પ્રત્યક્ષ થાય છે. આપ્ત પાસે ઘટનું સ્વરૂપ જાણી ઈન્દ્રિય સંબંધ થતા "આ ઘટ છે." આવું પ્રત્યક્ષ થાય છે. એટલે જ તો શાસ્ત્રમાં → વિશેષાવશ્યક ભાષ્યમાં મતિજ્ઞાનના શ્રુતનિશ્રિત અને અશ્રુત નિશ્રિત એમ ભેદ પાડયા છે. એટલે બીજાના આધારે જે જ્ઞાન પેદા થાય તે અલ્પબળવાળું છે, એમ માનવું યોગ્ય નથી. ॥૧૦॥

૩૨. પ્રત્યક્ષથી ભિન્ન કોઈ પ્રમાણ નથી એવું ચાર્વાક માને છે. તેની બાબતમાં વિચારણા કરતા આચાર્યશ્રી કહે છે કે.....

પ્રમાણ અપ્રમાણના વિભાગ સ્વરૂપ વ્યવસ્થા, અન્યની બુદ્ધિ છે એવું, તેમજ પરલોક વગેરે અતીન્દ્રિય પદાર્થનો નિષેધ આ બધુ સિદ્ધ હોવાથી પ્રત્યક્ષથી ભિન્ન પ્રમાણની સિદ્ધિ થાય છે. ॥૧૧॥

૩૩. કારણ કે આ બધાની સિદ્ધિ અનુમાન વિના થઈ શકતી નથી. ચાર્વાક જ્ઞાનમાં પ્રમાણ અને અપ્રમાણની વ્યવસ્થા આ રીતે કરશે → ચાર્વાક કોઈક જ્ઞાનને સંવાદિ હોવાથી અવ્યભિચારી (પ્રમાણ) રૂપ માને અને અન્ય જ્ઞાનોને વિસંવાદી હોવાથી વ્યભિચારી માને છે. એવું સમજીને પછી અન્ય કાળે પૂર્વનાં જેવા સંવાદી જ્ઞાનોને પ્રમાણ અને અન્ય પ્રકારના (વિસંવાદી) જ્ઞાનોને અપ્રમાણ તરીકે જાહેર કરે છે— વ્યવસ્થા કરે છે.

એટલે કે પૂર્વપક્ષના કહેવા પ્રમાણે પહેલીવાર ઝાંઝવાના જલને જોઈ વિસંવાદના કારણે એટલે પોતાને દૂરથી જે પાણીનું જ્ઞાન થયુ તે સાચુ છે કે ખોટું તેની ખાત્રી કરવા પ્રમાતા તે દેશ સુધી પહોચી આંખ, સ્પર્શ

---

१ -०क्षमितिपूर्व०-डे० ।

न च सन्निहितार्थबलेनोत्पद्यमानं पूर्वापरपरामर्शशून्यं प्रत्यक्षं पूर्वापरकालभाविनीनां ज्ञानव्यक्तीनां प्रामाण्याप्रामाण्यव्यवस्थापकं निमित्तमुपलक्षयितुं क्षमते । न चायं स्वप्रतीतिगोचराणामपि ज्ञानव्यक्तीनां परं प्रति प्रामाण्यमप्रामाण्यं वा व्यवस्थापयितुं प्रभवति । तस्माद्यथादृष्टज्ञानव्यक्तिसाधर्म्यद्वारेणेदानीन्तनज्ञान-व्यक्तीनां प्रामाण्याप्रामाण्यवव्यवस्थापकं परप्रतिपादकं च परोक्षान्तर्गतमनुमानरूपं प्रमाणान्तरमुपासीत ।

§ ३४. अपि च [अ] प्रतिपित्सितमर्थं प्रतिपादयन् 'नायं लौकिको न परीक्षकः'

વિ. ઈંદ્રિય વ્યાપાર કરી જ્યારે ત્યાં પાણી ઉપલબ્ધ નથી થતું ત્યારે નિર્ણય કરે છે કે આ જે મને જ્ઞાન થયું- ઈદ જલં" તે ખોટું છે. એમ પોતાના તે જ્ઞાનને અપ્રમાણ ઠેરવે છે. પછી તેનું ભાન બીજી વાર થતાં તરત કહી દેશે - આતો પહેલાંની જેમ ભ્રાંતિ જ છે. અહીં બીજી વાર તે દેશ સુધી પહોંચી વિસંવાદ કરવાની જરૂર નથી. એટલે કે વિસંવાદ જાણવા માટેની પ્રવૃત્તિ કર્યા વિના પૂર્વના જ્ઞાનનાં આધારે જ પોતે આ વ્યવસ્થા કરી. "આ પાણી છે" જ્ઞાન થયા પછી તેની પાસે જતા પાણીની પ્રાપ્તિ થાય, તેવા પ્રકારના બીજા જ્ઞાનોને પ્રમાણ કહે છે. હવે જો પરોક્ષ જ્ઞાન ન માનો તો ત્યારે પ્રમાણ અને અપ્રમાણની વ્યવસ્થા નહી ઘટી શકે. કારણ કે પ્રત્યક્ષ પ્રમાણતો ઈન્દ્રિય સંબદ્ધ = સન્નિહિત પદાર્થના બલથી ઉત્પન્ન થનારૂં તેમજ આગલ પાછળના વિચારથી શૂન્ય હોવાથી પૂર્વાપર કાલમાં થનારાં જ્ઞાનોની પ્રમાણતા–અપ્રમાણતાની વ્યવસ્થા કરનારા નિમિત્તને ઓળખવા સમર્થ નથી. વળી આ પ્રત્યક્ષ તો ખુદને- પ્રમાતાને પ્રતીત એવાં જ્ઞાનોનું પણ બીજાને પ્રામાણ્ય કે અપ્રમાણ્ય જણાવી શકતું નથી.કારણ કે પ્રમાતાનિષ્ઠ જ્ઞાનનો અન્ય પ્રમાતા સાથે ઈન્દ્રિય દ્વારા સંબંધ સંભવી શકતો નથી. કારણ કે જ્ઞાન તે અમૂર્ત્ત છે, અતીન્દ્રિય છે, તેમજ જ્ઞાન ચિતવૃત્તિ રૂપે છે અને પરની ચિત્તવૃત્તિનું પ્રત્યક્ષ થતું નથી. તેથી પૂર્વ અનુભૂત જ્ઞાનની સમાનતાના આધારે વર્તમાન કાલીન જ્ઞાનોની પ્રમાણતા કે અપ્રમાણતાની વ્યવસ્થા કરવાવાળુ અને તે નિર્ણયને અન્યની સમક્ષ પ્રતિપાદન કરવાવાળું પરોક્ષ પ્રમાણની અન્તર્ગત અનુમાન સ્વરૂપ અન્ય પ્રમાણને હે ! ચાર્વાકો ! સેવો (માનો) ॥

૩૪. વળી **અપ્રતિપિત્સિત[૧]મર્થં ન પ્રતિપત્તું સ્વીકર્તું પ્રતીતિવિષયીકર્તુમ્ ઇષ્ટં** બીજી વ્યક્તિ જે અર્થ ને સમજવા નથી ઈચ્છતી તેવા અર્થનું પ્રતિપાદન કરતા[૨] સમઝાવતા આ ચાર્વાક નતો લૌકિક[૨] (લોક-વ્યવહારમાં

૧પ્રતિપત્તિ: (પ્રતિ+પદ્+ક્તિ) હાસિલ કરના, અવાપ્તિ-પ્રાપ્તિ, ઉપલબ્ધિ, પ્રત્યક્ષ જ્ઞાન, ચેતના (યથાર્થ જ્ઞાન (સં.હિં.)

૨ લૌકિક અને પ્રામાણિકનો તફાવત સ્પષ્ટ કરો ?

ઉ. પરીક્ષકનો અર્થ પ્રામાણિક "આ સાચુ છેકે ખોટું છે "મારું બોલેલુ શ્રોતાને ઉપકારક બને છે કે નહીં એવી પ્રમાણ દ્વારા પરીક્ષા કરી પ્રવૃત્તિ કરનાર. કારણ કે પરીક્ષક હંમેશા પ્રયોજન જોઈને પ્રવૃત્તિ કરે છે, અને શ્રોતાને ઉપકાર કરવો એ પ્રયોજન છે, પોતાનું પ્રયોજન જે પ્રશ્નથી-વચનથી ન સરે- સિદ્ધ ન થતું હોય તેમાં પ્રવૃત્તિ ન કરે. લૌકિક માણસ કંઈ ઉંડાણ પૂર્વક પ્રમાણથી પરીક્ષા ભલે ન કરે, પરંતુ તમે બોલો છતાં સામેનો માણસ ડાફોળિયા મારતો હોય તો તેવું જોઈ સામાન્ય માણસો પણ વક્તાની મશકરી કરે, અથવા કોઈ સામાન્ય માણસ પણ સામે શ્રોતાને જોઈ તે સાંભળવા તૈયાર ન હોય (એવું ચેહરા ઉપરથી અનુમાન કરે) તો કશુ કીધા વગર પાછો ફરી જાય, જ્યારે આ ચાર્વાક આવું કશુ જોયા વગર બોલ બોલ કરશે તો પછી વ્યવહારુંને પરીક્ષક કેમ કહેવાય ?

इत्युन्मत्तवदुपेक्षणीयः स्यात् । न च प्रत्यक्षेण परचेतोवृत्तीनामधिगमोऽस्ति । चेष्टाविशेष दर्शनात्तदवगमे च परोक्षस्य प्रामाण्यमनिच्छतोऽप्यायातम् ।

§ ३५. परलोकादिनिषेधश्च न प्रत्यक्षमात्रेण शक्यः कर्तुम्, सन्निहितमात्रविषयत्वात्तस्य । परलोकादिकं चाप्रतिषिध्य नायं सुखमास्ते[१] प्रमाणान्तरं च नेच्छतीति डिम्भहेवाकः ।

§ ३६. किञ्च, प्रत्यक्षस्याप्यर्थाव्यभिचारादेव प्रामाण्यं तच्चार्थप्रतिबद्धलिङ्गशब्दद्वारा समुन्मज्जतः परोक्षस्याप्यर्थाव्यभिचारादेव किं नेष्यते ? व्यभिचारिणोपि परोक्षस्य दर्शनादप्रामाण्यमिति चेत्, प्रत्यक्षस्यापि तिमिरादिदोषादप्रमाणस्य दर्शनात् सर्वत्राप्रामाण्यप्रसङ्गः । प्रत्यक्षाभासं तदिति चेत्, इतरत्रापि[२] तुल्यमेतदन्यत्र पक्षपातात् ।

કુશલ) કહેવાશે અને નહિ પ્રામાણિક-પ્રમાણપૂર્વક વ્યવહાર કરવાવાળો કહેવાશે. એથી કરીને તે મૂર્ખ માણસની જેમ ઉપેક્ષણીય (આની વાત ઉપર કાંઇ ધ્યાન દેવા જેવું નથી) થશે. પ્રત્યક્ષ પ્રમાણથી બીજાના મનને ઓળખી શકાતુ નથી.

ચાર્વાક → મુખના હાવભાવ ઉપરથી બીજાનું મન પણ સાક્ષાત્ જાણી શકાય છે ને !

જૈના→મુખના હાવભાવ કાંઇ પરચિત્ત નથી, પણ તે તો જેવી મનને અસર થઇ હોય તે પ્રમાણેના ભાવ મુખ ઉપર ઉપસી આવે છે, એટલે તે તો ચિત્તવૃત્તિ જન્ય કાર્ય છે. હા ! તે કાર્યના આધારે चेष्टाविशेषाविनाभावि = અન્યથા- અનુપપત્ત્યા હેતુથી ચિત્તવૃત્તિનું અનુમાન કરી શકાય છે, એટલે પરોક્ષ પ્રમાણને માનવાની ઇચ્છા ન હોવા છતાં તમારે પરોક્ષ પ્રમાણ માનવાનું માથે પડ્યું. ॥

૩૫. માત્ર પ્રત્યક્ષથી પરલોક, આત્મા, પુણ્ય, પાપ વગેરેનો પ્રતિષેધ કરવો શક્ય નથી. કારણ કે પ્રત્યક્ષ તો ઇન્દ્રિય સંબદ્ધને જ જાણી શકે. આ વાત તો નિશ્ચિત છે કે જે વસ્તુ જાણી ન શકાય તેનો નિષેધ પણ ન કરી શકાય. જેમ આપણી ઇન્દ્રિયથી ભૂત પિશાચ દેખી શકાતા નથી, તો તેનો આપણે નિષેધ પણ કરી શકતા નથી. પણ ચાર્વાકને પરલોકાદિનો નિષેધ કર્યા વિના ચેન પડતું નથી અને નિષેધ માટે ઉપયોગી પ્રત્યક્ષથી અન્ય પ્રમાણને તે માનતો નથી.એટલે આની આ બાળહઠ જ છે / સમજ્યા વગર વાતનો કદાગ્રહ માત્ર છે.

૩૬. જૈના → વળી તમે પ્રત્યક્ષને અર્થ વ્યભિચારી ન હોવાથી પ્રમાણ માનો છો ને ! આવો અર્થ સાથે અવ્યભિચાર તો અવિનાભાવી લિંગથી ઉત્પન્ન થનાર અનુમાનમાં અને અર્થ-પ્રતિબદ્ધ વાચ્યવાચક ભાવથી સંબદ્ધ શબ્દ દ્વારા ઉત્પન્ન થનારાં શાબ્દ પ્રમાણમાં પણ સંભવે જ છે. આપ્ત પુરૂષ ઘટ પદાર્થ માટે ઘટ શબ્દનો પ્રયોગ કરે તો આપણને ત્યાં સંવાદ દેખાય જ છે, તો પછી એમને પ્રમાણ કેમ નથી માનતા ?

ચાર્વાક → પરોક્ષ પ્રમાણો વ્યભિચારી (પદાર્થ વિના પેદા થનારા) દેખાય છે. માટે અમે એમને અપ્રમાણ કહીએ છીએ.

જૈના→ તિમિર +અણ્ તૈમિરઃ આંખકા રોગ, ધુંધલાપન (સંહિં.) / પિત્ત દોષના કારણે આકાશમાં એક ચંદ્ર હોવા છતાં બે ચંદ્ર દેખાય છે. શંખ ધોળો હોવા છતાં પીળો દેખાય છે. એમ પ્રત્યક્ષ પણ અર્થ વ્યભિચારી હોય છે. માટે પ્રત્યક્ષને પણ અપ્રમાણ માનવું પડશે,એટલે બધા જ્ઞાન અપ્રમાણિત થવાનો પ્રસંગ આવશે.

---

૧ सुखेनास्ते०-डे० । ૨ इत्यत्रा०-डे० ।

धर्मकीर्तिरप्येतदाह-

"प्रमाणेतरसामान्यस्थितेरन्यधियो गतेः ।
प्रमाणान्तरसद्भावः प्रतिषेधाच्च कस्यचित् ॥१॥
अर्थस्यासम्भवे[१]ऽभावात् प्रत्यक्षेऽपि प्रमाणता ।
प्रतिबद्धस्वभावस्य तद्धेतुत्वे समं द्वयम्" ॥२॥ इति ।

§ ३७. यथोक्तसङ्ख्यायोगेऽपि च परोक्षार्थविषयमनुमानमेव सौगतैरुपगम्यते, तदयुक्तम्, शब्दादीनामपि प्रमाणत्वात् तेषां चानुमानेऽन्तर्भावयितुमशक्यत्वात् । एकेन तु सर्वसङ्ग्राहिणा प्रमाणेन प्रमाणान्तरसङ्ग्रहे नायं दोषः । तत्र यथा इन्द्रियजमानसात्मसंवेदन-योगिज्ञानानां प्रत्यक्षेण सङ्ग्रहस्तथा स्मृतिप्रत्यभिज्ञानोहानुमानागमानां परोक्षेण सङ्ग्रहो लक्षणस्याविशेषात् । स्मृत्यादीनां च विशेषलक्षणानि स्वस्थान एव वक्ष्यन्ते । एवं परोक्षस्योपमानस्य प्रत्यभिज्ञाने, अर्थापत्तेरनुमानेऽन्तर्भावोऽभिधास्यते ॥११॥

ચાર્વાક → ત્યાં તે પ્રત્યક્ષ રૂપે નથી. પણ પ્રત્યક્ષાભાસ રૂપે છે, એટલે અમારાં પ્રત્યક્ષમાં તો પ્રામાણ્ય અકબંધ જ રહે છે.

જૈન → આવું તો પરોક્ષ પ્રમાણમાં પણ કહી શકાય છે. એટલે જ્યાં અર્થ સાથે વ્યભિચારી હોય તે અનુમાનાભાસ, આગમાભાસ કહેવાય. અને અર્થઅવ્યભિચારી છે તે અનુમાન / શાબ્દ પ્રમાણ છે, એમ કહી શકાય છે. આવું ન માનવું તે તો માત્ર અન્યત્ર-પ્રત્યક્ષમાં પક્ષપાત સિવાય બીજું કશું નથી. ધર્મકીર્તિએ પણ આ જ કહ્યું છે...

"પ્રમાણ અપ્રમાણ જ્ઞાનની સમાનતાનાં આધારે જે જ્ઞાનપ્રમાણભૂત જણાયું તેના જેવું કાલાન્તરે જ્ઞાન જોઈ તેવા જ્ઞાનને પ્રમાણ અને વિપરીતજ્ઞાનને-પૂર્વેવ્યભિચારવાળુ જ્ઞાન થયુ હોય, તેના જેવું કાલાન્તરે થયેલ જ્ઞાનને અપ્રમાણ તરીકે સિદ્ધ કરવાના–ઠેરવવાની વ્યવસ્થા કરવાથી, પરની બુદ્ધિને સમજવાથી અને કોઈક અતીન્દ્રિયનો પ્રતિષેધ થતો હોવાથી પ્રત્યક્ષ પ્રમાણથી અન્ય પ્રમાણનો સદ્ભાવ સિદ્ધ થાય છે. (૧)

અર્થના અભાવમાં પ્રત્યક્ષનો અભાવ હોય છે, માટે પ્રત્યક્ષને પ્રમાણ મનાય છે. તો પ્રતિબદ્ધ અવિનાભૂત સ્વભાવવાળું લિંગ જે અનુમાન પ્રમાણમાં હેતુ હોય તો તેને પ્રમાણ માનવું જ જોઈએ. એટલે પ્રત્યક્ષ અને પરોક્ષમાં બન્નેમાં અર્થ અવ્યભિચાર તો સરખો જ છે. પ્રમાણભૂત સદ્હેતુવાળું અનુમાન પણ અર્થનાં અભાવમાં પેદા થતું નથી (૨)

૩૭. બૌદ્ધ પ્રમાણની સંખ્યા તો બે જ માને છે, પણ પરોક્ષ પદાર્થને વિષય કરનારૂં માત્ર અનુમાન જ છે" એમ કહે છે, તે યુક્ત નથી. કારણ શબ્દ વગેરે પણ પ્રમાણ છે, તેમનો અનુમાનમાં અન્તર્ભાવ કરવો શક્ય નથી. એક પરોક્ષ પ્રમાણથી અનુમાન, શાબ્દ આદિ બધા (પ્રત્યક્ષભિન્ન) પ્રમાણોનો સંગ્રહ કરવાથી આ દોષ લાગતો નથી. જેમ ઈન્દ્રિયજ, માનસ, સ્વસંવેદન અને યોગિજ્ઞાન આ બધાનો પ્રત્યક્ષમાં સમાવેશ થઈ જાય છે. તેમ સ્મૃતિ પ્રત્યભિજ્ઞા, તર્ક, અનુમાન, આગમનો એક પરોક્ષમાં જ સમાવેશ થઈ જાય છે, કારણ કે આ બધામાં પરોક્ષનું સામાન્ય લક્ષણ (અવિશદ = બીજા જ્ઞાનની અપેક્ષા રાખવી તે) સમાન રૂપે ઘટી શકે છે. સ્મૃતિ વિ.ના વિશેષ લક્ષણો પોત પોતાનાં સ્થાને આગળ કહીશું. પરોક્ષ ઉપમાનનો પ્રત્યભિજ્ઞામાં અને અર્થાપત્તિનો અનુમાનમાં અન્તર્ભાવ થાય છે. આ હકીકત આગળ કહીશું. ।૧૧।

---

१ -०वे भावा०-डे० ।

§ ૩૮. यत्तु प्रमाणमेव न भवति न तेनान्तर्भूतेन बहिर्भूतेन वा किञ्चित् प्रयोजनम्, यथा अभावः। कथमस्याप्रामाण्यम् ? निर्विषयत्वात् इति ब्रूमः । तदेव कथम् ? इति चेत्-

भावाभावात्मकत्वाद्वस्तुनो निर्विषयोऽभावः ॥१२॥

§ ૩૯. नहि भावैकरूपं वस्त्वस्ति वैश्वरूप्यप्रसङ्गात्, नाप्यभावैकरूपं नीरूपत्वप्रसङ्गात्, किन्तु स्वरूपेण सत्त्वात् पररूपेण चासत्त्वात् भावाभावरूपं वस्तु तथैव प्रमाणानां प्रवृत्तेः तथाहि-प्रत्यक्षं तावत् भूतलमेवेदं घटादि[1]र्न भवतीत्यन्वयव्यतिरेकद्वारेण वस्तु परिच्छिन्दत् तदधिकं विषयमभावैकरूपं निराचष्ट इति कं विषयमाश्रित्याभावलक्षणं प्रमाणं स्यात् ? एवं परोक्षाण्यपि प्रमाणानि भावाभावरूपवस्तु-ग्रहणप्रवणान्येव, अन्यथाऽसङ्कीर्णस्व-स्वविषयग्रहणासिद्धेः, यदाह-

"अयमेवेति यो ह्येष भावे भवति निर्णयः ।
नैष वस्त्वन्तराभावसंवित्त्यनुगमादृते ॥ "

इति । [श्लोकवा० अभाव० श्लो. १५.]

૩૮. ભાટ્ટ જે અભાવનામનું પ્રમાણ માને છે, તેને પ્રમાણથી બાકાત કરવા કહે છે કે જે જ્ઞાન પ્રમાણ જ નથી, પછી તે કોઈમાં અંતર્ભૂત થાય કે ન થાય, તેનું કોઈ પ્રયોજન રહેતું નથી, જેમકે અભાવનું જ્ઞાન-બીજાએ માનેલ અભાવ નામનું પ્રમાણ.

શંકાકાર → અભાવજ્ઞાનને અપ્રમાણ કેમ માનો છો ?

જૈના : - તેનો કોઈ વિષય નથી માટે.

તેનો કોઈ વિષય કેમ નથી બનતું ? તેનો ઉત્તર આપતા કહે છે.....

વસ્તુ ભાવાભાવાત્મક–ઉભયાત્મક હોવાથી અભાવજ્ઞાન નિર્વિષય છે. ॥૧૨॥

૩૯. જૈનાઃ→વસ્તુ એકાન્ત ભાવાત્મક-સદ્રૂપ નથી. વસ્તુ એકાન્ત ભાવાત્મક હોય તો વિશ્વસ્ય દરેક વસ્તુ વૈશ્વરૂપ્ય-સર્વાત્મક બની જશે. જેમકે ઘટ-ઘટરૂપે સત્ છે, તેમ પટાદિરૂપે પણ સત્ માનવો પડશે. એટલે તે વસ્તુને કોઈ રૂપે અસત્ ન માની શકાય. એટલે એકજ ઘટાદિને દુનિયાના તમામ સ્વરૂપે સ્વીકારવો પડશે. અને એકાન્તે અભાવ રૂપે પણ નથી, કારણ ઘટ પટ રૂપે અસત્ છે. તેમ ઘટ રૂપે પણ ઘટને અસત્ માનવો પડશે. એમ માનતા કોઈ પણ વસ્તુનું કોઈ પણ જાતનું સ્વરૂપ નહિ ટકી શકે. માટે વસ્તુને ભાવાભાવ સ્વરૂપ માનવી જોઈએ. તેજ રૂપે તે વસ્તુ પ્રમાણોથી ગ્રાહ્ય બને છે–જણાય છે.

જેમકે - "આ ભૂતલ જ છે, ઘટાદિ નથી" એમ વિધિ અને નિષેધ રૂપે પ્રત્યક્ષથી વસ્તુ ગ્રહણ થાય છે. ભાવાભાવથી અતિરિક્ત વધારાનો વિષય=એકાન્ત અભાવ વિષયરૂપે છે જ નહિં. તો પછી કયા વિષયના આધારે અભાવ સ્વરૂપ જ્ઞાન–પ્રમાણ બનશે. ? એમ પ્રત્યક્ષની જેમ પરોક્ષ પ્રમાણ પણ ભાવાભાવાત્મક વસ્તુને ગ્રહણ કરવામાં સમર્થ છે જ. નહિતર જુદા જુદા અસંકીર્ણ રૂપે-ભેળસેળ વિના પોતપોતાના વિષયનું ગ્રહણ નહિં થઈ શકે.

શ્લોકવાર્તિક શ્લોક ૧૫માં કહ્યું છે કે→ કોઈ પણ ભાવમાં "આજ છે" એટલે "આ ઘોડો જ છે" એવો નિર્ણય અન્ય વસ્તુનો અભાવ જાણ્યા વિના થઈ શકતો નથી. એટલે જો ચાક્ષુષ પ્રત્યક્ષનો વિષય ઘોડો બન્યો એવા સ્વ વિષયનું "આ એક ઘોડો છે" એવું સ્વતંત્ર ભાન ત્યારે જ થઈ શકે, જ્યારે આમાંથી ઘટાદિની

१ घटादि न भव० - डे० ।

§ ૪૦. अथ भवतु भावाभावरूपता वस्तुनः, किं नश्च्छिन्नम् ?, वयमपि हि तथैव प्रत्यपीपदाम । केवलं भावांश इन्द्रियसन्निकृष्टत्वात् प्रत्यक्षप्रमाणगोचरः अभावांशस्तु न तथेत्यभावप्रमाणगोचर इति कथमविषयत्वं स्यात् ?, तदुक्तम्-

'न तावदिन्द्रियेणैषा नास्तीत्युत्पाद्यते मतिः ।
भावांशेनैव संयोगो योग्यत्वादिन्द्रियस्य हि ॥१॥
गृहीत्वा वस्तुसद्भावं स्मृत्वा च प्रतियोगिनम् ।
मानसं नास्तिताज्ञानं जायतेऽक्षानपेक्षया ॥२॥''इति । [श्लोकवा० अभाव० श्लो. १८, २७]

શંકા નિકળી જાય. અનુમાનનો વિષય વહ્નિએ ભાવ પદાર્થ બન્યો અને જો "અહીં (આ) પટાદિનથી" એવો અભાવાંશ ગ્રહણ ન થાય તો પટાદિનો પણ સદ્‌ભાવ ત્યાં માનવો પડશે એટલે તેજ અનુમાનનો પટાદિ ભાવપદાર્થ પણ વિષય માનવા જ પડશે, એટલે આ અનુમાનનો વિષય વહ્નિ હતો અને અન્ય પ્રમાણનો વિષય પટાદિ હતા તે બન્નેનું મિશ્રણ આ એકજ અનુમાનમાં થઈ ગયું. એમ દરેકે દરેક પ્રમાણમાં-સ્વભિન્નવિષયનો નિષેધ ન થવાથી તે બધા પદાર્થો પણ તેજ પ્રમાણના વિષય બની જશે. એમ કોઈપણ પ્રમાણ માત્ર સ્વવિષયને ગ્રહણ કરનાર ન બની શકે. અને જો દરેક પ્રમાણ ભાવાંશ સાથે અભાવાંશ ગ્રહણ કરવા સમર્થ બને તો પટાદિનો ત્યાં નિષેધ થઈ જવાથી આ "વહ્નિ છે, તેમ આ પટાદિ પણ છે" એવો વિષય બની શકશે નહી તેથી ભેળસેળ નહી થાય. એટલે પટ વિષયક જે અન્ય પ્રમાણ છે, તેના વિષયને (પટને) અહીં વિષય બનાવાની આપત્તિ નહીં આવે. એમ કોઈ પ્રમાણનો વિષય અન્ય પ્રમાણમાં ન ઘુસવાથી એક પ્રમાણમાં અનેક પ્રમાણના વિષયોનો ખીચડો નહીં થાય. એથી તે તે પ્રમાણ સ્વ વિષયને સ્વતંત્ર રીતે અલગથી તારવીને જાણી શકશે.

૪૦. ભાટ્ટ →શંકાકાર– વસ્તુભલેને ભાવાભાવ રૂપ હોય એમાં અમારા ગાંઠનું શું ગયું ? અમે પણ એમ જ સ્વીકારીએ છીએ પણ અમારૂં કહેવું એટલું જ છે કે વસ્તુનો ભાવાંશ જ ઈન્દ્રિયથી સંબદ્ધ હોવાથી પ્રત્યક્ષ પ્રમાણથી ગ્રાહ્ય બને છે, પરંતુ અભાવાંશ ઈન્દ્રિય સંબદ્ધ ન હોવાથી અભાવ પ્રમાણથી ગ્રાહ્ય બને છે. તો પછી અભાવ પ્રમાણ નિર્વિષય કેવી રીતે ?

શ્લોક વાર્તિકમાં કહ્યું છે કે...નાસ્તિત્વનું જ્ઞાન ઈંદ્રિયથી ઉત્પન્ન થઈ શકતું નથી. કારણ કે ઈન્દ્રિયની યોગ્યતા ભાવાંશ સાથે જ સંયોગ થવાની છે. અભાવ એ દ્રવ્ય ન હોવાથી સંયોગ ન સંભવે, અને અમે (મીમાંસક) સમવાય માનતા નથી વસ્તુના સદ્‌ભાવને = આશ્રયને એટલે કે ભૂતલાદિને જે જુએ છે તેને જ ઘટાભાવનું જ્ઞાન સંભવે છે, આંખબંધ કરી બેઠો હોય તેને નહીં. ગ્રહણ કરી પછી પ્રતિયોગી[1]નું સ્મરણ કરાય છે. પછી ઈન્દ્રિયની સહાયતા વિના માનસ પ્રત્યક્ષ નાસ્તિત્વ જ્ઞાન થાય છે.

---

૧ જેના વિષયનું અભાવ જ્ઞાન થાય છે-એટલે અભાવના સંબંધીને પ્રતિયોગી કહેવાય છે.

§ ૪૧. ननु भावांशादभावांशस्याभेदे कथं प्रत्यक्षेणाग्रहणम् ?, भेदे वा घटाद्यभावरहितं भूतलं प्रत्यक्षेण गृह्यत इति घटादयो गृह्यन्त इति प्राप्तम्,

तदभावा[1]ग्रहणस्य तद्भावग्रहणनान्तरीयकत्वात् । तथा चाभा[2]वप्रमाणमपि पश्चात्प्रवृत्तं न तानुत्सारयितुं पटिष्ठं स्यात्, अन्यथा[3]ऽसङ्कीर्णस्य सङ्कीर्णताग्रहणात् प्रत्यक्षं भ्रान्तं स्यात् ।

૪૧. જૈના : તમે ભાવ અંશથી અભાવાંશને અભિન્ન માનો છો કે ભિન્ન ? તેમાં પહેલો વિકલ્પ જો અભાવાંશ ભાવ અંશથી અભિન્ન હોય તો ભાવઅંશનું પ્રત્યક્ષ થતાં તેનાથી અભિન્ન અભાવાંશનું અપ્રત્યક્ષ કેવી રીતે રહેશે ? ઘટને ગ્રહણ કરતાં તેનાથી અભિન્ન ઘટ સ્વરૂપ જણાઈ જ આવે છે. હવે જો તમો અભાવાંશને ભાવાંશથી ભિન્ન માનશો તો ઘટાદિ અભાવથી રહિત–ભિન્ન એવા ભૂતલને પ્રત્યક્ષથી ગ્રહણ કરતાં "ઘટાભાવાભાવવદ્ ભૂતલં" આવું પ્રત્યક્ષ થશે - એટલે તમે ઘટાભાવથી શૂન્ય એવા ભૂતલનું જ્ઞાન કર્યું અને ઘટાભાવાભાવ = ઘટ અર્થ નીકલે છે, એટલે તમારે ઘટાદિ[1]નું ગ્રહણ કરવાનું જ થયું ને ! કારણ કે કોઈ વસ્તુના અભાવનું ગ્રહણ ન થવું તેનો મતલબ તેનાં ભાવને ગ્રહણ કરવો છે. એટલે ભૂતલમાં ઘટનું જ્ઞાન થાય ત્યારે જ એમ કહી શકાય કે અહીં ઘટાભાવ નથી. " આ ઘટાભાવ સ્વરૂપ નથી" એવું ક્યારે કહી શકાશે. ? તો કહેવું પડશે કે આ ઘટ સ્વરૂપ છે માટે, જે જે ઘટ સ્વરૂપ નથી તેતે ઘટાભાવ સ્વરૂપહોય છે. અને ઘટાભાવ સ્વરૂપ તો પટાદિ આવશે તેનાથી ભિન્ન ઘટ જ આવશે ને ! જ્યારે પ્રત્યક્ષથી ઘટનું ગ્રહણ થઈ ગયું તો પછી પાછળથી પ્રવૃત્ત થનારૂં અભાવ પ્રમાણ તેનો (ઘટના સદ્ભાવનો) નિષેધ ન કરી શકે. (વળી તમારા અભાવ પ્રમાણનું સ્વરૂપ જ એવું છે કે પ્રમાણપંચકની પ્રવૃત્ત ન થતી હોય તો જ લાગું પડે છે. જ્યારે અહીં તો ઘટના ગ્રહણ માટે પ્રત્યક્ષ પ્રમાણ પ્રવૃત્ત થઈ ગયું છે, તેથી હવે અભાવ પ્રમાણ અહીં પ્રવૃત્ત થઈ શકશે નહીં. જો અભાવ પ્રમાણ ઘટનો નિષેધ કરશે તો પ્રત્યક્ષને ભ્રાંતમાનવું પડશે. કારણ કે અસંકીર્ણને• ઘટરહિત ભૂતલને સંકીર્ણ-ઘટ સહિત જાણ્યું. અભાવ પ્રમાણથી ઘટાભાવવાળું= ઘટથી અસંકીર્ણ ભૂતલ જણાય છે. જ્યારે પ્રત્યક્ષે તો ઘટથી સંકીર્ણ ભૂતલ જોયું એમ અર્થ વ્યભિચારી બનવાથી તો પ્રત્યક્ષ અપ્રમાણ- ભ્રાંત બની જશે.

૧ तदभावग्रहण० डे० । २ चाभावग्रहणमपि-डे० । ३ अन्यथ सङ्की०-डे० ।

૧. →તમારા મતે તો હવે ભાવાંશથી અભાંવાશ ભિન્ન હોવાથી પ્રત્યક્ષ અભાવ અંશનો ગ્રાહક નહી બને માટે પ્રત્યક્ષથી માત્ર ભૂતલનું જ જ્ઞાન થશે, પણ ઘટાભાવનું નહી થાય અને ઘટાભાવનું જ્ઞાન ન થયુ માટે આવું નક્કી થઈ જશે કે ભૂતલ ઘટાભાવના અભાવવાળો છે = ઘટવાળો છે. આમાં દૃષ્ટાન્ત → પાતરું અને ભોજન સર્વથા ભિન્ન હોય–એકબાજુ જુદુ પડેલુ હોય તો જે વખતે આંખથી પાત્રાને જોશું ત્યારે ભોજનનું ગ્રહણ નહીં થાય, માત્ર ખાલી પાત્ર જોયું, તો પછી ભોજનવાળુ પાત્ર આવું જ્ઞાન કેમ સંભવે. પેન અને નોટ સર્વથા જુદા પડ્યા છે, તો તમે જ્યારે પેનને લેવા જશો તો હાથમાં એકલી પેન જ આવશે, નોટ ક્યાંથી આવે તો પછી હવે નોટવાળી પેનનું ગ્રહણ કેવી રીતે થઇ શકે. એટલે તમારા હિસાબે ઘટાભાવથી ભિન્ન એકલા ભૂતલનું પ્રત્યક્ષથી ગ્રહણ થશે. ત્યારે ઘટનું ગ્રહણ થઈ જ જશે કા.કે. અભાવનો નિષેધ પ્રતિયોગીના જ્ઞાનથી જ કરી શકાય છે.

§ ૪૨. अपि चायं प्रमाणपञ्चकनिवृत्तिरूपत्वात् तुच्छः । तत एवाज्ञानरूपः कथं प्रमाणं भवेत् ? । तस्मादभावांशात्कथञ्चिदभिन्नं भावांशं परिच्छिन्दता प्रत्यक्षादि[1]ना प्रमाणेनाभावांशो गृहीत एवेति तदतिरिक्तविषयाभावान्निर्विषयोऽभावः । तथा च न प्रमाण[2]मिति स्थितम् ॥१२॥

§ ૪૩. विभागमुक्त्वा विशेषलक्षणमाह-

विशदः प्रत्यक्षम् ॥१३॥

§ ૪૪. सामान्यलक्षणानुवादेन विशेषलक्षणविधानात् 'सम्यगर्थनिर्णयः' इति प्रमाणसामान्यलक्षणमनूद्य 'विशदः' इति विशेषलक्षणं प्रसिद्धस्य प्रत्यक्षस्य विधीयते । तथा च प्रत्यक्षं धर्मि ।

---

૪૨. સત્તાને-સત્પદાર્થને ગ્રહણ કરનારા-વસ્તુનાસદ્ભાવને જણાવનારા પ્રત્યક્ષ આદિ પાંચ પ્રમાણોની પ્રવૃત્તિ ન થવી તે અભાવ પ્રમાણ છે । એમ આ અભાવ પ્રમાણ પાંચ પ્રમાણની નિવૃત્તિ રૂપ હોવાથી તુચ્છ[1] = નિઃસ્વરૂપ છે. એથી જ અજ્ઞાન રૂપ હોવાથી તેને પ્રમાણ કેવી રીતે મનાય ? તેથી વાસ્તવમાં અભાવાંશથી કથંચિત્ અભિન્ન ભાવાંશને જણાવવાવાળું પ્રત્યક્ષાદિ[2] પ્રમાણથી અભાવ અંશ પણ જણાઈ જ જાય છે. આનાથી અતિરિક્ત કોઈ જાણવાનો વિષય બચતો નથી. માટે અભાવ પ્રમાણ વિષય શૂન્ય છે. એટલે વિષય શૂન્ય હોવાથી પ્રમાણરૂપ નથી. ॥૧૨॥

૪૩. પ્રમાણના ભેદ બતાવીને વિશેષ લક્ષણ દર્શાવે છે.....

વિશદ સ્પષ્ટતાવાળું પ્રત્યક્ષ પ્રમાણ છે. ॥૧૩॥

૪૪. સામાન્ય લક્ષણનો અનુવાદ કરી વિશેષ લક્ષણનું વિધાન કરવું જોઈએ. આ ન્યાયના અનુસારે "સમ્યગ્ અર્થ નિર્ણય" આ સામાન્ય લક્ષણનો અનુવાદ કરી પ્રસિદ્ધ પ્રત્યક્ષનું "વિશદ" હોય તે પ્રત્યક્ષ એમ વિશેષ લક્ષણ કરવામાં આવે છે. એટલે પ્રત્યક્ષ એ ધર્મી-પક્ષ છે.

१-० दिनाभावां ०-ता० । २ प्रमाणमिति । विभाग०-ता० ।

---

૧ ભાટ્ટો એવું માને છે જ્યાં પાંચેમાંથી એક પણ પ્રમાણલાગું ન પડતું હોય ત્યાં આ છટ્ઠું અભાવ પ્રમાણ લાગુ પડે છે. પણ જ્યાં પાંચમાંથી એક પણ પ્રમાણ લાગું પડે તે વસ્તુ સદ્ હોય છે, જ્યારે અહીં તો પાંચેની નિવૃત્તિ હોવાથી તેનો વિષય અસદ્ બનશે, તેથી તેનું ગ્રાહક અભાવ પ્રમાણ પણ અસદ્-તુચ્છ માનવું પડશે. અતુચ્છ-સદ્પદાર્થ ક્યારે અસદ્ને પકડે નહીં. હાથથી ક્યારેય સસલાનું શિંગડુ પકડાતું નથી. હવે કોઈ કહે મેં હાથથી સસલાનું શિંગડું પકડ્યું તો આપણે તે કહેનારને જ તુચ્છ-મૃષાવાદી માનશું. યદ્વા "ઇન્દ્રિજન્ય જ્ઞાનં" તે પ્રત્યક્ષ કહેવાય, તેમ અભાવ પ્રમાણનું શુ સ્વરૂપ છે ? પાંચ પ્રમાણની પ્રવૃત્તિ ન થવી તેનું નામ જ અભાવ પ્રમાણ. હવે જ્યાં પાંચેમાંથી એક પણ પ્રમાણની પ્રવૃત્તિ ન દેખાતી હોય તે પ્રમાણ કેવી રીતે હોઇ શકે, ચાક્ષુષજ્ઞાનમાં પ્રત્યક્ષપ્રમાણની પ્રવૃત્તિ દેખાય છે, માટે તેને પ્રમાણ કહી શકાય છે. એટલે પ્રમાણની પ્રવૃત્તિ=અર્થક્રિયા જ્યાં બિલકુલ ન ઘટે તે અસત્ તુચ્છ જ હોય ને-કારણ કે અર્થક્રિયાવાળુ જે હોય તે સત્ કહેવાય. અહીં અભાવ પ્રમાણમાં તમે પ્રમાણ સંબંધી અર્થક્રિયાનો તો જાતે જ નિષેધ કરો છો, માટે પ્રમાણ રૂપ ન કહેવાય- અજ્ઞાનરૂપ કહેવાશે. (વળી પ્રમેય વિ.ની અર્થક્રિયાતો તમને તેમાં માન્ય છે જ નહીં, એમ કોઈ પણ જાતની અર્થક્રિયા ન ઘટવાથી અભાવપ્રમાણ તુચ્છ રૂપ જ છે)

૨ ઘટના રૂપાદિની જેમ ઘટાભાવવત્ત્વ એને ભૂતલના ધર્મ તરીકે માની પ્રત્યક્ષ કરી શકાય છે, આદિથી પ્રતિયોગી = ઘટના સ્મરણપૂર્વક અનુયોગી = ઘટાભાવવાળા ભૂતલનું પ્રત્યક્ષ થવાથી ઘટાભાવનું જ્ઞાન થતુ હોવાથી પ્રત્યભિજ્ઞા પણ માની શકાય છે, બધો વિવક્ષા ઉપર આધાર રાખે છે.

विशदसम्यगर्थनिर्णयात्मकमिति साध्यो धर्मः । प्रत्यक्षत्वादिति हेतुः । यद्विशदसम्यगर्थनिर्णयात्मकं न भवति न तत् प्रत्यक्षम्, यथा परोक्षमिति व्यतिरेकी । धर्म्मिणो हेतुत्वेऽनन्वयदोष इति चेत्, न, विशेषे धर्मिणि धर्मिसामान्यस्य हेतुत्वात् । तस्य च विशेषनिष्ठत्वेन विशेषेष्वन्वयसम्भवात् । सपक्षे वृत्तिमन्तरेणापि च विपक्षव्यावृत्तिबलाद्गमकत्वमित्युक्तमेव ॥१३॥

§ ૪૫. अथ किमिदं वैशद्यं नाम ? यदि स्वविषयग्रहणम्, तत् परोक्षेष्व्[1]क्षुणम् । अथ स्फुटत्वम्, तदपि स्वसंविदित्वात् सर्वविज्ञानानां सममित्याशङ्क्याह-

प्रमाणान्तरानपेक्षेदन्तया प्रतिभासो वा वैशद्यम् ॥१४॥

§ ૪૬. प्रस्तुतात् प्रमाणाद् यदन्यत् प्रमाणं शब्दलिङ्गादिज्ञानं तत् प्रमाणान्तरं तन्निरपेक्षता 'वैशद्यम्' । नहि शा[2]ब्दानुमानादिवत् प्रत्यक्षं स्वोत्पत्तौ शब्दलिङ्गादिज्ञानं प्रमाणान्तरमपेक्षते इत्येकं वैशद्यलक्षणम्।

"विशद सम्यग् अर्थ निर्णय" स्वરૂप साध्य छे. प्रत्यक्षत्वात् એ हेतु छे. જે જ્ઞાન વિશદ અને સમ્યગ્ અર્થ નિર્ણય સ્વરૂપ નથી તે પ્રત્યક્ષ પણ નથી. જેમ પરોક્ષ પ્રમાણ, એ પ્રમાણે અહીં કેવલવ્યતિરેકી હેતુ છે. દરેક પ્રત્યક્ષ પ્રમાણો પક્ષમાં સમાવિષ્ટ થઈ જતા હોવાથી અન્વય દૃષ્ટાન્ત મળી શકતું નથી.

● શંકાકાર - પક્ષને હેતુરૂપ બનાવાથી અનન્વય દોષ આવશે. જેમ ઘટ છે, ઘટ હોવાથી "घटो घटः" આવું બોલવું તે સંગત નથી એટલે એક પદ અન્ય પદથી સાકાંક્ષ ન હોવાથી અન્વય- સંબંધ ન થઈ શકે.

● સમાધાન - દોષ નથી. કારણ કે પ્રત્યક્ષ વિશેષ એ પક્ષ છે. અને પ્રત્યક્ષ સામાન્ય હેતુ છે. બધા વિશેષમાં સામાન્યની વ્યાપ્તિ હોય છે. જેમ ઘટ પ્રત્યક્ષ પટ પ્રત્યક્ષ ઈત્યાદિ જે જે વિશેષ પ્રત્યક્ષ છે, તે બધામાં પ્રત્યક્ષત્વ તો રહેલું જ છે. ઘટ પ્રત્યક્ષ પણ એકજાતનું પ્રત્યક્ષ છે, "પૈસાદાર માણસ પણ છે તો માણસ, કંઈ દેવ નથી," એમ વિશેષ માણસમાં માણસ સામાન્યનો અન્વય થઈ શકે છે, પરંતુ હા "માણસ માણસ છે" આવો સંબંધ ન બેસે. એટલે અમારે તો અનન્વય[1]—અસંબંધ દોષ આવતો નથી. જો કે અહીં સપક્ષસત્ત્વ નથી. તો પણ હેતુ વિપક્ષવ્યાવૃત્તિના બલથી ગમક બને છે. જેમ ગંધત્વ હેતુ પૃથ્વી સિવાય અન્યત્ર નથી જ રહેતો છતાં તેના આધારથી તે પૃથ્વીની સિદ્ધિ કરી આપે છે. આ વાત પહેલાં કહેવાઈ ગઈ છે. ॥ ૧૩॥

૪૫ શંકાકાર - આ વિશદતા શું છે ? શું પોતાના વિષયને ગ્રહણ કરવું તેનું નામ વિશદતા છે ? પણ તે તો પરોક્ષ પ્રમાણમાં હોય છે. સ્ફુટતા એવો અર્થ માનો તો તે પણ યુક્ત નથી. કારણ કે બધા પ્રમાણો સ્વસંવેદી હોવાથી બધામાં સ્ફુટતા તો અકબંધ રહેલી જ છે.

આ શંકાનું સમાધાન કરવા ગ્રંથકાર કહે છે...

અન્ય પ્રમાણની અપેક્ષા ન હોવી અથવા "આ ઘડો છે" એમ 'આ' રૂપે જ પ્રતીતિ થવી તેનું નામ વિશદતા ॥ ૧૪॥

૪૬. અહીં પ્રસ્તુત પ્રત્યક્ષ પ્રમાણથી ભિન્ન શબ્દ, લિંગ વગેરેનું જ્ઞાન તે પ્રમાણાન્તર કહેવાય. તેમની

१ दृक्षु-रु-क्षुंक् शब्दे-गण- ॥ 26, 27, 28 । उणादौ स्थाक्षुतोस्र [१८५] इति णे क्षुणमपराधः । २ शब्दानु०-डे० ।

१ અનન્વય : સંબંધકા અભાવ, જેમકે गगनं गगनाकारं (સં.हिं.)

लक्षणान्तरमपि 'इदन्तया प्रतिभासो वा' इति, इदन्तया विशेषनिष्ठतया यः प्रतिभासः सम्यगर्थनिर्णयस्य सोऽपि 'वैशद्यम्' । 'वा' शब्दो लक्षणान्तरत्वसूचनार्थः ॥१४॥

§ ४७. अथ मुख्यसांव्यवहारिकभेदेन द्वैविध्यं प्रत्यक्षस्य हृदि निधाय मुख्यस्य लक्षणमाह-

तत् सर्वथावरणविलये चेतनस्य स्वरूपाविर्भावो मुख्यं केवलम् ॥१५॥

અપેક્ષા ન હોવી તેનું નામ વિશદતા છે. જેમ શાબ્દ પ્રમાણની ઉત્પત્તિમાં પહેલા શબ્દ જ્ઞાનની અને અનુમાન પ્રમાણની ઉત્પત્તિમાં લિંગ જ્ઞાનની અપેક્ષા રહે છે. તેની જેમ પ્રત્યક્ષની ઉત્પત્તિમાં શબ્દ-લિંગાદિના જ્ઞાન સ્વરૂપ અન્ય પ્રમાણની અપેક્ષા નથી રહેતી, આ વિશદતાનું એક લક્ષણ થયું.

વિશદતાનું બીજું લક્ષણ બતાવે છે. ઈદન્તા 'આ' રૂપે પ્રતિભાસ થવો. ધૂમથી અનુમિતિ દ્વારા કે શબ્દથી સંકેતદ્વારા જે વહ્નિ નિશ્ચિત થાય છે, તે વહ્નિ સામાન્ય નિશ્ચિત થાય છે. એટલે કે વહ્નિત્વેન વહ્નિનો નિશ્ચય થાય છે. પણ પર્વતપર વાસ્તવિક જે વહ્નિ વિશેષ રહ્યો છે, એના વિશેષધર્મોને આગળ કરીને એનો નિશ્ચય થતો નથી. એ તો પ્રત્યક્ષથી જ થાય છે, એટલે જ પ્રત્યક્ષથી થતા બોધમાં જે "अयंवह्निः" એવો ઉલ્લેખ થાય છે. અનુમિત્યાદિથી થતા બોધમાં માત્ર "वह्निः" ઉલ્લેખ થાય પણ "अयंवह्निः" એવો નહીં. 'अयं' એ ઈદં સર્વનામનું રૂપ છે, માટે વહ્નિમાં ઈદન્તા આવી અને આ अयं શબ્દ એક ચોક્કસ વહ્નિને જણાવે છે (જે આવા આવા ચોક્કસ રંગની-આટલી ઉંચી આવી પ્હોળી જવાલાઓ ધરાવે છે, વગેરે વગેરે ચોકસાઈ સાથે સામે રહેલો વહ્નિ.. આ જ એ વહ્નિની વિશેષતા છે) માટે ઈદન્તા વિશેષ નિષ્ઠા છે એટલે વિશેષ-વ્યક્તિ વિશેષમાં રહેલી છે. અનુમિતિ વગેરે દ્વારા ભાસતા વહ્નિમાં આવી કોઈ વિશેષતાઓ ભાસતી ન હોવાથી એનો 'पर्वते वह्निः એમ ઉલ્લેખ થઈ શકે છે પણ "पर्वते अयं वह्नि" એવો નહીં, માટે એમાં વૈશદ્ય નથી)

[• 'શંકા →સૂત્રમાં કહ્યું છે કે પ્રત્યક્ષને અન્ય પ્રમાણની અપેક્ષા નથી રહેતી. તેનું નામ વૈશદ્ય છે. જ્યારે ૧-૧-૧૦માં ચકાર મૂકીને જણાવ્યું છે કે પ્રત્યક્ષ પણ અન્ય પ્રમાણની અપેક્ષા રાખે છે. તો પછી આ બે વાત માં વિરોધ આવ્યોને ?

• સમા →૧-૧-૧૦માં ચકાર પ્રત્યક્ષની જેમ અન્ય પ્રમાણ પણ સમાન બળવાળા છે, તે દર્શાવવા માટે છે. વળી અનુમાનાદિ તો અવશ્ય અન્ય પ્રમાણની અપેક્ષા રાખે છે, પ્રત્યક્ષમાં તેવું ફરજિયાત નથી. વળી તેનું વૈશદ્ય જણાવવા ઈદંતા પ્રતિભાસ" એવું વૈશદ્યનું બીજું લક્ષણ કહ્યું છે.] સૂત્રમાં પ્રયુક્ત 'વા' શબ્દ આવા બીજા લક્ષણનો સૂચક છે. ॥૧૪॥

૪૭. મુખ્ય અને સાંવ્યવહારિકના ભેદથી પ્રત્યક્ષ બે પ્રકારે છે. એ હકીકતને મનમાં ધારી મુખ્ય– પ્રધાન પ્રત્યક્ષનું લક્ષણ કહે છે...

§ ૪૮. 'तत्' इति प्रत्यक्षप[1]रामर्शार्थम्, अन्यथानन्तरमेव वैशद्यमभिसम्बध्येत । दीर्घकालनिरन्तरस[2]त्कारासेवितरत्नत्रयप्रकर्षपर्यन्ते एकत्ववितर्काविचारध्यानबलेन निःशेषतया ज्ञानावर[3]णादीनां घातिकर्मणां प्रक्षये सति चेतनास्वभावस्यात्मनः प्रकाशस्वभावस्येति यावत्, स्वरूपस्य प्रकाशस्वभावस्य सत एवावरणापगमेन 'आविर्भावः' आविर्भूतं स्वरूपं मुखमिव शरीरस्य सर्वज्ञानानां प्रधानं 'मुख्यम्' प्रत्यक्षम् । तच्चेन्द्रियादिसाहायकविरहात् सकलविषयत्वादसाधारणत्वाच्च 'केवलम्' इत्यागमे प्रसिद्धम् ।

§ ૪૯. प्रकाशस्वभावता कथमात्मनः सिद्धेति चेत्, एते ब्रूमः-आत्मा प्रकाशस्वभावः, असन्दिग्धस्वभावत्वात्, यः प्रकाशस्वभावो न भवति नासावसन्दिग्धस्वभावो यथा घटः, न च तथात्मा, न खलु कश्चिदहमस्मि न वेति सन्दिग्धे इति नासिद्धो हेतुः। तथा, आत्मा प्रकाशस्वभावः, बोद्धृत्वात्,

જ્ઞાનાવરણાદિનો સર્વથા વિલય થતા ચેતન (આત્મા)ના સ્વરૂપનું પ્રગટ થવું તે કેવલજ્ઞાન નામનું મુખ્ય પ્રત્યક્ષ છે. ॥૧૫॥

૪૮. तत् શબ્દ પ્રત્યક્ષનો પરામર્શ કરવા માટે છે, અન્યથા તરતજના ઉપરનાં સૂત્રમાં કહેવાયેલ વૈશદ્યનું ગ્રહણ થઈ જાત.

લાંબા કાલ સુધી સતત બહુમાન પૂર્વક સાધના કરાયેલ રત્નત્રયના પ્રકર્ષના પર્યન્તે-પરાકાષ્ઠાએ એકત્વ વિતર્ક અવિચાર નામના શુક્લ ધ્યાનના બલથી સંપૂર્ણ રીતે જ્ઞાનાવરણીય વગેરે ઘાતિકર્મનો ક્ષય થતા ચૈતન્ય-પ્રકાશ સ્વભાવવાળા આત્માનો પ્રકાશ સ્વરૂપ- તમામે તમામ પદાર્થને સાક્ષાત્ જોવા અને જાણવાનો જેનો સ્વભાવ છે, આવાં સ્વભાવનો આવિર્ભાવ થવો, [એટલે કે सतः -અનાદિકાળથી જે સ્વભાવ આત્મામાં પડેલો જ છે, પરંતુ કર્મના આવરણથી અવરાયેલો હતો, તેવા વિદ્યમાન સ્વભાવનો જ આવરણ દૂર થવાથી આવિર્ભાવ થાય છે. સર્વથા વિદ્યમાન ન હોય તે ક્યારેય પ્રગટ ન થાય–પેદા પણ ન થાય, આમ કહેવાથી असत्सत् બને છે એવા બૌદ્ધનો નિરાસ થાય છે.] એટલે કે આત્માનું એ સ્વરૂપ ખિલી ઉઠવું. તે સર્વજ્ઞાનોમાં મુખ્યપ્રધાન પ્રત્યક્ષ છે, જેમ શરીરમાં મોઢું મુખ્ય-પ્રધાન ગણાય છે. આ પ્રત્યક્ષ જ્ઞાનમાં ઈન્દ્રિય, આલોક, અન્યજ્ઞાન આદિ કોઈની પણ અપેક્ષા રહેતી નથી માટે, દરેકે દરેક પદાર્થના પર્યાય સહિત બધા પદાર્થને પોતાનો વિષય બનાવતું હોવાથી અને અસાધારણ = એના તોળે બીજું કોઈ જ્ઞાન ન હોવાથી આ પ્રત્યક્ષને આગમમાં (જૈન સિદ્ધાન્તમાં) કેવલજ્ઞાન તરીકે સંબોધવામાં આવે છે. केवल(वि०)→समस्त, पूरा, अकेला, असाधारण (सं.हिं.)

૪૯. શંકાકાર - આત્મા પ્રકાશ સ્વભાવવાળો છે, આ કેવી રીતે સિદ્ધ થાય ?

● સમાધાન - આત્મા પ્રકાશ સ્વભાવવાળો છે, કારણ કે તે અસંદિગ્ધ સ્વભાવવાળો છે,જે પ્રકાશ સ્વભાવવાળો નથી, તે અસંદિગ્ધ સ્વભાવવાળો નથી હોતો, જેમ ઘટ (असंदिग्धस्वभाव→પોતાના જ્ઞાનમાં સંશયવાળો ન હોવું એવો સ્વભાવ) 'આત્મા અસંદિગ્ધ સ્વભાવવાળો નથી' એવું નથી, કારણ કે " હું છું કે

१ प्रत्यक्षस्य परा०-डे- । २ बहुमान० । ३ ज्ञानावरणीयादीनाम्-डे० ।

यः प्रकाशस्वभावो न भवति नासौ बोद्धा यथा घटः, न च न बोद्धात्मेति । तथा, यो यस्याः क्रियायाः कर्त्ता न स तद्विषयो यथा गतिक्रियायाः कर्त्ता चैत्रो न तद्विषयः, ज्ञप्तिक्रियायाः कर्ता चात्मेति ।

§ ५०. अथ प्रकाशस्वभावत्व आत्मनः कथमावरणम् ?, आवरणे वा सततावरणप्रसङ्गः, नैवम्, प्रकाशस्वभावस्यापि चन्द्रार्कादेरिव रजोनीहाराभ्रपटलादिभिरिव ज्ञानावरणीयादिकर्म्मभिरावरणस्य सम्भवात्, चन्द्रा[1]र्कादेरिव च प्रबलप[2]वमानप्रायै[4]र्ध्यानभावनादिभिर्विलयस्येति[3] ।

§ ५१. ननु सादित्वे स्यादावरणस्योपायतो विलयः, नैवम्, अनादेरपि सुवर्णमलस्य

नथी" એવો સંદેહ કોઈ પણ આત્માને નથી હોતો. એટલે 'असंदिग्धत्वात्" આ હેતુ અસિદ્ધ નથી.તેમજ "આત્મા પ્રકાશ સ્વભાવવાળો છે, બોદ્ધા=જાણનાર હોવાથી" જે પ્રકાશ સ્વભાવવાળો નથી હોતો તે બોદ્ધા પણ નથી હોતો, જેમ ઘડો, આત્મા જાણવાવાળો નથી, એવું નથી.ઘટ કશું જાણતો નથી, તો તે પ્રકાશ સ્વભાવવાળો પણ નથી.

તથા જે (ન૨) જે ક્રિયાનો કર્તા હોય (ન૨-) તે પુરુષ તે ક્રિયાનો વિષય નથી હોતો, જેમ ગતિક્રિયાનો કર્તા ચૈત્ર ગતિક્રિયાનો વિષય નથી, ચૈત્ર ગમન કરશે તો તે કોઈ ગામ વગેરેને વિષય બનાવીને જ કરશે, પણ પોતાની તરફ જવા માટે ગમન ક્રિયા કરે નહિં. એટલે પોતે ગતિક્રિયાનો વિષય બનતો નથી. એમ આત્મા જ્ઞપ્તિ ક્રિયાનો કર્તા છે. તેથી તે તેનો વિષય[1] નથી માટે જ્ઞપ્તિક્રિયાના કર્તા તરીકે આત્મા સિદ્ધ થયો એટલે જ્ઞપ્તિક્રિયાનો કરનાર હોવું એનું જ નામ પ્રકાશમય હોવું.

૫૦. શંકાકાર - જો આત્મા પ્રકાશ સ્વભાવવાળો છે, તો પછી તેનાં પર આવરણ કયાંથી ? (પહેલેથી) આવરણ છે, તો પછી સદા રહેવાં જ જોઈએ ને ! જો આત્મા પર આવરણ જ હોયતો પ્રકાશસ્વભાવનો શો મતલબ ?

સમાધાન : જેમ ચંદ્રસૂરજ વગેરે પ્રકાશશીલ છે, તો પણ ધૂળ નીહાર-ઝાલક, વાદળ વગેરે દ્વારા આવરણ આવી જાય છે. તેમ જ્ઞાનાવરણીયાદિ કર્મથી આવરણ સંભવી શકે છે. અને જેમ જોરદાર પવનથી ચંદ્રસૂર્યનાં આવરણ દૂર હટી જાય છે, તેમ પ્રચંડપવનસમા ધ્યાન-ભાવનાદિથી આત્માના આવરણ વિલયપામી જાય છે.

---

१ चन्द्रादेरिव-ता० । २ -०पवनप्राय०-ता० । ३ विलयस्य चेति-डे० मु० । ४ प्र+अय्+घञ्= प्रायः (पु.) समास के अन्तमें लगकरके समान, मिलता जुलता, बहुधा, (सं.हि.)

---

१ "अहं घटं जानामि " આવો અનુભવ થાય પણ अहं माम् जानामि આવો તો અનુભવ પણ થતો નથી. હા એ વાત સાચી છે કે અન્ય વિષયનું જ્ઞાન કરતા આત્માને તે વિષયનું અને વિષયના જ્ઞાનનું ભાન થાયએટલે પોતે આ જ્ઞપ્તિ ક્રિયાને કરે છે એની ખબર આત્માને ચોક્કસ પડે છે. એમાં વાંધો નથી કારણ કે ગમનકર્તા ચૈત્રને ખબર પડે જ છે ને કે પોતે જઈ રહ્યો છે. વળી હું આત્માને ઓળખુ છું ત્યાં પણ હું મને ઓળખું છું." એવો માત્ર તાત્પર્ય નથી પરંતુ "હું." એક શાશ્વત ચૈતન્ય દ્રવ્ય છું" એમ જેનું પોતાને ભાન ન હતું તે વિશેષનું અહીં જ્ઞાન કરવાનું છે, એટલે હું કરતા અલગ વિષય બને છે."હું મારી જાતને ઓળખું છું "અહીં પણ પોતાના કોઈ વિશેષ ધર્મને પ્રમાતા વિષય બનાવે છે, એમ દરેક જાતની જ્ઞપ્તિક્રિયામાં આત્મા ખુદ કરતા અન્યને વિષય બનાવે છે, ભલે પછી પોતે તે પ્રક્રિયાથી અભિન્ન હોવાથી ખુદનું ભાન કરે તેમાંપણ अहं माम् जानामि એવો આકાર તો નથી પડતો, પરંતુ अहं घटं जानामि એમ "जानामि"થી સ્વની ખબર પડે છે- ભાન થાય છે.

क्षारमृत्पुटपाकादिना विलयोपलम्भात्, तद्वदेवानादेरपि ज्ञानावरणीयादिकर्मणः प्रतिपक्षभूत-रत्नत्रयाभ्यासेन विलयोपपत्तेः ।

§ ५२. न चामूर्त्तस्यात्मनः कथमावरणमिति वाच्यम्, अमूर्ताया अपि चेतनाशक्तेर्मदिरा-मदनकोद्रवादिभिरावरणदर्शनात् ।

§ ५३. अथावरणीयतत्प्रतिपक्षाभ्यामात्मा विक्रियेत न वा ? किं चातः ?

"वर्षातपाभ्यां किं व्योम्नश्चर्मण्यस्ति तयोः फलम् ।
चर्मोपमश्चेत् सोऽनित्यः खतुल्यश्चेदसत्फलः ॥"

इति चेत्, न, अस्य दूषणस्य कूटस्थनित्यतापक्ष एव सम्भवात्, परिणामिनित्यश्चात्मेति तस्य पूर्वापरपर्यायोत्पादविनाशसहितानु[1]वृत्तिरूपत्वात्,

---

५१. शंकाकार - જો આવરણ સાદિ હોય તો જ તેનો ઉપાયથી નાશ સંભવી શકે ?

● સમાધાન - ના, આવું જરૂરી નથી. સોના ઉપર મલ અનાદિ કાલનો લાગેલો હોવા છતાં ખાર[1] મૃત્પુટ પાક વગેરે દ્વારા તે મલ દૂર થાય છે. તેની જેમ જ્ઞાનાવરણીય વગેરે કર્મ પ્રવાહથી અનાદિ કાળનાં હોવા છતાં તે આવરણના વિરોધી = સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અભ્યાસથી તેમનો વિનાશ સંભવે છે.

५२. शंकाकार - અમૂર્ત્ત આત્મા પર આવરણ કેવી રીતે આવ્યા ?

● સમાધાન - જેમ અમૂર્ત્ત ચેતના શક્તિ ઉપર મદિરા, મદનકોદ્રવ આદિનાં કારણે આવરણ આવે છે તેમ. એટલે આપણી ચેતના શક્તિ તો રૂપાદિ રહિત હોવાથી ચર્મચક્ષુથી-લૌકિકપ્રત્યક્ષ બાહ્ય-ઈંદ્રિયથી જાણી શકાતી નથી, એટલે અમૂર્ત્ત છે, છતાં મદિરાવિ. મૂર્ત્ત પદાર્થોથી તેમાં–તે શક્તિમાં ખામી આવે છે, એવું આપણે મદિરા પીધેલ માણસમાં જોઈએ છીએ. તેમ આત્મા અમૂર્ત્ત હોવા છતાં મૂર્તિમંત જ્ઞાનાવરણીયાદિ કર્મથી આત્મશક્તિનો હ્રાસ સંભવી શકે છે.

५३. शंकाकार - શું જ્ઞાનાવરણીય વગેરે કર્મથી અને તેનાં પ્રતિપક્ષભૂત રત્નત્રયથી આત્મામાં વિકાર–ફેરફાર આવે છે. – પેદા થાય છે કે નહિ ? किं चातः = અને વિકાર આવવાથી શું થાય ? એટલે તેનું પરિણામ આત્માને શું મળે ? જેમકે વરસાદ વર્ષે કે તડકો પડે આકાશનું શું બગડે ? તે બન્નેનું ફલ ચામડામાં જોવા મળે, હવે જો આત્મા ચામડા સરખો હોય તો અનિત્ય બની જશે. અને આકાશ જેવો નિત્ય હોય તો તેનાં ઉપર આવરણ કે રત્નત્રયનો કશો પ્રભાવ નહીં પડે ?

● સમાધાન - આ દોષ કૂટસ્થ નિત્ય માનવાના પક્ષમાં સંભવે, જ્યારે આત્માતો પરિણામી નિત્ય છે. એથી જૂના પર્યાયનો નાશ અને નવા પર્યાયનો ઉત્પાદ થવાની સાથે આત્મદ્રવ્ય- દ્રવ્યરૂપે અનુવર્તનાર–અનૂસ્યૂત હોય છે.

એટલે જ્ઞાનાદિ શક્તિમાં ઉપઘાત કે અનુગ્રહ થવા માત્રથી કંઈ આત્મા સર્વથા અનિત્ય બની જતો નથી, અને સર્વથા નિત્યપણ રહેતો નથી. માટે અમારે તો કશો વાંધો નથી.

---

१ -०सहितानुवृत्तस्व०-डे० ।

---

१ અમુક ચોક્કસ પ્રકારના ક્ષારવાળી માટી રસાયણોનું કામ કરે છે, અને તેથી વિજાતીય તેજ સંયોગ આપતા ખાણમાંથી નીકળતા સોનામાં બીજા તત્ત્વો જે ભળેલા હોય છે તે દૂર થવા માંડે છે. માટીના ઘડામાં સોનું અને બોરેક્સ પાવડર (ક્ષાર હોય છે, મારવાડમાં સોગી કહે છે) નાંખવામાં આવે છે, પછી પ્રાઈમસથી ગરમ કરવામાં આવે છે, તેથી સોનામાંથી મેલ જુદો પડે છે.

एकान्तनित्यक्षणिकपक्षयोः सर्वथार्थक्रियाविरहात्, यदाह-

"अर्थक्रिया न युज्येत नित्यक्षणिकपक्षयोः ।
क्रमाक्रमाभ्यां भावानां सा लक्षणतया मता ॥" [लघी० २.१] इति ॥ १५ ॥

§ ५४. ननु प्रमाणाधीना प्रमेयव्यवस्था । न च मुख्यप्रत्यक्षस्य तद्वतो वा सिद्धौ किञ्चित् प्रमाणमस्ति । प्रत्यक्षं हि रूपादिविष[1]यविनियमितव्यापारं नातीन्द्रियेऽर्थे प्रवर्तितुमुत्सहते । नाप्यनुमानम्, प्रत्यक्षदृष्टलिङ्गलिङ्गिसम्बन्धबलो [प[2]]जननधर्मकत्वात्तस्य । आगमस्तु यद्यतीन्द्रियज्ञानपूर्वकस्तत्साधकः, तदेतरेतराश्रय[3]ः-

---

પરંતુ એકાંત નિત્યપક્ષમાં અને એકાંત ક્ષણિકપક્ષમાં કોઈ પણ જાતની અર્થક્રિયા ઘટી શકતી નથી.

लघीयस्त्रयी માં કહ્યું છે કે → નિત્યપક્ષમાં કે ક્ષણિકપક્ષમાં અનુક્રમથી કે યુગપત્ અર્થક્રિયા ઘટી શકતી નથી. તે અર્થ ક્રિયા પદાર્થના લક્ષણ તરીકે માન્ય છે. (૨.૧) ॥૧૫॥

તેમના હિસાબે આત્મામાં વિકાર ન સંભવે, તેમને આત્મામાં વિકાર માને તો નિત્યપણું જતું રહે, અથવા નવો નવો આત્મા પેદા થતો હોવાથી પૂર્વનું આવરણ નવા ઉપર લાગે જ ક્યાંથી ? અને રત્નત્રયનો અભ્યાસ તો પુનઃપુનઃક્રિયારૂપ છે, તે પણ ક્ષણિકમાં ઘટી ન શકે, કા.કે. એકવાર ક્રિયા કરે તેટલામાં તો તે નાશ પામી જાય. જેમ એક દિવસે જેટલું ચણતર કર્યું તે પડી જાય તો કોઈ દિવસ મહેલ બને જ નહીં. આમ તમે જેને શબ્દાર્થ વિગેરેનો પાઠ કરાવો અને બીજા દિવસે બીજી વ્યક્તિ, ત્રીજા દિવસે ત્રીજી વ્યક્તિ આવે તો કોઈને તે પાઠનો અભ્યાસ સંભવી ન શકે, એથી કોઈનો પાઠ પાકો પણ ન થઈ શકે)

૫૪. પૂર્વપક્ષ →(પૂર્વમીમાંસક કુમારિલ ભટ્ટ) પ્રમેયની વ્યવસ્થા પ્રમાણને અધીન છે, એટલે આ વસ્તુ આવી છે, આવી વ્યવસ્થા તાદેશ રૂપે તે વસ્તુને કોઈ પણ પ્રમાણથી જાણીને જ કરી શકાય. જ્યાં સુધી પ્રમાણથી તેવું જ્ઞાન ન થાય ત્યાં સુધી "આ પદાર્થ આમ જ છે" એવો નિર્ણય લઈ શકાતો નથી.

કેવલજ્ઞાન કે કેવલજ્ઞાની પ્રમેયરૂપ તો છે, પણ મુખ્ય પ્રત્યક્ષ કેવલજ્ઞાન કે કેવલજ્ઞાની તેની સિદ્ધિ કરવામાં કોઈ પ્રમાણ નથી. એટલે પ્રત્યક્ષનો વ્યાપાર રૂપાદિ વિષયમાં જ નિયત દેખાય છે, માટે અતીન્દ્રિય એવાં કેવલજ્ઞાનમાં પ્રવર્તવા તે સમર્થ નથી બની શકતો.

ત્યાં અનુમાન પણ લાગુ પડી શકતું નથી, કારણ કે તે તો પ્રત્યક્ષથી દેખાયેલ લિંગ-સાધન લિંગી-સાધ્યના અવિનાભાવ સંબંધના બળથી જ ઉત્પન્ન થવાનો તેનો ધર્મ–સ્વભાવ છે. અતીન્દ્રિય જ્ઞાનપૂર્વકનું આગમ અતીન્દ્રિય જ્ઞાન છે જેનું = તે સર્વજ્ઞ (अतीन्द्रियं ज्ञानं यस्य सः= सर्वज्ञः) સર્વજ્ઞ પૂર્વક=કારણ – જનક છે જેનું તેવું જે આગમ છે, તે જ તેનું સાધક છે, એમ માનશો તો ઇતરેતરાશ્રય દોષ આવશે.

(શ્લોકવાર્તિક સૂત્ર ૨ શ્લોક ૧૪૨) માં આ પ્રમાણે દોષ દર્શાવ્યો છે.....

"આગમ વિના तद्=મુખ્ય પ્રત્યક્ષ સિદ્ધ થઈ શકતું નથી અને મુખ્ય પ્રત્યક્ષ વિના આગમ સિદ્ધ થઈ શકતું નથી. સર્વજ્ઞ પ્રણીત તરીકે તે આગમ સિદ્ધ થએ છતે તે સર્વજ્ઞનું આગમ પ્રમાણ ભૂત બને, અને તે

---

१ विषयविनिर्मित-डे० मु० । २ -०बलोपजनितध० -डे० मु० । ३ -०श्रयम्-ता० ।

"नर्ते तदागमात्सिध्येन्न च तेनागमो विना ।" [श्लोकवा० सू० २. श्लो० १४२]
इति । अपौरुषेयस्तु तत्साधको नास्त्येव । योऽपि-

"अपाणि[1]पादो ह्यम[2]नो ग्रहीता पश्यत्यचक्षु स शृणोत्यकर्णः ।
स वेत्ति विश्वं[3] न हि तस्य वेत्ता तमाहुरग्र्यपुरुषं महान्तम् ॥" [श्वेताश्व० ३.१६]
इत्यादिः कश्चिदर्थवादरूपोऽस्ति नासौ प्रमाणम् विधावेव प्रामाण्योपगमात् ।

આગમ પ્રમાણરૂપે સિદ્ધ થાય ત્યારે "તે સર્વજ્ઞ પ્રણીત છે", એમ સિદ્ધ થાય. એટલે આગમ પ્રમાણ ભૂત સિદ્ધ ન થાય ત્યાં સુધી તે આગમના આધારે "આ સર્વજ્ઞ પ્રણીત છે" એવું સિદ્ધ કેમ થાય ? "અતીન્દ્રિય પદાર્થનું પ્રતિપાદન આગમમાં કરેલ છે માટે તેવા પદાર્થનો દ્રષ્ટા કોક હોવો જોઈએ" આ રીતે અનુમાનથી અતીન્દ્રિય પદાર્થ પ્રતિપાદક આગમના આધારે સર્વજ્ઞની સિદ્ધિ થાય, પરંતુ જ્યાં સુધી સર્વજ્ઞ જ સિદ્ધ ન બને, તો તેનાથી પ્રણીત અતીન્દ્રિય પ્રતિપાદક આગમ ક્યાંથી સિદ્ધ થાય ? કારણ કે કોઈ સર્વજ્ઞ જ ન હોય તો અતીન્દ્રિય પ્રતિપાદક આગમ પ્રમાણભૂત સિદ્ધ કેવી રીતે થાય ? આગમમાં પ્રરૂપેલા અતીંદ્રિય પદાર્થો સત્ – વાસ્તવિક છે, એ આપણા જેવાને તો ખબર પડે નહિ, એટલે "આગમ સત્ય છે" એ સિદ્ધ કરવા માટે પહેલા અતીંદ્રિય દ્રષ્ટા– સર્વજ્ઞ સિદ્ધ કરવો જરૂરી છે, અને અસિદ્ધ આગમના આધારે ઉપરોક્ત અનુમાન કેવી રીતે કરી શકાય ?

● શંકાકાર → તેવા આગમને અપૌરુષેય માનીશું તેથી તેનાં પ્રામાણ્યમાં કોઈ શંકા નહિ રહે.

● સમાધાન - (પૂર્વપક્ષ) → આગમને અપૌરુષેય માનશો તો તેનો કોઈ પ્રતિપાદક સિદ્ધ જ નહિં થાય. એટલે આવા આગમથી અતીન્દ્રિય પ્રતિપાદક આગમના પ્રણેતા તરીકે સર્વજ્ઞ સિદ્ધ થઈ શકતો નથી.

જે વળી → "હાથ પગ વિનાનો હોઈ વેગશાળી છે, નેત્ર વગરના હોવા છતાં બધુ દેખે છે, કર્ણ વગરનો હોઈ બધુ સાંભળે છે, તે આખા વિશ્વને જાણે છે. પણ તેને કોઈ જાણતું નથી. તેજ સર્વોત્તમ મહાન પુરૂષ છે."

એમ શ્વેતાશ્વતરોપનિષદ્ (૩.૧૯) માં કહ્યું છે. આવું જે કાંઇ આગમમાં દેખાય છે, તે તો માત્ર અર્થવાદ છે. આ કંઈ પ્રમાણ ભૂત ન કહેવાય, એટલે સર્વજ્ઞને સિદ્ધ કરવા આવા અર્થવાદ[1]ને પ્રમાણરૂપે ન મૂકી શકાય. આગમની પ્રમાણતા વિધિ (કર્તવ્ય)ના વિષયમાં જ માનેલી છે.

પ્રત્યક્ષ, અનુમાન, અને આગમથી અન્ય પ્રમાણને તો અહીં અવકાશ જ નથી. સર્વજ્ઞ સદૃશ કોઈ વ્યક્તિ

---

१ ०पादौ ह्यम० -ता० । २ अत्र 'जवनो' इत्येव सम्यक्, तस्यैव शङ्करेण व्याख्यातत्वात् । ३ वैद्यं-श्वेता० ।

---

૧ વિધિ એટલે "पशुना यजेत" આવા જે વિધાન કરનારા વાક્ય છે, કે જેના દ્વારા કોઈક યાગાદિ અનુષ્ઠાનનું વિધાન કરાતું તેવા વાક્યો આગમમાં દર્શાવેલા છે, એટલે કે આગમમાં ઘણી જાતના વાક્યો આવે છે, કોઈ અર્થવાદ-પ્રશંસારૂપે હોય જેમ કવિ કોઈનું વર્ણન કરવા લાગે તો અનેક વધારાના અતિશય પણ સાહિત્ય સૌંદર્ય માટે બતાવે છે, તેમ ભક્તિથી વર્ણન કરતાં પ્રશંસા કરતા પણ આવું બને જ છે, "अथातो धर्मजिज्ञासा" વગેરે કોઈ અધિકારરૂપે હોય, તે બધા પ્રમાણભૂત નથી મનાતા, પરંતુ વિધિવાક્ય હોય તેજ પ્રમાણભૂત કહેવાય છે.

प्रमाणान्तराणां चात्रानवसर एवेत्याशङ्क्याह-

प्रज्ञातिशयविश्रान्त्यादिसिद्धेस्तत्सिद्धिः ॥१६॥

§ ૫૫. प्रज्ञाया अतिशयः-तारतम्यं क्वचिद्विश्रान्तम्, अतिशयत्वात्, परिमाणातिशयवदित्यनुमानेन निरतिशयप्रज्ञासिद्ध्या तस्य केवलज्ञानस्य सिद्धिः, तत्सिद्धिरूपत्वात् केवलज्ञानसिद्धेः । 'आदि'ग्रहणात् सूक्ष्मान्तरितदूरार्थाः कस्यचित् प्रत्यक्षाः प्रमेयत्वात् घटवदित्यतो, ज्योतिर्ज्ञानाविसंवादान्यथानुपपत्तेश्च तत्सिद्धिः, यदाह-

"धीरत्यन्तपरोक्षेऽर्थे न चेत् पुंसां कुतः पुनः ।
ज्योतिर्ज्ञानाविसंवादः श्रुताच्चेत् साधनान्तरम् ॥" [सिद्धिवि० पृ.०४१३A]

પ્રસિદ્ધ નથી, માટે ઉપમાન લાગું પડી શકતું નથી.

સર્વજ્ઞના અભાવમાં કોઈ કામ અટકતું નથી, માટે અર્થાપત્તિ પ્રમાણ લાગું પડી શકતું નથી. કા.કે. અતીંદ્રિય પદાર્થની જાણકારીતો અપૌરુષેય આગમ (વેદ)થી પણ સંભવી શકે છે, બીજો બધો વ્યવહારતો આપણા જેવાથી શક્ય દેખાય છે. અને અભાવ પ્રમાણથી ઉલ્ટો સર્વજ્ઞનો અભાવ જ સિદ્ધ થશે. આમ સર્વજ્ઞ-કેવલજ્ઞાનની સિદ્ધિમાં એક પણ પ્રમાણ લાગુ પડી શકતું નથી.

આશંકા ઉઠાવી તેનું સમાધાન કરવા આચાર્યશ્રી સૂત્ર દર્શાવે છે.....

પ્રજ્ઞાના તારતમ્યની વિશ્રાન્તિ વગેરેની સિદ્ધિથી કેવલજ્ઞાનની સિદ્ધિ થાય છે. ॥૧૬॥

૫૫. "પ્રજ્ઞાનો અતિશય અર્થાત્ તરતમભાવ કયાંક વિશ્રાંત થાય છે, કારણ કે તે અતિશય છે." કોઈ પણ અતિશય કયાંક અવશ્ય વિરામ પામે છે. જેમ પરિમાણનો અતિશય આકાશમાં વિશ્રાંત થાય છે. (ઘટપટાદિના પરિમાણમાં તારતમ્ય દેખાય છે, એની પરાકાષ્ઠા આકાશમાં આવી જાય છે. તેમ "આપણામાં જ્ઞાનની તરતમતા દેખાય છે, માટે તેની પરાકાષ્ઠા કયાંક હોવી જોઈએ" આમ અનુમાનપ્રમાણથી નિરતિશય અર્થાત્ સર્વોત્કૃષ્ટ અર્થાત્ તરતમભાવ વિનાની પ્રજ્ઞા સિદ્ધ થવાથી કેવલજ્ઞાન સિદ્ધ થાય છે. નિરતિશય પ્રજ્ઞાની સિદ્ધિ જ કેવલજ્ઞાનની સિદ્ધિ રૂપે છે. કારણ કે કેવલજ્ઞાન જ તરતમતા વગરનું છે. સૂત્રમાં મૂકેલ આદિ શબ્દથી આમ અનુમાન પણ આપી શકાય છે, કે "સૂક્ષ્મ (પરમાણુ વિગેરે) અન્તરિત (કાલવ્યવહિત રામ-રાવણ વગેરે પદાર્થ) અને દૂર (ક્ષેત્ર વ્યવહિત મેરૂપર્વત નંદીશ્વર દ્વીપ વગેરે) પદાર્થો કોઈકનાં પ્રત્યક્ષજ્ઞાનનાં વિષય છે, પ્રમેયરૂપ હોવાથી," જે પ્રમેય હોય તે કોઈકના પ્રત્યક્ષનો વિષય અવશ્ય હોય છે, જેમ ઘટ. વળી જ્યોતિષ સંબંધી જ્ઞાનમાં જે અવિસંવાદ દેખાય છે, તે સર્વજ્ઞવિના બીજી કોઈ રીતે સંભવી ન શકે, માટે જ્યોતિષ્ના સંવાદી જ્ઞાનનાં આધારે પણ સર્વજ્ઞની સિદ્ધિ થાય છે. કહ્યું પણ છે કે.....

"અત્યંત પરોક્ષ પદાર્થને કોઈ પુરૂષ અવશ્ય જાણે છે, એવું ન હોય તો જ્યોતિષ્ જ્ઞાનમાં જે વિસંવાદનો અભાવ જોવા મળે છે, તે કયાંથી આવત ? [આગને અનુમાનથી જાણીએ તો તેનું ચોકસાઈ પૂર્વક સ્વરૂપ કહી ન શકીએ, અંદાજ માત્રથી કહેતા કોક વાતમાં ખોટા પડીએ જ છીએ = વિસંવાદ આવે છે, પણ જેને એનું

§ ૫૬. अपि च-"नोदना हि भूतं भवन्तं भविष्यन्तं सूक्ष्मं व्यवहितं विप्रकृष्टमेवञ्जातीयकमर्थमवगमयति नान्यत्किञ्चनेन्द्रियम्" [शाबर भा० १.१.२]
इति वदता भूताद्यर्थपरिज्ञानं कस्यचित् पुंसोऽभिमतमेव, अन्यथा कस्मै वेदस्त्रिकालविषयमर्थं निवेदयेत् ? । स हि निवेदयंस्त्रिकालविषयतत्त्वज्ञमेवाधिकारिणमुपादत्ते, तदाह-

"त्रिकालविषयं तत्त्व कस्मै वेदो निवेदयेत् ।
अक्षय्यावरणैकान्तान्न चेद्वेद तथा नरः ॥" [सिद्धिवि० पृ.०४१४A]

સાક્ષાત સ્વરૂપ જાણ્યું હોય તે ડીટો ટુડીટો=પૂરેપૂરાં સ્વરૂપને જણાવી શકે. જ્યોતિષ્માં એક એક કળાનો સેકંડ-મીનીટમાં થયેલો ફેરફાર જણાવવામાં આવે છે, એવું ગણિત તેમના ભ્રમણના આધારે થાય છે, પરંતુ એમનું ભ્રમણનું સ્પષ્ટ સ્વરૂપ આપણે સાક્ષાત્ કરી શકતા નથી, તેથી તેનો સાક્ષાત્કારી કોઈ સર્વજ્ઞ અવશ્ય હોવો જોઈએ.]

એના જવાબમાં એમ કહીએ કે શ્રુત- શાસ્ત્રના આધારે આ બધો સંવાદ સંભવી શકે છે. તો તે શાસ્ત્રની રચના માટે બીજા કોઈ સાધનની આવશ્યકતા પડે છે." (અને જે બીજું સાધન પાછું સર્વજ્ઞ સિવાય અન્ય કશું સંભવી ન શકે) (૪૧૩ સિદ્ધિ વિ.)

૫૬. વળી શાબર ભાષ્યમાં કહ્યું છે કે વેદ તો ભૂત, વર્તમાન ભવિષ્ય, સૂક્ષ્મ, વ્યવહિત, ભીંત વગેરેથી - અવરોધાયેલું, દૂર રહેલું. તેમજ આવી જાતનો બીજા પણ પદાર્થોનું જ્ઞાન કરાવે છે. પણ ઈન્દ્રિયો સંબધ્ધ અર્થનું જ્ઞાન કરાવનારી હોવાથી ઈન્દ્રિયથી આવું જ્ઞાન ઉત્પાદન થઈ શકતું નથી. આવું કહેવા દ્વારા ભૂતાદિ પદાર્થનું જ્ઞાન કોઈક પુરૂષમાં છે, એવો સ્વીકાર થઈ જાય છે. જો કોઈ પણ પુરૂષને આવું ત્રૈકાલિક જ્ઞાન ન હોય તો વેદ આવું ત્રૈકાલિક જ્ઞાન કોને કરાવે ?

ત્રણે કાલના પદાર્થનું પ્રતિપાદન કરતો વેદ ત્રિકાલિક વિષયતત્ત્વનાં જાણકાર વ્યક્તિની ચાડી ખાય છે. (વળી તીર્થંકર સર્વજ્ઞ હતા તેની સિદ્ધિ ષડ્જીવનિકાયની પ્રરૂપણા કરી આપે છે, જગદીશચંદ્રબોઝે લેબોરેટરીમાં વનસ્પતિમાં જીવસિદ્ધ કર્યો ન હતો ત્યાં સુધી લૌકિકજીવો તેવી વાતથી અજ્ઞાત હતા. પરંતુ પ્રભુએ તો હજારો વર્ષો પહેલા આચારાંગ, દશવૈકાલિક વગેરે આગમ ગ્રંથોમાં સ્થાવરમાં જીવની હયાતિ જણાવેલી છે, પ્રભુસર્વજ્ઞ ન હોત તો આવા અરૂપીનું જ્ઞાન ક્યાંથી થાત ?)

સિદ્ધિ વિ. ૪૧૪ માં. કહ્યું છે કે →"જો એકાન્તે આવરણનો ક્ષય થઈ જ શકતો નથી, તેથી પુરૂષને તેવું જ્ઞાન થતું નથી, એવું કહીએ તો પછી વેદ ત્રિકાલના વિષયવાળું તત્ત્વ કોને નિવેદન કરે છે ?" આપણને તો ત્રણકાલનું જ્ઞાન છે નહિં. તેથી તે તત્ત્વોને આપણે જાણતાં નથી. તેથી માત્ર વેદની વાતમાં હા એ હા કરવાનું થાય.

[જે દેશથી આપણે સર્વથા અજાણ હોઈએ તેનાથી આપણે કોઈ લેવા દેવા ન હોય તે બાબતની જાણ આપણને કોઈ આપે તો તે કેવું કહેવાય ? અમેરિકાનું નામ સાંભળ્યું હોય તો આપણો મિત્ર

इति त्रिकालविषयवस्तुनिवेदनाऽन्यथानुपपत्तेरतीन्द्रियकेवलज्ञानसिद्धिः ।

§ ૫૭. किञ्च, प्रत्यक्षानुमानसिद्धसंवादं शास्त्रमेवातीन्द्रियार्थदर्शिसद्भावे प्रमाणम् । य एव हि शास्त्रस्य विषयः स्याद्वादः स एव प्रत्यक्षादेरपीति संवादः, तथाहि-

---

આપણને ત્યાંની વાત જણાવે. પણ કાંઈ આપણા ઘરડામાબાપને કહેવાનો શો મતલબ ? જેને ન્યાયનો અંશ માત્ર ખબર નથી તેની સામે તે વાત જણાવીએ અને અવચ્છેદક અવચ્છિન્ન પદ્ધતિથી તેમની સાથે ન્યાયપૂર્ણ શાસ્ત્રીય ભાષામાં વાતો કરીએ તો આપણે કેવા લાગીએ ?] એમ વેદનું ત્રૈકાલીન અર્થ પ્રતિપાદન બીજી રીતે સંભવી શકતું ન હોવાથી ત્રૈકાલિક અર્થવેત્તાની સિદ્ધિ થાય છે, તેનાથી કેવલજ્ઞાનની સિદ્ધિ થાય છે.

[જેમ સામે પાત્ર વિના કોઈ મહાદાની બની શકતો નથી, તેમ કોઈ પણ પુરુષ ત્રણે કાલનું જ્ઞાન મેળવે જ નહીં તો "વેદ ત્રણે કાલનું જ્ઞાન આપનાર છે," એમ પ્રસિદ્ધ કેમ બને ? જ્યાંસુધી કોઈને ત્રણે કાળનું જ્ઞાન આપે નહીં ત્યાં સુધી આ પ્રસિદ્ધ થાય નહિં, જ્યારે આપશે ત્યારે વેદમાં ત્રિકાળનું જ્ઞાન છે એ પ્રસિદ્ધ તો બનશે, એટલે કે "स हि निवेदयन्"= ત્રણે કાળનું જ્ઞાન કોઈકને આપતા કોઈક અધિકારી પુરુષને ત્રિકાળવેત્તા તરીકે ગ્રહણ કરાવી આપે છે, એક પણ માણસ ઘડામાં હાથ નાંખી અંદરની વસ્તુને જાણે નહીં, ત્યાં સુધી વાતની ખબર કેવી રીતે પડે કે ઘડામાં આટ આટલી જાતની વસ્તુઓ છે. એટલે કોઈ એક પુરુષ એવો જોઈશે કે જે અંદરની વસ્તુઓને જાણે પછી જ પ્રસિદ્ધ થઈ શકે કે આમાં આમ છે. કેસેટમાં "આ આ ગીત છે" આ વાતની ખબર કેસેટ કેવી રીતે આપી શકે ? એટલે કે "મારામાં આ ગીત છે", એવું બીજાને નિવેદન જાણ કેવી રીતે કરી શકે ? ઉત્તરમાં આમ જ કહેવું પડે કે પોતે સંભળાવીને. બસ તો વેદ પણ આવું તો જણાવે છે કે મારામાં ત્રણ કાળનું જ્ઞાન છે, તો તેણે પણ કોઈ પુરુષને સંભળાવવું પડશે અને સાંભળતા તે પુરુષ પણ ત્રિકાળવેત્તા બની જ જશે, જેમ અમને તો એવું માન્ય જ છે કે ૧૪ પૂર્વ ભણતા તે શ્રુતકેવલી બને છે. એથી અમે કહીએ છે કે ૧૪ પૂર્વમાં ત્રણે કાળનું જ્ઞાન રહેલું છે.]

૫૭ વળી પ્રત્યક્ષ અને અનુમાનથી જેનો સંવાદ સિદ્ધ છે, એવા આગમો અતીન્દ્રિયાર્થદર્શીના સદ્‌ભાવમાં પ્રમાણ છે. એટલે અતીન્દ્રિયાર્થદર્શી સદ્‌ભાવની સિદ્ધિ પણ આગમથી જ થઈ, કા. કે. તેના આગમના બીજા વિષયો પ્રત્યક્ષ અને અનુમાનથી પ્રમાણભૂત છે, માટે આ પણ પ્રમાણભૂત છે. જેમ આચારાંગમાં "આત્મા છે" એવું જણાવ્યું છે, તેનું "હું સુખી છું," "હું દુઃખી છું" એવું અહં-પ્રત્યય સ્વરૂપ માનસ પ્રત્યક્ષ થાય છે. અને શરીર કાર્ય છે તેના કર્તા તરીકે અનુમાનથી આત્માની સિદ્ધિ થાય છે. એમ આગમ વચનોની સંવાદિતા જોવા મળે છે. તેથી આગમ પ્રમાણભૂત બને છે. તેવા જ આગમમાં સર્વજ્ઞ સદ્‌ભાવના વચન છે. માટે સર્વજ્ઞ આગમથી સિદ્ધ થઈ જાય છે. અથવા આગમનો વિષય જે સ્યાદ્વાદ છે, તેનો પ્રત્યક્ષાદિથી સંવાદ સધાયેલો જોવા મળે છે. એટલે પ્રત્યક્ષ વગેરેથી પણ તેવું જોવા-જાણવા મળે છે. તે આ પ્રમાણે....

"દરેકે દરેક વસ્તુ સ્વરૂપથી સત્ છે અને પરરૂપથી અસત્ છે. અન્યથા જો પરરૂપથી પણ વસ્તુને સત્ માનશું તો દરેક પદાર્થ સર્વમય બની જશે. એટલે ઘટ સ્વરૂપે સત્ છે. તેમ પટ મઠ ઇત્યાદિ રૂપે પણ સત્ થઈ

"सर्वमस्ति स्वरूपेण पररूपेण नास्ति च ।
अन्यथा सर्वसत्त्वं स्यात् स्वरूपस्याप्यसम्भवः ॥"

इति दिशा प्रमाणसिद्धं स्याद्वादं प्रतिपादयन्नागमोऽर्हतस्सर्वज्ञतामपि प्रतिपादयति, यदस्तुम-

"यदीयसम्यक्त्वबलात् प्रतीमो भवादृशानां परमात्मभावम् ।
कुवासनापाशविनाशनाय नमोऽस्तु तस्मै तव शासनाय ॥"

[अयोग०२१]

इति । प्रत्यक्षं तु यद्यप्यैन्द्रियि(य)कं नातीन्द्रियज्ञानविषयं तथापि समाधिबललब्धजन्म[1]कं योगिप्रत्यक्षमेव बाह्यार्थस्येव स्वस्यापि वेदकमिति प्रत्यक्षतोऽपि तत्सिद्धिः ।

§ ૫૮. अथ-

"ज्ञानम[2]प्रतिघं यस्य वैराग्यं च जगत्पतेः ।
एश्वर्यं चैव धर्म्मश्च सहसिद्धं चतुष्टयम् ॥"

इति वचनात्सर्वज्ञत्वमीश्वरादीनामस्तु मानुषस्य तु कस्यचिद्विद्याचरणवतोपि तदसम्भावनीयम्,

---

જશે અને તેથી પટાદિ સંબંધી અર્થક્રિયા ઘટથી પણ થઈ જશે, એવું માનવાની આપત્તિ આવશે. અને જો સ્વરૂપથી સત્ ન માનીએ તો કોઈ પણ વસ્તુનું કોઈ પણ જાતનું સ્વરૂપ નહિ બને. પટરૂપે ઘટ અસત્ તેમ ઘટ રૂપે પણ અસત્ બની જતા 'ઘટ સંબંધી અર્થક્રિયા પણ નહિં થઈ શકે', એ સ્વીકારવું પડશે." આવી સ્યાદ્વાદ શૈલી આગમમાં પ્રતિપાદિત છે. તેવું જ પ્રત્યક્ષ / અનુમાનથી જોવા મળે છે. આ રીતે = આ દિશા પ્રમાણે આ વાત દરેક વસ્તુ માટે હોવાથી પ્રમાણસિદ્ધ સ્યાદ્વાદનું પ્રતિપાદન કરીને/દ્વારા આગમ અર્હત્ની સર્વજ્ઞતાનું પણ પ્રતિપાદન કરી જ લે છે.

શાસ્ત્રની સ્તુતિ કરતાં અમે <u>અયોગ</u> <u>દ્વાત્રિંશિકામાં</u> કહ્યું છે જ કે →

જેના સમ્યક્પણાના બળે આપ જેવાના પરમાત્મભાવને સમજી શકીએ છીએ, કુવાસનાના પાશનો નાશ કરનારા એવા તારા શાસન-આગમને નમસ્કાર હો. ॥

જોકે પ્રત્યક્ષ ઇન્દ્રિય જન્ય હોવાથી અતીન્દ્રિય જ્ઞાન તેનો વિષય બનતો નથી, તો પણ સમાધિના બળથી ઉત્પન્ન થનારું યોગિપ્રત્યક્ષ પોતે બાહ્યાર્થની જેમ પોતાની અતીન્દ્રિયજ્ઞાનરૂપ જાતને પણ જાણે છે. આમ પ્રત્યક્ષ પ્રમાણથી પણ અતીન્દ્રિય જ્ઞાનની સિદ્ધિ થાય છે. સમાધિબળથી પ્રત્યક્ષ થાય છે, એટલે કે **योगाभ्यासजनित** = યોગ એટલે સમાધિ તેના માટેના સાધનભૂત જે યમનિયમાદિને વિશે અભ્યાસ અને ઈશ્વર પ્રણિધાનનો અભ્યાસ કરવાથી પેદા થયેલો ધર્મ વિશેષ = શ્રેષ્ઠ પુણ્ય, તેના બે ભેદ પડે છે. ઈશ્વર ધ્યાનથી ઈશ્વરની કૃપા મેળવીને જે સ્વસ્છજ્ઞાન પ્રાપ્ત થયું હોય તેવા ધર્મથી સહકૃત મન દ્વારા આકાશથી માંડી પરમાણુ સુધીના તમામ પદાર્થોનું જ્ઞાન હંમેશા થયા કરે તે યુક્તયોગી. ઉપરની જેમ યોગાભ્યાસ કરતા જ્ઞાનપ્રાપ્ત થાય છે, પણ પ્રત્યક્ષ કરવા માટે ચિંતાવિશેષ ઉપયોગની સહાયતા લેવી પડે છે, એટલે સતત જ્ઞાન ન હોય (જેમ અવધિજ્ઞાન લબ્ધિવાળો જ્યારે ઉપયોગ મૂકે ત્યારે જ્ઞાન થાય.) તે યુગ્જાનયોગી. આ બન્નેથી યોગી દૂર વ્યવહિત, ભૂત-ભાવિ બધા પદાર્થને સાક્ષાત્ જાણે છે.

---

१ -०जन्मकयोगि० -डे० मु० । २ अप्रतिघातम् ।

यत्कुमारिलः-

"अथापि वेददेहत्वाद् ब्रह्मविष्णुमहेश्वराः [illegible]
कामं भवन्तु सर्वज्ञाः सार्वज्ञ्यं मानुषस्य किम् ?॥"

[illegible]

इति, आः ! सर्वज्ञापलापपातकिन् ! दुर्वदवादिन् ! मानुषत्वनिन्दार्थवादापदेशेन देवाधिदेवानधिक्षिपसि ? ये हि जन्मान्तरार्ज्जितोर्ज्जितपुण्यप्राग्भाराः सुरभवभवमनुपमं सुखमनुभूय दुःखपङ्कमग्नमखिलं जीवलोकमुद्दिधीर्षवो नरकेष्वपि क्षणं क्षिप्तसुखासिकामृतवृष्टयो मनुष्यलोकमवतेरुः, जन्मसमयसमकालचलितासनसकलसुरेन्द्रवृन्दविहितजन्मोत्सवाः किङ्करायमाणसुरसमूहाहमहमिकारब्धसेवाविधयः स्वयमुपनतामतिप्राज्यसाम्राज्यश्रियं तृणवदवधूय समतृणमणिशत्रुमित्रवृत्तयो निजप्रभावप्रशमितेति[1]मर[2]कादिजगदुपद्रवाः शुक्लध्यानानलनिर्दग्धघातिकर्माण आविर्भूतनिखिलभावाभावस्वभावावभासिकेवलबलदलितसकलजीवलोकमोहप्रसराः सुरासुरविनिर्मितां समवसरणभुवमधिष्ठाय

[એમ દરેક પદાર્થમાટેની આ વ્યવસ્થા આગમમાં (પ્રભુએ) દર્શાવી છે, આવું આગમ આ વ્યવસ્થાને દર્શાવે ત્યારે સાથોસાથ તેના કર્તાની પણ જાણ થઈ જાય છે કે જેને આ સર્વપદાર્થનું જ્ઞાન હતું જેથીજ આવું આગમ રચાઈ શક્યું]

૫૮. શંકાકાર-મીમાંસક : "જે જગત્પતિનું જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મ અપ્રતિહત છે. અને આ ચારે સ્વભાવ સિદ્ધ છે. (તે જ સર્વજ્ઞ-ઈશ્વર છે). આ વચનથી સર્વજ્ઞ ઈશ્વર વગેરે હોય. પણ મનુષ્ય સર્વજ્ઞ ન હોઈ શકે. ભલે ના ! તે કેટલોય વિદ્યાવાન્-ચારિત્રવાન્ હોય.

કુમારિલ ભટ્ટે કહ્યું છે કે વેદ જ્ઞાનમય શરીરવાળા હોવાથી બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર ભલે સર્વજ્ઞ હોય! પરંતુ મનુષ્યમાં વળી સર્વજ્ઞતા કેવી ?

(આને જવાબમાં) જૈનો કહે છે → અરે ! સર્વજ્ઞને ખોટા ઠરાવનાર પાપી ! અરે દુર્વચન બોલનારા! મનુષ્યપણાની નિંદા કરવાના બહાને દેવાધિદેવ ઉપર તું આક્ષેપ કરે છે. જેમણે પૂર્વ જન્મમાં જોરદાર પુણ્ય સમૂહ ઉપાર્જન કર્યો છે. દેવભવનાં નિરૂપમ સુખને અનુભવી દુઃખ રૂપી કાદવમાં ફસાયેલ સંપૂર્ણ જીવ લોકનો ઉદ્ધાર કરવાની ઈચ્છાથી નરકમાં પણ પળવાર સુખની સુધાવૃષ્ટિ કરીને મનુષ્ય લોકમાં અવતાર લીધો. એમના જન્મની સાથે પોતપોતાના આસનો ચલાયમાન થતાં ચોસઠ ઈન્દ્રોએ ભેગાં મળીને તેમનો જન્મ મહોત્સવ માંડયો, જેમની આગળ સેવકભાવ ધારણ કરતો એવો દેવસમુદાય "પહેલા હું પહેલા હું સેવા કરું" એવી હરિફાઈ કરતા ઉત્સાહપૂર્વક સેવા કરે છે, પોતાના મેળે પ્રાપ્ત થયેલ ઉત્કૃષ્ટ કોટિની રાજય સમૃદ્ધિને તણખલાની જેમ છોડીને ઘાસ અને મણિ તથા શત્રુ અને મિત્ર પ્રત્યે સમભાવ રાખનારા પોતાનાં પ્રભાવથી જગતના કુદરતી ઈતિ- આફતો તથા મારિ આદિ રોગચાળો વિગેરે ઉપદ્રવો જેમણે શાંત કરી દીધા છે. શુકલ ધ્યાન રૂપી અગ્નિ વડે ઘાતિ કર્મોને જેમણે બાળીને ખાક કરી દીધા છે, સર્વપદાર્થના ભાવ અને અભાવ સ્વરૂપને પ્રકાશિત કરનાર એવા પ્રગટ થયેલા કેવલજ્ઞાનના બલથી સમસ્ત જગત્ના જીવોના મોહ અને

---

१ अतिवृष्टिनावृष्टिर्मूषकाः शलभाः शुकाः स्वचक्रं परचक्रं च सप्तैता ईतयः स्मृताः ॥ - मु-टि० २ मरको मारिः ।

स्वस्वभाषापरिणामिनीभिर्वाग्भिः प्रवर्तितधर्मतीर्थाश्चतुस्त्रिंशद्[1]तिशयमयीं तीर्थनाथत्वलक्ष्मीमुपभुज्य परं ब्रह्म सततानन्दं सकलकर्मनिर्मोक्षमुपेयिवांसस्तान्मानुषत्वादिसाधारणधर्मोपदेशेनापवदन् सुमेरुमपि लेष्टवादिना साधारणीकर्तुं पार्थिवत्वेनापवदेः ! । किञ्च, अनवरतवनिताङ्गसाम्भोगदुर्ललितवृत्तीनां विविधहेतिसमूहधारिणामक्षमालाद्यायत्तमनःसंयमानां रागद्वेषमोहकलुषितानां ब्रह्मादीनां सर्ववित्त्वसाम्राज्यम् ! यदवदाम स्तुतौ-

"मदेन मानेन मनोभवेन क्रोधेन लोभे[2]न ससम्मदेन ।
पराजितानां प्रसभं[A] सुराणां वृथैव साम्राज्य[A]रुजा[A]परेषाम् ॥" [अयोग-२५]

અજ્ઞાનના ફેલાવાનો નાશ કરનારા, દેવો અને દાનવોએ રચેલી સમવસરણ ભૂમિ ઉપર બિરાજમાન થઈ પોત પોતાની ભાષામાં પરિણમનારી વાણીથી ધર્મતીર્થને પ્રવર્તાવનારા, ચોત્રીશ અતિશયોથી સુશોભિત, તીર્થંકર લક્ષ્મીને ભોગવી પરબ્રહ્મ અનવરત આનંદ સ્વરૂપ બધાકર્મ થી છૂટકારો એવા મોક્ષને પામી ચૂકેલા છે, એવાં તીર્થંકર પરમાત્માને મનુષ્યત્વ વગેરે સાધારણ ધર્મોનો ઉલ્લેખ કરી ઉતારી પાડતો અવર્ણવાદ–નિંદા કરતો મંદરાચલને પણ પૃથ્વી રૂપે હોવાથી માટીના ઢેફાની તોલે ગણીને તું નિંદા કર, વળી સતત નારી-અંગના સંભોગથી કામુક વૃત્તિવાળા વિવિધ શસ્ત્ર સમૂહને ધારણ કરનારા, અક્ષમાલા વગેરેના આધારે જેમનું મન સંયમિત બને છે અતઃ એવ = આ કારણોથી રાગ, દ્વેષ અને મોહથી કલુષિત એવાં બ્રહ્મા વિષ્ણુ મહેશને સર્વજ્ઞત્વનું સામ્રાજ્ય સોંપવામાં આવે છે. (અરે આ કેવી આશ્ચર્યની વાત છે. ?)

અમે અયોગ દ્વાત્રિંશિકા સ્તુતિ (૨૫)માં કહ્યું છે, કે →મદથી, અભિમાનથી, મદનથી, ક્રોધથી, લોભથી મોહથી જે પૂર્ણ રીતે અત્યંત પરાભવ પામેલ છે એવાં અન્યદેવતાઓની વિશ્વ પ્રભુતાની યાતના =

१ अतिशयाः ३४-
"तेषां च देहोऽद्भुतरूपगन्धो निरामयः स्वेदलवोज्झितश्च ।
श्वासोऽब्जगन्धो रुधिरामिषं तु गोक्षीरधाराधवलं ह्यविस्रम् ॥१॥
आहारनीहारविधिस्त्वदृश्यश्चत्वार एतेऽतिशयाः सहोत्थाः ।
क्षेत्रे स्थितिर्योजनमात्रकेऽपि नृदेवतिर्यग्जनकोटिकोटेः ॥२॥
वाणी नृतिर्यक्सुरलोकभाषा संवादिनी योजनगामिनी च ।
भामण्डलं चारु च मौलिपृष्ठे विडम्बितार्हपतिमण्डलश्रि ॥३॥
साग्रे च गव्यूतिशतद्वये रुजा वैरेतयो मार्यतिवृष्ट्यवृष्ट्यः ।
दुर्भिक्षमन्यस्वकचक्रतो भयं स्यान्नैत एकादश कर्मघातजा : ॥४॥
खे धर्मचक्रं चमराः सपादपीठं मृगेन्द्रासनमुज्ज्वलं च ।
छत्रत्रयं रत्नमयध्वजोऽङ्घ्रिन्यासे च चामीकरपङ्कजानि ॥५॥
वप्रत्रयं चारु चतुर्मुखाङ्कता चैत्यद्रुमोऽधोवदनाश्च कण्टकाः ।
द्रुमानतिर्दुन्दुभिनाद उच्चकैर्वातोऽनुकूलः शकुनाः प्रदक्षिणाः ॥६॥
गन्धाम्बुवर्षं बहुवर्णपुष्पवृष्टिः कचश्मश्रुनखाप्रवृद्धिः ।
चतुर्विधामर्त्यनिकायकोटिर्जघन्यभावादपि पार्श्वदेशे ॥७॥
ऋतूनामिन्द्रियार्थानामनुकूलत्वमित्यमी ।
एकोनविंशतिर्दैव्याश्चतुस्त्रिंशच्च मीलिताः ॥८॥" [अभिधा० १.५६-६३] मु-टि० २ लोभेन च सम्म० डे० ।

A साम्राज्य→ सार्वभौम, परिपूर्ण आधिपत्य विश्वप्रभुता, रुजा →पीडा, वेदना, यातना (सं.हिं.) प्रसभम् →(अव्य) બળપૂર્વક, બહુત, અધિક, અત્યંત (सं.हि.)

इति । अथापि रागादिदोषकालुष्यविरहिताः सततज्ञानानन्दमयमूर्तयो ब्रह्मादयः, तर्हि तादृशेषु तेषु न विप्रतिपद्यामहे, अवोचाम हि-

"यत्र तत्र समये यथा तथा योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद्भवानेक एव भगवन्नमोऽस्तु ते ॥" [अयोग-३१]

इति । केवलं ब्रह्मादिदेवताविषयाणां श्रुतिस्मृतिपुराणेतिहासकथानां वैतथ्यमासज्येत । तदेवं साधकेभ्यः प्रमाणेभ्योऽतीन्द्रियज्ञानसिद्धिरुक्ता ॥१६॥

बाधकाभावाच्च ॥१७॥

§ ५९. सुनिश्चि[1]तासम्भवद्बाधकत्वात् सुखादिवत् तत्सिद्धिः इति सम्बध्यते । तथाहि केवलज्ञानबाधकं भवत् प्रत्यक्षं वा भवेत् प्रमाणान्तरं वा ? । न तावत् प्रत्यक्षम्, तस्य विधावेवाधिकारात्-

"सम्बद्धं वर्तमानं च गृह्यते चक्षुरादिना ।" [श्लोकवा० सू० ४ श्लो० ८४]

इति स्वयमेव भाषणात् ।

મથામણ નકામી જ છે. એટલે તેવા દેવોને જગતનું રાજ સોપવું નકામું છે. (એટલે બિચારા આંતર શત્રુથી ખુદ પીડિત છે, એ વિશ્વની સંભાળ શું રાખી શકે ?)

હવે જો તમે બ્રહ્માદિને રાગાદિ દોષની કલુષતાથી રહિત સતત જ્ઞાનાનંદમય કહેતા હો તો અમને તેમાં કોઈ વિવાદ–વિરોધ નથી.

અમે કહ્યું છે કે - જો કોઈ પણ દર્શન-મતમાં યયા તયા અભિધયા– જે કોઈ પણ નામથી, કોઈ પણ સ્વરૂપે તું જો દોષ કાલુષ્ય વગરનો હોય તો તે આપ જ છો, એવા હે ભગવન ! તમને નમસ્કાર હો !

જો બ્રહ્મા વિગેરે દેવતાઓને રાગાદિ કલુષતાથી રહિત માનશો તો બ્રહ્માદિ દેવતા સંબંધી શ્રુતિ સ્મૃતિ પુરાણ ઈતિહાસમાં કહેલી કથાઓ તો ખોટી જ પડી જશે. (કારણ તેમાં તો તેમને કયાંક કામી/સંહાર કરનાર ઈત્યાદિ રૂપે દર્શાવ્યા છે) આ પ્રમાણે સાધક પ્રમાણોથી અતીન્દ્રિયજ્ઞાનની સિદ્ધિનું કથન કર્યું. ॥१६॥

અને બાધક પ્રમાણનો અભાવ હોવાથી (અતીન્દ્રિય જ્ઞાનની સિદ્ધિ થાય છે.) ॥१७॥

५९. સુખનાં અસ્તિત્વમાં બાધક પ્રમાણનો અભાવ નિશ્ચિત હોવાથી એટલે જેમ સુખનો અનુભવ જાતે સાક્ષાત્ સ્વસંવેદન થાય છે, તેનો કોઈ બાધ કરી શકે એવું પ્રમાણ મલતું નથી, તેથી સુખની સિદ્ધિ થાય છે, તેમ અતીન્દ્રિય જ્ઞાનનું બાધક કોઈ પ્રમાણ ન હોવાથી અતીન્દ્રિય જ્ઞાન સિદ્ધ થાય છે. તે આ પ્રમાણે →

જૈન – અમે તમને પૂછીએ છીએ કે કેવલજ્ઞાનનું બાધક પ્રમાણ પ્રત્યક્ષ છે કે બીજું કોઈ પ્રમાણ ? તેમાં પ્રત્યક્ષ તો બાધક બની શકતું નથી. કારણ કે તમારા મતમાં પ્રત્યક્ષ માત્ર વિધાન કરવામાં સમર્થ છે. એટલે 'કેવલજ્ઞાન જગતમાં નથી' એવો નિષેધ કરવાનો અધિકાર તેનો નથી.

તમે જ મીમાંસકે શ્લોક વાર્તિકમાં પોતે જ કહ્યું છે કે →ચક્ષુ વિ. ઈન્દ્રિયો દ્વારા ઈન્દ્રિયથી સંબદ્ધ અને

---

१ प्रमाणोपपन्न० ।

§ ૬૦. अथ न प्रवर्तमानं प्रत्यक्षं तद्बाधकं किन्तु निवर्तमानम् तत्, तर्हि[1](द्धि)यदि नियतदेश-कालविषयत्वेन बाधकं तर्हि सम्प्रतिपद्यामहे । अथ सकलदेशकालविषयत्वेन, तर्हि न तत् सकलदेशकालपुरुषपरिषत्साक्षात्कार[2]मन्तरेण सम्भवतीति सिद्धं नः समीहितम् । न च जैमिनिरन्यो वा सकलदेशादिसाक्षात्कारी सम्भवति सत्त्वपुरुषत्वादेः रथ्यापुरुषवत् ।

વર્તમાન કાલીન પદાર્થ (જ) ગ્રહણ કરાય છે. એટલે તેનાથી કોઈનો નિષેધ તો ન જ થઈ શકે કા. કે. નિષેધ્ય પદાર્થ તો સામે હાજર હોય નહીં તેથી તેની સાથે ઈંદ્રિયનો સંબંધ સંભવી શકતો નથી, એટલે તમે કેવલજ્ઞાનને તો અસત્ માન્યું છે., (અમારે મતે અમૂર્ત્ત છે) માટે તેની સાથે ઇન્દ્રિયનો સંબંધ સંભવી શકતો નથી. તો પછી પ્રત્યક્ષ પ્રમાણ કેવલજ્ઞાનનો નિષેધ પણ કેવી રીતે કરે ?

૬૦. મીમાંસક → પ્રવર્તમાન પ્રત્યક્ષ બાધક નથી, પરંતુ નિવર્તમાન પ્રત્યક્ષ કેવલજ્ઞાનનું બાધક છે. એટલે ઇન્દ્રિયની પ્રવૃત્તિ થતાં જેની ઉપલબ્ધિ થાય તેનાં ઉપર તો પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા અસ્તિત્વની મહોર લાગી જાય છે. પણ કેવલજ્ઞાન પ્રત્યક્ષથી ઉપલબ્ધ થતું નથી, એટલે પ્રત્યક્ષ પ્રમાણ પાછું ફરે છે, એથી તે કેવલજ્ઞાનને અવિદ્યમાન જાહેર કરે છે. જેમ આપણે રૂમમાં આંખ ફેરવી છતાં ઘડો દેખાયો નહીં એટલે આંખ ઘડાને જોયા વિના પાછી ફરી એથી આપણે જાહેર કરીશું કે ઘડો નથી.

જૈનો → પ્રત્યક્ષ પ્રમાણ અમુક દેશ કાલમાં જ કેવલજ્ઞાનનું બાધક છે, એવું કહેતા હો તો અમને પણ એ તો માન્ય જ છે. કારણ કે દુષમકાલને લક્ષમાં રાખીયે તો ભરતક્ષેત્રનાં સંદર્ભે કેવલજ્ઞાનનો અભાવ છે જ.

હવે જો તમે તમામે તમામ દેશ અને કાલમાં કેવલજ્ઞાનનો પ્રત્યક્ષ પ્રમાણથી નિષેધ કરવા ઇચ્છતા હો તો તે વાત બરાબર નથી. કારણ કે તેવો નિષેધ સમસ્ત દેશ, કાલ અને પુરુષ સમૂહને પ્રત્યક્ષથી જોયા વિના કરી શકાતો નથી. એક થેલીમાં અનેક રંગની પેન પડી છે. તે દરેક પેન જોયા વિના એવો નિષેધ કરી શકાતો નથી કે આમાંથી કોઈ પણ પેન કાળી નથી. હવે જો તમે એમ કહેતા હો કે પ્રત્યક્ષથી સમસ્ત દેશાદિનો સાક્ષાત્કાર થાય છે, તો પછી અમારૂં ઇચ્છિત સિદ્ધ થયું. આ સમસ્ત દેશાદિનો સાક્ષાત્કાર કરવો એનું નામ જ કેવલજ્ઞાન છે. અને તે કેવલજ્ઞાનવાળા અમારા તીર્થંકર જ હોઈ શકે, કેમકે તમારા મતના પ્રણેતા જૈમિનિ કે અન્ય કોઈ સકલ દેશાદિનો સાક્ષાત્કાર કરનાર સંભવી ન શકે, કારણ કે તમે તો એવુંમાનો છો કે →સત્ હોય અને પુરૂષ રૂપે હોય તે સર્વજ્ઞ હોઈ શકે નહીં રસ્તામાં રખડતા પુરુષની જેમ, એટલે સર્વજ્ઞતાનો કળશ જૈમિનિ વગેરે ઉપર તો ઢોળી શકાતો નથી.

[મીમાંસક → સત્તાને ગ્રહણ કરનારા પાંચ પ્રમાણનો અભાવ = જ્ઞાપકાનુપલબ્ધિ તત્સ્વરૂપ અભાવ પ્રમાણ છે. એટલે સર્વજ્ઞની સત્તા પાંચમાંથી એક પણ પ્રમાણથી ગ્રહણ થતી નથી, તેથી સર્વજ્ઞ સત્તાનો બાધ થાય છે.

જૈન → અભાવ પ્રમાણ સ્વસંબંધી છે તો અલ્પજ્ઞ આપણને સમુદ્રનું પાણી કેટલા ઘટ પ્રમાણ છે તેની

૧ निवर्तमानम् । (तद्धि) यदि मु० । २-०साक्षात्करणम०- डे० ।

अथ प्रज्ञायाः सातिशयत्वात्तत्प्रकर्षोऽप्यनुमीयते, तर्हि तत एव सकलार्थदर्शी किं नानुमीयते ?

સંખ્યાને જાણવા આપણું પાંચમાંથી એકય પ્રમાણ લાગું પડતું નથી, તો શું ? "કુંભસંખ્યા નથી" આમ કહી શકાય ખરું ? કા. કે. કુંભસંખ્યા છે જ એટલે પદાર્થ સત્ હોવા છતાં જ્ઞાપકાનુપલબ્ધિ છે, એમ વ્યભિચાર આવે. હવે જો સર્વસંબંધી છે તો "બધાના જ્ઞાન કેવલજ્ઞાનનો અભાવ દર્શાવે છે" (કા.કે. કોઈના પણ જ્ઞાનથી તેની ઉપલબ્ધિ થથી નથી.) આમ બધી વ્યક્તિના જ્ઞાનની તપાસ કરીને મીમાંસક સર્વજ્ઞનો નિષેધ કરે છે, તો તે તપાસ કરનાર વ્યક્તિ જ સર્વજ્ઞ સિદ્ધ થઈ જશે. (A.S.)

અત્યંત પરોક્ષ પિશાચાદિનો અભાવનિશ્ચય અનુમાનથી કરી શકાતો નથી. તેમ સર્વજ્ઞપણ અત્યંત પરોક્ષ- અદૃશ્ય હોવાથી અભાવનિશ્ચયનું અનુમાન ન કરી શકાય. "સર્વજ્ઞાભાવ ન હોત તો આગમ(વેદ)નો અવિસંવાદ ન હોત" (મીમાંસકનું માનવુ છે કે કોઈ પુરુષ આગમનું પ્રતિપાદન કરે તો તેમા વિસંવાદ આવી જાય.) આવી અર્થાપત્તિ લાગુ પડતી નથી. કા. કે. અતીંદ્રિય પદાર્થ પ્રતિપાદક આગમ જ સર્વજ્ઞ વિના ન સંભવે) "એના જેવું સાદૃશ્ય મળતુ નથી." માટે ઉપમાન પ્રમાણ બાધક બની શકે છે. અરે જે તમારી આખે દેખાતો નથી તેનું સાદૃશ્ય ક્યાંથી મળે ? એટલે સાદૃશ્ય ન મળવાથી તેનો—સર્વજ્ઞનો નિષેધ કરી શકાતો નથી. એમ બાધક પ્રમાણનો અભાવ સુનિશ્ચિત હોવાથી સર્વજ્ઞ સિદ્ધ થાય છે.]

[જૈન :- જ્યારે અમારે મતે તો આવરણના ક્ષયથી મનુષ્ય માત્ર સર્વજ્ઞ બની શકે છે. એટલે અમારા મતમાં સર્વજ્ઞ ભગવંતો હોઈ શકે છે, ભલે તમારે કોઈ સર્વજ્ઞ ન હોય !

સર્વજ્ઞવાદી → અમારા જ્ઞાન અને જ્ઞાપકોપલંભને તમે પ્રમાણરૂપે માનો છો કે નહીં ? પ્રમાણ માનશો તો સર્વજ્ઞસિદ્ધ થઈ જશે. કા.કે. અમને એવું જ્ઞાન છે કે - "સર્વજ્ઞવિદ્યમાન છે" એ પ્રમાણિત જ્ઞાનની તેમને ખબર પડી ગઈ છે. અને અપ્રમાણિક માનશો તો હજી તમને અમારા પ્રમાણનું જ્ઞાન જ નથી થયું વાસ્તવમાં અમારા જ્ઞાનનું જ્ઞાન તમને થયું હોત તો તેની પ્રમાણતા ખબર પડી જ જાત. કા.કે. પ્રમાણતા એ જ્ઞાનનું પોતાનું સ્વરૂપ છે. તેથી બધા પુરુષના જ્ઞાનનો જ તમને અભાવ હોવાથી "બધાને" તેવા સર્વજ્ઞાનનો અભાવ છે" એવું કેમ કહી શકાશે? "અતીંદ્રિયપ્રત્યક્ષથી અતીન્દ્રિય પદાર્થ જણાતા નથી," આવું તમે ઈંદ્રિય પ્રત્યક્ષથી કહી શકશો નહી. કા.કે. અતીન્દ્રિયપ્રત્યક્ષ તે અતીન્દ્રિય પદાર્થ હોવાથી તેનો વ્યાપાર ઈંદ્રિયથી જાણી ન શકાય. આંધળો રૂપ ન દેખી શકે, તો તેનો નિષેધ કેમ કરી શકે. ?]

મીમાંસક : પ્રજ્ઞામાં તરતમતા જોવા મળે છે. તેનાં આધારે કોઈક પુરૂષમાં પ્રજ્ઞાના પ્રકર્ષનું અનુમાન કરી શકાય છે. મનુ યાજ્ઞવલ્ક ઈત્યાદિ ઋષિયોને મીમાંસક સાતિશય પ્રજ્ઞાશાલી માને છે (પણ સંપૂર્ણ સર્વજ્ઞ નહીં, તેમને વેદનું જ્ઞાન થાય છે, પણ તેઓ અતીંદ્રિય પદાર્થ નથી જાણતા, નથી જોતા) પણ સર્વદર્શીનું અનુમાન કરવું યોગ્ય નથી લાગતું. [બુદ્ધિની પરાકાષ્ઠા માની લઈએ તેનાથી કંઈ બધુ જ સાક્ષાત્ થઈ જાય એવું નથી, એટલે કે બુદ્ધિમાં દૂરવ્યવહિત સૂક્ષ્મ = સ્વર્ગનરકનિગોદાદિ પદાર્થો બેસી જાય, પરંતુ સાક્ષાત્ દેખાવા લાગે

स्वपक्षे चानुपलम्भमप्रमाणयन् सर्वज्ञाभावे कुतः प्रमाणयेदविशेषात् ?।

તેવું તો ન બને. પંરતુ કોઈમાં આંખનું તેજ આટલા પ્રમાણમાં વધ્યું અને આને ઘટ્યું એટલે કે દેખવામાં–દર્શનમાં કોઈ વિશેષ તરતમતા જોવા મળતી નથી, માટે સર્વદર્શી તો કોઈને માની શકાય નહીં.]

[જૈનો→ સર્વદર્શી એટલે સંપૂર્ણ દર્શન કરનાર તેની સિદ્ધિ કરવા કહે છે નિરાકાર બોધસ્વરૂપ દર્શનમાં પણ તરતમતા રહેલી છે.

એટલે તેનાં આધારે સમસ્ત પદાર્થના સામાન્ય ધર્મને ગ્રહણ કરવાની શક્તિ રૂપ કેવલદર્શન અને સકલાર્થદર્શી પુરૂષનું પણ અનુમાન કરી શકાય છે. અથવા કોઈક પુરૂષ પ્રજ્ઞાના પ્રકર્ષથી સમસ્ત પદાર્થના વિશેષ ધર્મને જાણવાવાળો છે, તો પછી તે વસ્તુના સામાન્ય ધર્મને પણ જાણવા વાળો હોવો જોઈએ, જેમ ઘટના વિશેષ જ્ઞાનવાળાને તેનું સામાન્ય જ્ઞાન હોય જ છે.]

[જૈન → યોગીપ્રત્યક્ષ અનેક પ્રકારે છે યુગ્જાનયોગી, સમાધિયોગી વગેરે, એટલે બધા યોગીઓ પદાર્થોને જુએ છે, તે સમાન સંખ્યામાં જોતા નથી, એમાં ઘણો ફેર હોય છે. એટલે યોગીઓના દર્શનમાં તરતમતા સ્પષ્ટ છે, શિવરાજર્ષિએ ૭ સમુદ્ર જોયા, કોઈ યોગીએ તેનાથી ઓછા વધારે પણ જોયેલા અને અમારા મત પ્રમાણે તો કશો વાંધો છે જ નહીં, કા.કે. અવધિદર્શનથી તરતમભાવે દર્શન થાય છે, તેમાં નંદીસૂત્ર, વિ. ભાષ્ય ઈત્યાદિ અનેક આગમગ્રંથ સાક્ષી છે. એટલે અંગુલમાત્રક્ષેત્ર દેખનાર કાળથી એક આવલિકા પ્રમાણ જાણે અને જુએ "दोकप्प पढम पुढविं..... पासंति पंचमं पुढवी" ૧૯૩ (बृहत् सं.) सक्कीसाणा पढमं.... संभिण्णलोगनालिं, पासंति अगुत्तरा देवा ॥ (आ.नि.૫૦)

બે દેવલોકના દેવ પહેલી નરક પૃથ્વી સુધી જુએ છે, ૩/૪ દેવલોકના દેવો બીજી નરક પૃથ્વી સુધી જુએ છે, ૫/૬ દેવલોકના દેવો ત્રીજી નારક પૃથ્વી સુધી જુએ છે. ૭/૮ દેવલોકના દેવો ચોથી નરક પૃથ્વી સુધી જુએ છે. ૯, ૧૦, ૧૧,૧૨ દેવલોકના દેવો પાંચમી નારક પૃથ્વી સુધી જુએ છે. એમ દર્શનમાં તરતમતા સ્પષ્ટ છે. વળી ચકવર્તી ૧૨ જોજન દૂરના અપ્રકાશક પદાર્થને પણ જુએ અને વાસુદેવ વગેરે ઓછું ઓછું જોઈ શકે છે. એમ ચક્ષુદર્શનમાં પણ તરતમતા જોવા મળે છે, માટે તેનો પ્રકર્ષ સિદ્ધ થાય છે, એટલે કેવલદર્શનના આવરણનો ક્ષય થવાથી સર્વદર્શી સિદ્ધ થાય છે.]

આપણે કહીએ કે "શબ્દ નિત્ય નથી, સતત શ્રાવણ પ્રત્યક્ષ ન થતું હોવાથી" એમ અહીં શ્રાવણ દ્વારા શબ્દનો અનુપલમ્ભ દર્શાવી તેની નિત્યતાનો નિષેધ કરીએ ત્યારે મીમાંસક આમ જ કહીદે છે કે પ્રત્યક્ષથી તો વિધાન જ થઈ શકે કોઈનો નિષેધ સંભવતો નથી, અનુપલબ્ધિ પ્રમાણભૂત નથી (ઈંદ્રિય સંબદ્ધ થયા વિના પ્રવર્તતી હોવાથી) એમ મીમાંસકે પોતાના પક્ષમાં અનુપલંભને અપ્રમાણિત માન્યો છે. જ્યારે પોતે જ અહીં પ્રત્યક્ષ દ્વારા કેવલજ્ઞાન/સર્વજ્ઞનો અનુપલંભ થવાથી નિષેધ કરે છે, એટલે કે સર્વજ્ઞાભાવને સિદ્ધ કરવા.–

§ ૬૧. न चानुमानं तद्बाधकं सम्भवति, धर्मिग्रहणमन्तरेणानुमानाप्रवृत्तेः, धर्म्मिग्रहणे वा तद्ग्राहकप्रमाणबाधित्वादनुत्थानमेवानुमानस्य ।

અનુપલંભને પ્રમાણિત માને છે, આ કેવું અજુગતું કહેવાય. કા.કે. બન્ને ઠેકાણે ઈંદ્રિય સંબંધનો અભાવ તો સરખો જ છે. સ્વપક્ષે-તમારાં પક્ષમાં શબ્દ ઉપલંભ થતો નથી છતાં આ અનુપલમ્ભને અપ્રમાણિત ઠેરવી તમે અનુમાન દર્શાવ્યું. શબ્દની નિત્યતા અનુમાનથી સિદ્ધ કરી.

તો પછી તે અનુપલમ્ભ સર્વજ્ઞાભાવની સિદ્ધિ કરવામાં કેવી રીતે પ્રમાણિત બની શકે. કારણ કે બન્ને ઠેકાણે વસ્તુની અનુપલબ્ધિ અર્થાત્ સાક્ષાત્કાર ન થવો એ અનુપલમ્ભ તો સરખો જ છે. એટલે તેવો અનુપલમ્ભ એક ઠેકાણે પ્રમાણ અને બીજે ઠેકાણે અપ્રમાણ આવું માની શકાય નહિં.

૬૧. અનુમાન પ્રમાણ પણ સર્વજ્ઞનું બાધક બની શકતું નથી. કારણ કે સાધ્યધર્મ જેમાં રાખવાનો છે તે ધર્મી (સર્વજ્ઞ) પક્ષને[૧] જાણ્યા વિના અનુમાન થઈ શકતું નથી. હવે જો સર્વજ્ઞ-પક્ષને જાણીને આ બાધક અનુમાનની પ્રવૃત્તિ થાય છે, એમ કહેશો તો જે પ્રમાણથી[૧] આ પક્ષને જાણ્યો, તે જ પ્રમાણ આ સર્વજ્ઞબાધક અનુમાનનું બાધક બની જશે. (પ્રજ્ઞાપ્રકર્ષ સાધ્ય છે. તે જ ધર્મી= સર્વજ્ઞનો ધર્મ છે. અને તે ધર્મવાળો હોય તે જ તો સર્વજ્ઞ કહેવાય.) અથવા 'अयं'પક્ષ, 'सर्वज्ञ'સાધ્ય, 'घातिकर्मरहितत्वात्' હેતુ, આ અનુમાનનું બાધક= "सर्वज्ञो नास्ति वक्तृत्वात्" આ અનુમાનનું ઉત્થાન સંભવી શકતું નથી, કા.કે. તમારા અનુમાનનાં પક્ષરૂપે જ अयं (સર્વજ્ઞ) છે એને તો તમારે પહેલા ઓળખવો પડશે, હવે પછી તો તમારું આ બાધક અનુમાન

૧ નવકાર કંડારેલા ચોખાના દાણામાં એક સાથીયો છે. સાથીયાવાળો નવકાર છે. હવે તમે જે "આઈ ગ્લાસથી" નવકાર કંડારેલો દાણો એવો ધર્મી જોશો તેજ આઈ-ગ્લાસથી ત્યાં રહેલ સાથીયો દેખાઈ જશે. તેમ વીતરાગત્વ, જ્ઞાનાવરણવિલયત્વ ધર્મવાળા ધર્મીનું જ્ઞાન જેનાથી થશે તેનાથી કેવલજ્ઞાન = સર્વજ્ઞત્વનું જ્ઞાન થઈ જશે. અમે પણ કંઈ રસ્તામાં ચાલતા માણસને તો સર્વજ્ઞ-ધર્મી માનતા જ નથી. જેમાં મોહનો અને ઘાતિકર્મોનો ક્ષય થયેલો છે, તેવા વિશિષ્ટ પુરુષને અમે ધર્મી માનેલો છે. આવા ધર્મીને ઓળખ્યા વિના તો તમે "તે સર્વજ્ઞ નથી" એવો નિષેધ કરનારું અનુમાન પણ કેમ કરી શકશો ? અમારે તો અવધિજ્ઞાની દેવ કાર્મણવર્ગણાના પરિશાટનનું પ્રત્યક્ષ કરી-અવધિજ્ઞાનથી સાક્ષાત્ કરી અનુમાન કરી લે છે કે કેવલજ્ઞાનાવરણીયાદિ ઘાતિ કાર્મણ વર્ગણા આમાંથી વિલયપામી છે, તેથી આ સર્વજ્ઞ બન્યા છે, આવો નિશ્ચય થવાથી કેવલજ્ઞાનનો મહોચ્છવ કરવા આવે છે. એટલે જે અવધિજ્ઞાનથી આવરણવિલયવાન્ એવા ધર્મીનું જ્ઞાન થયું તેના આધારેજ સર્વજ્ઞસિદ્ધિનું અનુમાન થઈ જશે. એટલે ધર્મી સાથે તેના ધર્મ કેવલજ્ઞાનનું જ્ઞાન પણ થઈ જવાથી હવે તમારું બાધક અનુમાન પ્રવૃત્ત થઈ શકશે નહીં કા.કે. પ્રથમ અનુમાન સર્વજ્ઞ ધર્મનું થઈ જાય છે એટલે ઉપરોક્ત વીતરાગ વગેરે વિશેષણવાળા ધર્મીનું જ્ઞાન જે પ્રમાણથી કરશો તેના આધારે સર્વજ્ઞનું ભાન થઈ જ જતું હોવાથી તમારું બાધક પ્રમાણ લાગું પડી શકતું નથી.=પ્રવૃત થઈ ન શકે કા. કે. તમારા અનુમાનનો પક્ષ-ધર્મીને જ્ઞાત કરીને મૂકવો પડશે અને તે ધર્મી સાથે તો ધર્મનું સર્વજ્ઞત્વ જ્ઞાન થઈ જાય છે, માટે કેવલજ્ઞાનાભાવ-સર્વજ્ઞાભાવ આ તમારું સાધ્ય બાધિત બનવાથી તમારું અનુમાન ચાલી શકશે નહીં. ઘડાને પ્રમાણથી ગ્રહણ કર્યા વિના "તે ઘડો પાણીવાળો નથી, "બહારથી સુકો દેખાતો હોવાથી" આવું અનુમાન સંભવી શકે ખરું ? ઘડાને દેખ્યા વિના હેતુનો બોધ જ કયાં થાય ? હવે ઘડાનું જે પ્રમાણથી ગ્રહણ કર્યું, તે પ્રમાણથી ઘટના અસ્તિત્વનું બાધક પ્રમાણ = અનુમાન બાધિત થઈ જવાથી તેવું બાધક પ્રમાણ ઉભું થઈ શકતું નથી. અથવા "सर्वज्ञः नास्ति वक्तृत्वात्" અહીં સર્વજ્ઞને પક્ષબનાવવો પછી તેની સત્તાનો નિષેધ કરવો આમ કહેશો, તો આ પક્ષનું જ્ઞાન થશે એટલે સર્વજ્ઞનું જ્ઞાન થઈ જ જવાથી આ બાધક અનુમાન સંભવી જ ન શકે.

अथ विवादाध्यासितः पुरुषः सर्वज्ञो न भवति वक्तृत्वात् पुरुषत्वाद्वा रथ्यापुरुषवदित्यनुमानं तद्बाधकं ब्रूषे, तदसत्, यतो यदि प्रमाणपरिदृष्टार्थवक्तृत्वम् हेतुः, तदा विरुद्धः तादृशस्य वक्तृत्वस्य सर्वज्ञ एव भावात् । अथासदभूतार्थवक्तृत्वम्; तदा सिद्धसाध्यता, प्रमाणविरुद्धार्थवादिनामसर्वज्ञत्वेनेष्टत्वात् । वक्तृत्वमात्रं तु सन्दिग्धविपक्षव्यावृत्तिकत्वादनैकान्तिकम् ज्ञानप्रकर्षे वक्तृत्वापकर्षादर्शनात्, प्रत्युत ज्ञानातिशयवतो वक्तृत्वातिशयस्यैवोपलब्धेः । एतेन पुरुषत्वमपि निरस्तम् ।

કેવી રીતે પ્રવર્તી શકે ? એટલે સર્વજ્ઞનું નિષેધ કરનારું અનુમાન જ સર્વજ્ઞને સાધવા માટે ઉપયોગી બની જાય છે. અમારા અનુમાનનુ જે સાધ્ય છે, તેનો નિષેધ એ તમારું સાધ્ય છે, એટલે તમારે "સર્વજ્ઞ" એ પક્ષ-ધર્મી બન્યો કા.કે. જેનો નિષેધ કરવાનો હોય તે ધર્મી બને અને તેધર્મીના જ્ઞાન વિના તેનો નિષેધ ન સંભવે, જેમકે છગન નામની વ્યક્તિને જોઈ હોય, સાંભળી હોય તો જ તેનો નિષેધ = "છગન નથી" કહી શકાય. માટે તમારે પણ સર્વજ્ઞને પ્રમાણસિદ્ધ કરવો જરૂરી છે. "પર્વતત્વ ધર્મનો પવર્તમાં નિષેધ કરનાર એવું અનુમાન" જેમ પર્વતના સાક્ષાત્કારથી બાધિત બની જાય છે. તેમ અહીં પણ પક્ષનો ઉપલમ્ભ કરાવનાર પ્રમાણથી આ સર્વજ્ઞ નિષેધક અનુમાન બાધિત બની જાય છે.

પૂર્વપક્ષ → "વિવાદાસ્પદ પુરુષ સર્વજ્ઞ નથી, વક્તા હોવાથી અથવા પુરૂષ હોવાથી, રસ્તામાં ચાલતા માણસની જેમ" એમ પ્રતિજ્ઞામાં વિવાદગ્રસ્તને ધર્મી બનાવીને અનુમાન કરી શકાય છે.

એટલે અમારૂં અનુમાન બાધિત બનવાનો પ્રસંગ રહેતો નથી.

ઉત્તરપક્ષ → આ વાત બરાબર નથી, જો તમને "વક્તા હોવાથી" આ શબ્દ ઉપરથી પ્રમાણ[૧] વડે ગ્રહણ કરાયેલ પદાર્થનું પ્રતિપાદન -કથન કરવું આવો અર્થ અભિપ્રેત હોય તો આ હેતુ તમારા અનુમાનની વિરૂદ્ધ જશે, કારણ કે તમામે તમામ પદાર્થને પ્રમાણથી ગ્રહણ કરીને પ્રતિપાદન કરવાનું કામ સર્વજ્ઞ જ કરી શકે. એટલે આ હેતુ ઉલ્ટો સાધ્યાભાવ અર્થાત્ સર્વજ્ઞની સિદ્ધિ કરનાર હોવાથી વિરૂદ્ધ હેતુ બની જશે. અસદ્‌ભૂત અર્થને કહેનાર હોવું એવો હેતુનો અર્થ અભિપ્રેત હોય તો સિદ્ધ-સાધ્યતા દોષ આવશે. કારણ કે પ્રમાણવિરૂદ્ધ પદાર્થનું પ્રતિપાદન કરનારને અમે પણ સર્વજ્ઞ માનતાં જ નથી. જો તમને વક્તૃત્વ માત્રને હેતુ તરીકે અભિપ્રેત હોય તો વિપક્ષમાં-સર્વજ્ઞમાં આ હેતુની વ્યાવૃત્તિ-અસત્તા સંદિગ્ધ હોવાથી હેતુ વ્યભિચારી ઠરશે. કારણ કે

---

૧ પ્રમાણ=પ્રત્યક્ષાદિ કોઈપણ યથાર્થ અનુભવ દ્વારા આવો અર્થ સંભવી- નીકળી શકે છે. પરંતુ પ્રત્યક્ષ વગર અનુમાનની પ્રવૃત્તિ સંભવતી નથી અને આગમ માટે તો હજી ચર્ચા ચાલે અર્થાત્ પ્રથમ યથાર્થ જ્ઞાન કર્યા પછી જ તેનું પ્રતિપાદન સંભવે, માટે પ્રત્યક્ષથી જાણ્યા પછી આગમ પ્રમાણ રજુ થઇ શકે છે. એટલે અહીં પ્રમાણ શબ્દથી પ્રત્યક્ષ પ્રમાણ જ લેવાનું છે.

पुरुषत्वं हि यदि रागाद्यदूषितं तदा विरुद्धम्, ज्ञानवैराग्यादिगुणयुक्तपुरुषत्वस्य सर्वज्ञतामन्तरेणानुपपत्तेः । रागादिदूषिते तु पुरुषत्वे सिद्धसाध्यता । पुरुषत्वसामान्यं तु सन्दिग्धविपक्षव्यावृत्तिकमित्यबाधकम् ।

§ ૬૨. नाप्यागमस्तद्बाधकः तस्यापौरुषेयस्यासम्भवात्, सम्भवे वा तद्बाधकस्य तस्यादर्शनात् ।

સામાન્ય વક્તૃત્વ સર્વજ્ઞ / અસર્વજ્ઞ બન્નેમાં જોવા મળે છે. કારણ કે જેમ જેમ જ્ઞાનની વૃધ્ધિ થાય છે, તેમ તેમ વક્તૃત્વ હાનિ જોવા મળતી નથી. ઉલ્લું જ્ઞાનાતિશયવાળામાં વકતૃત્વનો ઉત્કર્ષ જોવા મળે છે. માટે સર્વજ્ઞમાં વક્તૃત્વનો નિષેધ કરવો શક્ય નથી. આ કથનથી પુરૂષત્વ હેતુપણ ખંડિત થઈ જાય છે.

અહીં પણ ત્રણ વિકલ્પ કરી શકાય છે. રાગાદિથી અદૂષિત પુરૂષત્વને હેતુ માનશો તો વિરૂદ્ધ દોષ આવશે. કારણ કે જ્ઞાન વૈરાગ્યાદિથી યુક્ત (રાગાદિ વગરનું) પુરૂષત્વ સર્વજ્ઞત્વ વિના સંભવી શકે નહિ. આપણા જેવા અલ્પજ્ઞમાં તો અજ્ઞાનતાના કારણે સર્વથા રાગાદિનો અભાવ સંભવી શકતો નથી. કા. કે. તે તે પદાર્થના સાચા સ્વરૂપની સંપૂર્ણ માહિતી ન હોવાથી કંઈક અંશે તો પરિસ્થિતિના આધારે રાગદ્વેષ થઈ જ જાય છે. એટલે સાધ્યાભાવથી=સર્વજ્ઞથી હેતુ વ્યાપ્ત બનવાથી તેવો હેતુ વિરૂદ્ધ દોષથી દુષ્ટ બને છે. હવે રાગાદિ દોષથી દૂષિત એવું પુરૂષત્વ હેતુ તરીકે અભિપ્રેત હોય તો સિદ્ધસાધ્યતા દોષ આવશે. કારણ રાગાદિથી દૂષિત પુરૂષને તો અમો પણ સર્વજ્ઞ માનતાં જ નથી. હવે પુરૂષત્વ સામાન્યને હેતુ માનશો તો તેની વિપક્ષમાં– સર્વજ્ઞમાં વ્યાવૃત્તિ= પુરુષત્વનો અભાવ સંદિગ્ધ હોવાના કારણે સર્વજ્ઞત્વાભાવનો વ્યભિચારી હોવાથી તે સર્વજ્ઞત્વનો બાધક બની શકતો નથી. જેમ દ્રવ્યત્વ હેતુ અગ્નિનો વ્યભિચારી ખરો પણ બાધક નથી. પર્વતો વહ્નિમાન્ ધૂમાત્,'' અહિં કોઈ દ્રવ્યત્વ હેતુ મૂકીને અગ્નિનો અભાવ સિદ્ધ કરવા જાય ત્યારે વહ્નિના અધિકરણમાં રહેલ હોવાથી વહ્ન્યભાવનો દ્રવ્યત્વ હેતુ વ્યભિચારી બનવાથી કાંઈ અગ્નિની સિદ્ધિનો બાધક બનતો નથી. કા. કે. દ્રવ્યત્વ હોય ત્યાં કાંઈ પ્રમાણ દ્વારા અગ્નિનો બાધ થાય એવું નથી. કેમકે અગ્નિ સાથે દ્રવ્યત્વ રહેલું છે. એમ તમારી પાસે એવું કોઈ પ્રમાણ નથી કે જેનાથી ''સર્વજ્ઞત્વ હોય ત્યાં પુરૂષત્વાભાવ હોય'' એવું સિદ્ધ કરી શકાય.

(વસ્તુના વાસ્તવિક સ્વરૂપને પૂર્ણ રૂપે ન જાણીએ ત્યાં સુધી તેમાં રાગદ્વેષ સંભવે છે, જ્યારે આપણને જણાઈ આવે આ વસ્તુ મને કશી ઉપયોગી નથી, તેમજ કશું નુકસાન કરનારી નથી આવું જણાઈ આવે તો તે વસ્તુમાં રાગદ્વેષ થતા નથી. હવે જો તમામ પદાર્થનો આવો સ્વભાવ જણાઈ જાય તો કોઈના ઉપર રાગાદિ થાય જ નહીં, એ યુક્તિ યુક્ત છે માટે ''સર્વજ્ઞત્વ'' રાગાદિથી અદૂષિત પુરુષત્વ માટે ઉપયોગી છે જ.)

૬૨. આગમ પણ સર્વજ્ઞનું બાધક નથી. પહેલી વાત તો એ છે કે આગમ અપૌરૂષેય હોઈ શકે નહિં. કારણ કે વર્ણ તે તાલ્વાદિના પ્રયત્ન જન્ય જ જોવા મળે છે, એટલે સુઘટિત વર્ણાત્મક શાસ્ત્ર પુરુષના પ્રયત્ન

सर्वज्ञोपज्ञ[1]श्चागमः कथं तद्बाधकः ? इत्यलमतिप्रसङ्गेनेति ॥१७॥

§ ६३. न केवलं केवलमेव मुख्यं प्रत्यक्षमपि त्वन्यदपीत्याह-

तत्तारतम्येऽवधिमनःपर्यायौ च[2] ॥१८॥

§ ६४. सर्वथावरणविलये केवलम्, तस्यावरणविलयस्य 'तारतम्ये' आवरणक्षयोपशमविशेषे तन्निमित्तकः 'अवधिः' अवधिज्ञानं 'मनःपर्यायः' मनःपर्यायज्ञानं च मुख्यमिन्द्रियानपेक्षं प्रत्यक्षम् । तत्रावधीयत इति 'अवधिः' मर्यादा सा च "रूपिष्ववधेः" [तत्त्वा० १.२८] इति वचनात् रूपवद्द्रव्यविषया अवध्युपलक्षितं ज्ञानमप्यवधिः । स द्वेधा भवप्रत्ययो गुणप्रत्ययश्च । तत्राद्यो देवनारकाणां पक्षिणामिव वियद्गमनम् । गुणप्रत्ययो मनुष्याणां तिरश्चां च।

વિના કેવી રીતે બની શકે ? કદાચ માની લઈએ કે અપૌરૂષેય આગમ છે, તો પણ તે આગમ સર્વજ્ઞનું બાધક તો જોવા મળતું નથી. કા. કે. એવું તેમાં કોઈ વચન જોવા મળતું નથી કે જે સર્વજ્ઞનું નિષેધ કરતું હોય. આગમ અપૌરૂષેય બની જવાથી કાંઈ સર્વજ્ઞની સર્વજ્ઞતા હણાઈ જતી નથી.

અને એ આગમ (= સર્વજ્ઞથી આવિષ્કાર -પ્રગટીકરણ થયું છે જેનું તેવુ આગમ, उपज्ञा = अंतःकरणमें अपने आप उपजा हुआ ज्ञान, आविष्कार (सं.हि.)) સર્વજ્ઞ ભાષિત માનવામાં આવે છે, તો તે સર્વજ્ઞનું બાધક બને જ કેવી રીતે ? અસર્વજ્ઞકૃત આગમ તે પ્રામાણિક બની શકે નહિં. સર્વજ્ઞની સિદ્ધિમાં આથી વિશેષ ચર્ચા કરવાની રહેવા દઈએ.

૬૩. માત્ર કેવલજ્ઞાનજ મુખ્ય-નિરૂપચરિત પ્રત્યક્ષ છે એમ નથી. બીજા પણ છે, તે સૂત્ર દ્વારા દર્શાવે છે..

આવરણના ક્ષયોપશમની તરતમતાથી અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન

થાય છે, च = અને તેપણ મુખ્ય–નિરૂપચરિત પ્રત્યક્ષ છે ॥૧૮॥

૬૪. જ્ઞાનનાં આવરણનો સર્વથા ક્ષય થતાં કેવલજ્ઞાન થાય છે. પણ જ્યારે (તે તે) આવરણના ક્ષયની તરતમતા હોય અર્થાત્ ક્ષયોપશમ વિશેષ થતાં તેનાં નિમિત્તે અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ બન્ને જ્ઞાન પણ ઇન્દ્રિયની અપેક્ષા રાખ્યા વિના આત્માને પદાર્થનો સાક્ષાત્ બોધ કરાવતા હોવાથી મુખ્ય-નિરૂપચરિત પ્રત્યક્ષ કહેવાય છે. મર્યાદાવાળુંજ્ઞાન તે અવધિજ્ઞાન. તેની મર્યાદા તત્વાર્થસૂત્રમાં બતાવવામાં આવી છે કે - "રુપિષ્વવધેઃ" રૂપી દ્રવ્યમાં અવધિજ્ઞાન પ્રવર્તે છે.

એટલે કે અવધિજ્ઞાનનાં વિષય રૂપી બાદર પરિણામી પુદ્ગલ દ્રવ્યો બને છે, શેષ નહીં. એમ મર્યાદા બંધાણી. અવધિથી ઉપલક્ષિત ઓળખાયેલ જ્ઞાન અવધિજ્ઞાન કહેવાય. તે જ્ઞાન બે પ્રકારે છે - .

---

१ उपज्ञा ज्ञानमाद्यं स्यात्-अभि० ६. ९-सम्या० । २ अष्टादशं एकोनविंशतितमं चेति सूत्रद्वयं ता-मू० प्रतौ भेदकचिह्नं विना एकसूत्रत्वेन लिखितं दृश्यते ।

§ ૬૫. मनसो द्रव्यरूपस्य पर्यायाश्चिन्तनानुगुणाः परिणामभेदास्तद्विषयं ज्ञानं 'मनःपर्यायः' । तथाविधमनःपर्यायान्यथानुपपत्त्या तु यद्बाह्यचिन्तनीयार्थज्ञानं तत् आनुमानिकमेव न मनःपर्यायप्रत्यक्षम्, यदाहुः-

"जाणइ बज्झेणुमाणेणं ।" [विशेषा० गा० ८१४] इति । ॥१८॥

§ ૬૬. ननु रूपिद्रव्यविषयत्वे क्षायोपशमिकत्वे च तुल्ये को विशेषोऽवधिमनःपर्याययोरित्याह-

---

(૧) ભવપ્રત્યય (૨) ગુણપ્રત્યય

ભવનું નિમિત્ત પામીને થનારૂં જ્ઞાન-ભવપ્રત્યય; જેમ પંખીઓમાં આકાશમાં ઉડવાની શક્તિ ભવના નિમિત્તથી મળી જાય છે, તેમ દેવો અને નરકના જીવોને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય છે, જો કે ભવપ્રત્યયમાં પણ ક્ષયોપશમની જરૂર તો પડે જ છે. પણ દેવ કે નારકનો ભવ પ્રાપ્ત થતા તેવો ક્ષયોપશમ થઈ જ જાય છે. એટલે ભવની મુખ્યતા હોવાથી તેને ભવપ્રત્યય કહેવાય છે.

ગુણપ્રત્યય અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચને હોય છે. રત્નત્રયની આરાધનાનાં પ્રભાવે અવધિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થવાથી ક્ષયોપશમની તરતમતા પ્રમાણે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે.

૬૫. મનોવર્ગણા અર્થાત્ દ્રવ્યમનના ચિંતનને અનુરૂપ જે વિવિધ પ્રકારનાં પર્યાય હોય છે, તેને (મનોવર્ગણાના પર્યાયને) જાણવાવાળું જ્ઞાન મનઃપર્યાય જ્ઞાન કહેવાય છે. **तथाविध मनःपर्यायान्यथानुपपत्त्या**-તેવા પ્રકારનો મનોવર્ગણાનો આકાર તદનુરૂપ ચિંતન વિના સંભવી ન શકે માટે, આ વર્ગણાનો આવો આકાર છે તેથી આને આવું વિચાર્યું હશે આવું અનુમાન કરાય છે. એટલે સંજ્ઞી જીવો જે કાંઈ વિચારણા કરે તેવાં આકારની મનોવર્ગણા ગોઠવાય છે, આવો દ્રવ્યમનનો પર્યાય તાદેશ ચિંતનની સાથે વ્યાપ્તિવાળો હોવાથી તે પર્યાય=આકારના આધારે ચિંતિત પદાર્થનો બોધ અનુમાનથી થાય છે.

એટલે તેવા બાહ્ય પદાર્થના બોધ મનઃપર્યાયરૂપ પ્રત્યક્ષ નથી.

વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે મનઃપર્યાયજ્ઞાની બાહ્ય પદાર્થોને અનુમાનથી જાણે છે. (વિ.ભા.ગા.૮૧૪) [પ્ર →શબ્દને કર્ણો દ્વારા સાંભળતા તે પદાર્થનો બોધ થઈ જ જાય છે, તેમ મનઃ પર્યવજ્ઞાનીને મનોવર્ગણા પ્રત્યક્ષ થવાથી જ પદાર્થ બોધ થઈ જશે, અનુમાનની શી જરૂર છે ?
જ. ભાષાવર્ગણા પ્રત્યક્ષ થાય છે, પરંતુ તે પદાર્થતો બોધ તો સંકેતવાળાને જ થઈ શકે, એટલે વાચ્યં-વાચકભાવનો (સંબંધ) બોધ જરૂરી છે. એટલે સાંભળવાથી જ્ઞાનને પ્રત્યક્ષ નથી કહેવાતું પરંતુ શાબ્દ પ્રમાણ કહેવાય છે. શબ્દો સાંભળવા તે પ્રત્યક્ષ અને વાચ્ય-વાચકભાવના આધારે શબ્દો ઉપરથી બોધ કરવોતે શાબ્દબોધ=શ્રુતજ્ઞાન. હા એટલું ચોક્કસ છે કે પૂર્વશ્રુત સંકેતને યાદ કર્યા વિના સીધો જ શબ્દોથી બોધ થઈ જાય તો તે મતિજ્ઞાન=પ્રત્યક્ષ કહેવાય. તેજ રીતે મનોવર્ગણા મનઃપર્યવજ્ઞાનીને પ્રત્યક્ષ થવા છતાં પદાર્થ સાથે તે વર્ગણાનો અવિનાભાવ વિના તે પદાર્થનો બોધ ન સંભવે એથી જ પદાર્થ બોધમાટે અવિનાભાવના જ્ઞાનના આધારે અનુમાન કરાય છે.]

૬૬.અહીં શંકા થાય કે અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન બન્નેનો વિષય રૂપી દ્રવ્ય છે અને બન્ને ક્ષાયોપશમિક ભાવવાળા છે. તો પછી બન્નેમાં ફેર શું ? તેનું સમાધાન કરતા કહે છે.....

विशुद्धिक्षेत्रस्वामिविषयभेदात् तद्भेदः ॥१९॥

§ ६७. सत्यपि कथञ्चित्साधर्म्ये विशुद्ध्यादिभेदादवधिमनःपर्यायज्ञानयोर्भेदः। तत्रावधिज्ञानान्मनःपर्यायज्ञानं विशुद्धतरम्। यानि हि मनोद्रव्याणि अवधिज्ञानी जानीते तानि मनःपर्यायज्ञानी विशुद्धतराणि जानीते।

§ ६८. क्षेत्र[1]कृतश्चानयोर्भेदः-अवधिज्ञानमङ्गुलस्यासङ्ख्येयभागादिषु भवति आसर्वलोकात्, मनःपर्यायज्ञानं तु मनुष्यक्षेत्र एव भवति।

§ ६९. स्वामिकृतोऽपि-अवधिज्ञानं संयतस्यासंयतस्य संयतासंयतस्य च सर्वगतिषु भवति, मनःपर्यायज्ञानं तु मनुष्यसंयतस्य प्रकृष्टचारित्रस्य प्रमत्तादिषु क्षीणकषायान्तेषु गुणस्थानकेषु भवति। तत्रापि वर्धमानपरिणामस्य नेतरस्य। वर्धमानपरिणामस्यापि ऋद्धिप्राप्तस्य नेतरस्य। ऋद्धिप्राप्तस्यापि कस्यचिन्न सर्वस्येति।

વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી અને વિષયના ભેદથી બન્નેમાં ભેદ છે. ॥૧૯॥

કોઈક અપેક્ષાએ સમાનતા હોવા છતાં વિશુદ્ધિ આદિના ભેદથી બન્નેમાં ભેદ પડે છે. તેમાં અવધિજ્ઞાનથી મનઃપર્યાય વધારે વિશુદ્ધિ ધરાવે છે. એટલે કે જે મનોદ્રવ્યને અવધિજ્ઞાની જાણે છે, તેમને મનઃપર્યાયજ્ઞાની વધારે વિશુદ્ધિ પૂર્વક જાણે છે.

૬૮. અવધિજ્ઞાન અંગુલના અસંખ્યાતમા ભાગથી માંડી લોકના છેડા સુધી રહેલા રૂપી દ્રવ્યને જાણી શકે છે. જ્યારે મનઃપર્યવજ્ઞાન મનુષ્ય ક્ષેત્ર પુરતું જ હોય છે.

૬૯. સ્વામીને આશ્રયી પણ ભેદ છે, અવધિજ્ઞાન સંયમીને અવિરતિવાળાને-૧,૨,૩,૪ ગુણઠાણે, સંયમાસંયમી= દેશવિરતિધરને તેમજ ચારે ચાર ગતિમાં સંભવી શકે છે. જ્યારે મનઃપર્યાયજ્ઞાન ઉત્તમચારિત્રી એવા મનુષ્યને જ હોય છે. તેમાં પ્રમત્તથી -૬થી માંડી ૧૨માં ક્ષીણકષાય ગુણઠાણા સુધી આ જ્ઞાન હોય છે, ૧૩મે તો કેવલજ્ઞાન થઈ જવાથી ક્ષાયોપશમિકજ્ઞાનનો પ્રશ્ન જ રહેતો નથી, અને સામાન્ય વિરતિવાળાને એની પ્રાપ્તિ થતી જ નથી.

એટલે ચારિત્રગુણપ્રત્યય નિમિત્તવાળું મનઃપર્યવજ્ઞાન છે, પણ બધા ચારિત્રીને હોય જ એવો નિયમ નથી. પંરતુ ચારિત્ર પામી જે મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરે છે, તેને જ આ ગુણપ્રગટ થાય છે.

એટલે કે વર્ધમાન સંયમસ્થાનોને પ્રાપ્ત કરનાર તેમજ ઋદ્ધિસંપન્ન સંયમીને આ જ્ઞાન સંભવે છે, બીજાને નહિ. તેમાં પણ બધા જ ઋદ્ધિ સંપન્નને થાય એવો નિયમ નથી, આ સ્વામીકૃત ભેદ થયો.

[એટલે આમાં વિશુદ્ધ ચારિત્રની મહત્તા દર્શાવી છે. છતાં ઋદ્ધિવાળા[1]ને આ જ્ઞાન થાય જ આવો નિયમ નથી. કા.કે. વિશુદ્ધિવાળા સંયમી હોવા છતાં જો મનઃ પર્યવજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપણમ ન થયો હોય તો

---

१ क्षेत्रतश्च-ता० ।

---

૧ તપચારિત્રના પ્રભાવથી મહર્ષિઓને જે કાંઈ ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત થાય છે, તેને ઋદ્ધિ કહેવાય છે. આવી ઋદ્ધિ ૭ પ્રકારની છે. (૧) બુદ્ધિ → કેવલજ્ઞાન વગેરે અને બીજબુદ્ધિ, કોષ્ઠબુદ્ધિ વગેરે.
(૨) વિક્રિયા → (i) ક્રિયા જંઘાચારણ વિ. - આકાશગામી અને (ii) વિક્રિયા → અણિમા વિ. આઠ સિદ્ધિ.
(૩) તપ→ઉગ્રતપસ્યા કરવાની શક્તિ.

§ ૭૦. विषयकृतश्च-रूपवद्द्रव्येष्वसर्वपर्यायेष्ववधेर्विषयनिबन्धस्तदनन्तभा[1]गे मनःपर्यायस्य इति। अवसितं मुख्यं प्रत्यक्षम् ॥૧૯॥

§ ૭૧. अथ सांव्यवहारिकमाह-

इन्द्रियमनोनिमित्तोऽवग्रहेहावायधारणात्मा सांव्यवहारिकम् ॥૨૦॥

ન પણ થાય, એટલે વિશુદ્ધચારિત્ર વિના તેવા ક્ષયોપશમનો સંભવ નથી, પરંતુ જેમ સમકિત એ તીર્થંકર નામકર્મનો હેતુ છે, છતાં બધા સમકિતીને તેનો બંધ થતો નથી, તેમ બધાને મનઃપર્યવજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય જ એવું નથી, આપણે જોઈએ જ છીએ સૂક્ષ્મસંપરાય સુધી પહોંચેલ પણ બધાને મનઃપર્યવ જ્ઞાન નથી પણ થતુ. કા.કે. આ કંઈ અવધિજ્ઞાન જેવું નથી કે બધા દેવો નારકોને થાય, તેમ બધા સંયમીને થઈ જ જાય એટલે બધા સંયમીને મનઃપર્યવજ્ઞાનનો ક્ષયોપશમ થઈ જ જાય એવું નથી. નહીંતર ૧૦મે ગુણઠાણે તો બધા મન-પર્યવજ્ઞાની જ બની જાય. એટલે માત્ર વિશુદ્ધ ચારિત્ર મનઃ પર્યવજ્ઞાનનું કારણ નથી, સાથોસાથ ક્ષયોપશમ તો થવો જરૂરી છે જ, અને તેતો વિચિત્રસ્વભાવવાળો હોવાથી નિયત નથી કે આ નંબરનું સંયમનું સ્થાન આવે એટલે થઈ જ જાય, એટલો નિયમ ખરો કે અમુક સંયમ સ્થાને પહોંચો પછી જ તેવો ક્ષયોપશમ થાય, તેનાથી નીચલા સંયમસ્થાને હોઈએ તો ન થાય.]

૭૦. અવધિજ્ઞાન બધા રૂપી દ્રવ્યોનું થઈ શકે છે. પરંતુ તે પણ બધા પર્યાયને અવગાહન કરતું નથી. જ્યારે મનઃપર્યવજ્ઞાન માત્ર સંજ્ઞી જીવોથી ગૃહીત મનોવર્ગણાને સાક્ષાત્ કરતુ હોવાથી અવધિજ્ઞાનની અપેક્ષાએ આનો વિષય અનંતમો ભાગ જ બને છે. આ વિષયકૃત ભેદ થયો. આ પ્રમાણે મુખ્ય પ્રત્યક્ષ સંબંધી વ્યાખ્યા પૂર્ણ થઈ.

અપ્રતિપાતિ અને પરમાવધિને છોડી બધી જાતનું અવધિજ્ઞાન પ્રતિપાતિ સંભવે છે. જ્યારે વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાની એજ ભવે મોક્ષે જનાર હોવાથી અપ્રતિપાતિ હોય છે. ઋજુમતિ પ્રતિપાતિ પણ છે.

૭૧. હવે સાંવ્યવહારિક જ્ઞાનની વ્યાખ્યા કરે છે.....

ઇન્દ્રિય અને મનના નિમિત્તથી થવાવાળું અવગ્રહ અવાય ધારણા સ્વરૂપ સાંવ્યવહારિક-ઉપચરિત પ્રત્યક્ષ હોય છે. ॥૨૦॥

---

૧ मनोलक्षणे ।

---

(૪) બલ → મન વચન અને કાયાનું બળ.

(૫) ઔષધ → આમર્ષૌષધિ જેનો સ્પર્શમાત્ર બધી દવાનું કામ કરે. ક્ષ્વલ–જેના કફ, લાળ, આંખનો મેલ, નાસિકાનો મેલ, દવાનું કામ કરે. ઇત્યાદિ શરીરની મલિન વસ્તુઓ પણ દવાનું કામ કરે એટલે તેના ઉપયોગ માત્રથી બધા રોગનાશ પામી જાય, તેમજ આસ્યનિર્વિષ- જેમના વચનમાત્રથી રોગીનો રોગ કે વિષનાશ પામી જાય, દૃષ્ટિનિર્વિષ→જેમના દર્શનમાત્રથી રોગ કે વિષ નાશ પામી જાય.

(૬) રસ → (૧) આશીવિષરસ - "તુમ મર જાઓ" કહેવામાત્રથી સામેની વ્યક્તિ મરી જાય, (જે વ્યક્તિ માટે બોલ્યો હોય તે) "નિર્વિષ થાઓ" એમ બોલવાથી રોગી મરવા પડેલો જીવી જાય (૨) દૃષ્ટિવિષ→ મારવાની ભાવનાથી નજર કરતા વિવક્ષિત વ્યક્તિ મરી જાય, અમૃતરસ→ નીરોગીકરવાની ભાવનાથી નજર કરતા વિવક્ષિત વ્યક્તિ નિરોગી બની જાય (૩) ક્ષીર-મધુ-સર્પિ-અમૃતસ્રાવી →જે મુનિના હાથમાં રહેલો લુખો સુકો આહાર દુધ, મધ, ઘી અને અમૃત તુલ્ય સ્વાદવાળો બની જાય.

(૭) ક્ષેત્ર → (અક્ષીણ મહાનસ→ જેમના પ્રભાવથી ચક્રવર્તીનું સૈન્યે જમે તો પણ આહાર ખુટે નહીં,) અક્ષીણ મહાલય →૪ ધનુષ્ય પ્રમાણ ક્ષેત્રમાં અનેક સંખ્યાત મનુષ્ય આરામથી રહી શકે. આમાંથી એકાદ ઋદ્ધિ જે મહાત્માને પ્રાપ્ત થઈ હોય તેને જ મનઃપર્યાય જ્ઞાન પેદા થાય છે, એટલે સંયમના પ્રભાવથી જયાંસુધી એક પણ ઋદ્ધિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાધુને પણ આ જ્ઞાન થઈ શકતું નથી. [જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ]

§ ૭૨. इन्द्रियाणि स्पर्शनादीनि वक्ष्यमाणलक्षणानि, मनश्च निमित्तं कारणं यस्य स तथा । सामान्यलक्षणानुवृत्तेः सम्यगर्थनिर्णयस्येदं विशेषणं तेन 'इन्द्रियमनोनिमित्तः' सम्यगर्थनिर्णयः । कारणमुक्त्वा स्वरूपमाह-'अवग्रहेहावाय-धारणात्मा' ।
अवग्रहादयो वक्ष्यमाणलक्षणाः त आत्मा यस्य सोऽवग्रहेहावायधारणात्मा। 'आत्म'ग्रहणं च क्रमेणोत्पद्यमानानामप्यवग्रहादीनां नात्यन्तिको भेदः, किन्तु पूर्वपूर्वस्योत्तरोत्तररूपतया परिणामादेकात्मकत्वमिति प्रदर्शनार्थम् । समीचीनः प्रवृत्तिनिवृत्तिरूपो व्यवहारः संव्यवहारस्तत्प्रयोजनं 'सांव्यवहारिकम्' प्रत्यक्षम् । इन्द्रियमनोनिमित्तत्वं च समस्तं व्यस्तं च बोद्धव्यम् । इन्द्रियप्राधान्यात् मनोबलाधानाच्चोत्पद्यमान इन्द्रियजः । मनस एव विशुद्धिसव्यपेक्षादुपजायमानो मनोनिमित्त इति ।

---

૭૨. ઈન્દ્રિયો સ્પર્શ વગેરે અમે આગળ કહેવાના છીએ એવા લક્ષણવાળી છે. તે અને મન જેમાં નિમિત્ત બનતું હોય એવું જ્ઞાન (અર્થાત્ સાંવ્યવહારિક પ્રત્યક્ષ). પ્રમાણના સામાન્ય લક્ષણની અનુવૃત્તિ આવતી હોવાથી સમ્યગ્ અર્થ નિર્ણયનું આ વિશેષણ સમજવું. એટલે કે જે સમ્યગ્અર્થનિર્ણય ઈંદ્રિય અને મનના નિમિત્તથી થાય છે તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ. આ પ્રમાણે સાંવ્યવહારિક પ્રત્યક્ષનાં સાધન - કારણ દર્શાવ્યા હવે સ્વરૂપ દર્શાવે છે....

અવગ્રહાદયો વક્ષ્યમાણલક્ષણાઃ ત આત્મા યસ્ય સ=સમ્યગ્ અર્થનિર્ણયઃ = કહેવાતા સ્વરૂપલક્ષણવાળા તે અવગ્રહ ઈહા, અવાય ધારણા આત્મા–સ્વભાવ છે જેનો તેવો સમ્યગ્અર્થ નિર્ણય "अवग्रहेहावायधारणात्मा" આ સમ્યગ્અર્થનિર્ણયનું વિશેષણ લેવાનુ અને આવા નિર્ણયને–નિશ્ચયને સાંવ્યવહારિક જ્ઞાન કહેવાય. આત્મા શબ્દનો પ્રયોગ એવું દર્શાવવા માટે કર્યો છે કે અનુક્રમે ઉત્પન્ન થતા અવગ્રહ વગેરેમાં અત્યંત–સર્વથા ભેદ નથી. પરંતુ પૂર્વ પૂર્વનું જ્ઞાન જ ઉત્તર ઉત્તર રૂપે પરિણત થાય છે. એટલે કે અવગ્રહ જ્ઞાન ઈહા રૂપે, ઈહા અપાય રૂપે અપાય ધારણા રૂપે પરિણામ પામે છે, તે આખો એક જ દીર્ઘ ઉપયોગ હોય છે. એમ તેમનામાં એકાત્મકતા રહેલી છે. [સમીચીન ઠીક, સહી, સત્ય, યોગ્ય, સમુચિત સુસંગત (સં.હિં.)] સાચી સંવાદી સમીચીન પ્રવૃત્તિ–નિવૃત્તિ રૂપ વ્યવહાર તે સંવ્યવહાર તેનું જે પ્રયોજન-જનક હોય તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ. આ જ્ઞાન આત્માને સાક્ષાત્ પ્રત્યક્ષ નથી એટલે આને મુખ્ય પ્રત્યક્ષ તો નથી કહેવાતું, પરંતુ આ જ્ઞાનનાં આધારે (અનુમાનાદિ પ્રમાણની જેમ વ્યાપ્તિજ્ઞાન વિ. નો સહારો લીધા વિના પણ) સમીચીન વ્યવહાર ચાલી શકે છે માટે ઉપચારથી આ જ્ઞાનને પણ પ્રત્યક્ષ કહેવાય છે. (હકીકતમાંતો તત્વાર્થમાં 'આદ્યેપરોક્ષે' કહીને મતિ શ્રુત જ્ઞાનને પરોક્ષ જ કહેલ છે.)

આ જ્ઞાનમાં ઈન્દ્રિય અને મન ભેગાં મળીને, તેમજ જુદા જુદા પણ કારણ બને છે. જે જ્ઞાનમાં ઈન્દ્રિય પ્રધાન હોય અને મનની જેમાં ગૌણ રૂપે જરૂર પડે તે ઈન્દ્રિયજ પ્રત્યક્ષ કહેવાય.

જેમ નાકથી ગંધનું જ્ઞાન કરીએ ત્યારે ગંધ સાથે તો નાકનો જ સંબંધ થાય. તેની સૂચના મન દ્વારા આત્માને પહોંચે છે. એમ મન તો (Media) મીડીયા- માધ્યમનું કામ કરે છે. કંઈ વિષયને ગ્રહણ કરવા મન

§ ૭૩. ननु स्वसंवेदनरूपमन्यदपि प्रत्यक्षमस्ति तत् कस्मान्नोक्तम् ?, इति न वाच्यम्, इन्द्रिय[1]जज्ञानस्वसंवेदनस्येन्द्रियप्रत्यक्षे, अनिन्द्रियजसुखादि[2]संवेदनस्य मनःप्रत्यक्षे, योगिप्रत्यक्षस्वसंवेदनस्य योगिप्रत्यक्षेऽन्तर्भावात् । स्मृत्यादिस्वसंवेदनं तु मानसमेवेति नापरं स्वसंवेदनं नाम प्रत्यक्षमस्तीति भेदेन[3] नोक्तम् ॥२०॥

§ ૭૪. इन्द्रियेत्युक्तमितीन्द्रियाणि लक्षयति-

स्पर्शरसगन्धरूपशब्दग्रहणलक्षणानि स्पर्शनरसनघ्राणचक्षुः-श्रोत्राणीन्द्रियाणि द्रव्यभावभेदा[4]नि ॥२१॥

પ્રવૃત્ત થતું નથી. હા મનનો ઉપયોગ તે વખતે તદ્વિષયક બને છે. આ સમસ્તનો દાખલો થયો, જ્યારે સુખદુઃખનો સાક્ષાત્ વિશુદ્ધિ યુક્ત મન સાથે સંબંધ થાય છે. એટલે સુખ દુઃખને ગ્રહણ કરવા મન ખુદ એકલુ પ્રવર્તે છે તે વ્યસ્તનું ઉદાહરણ થયું તે મનોનિમિત્ત પ્રત્યક્ષ છે.

૭૩ શંકાકાર→ સ્વસંવેદનનામક પ્રત્યક્ષ પણ છે. તો તેનું નિરૂપણ કેમ ન કર્યું ?

સમાધાન → સ્વસંવેદન પ્રત્યક્ષ છે. એ વાત સાચી, ઈન્દ્રિયજ જે જ્ઞાન થયું છે- "આ ઘટ છે" એવું તેની સાથોસાથ મેં ઘટને જાણ્યો છે "ઘટ જ્ઞાનવાળો હું છું" આવું જે આત્માને સ્વતઃ ઘટ જ્ઞાનનું ભાન થઈ જાય છે, તે માટે અન્ય જ્ઞાન કે ઈન્દ્રિયાદિની જરૂર પડતી નથી, માટે સ્વસંવેદન કહેવાય. પરંતુ તે જ્ઞાન તો ઘટના જ્ઞાનની સાથે જ થઈ જાય છે, જેમ પ્રતિબિંબને જોવાની સાથે તે દર્પણનું પણ ભાન થઈ જતું હોવાથી દર્પણના જ્ઞાન માટે જુદુ પ્રમાણ માનવાની જરૂર નથી. માટે તેનો ઈન્દ્રિયજ પ્રત્યક્ષમાં સમાવેશ થઈ જાય. એજ પ્રમાણે મનોનિમિત્તક સુખદુઃખનો અનુભવ અને તેનું સંવેદન સાથે જ થવાથી તેનો મનોનિમિત્તક માનસ પ્રત્યક્ષમાં સમાવેશ થઈ જાય છે. એમ યોગિપ્રત્યક્ષ[1] સ્વસંવેદનનો (અવધિજ્ઞાન મુનિ વિ.ને હોય છે, તેમાં સમાવેશ સમજી લેવાનો) યોગિપ્રત્યક્ષમાં અને સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા વગેરે (જ્ઞાન)નું સ્વસંવેદન માનસપ્રત્યક્ષમાં સમાવિષ્ટ થાય છે, માટે અલગથી સ્વસંવેદન પ્રત્યક્ષ કહ્યું નથી ॥૨૦॥

૭૪. ઈન્દ્રિયમનો નિમિત્ત જે કહ્યું તેમાં ઈન્દ્રિયોને ઓળખાવે છે....

સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ પાંચ ઇન્દ્રિય છે, અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ,રૂપ અને શબ્દને ગ્રહણ કરવા એ તેમનું લક્ષણ છે, આ પાંચે દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયના ભેદથી બે પ્રકારની છે. ॥૨૧॥

---

१ इन्द्रियज्ञा०-ता० । २-०सुखादिस्वसं०-मु० ३ भेदेनोक्तम्-डे-मु० । ४ 'इन्द्रियाणि' इत्यन्तमेकं 'भेदानि' इत्यन्तं च अपरम् इति सूत्रद्वयं सं-मू०प्रतौ दृश्यते ।

---

૧ ગુણના નિમિત્તે ઘણું કરીને યતિને અવધિજ્ઞાન ઉત્પન થાય છે, માટે બહુલતાની અપેક્ષાએ તે જ્ઞાનને યોગિપ્રત્યક્ષ કહી શકાય છે. વળી અન્યને પણ આ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેમાં પણ પૂર્વભવની સંયમ આરાધના પ્રાયઃ ઉપયોગી બને છે, વળી યોગિપ્રત્યક્ષનું જે સ્વરૂપ છે તેનું લગભગ મળતું સ્વરૂપ અવધિજ્ઞાનનું છે, અવધિજ્ઞાની પણ ઉપયોગ મૂકે તો તરત જ દૂર રહેલા, વ્યવહિત-ભીંત વિગેરેથી અવરાયેલા પદાર્થ, ચર્મચક્ષુથી ન જોઈ શકાય તેવા પદાર્થ, અને ભૂત ભાવિનું જ્ઞાન કરી શકે છે, આવુંજ્ઞાન યોગીને સમાધિના બળથી થાય, અમને તો વિભંગજ્ઞાન માન્ય હોવાથી અન્ય દર્શનીમાં આવું જ્ઞાન માન્ય છે જ.

§ ૭૫. स्पर्शादिग्रहणं लक्षणं येषां तानि यथासङ्ख्यं स्पर्शनादीनीन्द्रियाणि, तथाहि स्पर्शाद्युपलब्धिः करणपूर्वा क्रियात्वात् छिदिक्रियावत् । तत्रेन्द्रेण कर्मणा सृष्टानीन्द्रियाणि नामकर्मोदयनिमित्तत्वात् । इन्द्रस्यात्मनो लिङ्गानि वा, कर्ममलीमसस्य हि स्वयमर्थानुपलब्धुमसमर्थास्यात्मनोऽर्थोपलब्धौ निमित्तानि इन्द्रियाणि ।

§ ૭૬. नन्वेवमात्मनोऽर्थज्ञानमिन्द्रियात् लिङ्गादुपजायमानमानुमानिकं स्यात् । तथा च लिङ्गापरिज्ञानेऽनुमानानुदयात् । तस्यानुमानात्परिज्ञानेऽनवस्थाप्रसङ्गः,

---

૭૫ સ્પર્શને ગ્રહણ કરવો તે સ્પર્શેન્દ્રિયનું લક્ષણ છે. રસને ગ્રહણ કરવો તે રસનેન્દ્રિયનું લક્ષણ છે. ગંધને ગ્રહણ કરવી તે ઘ્રાણેન્દ્રિયનું લક્ષણ છે. રૂપને ગ્રહણ કરવું તે ચક્ષુરિન્દ્રિયનું લક્ષણ છે. શબ્દને ગ્રહણ કરવો તે શ્રોત્રેન્દ્રિયનું લક્ષણ છે.

તે આ પ્રમાણે →સ્પર્શ વગેરેની ઉપલબ્ધિ કરણ પૂર્વક (દ્વારા) જ થાયછે. કારણ કે તે ઉપલબ્ધિ એક જાતની ક્રિયા છે છેદન ક્રિયાની જેમ એટલે છેદન ક્રિયામાં જેમકુહાડી કરણની જરૂર પડે છે. બસ આ પ્રમાણે ઉપલબ્ધિ ક્રિયાનું કરણ તે જ ઇન્દ્રિય છે. તેમાં ઇન્દ્રેણ = ઇન્દ્રિય અંગોપાંગ નામકર્મના ઉદયથી નિર્માણ કરાયેલી હોય તે ઇન્દ્રિય[1] અથવા ઇંદ્ર એટલે આત્મા તેનાં લિંગ તે ઇંદ્રિય[1] (૧૧૭-૧-૧૭૪॥ સિ.હેમ.થી નિપાત) ઇન્દ્રિયની પ્રવૃત્તિ ઉપરથી આ શરીરમાં લીન- છુપાયેલ આત્માનું ગ=ગમન–જ્ઞાન થાય છે, માટે આને આત્માનું લિંગ કહેવાય છે. ખરેખર કર્મથી મલીન આત્મા પોતે જાતે પદાર્થને જાણવા અસમર્થ હોય છે, એટલે અર્થ ઉપલબ્ધિમાં ઇન્દ્રિય નિમિત્ત-સહાયક બને છે. આમ બે રીતે ઇંદ્રિયોની વ્યુત્પત્તિ દર્શાવી.

૭૬. શંકાકાર - અરે ! એમ તો આત્માને અર્થનું જ્ઞાન ઇન્દ્રિય રૂપી લિંગથી થતું હોવાથી તે બધુ જ્ઞાન અનુમાન કહેવાશે. અનુમાનની ઉત્પત્તિ લિંગનું જ્ઞાન થયા વિના સંભવી શકતી નથી. તે લિંગનું જ્ઞાન અનુમાનથી માનવામાં આવે તો અનવસ્થા દોષ આવશે. અનુમાન માટે લિંગ જ્ઞાન તે માટે અનુમાન પુનઃ દ્વિતીયઅનુમાન માટે લિંગજ્ઞાન તે માટે તૃતીય અનુમાન એમ અનવસ્થા[2] ઉભી થશે.

---

૧ "ઇન્દ્રિયમિન્દ્રલિઙ્ગમિન્દ્રદૃષ્ટમિન્દ્રસૃષ્ટમિન્દ્રજુષ્ટમિન્દ્રદત્તમિતિ पाणिनी सूत्र ॥ ૫.૨.૯૩॥

ઇન્દ્ર-જીવ = આત્માનું લિંગ અથવા ઇન્દ્રનો અર્થ કર્મ પણ થાય છે (જૈનેન્દ્રસિદ્ધાંત કોશમાં) ઇન્દ્રદૃષ્ટ–કર્મ અથવા આત્મા દ્વારા પ્રકાશિત કરાયેલ એટલે કે આત્મા દ્વારા અને કર્મના ક્ષયોપશમથી ઇંદ્રિયમાં પ્રકાશ આવે છે, જો આત્મા ન હોય, અથવા કર્મનો ક્ષોયોપશમ ન હોય તો ઇંદ્રિયમાં પ્રકાશ આવી શકે નહિ. "ભગવતા यथा भूततो પ્રકાસિતાનિ" એમ વિશુદ્ધિમાર્ગમાં કહ્યું છે.

૨ શંકા → અર્થનું જ્ઞાન ઇંદ્રિયરૂપી લિંગથી જન્ય છે. પણ આ ઇંદ્રિય–લિંગનું જ્ઞાન થયા વિના અર્થના જ્ઞાન સ્વરૂપ અનુમાન થઇ શકે નહીં. હવે એમ માનોકે ઇંદ્રિયનું જ્ઞાન અન્ય અનુમાનથી કરી લઇશું પછી તેના દ્વારા અર્થજ્ઞાનરૂપ અનુમાન થઇ જશે. ત્યારે પ્રશ્ન એ આવે છે કે આ ઇંદ્રિયનું જ્ઞાન કરવા માટે મૂકેલ અનુમાનમાં લિંગ કોણ અને તેનું જ્ઞાન શેનાથી થશે ? તેવા અનુમાન માટે પણ તે જ ઇંદ્રિયનું જ્ઞાન જરૂરી છે. એમ આત્માશ્રનો પ્રસંગ આવે છે. અહીં–પ્રથમ

नैवम्, भावेन्द्रियस्य स्वसंविदितत्वेनानवस्थानवकाशात् । यद्वा, इन्द्रस्यात्मनो लिङ्गान्यात्मगमकानि इन्द्रियाणि करणस्य त्वास्यादिवत्कर्त्रधिष्ठितत्वदर्शनात् ।

• સમાધાન : આવી વાત નથી. ભાવેન્દ્રિયો સ્વતઃ પોતાનું જ્ઞાન કરાવનારી -સ્વસંવેદી હોવાથી અનવસ્થાને અવકાશ જ નથી.

અથવા ઈંદ્ર એટલે આત્મા તેનું જે લિંગ હોય– આત્માની હયાતીની પ્રતીતિ જેનાથી થાય તે ઈંદ્રિય.

જેમકે - કરવત વગેરે જે કોઈ કરણ છે, તે બધા કર્તા દ્વારા અધિષ્ઠિત થઈને જ ક્રિયા કરે છે, તેમ ઈંદ્રિય પણ કરણ છે. તે કોઈ કર્તાને અધિષ્ઠિત હોવી જોઈએ. તે કર્તા=કરણના ચાલક (ઓપરેટર) તરીકે જ આત્મા છે. એમાં ઇન્દ્રિય રૂપી લિંગથી આત્માનું અનુમાન થાય છે. (અર્થાત્ ઈન્દ્રિયો આત્માના જ્ઞાન માટે લિંગ છે, કાંઇ બાહ્ય પદાર્થના જ્ઞાન માટે લિંગરૂપે કામ કરતી નથી. કારણ કે બાહ્ય પદાર્થની ઉપલબ્ધિ સાથે તેનો અવિનાભાવ નથી. પરંતુ બાહ્ય પદાર્થના જ્ઞાનમાં કરણ રૂપે કામ કરે છે. [જેમ-"જ્યાં જ્યાં કરવત, ત્યાં ત્યાં છેદન ક્રિયા" એવી વ્યાપ્તિ નથી. તેમ અહીં પણ જ્યાં ઈન્દ્રિય ત્યાં ત્યાં ઉપલબ્ધિ" એવી વ્યાપ્તિનથી. આત્મામાં ઈન્દ્રિયતો સદા વિદ્યમાન હોય છે. માટે આત્મા સાથે તેમનો અવિનાભાવ ખરો, પરંતુ કંઈ ઉપલબ્ધિ હંમેશા હોતી નથી.

(વિષયને ગ્રહણકરવાની શકિત-પ્રકાશ તે ક્ષયોપશમ=ભાવેંદ્રિય છે.) આત્મા અને નામકર્મથી ઈંદ્રિયનું સર્જન થાય છે, માટે ઈન્દ્રસૃષ્ટમ્, ઈન્દ્રજુષ્ટ આત્મા/કર્મ દ્વારા સેવાયેલ એટલે કે આત્માને જ્યારે કોઈ વિષયનું જ્ઞાન કરવાનું હોય છે ત્યારે તેણે (આત્માને) ઈંદ્રિયની સેવામાં જવું પડે છે, ઈંદ્રિયની ગરજ કરે છે (ભાવના-સેવનાય, ગોચનાસેવનાય ભગવતા સેવિતાનિ) અને કર્મ દ્વારા પુષ્ટ કરાય છે, કર્મ રાજા પોતે નામકર્મના ઉદયથી તેની સેવા કરે છે, જેથી તેઓ લાંબાકાળ સુધી ટકી રહે છે, જો અંગોપાગના વિપાકમાં ખામી આવે તો ઈંદ્રિયમાં ગરબડ થઈ જાય છે. ઈન્દ્રદત્ત આત્મા/કર્મે આ ઈંદ્રિયો આપી છે,]

ઈન્ એટલે વિષય તેના પ્રત્યે દ્રવે ઇન્+દુ "इन्द्रियम्" सि.है। ૭.૧.૧૭૪ થી નિપાતન દ્વારા સિદ્ધ થાય છે. એટલે કે વિષય રૂપે પોતે બને છે, જેમ દ્રવ પાણી જેમાં નાંખો તેવો આકાર ધારણ કરે છે, તેમ આંખ પણ સામે જેવી વસ્તુ હોય તેવા આકાર આંખમાં આવે છે. જીભ તેતે રસાસ્વાદવાળી બને છે.

અનુમાનમાં લિંગરૂપે ઈંદ્રિય જ છે તેના જ્ઞાનમાટે ઉપયોગી અન્ય અનુમાનમાં તે જ ઈંદ્રિય લિંગ બનતી હોવાથી આત્માશ્રય થાય. જો અન્ય અન્ય લિંગને કારણ માનવાના હોય તો અનવસ્થા આવે ઇતિ ચિન્ત્યમ્" (પ્રથમ વહ્નિ માટે લિંગ રૂપે જે ધૂમ છે, અને બીજા વહ્નિ માટે ભિન્નધૂમલિંગ બને, ત્યાં નવા[૨] વહ્નિ માટે અન્ય[૨] લિંગની જરૂર પડે તો અનવસ્થા થાય.)

સમા - આ ભાવેન્દ્રિયનું જ્ઞાન સ્વતઃ થઈ જતું હોવાથી આત્માશ્રયનો પ્રસંગ નથી, આત્માશ્રય દોષતો ત્યારે જ બને કે જ્યારે સ્વતઃ સંવેદન ન થતું હોય, છતાં તેનાથી જ તેનું જ્ઞાન કરવાનું હોય. અનુભવસિદ્ધમાં આત્માશ્રય લાગતો નથી. જેમ દીવો સ્વયં પ્રકાશે છે.

§ ૭૭. तानि च द्रव्यभावरूपेण भिद्यन्ते । तत्र द्रव्येन्द्रियाणि नामकर्मोदयनिमित्तानि, भावेन्द्रियाणि पुनस्तदावरणवीर्यान्तरायक्षयोपशमनिमित्तानि । सैषा पञ्चसूत्री स्पर्शग्रहणलक्षणं स्पर्शनेन्द्रियं, रसग्रहणलक्षणं रसनेन्द्रियमित्यादि । सकलसंसारिषु भावाच्छरीरव्यापकत्वाच्च स्पर्शनस्य पूर्वं निर्देशः, ततः क्रमेणाल्पाल्पजीवविषयत्वाद्रसनघ्राणचक्षुःश्रोत्राणाम् ।

§ ७८. तत्र स्पर्शनेन्द्रियं तदावरणक्षयोपशमसम्भवं पृथिव्यप्तेजोवायुवनस्पतीनां शेषेन्द्रियावरणवतां स्थावराणां जीवानाम् ।

---

૭૭. તે ઇન્દ્રિયો દ્રવ્ય અને ભાવરૂપથી ભેદ પામે છે. તેમાં દ્રવ્યેન્દ્રિય ઇંદ્રિય અંગોપાંગ નામકર્મના ઉદયથી બને છે. જ્યારે ભાવેન્દ્રિય મતિજ્ઞાન ના ૨૮ ભેદ સ્વરૂપ છે, તેનાં આવરણના અને વીર્યાન્તરાય કર્મ બન્નેના ક્ષયોપશમથી તે પ્રાપ્ત થાય છે.

તેમાં જે ઇન્દ્રિયાવરણનો ક્ષયોપશમ વધારે હોય તેનાં વિષયનું જ્ઞાન સારી રીતે શીઘ્ર થાય. સ્પર્શને ગ્રહણ કરવાવાળી સ્પર્શેન્દ્રિય છે, એમ પાંચે પાંચ ઇન્દ્રિય માટે સમજી લેવું. સ્પર્શેન્દ્રિય બધા જ સંસારી જીવોને હોય છે. તેમજ આખાય શરીરમાં વ્યાપ્ત હોય છે, માટે તેનો પહેલા નંબરમાં નિર્દેશ કર્યો છે.

પછી પછીની ઇંદ્રિયો થોડા થોડા જીવોને હોય છે, માટે તેવાં ક્રમથી નિર્દેશ કર્યો છે. એટલે બેઇન્દ્રિય કરતા તેઇન્દ્રિયવાળા જીવો થોડા છે, તેનાથી ચઉરિન્દ્રિય જીવો થોડા તેનાંથી પંચેન્દ્રિય જીવો થોડા છે.

(અથવા નિગોદમાંથી જીવનો વિકાસ પ્રાયઃ કરીને આજ ક્રમથી થાય છે. એટલે નિગોદમાં સ્પર્શેન્દ્રિયતો હોય પછી બેઇન્દ્રિય થઇને જ તેઇન્દ્રિય બની શકે. સીધો તેઇન્દ્રિય બનતો નથી. એજ રીતે ચઉરિન્દ્રિય થયા પછી જ પંચેન્દ્રિય થાય. આ ક્રમ પ્રથમવારના વિકાસ માટે સમજવો એક વાર પંચેન્દ્રિય સુધી પહોંચ્યા પછી તો સીધો નિગોદમાંથી પણ પંચેન્દ્રિય વગેરે થઇ શકે છે. (ભગવતી) એટલે જ સ્પર્શાદિના ક્રમથી ઇન્દ્રિયનો નિર્દેશ કરવામાં આવ્યો છે.)

૭૮. તેમાં સ્પર્શેન્દ્રિય વિષયક મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી સ્પર્શેન્દ્રિય જ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય વાયુકાય, વનસ્પતિકાયના જીવોને હોય છે. શેષ ઇંદ્રિયાવરણનો સર્વથા ઉદય હોવાથી સ્થાવર જીવોને શેષ ઇંદ્રિયો હોતી નથી. (ક્ષયોપશમની વિચિત્રતાના કારણે સ્થાવરમાં પણ પાંચે વિષયની ઉપલબ્ધિ કરાવી આપનાર એવી ભાવેંદ્રિયનો સદ્ભાવ જોવા મળે છે. જેમ બકુલનું ઝાડ. પરંતુ અંગોપાંગ તો અઘાતિ કર્મ હોવાથી તેનો ક્ષયોપશમ સંભવતો નથી એટલે સ્થાવરમાં અંગોપાંગના વિપાકનો સર્વથા અભાવ હોય છે, માટે શેષ દ્રવ્યેંદ્રિયનો સંભવ નથી.)

"પૃથ્વી ચિત્તવાળી કહેલી છે." આવું દશવૈકાલિક (૪ અ.૧) માં કહ્યું છે, એટલે આપ્તપ્રણીત

तेषां च "पुढवी चित्तमन्तमक्खाया" [दशवै० ४.१] इत्यादेरागमात्सिद्धिः । अनुमानाच्च-ज्ञानं क्वचिदात्मनि परमापकर्षवत् अपकृष्यमाणविशेषत्वात् परिमाणवत्, यत्र तदपकर्षपर्यन्तस्त एकेन्द्रियाः स्थावराः । न च स्पर्शनेन्द्रियस्याप्यभावे भस्मादिषु ज्ञानस्यापकर्षो युक्तः तत्र हि ज्ञानस्याभाव एव, न पुनरपकर्षस्ततो यथा गगनपरिमाणादारभ्यापकृष्यमाणविशेषं परिमाणं परमाणौ परमापकर्षवत् तथा ज्ञानमपि केवलज्ञानादारभ्यापकृष्यमाणविशेषमेकेन्द्रियेष्वत्यन्तमपकृष्यते । पृथिव्यादीनां च प्रत्येकं जीवत्वसिद्धिरग्रे वक्ष्यते । स्पर्शनरसनेन्द्रिये कृमि-अपादिका-नूपुरक-गण्डूपद-शङ्ख-शुक्तिका-शम्बूका-जलूकाप्रभृतीनां त्रसानाम् । स्पर्शनरसन-घ्राणानि पिपीलका-रोह[1]णिका-उपचिका-कुन्थु-तुबर[2]क-त्रपु[3]स-बीज[4]-कर्पासास्थिका-शतपदी-अयेनक-तृणपत्र-काष्ठहारकादीनाम् ।

આગમથી સ્થાવરમાં જીવ સત્તાની સિદ્ધિ થાય છે. અને અનુમાન પ્રમાણથી તેની સિદ્ધિ દર્શાવે છે "જ્ઞાન કોઈક આત્મામાં પરમ અપકર્ષવાળુ (ન્યૂનતાની અપેક્ષાએ છેલ્લી કોટિનું) હોય છે, અપકર્ષ પામતું જોવામાં આવતું હોવાથી, પરિમાણની જેમ. અર્થાત્ પરિમાણનો પરમ પ્રકર્ષ આકાશમાં છે અને અનુક્રમે લોકાકાશ, મધ્યલોક, જંબુદ્વીપ, ભરતક્ષેત્ર આદિમાં ઘટતું ઘટતું એક પરમાણુમાં સહુથી અલ્પ પરિમાણ હોય છે. તેમ કેવલજ્ઞાનીને સંપૂર્ણ જ્ઞાન હોય છે, તેનાથી નીચલી કક્ષાવાળામાં અલ્પ અલ્પ જ્ઞાન. વળી પંચેન્દ્રિય કરતાં ચઉરિન્દ્રિયને માત્ર ચાર વિષયનું જ જ્ઞાન, એમ ઘટતું ઘટતું સુહુથી થોડુ જ્ઞાનં સ્થાવર—એકેન્દ્રિય[1]ને હોય છે.

● શંકાકાર - સ્પર્શેન્દ્રિયનાં અભાવમાં પણ ભસ્મ રાખ વિ. માં જ્ઞાનનો અપકર્ષ જોવા મળે છે ને ?

● સમાધાન - રાખ વગેરેમાં જ્ઞાનનો અપકર્ષ નહિ, પરંતુ સર્વથા જ્ઞાનનો અભાવ છે. વનસ્પતિ વગેરે ઉપર તેઉકાયનું શસ્ત્ર લાગવાથી ભસ્મ બને છે. તેથી વનસ્પતિ વગેરે જીવોનો ઘાત થઈ ગયો હોવાથી ભસ્મમાં જ્ઞાનમાત્રા માનવી યુક્ત નથી.

પૃથ્વી વગેરેમાં તો ગરમાશ, ઉષ્ણશ્વાસ, વૃદ્ધિ વગેરે લિંગથી આત્મા સિદ્ધ થતો હોવાથી ત્યાં જ્ઞાન માનવું યુક્ત છે. ભસ્મમાં આવા કોઈ લિંગ જોવા મળતા નથી. પૃથ્વી વિગેરે દરેક જીવ છે તે આગળ[2] કહીશું. સ્પર્શન અને રસના આ બે ઈંદ્રિયો →કૃમિ લાકડાના કીડા, અળસિયા, ગંડોલા, શંખ, નાનાશંખો, શંખલા, મોતીની છીપ, કોડી-કોડા, ખરાબલોહી પીનાર જળો વગેરે ત્રસ જીવોમાં હોય છે. ત્વચા, જીભ, નાક, આ ત્રણ ઈંદ્રિયો→ કીડી, રોહણિકા= મોટી કીડી, મંકોડા કે મોટા માથાવાળી નાની કીડી, કન્થવા, ઘીમેલ, ઉધેઈ, લીખ, જૂ, ગીગોડી, કાનખજૂરો, ચીચડી, છાણના કીડા ગદ્દદહિયા, માંકણ, ગોકળગાય, આદિથી ચોમાસાના

१ रोहिणिकापेचिका-डे० । २ तुबरका०-ता० । तुंबुरक-मु० । ३ त्रिपुस-डे० । ४ बीजककर्पा०-ता० ।

१ નિગોદના જીવને અતિ અલ્પમતિજ્ઞાનતો હોય જ છે, તેથી તેમને પણ આવરણ અને અંતરાયનો ક્ષયોપશમ હોવો જરૂરી છે, હવે જે દેશઘાતિ હોય તેનો જ ક્ષયોપશમસંભવે માટે અંતરાય સર્વઘાતિ નથી પણ દેશઘાતિ જ છે. અન્યથા સર્વથા જ્ઞાનાદિનો અભાવ થઈ જાત. પરંતુ નિગોદમાં પણ જ્ઞાન દર્શન, ચરિત્ર તપ, વીર્ય ઉપયોગ આ છ લક્ષણ માન્યા છે. તેમજ દેય-હેયવગેરે પદાર્થ અતિ અલ્પ હોવાથી તેને આવરવા ઓછા આવરણની જરૂર પડે માટે પણ અંતરાય દેશઘાતી મનાય છે. (કર્મપ્રકૃતિ)
૨ આચાર્યશ્રી આ બધામાં જીવત્વની સિદ્ધિ કરવાનું ધારેલું, પરંતુ ગ્રંથપૂર્ણ થતા પહેલા પરલોકવાસી બની ગયા હોય તેવું લાગે છે. કા.કે. ગ્રંથ અધૂરો જ ઉપલબ્ધ થાય છે. છતાં આચાર્યશ્રીના આ બુદ્ધિસ્થગ્રંથને ઉમેરા રૂપે આપવાની કોશીશ આ ગ્રંથના છેડે કરવામાં આવી છે. જેમાં આ બધામાં જીવત્વની સિદ્ધિ સન્મતિપ્રકરણ વિ. અનેક ગ્રંથોનો આધાર લઈને કરી છે.

स्पर्शन-रसन-घ्राण-चक्षूंषि भ्रमर-वटर[1]सारङ्ग मक्षिका-पुत्तिका[2]-दंश-मशक-वृश्चिक-नन्द्यावर्त-कीटक-पतङ्गादीनाम् । सह श्रोत्रेण तानि मत्स्य-उरग-भुजग-पक्षि-चतुष्पदानां तिर्यग्योनिजानां सर्वेषां च नारकमनुष्यदेवानामिति ।

§ ७९. ननु वचनादानविहरणोत्सर्गानन्दहेत[3]वो वाक्पाणिपादपायूपस्थलक्षणान्यपीन्द्रियाणीति साङ्ख्यास्तत्कथं पञ्चैवेन्द्रियाणि ?, न, ज्ञानविशेषहेतू[4]नामेवेहेन्द्रियत्वेनाधिकृतत्वात्, चेष्टाविशेषनिमित्तत्वेनेन्द्रियत्वकल्पनायामिन्द्रियानन्त्यप्रसङ्गः चेष्टाविशेषाणामनन्त्वात्, तस्माद्व्यक्तिनिर्देशात् पञ्चैवेन्द्रियाणि ।

§ ८०. तेषां च परस्परं स्यादभेदो द्रव्यार्थादेशा[5]त्, स्याद्भेदः पर्यायार्थादेशात्,

---

કીડા મામણમુંડા વગેરે જીવોને હોય છે.

ચાર ઈંદ્રિયો → ભ્રમર વટર -કરોળિયો, તીડ,' મધમાખી, તમરું-પુત્તિકા, ડાંસ-મચ્છર, લીલી-કાળી માંખ, જંગલી માંખ, બગતરા, પતંગિયું. વગેરેને હોય છે. પાંચ ઈન્દ્રિયો →માછલા, સાંપ, નોળિયા પશુ પંખી વગેરેને હોય છે. અને નારક, મનુષ્ય, દેવો આ બધાને પાંચ ઈન્દ્રિયો હોય છે.

७९. શંકાકાર→ બોલવું, ગ્રહણ કરવું. ચાલવું, નિહાર કરવો અને વિષય આનંદના કારણભૂત ક્રમશઃ વાક્-જીભ, હાથ, પગ, પાયુ-ગુદા, ઉપસ્થ-લિંગ નામની પાંચ ઈન્દ્રિયો છે. અને સાંખ્યો માને પણ છે, તો પછી તમે કેમ કહો છે કે પાંચ જ ઈન્દ્રિયો છે ?

સમાધાન → આવુ ન કહેવુ, જે કોઈ વિશિષ્ટ જ્ઞાનનું કારણ હોય તેને જ અહીં ઈન્દ્રિય તરીકે માનવામાં આવી છે. જો ચેષ્ટા વિશેષના નિમિત્તમાત્રથી ઈંદ્રિયોની કલ્પના કરવામાં આવે તો અનંતી ઈંદ્રિયો માનવાનો પ્રસંગ આવશે. કારણ આવી ચેષ્ટાઓ તો અનંતી છે. તેથી વ્યક્તિરૂપે નિર્દેશ કરતા પાંચ જ ઈંદ્રિયો છે, એટલે કે વ્યક્તિદીઠ પાંચ છે, નહીંતર અનંત પ્રાણિઓ હોવાથી તેમની સંખ્યા અનંતી થાય છે.

ઇંદ્રિયનો પરસ્પર અને આત્મા સાથે ભેદાભેદ

૮૦. પાંચે ઈંદ્રિયોમાં દ્ર[1]વ્યાર્થિક નયની અપેક્ષાએ અભેદ છે. કારણ કે એક જ આત્મદ્રવ્યના મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી એક જ આત્માને જ્ઞાન કરાવે છે. એમ એક આત્મદ્રવ્યને આશ્રિત હોવાની અપેક્ષાએ અભિન્ન છે. પર્યાયાર્થિ[1]ક નયની અપેક્ષાએ ભેદ પણ છે.—

---

१ वठर-डे० । २ पुस्तित्रिका-डे० । पुस्तिका-मु० । ३ हेतूनि वाक्-डे० । ४-० हेतूनामेवेन्द्रि०-ता० । ५ -०र्थोभेदात्-डे० ।

---

१ द्रव्यार्थिक नय→ એટલે જે પોતાનો અભિપ્રાય દ્રવ્યને પ્રધાન બનાવીને કહે. →જેમ પ્લાસ્ટિકની ખુર્સી હોય, ટેબલ હોય, સુપડી હોય, ગ્લાસ, પેન હોય બધાને પોતે પ્લાસ્ટિક રૂપે ઓળખાવશે. એટલે બોલશેકે આ બધુ પ્લાસ્ટિક છે માટે વપરાય નહીં, પ્લાસ્ટિકનો નિષેધ કરનાર આ નયનો ઉપયોગ કરી બધી પ્લાસ્ટિકની વસ્તુનો નિષેધ કરશે. જ્યારે પર્યાયાર્થિકનય→પોતાનો અભિપ્રાય પર્યાયને મુખ્ય બનાવીને કહે છે, એટલે ઉપરોક્ત બધી વસ્તુને અલગ અલગ કહેશે. એટલે કે અરે ભાઇ! આ તો ટેબલ છે, આ તો પાટલો છે આ નયનો ઉપયોગ તે વસ્તુનો જ્યારે ઉપયોગ કરવાનો હોય ત્યારે થાય છે, એટલે કે આપણે બેસવાનું હોય ત્યારે ખુર્સી ઉપયોગમાં આવે, ત્યારે બધુ જ પ્લાસ્ટિક છે એમ માની કંઇ વાટકો કે સુપડી લાવે તો ન કામ આવે, ત્યાં પર્યાયાર્થિક નય લગાડીને કામ લેવું પડે છે.

अभेदैकान्ते हि स्पर्शनेन स्पर्शस्येव रसादेरपि ग्रहणप्रसङ्गः । तथा चेन्द्रियान्तरकल्पना वैयर्थ्यम्, कस्यचित् साकल्ये वैकल्ये वान्येषां साकल्यवैकल्यप्रसङ्गश्च । भेदैकान्तेऽपि तेषामेकत्र[१]सकल(सङ्कलन) ज्ञानजनकत्वाभावप्रसङ्गः सन्तानान्तरेन्द्रियवत् ।

જો એકાન્ત અભેદ માનવામાં આવે તો સ્પર્શેન્દ્રિયથી સ્પર્શની જેમ રસ વગેરેને પણ જાણવાનો પ્રસંગ આવશે. અને જો સ્પર્શેન્દ્રિયથી રસાદિનું ગ્રહણ થવા માંડે, તો પછી શેષ ઈંદ્રિયોની કલ્પના નકામી નીવડી જાય. વળી એક ઈંદ્રિય-આંખ સારી હોય તેના આધારે શેષ ઈંદ્રિય પણ સારી બની જશે. અને એકાદ-કાનવિ.માં ખામી આવતા શેષ ઈંદ્રિયમાં ખામી આવી જશે, કારણ બધી ઈંદ્રિયો અભિન્ન માની છે.

[જ્યારે બહેરો માણસ પણ દૂરનું જોવામાંતો તગડો મળે છે. માટે તત્ તત્ ઈંદ્રિયાવરણના ક્ષયોપશમથી પ્રાપ્ત વિષયગ્રાહક શક્તિ સ્વરૂપ (૫) પર્યાયો, અંગોપાંગ જન્ય દ્રવ્ય-ઈંદ્રિયના આકાર સ્વરૂપ (૫) પર્યાયો પરસ્પર કથંચિત ભિન્ન માનવા જ યુક્તિ યુક્ત છે. જેમ એકાન્ત અભેદ માનવામાં દોષ આવે, તેમ ભેદ માનવામાં પણ, માટે પરસ્પર ઈંદ્રિયમાં, તેમજ આત્મા અને ઈંદ્રિયમાં પણ એકાન્ત ભેદ નથી. એકાન્ત ભેદ માનવો પણ યુક્ત નથી. કારણ કે સર્વથા ભેદ માનવામાં તેઓનું ઈંદ્રિય સંબંધી એકત્ર સંકલનાત્મક જ્ઞાન ઉત્પન્ન નહી થાય. કારણ કે સર્વથા ભેદ માનતા તેઓ એક આત્મદ્રવ્યમાં રહી શકશે નહીં, તેનું કારણ એ છે કે જે કોઈ ભાવેન્દ્રિય આત્મામાં રહેલ છે, તે આત્માથી અભિન્ન માનેલી છે, કા. કે. ભાવેંદ્રિય મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમ રૂપ છે અને ક્ષયોપશમ આત્મગુણ હોવાથી આત્માથી ભિન્ન ના સંભવે. માટે હવે બીજી ભાવેંદ્રિય એમાં રહેશે તેનો પણ આત્મા સાથે અભેદ હોય છે, તેથી અન્ય ભાવેન્દ્રિય સાથે પણ તેનો અભેદ માનવો જ પડે, કારણ કે તદભિન્નથી જે અભિન્ન હોય છે તે તદ્થી પણ અભિન્ન હોય છે, જેમ તેની બહેનની જે બહેન હોય છે તે તેની પણ બહેન હોય છે. અહીં ઈંદ્રિયથી અભિન્ન આત્મા છે, તે આત્માથી અભિન્ન અન્ય ઈંદ્રિયો છે, તો બધી (પૂર્વકથિત) અને ઉત્તરકથિત બધી ઈંદ્રિયોમાં અભેદ આવી જ જાય છે.] તમે સર્વથા ભેદ માનશો તો આવો એકાત્માધિકરણ સ્વરૂપ અને પરસ્પર અભેદ પણ ઘટાવી જ ન શકાય, અને આ અભેદથી બચવા -છટકવા તમારે એક જ આત્મામાં બધી ઈંદ્રિયો રાખી શકાશે નહીં કા.કે. એક આત્મામાં રહી જાય તો પછી તેમાં અભેદ આવી જ જાય. એમ થવાથી =બધી ઈંદ્રિયોના અધિકરણ ભિન્ન થવાથી ઈંદ્રિયના જ્ઞાનનું સંકલન થઈ શકે નહીં. માટે જેમ આત્મા અને ઈંદ્રિયો વચ્ચે એકાંત ભેદ નથી, તેમ પરસ્પર ઈંદ્રિયોમાં પણ એકાન્ત ભેદ નથી.

१ "तेषामेकत्वसङ्कलनज्ञानजनकत्वाभावप्रसङ्गात्" -तत्त्वार्थश्लोकवा० पृ० ३२७ ।

मनस्तस्य जनकमिति चेत्, न, तस्येन्द्रियनिरपेक्षस्य तज्जनकत्वाभावात् । इन्द्रियापेक्षं मनोऽनुसन्धानस्य जनकमिति चेत्, सन्तानान्तरेन्द्रियापेक्षस्य कुतो न जनकत्वमिति वाच्यम् ? प्रत्यासत्तेरभावादिति चेत्, अत्र का प्रत्यासत्तिरन्यत्रैकद्रव्यतादात्म्यात् ? प्रत्यासत्त्यन्तरस्य[1] च व्यभिचारादिति । एतेन तेषामात्मना भेदाभेदैकान्तौ प्रतिव्यूढौ ।

જેમ ભિન્ન ભિન્ન પુરૂષોએ એક કેરી સંબંધી ભિન્ન-ભિન્ન ઈંદ્રિયોથી જ્ઞાન કર્યું. એકે જોઈ બીજાએ સુંઘી, ત્રીજાએ ચાખી, ઈત્યાદિ તો તેનું સંકલન એક પુરૂષ કરી શકતો નથી. જો એક જ પુરૂષે પોતાની ઈંદ્રિયોથી આવું જ્ઞાન કર્યું હોત તો "મેં જે કેરી જોઈ છે, તે પીળી અને ખાટી છે." આવું સંકલન કરી શકત. પણ હવે જો ઈંદ્રિયોને સર્વથા ભિન્ન માનશું તો ભિન્ન પુરૂષની ઈંદ્રિયની જેમ એક પુરૂષમાં આવું સંકલનાત્મક જ્ઞાન ઉત્પન્ન થવું અશક્ય બની જાય. (કા.કે. જેમ ચૈત્રની ઈંદ્રિયથી મૈત્રની ઈંદ્રિય સર્વથા અલગ છે, તેમ ચૈત્રની પોતાની પાંચે ઈંદ્રિય પણ સર્વથા જુદી છે. એટલે બન્નેમાં ભેદ તો સરખો જ છે એટલે કે એક બીજાની ઈંદ્રિયો સાથે કોઈ જાતનો સંબંધ નથી માટે ભિન્નપુરુષથી સંકલન ન થાય, તેમ એક આત્માની ઈંદ્રિયો વચ્ચે પણ કોઈ સંબંધ હોય જ નહીં તો ત્યાંયેં સંકલન ન થઈ શકે.

- શંકાકાર → મનથી સંકલન જ્ઞાન થઈ જશેને ?

સમાધાન → ઈંદ્રિય નિરપેક્ષ મન આવું જ્ઞાન કરવાં સમર્થ નથી.

- શંકાકાર → ઈંદ્રિયોની અપેક્ષાએ તો મન આવું અનુસંધાન કરી લેશેને ?
- સમધાન → તમારી વાત સાચી, પણ બીજા પુરૂષની ઈંદ્રિયોની સહાયતાથી અન્ય પુરૂષમાં પણ મન આવું અનુસંધાન કેમ પેદા નથી કરતું. ?
- શંકાકાર → બીજા પુરૂષ સાથે ઈંદ્રિયોનો સંબંધ (પ્રત્યાસત્તિ) નથી માટે.
- સમાધાન → અમે તમને પૂછીએ છીએ કે એક દ્રવ્યતાદાત્મ્યને છોડી બીજો કયો સંબંધ એક પુરૂષની ઈંદ્રિયો વચ્ચે છે. ? સંયોગ સંબંધનો પ્રત્યક્ષ બાધ છે. કારણ કે આંખ આગળના ભાગમાં છે, કાન બાજુમાં છે. સમવાય પણ માની ન શકાય ઈન્દ્રિયો પરસ્પર અવયવ-અવયવી ગુણ-ગુણી ઈત્યાદિ કોઈ પણ રૂપે જોવામાં આવતી નથી. એમ અન્ય સંબંધનો બાધ હોવાથી ઈન્દ્રિયો વચ્ચે એકદ્રવ્યતાદાત્મ્ય સંબંધ જ માનવો જરુરી છે, આનું નામ જ દ્રવ્યનયની અપેક્ષાએ અભિન્નતા, આનાથી ઈંદ્રિય અને આત્મા સાથેના સર્વથા ભેદ અને સર્વથા

---

[1] ०स्यव्य०-ता० ।

आत्मना करणानामभेदैकान्ते कर्तृत्वप्रसङ्गः, आत्मनो वा करणत्वप्रसङ्गः, उभयोरुभयात्मकत्वप्रसङ्गो वा, विशेषाभावात् । ततस्तेषां भेदैकान्ते चात्मनः करणत्वाभावः सन्तानान्तरकरणवद्विपर्ययो वेति प्रतीतिसिद्धत्वाद्बाधकाभावाच्चानेकान्त एवाश्रयणीयः ।

અભેદનો નિરાસ થઈ જાયછે. આત્મા સાથે કરણો- ઈંદ્રિયોનો એકાન્તે અભેદ માનીએ તો આત્માની જેમ ઈંદ્રિય પણ કર્તા બની જશે, અથવા આત્મા કરણ બની જશે. અથવા ઈંદ્રિય અને આત્મા બન્નેને કરણ પણ અને કર્તા પણ માનવા પડશે. બન્ને અભિન્ન હોવાથી એકને કરણ અને બીજાને કર્તા કહેવા માટે વિશેષ- ફેરફાર= તફાવત (-વિશેષતા) હાથમાં જડી શકતો નથી. આત્માને કર્તા કહેવા માટે જે યુક્તિ લગાડશો કે "આત્મા અધિષ્ઠાતા છે," તે વાત ઈંદ્રિયમાં પણ સ્વીકારવી જ પડશે, કારણ કે તેનાથી આત્મા સર્વથા અભિન્ન છે. ततस्तेषां તેથી તેઓનો આત્મા સાથે એકાન્ત ભેદ પણ માની ન શકાય, નહીતર તે વિવક્ષિત આત્માની પણ કરણ નહીં બની શકે. જેમ શેષ પુરૂષની ઈંદ્રિયો તેનાથી ભિન્ન હોવાથી કરણ નથી બનતી, તેમ આ ઈંદ્રિયો પણ સર્વથા પોતાનાથી (આત્માથી) ભિન્ન જ છે. અથવા ઉંધુ થઈ જશે એટલે કે અન્ય પુરૂષની ઈંદ્રિયો વિવક્ષિત આત્માની કરણ બની જશે. અને પોતાની ઈંદ્રિયો કરણ ન બને. કા. કે. આત્મા સાથે ઈંદ્રિયો સર્વથા ભિન્ન હોવાથી પોતાનું કે પારકું તો કશું રહેતું નથી, પોતાની પારકી ઈંદ્રિયોમાં કાંઇ વિશેષતા રહેતી નથી. એથી ભેદાભેદનાં વિષયમાં અનેકાન્તનો જ આશ્રય લેવો જોઈએ. વિષયગ્રાહકત્વ પર્યાયની અપેક્ષાએ ભેદ અને એક આત્મદ્રવ્યાશ્રયત્વ રૂપ દ્રવ્યની અપેક્ષાએ અભેદ માનવો ઉચિત છે. કારણ કે આવી જ પ્રતીતિ થાય છે. તેમજ આવું માનવામાં કાંઇ બાધા પણ નથી.

[(ઉપસમાધાનકાર) → મનનો ઇન્દ્રિય સાથે સંબંધ થાય તો સહાયક બની શકે, જે આત્મામાં મન છે તે જ આત્મામાં ઇન્દ્રિયો રહી હોય તો તેમનાં વિષયોનું સંકલન કરી શકે. એ વાત સાચી, પણ આત્મા અને ઇન્દ્રિયો ભિન્ન ભિન્ન હોય તો બિચારૂં મન સંબંધ વિના તેમની સહાયતા કેવી રીતે લઇ શકે ? જેમ તમે પણ માનો છો ને અન્ય આત્માની ઈંદ્રિયો સાથે મનનો કોઈ સંબંધ ન થવાથી તેમનું સંકલન મન ન કરી શકે. તો પછી અહીં પણ ઈંદ્રિયો એક જ આત્મામાં ન રહી હોય તો (એક આત્મામાં અભેદથી રહી હોય તો પરસ્પર અભેદ આવી જાય જેથી જુદુ અસ્તિત્વ નામશેષ બની જાય અને ભેદ માનશો તો ભિન્ન આત્મામાં જ રહેવા જેવું થયુ ને) મન કેવી રીતે સંકલન કરી શકશે.

શંકાકાર - રાજા ગુપ્તચરોને ભિન્ન ભિન્ન દિશામાં મોકલી ગુપ્ત વાતો જાણે છે, એટલે તો બધાની પાસે વાત સાંભળી બધી વાતોનું સંકલન કરી આગળની પ્રવૃત્તિનો પણ નિર્ણય કરે છે. તેમ મન ભિન્ન ભિન્ન ઇન્દ્રિયોએ જે જ્ઞાન મેળવ્યું છે, તેમની પાસેથી પોતે બધી જાતનું જ્ઞાન મેળવી સંકલન કરી લેશે.

સમા - ભાઈ સાહેબ ! ત્યાં તો રાજા અને ગુપ્તચર વચ્ચે સ્વસ્વામિભાવ સંબંધથી કથંચિત્ ઐક્યતા = સંબંધ થાય છે. અને તેથી બધા પુરૂષ રાજા પાસે આવી સમાચાર આપે છે. તમારે તો ઈન્દ્રિયો મનથી સર્વથા ભિન્ન છે, તો પછી કેવી રીતે મન તેમની સહાયતા લઈ શકે ? પેનની સાથે મારે કશો સંબંધ ન થાય તો હું તેનાથી લખી ન શકું. એટલે પેનની સહાયતા લેવા તેની સાથે સંબંધ કરવો જરૂરી છે. જ્યારે મારી ઈન્દ્રિયો તો સર્વથા મનથી ભિન્ન છે, મનની સહાયતા કેવી રીતે કરી શકે ? કદાચ માનો કે સહાયતા કરે છે તો પછી અન્ય નરની ઈન્દ્રિયો તમારાં મનને સહાયતા કેમ નથી કરતી ? અર્થાત્ કરવી જ જોઈએ કારણ બંને ઠેકાણે ભિન્નતા તો સરખી જ છે. માટે ત્યાં એક પુરુષની ઈંદ્રિયોમાં દ્રવ્યતાદાત્મ્ય માનવો.]

[શંકા → એક આત્મદ્રવ્યમાં ઈંદ્રિયો રહેતી હોવાથી દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અભેદ કર્યો તે તો પરસ્પર પાંચ ઈન્દ્રિયવચ્ચે કર્યો છે. પણ ઈંદ્રિય અને આત્મા વચ્ચે અભેદ કેવી રીતે ? અને અભેદ હોય તો પછી પર્યાયાર્થિક નયમાં આત્મા અને ઈન્દ્રિય વચ્ચે ભેદ કેવી રીતે થાય ?

સમા : ઈંદ્રિયનો આત્મા સાથે સંબંધ જાળવી રાખવા અરસપરસ અને આત્મા બન્નેમાં દ્રવ્યતાદાત્મ્યત્વેન દ્રવ્યાર્થિક નયથી અભેદ માનવો જરૂરી છે. કા.કે. આત્માના ક્ષયોપશમવિશિષ્ટ આત્મપ્રદેશોજ ભાવેન્દ્રિય છે, તેજ પ્રદેશસ્વરૂપ આત્મા છે. માટે અભેદ સ્પષ્ટ છે, હવે પર્યાયાર્થિકનયથી ભેદ માનવો જરૂરી છે, નહીતર આત્મા અને ઈંદ્રિય બન્નેને કર્તા કે કરણ માનવા પડશે. અને વળી આત્મા ચેતના શક્તિ પુરી પાડે છે, ઈંદ્રિયો વાયરનુ કામ કરે છે, એમ આત્મા શક્તિના સ્રોતરૂપે છે, તેઓ સ્રોતના વાહક છે, આત્મા કર્તા રૂપે હોય છે, તેમાં ઈંદ્રિય સાધન-કરણ રૂપે છે. એટલે આંખતો રૂપને જોવામાં જ મદદગાર બની શકે છે, જ્યારે આત્માતો કોઈપણ વિષયમાં સ્વતંત્ર કારક = કર્તા રૂપે પોતાની હાજરી ધરાવે છે. આમ પોતપોતાના કાર્યને લઈને તેમનામાં ભેદપણ સ્પષ્ટ જણાઈ આવે છે.]

[મન માત્ર એકલુ હોય તો તે સુખદુખાદિ એવા આંતર વિષયનું જ્ઞાન કરી શકે છે, ભિન્ન ભિન્ન ઈંદ્રિય વિષયનું અવગાહન પોતે સીધુ કરી શકતું નથી, તેને ઈંદ્રિયની સહાયતા લેવી પડે, હવે ત્યારે જે ઈંદ્રિય સાથે જોડાય તે વિષયનું જ્ઞાન કરે, પણ બધી ઈંદ્રિયો સાથે એ યુગપદ્ જોડાઈ શકતુ નથી, નહીતર બધા વિષય- રસ રૂપાદિનું એક સાથે જ્ઞાન થવાની આપત્તિ આવે; જે આપણે કોઈને ઈષ્ટ

§ ૮૧. द्रव्येन्द्रियाणामपि परस्परं स्वारम्भकपुद्गलद्रव्येभ्यश्च भेदाभेदद्वारानेकान्त एव युक्तः पुद्गलद्रव्यार्थादेशादभेदस्य पर्यायार्थादेशाच्च भेदस्योपपद्यमानत्वात् ।

§ ૮૨. एवमिन्द्रियविषयाणां स्पर्शादीनामपि द्रव्यपर्यायरूपतया भेदाभेदात्मकत्वमवसेयम्, तथैव निर्बाधमुपलब्धेः ।

નથી. (નૈયા.ની અપેક્ષાએ તો મન અણુ જ હોવાથી બધાની સાથે યુગપદ્ જોડાવાની શકયતા નથી) તો પછી મન પણ સંકલન કેવી રીતે કરી શકે ? એટલે એમ માનવું પડે કે ભિન્ન ભિન્ન કાળે કરેલું જ્ઞાન હોય તે એક ઠેકાણે કયાંય સંઘરાઈ જાય છે માટે સંકલન થાય છે, હવે જો ઈંદ્રિયો અને આત્મા ભિન્ન હોય તો આત્મામાં આ જ્ઞાન પહોંચીજ ન શકે, માટે ઈંદ્રિય અને આત્મા વચ્ચે ભેદાભેદ[૧] માનવો જોઈએ. સંઘરાયેલજ્ઞાન આંતર વિષય હોવાથી તેમાં પછી તે તે ઈંદ્રિયની સહાય જરૂરી નથી, તેથી મન એ બધા જ્ઞાનનું સંકલન કરી શકશે)]

૮૧. આ તો ભાવ ઇન્દ્રિયની વાત થઈ; વળી દ્રવ્ય ઈંદ્રિયમાં પણ પરસ્પર દ્રવ્યની અપેક્ષાએ અભેદ રહેલો છે. એટલે કે આત્મા દ્વારા આહાર રૂપે ગૃહીત પુદ્ગલો હોય તેમાંથી જે ઈંદ્રિય યોગ્ય પુદ્ગલ હોય તેમાંથી જ બધી ઈંદ્રિયની રચના થાય છે અને પુષ્ટિ થાય છે. એમ બધાનું પુદ્ગલ દ્રવ્ય એક હોવાથી અભેદ અને આકાર, વિષય ગ્રાહક યોગ્યતા ઈંદ્રિયની રચના વગેરે પર્યાયની અપેક્ષાએ ભેદ રહેલ છે.

જેમ કાનમાં શબ્દ ગ્રહણ કરી શકે તેવો કર્ણપટલ પર્દો હોય છે, આંખમાં કાળી કીકી હોય છે ઇત્યાદિ ફેરફાર રહેલો છે.

૮૨. એ પ્રમાણે ઈંદ્રિયના વિષયભૂત સ્પર્શ વગેરે છે, તેમાં પણ ભેદાભેદ રહેલો છે. જે કેરીનો સ્પર્શ કરો તે મૃદુ ઉષ્ણ હોય, અને વર્ણ પીળો હોય ગંધ ગમે એવી, સ્વાદ-મધુર હોય આ બધા પર્યાયો ભિન્ન ભિન્ન છે. કારણ કે દરેકની અસર જીવ ઉપર ભિન્ન રૂપે પડે છે અને દરેકનું જુદુ જુદુ જ્ઞાન પણ થાય છે. અભિન્ન વસ્તુનું જુદી જુદી અસર થવી ને ભિન્ન ભિન્ન જ્ઞાન થવું શકય જ નથી. માટે ભેદ પણ માનવો. જ્યારે તે બધા જ પર્યાયો એક જ કેરીનાં હોવાથી અભેદ પણ રહેલો છે. એટલે જ તો અંધારમાં કેરીના રસાસ્વાદથી તેના વર્ણનું અનુમાન કરવું શક્ય અને પ્રામાણિક બને છે .

---

૧ બધી ઈંદ્રિયો એક જ આત્મામાં તાદાત્મ્ય સંબંધથી રહે તે એકદ્રવ્યતાદાત્મ્ય આ ભાવેન્દ્રિયની વાત છે, એટલે કે પાંચ પ્રકારના વિષયનું થતું જ્ઞાન તેના કરણ તરીકે તે તે ઈંદ્રિય સંબંધી મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમ જન્ય શક્તિ છે, તે અહીં પર્યાયરૂપે છે. કારણ કે જે ઈંદ્રિય સંબંધી ક્ષયોપશમ હોય ત્યારે તેના વિષયનું જ્ઞાન સારી રીતે સ્પષ્ટ થાય અને અન્યનો મંદ ક્ષયોપશમ હોય તો તેમના વિષયનું જ્ઞાન અસ્પષ્ટ થાય છે. એટલે આવી શક્તિ (પર્યાય)ની અપક્ષાએ એ પાંચ ભાવેન્દ્રિયમાં ભેદ છે અને તે બધી જ શક્તિ એક જ આત્મદ્રવ્યમાં રહેલી હોવાથી અભેદ પણ છે, આ કથન પરસ્પર ઈંદ્રિયને આશ્રયી થયું. અને શક્તિ એ ગુણ-પર્યાય છે તે દ્રવ્ય—આત્માથી કથંચિત્ ભિન્ન મનાય છે કા.કે. ત્યાં સંજ્ઞા-નામ સંખ્યા વિગેરેનાકારણે ભેદ જોવા મળે છે. આત્માને જીવ કહેવાય પણ તેને સ્પર્શન વિ. નામ થોડુ અપાય ? વળી આત્મા તો એક છે, આ તો અનેક છે. પણ આ આત્માનો ગુણ આત્માથી જુદો હોઈ ન શકે, અન્યથા એક વિવક્ષિત આત્મામાં તે જ્ઞાન ઉત્પન્ન કરવું અને આત્માદ્વારા તે જ્ઞાનનું સંકલન સંભવી ન શકે. આ યુકિતથી આત્મા અને ઈંદ્રિયોનો ભેદાભેદ દર્શાવ્યો.

तथा च न द्रव्यमात्रं पर्यायमात्रं वेन्द्रियविषय इति स्पर्शादीनां कर्मसाधनत्वं भावसाधनत्वं च द्रष्टव्यम् ॥२१॥

§ ८३. 'द्रव्यभावभेदानि' इत्युक्तं तानि क्रमेण लक्षयति-

द्रव्येन्द्रियं नियताकाराः पुद्गला[१]: ॥२२॥

§ ८४. 'द्रव्येन्द्रियम्' इत्येकवचनं जात्याश्रयणात् । नियतो विशिष्टो बाह्य आभ्यन्तरश्चाकारः संस्थानविशेषो येषां ते 'नियताकाराः' पूरणगलनधर्माणः स्पर्शरसगन्धवर्णवन्तः 'पुद्गलाः',

---

તે જ પ્રમાણે બાધ[૧] વિના પ્રતીતિ થાય છે.

વળી માત્ર દ્રવ્ય જ ઈંદ્રિયનો વિષય બને છે કે માત્ર પર્યાય જ ઈંદ્રિયનો વિષય બને છે "એવું નથી. 'આ કેરી ખાટી છે' એમ દ્રવ્ય / પર્યાયની સાથોસાથ પર્યાય / દ્રવ્યનું પણ જ્ઞાન થાય છે. એટલે કે કેરી એ દ્રવ્ય અને મૃદુ સ્પર્શાદિ દ્રવ્યના પર્યાય આ બન્ને વચ્ચે પણ ભેદાભેદ હોવાથી સ્પર્શાદિ પર્યાયને ગ્રહણ કરતાં કેરીનું પણ ભાન થાય છે.

કારણ કેરી એકલી કયારે જોઈ શકાતી નથી. નજર નાંખતા જ તેનાં વર્ણ વગેરે જણાય છે. સ્પર્શાદિ પર્યાયની સંખ્યા/સંજ્ઞા અને કેરીની સંખ્યા સંજ્ઞા વગેરેમાં તફાવત હોવાથી બન્ને વચ્ચે ભેદ પણ છે. તથાચ → એટલે કે ઈંદ્રિયનો વિષય માત્ર દ્રવ્ય પણ નથી અને માત્ર પર્યાય પણ નથી, પરંતુ પર્યાય યુક્ત દ્રવ્ય છે.

એમ સ્પર્શ વિગેરે શબ્દો ઈંદ્રિયનો વિષય "સ્પર્શકરવો" એવા સ્પર્શક્રિયા માટે અને તેના કર્મ=ક્રિયાના વિષય માટે પણ વપરાય છે. "**भावाऽकर्त्रोः**" થી स्पर्श्यते यत् तत् स्पर्शः એમ કર્મ સાધનમાં ઘઞ્ પ્રત્યય લાગે છે, તેમ "**स्पर्शनं इति स्पर्शः**" એમ ભાવ સાધનમાં પણ ઘઞ્ પ્રત્યય લાગે છે. જે સ્પર્શ કરાય તે પદાર્થો ઈંદ્રિયના વિષય બને, તેમ "સ્પર્શ કરવો" એવી જે ક્રિયા છે, તે પણ સ્પર્શન ઈંદ્રિયનો વિષય બને છે, એવું સમજી ઈંદ્રિય (નીક્રિયા) અને વિષય બન્ને અર્થમાં સ્પર્શાદિ શબ્દો વાપરી શકાય છે.

૮૩. ઈંદ્રિયોને દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે કહી છે. તેમને અનુક્રમે ઓળખાવે છે.

નિયત આકારવાળા પુદ્ગલો તે દ્રવ્યેન્દ્રિય છે ॥૨૨॥

૮૪. જાતિની અપેક્ષાએ સૂત્રમાં 'દ્રવ્યેન્દ્રિય' એમ એક વચન મૂકવામાં આવ્યું છે. બાહ્ય અને અંદરનો વિશિષ્ટ પ્રકારનો આકાર તેનું નામ નિયતાકાર, પૂરણ અને ગલન ધર્મવાળા સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા પુદ્ગલો હોય છે.

---

१ द्वाविंशतितमं त्रयोविंशतितमं च सूत्रद्वयमेकत्वेन ता-मू० प्रतौ दृश्यते ।

---

૧ કોઈ પણ પ્રમાણથી આવો બાધ આપી શકાતો નથી-આનો નિષેધ થઈ શકતો નથી→કે "કેરીના સ્પર્શાદિ પર્યાયો એક જ દ્રવ્યના છે" આ વાત ખોટી છે, એમ કહેવું શક્ય જ નથી કા.કે. પ્રત્યક્ષ પ્રમાણથી એક જ કેરીમાં તે બધા પર્યાય વિષય નજરોનજર દેખાય જ છે. એવું કોઈ પ્રત્યક્ષથી લિંગ ઉપલબ્ધ થતું નથી કે જેના આધારે અનુમાન કરી શકાય કે ઉપરોક્ત વાત ખોટી છે, ઉલટું એકાર્થ સમવાયી દ્વારા રૂપથી રસનું જ્ઞાન થાય છે" એવું અનુમાન તે વાતનું પોષક બને છે. આગમમાં તો દ્રવ્ય-પર્યાયમાં ભેદાભેદ દર્શાવેલ છે.

तथाहि श्रोत्रादिषु यः कर्णशष्कुलीप्रभृतिर्बाह्यः पुद्गलानां प्रचयो यश्चाभ्यन्तरः कदम्बगोलकाद्याकारः स सर्वो द्रव्येन्द्रियम्, पुद्गलद्रव्यरूपत्वात् । अप्राधान्ये वा द्रव्यशब्दो यथा अङ्गारमर्दको द्रव्याचार्य इति । अप्रधानमिन्द्रियं द्रव्येन्द्रियम्, व्यापारवत्यपि तस्मिन् सन्निहितेऽपि चालोकप्रभृतिनि सहकारिपटले भावेन्द्रियं विना स्पर्शाद्युप[1]लब्ध्यसिद्धेः ॥२॥

भावेन्द्रियं लब्ध्युपयोगौ ॥२३॥

§ ८५. लम्भनं 'लब्धिः' ज्ञानावरणकर्मक्षयोपशमविशेषः । यत्सन्निधाना[2]दात्मा द्रव्येन्द्रियनिर्वृत्तिं प्रति व्याप्रियते तन्निमित्त आत्मनः परिणामविशेष उपयोगः। अत्रापि 'भावेन्द्रियम्' इत्येकवचनं जात्याश्रयणात् ।

શ્રોત્ર વગેરે ઈન્દ્રિયોમાં કર્ણ શષ્કુલી આદિ બાહ્ય આકાર છે. અને કદમ્બ-ગોલક વગેરે અભ્યંતર આકાર છે. આ બધો આકાર-રચના પુદ્ગલ દ્રવ્યમય હોવાથી આને દ્રવ્યેન્દ્રિય કહેવાય છે. અથવા અપ્રધાન અર્થમાં પણ દ્રવ્ય શબ્દ વપરાય છે. જેમ મહાવીરના જીવડા માની અંગારાઓનું મર્દન કરનારા અંગારમર્દકાચાર્ય તે દ્રવ્ય આચાર્ય કહેવાય. કારણ કે તે મુખ્ય રીતે ભાવ આચાર્યના આચારથી શોભતા ન હતા. તે અભવ્ય હોવાથી એમનું આચાર્યપણું (સિદ્ધનું કારણ બને એમ નહતું.) તેમ અપ્રધાન ઈંદ્રિયતે દ્રવ્યેન્દ્રિય. આ બાહ્ય ઈંદ્રિય પ્રવૃત્તિ કરવા લાગે અને આલોક આદિ સહકારી કારણ પાસે હોય છતાં પણ ભાવેન્દ્રિય વિના સ્પર્શાદિની ઉપલબ્ધિ થતી નથી. એટલે જ્ઞાન કરવામાં મુખ્યતા રહેતી ન હોવાથી બાહ્યેન્દ્રિયને દ્રવ્યેન્દ્રિય કહેવાય છે ॥૨૨॥

लब्धि अने उपयोग भावेन्द्रिय छे ॥२३॥

૮૫. આત્માને જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ[1] વિશેષ[1] પ્રાપ્ત થવો તે 'લબ્ધિ'[2] છે. જેનાં સંનિધાનથી આત્મા દ્રવ્યેન્દ્રિયના ભેદ સ્વરૂપ નિર્વૃત્તિ[3]ને પ્રતિ વ્યાપાર કરવા લાગે છે, તેનાં નિમિત્તે આત્મામાં ઉભો થતો પરિણામ વિશેષ એ ઉપયોગ છે. એટલે જે આત્માને લબ્ધિનું સાંનિધ્ય મળે તેથી આત્મા દ્રવ્યેન્દ્રિય દ્વારા વિષયને ગ્રહણ કરવા સમર્થ બની રહે. અહીં પણ એક વચનનો પ્રયોગ જાતિને આધારે કરવામાં આવ્યો છે.

---

१ -०लब्ध्ययोग्यता सिद्धेः ता० । २-०धानाद्वात्मा-डेः ।० धानाद्धयात्मा-मु० ।

---

૧ મતિશ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જ્ઞાન કરવાની જે શક્તિ પેદા થાય છે તે લબ્ધિ છે, તેમાં સ્પર્શેનેન્દ્રિયની લબ્ધિ શક્તિ પ્રાપ્ત કરવા સ્પર્શનેન્દ્રિયાવરણનો ક્ષયોપશમ જરૂરી છે, અને શ્રવણેન્દ્રિયની શક્તિ માટે શ્રવણેન્દ્રિયાવરણનો ક્ષયોપશમ જરૂરી છે, એમ અલગ પ્રકારનો ક્ષયોપશમ ઉપયોગી બને છે, વળી અમુક પ્રમાણમાં ક્ષયોપશમ થાય ત્યારે જ ઈંદ્રિયજ્ઞાન થઈ શકે છે, તેની માત્રા અલ્પહોય તો તે ઈંદ્રિયસંબંધિ જ્ઞાન થઈ શકતું નથી. માટે વિશેષ પ્રકારનો અલગ[2] જાતનો ક્ષયોપશમ પ્રાપ્ત થવો જોઈએ કે જેથી પોતે તે ઈંદ્રિય દ્વારા તે તે ઈંદ્રિયના વિષયનું જ્ઞાન કરી શકે. આ તાત્પર્યથી આચાર્યશ્રીએ "વિશેષ" શબ્દનો પ્રયોગ કર્યો છે. એથી જ કોઈને આંખનું તેજ વધારે હોય પણ કાને ઓછું સંભળાતું હોય છે.

૨ लब्धिः शक्तिःलभ्यते प्राप्यते अनेन इति" આ વ્યુત્પતિ દ્વારા ક્ષયોપશમને લબ્ધિ કહેવામાં આવી છે. अर्थग्रहणशक्तिः लब्धिः (लघीयस्त्रयी)

૩ નિર્વૃત્તિનો અર્થ कर्मणा निर्वृत्यते इति निर्वृत्तिः તેના બે ભેદ છે, ત્યાં તે તે ઈંદ્રિયની અંદર અંગુલનો અંસખ્યાતમા ભાગ પ્રમાણ અને પ્રતિનિયત ચક્ષુ વગેરે ઈંદ્રિયના આકારરૂપે અવસ્થિત શુદ્ધ આત્મપ્રદેશોની સાથે પુદ્ગલની રચના તે અભ્યંતર નિર્વૃત્તિ. નામકર્મના ઉદયથી તદનુરૂપ પુદ્ગલો દ્વારા બાહ્ય આકારની રચના તે બાહ્યનિર્વૃત્તિ.

भावशब्दोऽनु[1]पसर्जनार्थः यथैवेन्दनधर्मयोगित्वेनानुपचरितेन्द्रत्वो भावेन्द्र उच्यते तथैवेन्द्रलिङ्गत्वादिधर्मयोगेनानुपचरितेन्द्रलिङ्गत्वादिधर्मयोगि 'भावेन्द्रियम्'।

§ ८६. तत्र लब्धिस्वभावं तावदिन्द्रियं स्वार्थसंवित्तावात्मनो योग्यतामादधद्भावेन्द्रियतां प्रतिपद्यते। नहि तत्रायोग्यस्य तदुत्पत्तिराकाशवदुपपद्यते स्वार्थसंविद्योग्यतैव च लब्धिरिति। उपयोगस्वभावं पुनः स्वार्थसंविदि व्यापारात्मकम्। नह्यव्यापृतं स्पर्शना[2]दिसंवेदनं स्पर्शादि प्रकाशयितुं शक्तम्, सुषुप्तादीनामपि तत्प्रकाशकत्वप्राप्तेः।

ભાવશબ્દ અનુપચરિત = ઉપચાર વગરનું પ્રધાનતા વાચક છે. જેમ ઐશ્વર્ય કે ભોગધર્મના યોગે જેમાં વાસ્તવિક ઈંદ્રપણું છે, તે સૌધર્માધિપતિને ભાવેન્દ્ર કહેવાય છે, તે પ્રમાણે ઈંદ્રના લક્ષણો હોવા રૂપ ધર્મનાં યોગે જેમાં વાસ્તવિક ઈન્દ્રલિંગત્વ લક્ષણયુક્ત હોવા પણું તે ભાવેન્દ્રિય કહેવાય છે. ઈંદ્ર એટલે આત્મા તેનું લિંગ[1] અથવા લક્ષણ તે ઈન્દ્રલિંગ આ વ્યુત્પત્તિ મુખ્ય રીતે જ્ઞાનમાં ઘટે છે, માટે તેજ ભાવેન્દ્રિય છે. મૃત શરીરમાં ઇન્દ્રિય તો હોય છે છતાં જ્ઞાન ન હોવાથી તેઓ આત્માની ઓળખ કરાવી શકતી નથી. માટે તેમને દ્રવ્યેન્દ્રિય કહેવાય પણ ભાવેન્દ્રિય નહિં.

૮૬. તેમાં લબ્ધિસ્વરૂપ ઈંદ્રિય આત્માને સ્વ પર અર્થાત્ બાહ્ય-પદાર્થ અને જ્ઞાનને ગ્રહણ કરવાની યોગ્યતા પ્રદાન કરતી હોવાથી ભાવેન્દ્રિય કહેવાય છે. જે તત્ર = સ્વપર સંવેદન કરવાને/માં અયોગ્ય છે, તેમાં આકાશ કુસુમની જેમ સ્વપર સંવેદનની ઉત્પત્તિ અસંભવિત છે, એટલે કે સ્વપર સંવેદનની યોગ્યતાનું નામ જ લબ્ધિ (ઇન્દ્રિય). ઉપયોગ[2] સ્વરૂપ ભાવેન્દ્રિય સ્વપરનું સંવેદન કરવામાં વ્યાપાર રૂપ છે. સ્પર્શ વગેરનાં સંવેદનનો વ્યાપાર શરૂ ન થાય ત્યાં સુધી સ્પર્શાદિના બોધને પ્રગટ કરવા સ્પર્શનાદિ ઈંદ્રિયો સમર્થ બનતી નથી, નહિતર ભરઉંઘમાં સૂતેલા માણસને પણ સ્પર્શાદિનું જ્ઞાન થાત. (અભ્યંતર નિર્વૃત્તિમાં જે વિષયને ગ્રહણ કરવાની શક્તિ છે તે ઉપકરણ દ્રવ્યેન્દ્રિય. એટલે દ્રવ્યેન્દ્રિયના બે ભેદ (૧) નિર્વૃત્તિ (૨) ઉપકરણ.) તલવારની ધાર જેમાં છેદવાની શક્તિ તે ઉપકરણ, પુરુષમાં ચલાવવાની ચાલાકી તે લબ્ધિ, ચલાવવી તે ઉપયોગ.

१ प्राधान्यार्थः। २ स्पर्शादि०-ता०।

१ જેના દ્વારા આત્મા ઓળખી શકાય તે આત્માનું લિંગ કહેવાય છે."

૨ દ્રવ્યઈંદ્રિય ક્ષયોપશમ અને વિષય આ બધું પ્રાપ્ત થવા છતાં જ્યાં સુધી આત્મા તેનો વ્યાપાર-ઉપયોગ કરતો નથી ત્યાં સુધી એક પણ વિષયનું જ્ઞાન શક્ય નથી, માટે ઉપયોગ એ જાણવાની-જ્ઞાન ક્રિયામાં પ્રકૃષ્ટ કારણ છે તેથી તેને સાધકતમ કહેવાય છે. નૈયાયિક એવું માને છે કે ઉંઘમાં મન પુરિતત નાડીમાં જવાથી આત્મા સાથે સંયોગ નથી રહેતો, તેથી નાકની પાસેથી ગંધકણ પસાર થવા છતાં અનુભવમાં આવતા નથી. જ્યારે આપણે (જૈન) એમ કહીએ કે ત્યારે નિદ્રા-દર્શનાવરણીય કર્મના ઉદયથી દર્શન લબ્ધિ-શક્તિ અવરોધ પામી જતી હોવાથી આત્મા લબ્ધિ ઈંદ્રિયનો ઉપયોગ કરી શકતો નથી માટે બોધ-અનુભવ થતો નથી. પણ (ક્ષયોપશમની વિચિત્રતાના કારણે) તથા સ્વભાવથી ઉંઘમા મનોવ્યાપારરૂપ સ્વપ્ન આવે છે, જેને મતિજ્ઞાન રૂપે મનાય છે, તેનો અનુભવ થાય છે. માટે મન આત્માથી છૂટુ પડી ક્યાંય જતુ નથી.

પરંતુ મનના ઉપયોગનો અને તેતે લબ્ધિ ભાવેંદ્રિયના ઉપયોગનો રોધ થાય છે તેથી તેનો અનુભવ થતો નથી. સ્વતંત્ર આંતર મનનો ઉપયોગ સહેજ ખુલ્લો રહેવાથી સ્વપ્ન વિ. અનુભવાય છે. માટે ઉપયોગ સાધકતમ છે. જેમ કેવલજ્ઞાનવરણીય સર્વઘાતી છે છતાં મતિજ્ઞાનાદિરૂપે થોડીક પ્રભા જોવા મળે છે, તેમ નિદ્રા સર્વઘાતી છે ખરી, પણ અલ્પનિદ્રા વખતે તથાસ્વભાવથી આંતરમનનો વ્યાપાર સંભવી શકે છે.

§ ૮૭. स्वार्थप्रकाशने व्यापृतस्य संवेदनस्योपयोगत्वे फलत्वादिन्द्रियत्वानुपपत्तिरिति चेत्, न, कारणधर्मस्य कार्येऽनुवृत्तेः । नहि पावकस्य प्रकाशकत्वे तत्कार्यस्य प्रदीपस्य प्रकाशकत्वं विरुध्यते । न च येनैव स्वभावेनोपयोगस्येन्द्रियत्वम्, तेनैव फलत्वमिष्यते येन विरोधः स्यात् । साधकतमस्वभावेन हि तस्येन्द्रियत्वं क्रियारूपतया च फलत्वम् । यथैव हि प्रदीपः प्रकाशात्मना प्रकाशयतीत्यत्र साधकतमः प्रकाशात्मा करणम्, क्रियात्मा फलम्, स्वतन्त्रत्वाच्च कर्तेति सर्वमिदमनेकान्तवादे न दुर्लभमित्यलं प्रसङ्गेन ॥२३॥

§ ૮૮. 'मनोनिमित्तः' इत्युक्तमिति मनो लक्षयति-

सर्वार्थग्रहणं मनः ॥२४॥

§ ૮૯. सर्वे न तु स्पर्शनादीनां स्पर्शादिवत् प्रतिनियता एवार्था गृह्यन्तेऽनेनेति 'सर्वार्थग्रहणं मनः' 'अनिन्द्रियम्' इति 'नोइन्द्रियम्' इति चोच्यते । सर्वार्थ मन इत्युच्यमाने आत्मन्यपि प्रसङ्ग इति करणत्वप्रतिपादनार्थं 'ग्रहणम्' इत्युक्तम् ।

---

૮૭. શંકાકાર : જો સ્વપરને પ્રકાશિત કરવામાં વ્યાપૃત સંવેદનને ઉપયોગ માનશો તો તે ફળસ્વરૂપ હોવાથી તેને ઈંદ્રિય રૂપે માની ન શકાય.

સમાધાન - આવું કહેવું યોગ્ય નથી. કારણનો ધર્મ કાર્યમાં ઉતરી આવે છે. અગ્નિ પ્રકાશક રૂપ છે, તો તેના કાર્યરૂપ દીવો પ્રકાશક બને એમાં કોઈ વિરોધ હોય નહીં.

જે સ્વભાવને લીધે ઉપયોગને ઈંદ્રિય માનવામાં આવે છે તે જ સ્વભાવને આગળ કરીને તેને ફળ માનવામાં આવતું નથી, કે જેથી કરી વિરોધ આવે. જ્ઞાન કરવામાં ઉપયોગ સાધકતમ હોવાથી તેને ઈંદ્રિય કહેવાય છે, અને "જાણવું" આવી ક્રિયા રૂપ હોવાથી ફળ પણ કહેવાય છે. જેમ દીવો પ્રકાશ સ્વભાવથી પ્રકાશે છે, તેમાં પ્રકાશ સ્વભાવ સાધકતમ હોવાથી કરણ છે, અને પ્રકાશવું એ ક્રિયા હોવાથી ફળ કહેવાય છે. વળી સ્વતંત્ર હોવાથી દીવાને–ઉપયોગાત્માને કર્તા પણ કહેવાય છે. આવી યોજના અનેકાંતવાદમાં દુર્લભ નથી. બસ આ વાતને અહીં જ અટકાવીએ ॥૨૩॥

૮૮. સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં મનને નિમિત્તરૂપ કહેવામાં આવેલ છે, એથી મનનું સ્વરૂપ બતાવે છે....

બધા પદાર્થ જેનાથી ગ્રહણ કરાય તે મન ॥૨૪॥

૮૯ સ્પર્શનેન્દ્રિયથી માત્ર સ્પર્શ, કર્ણથી માત્ર શબ્દ ઇત્યાદિની જેમ પ્રતિનિયત અર્થને જ ગ્રહણ કરનાર ન હોય, પરંતુ તમામ પદાર્થ એટલે કે ઈંદ્રિયનાં વિષય બનનારા તેમજ ઈંદ્રિયનો વિષય નહિં બનનારા એવાં પદાર્થને પણ ગ્રહણ કરે તે મન. તેને 'અનિન્દ્રિય' અને 'નો-ઈન્દ્રિય' કહેવાય છે. "सर्वार्थ मनः" આટલું જ

आत्मा तु कर्तेति नातिव्याप्तिः, सर्वार्थग्रहणं च मनसः प्रसिद्धमेव । यत् वाचकमुख्यः "श्रुतमनिन्द्रियस्य।" [तत्त्वा०२.२२] श्रुतमिति हि विषयिणा विषयस्य निर्देशः उपलक्षणं च श्रुतं मतेः तेन मतिश्रुतयोर्यो विषयः स मनसो विषय इत्यर्थः । "मतिश्रुतयोर्निबन्धो[१]द्रव्येष्व-सर्वपर्यायेषु" [तत्त्वा० १.२७] इति वाचकवचनान्मतिश्रुतज्ञानयोः सर्वविषयत्वमिति मनसोऽपि सर्वविषयत्वं सिद्धम् ।

કહીયે તો આત્મા પણ બધા પદાર્થનો ગ્રાહક હોવાથી આત્માને પણ મન તરીકે સ્વીકારવાની આપત્તિ આવી પડશે, એથી તેનું (મનને) કરણપણું (તરીકે) પ્રતિપાદિત કરવા 'ગ્રહણમ્' આ પદ મૂકવામાં આવ્યું છે. ગૃહ્યતે અનેન ઈતિગ્રહણં અર્થાત કરણમ્ એ અર્થમાં અહીં अनट् प्रत्यय "करणाऽऽधारे" સિદ્ધહેમ ૫-૩-૧૨૯ થી લાગેલ છે, આત્મા તો કર્તા છે માટે અતિવ્યાપ્તિ નહિં થાય. "મન સર્વ અર્થને ગ્રહણ કરવામાં સમર્થ છે" આ વાત તો પ્રસિદ્ધ જ છે. વાચક મુખ્ય ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે **'श्रुतं अनिन्द्रिस्य'** મનનો વિષય શ્રુત છે. અહીં શ્રુત શબ્દ શ્રુત જ્ઞાનનો વાચક છે એટલે વિષયી[૧] દ્વારા વિષયનો નિર્દેશ કર્યો છે. અને શ્રુત શબ્દ મતિનું ઉપલક્ષણ છે, શ્રુત મતિપૂર્વક હોય છે માટે શ્રુત દ્વારા ઉપલક્ષણથી મતિનું ગ્રહણ થઈ શકે છે, માટે મતિ અને શ્રુતનો જે વિષય છે તે બધો મનનો વિષય છે "मति... सर्वद्रव्येषु असर्वपर्यायेषु" આ વાચકશ્રીના વચનથી મતિજ્ઞાન અને શ્રુત જ્ઞાનનો વ્યાપાર સર્વદ્રવ્યોમાં અને કેટલાક પર્યાયમાં હોય છે, તેથી મન[૨] પણ સર્વવિષયક સિદ્ધ થયું.

१ निबन्धः सर्वद्रव्ये०-तत्त्वा० ।

૧ જ્ઞાનના સંબંધીને વિષય કહેવાય, શેનું જ્ઞાન તો કહીશું ઘટાદિનું, માટે ઘટાદિ એ વિષય બને છે, અને તેવા વિષયવાળું જ્ઞાન બનતું હોવાથી જ્ઞાનને વિષયી કહેવાય છે. જ્ઞાનથી જાણવા યોગ્ય પદાર્થને વિષય કહેવાય છે. શંકા → જ્ઞાનના વિષય ઘટાદિ છે. માટે જ્ઞાન તે વિષયી છે. તેમ મનનો વિષય શ્રુત જ્ઞાન(છે, કા.કે, મનથી શ્રુત જ્ઞાન ગ્રાહ્ય છે,) તેથી શ્રુત જ્ઞાન વિષય અને મન વિષયી આવું ઘટે, તો પછી વિષયીદ્વારા વિષયનો નિર્દેશ એવું કેમ કહ્યું ?

સમા → મનના વિષય તરીકે ઉમાસ્વાતિ મહારાજને "**श्रुतमनिन्द्रियस्य**" સૂત્ર થી મૂર્ત્ત અમૂર્ત્ત પદાર્થ જ ઈષ્ટ છે, કા.કે. તે પદાર્થો મન દ્વારા જાણી શકાય છે, છતાં ગ્રંથકાર લાઘવ અભિલાષી હોઈ તેઓશ્રીએ મૂર્ત્ત-અમૂર્ત્ત પદાર્થનો જે વિષયી શ્રુતજ્ઞાન છે તેનો ઉલ્લેખ કરી વિષય જણાવ્યો છે, વળી શ્રુતજ્ઞાન મનનો ભલે વિષય હોય, પરંતુ ઉમાસ્વાતિજીને જે ઈષ્ટ મૂર્તામૂર્ત પદાર્થ છે તેની અપેક્ષાએ તો શ્રુતજ્ઞાન એ વિષયી જ છે, અને સૂત્રકારને પણ કાંઇ માત્ર શ્રુતજ્ઞાન મનનો વિષય છે એવું દર્શાવવું નથી. કા.કે. વાચ્ય-વાચક ભાવે અપરિણત એવા સુખાદિનું સંવેદન શ્રુતુજ્ઞાનરૂપ નથી, છતાં તેનો અનુભવ થાય છે, હવે બાહ્ય ઈંદ્રિયથી તો તેનું સુખાદિનું ગ્રહણ અસંભવ હોવાથી મનથી ગ્રાહ્ય માનવુ પડે, તમારે હિસાબે તો માત્ર "મને શ્રુતજ્ઞાન થયું" આવું જ મનથી ગ્રહણ થાય છે. આમ માનીએ તો ઉપરોક્ત બાધ આવે છે માટે શ્રુતજ્ઞાન સિવાયને પણ મનોગ્રાહ્ય માનવું જરૂરી છે. એટલે મૂર્ત્તામૂર્ત્ત પદાર્થ દર્શાવવા છે, તે પદાર્થ જણાવવા માટે જ અહીં શ્રુત શબ્દનો પ્રયોગ કરેલ હોવાથી તે વિષયનો તો વિષયી એવા શ્રુતજ્ઞાન દ્વારા જ નિર્દેશ થયો કહેવાયને.

૨ આ મન દિગમ્બર મત પ્રમાણે હૃદયના પ્રદેશમાં છે, જ્યારે શ્વેતામ્બર મત એવો લાગે છે કે આત્મા દરેક જાતની વર્ગણા સર્વઆત્મપ્રદેશથી ગ્રહણ કરે છે, માટે મનોવર્ગણા પણ સર્વ આત્મપ્રદેશ સાથે જોડાય એજ યોગ્ય લાગે છે.

§ ૯૦. मनोऽपि पञ्चेन्द्रियवद् द्रव्यभावभेदात् द्विविधमेव । तत्र द्रव्यमनो मनस्त्वेन परिणतानि पुद्गलद्रव्याणि । भावमनस्तु तदावरणीयकर्मक्षयोपशमात्मा लब्धिरात्मनश्चार्थग्रहणोन्मुखो व्यापारविशेष इति ॥२४॥

§ ૯૧. नन्वत्यल्पमिदमुच्यते 'इन्द्रियमनोनिमित्तः' इति । अन्यदपि हि चक्षुर्ज्ञानस्य निमित्तमर्थ आलोकश्चास्ति, यदाहुः-

"रूपालोकमनस्कारचक्षुर्भ्यः सम्प्रजायते ।
विज्ञानं मणिसूर्यांशुगोशकृद्भ्य इवानलः ॥"

इत्यत्राह-

नार्थालोकौ ज्ञानस्य निमित्तमव्यतिरेकात् ॥२५॥

૯૦ મન પણ પાંચ ઈંદ્રિયોની જેમ દ્રવ્ય ભાવ ભેદથી બે પ્રકારનું છે, તેમાં મન રૂપે પરિણત પુદ્ગલ દ્રવ્યો તે દ્રવ્ય મન છે. મનને આવૃત કરનાર કર્મના ક્ષયોપશમરૂપ લબ્ધિ અને મનથી જાણવા યોગ્ય એવા પદાર્થોને જાણવા માટે મનનું તત્પર બનવું તે સ્વરૂપ જે વ્યાપાર છે તે બંને ભાવમન. ઉન્મુખ = તૈયાર, અર્થબોધમાં તત્પર. ॥૨૪॥

૯૧. ઈંદ્રિય અને મનનાં નિમિત્તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ થાય છે, એમ અહીં તમે કહ્યું તેમાં તો બહુ ઓછાં નિમિત્ત બતાવ્યાં છે. કારણ કે ચક્ષુ જ્ઞાનનાં પદાર્થ અને આલોક પણ નિમિત્ત છે. જેમ કહ્યું છે કે

મણિ[1], સૂર્યનાં કિરણ, છાણ વગેરે અનેક કારણોથી અગ્નિ પેદા થાય છે. તેમ રૂપ, આલોક, મનમાં સ્થિરતા, ચક્ષુ આ ચાર દ્વારા વિશિષ્ટ જ્ઞાન ઉદ્ભવે છે."

આ તુલના નયચક્રવૃત્તિમાં અને અનેકાન્ત જયપતાકા ટીકામાં કરવામાં આવી છે.

સમાધાન કરતા આચાર્યશ્રી સૂત્ર દર્શાવે છે.....

અર્થ અને આલોક એ બંને જ્ઞાનનાં નિમિત્ત નથી કેમ કે
તેમાં વ્યતિરેક બંધ બેસતો નથી ॥૨૫॥

---

१ मनोपि चेन्द्रि०-डे० । २ संप्रवर्तते ।

---

૧ જેમ કે સૂર્યના કિરણની આગળ ગિરોલી કાચ-મણિ રાખ્યો હોય અને તેની નીચે ગાયનું છાણ રાખવાથી તે દાઝવા લાગે છે. તેમાં અગ્નિ પેદા થાય છે. (આજની સોલરવિજળી શું છે ? આજ સૂર્યના કિરણથી પેદા કરેલી વિદ્યુત્ છે,) વળી સૂર્યકાંત મણિથી પણ આવી રીતે અગ્નિપેદા કરી શકાય છે, આપણે તો એ જોવાનું છે સૂર્યના કિરણ, વચ્ચે મણિ અને નીચે છાણ રાખવાથી અગ્નિ પેદા થાય છે, એમાંથી એકની પણ ખામી હોય તો આગ પેદા ન થાય. તેમ જ્ઞાન માટે પણ રૂપ આલોક વગેરે બધુ જોઇએ.

§ ૧૨. बाह्यो विषयः प्रकाशश्च न चक्षुर्ज्ञानस्य साक्षात्कारणम्, देशकालादिवत्तु व्यवहितकारणत्वं न निवार्यते, ज्ञानावरणादिक्षयोपशमसामग्र्यामादुपकारित्वेनाञ्जनादिवच्चक्षुरुपकारित्वेन चाभ्युपगमात् कुतः पुनः साक्षान्न कारणत्वमित्याह- 'अव्यतिरेकात्' व्यतिरेकाभावात् । न हि तद्भावे भावलक्षणोऽन्वय एव हेतुफलभावनिश्चयनिमित्तम्, अपि तु तदभावेऽभावलक्षणो व्यतिरेकोऽपि । न चासावर्थालोकयोर्हेतुभावेऽस्ति, मरूमरीचिकादौ जलाभावेऽपि जलज्ञानस्य, वृषदंशादीनां चालोकाभावेऽपि

૯૨. બાહ્ય વિષય અને પ્રકાશ ચાક્ષુષજ્ઞાનનાં સાક્ષાત્ કારણ નથી. પણ દેશકાલની જેમ તેને પરંપરાથી-આડકતરુ કારણ માનવાનું ટાળી શકાતું નથી. કેમકે જેમ અંજન વગેરેને નેત્રનાં ઉપકારી મનાયા છે, તેમ વિષય અને પ્રકાશને જ્ઞાનાવરણીય કર્મનાં ક્ષયોપશમની સામગ્રીમાં આડકતરા ઉપકારી તરીકે માની શકાય છે. વીરસ્વામી અને આપણું ક્ષેત્ર સમાન છે, પણ કાળ ભિન્ન છે, સીમંધર સ્વામી અને આપણો કાળ સમાન છે પરંતુ દેશભિન્ન છે. માટે બન્નેમાંથી એકનો પણ સાક્ષાત્ થતો નથી. એમ દેશ-કાળ[૧] પણ જરૂરી તો બને જ છે. એ વાત ચોક્કસ છે કે દેશકાળનું વ્યવધાન ન હોય પણ પોતે ઉપયોગ શૂન્ય હોય અથવા જડને ક્યારેય જ્ઞાન થતું નથી, માટે મુખ્ય તો જ્ઞાન કારણ છે.

શંકાકાર : તેમને સાક્ષાત્ કારણ કેમ નથી ગણતા ?

સમાધાન : જ્ઞાનની સાથે તેમનો વ્યતિરેક નથી માટે, જેનો સદ્ભાવ હોય ત્યારે કાર્ય થાય" તે અન્વય. માત્ર એકલો અન્વય હેતુ-ફળ ભાવના નિશ્ચયનું નિમિત્ત નથી પરંતુ સાથોસાથ "જેનો અસદ્ભાવ હોય ત્યારે કાર્ય ન થાય" આવો વ્યતિરેક હોવો જરૂરી છે. અર્થ[૨] અને આલોક[૨]માં આવો હેતુભાવ નથી. કારણ ઝાંઝવાનાં જલમાં હકીકતે ત્યાં જલ પદાર્થ નથી છતાં જલનું જ્ઞાન થાય છે. અને વૃષદંશ– બિલાડી, સાપ,

૧ જે વિષયનું જ્ઞાન કરવાનું છે તેનું જ્ઞાન અમુક ચોક્કસ દેશ અને કાળને આશ્રયીને જ થાય છે. એટલે તે દેશ અને કાળમાં વસ્તુ રહેલી હોવી પ્રથમ જરૂરી છે, બીજું તેમની સાથે ઈંદ્રિયનો સંનિકર્ષ થવો જરૂરી છે, આટલું હોવા છતાં ભાવેન્દ્રિયનો ઉપયોગ ન થાય તો તે ઘટાદિ પદાર્થ વિવક્ષિત દેશ અને વર્તમાન કાળમાં હોવા છતાં જ્ઞાન થતું નથી. એટલે અવ્યવહિત તો ભાવેન્દ્રિય કારણ છે, પરંતુ અમુક દેશ કાળમાં પદાર્થ ન રહ્યો હોત તો જ્ઞાન તે રૂપે થાત નહીં, એમ પરંપરાએ કારણતો બને જ છે. વસ્તુને રહેવાનો વિવક્ષિત દેશ અને ભાવેન્દ્રિયના ઉપયોગ વખતે વસ્તુનું તે કાળમાં રહેવું પણ જરૂરી છે, એમ દેશ-કાળ પણ ઉપયોગી તો છે. પરંતુ સીધુ અવ્યવહિત કારણ તો ભાવેન્દ્રિય છે, કારણ કે તે જ દેશ-કાળમાં વસ્તુ હોય છતાં આંધળાને અને જડપદાર્થને તેનું જ્ઞાન થતું નથી. અહીં આ રૂમમાં અત્યારે ઘડો પડ્યો છે" આ જ્ઞાનમાં રૂમ અને તે કાળ પણ ઉપયોગી તો બને જ છે. ભાવેન્દ્રિયનો ઉપયોગ કરીએ પરંતુ વિવક્ષિત દેશ કાળ જે વસ્તુના જ્ઞાન માટે જરૂરી છે, તેનાથી જો ભિન્ન જુદા કાળ દેશમાં ઉપયોગ જશે તો કંઈ ઈષ્ટ વસ્તુનું જ્ઞાન થઈ શકતું નથી, માટે દેશ કાળ પણ પરંપરાએ કારણતો ખરાજ. જે દેશમાં બીજ વાવ્યું હોય અને તેના અમુક કાળમાં જ તેને પાણી સીંચવામાં આવે તો બીજ ફલીભૂત બને છે, અન્ય દેશમાં કે કાળ વીત્યા પછી પાણી સીંચવાથી તે ફળીભૂત બની શકતું નથી.

૨ આલોક હોવા છતાં સંશયજ્ઞાન સંભવે છે પણ બે કોટિમાંથી એક અંશ તો ત્યાં અવિદ્યમાન છે જ. વળી કાચ = આંખની નાડીનો રોગ જેથી દૃષ્ટિ ધુંધળી થઈ જાય તેનાથી હણાયેલ આંખથી ધોળાશંખ વિગેરેમાં પણ પીતાદિ આકારનું જ્ઞાન થાય છે. તેમજ જેનું મરણ નજીકમાં છે તેઓને અર્થ હાજર ન હોવા છતાં વિપરીત જ્ઞાન થાય છે. જેમ પ્રભાવતીરાણીને પૂજાના શ્વેત વસ્ત્રો પણ રાતા દેખાયા, માટે વિષય અને આલોક જ્ઞાનના કારણ નથી. (લઘીયસ્ત્રયી)

सान्द्रतमतमःपटलविलिप्तदेशगतवस्तुप्रतिपत्तेश्च दर्शनात् । योगिनां चातीतानागतार्थग्रहणे किमर्थस्य[1]निमित्तत्वम् ? निमित्तत्वे चार्थक्रियाकारित्वेन सत्त्वादतीतानागतत्वक्षतिः ।

§ ९३. न च प्रका[2]श्यादात्मलाभ एव प्रकाशकस्य प्रकाशकत्वम्, प्रदीपार्देर्घटादिभ्योऽनुत्पन्नस्यापि तत्प्रकाशकत्वदर्शनात् । ईश्वरज्ञानस्य च नित्यत्वेनाभ्युपगतस्य कथमर्थजन्यत्वं नाम ? । अस्मदादीनामपि जनकस्यैव ग्राह्यत्वाभ्युपगमे स्मृतिप्रत्यभिज्ञानादेः प्रमाणस्याप्रामाण्यप्रसङ्गः ।

ઘુવડ વગેરેને પ્રકાશનો અભાવ હોવા છતાં પણ ઘનઘોર અંધકારથી લીંપાયેલ પ્રદેશમાં રહેલી વસ્તુનું જ્ઞાન થાય છે. યોગીઓ ભૂતકાળ અને ભવિષ્યકાળ પદાર્થોનું ગ્રહણ કરે છે, તેમાં પદાર્થ કેવી રીતે નિમિત્ત બનશે ? કેમકે કારણભૂત પદાર્થ નષ્ટ થઈ ગયેલ છે, અને ભાવિ પદાર્થ હજી ઉત્પન્ન જ થયેલ નથી. જો અતીત અનાગત પદાર્થોને જ્ઞાનનું નિમિત્ત માનશો તો તેઓ સ્વયં અર્થક્રિયાના જનક બનવાથી તેમને સત્ વર્તમાનકાલીન માનવા પડશે અને તો પછી તેમનું ભૂતભાવીપણું ભૂલભરેલું ઠરશે. એટલે કે વર્તમાન કાળમાં પણ તે પદાર્થો હાજર રહીને પોતાનું જ્ઞાન કરાવે છે, એથી જ્ઞાનપ્રયોજકત્વ - જ્ઞાનનું વિષય વિધયા કારણ બનવું એવી ક્રિયા તે પદાર્થમાં રહી ગઈને. (જ્યારે યોગી[1] તો નષ્ટ[1] અનાગત પર્યયિના દ્રવ્યના આધારે પોતાની જ્ઞાનશક્તિથી તે પર્યાયને જાણે છે, તેના માટે કાંઈ તે પર્યાયને હાજર થવું પડતું નથી. જેમ મૃત માણસને સ્મરણમાં લાવવા કાંઈ તે માણસને જીવતો કરવાની જરૂર પડતી નથી. લૌકિક પ્રત્યક્ષમાં જ વિષય વિધયા પદાર્થની હાજરી જરૂરી છે.

૯૩. એવો કોઈ નિયમ નથી કે પ્રકાશ્ય પદાર્થથી આત્મસત્તા મેળવીને- ઉત્પન્ન થઈને જ પ્રકાશક પદાર્થ તેમને પ્રકાશિત કરે. ઘડા વગેરેથી ઉત્પન્ન ન થવા છતાં દીવો તેને પ્રકાશિત કરે છે, એવું તો જોવા મળે જ છે. નિત્ય માનેલ ઈશ્વરજ્ઞાન અર્થથી જન્ય કેવી રીતે થશે ? જે પદાર્થ જ્ઞાનનો જનક હોય તે જ પદાર્થ તે જ્ઞાનથી ગ્રાહ્ય બને છે એવો નિયમ બાંધશો તો આપણા સ્મૃતિ પ્રત્યભિજ્ઞા વગેરે પણ જ્ઞાન જે પ્રમાણભૂત મનાય છે, તેમને અપ્રમાણિત માનવાનો પ્રસંગ આવશે. કારણ કે તેમની ઉત્પત્તિ ગ્રાહ્ય પદાર્થથી નથી થતી. અનુભૂત પદાર્થને "ભૂતકાળે મેં તે જોયું હતું" એમ સ્મૃતિ ભૂતકાળના પદાર્થનું અવગાહન કરે છે, અને ભૂતકાળ રૂપે તે પદાર્થ વર્તમાનમાં વિદ્યમાન હોઈ ન શકે, એટલે જે રૂપે આપણે સ્મૃતિ દ્વારા તેનું જ્ઞાન કરીએ છીએ તે રૂપે તે પદાર્થ અત્યારે વિદ્યમાન નથી. પ્રત્યભિજ્ઞામાં પદાર્થ સામે હોય છે ખરો, પણ તેમાં જે તદંશ છે તેતો ભૂતકાલીન રૂપે પદાર્થને ગ્રહણ કરે છે. તદ્ અંશ રૂપે તો અત્યારે પદાર્થ હાજર નથી. એટલે તે પદાર્થો દેશાવચ્છેદેન—દેશની અપેક્ષાએ અને કાલાવચ્છેદેન—કાળની અપેક્ષાએ અને પર્યાયના રૂપાન્તરથી નષ્ટ થયા

१ ०विलुप्त० । २ किमर्थनिमि०-ता० । ३ प्रका...दात्म०-ता० ।

१ અવધિજ્ઞાની નષ્ટ - અનાગત પર્યાય કેમ જાણી શકે ? સ્મૃતિમાંતો સંસ્કાર હોય છે. સમા →અવધિજ્ઞાન સાક્ષાત આત્માથી થાય છે, એટલે ઈંદ્રિય વિના રૂપિપદાર્થને વિષય બનાવે છે. જેમ કોઈ ફાટેલી પુસ્તક સરખી કર્યા પછી જોવામાં આવે ત્યારે તેનો પહેલાનો પર્યાય (ફાટેલી હતી) ખ્યાલ આવે અને ભવિષ્યમાં પણ ફાટશે આવા પર્યાયનો ખ્યાલ રહે, તેમ અવધિજ્ઞાની રૂપિ દ્રવ્યને જોઈ તેના પર્યાય જાણી શકે છે. કા.કે. એતો આપણા કરતા વિશેષશક્તિશાલી છે અને દ્રવ્ય તો હાજર જ હોય છે ને, એટલે નિરાધાર પણ ન કહેવાય.

येषां चैकान्तक्षणिकोऽर्थो जनकश्च ग्राह्य[१] इति दर्शनम् तेषामपि जन्यजनकयोर्ज्ञानार्थयोर्भिन्नकालत्वान्न ग्राह्यग्राहकभावः सम्भवति । अथ न जन्यजनकभावातिरिक्तः सन्दंशायोगोलकवत् ज्ञानार्थयोः कश्चिद ग्राह्यग्राहकभाव इति मतम्,

"भिन्नकालं कथं ग्राह्यमिति चेद् ग्राह्यतां विदुः ।
हेतुत्वमेव युक्तिज्ञा ज्ञानाकारार्पणक्षमम्" [प्रमाणवा० ३. २४७]

કહેવાય છે, એમ ગ્રાહ્યપદાર્થ ભૂતકાલીન હોય છે,, તેથી તે પદાર્થો નષ્ટ થયેલ હોવાથી તે પદાર્થ જ્ઞાનના જનક બની શકતા નથી.

બૌદ્ધ → પદાર્થ એકાન્તે ક્ષણિક છે, તે પદાર્થ જે જ્ઞાનનો જનક બને તેજ જ્ઞાનથી તે પદાર્થ ગ્રાહ્ય બને છે.

જૈના → જન્યજ્ઞાન અને જનક પદાર્થ ભિન્નકાળ[૧]માં રહેતા હોવાથી તેમની વચ્ચે ગ્રાહ્ય ગ્રાહક ભાવ બંધ બેસી ન શકે.

બૌદ્ધ → જ્ઞાન અને અર્થનો જન્ય-જનક ભાવથી અતિરિક્ત કોઈ સાંડસી અને લોઢાના ગોળાની જેમ ગ્રાહ્ય-ગ્રાહક ભાવ નથી, એટલે સાંડસી દ્વારા લોઢાના ગોળાને ગ્રહણ કરવા માટે બન્નેનું એક બીજા સાથે જોડાણ થવું જરૂરી છે એટલે કે એક દેશ એક કાળમાં રહેવાની જરૂર પડે છે, એવું અહીં જ્ઞાન-અર્થના ગ્રહણમાં નથી. **પ્રમાણ વાર્તિકમાં કહ્યું છે, કે→ભિન્ન કાલ હોય તો પદાર્થ જ્ઞાનથી ગ્રાહ્ય કેવી રીતે બને ? એવી શંકા તમને જાગતી હોય તો તેનું સમાધાન એ છે કે પોતાનો આકાર જ્ઞાનને અર્પણ કરવા સમર્થ થવું તે જ હેતુ છે, એનું જ નામ ગ્રાહ્યતા છે, એમ યુક્તિજ્ઞો-યુક્તિશાળીઓ કહે છે. એટલે જ્ઞાનનું અર્થાકાર બની જવું એ જ અર્થનું (ગ્રાહક) ગ્રહણ કરવું છે. કોઈને પકડીને બીજે મૂકવાનું અહીં નથી, કે જેથી સમાન કાલ જોઈએ.**

---

१ ग्राह्यत इति-डे० ।

---

૧ શંકા - જે વખતે પેન હાજર છે તે વખતે જ તે દેશમાં હાથ લંબાવાથી પેન હાથમાં આવે છે, એટલે કે બીજે ઠેકાણે કે પેન સિવાયના કાળમાં ત્યાં હાથ લંબાવાથી આપણા હાથમાં પેન આવી શકતી નથી. તેમ પૂર્વક્ષણમાં અર્થ- વિષય હોય અને ઉત્તરક્ષણમાં જ્ઞાન હોય તો તે જ્ઞાન પૂર્વક્ષણના પદાર્થને કેવી રીતે ગ્રહણ કરી શકે ?

સમા. (બૌદ્ધ) - વિષય-ઘટાદિ પોતાનો જેવો આકાર હોય તેવો આકાર જ્ઞાનને અર્પણ કરી દે એટલે જ્ઞાન તે વિષયના આકારવાળું બની જાય તેનું જ નામ ગ્રાહ્યતા છે, નહીં કે હાથથી પેન પકડાવવી.

જેમ દૂર રહેલા પાણીને ધક્કો મારીએ તો નજીકમાં આવી જાય છે, તેના માટે ધક્કો લગાડનાર કારણને અહીં સુધી અને તે કાળમાં આવવાની જરૂર નથી, તેમ પૂર્વની વસ્તુ ત્યાંજ પૂર્વક્ષણમાં રહેલી છે તે આ જ્ઞાનને આકાર અર્પણ કરી દે છે, તેને આ ક્ષણમાં આવવાની જરૂર નથી.

જૈના: - ભાઈ સાહેબ દૃષ્ટાંત સારું બેસાડી દીધું, પણ જરીક ભૂલ થવાથી આખો તમારો પત્તાનો મહેલ જમીન દોસ્ત બની જાય છે. જે પાણીને જેના દ્વારા ધક્કો લગાડવામાં આવ્યો છે, તે બન્ને એક દેશમાં અને એકજ કાળે ભેગા થયાકે નહીં ? જો ન થયા હોય તો હવામાં હાથ ફેરવવાથી પાણીને ધક્કો લાગી જવો જોઈએ, તેમ બનતું નથી, પરંતુ જ્યાં જે વખતે પાણી છે ત્યારે જ ત્યાં જ હાથથી ધક્કો મારી શકાય છે અને પાણી આગળ જાય છે, એમ કાર્ય-કારણ એક જ દેશમાં અને એક કાળે હોવા જરૂરી છે. પાણી આગળ ચાલે છે તેમાં પણ ધક્કાથી પેદા થયેલો વેગ કારણ છે, જે અત્યારે પણ પાણીમાં હાજર છે. દીવો પણ તદ્યોગ્ય દેશ કાળમાં રહેલ ઘટાદિને જ પ્રકાશિત કરી શકે છે. એમ કાર્ય-કારણ એક દેશ કાળમાં હોવા જરૂરી છે.

इति वचनात्, तर्हि सर्व[1]ज्ञज्ञानस्य वार्तमानिकार्थविषयत्वं न कथञ्चिदुपपद्यते वार्तमानिकक्षणस्याजनकत्वात् अजनकस्य चाग्रहणात् । स्वसंवेदनस्य च स्वरूपाजन्यत्वे कथं ग्राहकत्वं स्वरूपस्य वा कथं ग्राह्यत्वमिति चिन्त्यम् । तस्मात्[2] स्वस्वसामग्रीप्रभवयोर्दीपप्रकाशघटयोरिव ज्ञानार्थयोः प्रकाश्यप्रकाशकभावसम्भवान्न ज्ञाननिमित्तत्वमर्थालोकयोरिति स्थितम् ।

જૈન → એવો જ આગ્રહ રાખશો તો સર્વજ્ઞજ્ઞાન વર્તમાન-કાલીન પદાર્થને ગ્રહણ કરવા કોઈ પણ રીતે સમર્થ ન બને. કારણ કે વર્તમાન-કાલીન ક્ષણ (પદાર્થ) સર્વજ્ઞજ્ઞાનને ઉત્પન્ન કરનાર નથી. અને જે જનક નથી તે પદાર્થ તે જ્ઞાનનો વિષય પણ ન બની શકે.

[સર્વજ્ઞભગવંતને તમામ ક્ષણમાં જ્ઞાન વિદ્યમાન છે. તેમાંથી કોઈક વિવક્ષિત વર્તમાન ક્ષણ ધારો કે તે પાંચમી ક્ષણ છે, આ પાંચમી ક્ષણ જ્ઞાનાત્મક હોય પણ તેનો જનક તો ચોથી ક્ષણ જ હોઈ શકે માટે સર્વજ્ઞનાજ્ઞાનસ્વરૂપ પાંચમી ક્ષણથી ચોથીક્ષણના પદાર્થનું જ્ઞાન થઈ શકે, પણ (૫)મી ક્ષણ સ્વજ્ઞાનની જનક ન હોવાથી (૫)મી ક્ષણના પદાર્થનું જ્ઞાન તો સંભવે જ નહીં. એમ જે કોઈ વર્તમાન ક્ષણ લઈશું તે પૂર્વની ક્ષણનું જ્ઞાન કરાવશે, એટલે સર્વજ્ઞને વર્તમાનકાલીન રૂપે તો કોઈ પણ પદાર્થનું જ્ઞાન થશે જ નહીં. કહેવાનું તાત્પર્ય એમ છે કે બૌદ્ધ એમ માને છે કે સર્વજ્ઞને ભૂતભાવિ બધીક્ષણોમાં જ્ઞાન પેદા થઈ ગયું છે અને તે તે ક્ષણમાં વર્તમાન રહેનારા તમામ ભાવોનું જ્ઞાન સર્વજ્ઞને થાય છે એવું માનવામાં તો વાંધો નથી. પરંતુ આટલું વિશેષ કે જે ક્ષણમાં જ્ઞાન પેદા થયેલું છે તે જ્ઞાન તેની પૂર્વની ક્ષણથી પેદા થયેલું છે માટે તે ક્ષણવર્તી જ્ઞાન તેની પૂર્વની ક્ષણવર્તી પદાર્થોનું જ્ઞાન કરી શકશે, પરંતુ સ્વક્ષણવર્તી પદાર્થોનું જ્ઞાન ન કરી શકે. તેનું જ્ઞાનતો તેની ઉત્તર ક્ષણવર્તી જ્ઞાનથી થશે. કા.કે. તે ઉત્તરક્ષણવર્તી જ્ઞાનની જનક છે, એટલે પોતાને- સર્વજ્ઞને (બુદ્ધને) ભૂતભાવિ બધુ જ્ઞાન છે ખરું, પરંતુ તે તે જ્ઞાન ક્ષણો પદાર્થને વર્તમાન રૂપે નહીં જાણી શકે કા.કે. તે ક્ષણો સ્વપૂર્વવર્તી પદાર્થને જ ગ્રહણ કરનારી છે.]

વળી સ્વસંવેદન તો પોતાના સ્વરૂપને જાણવું તે છે. અને પોતે પોતાનાથી ઉત્પન્ન તો થઈ શકે નહિ, ઘટ તે જ ઘટથી પેદા થાય નહીં, તો પછી જ્ઞાન કેવી રીતે ગ્રાહક બનશે ? અને સ્વરૂપ કેવી રીતે ગ્રાહ્ય બની શકશે ? આનો વિચાર કરો ! તેથી સ્નેહ-વાટ અને માટિ, પાણી વિ. પોત પોતાની સામગ્રી[1]થી ઉત્પન્ન થનારા દીવાના પ્રકાશ અને ઘટમાં જેમ પ્રકાશ્ય-પ્રકાશક ભાવ છે, તેમ પોત પોતાનાં કારણોથી ઉત્પન્ન થનારાં જ્ઞાન અને પદાર્થ વચ્ચે પણ પ્રકાશ્ય પ્રકાશક ભાવ સંભવી શકે છે. આ રીતે સિદ્ધ થયુ કે અર્થ અને આલોક જ્ઞાનનાં સાક્ષાત્ કારણ નથી.

---

૧ सार्वज्ञ०-डे० । २ तस्मात् स्वसाम०-डे० ।

---

૧ જેમ દીવાનો પ્રકાશ તેલવાટ વિ. કારણોથી પેદા થાય છે, કંઈ ઘટથી નહી. (અને ઘટ પોતે દંડાદિથી પેદા થાય છે) એમ આ બન્ને વચ્ચે જન્ય-જનક ભાવ નથી, તો પણ પ્રકાશ્ય-પ્રકાશકભાવ છે. તેમ સાંવ્યવહારિક જ્ઞાન ઈંદ્રિય મનથી પેદા થાય છે અને ઘટાદિ પદાર્થ પોતાના દંડાદિકારણોથી ઉત્પન્ન થાય છે, છતાં જ્ઞાનથી તેમનું ગ્રહણ–ભાન થઈ શકે છે. આમ જ્ઞાન થવા માટે અર્થથી જ્ઞાનનું પેદા થવું જરૂરી નથી, માટે અર્થના અભાવમાં પણ જ્ઞાન સંભવી શકે છે. આલોક અને અર્થ બન્નેના અસત્વમાં-અસદ્ભાવમાં પણ ઘુવડ યોગી વગેરેને જ્ઞાન થવાથી વ્યતિરેક ઘટતો નથી, પણ વ્યતિરેક-વ્યભિચાર આવતો હોવાથી તેમને કારણ માની શકાતાં નથી અને પરંપરાએ કારણ-નિમિત્ત બને તેનો તો કારણ તરીકે વ્યવહાર થતો નથી કેમકે કારણનું લક્ષણ છે કે કાર્યની અવ્યવહિત પૂર્વમાં નિયત વૃત્તિ હોવી".

९४ नन्वर्थाजन्यत्वे ज्ञानस्य कथं प्रतिकर्म व्यवस्था ? तदुत्पत्तितदाकाराभ्यां हि सोपपद्यते, तस्मादनुत्पन्नस्यातदाकारस्य च ज्ञानस्य सर्वार्थान् प्रत्यविशेषात्, नैवम् तदुत्पत्तिमन्तरेणाप्यावरण-क्षपोपशमलक्षणया योग्यतयैव प्रतिनियतार्थप्र[1]काशकत्वोपपत्तेः । तदुत्पत्तावपि च योग्यतावश्या-श्रयणीया, अन्यथाऽशेषार्थसान्निध्येऽपिकुतश्चिदेवार्थात् कस्यचिदेव ज्ञानस्य जन्मेति कौतस्कुतोऽयं विभागः । तदाकारता त्वर्थाकारसङ्क्रान्त्या तावदनुपपन्ना, अर्थस्य निराकारत्वप्रसङ्गात् । अर्थेन च मूर्त्तेनामूर्त्तस्य ज्ञानस्य कीदृशं सादृश्यमित्यर्थविशेषग्रहणपरिणा[2]म एव साभ्युपेया । अत[3]:-

"अर्थेन घटयत्येनां नहि मुक्त्वाऽर्थरूपताम्" [प्रमाण वा० ३. ३०५]

इति यत्किञ्चिदेतत् ।

---

९४. બૌદ્ધ : જો જ્ઞાનને અર્થથી જન્ય નહિં માનો તો પ્રતિનિયત કર્મ બાબતમાં -વિષય વ્યવસ્થા કેવીરીતે બંધ બેસાડશો ? "તેનાથી ઉત્પત્તિ અને તેના આકારના હોવું" આબે દ્વારા વ્યવસ્થા બંધ બેસી શકે છે. એટલે જ્ઞાન ઘટથી ઉત્પન્ન થાય અને ઘટાકારનું હોય તો તે જ્ઞાન ઘટને જાણનારૂં જ બને. પણ જો તે જ્ઞાન કોઈ થી ઉત્પન્ન ન થયેલું હોય અને તદાકાર પણ ન હોય તો તે જ્ઞાન બધા પદાર્થ માટે સમાન હોવાથી "આ જ પદાર્થને પ્રકાશિત કરનારૂં આ જ્ઞાન છે" એવું પ્રતિનિયતપણું કહી ન શકાય.

જૈન → આવું નથી. જ્ઞાન વિષયથી ઉત્પન્ન થયા વિના પણ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ સ્વરૂપ યોગ્યતાથી જ પ્રતિનિયત અર્થને પ્રકાશિત કરનારૂં બની શકે છે.

વિષયથી જ્ઞાનની ઉત્પત્તિ માનો તો પણ યોગ્યતાનો આશ્રય તો લેવો જ પડશે. નહિતર બધા પદાર્થોનું સાંનિધ્ય હોવા છતાં અમુક પદાર્થથી અમુક જાતનું જ જ્ઞાન પેદા થાય છે, આવો વિભાગ શેનાં આધારે પડશે ? ઘટપટાદિ અનેક પદાર્થ સમાન દેશમાં રહેલ છે, છતાં ઘટનું જ્ઞાન જ થયું અન્યનું કેમ નહીં ? (પટનું જ્ઞાન થવામાં કયા કારણની ખામી આવી એ તો જણાવો ? ઘટમાં અનંત પર્યાયો છે, બે-ચાર સિવાય શેષ પર્યાયનું જ્ઞાન તમને ન થયું, બીજાને વળી ૧૦ પર્યાયનું થયું, વાજિંત્રનો એકને માત્ર અવાજ સંભળાય, બીજો તેના ભેદ-પ્રભેદ-તરતમતા વગેરે બધુ જાતનું જ્ઞાન મેળવી લે છે ? ત્યાં ક્ષપોયશમ સિવાય બીજો કોઈ આશરો નથી. હવે વાત રહી તદાકારની, તેનો અર્થ પદાર્થનો આકાર જ્ઞાનમાં સંક્રાન્ત થઈ જાય છે, એવું માનશો તો પદાર્થ નિરાકાર બની જશે, બીજો અર્થ પદાર્થ જેવો જ્ઞાનનો આકાર બને છે, પણ પદાર્થનો પોતાનો આકાર તેમાં સંક્રાન્ત થતો નથી, એમ કહેશો તો મૂર્ત્ત અર્થની સાથે અમૂર્ત્તજ્ઞાનનું સાદેશ્ય કેવું (કેવી જાતનું હોઈ શકે) ? એથી જ્ઞાન જ્યારે કોઈ પદાર્થને ગ્રહણ કરે છે, ત્યારે જ્ઞાનમાં વિષયને ગ્રહણ કરવાનો વિશિષ્ટ પરિણામ પેદા થાય છે, આ જ જ્ઞાનની અર્થાકારતા છે, અને આવી અર્થાકારતા સ્વીકારવી જોઈએ. તેથી = આવી જ્ઞાનાત્મક અર્થકારતાસ્વીકારી લેવાથી સવિકલ્પક જ્ઞાનમાં "એનાં" → આ અર્થની સાથે જ્ઞાનની ઘટના = વિષય

---

१ -०प्रभवयोः प्रका०-डे । २-०णामसएवाभ्यु०-ता० । ३-०पेया ततः डे० ।

§ ૯૫. अपि च व्यस्ते समस्ते वैते ग्रहणकारणं स्याताम् । यदि व्यस्ते, तदा कपालाद्यक्षणो घटान्त्यक्षणस्य, जलचन्द्रो वा नभश्चन्द्रस्य ग्राहकः प्राप्नोति, तदुत्पत्तेस्तदाकारत्वाच्च । अथ समस्ते, तर्हि घटोत्तरक्षणः पूर्वघटक्षणस्य ग्राहकः प्रसजति । ज्ञानरूपत्वे सत्येते ग्रहणकारणमिति चेत्, तर्हि समानजातीयज्ञानस्य समनन्तरपूर्वज्ञानग्राहकत्वं प्रसज्येत । तन्न योग्यतामन्तरेणान्यद् ग्रहणकारणं पश्यामः ॥२५॥

વ્યવસ્થા અર્થરૂપતા= વિષય-સદંશતા[1]ને છોડી ઘટી ન શકે," એવું પ્રમાણવાર્તિકમાં બૌદ્ધનું કથન સાર વગરનું છે. બૌદ્ધ જડઆકારમાને છે, આ વાત બરાબર નથી. [(એનાં = આ અર્થરૂપતાને છોડી બીજુ કોઈ જ્ઞાનનો ભેદક નથી. પરંતુ અર્થસદંશતા અર્થ = જ્ઞેયની સાથે જ્ઞાનના ભેદની વ્યવસ્થા (થાય છે) ગોઠવી આપે છે. જેમ કે (નીલની સદંશતા જોઈ)નીલનું આ જ્ઞાન છે]

૯૫. વળી આ તદુત્પત્તિ અને તદાકારતા ગ્રહણ=જ્ઞાનના અલગ અલગ કારણ છે, કે ભેગાં મળીને ? જો જુદાં જુદાં કારણ હોય તો ઠીકરાની આદ્યક્ષણ ઘડાના અન્ત્યક્ષણની ગ્રાહક બનવી જોઈએ, કારણ કે ઘડાની અંતિમ ક્ષણમાંથી ઠીકરાની આદ્યક્ષણની ઉત્પત્તિ થાય છે. જલમાં પ્રતિબિમ્બિત ચંદ્ર આકાર ચંદ્રનો ગ્રાહક બનવો જોઈએ કારણ કે (તે તેને લીધે ઉદ્ભવે છે અને) ત્યાં તદાકારતા રહેલી છે. હવે જો બન્નેને ભેગાં કારણ માનતાં હો તો ઘટની ઉત્તર ક્ષણ ઘટથી ઉત્પન્ન થાય છે, અને તદાકાર પણ છે માટે તે ઉત્તરક્ષણ પૂર્વક્ષણની ગ્રાહક બનવી જોઈએ.

બૌદ્ધ : આ તો જડપદાર્થ છે. અમે તો આ બન્નેની સાથે જેમાં જ્ઞાનરૂપતા[2] રહેલી હોય તે જ ગ્રહણનું કારણ બને એવું માનીએ છીએ

જૈના : તો સમાન-જાતીય[2] જ્ઞાન સમનન્તર પૂર્વવર્તીજ્ઞાનનું = પોતાની તરત જ પહેલા ઉત્પન્ન થયેલ જ્ઞાનનું ગ્રાહક બનવું જોઈએ. કારણ કે ઉત્તરજ્ઞાનમાં તદુપત્તિ તદાકારતા અને જ્ઞાનરૂપતા પણ છે. તેથી આ

---

૧. બૌદ્ધમાં જે સૌત્રાન્તિક છે, તેઓ બાહ્ય વિષયનું અસ્તિત્વ માને છે અને જ્ઞાનને તેનાથી જન્ય અને તદાકાર માને છે એટલે તેમના મતે સવિકલ્પક જ્ઞાન તદાકાર હોય છે માટે પ્રમાણરૂપે બને છે, તેવા આકાર વિના સવિકલ્પકજ્ઞાન પ્રમાણભૂત બની ન શકે, કા.કે. તદાકારતા સંવાદિપણું બતાવે છે, જ્યારે નિરાકારતામાં કશું નિયત ન બને તેથી પ્રમાણ ન બની શકે." મૂળમાં દર્શાવેલ પંક્તિ સૌત્રાન્તિક મતને અનુસરતી હોઈ તે પ્રમાણવાર્તિક ગ્રંથમાં પૂર્વપક્ષરૂપે મૂકવામાં આવી છે. કારણ કે પ્રમાણવાર્તિકકાર તો વિજ્ઞાનવાદી બૌદ્ધ છે, તેણે તો આવા તદાકારનો નિરાસ કર્યો છે, તેના મતે તો નિર્વિકલ્પક જ્ઞાન પ્રમાણભૂત છે. અહીં ગ્રંથકારે પણ "यत्किञ्चित् एतत्" એમ કહીને સૌત્રાન્તિકની વાતનું ખંડન કર્યું છે.

૨. ચોથી ક્ષણના જ્ઞાનને પાચમી ક્ષણનું જ્ઞાન ગ્રહણ કરતું નથી, માત્ર પૂર્વક્ષણના ઘટનું જ્ઞાન થાય છે, પણ પૂર્વક્ષણે થયેલ ઘટજ્ઞાનનું જ્ઞાન થતું નથી. આ પાંચમીક્ષણનું જ્ઞાન ચોથી ક્ષણના ઘટજ્ઞાનથી પેદા થયું છે અને તેનો આકાર પણ ઘટજ્ઞાન રૂપે જ છે માટે પૂર્વઘટજ્ઞાનનું જ્ઞાન પાંચમી ક્ષણના ઘટજ્ઞાનથી થવું જોઈએ. પણ વાસ્તવિકતા એ છે કે જે ઘટજ્ઞાન રૂપે હોય તે કોઈ દિવસ ઘટજ્ઞાનનું જ્ઞાન ન કરે. કેમ કે બન્ને જ્ઞાનના વિષય ભિન્ન પડી જાય છે એકનો વિષય ઘટ છે, બીજાનો વિષય ઘટજ્ઞાન છે અને એક જ જ્ઞાનના બે ભિન્ન વિષય ન હોઈ શકે. અમારી જેમ સ્વસંવેદનરૂપે માનો તો વાંધો નથી, કા.કે. અમને એક સાથે બે જ્ઞાન માન્ય છે, પરસંવેદનને લઈને ઘટનું જ્ઞાન અને સ્વસંવેદનને લઈને ઘટજ્ઞાનનું જ્ઞાન જ્યારે તમારે તો તેજ ઘટજ્ઞાનને જ ઘટજ્ઞાનનો ગ્રાહક માનવાની આપત્તિ આવે છે.

§ ९६. 'अवग्रहेहावायधारणात्मा' इत्युक्तमित्यवग्रहादील्लक्षयति-

अक्षार्थयोगे दर्शनानन्तरमर्थग्रहणमवग्रहः ॥२६॥

§ ९७. 'अक्षम्' इन्द्रियं द्रव्यभावरूपम्, 'अर्थः' द्रव्यपर्यायात्मा तयोः 'योगः' सम्बन्धोऽनातिदूरासन्नव्यवहितदेशाद्यवस्थानलक्षणा योग्यता । नियता हि सा विषयविषयिणोः, यदाह,

"पुट्ठं सुणेइ सद्दं रूवं पुण पासए अपुट्ठं तु ॥" [आव० नि० ५]

इत्यादि । तस्मिन्नक्षार्थयोगे सति 'दर्शनम्' अनुल्लिखितविशेषस्य वस्तुनः प्रतिपत्तिः । तदनन्तरमिति क्रमप्रतिपादनार्थमेतत् । एतेन दर्शनस्यावग्रहं प्रति [1]परिणामितोक्ता, नह्यसत एव सर्वथा कस्यचिदुत्पादः, सतो वा सर्वथा विनाश इति दर्शनमेवोत्तरं परिणामं प्रतिपद्यते । 'अर्थस्य' द्रव्यपर्यायात्मनोऽर्थक्रियाक्षमस्य 'ग्रहणम्', 'सम्यगर्थनिर्णयः' इति सामान्यलक्षणानुवृत्तेर्निर्णयो न पुनरविकल्पकं[2] दर्शनमात्रम् 'अवग्रहः'।

બન્ને ગ્રહણના=જ્ઞાનના કારણ નથી. યોગ્યતા વિના બીજું કોઈ ગ્રહણનું કારણ અમને જોવામાં આવતું નથી. [કારણ કે "अयंघटः" :આવું સમાનજાતીય જ્ઞાન પણ ઘટ ક્ષણ (પદાર્થોનો જ) બોધ કરાવે છે, પરંતુ પૂર્વજ્ઞાનનો બોધ આવા સમાનજાતીય જ્ઞાનથી થતો નથી. નહીતર બધાને જ્ઞાનનો સાક્ષાત્કાર થઈ જાત તો તે અતીંદ્રિય ન રહેત] ॥૨૫॥

૯૬. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા સ્વરૂપ સાંવ્યવહારિક પ્રત્યક્ષ (જ્ઞાન) છે, એમ કહ્યું માટે અવગ્રહાદિને ઓળખાવે છે....

ઇંદ્રિય અને પદાર્થનો સંબંધ થયે છતે દર્શન પછી પદાર્થનું ગ્રહણ (ભાન) તે અર્થાવગ્રહ ॥૨૬॥

૯૭. 'અક્ષ' એટલે દ્રવ્ય ભાવ રૂપ ઈન્દ્રિય, 'અર્થ' એટલે તે દ્રવ્ય પર્યાય રૂપ પદાર્થ કે વસ્તુ, યોગ એટલે વચ્ચેનો સંબંધ એટલે કે ઘણું દૂર નહિ ઘણું નજીક નહિ અને વ્યવધાન વિના ઉચિત દેશમાં રહેવું તે સ્વરૂપ યોગ્યતા, વિષય અને વિષયીમાં આ યોગ્યતા નિયત રૂપે હોય છે. આવ. નિર્યુક્તિ માં કહ્યું છે કે → શ્રોત્રેન્દ્રિય સ્પૃષ્ટ શબ્દને ગ્રહણ કરે છે. પણ આંખ અસ્પૃષ્ટ રૂપને ગ્રહણ કરે છે, વગેરે, તેમ પારદર્શક કાચ કે પાણી વગેરેમાં રહેલ રૂપને આંખ ગ્રહણ કરી શકે, પણ કાચથી વ્યવધાન પામેલી ગંધને ઘ્રાણ ગ્રહણ કરી શકતી નથી. એમ વિષય અને વિષયી વચ્ચે નિયતપ્રકારની યોગ્યતા હોય છે. બધે એક જ પ્રકારનો વચ્ચેનો સંબંધ કામ નથી આવતો. ઈંદ્રિય અને પદાર્થનો યોગ્ય સંબંધ થતાં સહુ પ્રથમ જેમાં વિશેષનો ઉલ્લેખ નથી એવું સામાન્ય રૂપે વસ્તુનું ભાન તે 'દર્શન' તેના પછી અવગ્રહ થાય છે. સૂત્રમાં "અનન્તર" શબ્દ ક્રમનું પ્રતિપાદન કરવા માટે છે. એટલે પહેલા દર્શન થયા પછી જ્ઞાન (અવગ્રહ) થાય છે. પછી ઈહાદિ થાય છે આવો ક્રમ હોવાથી દર્શન પછી અવગ્રહ નામનું નવું જ્ઞાન થયું, એ વાત સાચી છે. પણ તે દર્શનથી સર્વથા ભિન્ન નથી પણ જે દર્શન હતું તે અવગ્રહનું ઉપાદાન કારણ હતું એટલે જ્ઞાન ઉપયોગ સ્વરૂપ વ્યાપારથી દર્શન જ અવગ્રહ રૂપે પરિણત થયું. તે સર્વથા ભિન્ન નથી. કારણ કે સર્વથા અસત્માંથી કશાની ઉત્પત્તિ થતી નથી અને સત્નો (દર્શન) નો સર્વથા નાશ પણ થતો નથી. આ ઉપરથી દર્શન જ ઉત્તર પરિણામને પ્રાપ્ત કરે છે. "અર્થનું" એ સૂત્ર ઉક્ત શબ્દ દ્વારા અર્થક્રિયામાં સમર્થ દ્રવ્યપર્યાય રૂપ પદાર્થનું, "ગ્રહણ કરવું" તે અવગ્રહ, "સમ્યગ્ અર્થ

---

१ पारिणामिककारणतोक्ता-डे० । २ बौद्धानामिव ।

§ ૯૮. न चायं मानसो विकल्पः, चक्षुरादिसन्निधानापेक्षत्वात् प्रतिसङ्ख्यानेनाप्रत्याख्येयत्वाच्च[1] । मानसो हि विकल्पः प्रतिसङ्ख्या[2]नेन निरुध्यते, न चायं तथेति न विकल्पः ॥२६॥

अवगृहीतविशेषाका[3]ङ्क्षणमीहा ॥२७॥

§ ९९. अवग्रहगृहीतस्य शब्दादेरर्थस्य 'किमयं शब्दः शाङ्खः शाङ्गो वा' इति संशये सति 'माधुर्यादयः [4]शाङ्खधर्मा एवोपलभ्यन्ते न कार्कश्यादयः शाङ्गधर्माः' इत्यन्वयव्यतिरेकरूपविशेष-पर्यालोचनरूपा मतेश्चेष्टा 'ईहा' । इह चावग्रहेहयोरन्तराले अभ्यस्तेऽपि विषये संशयज्ञानमस्त्येव आशुभावात्तु नोपलक्ष्यते । न तु प्रमाणम् सम्यगर्थनिर्णयात्मकत्वाभावात् ।

§ १००. ननु परोक्षप्रमाणभेदरूपमूहाख्यं प्रमाणं वक्ष्यते तत्कस्तस्मादीहाया भेदः ? । उच्यते-त्रिकालगोचरः साध्यसाधनयोर्व्याप्तिग्रहणपटुरूहो यमाश्रित्य "व्याप्तिग्रहणकाले योगीव सम्पद्यते प्रमाता" इति न्यायविदो वदन्ति । ईहा तु वार्त्तमानिकार्थविषया प्रत्यक्षप्रभेद इत्यपौनरुक्त्यम् ।

નિર્ણય" આવા સામાન્ય લક્ષણની અનુવૃત્તિ આવતી હોવાથી નિર્ણયને જ અવગ્રહ સમજવો જોઈએ, નહિં કે નિર્વિકલ્પક દર્શન માત્ર.

૯૮. અવગ્રહ એ માનસિક વિકલ્પ માત્ર નથી, કારણ કે આમાં આંખ વગેરે ઈન્દ્રિયના સંનિધાનની જરૂર પડે છે. અને પ્રતિસંખ્યાન નામક સમાધિથી આનો નાશ નથી થતો (બૌદ્ધ મતે માનસ વિકલ્પ પ્રતિસંખ્યાન નામની સમાધિ વખતે થનારી ભાવનાથી નિરોધ પામે છે.) જ્યારે આનો તો નિરોધ થતો નથી. એથી અવગ્રહને માનસ વિકલ્પ ન માની શકાય. ॥૨૬॥

અવગ્રહથી ગૃહીત પદાર્થમાં વિશેષ જાણવાની ઇચ્છા થવી તેનું નામ ઇહા ॥૨૭॥

૯૯. અવગ્રહથી ગૃહીત શબ્દ વગેરે પદાર્થમાં 'આ શબ્દ શંખનો છે કે શિંગડાનો છે?' આવો સંશય જાગતાં "મધુરતા વગેરે શંખના ધર્મો જ જણાય છે, પણ કર્કશતા વગેરે શિંગડાના ધર્મો જણાતા નથી" આવી અન્વય વ્યતિરેક રૂપ વિશેષ વિચારણા છે, તેવા સ્વરૂપની જે બુદ્ધિની (વિધિ) ચેષ્ટા તે ઈહા છે. અહીં જ્ઞાનની બાબતમાં રોજના ઉપયોગમાં આવતો વિષય હોય તો પણ અવગ્રહ અને ઈહા વચ્ચે સંશય જ્ઞાન થાય જ છે, પરન્તુ તે જલ્દી થતું હોવાથી ખબર નથી પડતી. પણ તે પ્રમાણભૂત નથી, કેમકે તે સમ્યગ્ અર્થનિર્ણય સ્વરૂપ નથી હોતું.

૧૦૦. શંકાકાર → પરોક્ષ પ્રમાણના પ્રકારોમાં એક પ્રકાર 'ઊહા' નામનો છે, તેના વિષે આગળ કહેવાના (છે) તે ઉહા અને આ ઈહા વચ્ચે શું ફેર છે. ?

સમાધાન - ઊહ પ્રમાણ ત્રિકાલ સંબંધી સાધ્ય સાધનની વ્યાપ્તિને ગ્રહણ કરવામાં કુશળ હોય છે, જેનો આશ્રય લઈને 'પ્રમાતા વ્યાપ્તિ ગ્રહણ સમયે યોગી જેવો બની જાય છે. એમ ન્યાય વેત્તાઓ કહે છે. ઈહા માત્ર વર્તમાન કાલીન પદાર્થને જાણે છે અને તે પ્રત્યક્ષનો પેટા પ્રકાર છે. માટે પુનરુક્તિ દોષ આવતો નથી.

---

१ अनिराकार्यत्वात् । २ विरुद्धार्थचिन्तनेन । ३ -०विशेषका०-डे० । ४ शङ्ख०-डे० ।

§ ૧૦૧. ईहा च यद्यपि चेष्टोच्यते तथापि चेतनस्य सेति ज्ञानरूपैवेति युक्तं प्रत्यक्षभेदत्वमस्यां न चानिर्णयरूपत्वादप्रमाणत्वमस्यां शङ्कनीयम्, स्वविषयनिर्णयरूपत्वात्, निर्णयान्तरासादृश्ये निर्णयान्तराणामप्यनिर्णयत्वप्रसङ्गः ॥२७॥

ईहितविशेषनिर्णयोऽवायः ॥२८॥

૧૦૧. ઈહાને જો કે ચેષ્ટા કહેવાય છે, છતાં પણ તે ચેતનની ચેષ્ટા હોવાથી જ્ઞાનરૂપ જ છે, માટે આને પ્રત્યક્ષનો પ્રકાર કહેવો ઉચિત છે. અર્થાવગ્રહ એક સમયરૂપ છે, અપાય પણ નિર્ણય થઈ ચૂકયારૂપ છે, જ્યારે વિચારણા જ્ઞાનની ક્રિયમાણતા= સાધ્યતા= ચેષ્ટા તો અહીં-ઈહામાં જ ઘટે છે. તેથી ચેષ્ટાપદનો પ્રયોગ કર્યો છે ક્રિયાર્થોધાતુ છે - સાધ્યરૂપ હોય છે, સિદ્ધરૂપ ન હોય, જ્યારે "આ કંઈક છે," "આ ઘટ છે" એમ સિદ્ધઅર્થ છે.

શંકાકાર - ઈહા તો નિર્ણય રૂપ ન હોવાથી અપ્રમાણ માનવી જોઈએ.

સમાધાન → ના, પોતાના વિષયમાં તો નિર્ણય સ્વરૂપ હોવાથી તે પ્રમાણ રૂપ જ છે. બીજા નિર્ણય જેવો આ નિર્ણય ન હોવાથી અનિર્ણય કહેવો યોગ્ય નથી. કારણ કે આવું માનવા જતાં બીજા બધા નિર્ણયો અનિર્ણય બની જશે. જેમકે અવાય પણ ધારણા સ્વરૂપ નથી. તો અવાયને પણ અનિર્ણય માનવો પડશે. "આ પટ છે" આ અપાય છે, તેનાથી "આ લાલ પટ છે" આ નિર્ણય= અપાય ભિન્ન છે, તો શું પહેલા અપાયને અપાય નહીં માનવાનો ?

ઈહા→પોતપોતાની ભૂમિકા પ્રમાણે જે કાર્ય કરે તે બધા સાચા કહેવાય છે. કલાર્ક આપણને ફોર્મ વિ. આપીને અહીં આમ લખો વિ. જણાવે, તમારું કામ ચોક્કસ થઈ જશે. તો તે કલાર્ક કહેવાય છે. તે પ્રમાણે કરવાથી આપણને વડા ઓફીસર પાસેથી સહી મળી ગઈ. તો આપણે કહીશું પેલો કલાર્ક (કર્મચારી) સાચો છે. હવે જોયુ પાકો નિર્ણય તો સહીથી થયો, છતાં કર્મચારીની ભૂમિકા પ્રમાણે કાર્ય થવાથી તે પણ સાચો કહેવાય. તેમ સત્ય નિર્ણય તરફ લઈ જાય તેવી વિચારણા કરાવી આપવી એટલી આની સીમા છે. આ મર્યાદાને પોતે પૂરેપૂરી બજાવે છે. માટે પ્રમાણભૂત કહેવાય, જેમ પેલો કર્મચારી. પણ પોતાની મર્યાદા–ફરજ પ્રમાણે ફોર્મ આપવું વિ. છે એ પુરૂં કરે છે, માટે સાચો કહેવાય. કંઈ "સહી"એ તેનો વિષય નથી. માટે તેવા નિર્ણયના અભાવ માત્રથી તેને -ઈહાને અપ્રમાણ ન ઠેરવાય. પરંતુ વસ્તુનાં સદ્‌ભુત ધર્મો તરફ પ્રમાતાને ઢળતો તે ચોક્કસ કરે જ છે, એટલે પોતાનાં કાર્યમાં ચોક્કસ છે જ, એથી પ્રમાતાને થાય કે આ શંખના જ ધર્મો લાગે છે, આવી ચોકસાઈ તો ઈહા કરી આપે છે. એમ અવગ્રહ પણ "આ કંઈક છે' એટલો તો નિર્ણય–ખાત્રી કરાવે જ છે. માટે ત્યાં પણ સામાન્ય લક્ષણ તો ઘટે છે.

ઇહા દ્વારા જણાયેલ પદાર્થનો વિશેષ નિર્ણય કરવો એ અવાય છે. ॥૨૮॥

૧ स्वविषये निर्णयत्वात् -डे० ।

§ ૧૦૨. ईहाक्रोडीकृते वस्तुनि विशेषस्य 'शार्ङ्ग एवायं शब्दो न शार्ङ्गः' इत्येवंरूपस्यावधारणम् अवायः' ॥२८॥

स्मृतिहेतुर्द्धारणा ॥२९॥

§ १०३. 'स्मृतेः' अतीतानुसन्धानरूपाया 'हेतुः' परिणामिकारणम्, संस्कार इति यावत्, सङ्ख्येयमसङ्ख्येयं वा कालं ज्ञानस्यावस्थानं 'धारणा'। अवग्रहादयस्तु त्रय आन्तर्मौहूर्त्तिकाः।

§ १०४. संस्कारस्य च प्रत्यक्षभेदरूपत्वात् ज्ञानत्वमुन्नेयम्, न पुनर्यथाहुः [१]परे- "ज्ञानादतिरिक्तो भावनाख्योऽयं संस्कारः" इति।

---

૧૦૨ ઈહા દ્વારા જણાયેલ પદાર્થમાં ' આ શંખનો જ શબ્દ છે, શિંગડાનો નથી' આવું નિશ્ચિત કરવું તેને અવાય[૧] કહેવાય ॥૨૮॥

સ્મૃતિના કારણભૂત જે જ્ઞાન છે તે ધારણા ॥૨૯॥

૧૦૩. અતીતનાં અનુસંધાન-સંકલન સ્વરૂપ જે સ્મૃતિ છે, તેનો હેતુ એટલે પરિણામી કારણ એટલે કે સંસ્કાર. સંસ્કારરૂપે જ્ઞાનનું સંખ્યાત કે અસંખ્યાત[૨] કાલ સુધી ટકી રહેવું તેનું નામ ધારણા. અવગ્રહ ઈહા, અપાય, ધારણા ત્રણે તત્ત્વો અન્તર્મુહૂર્ત રહેનારાં છે.

૧૦૪. સંસ્કાર-ધારણા પ્રત્યક્ષનો ભેદ છે, તેથી તે જ્ઞાન સ્વરૂપ જ છે. પણ વૈશેષિકો એવું માને છે કે પદાર્થના અનુભવથી જન્ય -ઉત્પન્ન થનાર હોય અને સ્મૃતિનું કારણ હોય તેવા સંસ્કારને ભાવના કહેવાય છે, પરંતુ નૈયાયિકોએ અને વૈશેષિકોએ ભાવનાને ચેતનનો ધર્મ નથી માન્યો. તેને બુદ્ધિથી જુદી માની છે, માટે અજ્ઞાનરૂપ માને છે. લોકમાં ઈહા = ચેષ્ટા થાય ઈહ્-ધાતુચેષ્ટા અર્થમાં છે, માટે તેને અજ્ઞાનરૂપ માને છે. આ સંસ્કાર જ્ઞાનથી અતિરિક્ત છે, તે બરાબર નથી. આ સંસ્કાર જો અજ્ઞાન રૂપહોય તો પછી તે જ્ઞાન રૂપ

---

૧. પ્રાકૃતમાં અવાય શબ્દ છે, જ્યારે સંસ્કૃતમાં અવાય અપાય બન્ને શબ્દ આવે, તેમનો લગભગ સમાન અર્થ છે. છતાં રાજવાર્તિકકાર અકલંકાચાર્યે તેનો ભેદ દર્શાવ્યો છે, જે નિર્ણયમાં વ્યાવૃત્તિની પ્રધાનતા રહેતી હોય તે અવાય અને જ્યારે વિધિની પ્રધાનતા રહેતી હોય તે અપાય.

૨. પ્ર → જ્ઞાનનું અસંખ્યાત કાળ રહેવાનું કેવીરીતે ઘટે ?

ઉ → પલ્યોપમ અને સાગરોપમના આયુવાળા જીવોને શરુઆતમાં અનુભવેલને પલ્યોપમ સાગરોપમ પછી પણ યાદ કરી શકે છે, માટે ત્યાં સુધી વાસના રહે છે. અથવા કોઈ જીવ દેવલોકમાં ગયેલો હોય ત્યાં સાગરોપમ પ્રમાણ આયુષ્ય હોય છે અને તેની પૂર્વમાં પોતે આરાધક જીવ સાધુ હોય. હવે દેવલોકથી ચ્યવી અહીં મનુષ્ય થઈ સંયમની આરાધના કરતા જાતિસ્મરણ જ્ઞાન થાય ત્યારે તે પૂર્વના ત્રીજાભવની આરાધનાનું સ્મરણ કરે છે, એ સ્મરણ તો અનુભૂતનું જ થાય. અપાય તો અંતર્મુહર્ત્તમાં નાશ પામી જાય, તો આ પૂર્વનું સ્મરણ કોના આધારે થયું ? બસ તે જ્ઞાનના સંસ્કાર પડેલા હતા, જે અત્યાર સુધી અનુદ્‌બુદ્ધ- અજાગૃત હતા, અત્યારે નિમિત્ત મળતા જાગૃત થયા તેથી આપણને તે જ્ઞાનનો વિષય જણાવા લાગ્યો. જેને આપણે સ્મરણ કહીએ છીએ. આમ અસંખ્યાતા કાળ સુધી સંસ્કાર રહે છે. અને કેટલીવાર થોડાદિવસોમાં અનુભૂત વાતને ભૂલી જઈએ છીએ, એટલે યાદ કરવા છતાં યાદ આવતું નથી, તેનો મતલબ કે સંખ્યાત કાળ તે સંસ્કારો રહીને નાશ પામી ગયા.

"उग्गहो एक्कं समयं ईहावाया मुहुत्तमंतं तु।

"कालमसंखं संखं धारणा होइ नायव्वा" આમ આ. વ. નિર્યુક્તિ પે.૨૬ ગાથા ૪ અને નંદીસૂત્રમાં કહ્યું છે.

अस्य ह्यज्ञानरूपत्वे ज्ञानरूपस्मृतिजनकत्वं न स्यात्, नहि सत्ता सत्तान्तरमनुविशति । अज्ञानरूपत्वे चास्यात्मधर्मत्वं न स्यात्, चेतनधर्मस्याचेतनत्वाभावात् ।

§ १०५. नन्वविच्युतिमपि धारणामन्वशिषन् वृद्धाः, यद्भाष्यकारः-"अविच्चुई धारणा होइ[२]" [विशेषा० गा० १८०] तत्कथं स्मृतिहेतोरेव धारणात्वमसूत्रयः ? । सत्यम्, अस्त्यविच्युतिर्नाम धारणा, किन्तु साऽवाय एवान्तर्भूतेति न पृथगुक्ता । अवाय एव हि दीर्घदीर्घाऽविच्युतिर्धारणेत्युच्यत इति । स्मृतिहेतुत्वाद्वाऽविच्युतिर्धारणयैव सङ्गृहीता । न ह्यवायमात्रादविच्यु[३]तिरहितात् स्मृतिर्भवति, गच्छत्तृणस्पर्शप्रायाणामवायानां परिशीलनविकलानां स्मृतिजनकत्वादर्शनात् ।

સ્મૃતિનું ઉપાદાન કારણ ન બની શકે, કેમકે જે પદાર્થ જે સ્વરૂપે સત્ હોય તેનાથી ભિન્ન સ્વરૂપમાં તેનો સદ્ભાવ થઈ શકતો નથી. કોઈપણ ઉપાદાન કારણ તો સજાતીય હોય, જેમ મૃત્ઘટ અને તેનું ઉપાદાન મૃત્પિંડ બંને માટી (પૃથ્વી) રૂપજ છે, માટે જો અપાય અને સ્મૃતિ જ્ઞાનરૂપ હોય તો તેમના ઉપાદાન ભૂત ઈહા અને ધારણાપણ જ્ઞાન રૂપજ હોય. માટીમાંથી ક્યારેય સુવર્ણઘટ ન બની શકે. વળી અજ્ઞાનરૂપ હોય તો તે આત્માનો ધર્મ ન બની શકે, કારણ કે ચેતનનો ધર્મ અચેતન રૂપ ન હોઈ શકે. "ઈહા અવગ્રહનો ઉપયોગ વિશેષ છે, ધારણા અવાયનો ઉપયોગ વિશેષ છે. ઈહાનું કાર્ય અવાય છે અને ધારણાનું કાર્ય-ઉપાદેય સ્મૃતિ છે, તે ચેતન રૂપ છે અને ચેતનનું ઉપાદાન કારણ અચેતન ન હોઈ શકે. (લઘીયસ્ત્રયી)"

૧૦૫. શંકાકાર→પ્રાચીન આચાર્યોએ અવિચ્યુતિને પણ ધારણા માનીને ઉપદેશ કર્યો છે. "અવિચ્યુતિ એ ધારણા છે" એમ વિશેષ. ભાષ્ય (ગા.૧૮૦)માં કહ્યું છે. તો પછી તમે માત્ર સ્મૃતિનાં કારણને જ સૂત્રમાં ધારણા કેવી રીતે કહી ?

સમાધાન : તમારી વાત સાચી છે, અવિચ્યુતિ ખરેખર ધારણા છે, પરંતુ તેનો સમાવેશ અવાયમાં થઈ જાય છે, તેથી તેને જુદી નથી ગણાવી. "આ ઘડો છે." પહેલીવારનો નિશ્ચય આ અપાય અને પછી જેટલા સમયેસુધી "આ ઘડો છે" આવો અપાય જ દીર્ઘ દીર્ઘતર બની ઉપયોગ રૂપે ચાલુ રહે તેનું નામ જ અવિચ્યુતિ કે ધારણા છે. અથવા અવિચ્યુતિ પણ સ્મૃતિનો હેતુ હોવાથી ધારણા દ્વારા તેનું પણ ગ્રહણ થઈ જાય છે. અવિચ્યુતિ વગરનાં માત્ર અવાયથી સ્મૃતિ પેદા થઈ શકતી નથી. બિનઉપયોગમાં રસ્તા પરથી પસાર થતાં ઘાસ વિ.નો સ્પર્શ થઈ જાય, પરંતુ તેનો કોઈ ઉપયોગ ન રહે અથવા જેનું પાછળથી પરિશીલન–પુનઃપુનઃ આલોચન ન ચાલે તો (તે સ્પર્શ વિ. વિષયવાળા) અવાયો સ્મૃતિને ઉત્પન્ન કરનારા જોવામાં આવતા નથી. માત્ર એક વાર પુસ્તક ઉપર નજર ફેરવી વંચાઈ જાય તે વખતે જ્ઞાનથઈ ગયું. પણ પાછળથી તેની થોડી માત્ર પણ વિચારણા–તે કથન પુનઃ પુનઃમનમાં લાવવાનું ન ચાલે તો તેવાનું સ્મરણ થઈ શકતું નથી.

१ वैशेषिकाः । २ धारणा तस्स-विशेषा० । ३ ०दविच्युतिविर०-डे० ।

तस्मात् स्मृतिहेतू अविच्युतिसंस्कारावनेन सङ्गृहीताविति्यदोषः । यद्यपि स्मृतिरपि धारणाभेदत्वेन सिद्धान्तेऽभिहिता तथापि परोक्षप्रमाणभेदत्वादिह नोक्तेति सर्वमवदातम् ।

§ १०६. इह च क्रमभाविनामप्यवग्रहादीनां कथञ्चिदेकत्वमवसेयम् । विरुद्धधर्माध्यासो ह्येकत्वप्रतिपत्तिपरिपन्थी । न चाऽसौ प्रमाणप्रतिपन्नेऽर्थे प्रत्यार्थितां भजते । अनुभूयते हि खलु हर्षविषादादिविरुद्धविवर्ताक्रान्तमेकं चैतन्यम् । विरुद्धधर्म्माध्यासाच्च बिभ्यद्भिरपि कथमेकं चित्र[1]पटी-ज्ञानमेकानेकाकारोल्लेखशेखरमभ्युगम्यते सौगतैः, चित्रं वा रूपं नैयायिकादिभिरिति ? ।

એ વાત ચોક્કસ છે કે કોઈ તીવ્ર ક્ષયોપશમ વાળી વ્યક્તિહોય તો એક વારમાં જ તેના સંસ્કાર પડી જાય છે, તો સ્મૃતિમાં આવી શકે. જેમ કે સ્થૂલભદ્રની બહેન યક્ષા. માટે સ્મૃતિ હેતુ રૂપ અવિચ્યુતિ અને સંસ્કાર (સૂત્રમાં) "સ્મૃતિ હેતુ" આ પદથી ગ્રહણ થઈ જાય છે, માટે કોઈ દોષ નથી. જો કે સ્મૃતિ પણ ધારણાના પ્રકાર તરીકે સિદ્ધાન્તમાં-આ.નિર્યુક્તિ, સ્યાદ્વાદરત્નાકર વિ.માં તથા વિશેષાવશ્યકભાષ્યમાં નિર્દેશવામાં આવી છે, છતાં તે પરોક્ષ પ્રમાણનો પ્રકાર હોવાથી અહીં પ્રત્યક્ષ પ્રકરણમાં તેની વાત કરી નથી, એટલે બધી પ્રરૂપણા યોગ્ય છે.

[શંકા →ધારણા પ્રત્યક્ષનો ભેદ છે અને સ્મૃતિ પરોક્ષનો ભેદ છે, ને પાછું કહ્યું કે સ્મૃતિ ધારણાનો ભેદ છે, તે કેવી રીતે ઘટે ? સમા→ધારણાના કર્મગ્રંથમાં અવિચ્યુતિ-વાસના-સ્મૃતિએમ ત્રણભેદ પાડ્યાં છે, સ્મૃતિ પણ ધારણાનો ભેદ કહ્યો છે, અવિચ્યુતિને વાસના ધારણા તેનું કારણ પણ છે. "સ્મૃતિ, અને જાતિસ્મૃતિ મતિજ્ઞાનરૂપ છે" એમ પ્રત્યક્ષરૂપ કહી તે સિદ્ધાંતનો આશય છે. કા. કે. અન્ततोगत्वा મતિજ્ઞાન સ્વરૂપ અપાયમાંથી તે જન્મે છે, નહીતર અવિચ્યુતિ અને વાસના-સંસ્કારને પણ મતિજ્ઞાન નહી માની શકાય. અવિચ્યુતિમાં અપાયની જરૂર પડે છે, વાસનામાં અપાય અને અવિચ્યુતની જરૂર પડે છે. જ્યારે સ્મૃતિમાં આ ત્રણેની જરૂર પડે છે. કા. કે. અનુભૂતનું જ સ્મરણ થાય છે. એટલે બધુ જ્ઞાન મતિજ્ઞાન સ્વરૂપ જ છે. જ્યારે પ્રમાણગ્રંથમાં મતિજ્ઞાન શ્રુતજ્ઞાનની વિચારણા નથી, અહીં તો પ્રત્યક્ષ અને પરોક્ષની વિચારણા કરવાની છે. એટલે જે જ્ઞાન મતિરૂપ હોય કે શ્રુતરૂપ, પણ "આ ઘટ છે" ઈત્યાદિ ઈદંતારૂપે ભાસે અને બીજા જ્ઞાનની અપેક્ષા વિના પણ થઈ જાય તે પ્રત્યક્ષ, આવું લક્ષણ તો સ્મૃતિમાં ઘટતું નથી, તેમાં પરોક્ષનું જ લક્ષણ ઘટે છે માટે પરોક્ષમાં ગણી છે.]

૧૦૬. જો કે અવગ્રહ ઈહા-અપાય ધારણા અનુક્રમે પેદા થાય છે, તો પણ તેમનામાં કથંચિત્ એકપણું રહેલું છે, એમ અનુમાન કરી શકાય, વિરૂદ્ધ ધર્મનો અધ્યાસ = આભાસ જ એકત્વનો અનુભવ કરાવવામાં તો બાધક બને છે, પરંતુ આ વિરૂદ્ધ ધર્મનો અધ્યાસ- આરોપ પ્રમાણસિદ્ધ પદાર્થમાં બાધક બનતો નથી. ખરેખર હર્ષ વિષાદ વગેરે પરસ્પર વિરોધી પર્યાયથી વ્યાપ્ત એવું એક ચૈતન્ય અનુભવાય છે. એક જ વ્યક્તિમાં કયારેક એવો પ્રસંગ બને છે કે પુત્રના મરણથી વિષાદ ઉભો થાય છે અને દીકરાને ચાર પુત્રી ઉપર પુત્ર જન્મ્યો એ સાંભળી હર્ષ પણ થાયછે. વિરૂદ્ધ ધર્મના અધ્યાસથી ડરનારા બૌદ્ધો પણ એક ચિત્રપટના જ્ઞાનને નીલપીતાદિ અનેક આકારનાં ઉલ્લેખવાળું કેવીરીતે માને છે ? કે નૈયાયિકો પણ એક જ અવયવીમાં ચિત્ર[1]રૂપ કેવીરીતે માને છે ?

१-०टीयं ज्ञान०-डे० ।

૧ નીલપીતાદિ અનેક રૂપથી મિશ્રિતવર્ણને ચિત્રરૂપ કહે છે.

§ ૧૦૭ નૈયાયિકાસ્તુ-"इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम्" [न्या० १.१.४] इति प्रत्यक्षलक्षणमाचक्षते । अत्र च पूर्वाचार्यकृतव्याख्यावैमुख्येन सङ्ख्यावद्भिस्त्रिलोचनवाचस्पतिप्रमुखैरयमर्थः समर्थितो यथा-इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यभिचारि प्रत्यक्षमित्येव[१] प्रत्यक्षलक्षणम् । 'यतः' शब्दाध्याहारेण च यत्तदोर्नित्याभिसम्बन्धादुक्तविशेषणविशिष्टं ज्ञानं यतो भवति तत् तथाविधज्ञानसाधनं ज्ञानरूपमज्ञानरूपं वा प्रत्यक्षं प्रमाणमिति । अस्य च फलभूतस्य ज्ञानस्य द्वयी गतिरविकल्पं[२] सविकल्पं[३] च । तयोरुभयोरपि प्रमाणरूपत्वमभिधातुं विभागवचनमेतद् 'अव्यपदेश्यं व्यवसायात्मकम्' इति ।

નેયા.માન્ય પ્રત્યક્ષ લક્ષણ અને તેનુ ખંડન

૧૦૭ નૈયાયિકોએ ઈંદ્રિય અને પદાર્થનાં સંનિકર્ષથી ઉત્પન્ન થનારૂ અવ્યપદેશ્ય, અવ્યભિચારી, વ્યવસાયાત્મક જ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું છે. "આ ઘડો છે," "આ વસ્ત્ર છે" ઈત્યાદિ સ્પષ્ટ રીતે જેનો ઉલ્લેખ ન કરી શકાય તે અવ્યપદેશ્ય આનાથી નિર્વિકલ્પ-જ્ઞાનને પ્રમાણ દર્શાવ્યું છે (અવ્યભિચારી) વ્યવસાયાત્મક જે જ્ઞાન નિષ્ક્રિય નથી, પરંતુ પદાર્થનો બોધ-નિર્ધારણ કરાવનાર છે, આનાથી સવિકલ્પ જ્ઞાનને પ્રમાણ જણાવ્યું છે. વ્યવસાયાત્મક જ્ઞાન તે પ્રત્યક્ષ આવું પ્રત્યક્ષનું લક્ષણ કહ્યું છે. (શંકા) यत् નો અધ્યાહાર શા માટે ? સમા → यत् શબ્દનો અધ્યાહાર ન કરે તો જે અવ્યભિચારી જ્ઞાન ઉત્પન્ન થયું છે, તે જ પકડાશે. यत[१]: મૂકવાથી જેના દ્વારા આવું અવ્યભિચારી જ્ઞાન ઉત્પન્ન થયું છે આવો અર્થ નીકળશે તેથી હવે ઈંદ્રિય અને સંનિકર્ષ[१]ને પકડી શકાશે. કા. કે. તેમનાથી જ્ઞાન પેદા થાય છે. આ બાબતમાં પૂર્વાચાર્યે ન્યાયસૂત્રના વ્યાખ્યાકાર વાત્સ્યાયન,-ઉદ્યોતકરે કહેલ વ્યાખ્યા તરફથી નજર ફેરવી લઈને વાચસ્પતિમિશ્રના ગુરુ ત્રિલોચન વાચસ્પતિ મિશ્ર વગેરે નૈયાયિક સંખ્યાવાન્–વિદ્વાનો આ લક્ષણનો અર્થ એમ કરે છે કે "ઈંદ્રિય અને પદાર્થના સંનિકર્ષથી ઉત્પન્ન થનારૂં અવ્યભિચારી જ્ઞાન પ્રત્યક્ષ છે. આટલું જ પ્રત્યક્ષનું લક્ષણ છે. અહીં यतः શબ્દનો અધ્યાહાર કરવાનો છે. અને यत् तद्નો નિત્ય સંબંધ હોવાથી પૂર્વોકત વિશેષણથી વિશિષ્ટ જ્ઞાન જેનાથી પેદા થાય તે તાદેશ જ્ઞાનનું સાધન છે, તે ભલે ને જ્ઞાન રૂપ હોય કે અજ્ઞાન રૂપ હોય તો પણ,તે પ્રત્યક્ષ પ્રમાણ છે. આવાં સાધનથી ઉત્પન્ન થનાર ફળભૂત જ્ઞાનની બે ગતિ હોય છે, નિર્વિકલ્પ અને સવિકલ્પ. આ બન્ને પ્રમાણરૂપ છે, એવું કહેવા માટે અવ્યપદેશ્ય, વ્યવસાયાત્મક એમ વિભાગ વચનનો (જ્ઞાનનાં બે ભાગ પાડી આપનાર પદોનો) પ્રયોગ કરવામાં આવેલ છે. અવ્યપદેશ્યએ નિર્વિકલ્પનું વિશેષણ છે અને વ્યવસાયાત્મક એ સવિકલ્પનું આ બે પ્રૌઢ વિશેષણ સ્વતંત્ર રૂપે મૂકવાથી બન્ને પ્રમાણ રૂપ છે, એવું સ્પષ્ટ થાય છે, એટલે આ પૂરો ફકરો નૈયાયિકનો છે.

પ્ર.→ત્રિલોચનવાચસ્પતિ વિગેરેના પ્રત્યક્ષના લક્ષણમાં અવ્યપદેશ્ય અને વ્યવસાયાત્મક વિશેષણ ગ્રહણ કરવાના કે નહી ? ગ્રહણ ન કરવાના હોય તો પછી પૂર્વોક્ત વિશેષણ શબ્દ દ્વારા ઈંદ્રિય અને પદાર્થના સંનિકર્ષથી ઉત્પન્ન થનારુ અને અવ્યભિચારી આ વિશેષણ જ લેવાશેને.

ઉ.→વાચસ્પતિને તો આવું જ્ઞાન જેનાથી થાય તેને પ્રત્યક્ષ કહેવું છે માટે માત્ર અવ્યભિચારી વિશેષણ

૧-०त्येवं प्र०-डे । २ ०ल्पकं स०-डे । ३-०ल्पकं वा । तयो०- डे० ।

१"यतः" શબ્દનો અધ્યાહાર ન કરે તો સંનિકર્ષ પ્રત્યક્ષ પ્રમાણ કેમ ન બની શકે ?
સમા→આ કંઈ નવું લક્ષણ કે સૂત્ર નથી, પણ માત્ર ન્યાયસૂત્રની વ્યાખ્યા કરી છે. તેઓ વ્યાખ્યા કરતા ન્યાયવાર્તિક તાત્પર્ય ટીકા અને ન્યાયમંજરીમાં એમ કહે છે કે → ન્યાયસૂત્રમાં જે પ્રત્યક્ષ જ્ઞાનનું લક્ષણ દર્શાવ્યું છે- તેનો મતલબ–તાત્પર્ય એમ છે કે જેનાથી આવા વિશેષણવાળું જ્ઞાન પેદા થાય તે પ્રત્યક્ષ. (એટલે કે ન્યાયસૂત્રમાં દર્શાવેલ વિશેષણના) પોતે માત્ર વ્યાખ્યાકાર છે, એણે

§ ૧૦૮. तत्रोभयरूपस्यापि ज्ञानस्य प्रामाण्यमुपेक्ष्य 'यतः' शब्दाध्याहारक्लेशेनाऽज्ञानरूपस्य सन्निकर्षादेः प्रामाण्यसमर्थनमयुक्तम् ।

कथं ह्यज्ञानरूपाः सन्निकर्षादयोऽर्थपरिच्छित्तौ साधकतमा भवन्ति व्यभिचारात् ? सत्यपीन्द्रियार्थसन्निकर्षेऽर्थोपलब्धेरभावात् । ज्ञाने सत्येव भावात्, साधकतमं हि करणमव्यवहितफलं च तदिति ।

§ ૧૦૯. सन्निकर्षोऽपि यदि योग्यतातिरिक्तः संयोगादिसम्बन्धस्तर्हि स चक्षुषोऽर्थेन सह नास्ति अप्राप्यकारित्वात्तस्य । दृश्यते हि काचाभ्र[1]स्फटिकादिव्यवहित[2]स्याप्यर्थस्य चक्षुषोपलब्धिः ।

મૂક્યું છે, એટલે એમને અવ્યપદેશ્ય– એ નિર્વિકલ્પ જ્ઞાનનું વિશેષણ છે તેની સાથે વાંધો નથી.

૧૦૮. નિર્વિકલ્પક અને સવિકલ્પક બન્ને જ્ઞાન સ્વરૂપ છે, આવાં બન્ને પ્રકારનાં જ્ઞાનની પ્રમાણતાની ઉપેક્ષા કરી, 'યત': શબ્દને અધ્યાહાર માનવાની કષ્ટદાયી કલ્પના કરી અજ્ઞાનરૂપ સંનિકર્ષ વગેરેને પ્રમાણ તરીકે માનવા યોગ્ય નથી. અજ્ઞાનરૂપ સંનિકર્ષ વગેરે અર્થને જણાવવામાં સાધકતમ કેવી રીતે બની શકે? કારણ કે એમાં તો વ્યભિચાર આવે છે. રસ્તામાં તૃણ સાથે ઈંદ્રિય સંનિકર્ષ હોવા છતાં પણ તૃણનું જ્ઞાન થતું નથી. જ્ઞાન થાય ત્યારે જ તૃણની ઉપલબ્ધિ થાય છે. કાર્યમાં સાધકતમ હોય તેજ કરણ કહેવાય જે વ્યવધાન વિના ફળ આપનાર હોય છે.

"નૈયાયિક-બન્ને જ્ઞાનમાં પ્રામાણ્યની ઉપેક્ષા કરી રહ્યા છે" એવું દર્શાવવા આચાર્યશ્રીએ "प्रामाण्यमुपेक्ष्य" "આ બન્ને જ્ઞાનમાં પ્રામાણ્યની ઉપેક્ષા કરીને" આમ કહ્યું છે, તેથી વાચસ્પતિ નિર્વિકલ્પની પણ ના પાડે છે એવું લાગે છે. [પરંતુ "જ્ઞાનરૂપ સાધન" એવું કીધું હોવાથી આ નિર્વિકલ્પ જ્ઞાન લેવું જરૂરી લાગે છે.]

આંખની અપ્રાપ્યકારિતા

૧૦૯. સંનિકર્ષ પણ યોગ્યતાથી અતિરિક્ત સંયોગાદિ સંબંધ રૂપ હોય તો તેવો સંનિકર્ષ આંખનો પદાર્થની સાથે નથી.કારણ કે ચક્ષુ પદાર્થને પ્રાપ્ત કર્યા વિના રૂપાદિ પદાર્થને જાણે છે. કાચ અભરખ સ્ફટિક વગેરેથી ઢંકાઈને અલગ રહેલા વ્યવહિત પદાર્થને પણ ચક્ષુ જાણે જુએ છે, એવું જોવા મળે છે. વળી જો આંખ પદાર્થની પાસે જઈને સંયોગ કરીને જ અર્થનો બોધ કરાવતી હોય તો આગ છરી વિ.નું જ્ઞાન કરતા બળવું,

---

१ काचाभ्रपटलस्फ०-डे० । २ -०स्यार्थस्य-डे० ।

કંઈ यत्पदનો અધ્યાહાર કરવાનો ન હોય, કા.કે. પોતે સ્વતંત્ર હોવાથી પોતાની વ્યાખ્યામાંતો સીધું સાક્ષાત્ યતઃ પદ મૂકી શકે છે, એટલે યત્ પદનો અધ્યાહાર મૂળ ન્યાયસૂત્રમાં કરવાનો હોવાથી તેસૂત્રમાં કહેલ વિશેષણોવાળું જ્ઞાન જેનાથી પેદા થાય તે પ્રત્યક્ષ. (નૈયા.) સન્નિકર્ષને પણ પ્રત્યક્ષ પ્રમાણ માને છે, માટે વ્યાખ્યાકાર સૂત્રમાં યત્ લગાડીને વ્યાખ્યા કરવાનું કહે છે, કે જેથી પોતાની માન્યતા સચવાઈ શકે, જો યત્નો પ્રયોગ ન કરે તો સન્નિકર્ષ પ્રત્યક્ષ પ્રમાણ ન બની શકે. કા.કે.સંનિકર્ષ તો સૂત્રોક્ત વિશેષણવાળો નથી, માત્ર પોતે તો તેવું જ્ઞાન પેદા કરે છે, એટલે "યતઃ" મૂકો તો જ તે પ્રમાણ બની શકે.

પ્ર→ શું બન્ને પ્રકારના જ્ઞાનની ઉપેક્ષા કરવામાં યતઃ શબ્દનો આધ્યાહાર નિમિત્ત બને છે ને ? જો આવું ન હોય તો ચ મુકવો જોઈએ ને ? ઉ.→ મૂળસૂત્રમાં "ચ" ન હોય છતાં વિભાગ પાડવામાં વ્યાખ્યાકારને વાંધો નથી. મૂળમાં જે ન્યાયસૂત્રમાં પ્રત્યક્ષનું લક્ષણ દર્શાવ્યું છે, તેની વ્યાખ્યારૂપે વાચસ્પતિ પોતે લક્ષણ દર્શાવે છે, માત્ર તે એક વ્યાખ્યાનો વિકલ્પ છે, એટલે વ્યાખ્યા કરતા તેમાં અવ્યપદેશ્ય, વ્યવસાયાત્મક આ વિશેષણ ન મૂકે તો પણ ચાલે. કા.કે. તેની વ્યાખ્યાકાર નિર્વિકલ્પક જ્ઞાન અને સવિકલ્પક એમ વિભાગપાડી વ્યાખ્યા કરવાના છે. એટલે કંઈ પોતાના લક્ષણમાં તે વિશેષણ નથી મૂક્યા તેનો મતલબ પોતે છોડી મૂક્યા છે એમ નથી. અથવા પોતાને સવિકલ્પક જ્ઞાનને પ્રત્યક્ષ પ્રમાણ માનવું ઈષ્ટ ન હોય તેથી આ વિશેષણો છોડી દીધા હોય. અને નિર્વિકલ્પથી તો સવિકલ્પજ્ઞાન પેદા થાય છે, માટે તેમાં આ લક્ષણ ઘટાડવાનું છે અને સવિકલ્પક જ્ઞાનથી નવું કોઈ પ્રત્યક્ષ જ્ઞાન પેદા થતુ ન હોવાથી યતઃ પદથી તેનું–સવિકલ્પનું ગ્રહણ થવાનો પ્રસંગ ન હોવાથી નિર્વિકલ્પનું જે અવ્યપદેશ્ય એવું વિશેષણ છે તે પણ મૂકવાની જરૂર જ નથી. યતઃપદથી જ સંવિકલ્પની બાદબાકી થઈ જતી હોવાથી વ્યભિચારનો સંભવ ન હોવાથી. (કા.કે. સંભવ અને વ્યભિચાર આવતો હોય તો જ વિશેષણ મૂકાય.) વળી અહીં તો તાદૃશજ્ઞાનનું જે સાધન હોય તે જ પ્રત્યક્ષ છે, પછી લક્ષણના શરીરમાં તો તેવા વિશેષણની કંઈ જરૂર રહેતી નથી.

अथ प्राप्यकारि चक्षुः करणत्वाद्वास्यादिवदिति ब्रूषे। तर्ह्ययस्कान्ताकर्षणोपलेन लोहासन्नि[1]कृष्टेन व्यभिचारः । न च संयुक्तसंयोगादिः [2]सन्निकर्षस्तत्र कल्पयितुं शक्यते, अतिप्रसङ्गादिति ।

§ ११०. सौगतास्तु "प्रत्यक्षं कल्पनापोढमभ्रान्तम्" [न्यायबि १.४] इति लक्षणमब्रोचन् । "अभिलापसंसर्गयोग्यप्रतिभासा प्रतीतिः कल्पना तया रहितम्[3]" [न्यायबि० १.५,६] कल्पनापोढम् इति । एतच्च व्यवहारानुपयोगित्वात्प्रमाणस्य लक्षणमनुपपन्नम्, तथाहि एतस्माद्विनिश्चित्यार्थमर्थक्रियार्थिनस्तत्समर्थेऽर्थे प्रवर्तमाना विसंवादभाजो मा भूवन्निति प्रमाणस्य लक्षणपरीक्षायां प्रवर्तन्ते परीक्षकाः। व्यवहारानुपयोगिनश्च तस्य वाय[4]ससदसद्दशनपरीक्षायामिव निष्फलः परिश्र[5]मः। निर्विकल्पोत्तरकालभाविनः सविकल्पकात्तु व्यवहारोपगमे वरं तस्यैव प्रामाण्यमास्थेयम्, किमविकल्पकेन शिखण्डि[6]नेति ?।

કપાવું વિ.ની આપત્તિ આવશે. જેમ આગનો સ્પર્શ કરીએ તો ગરમાશનો અનુભવ કરવો જ પડે, તેમ આંખથી જ્ઞાન કરવામાં આવા ઉપઘાત કે અનુગ્રહ થતા દેખાતા ન હોવાથી ચક્ષુને પ્રાપ્યકારી ન મનાય (આની વિશેષ ચર્ચા વિ.ભાષ્યમાં કરી છે.)

નૈયા. (શંકાકાર) → ચક્ષુ પ્રાપ્યકારી છે, કારણ કે કરણ છે. જેમ કરવત, કરણ હોવાથી કાષ્ઠાદિને પ્રાપ્ત કરીને છેદન ક્રિયા કરે છે.

જૈના → કરણ હેતુ વ્યભિચારી છે, કારણ કે લોહ ચુમ્બક લોઢાને પ્રાપ્ત કર્યા વિના ખેંચે છે, ગ્રહણ કરે છે, એટલે પ્રાપ્યકારિત્વાભાવ=એ સાધ્યાભાવમાં કરણ નામનો હેતુ રહેવાથી વ્યભિચાર દોષ આવે છે.

નૈયા. → ત્યાં સંયુક્ત સંયોગ સંનિકર્ષ છે. એટલે લોઢાથી સંયુક્ત પૃથ્વી છે તેનાથી ચુમ્બકનો સંયોગ છે. કા.કે. પૃથ્વી દૂર સુધી ફેલાયેલી છે.

જૈના →આવા સંનિકર્ષની કલ્પના કરવી યોગ્ય નથી. કારણ કે આવું માનતા અતિપ્રસંગ આવશે. અર્થાત્ આવો સંનિકર્ષ તો ગમે તેનો ગમે તેની સાથે સંભવી શકે છે. પેન ટેબલથી સંયુક્ત છે અને તેની સાથે હાથનો સંયોગ છે, તો તેનાથી લેખન ક્રિયા થવી જોઈએ. પગથી સંયુક્ત પૃથ્વી છે અને તેની સાથે દૂર રહેલ અગ્નિનો સંયોગ છે, તો પગમાં દાઝી જવાની ક્રિયાની આપત્તિ આવશે, પણ થતી નથી. એટલે આવો સંનિકર્ષ માનવા જતાં ભારે અવ્યવસ્થા ઉભી થશે. "અમુક દેશ-અવસ્થામાં રહેલ અમુક નિયત પદાર્થ ગ્રહણ થાય છે" આવો નિયમ નહિં રહે.

૧૧૦. સૌગત→જે જ્ઞાન કલ્પનાથી રહિત હોય અને ભ્રાન્તિરહિત હોય તે પ્રત્યક્ષ કહેવાય. (ન્યા.બિં.૧.૪) શબ્દ સંયોગને યોગ્ય પ્રતીતિ અર્થાત્ જે પ્રતીતિ અભિલાપ સંસર્ગ યોગ્ય–શબ્દ દ્વારા વ્યક્ત કરી શકાય તે કલ્પના કહેવાય. જેમ કે "આ ગાય છે." "આ ગાય ધોળી છે," ઈત્યાદિ આવી કલ્પના જે જ્ઞાનમાં ન સંભવે તે કલ્પનાપોઢ, આવું સામાન્ય જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય છે. (ન્યા.બિં. ૧.૫.૬)

૧ -० ન્નિકર્षेण व्य०-ता० । २-०गादिसन्नि० - डे० ।

३ रहितम् तथापोढम्-डे० । रहितम् तयापोढम्-मु० ।

४ वायससदसन (वायसदशन) परी० -ता० ।

५ एतत्समानम्-काकस्य कति वा दन्ता मेषस्याण्डं कियत्पलम् ।
गर्दभे कति रोमाणीत्येषा मूर्खविचारणा ॥ -मु-टि०

६ शिखण्डिन्-स्वयंवरे वृतेन भीष्मेणापाकृता काशिदम्बानाम्नी राजकन्या तपसा पुरुषत्वं प्राप्ता । सैव शिखण्डीति सञ्ज्ञया व्यवजहे । स च स्त्रीपूर्वत्वान्निन्दास्पदम् । ततो भारते युद्धे तं पुरस्कृत्यार्जुनो भीष्मं जघान । सोऽपि च शिखण्डी पश्चादश्वत्थाम्ना हतः । -मु-टि० ।

§ १११. जैमिनीयास्तु धर्मं प्रति अनिमित्तत्वव्याजेन "सत्सम्प्रयोगे पुरुषस्येन्द्रियाणां बुद्धिजन्म तत् प्रत्यक्षमनिमित्तं विद्यमानोपलम्भनत्वात्" [जैमि० १.१४] इत्यनुवादभङ्ग्या प्रत्यक्षलक्षणमाचक्षते, यदाहुः- "एवं सत्यनुवा[1]दित्वं लक्षणस्यापि सम्भवेत् ।" [श्लोकवा० सू० ४.३९]
इति । व्याचक्षते च-इन्द्रियाणां सम्प्रयोगे सति पुरूषस्य जायमाना बुद्धिः प्रत्यक्षमिति ।

§ ११२. अत्र संशयविपर्ययबुद्धिजन्मनोऽपीन्द्रियसंप्र[2]योगे सति प्रत्यक्षत्वप्रसङ्गादतिव्याप्तिः । अथ 'सत्सम्प्रयोग' इति सता सम्प्रयोग इति व्याख्यायते तर्हि निरालम्बनविभ्रमा एवार्थनिरपेक्षजन्मानो निरस्ता भवेयुर्न सालम्बनौ संशयविपर्ययौ । अथ सति सम्प्रयोग इति सत्सप्तमी पक्ष एव न त्यज्यते संशयविपर्ययनिरासाय च 'सम्प्रयोग' इत्यत्र 'सम्' इत्युपसर्गो वर्ण्यते, यदाह-

---

જૈના → બૌદ્ધનું પ્રમાણનું આ લક્ષણ યુક્ત નથી, કારણ કે આ વ્યવહારમાં અનુપયોગી છે. એતસ્માદ્ આનાથી (પ્રમાણથી) અર્થનો નિશ્ચય કરી અર્થક્રિયાનો અર્થી સમર્થઅર્થમાં પ્રવૃત્તિ કરતા વિફળ ના બનો, એ કારણથી પ્રમાણના લક્ષણની પરીક્ષા કરવા પરીક્ષકો પ્રવૃત્તિ કરે છે- વ્યવહારમાં અનુપયોગી એવાં તેની= કલ્પનાપોઢ પ્રત્યક્ષની (પ્રમાણની) પરીક્ષાનો પરિશ્રમ "કાગડાના દાંત છે કે નહિં, હોય તો કેટલાં છે ?" એવી પરીક્ષા કરવાનાં પરિશ્રમની જેમ નિષ્ફળ નીવડે છે. કા.કે. તેવું જ્ઞાન પ્રમાણભૂત હોય તો પણ આપણા વ્યવહાર માટે તો ઉપયોગી ન બનતું હોવાથી પરીક્ષા કરવા છતાં કોઈ સંવાદિ પ્રવૃત્તિ સ્વરૂપ ફળ મળતું નથી.

બૌદ્ધ → નિર્વિકલ્પ પછી સવિકલ્પક જ્ઞાન વ્યવહારમાં ઉપયોગી બને છે, માટે અમે નિર્વિકલ્પક જ્ઞાનને પ્રમાણરૂપ કહીએ છીએ.

જૈના → સવિકલ્પકથી વ્યવહાર સાધ્ય હોય તો તેને જ પ્રમાણ માનવું ઉચિત છે. તો નપુંસક એવાં નિર્વિકલ્પક જ્ઞાનને પ્રમાણ માનવાનો શો મતલબ ? અહીં બૌદ્ધ ચૂપ થઈ જાય છે.

૧૧૧. જૈમિનીય→ (મીમાંસક) "પ્રત્યક્ષ ધર્મને જણાવવા નિમિત્ત નથી" એવું કહેવાના બહાને મીમાંસક પ્રત્યક્ષનું લક્ષણ આવું કરે છે. "સત્પદાર્થ સાથે ઈંદ્રિયોનો સબંધ થતાં આત્માને બુદ્ધિ-જ્ઞાન પેદા થાય છે તે પ્રત્યક્ષ, તે ધર્મનો નિશ્ચય કરવા નિમિત્ત નથી બનતું, કારણ કે તેનાથી વિદ્યમાન પદાર્થ જ જાણી શકાય છે. (જૈમિનિ ૧.૧.૪) આ વિધાયક સૂત્ર દ્વારા સાક્ષાત્ પ્રત્યક્ષનું લક્ષણ નથી દર્શાવ્યું, પરંતુ અનુવાદ[1] ભંગી(થી)રૂપે જણાવ્યું છે. મીમાંસક કુમારિલભટ્ટ શ્લોક વાર્તિક (૪.૩૯) માં કહે છે કે પ્રત્યક્ષને ધર્મમાં અનિમિત્ત બનાવવાની સાથોસાથ પ્રત્યક્ષના લક્ષણનો પણ અનુવાદ[1] (ગૌણ રૂપે કથન) થઈ જાય છે. તેઓ લક્ષણની આવી વ્યાખ્યા કરે છે - ઈંદ્રિયોનો (અર્થ સાથે) સંબંધ થતાં પુરૂષને ઉત્પન્ન થનારી બુદ્ધિ પ્રત્યક્ષ કહેવાય છે.

૧૧૨. શંકા → સંશય અને વિપરીત જ્ઞાન પણ ઈંદ્રિય સાથે પદાર્થનો સંબંધ થતાં જ થાય છે. માટે

---

१ ०वादत्वं-मु० । २ ०संयोगे-डे० ।

---

१ પ્રત્યક્ષનું પ્રકરણ ચાલતું હોય અને પ્રત્યક્ષ એટલે શું ? ત્યારે મુખ્યરૂપે પ્રત્યક્ષની જાણ કરાવવા ઓળખ આપવા જે સૂત્ર દ્વારા લક્ષણ કરાય તે સૂત્ર પ્રત્યક્ષનું વિધાયક સૂત્ર કહેવાય. જ્યારે અહીં એવું નથી,પરંતુ એમને મુખ્યરૂપે વાત એમ કરવી છે કે પ્રત્યક્ષ એ ધર્મને જણાવવા નિમિત્ત નથી. ત્યારે "ગૌણ રૂપે તેનું સ્વરૂપ આવું હોવાથી" એમ અનિમિત્તનો હેતુ બતાવ્યો. તેનાથી પ્રત્યક્ષ દ્વારા ધર્મનું જ્ઞાન થઈ શકે નહીં. આમ અન્ય વાતનું કથન મુખ્યરૂપે હોય તેની- તે મુખ્યવાતની પુષ્ટિ માટે જે વાતની રજુઆત થાય, તે ગૌણ વિષયના કથનને અનુવાદ કહેવાય છે. अनुवादः→प्राप्तस्यानु-पश्चात्कथनं सप्रयोजनम् (ગૌતમવૃત્તિ) ज्ञातस्य कथनं अनुवादः (જૈમિનીય ન્યાયમાલા)

"सम्यगर्थे च संशब्दो दुष्प्रयोगनिवारणः ।
दुष्टत्वाच्छुक्तिकायोगो वार्यते रजतेक्षणात्" [श्लोकवा० सू० ४. ३८-९]
इति, तथापि प्रयोगसम्यक्त्वस्यातीन्द्रियत्वेन प्रत्यक्षानवगम्यत्वात्कार्यतोऽवगतिर्वक्तव्या । कार्यं च ज्ञानम् न च तदविशेषितमेव प्रयोगसम्यक्त्वावगमनायालम् । न च तद्विशेषणपरमपरमिह पदमस्ति । 'सतां सम्प्रयोग इति च वरं निरालम्बनविज्ञाननिवृत्तये, 'सति' इति तु सप्तम्यैव गतार्थत्वादनर्थकम् ।

तेवां अलक्ष्यमां लक्षण घटी जवाथी अतिव्याप्ति दोष आवशे. अने ते अतिव्याप्ति दूर करवा तमारे (मीमांसक) सत्सम्प्रयोगमां जे सत्पद छे, तेनी व्याख्या आम करवी पडशे के सत्-हकीकतमां विद्यमान पदार्थ होय तेनी साथे संबंध थाय त्यारे प्रत्यक्ष थाय. माटे अतिव्याप्ति नहीं थाय. परंतु सप्तमी पक्षमां आवो अर्थ न थई शके, जेथी "सता सम्प्रयोगे" आवी व्याख्या करवी पडशे.

समाधान→मीमांसक द्वारा आवी व्याख्या करवाथी तो मात्र निरालंबन भ्रमो, अर्थनी अपेक्षा विना उत्पन्न थतां होवाथी तेमनुं प्रत्यक्षपणुं निरस्त थई शके. परंतु संशय अने विपर्यय तो सामे पदार्थ जोवाथी ज उत्पन्न थवाथी पदार्थ तो सत् छे ज एटले सत् विद्यमान-पदार्थनो ईंद्रिय संबंध थवाथी ज आ बन्ने उत्पन्न थनारां छे. एटले सत्पद सतिसप्तमीना अर्थमां गणीने व्याख्या करवी ज योग्य छे. एटले पदार्थ साथे संबंध थये छते पेदा थनारुं ज्ञान प्रत्यक्ष छे, अने संशय विपर्ययने प्रत्यक्षमांथी बाकात करवा सम्उपसर्ग उपयोगी छे.

सम् उपसर्गनुं वर्णन श्लोकवार्तिकमां (सू.४.उ८.उ९) आ प्रमाणे कह्युंछे सम्यग्अर्थमां दुष्प्रयोगनां निवारण माटे सम्शब्दनो प्रयोग कराय छे. छीप साथे ईंद्रियनो योग- संयोग थयो अने २जत-चांदीनी प्रतीति थवाथी आ दुष्ट प्रयोग होवाथी तेनुं सम् उपसर्ग द्वारा वारण कराय छे. कारण के अहीं सम्यग्योग नथी.

छतां प्रयोग (ज्ञानोपयोग) सम्यग् छे तेनुं भान प्रत्यक्षथी थई शकतुं नथी. ते प्रयोग अतीन्द्रिय होवाथी कार्यद्वारा तेनुं अनुमान करी शकाय छे, प्रयोगनुं कार्य ज्ञान छे. ज्ञानसामान्य प्रयोगनां सम्यक्पणाने जणावववा समर्थ नथी. (साचु खोटु एवुं साधारण ज्ञानतो सम्प्रयोगथी अने दुष्प्रयोगथी पण पेदा थाय छे) (साचु खोटुं साधारण ज्ञान जे पदार्थ साथे ईंद्रियनो संबंध थयो होय तेना विषयनुं ग्रहण करवानुं छे) ज्ञाननी विशिष्टता बतावनारुं बीजुं कोई पद नथी. अने 'सतां/सम्प्रयोगे" अर्थात् सत पदार्थोनो संबंध / प्रयोग[१] ते सत्सम्प्रयोग आवो समास निरालम्बन ज्ञाननी निवृत्ति माटे वधारे युक्त छे. "सति सम्प्रयोगे "आवो

१ सता सम्प्र-ता०डे० ।

१ प्रयोग- पदार्थ साथे योग, पण आ योग साचो छे के खोटो एनो निर्णय प्रत्यक्षथी थई शकतो नथी, कारण के ईंद्रिय अने पदार्थनो संयोग थाय छे, परंतु घटने पटनो संयोग थाय ते तो स्पष्ट देखाय छे तेम घट अने चक्षुनो संयोग स्पष्ट देखी शकातो नथी. का.के. चक्षुः अनुद्भूत रूपवाळी छे एटले के ते संयोग अतीन्द्रिय होवाथी प्रत्यक्षथी मालुम पडे एम नथी. संयोग थवाथी ज्ञान पेदा थाय छे, तेनाथी अनुमान करीओ अहीं पण मुसीबत छे. कारण के. ज्ञान तो दुष्प्रयोग होय त्यारे पण थाय छे. आवी जातनुं विशिष्ट ज्ञान पेदा थाय त्यारे सम्प्रयोग समजवो आवुं जणावनारुं कोई पद सूत्रमां छे नहीं. आम सूत्रने पकडी अर्थ करवा जता मुंझवणमां पडेल मीमांसक पदनो फेरफार करी अर्थ-सूत्रनी व्याख्या करता (११उ पेरामां) कहे छे के....

§ ११३. येऽपि "तत्संप्रयोगे पुरुषस्येन्द्रियाणां बुद्धिजन्म सत्प्रत्यक्षं यद्विषयं ज्ञानं तेन[1] सम्प्रयोगे इन्द्रियाणां पुरुषस्य बुद्धिजन्म सत्प्रत्यक्षं यदन्यविषयं ज्ञानमन्यसम्प्रयोगे भवति न तत्प्रत्यक्षम् ।" [शाबरभा० १.१.५] इत्येवं [2]तत्सतोर्व्यत्ययेन लक्षणमनवद्यमित्याहुः, तेषामपि क्लिष्टकल्पनैव, संशयज्ञानेन व्यभिचारानिवृत्तेः । तत्र हि यद्विषयं ज्ञानं तेन सम्प्रयोग इन्द्रियाणामस्त्येव । यद्यपि चोभयविषयं संशयज्ञानं तथापि तयोरन्यतरेणेन्द्रियं संयुक्तमेव उभयावमर्शित्वाच्च संशयस्य येन संयुक्तं चक्षुस्तद्विषयमपि तज्ज्ञानं भवत्येवेति नातिव्याप्तिपरिहारः । अव्याप्तिश्च चाक्षुषज्ञानस्येन्द्रिय-सम्प्रयोगजत्वाभावात् । अप्राप्यकारि च चक्षुरित्युक्तप्रायम् ॥

§ ११४. "श्रोत्रादिवृत्तिरविकल्पिका प्रत्यक्षम्" इति वृद्धसाङ्ख्या ।

વિગ્રહ નિરર્થક છે, કારણ 'સમ્પ્રયોગે'માં દર્શાવેલી સપ્તમીથી જ તે અર્થ તો જણાઈ આવે છે.

૧૧૩. જે પદાર્થનો ઈંદ્રિય સાથે સંબંધ થતાં પુરૂષને (તે વિષયવાળું) જ્ઞાન પેદા થાય છે, તે સત્પ્રત્યક્ષ, એટલે કે જે વિષયવાળું જ્ઞાન થાય તે પદાર્થની સાથે ઈંદ્રિયનો સંબંધ થતાં પુરૂષને બુદ્ધિ પેદા થાય, તે સત્પ્રત્યક્ષ છે. જ્યારે જ્ઞાન અન્ય વિષયવાળું હોય અને ઈંદ્રિયસંબંધ અન્ય સાથે હોય ત્યારે તે પ્રત્યક્ષ નથી કહેવાતું, (શાબર ભા. ૧.૧.૫) આમ તત્ સત્ પદને ઉલટાવવાથી પ્રત્યક્ષનું લક્ષણ નિર્દુષ્ટ બની જાય છે. એમ येऽपि= જેઓ शांકર ભાષ્યકાર કહે છે.

જૈના → પદને ઉલ્ટાસુલ્ટા કરીને વ્યાખ્યા કરવી એ તો ક્લિષ્ટ કલ્પના છે, કારણ કે શબ્દથી સીધે સીધો આવો અર્થ નીકળી શકતો નથી. પૂર્વપક્ષનાં જેટલાં દોષો ઊભા થયા તે બધાને ધ્યાનમાં રાખવા પડે, અને બીજી કોઈ પણ જાતની કડી જડતી ન હોવાથી આ કલ્પના કરવી ઘણી ક્લિષ્ટ છે. આમ કરવા છતાં પણ સંશયજ્ઞાનમાંથી વ્યભિચાર દૂર ટળતો નથી. કારણ કે સંશયમાં જે વસ્તુનું જ્ઞાન હોય તેની સાથે ઈંદ્રિયનો સંયોગ પણ હોય છે. જો કે સંશયજ્ઞાન બે વસ્તુને વિષય બનાવે છે, છતાં પણ બન્નેમાંથી એક વિષય=જ્ઞેય સાથે તો અવશ્ય સંબંધ હોય છે- ઈંદ્રિયથી જોડાયેલ હોય છે. કારણ કે સંશય વિદ્યમાન અને અવિદ્યમાન એવા બંને પદાર્થોને વિષય બનાવે છે. એથી જે પદાર્થ સાથે ચક્ષુ સંયુક્ત છે તે વિષયનું પણ સંશયમાં જ્ઞાન થાય છે. એટલે ઉપરોક્ત લક્ષણમાં આવેલી અતિવ્યાપ્તિનો પરિહાર ન થયો. વળી અવ્યાપ્તિ દોષ પણ આવે છે. કારણ કે ચાક્ષુષજ્ઞાન ઈંદ્રિયના સમ્પ્રયોગથી ઉત્પન્ન થનારૂં નથી, ચક્ષુ અપ્રાપ્યકારી હોવાથી આ પહેલાં કહી ચૂક્યા છીએ.

૧૧૪. વૃદ્ધ સાંખ્ય → શ્રોત્રાદિનો નિર્વિકલ્પ વ્યાપાર તે પ્રત્યક્ષ. (વૃત્તિ=ઈંદ્રિયનો વિષય સાથે સંનિકર્ષ થવારૂપ વ્યાપાર તે પ્રત્યક્ષ)

જૈના→ પરંતુ શ્રોત્રાદિ અચેતન છે તો તેમનો વ્યાપાર અચેતન જ હોય તો પછી તેવા અચેતન વ્યાપાર

---

१ तेनैव सम्प्र० -मु-पा० । २ तत्सर्वतोव्य०-डे० ।

अत्रश्रोत्रादीनामचेतनत्वात्तद्वृत्तेः सुतरामचैतन्यमिति कथं प्रमाणत्वम् ? । चेतनसंसर्गात्तच्चैतन्याभ्युपगमे वरं चित एव प्रामाण्यमभ्युपगन्तुं युक्तम् । न चाविकल्प[1]कत्वे प्रामाण्यमस्तीति यत्किञ्चिदेतत् ।

§ ११५. "प्रतिविषयाध्यवसायो दृ[2]ष्टम्" [सां०का०५] इति प्रत्यक्षलक्षणमितीश्वरकृष्णाः । तदप्यनुमानेन व्यभिचारित्वादलक्षणम् । अथ 'प्रतिः' आभिमुख्ये वर्तते तेनाभिमुख्येन विषयाध्यवसायः प्रत्यक्षमित्युच्यते, तदप्यनुमानेन तुल्यम् घटोऽयमितिवदयं पर्वतोऽग्निमानित्याभिमुख्येन प्रतीतेः । अथ अनुमानादिविलक्षणो अभिमुखोऽध्यवसायः प्रत्यक्षम्, तर्हि प्रत्यक्षलक्षणमकरणीयमेव शब्दानुमानलक्षणविलक्षणयैव तत्सिद्धेः ।

§ ११६. ततश्च परकीयलक्षणानां दुष्टत्वादिदमेव 'विशदः प्रत्यक्षम्' इति प्रत्यक्षलक्षणमनवद्यम् ॥२९॥

ઉપર પ્રમાણની મહોર કેવી રીતે લાગી શકે ? જેમ કરવત જડ છે તો તેનો વ્યાપાર=છેદન ક્રિયા પણ જડ જ છે ને !

વૃદ્ધસાંખ્ય → ચેતનના સંસર્ગથી તેમનામાં ચૈતન્ય હોવાનું માનવામાં આવે છે, માટે તદ્વ્યાપાર ચેતનસ્વરૂપ બને તેમાં વાંધો નથી.

જૈન → ચેતનના સંસર્ગથી અચેતનમાં પ્રમાણતા માનવા કરતાં મૂળ જે ચિત્-જ્ઞાન છે, તેને જ પ્રમાણ માનવું વધારે સારું કહેવાય. વળી અમે પહેલા જણાવી દીધું છે કે નિર્વિકલ્પકજ્ઞાન પ્રમાણ બની શકતું નથી, તેનાથી સંવાદી પ્રવૃત્તિનો સંભવ ન હોવાથી. એટલે કે આ લક્ષણમાં કાંઇ માલ નથી.

११५. સાંખ્યકારિકાકાર ઈશ્વરકૃષ્ણ →પ્રતિનિયત વિષયનો અધ્યવસાય[1]=ભાન થવું (ઉપયોગ) તેનું નામ પ્રત્યક્ષ (સાં.કા.૫) વિષયથી સંબદ્ધ ઈંદ્રિયો દ્વારા બુદ્ધિવિષયસુધી પહોંચી વિષયાકારે પરિણિત થાય છે એટલે કે વિષય સાથે ઈંદ્રિયનો સંનિકર્ષ વ્યાપાર થતા બુદ્ધિમાં રહેલ તમોગુણ અભિભવ પામે છે અને સત્ત્વગુણનો ઉદ્રેક થાય છે ત્યારે બુદ્ધિ વિષયાકારે પરિણતથાય છે, તેનું નામ જ અધ્યવસાય-ઉપલબ્ધિ છે.

જૈના→ આ લક્ષણ (અનુમાનની સાથે વ્યભિચારિતા આવે) અનુમાનની સાથે વ્યભિચારી બની જાય છે. એટલે કે જ્યાં પ્રત્યક્ષાભાવ છે તેમાં- અનુમાનમાં પણ પ્રતિનિયત વિષયનું ભાન તો હોય જ છે. (ધૂમથી અગ્નિનું જ અનુમાન થાય નહિ કે પટાદિનું). એટલે અનુમાન દ્વારા- અનુમાનને આગળ કરીને આ લક્ષણમાં વ્યભિચાર દોષ આવી જાય છે. માટે આને પ્રત્યક્ષનું લક્ષણ ન કહેવાય.

ઈશ્વરકૃષ્ણ → 'પ્રતિ' શબ્દ અભિમુખ્યતા અર્થમાં છે, તેથી અભિમુખ રૂપે (સમક્ષરૂપે) પદાર્થનું જ્ઞાન તે પ્રત્યક્ષ, એવો અમારો આશય છે.

જૈના → આવું લક્ષણ પણ અનુમાનની તુલ્ય છે, જેમ "આ ઘડો છે." એવો અભિમુખ રૂપથી પ્રત્યક્ષ થાય છે. તેમ "આ સામેનો પર્વત અગ્નિવાળો છે" આ અનુમાન જ્ઞાન પણ અભિમુખ રૂપથી થાય છે.

---

१ ० कत्वत्वे-डे० । २ दृष्टमति प्रत्य०-ता० ।

---

१ અર્થસંનિકૃષ્ટ ઈંદ્રિયોને આશ્રયી જે બુદ્ધિનો વ્યાપાર થાય છે, તે જ્ઞાન પ્રત્યક્ષ છે. અહીં બુદ્ધિ અચેતન છે, તેનો વ્યાપાર પણ, એટલે આ ઉભું થતું જ્ઞાન તે બધુ અચેતન રૂપ છે. છતાં પુરુષની છાયા પડવાથી ચેતનરૂપે ભાસે છે, એટલે એમનું માનેલું જ્ઞાન વાસ્તવમાં અચેતન છે, તેથી આ પ્રત્યક્ષનું લક્ષણ નિર્દુષ્ટ નથી. સ્વચ્છ દર્પણમાં પ્રકાશ પડે છે તો આરિસામાં (છાયા દ્વારા) રહેલ ચિત્રાદિ તે પ્રકાશમાં પણ ઝળકતા દેખાય છે, તેમ બુદ્ધિનો બનેલો આકાર આરિસારૂપ બુદ્ધિમાં પ્રતિબિંબિત થયેલ આત્મામાં પણ ઝબુકે-ભાસે છે, એટલે બુદ્ધિ આરિસા સમાન છે, તેમાં પદાર્થનો પરિણામ અને આત્માનું ચૈતન્ય બન્ને સંક્રાન્ત થાય છે. ત્યારે આત્મા "अहं घटं जानामि" આવું અભિમાન કરે છે. (સાંખ્ય તત્વ કા. પે. ૨૭)

§ ૧૧૭. प्रमाणविषयफलप्रमातृरूपेषु चतुर्षु विधिषु[૧] तत्त्वं परिसमाप्यत इति विषयादिलक्षणमन्तरेण प्रमाणलक्षणमसम्पूर्णमिति विषयं लक्षयति-

प्रमाणस्य विषयो द्रव्यपर्यायात्मकं वस्तु ॥३०॥

§ ૧૧૮. प्रत्यक्षस्य प्रकृतत्वात्तस्यैव विषयादौ लक्षयितव्ये 'प्रमाणस्य' इति प्रमाणसामान्यग्रहणं प्रत्यक्षवत् प्रमाणान्तराणामपि विषयादिलक्षणमिहैव वक्तुं युक्तमविशेषात् तथा च लाघवमपि भवतीत्येवमर्थम्[૨] । जातिनिर्देशाच्च प्रमाणानां प्रत्यक्षादीनां 'विषयः' गोचरो 'द्रव्यपर्यायात्मकं वस्तु' द्रवति तांस्तान् पर्यायान् गच्छति इति द्रव्यं ध्रौव्यलक्षणम् ।

શંકાકાર → અનુમાનાદિથી વિલક્ષણ અભિમુખ અધ્યવસાય પ્રત્યક્ષ છે, બસ હવે તો કોઈમાં વ્યભિચાર નહીં થાય ને ?

સમાધાન → તો પછી ભલાભાઈ ! પ્રત્યક્ષનું લક્ષણ કરવાની જરૂર શી ? શાબ્દ અને અનુમાનના લક્ષણથી વિલક્ષણ હોવાથી જ પ્રત્યક્ષની સિદ્ધિ થઈ જશે. એટલે આ બન્નેથી વિલક્ષણ હોય = જુદી જાતનું જ્ઞાન હોય તે પ્રત્યક્ષ સાંખ્ય નિરસ્ત થયા-તેની બોલતી બંધ થઈ ગઈ.

૧૧૬. આ પ્રમાણે અન્ય દર્શનકારોએ બનાવેલાં પ્રત્યક્ષનાં લક્ષણ વ્યભિચારાદિ દોષથી દૂષિત હોવાથી "વિશદ જ્ઞાન તે પ્રત્યક્ષ" આ લક્ષણના કંઠે જ નિર્દોષતાની વરમાળા શોભાયમાન ઠરે છે ॥૨૯॥

૧૧૭. પ્રમાણ, પ્રમાણનો વિષય, ફળ અને પ્રમાતા[૧] આ ચાર ભેદોમાં તત્ત્વની પરિસમાપ્તિ થાય છે, એથી પ્રમાણના વિષયાદિનું લક્ષણ જણાવ્યા વિના પ્રમાણનાં લક્ષણમાં ઉણપ રહે છે, માટે વિષયની ઓળખ આપે છે....

પ્રમાણનો વિષય છે, દ્રવ્યપર્યાય સ્વરૂપ વસ્તુ ॥૩૦॥

૧૧૮. અહીં પ્રત્યક્ષનું નિરૂપણ ચાલે છે. માટે તેનાં જ વિષયનું નિરૂપણ કરવું જોઈએ છતાં પણ "પ્રમાણસ્ય" પદનો ઉલ્લેખ કરી પ્રમાણ સામાન્યના વિષયનો નિર્દેશ કર્યો છે. તેની પાછળનું કારણ આ છે કે અન્ય પ્રમાણોનો પણ વિષય દ્રવ્યપર્યાય સ્વરૂપ વસ્તુને મૂકી અન્ય કોઈ પદાર્થ નથી. એટલે વિષયની સમાનતા હોવાથી એકી સાથે બધાનો વિષય જણાવવો યોગ્ય છે, અને તેમાં લાઘવ પણ છે. નહિંતર તે તે પ્રમાણના પ્રકરણમાં વારંવાર વિષય નિર્દેશ કરવા નવાં સૂત્રો બનાવવા પડત, તેથી મહાગૌરવ થાત.જાતિનો નિર્દેશ થયો હોવાથી અહીં "પ્રમાણસ્ય" એમ એકવચન મૂકેલ છે. એટલે માત્ર પ્રત્યક્ષ નહીં પણ શેષ પ્રમાણોનો પણ વિષય આ જ દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુ છે. તેને પર્યાયોને પામનાર—તે તે પર્યાય રૂપે પરિણત થનાર હોય તે દ્રવ્ય, ધ્રૌવ્ય સ્વરૂપ દ્રવ્ય છે. પૂર્વપર્યાયનો નાશ થઈ ઉત્તર પર્યાય ઉત્પન્ન થઈ જાય છે,છતાં જેના

---

૧ विधेषु इत्यपि पठितुं शक्यं ता० प्रतौ । २ -०मर्थंजाति०-डे० ।

---

૧ तत्र यस्य ईप्सा-जिहासा-प्रयुक्तस्य प्रवृत्तिः प्रमाता મેળવવાની કે છોડવાની ઇચ્છાથી પ્રેરાયેલ (એવા)જેની/જેના વડે પ્રવૃત્તિ થાય તે પ્રમાતા, स येनार्थं प्रमिणोति तत् प्रमाणम्, તે પ્રમાતા જેનાદ્વારા અર્થને જાણે તે પ્રમાણ, योऽर्थः प्रमीयते तत् प्रमेयम् . જે પદાર્થ જણાય છે તે પ્રમેય, यत् अर्थविज्ञानं सा प्रमितिः" પદાર્થનું જાણવું તે પ્રમિતિ-ન્યાયસૂત્રવાત્સ્યાયન ભા.૧.૧)

पूर्वोत्तरविवर्त्तवर्त्त्यन्वयप्रत्ययसमधिगम्यमूर्ध्वतासामान्यमिति यावत् । परियन्त्युत्पादविनाशधर्म्माणो भवन्तीति पर्याया विवर्ताः। तच्च ते चात्मा स्वरूपं यस्य तत् द्रव्यपर्यायात्मकं वस्तु, परमार्थसदित्यर्थः, यद्वाचकमुख्यः "उत्पादव्ययध्रौव्य[1]युक्तं सद्" [तत्त्वा० ५.२९] इति, पारमर्षमपि "उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा" इति ।

§ ११९. तत्र 'द्रव्यपर्याय' ग्रहणेन द्रव्यैकान्तपर्यायैकान्तवादिपरिकल्पितविषयव्युदासः । 'आत्म'ग्रहणेन चात्यन्तव्यतिरिक्तद्रव्यपर्यायवादिकाणादयौगाभ्युपगतविषय निरासः । यच्छ्रीसिद्धसेनः-

"दोहिं वि णएहिं नीयं सत्थमुलूएण तहवि मिच्छत्तं ।
जं सविसयप्पहाणत्तणेण अ[2]न्नोन्ननिर[3]विक्ख" ॥ [सन्म० ३.४९] त्ति ॥३०॥

લીધે તે વસ્તુમાં એકાકાર પ્રતીતિ થાય તે ઉર્ધ્વતા સામાન્ય જ દ્રવ્ય છે. જેમ વલયને તોડી કુંડલ બનાવીએ તો સોનું તો તેનું તે જ રહે છે. તેની ચમક, વર્ણ, વજન, કિંમત ઇત્યાદિમાં તફાવત નથી પડતો, તેનું કારણ એજ સોનું છે. બસ આવું અનુસ્યૂત–પર્યાયની સાથે સાથે ચાલનારૂં ઉર્ધ્વતા સામાન્ય સુવર્ણ જ દ્રવ્ય છે. બદલાયા કરે અર્થાત્ ઉત્પન્ન થાય ને વિનાશ પામે તે પર્યાય. તેને વિવર્તો કહેવાય છે. परियन्ति = परि + ई + घञ् = પર્યાય, तत् = દ્રવ્ય અને તે = પર્યાય આત્મા છે- સ્વરૂપ છે જેમનું તે વસ્તુ, આવી ઉભય સ્વભાવવાળી વસ્તુ જ પરમાર્થથી સત્ છે. વાચક મુખ્ય ઉમાસ્વાતિ તત્વાર્થ સૂત્ર (૫.૨૯)માં જણાવે છે કે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી જે યુક્ત હોય તેજ સત્ છે. સર્વજ્ઞ પ્રણીત (આચારાંગ), (ભગવતી), વિશેષ આવશ્યક ભાષ્ય, કલ્પસૂત્રવૃત્તિ, આ.નિ.વૃત્તિ વિ. આગમમાં પણ આમ જ કહ્યું છે. વસ્તુનો ઉત્પાદ-નાશ થાય સાથોસાથ ધ્રુવ–સ્થિર પણ રહે છે.

૧૧૯. અહીં સૂત્રમાં દ્રવ્ય પર્યાય ઉભયનું ગ્રહણ કરવાથી એકાન્ત દ્રવ્યને કે એકાન્ત પર્યાયને વિષય માનનારાં એકાન્તવાદીઓએ કલ્પેલ વિષયનો નિષેધ થઈ જાય છે. 'આત્મ' શબ્દ મૂકવાથી દ્રવ્ય પર્યાયને અત્યંત ભિન્ન ભિન્ન માનનાર કાણાદ અને યોગાચાર્ય = (પતંજલિ)ના અનુયાયીઓએ સ્વીકારેલ વિષયનો નિરાસ થઈ જાય છે.

શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિએ સન્મતિ તર્ક (૩.૪૯)માં કહ્યું છે કે - જો કે ઉલૂકે–કાણાદે પોતાના શાસ્ત્રમાં બંને દ્રવ્યાર્થિક/ પર્યાયાર્થિક નયોનો સ્વીકાર કર્યો છે, છતાં પણ તે મિથ્યાત્વ છે. કારણ કે તે બન્ને નય પોત પોતાનાં વિષયમાં પ્રધાન હોવાથી પરસ્પર નિરપેક્ષ છે. જેમ કે પૃથ્વીને નિત્ય અનિત્ય માની પરંતુ તમામ પૃથ્વી નિત્યાનિત્ય સ્વરૂપ છે, એવાં અર્થમાં નહિં, પણ પરમાણુને નિત્ય જ અને દ્વયણુકાદિ કાર્ય અનિત્ય જ માનેલ છે, માટે તે મિથ્યાત્વ જ છે. કારણ કે દ્વયણુકાદિ પર્યાયમાંથી પરમાણુ નામનો પર્યાય પેદા થાય છે, અને છતાં પરમાણુ, દ્વયણુકવિ.માં પણ પૃથ્વી તો અકબંધ છે જ, આમ પર્યાયનું રૂપાન્તર થવા છતાં પૃથ્વી

१ ध्रौव्याणां योगः । २ अन्ननिर०-मु० । अणुण्णनिर०-डे० । ३ निरपेक्षौ नयौ ।

§ ૧૨૦. कुतः पुनर्द्रव्यपर्यायात्मकमेव वस्तु प्रमाणानां विषयो न द्रव्यमात्रं पर्यायमात्रमुभयं वा स्वतन्त्रम् ? इत्याह-

अर्थक्रियासामर्थ्यात्[1] ॥३१॥

§ ૧૨૧. 'अर्थस्य' हानोपादानादिलक्षणस्य' क्रिया' निष्पत्तिस्तत्र 'सामर्थ्यात्' द्रव्यपर्यायात्मकस्यैव वस्तुनोऽर्थक्रियासम[2]र्थत्वादित्यर्थः ॥३१॥

§ ૧૨૨. यदि नामैवं ततः किमित्याह-

तल्लक्षणत्वाद्व[3]स्तुनः ॥३२॥

§ ૧૨૩. 'तद्' अर्थक्रियासामर्थ्यं 'लक्षणम्' असाधारणं रूपं यस्य तत् तल्लक्षणं तस्य भावस्तत्त्वं तस्मात् । कस्य ? 'वस्तुनः' परमार्थसतो रूपस्य । अयमर्थः-अर्थक्रियार्थी हि सर्वः प्रमाणमन्वेषते,

---

નામનું દ્રવ્ય બધામાં સ્થિર છે. માટે દ્વયણુક વગેરે પણ પૃથ્વીદ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. તે જ પરમાણુ અન્ય પરમાણુ વિગેરેની સાથે જોડાતા પોતાના પર્યાયને છોડી અન્ય પર્યાયને પામે છે. વળી તેના વર્ણાદિ ગુણો પણ પરિવર્તન પામ્યા કરે છે, માટે પરમાણુ પણ એકાન્તે નિત્ય નથી. ॥૩૦॥

૧૨૦. શંકાકાર→ દ્રવ્ય પર્યાયાત્મક વસ્તુ જ પ્રમાણનો વિષય કેમ ? એકલું દ્રવ્ય કે એકલો પર્યાય અથવા નિરપેક્ષ એવાં દ્રવ્ય અને પર્યાય વિષય કેમ ન બની શકે ?

આનું સમાધાન કરવાં આચાર્યશ્રી સૂત્ર દર્શાવે છે ....

અર્થ ક્રિયાનાં સામર્થ્યથી ઉભયાત્મક વસ્તુ જ વિષય છે. ॥૩૧॥

૧૨૧. અર્થ એટલે છોડવું, ગ્રહણ કરવું, ઉપેક્ષા કરવી તે, તેની ક્રિયા- નિષ્પત્તિ તેમાં સામર્થ્ય હોવાથી અર્થાત્ દ્રવ્યપર્યાયાત્મક વસ્તુ જ અર્થ=છોડવું વગેરે ક્રિયામાં સમર્થ હોવાથી (હોય છે)

૧૨૨. શંકાકાર → ભલે ને દ્રવ્યપર્યાયાત્મક વસ્તુ અર્થક્રિયામાં સમર્થ હોય એનાથી શું ? એટલે ભલે આવું હોય, એમાં સ્વતંત્ર દ્રવ્યપર્યાયને વિષય બનાવવામાં શું વાંધો આવે ?

સમાધાન કરવા આચાર્યશ્રી કહે છે કે .....

અર્થ ક્રિયા જ વસ્તુનું લક્ષણ છે માટે ॥૩૨॥

૧૨૩. तद् એટલે "અર્થ ક્રિયાનું સામર્થ્ય હોવું" તે સત્ વસ્તુનું લક્ષણ-અસાધારણ સ્વરૂપ છે. આવું લક્ષણ જેનું છે તે तल्लक्षण, તેને ભાવ અર્થમાં त्व પ્રત્યય લાગતા 'तल्लक्षणत्व'तस्मात्- તેથી (હેતુ અર્થમાં પંચમી થઈ) कस्य- આવું સ્વરૂપ કોનું છે ? वस्तुनः = પરમાર્થથી સત્ પદાર્થનું આવું સ્વરૂપ છે.

---

१ एकत्रिंशत्तमं द्वात्रिंशत्तमं च सूत्रद्वयं सं-मू० प्रतौ भेदकचिह्नं विना सहैव लिखितं दृश्यते-सम्पा० । २-० क्रियार्थसत०-डे० । ३ ०त्वाद्वा वस्तुनः सं-मू० ।

[1]अपि नामेतः प्रमेयमर्थक्रियाक्षमं विनिश्चित्य कृतार्थो भवेयमिति न व्यसनितया । तद्यदि प्रमाणविषयोऽर्थोऽर्थक्रियाक्षमो न भवेत्तदा नासौ प्रमाणपरीक्षणमाद्रियेत । यदाह[2] –

"अर्थक्रियाऽसमर्थस्य विचारैः किं तदर्थिनाम् ।
षण्ढस्य रूपवैरूप्ये कामिन्याः किं परीक्षया ?॥" [प्रमाणवा० १.२१५] इति ।

§ १२४. तत्र न द्रव्यैकरूपोऽर्थोऽर्थक्रियाकारी, स ह्यप्रच्युतानुत्पन्नस्थिरैकरूपः कथमर्थक्रियां कुर्वीत क्रमेणाक्रमेण वा ? अन्योन्यव्यवच्छेदरूपाणां प्रकारान्तरासम्भवात् । तत्र न क्रमेण; स हि

અર્થક્રિયાનો અર્થી સર્વલોક પ્રમાણની ગવેષણા કરે છે, અને પ્રમાણની ગવેષણામાં 'જે પ્રમાણ' તે કોનું અને કેવું ? ઇત્યાદિ તલાશ કરે છે. જ્ઞાનાદિ ઉપાદાનાદિ ક્રિયાની ઇચ્છા રાખનારા બધા જ લોકો પ્રમાણની ગવેષણા કરે છે, अपि नामेतः नाम इतः = અને વળી આનાથી-પ્રમાણથી–કે જેથી અર્થક્રિયામાં સમર્થ પદાર્થનો નિશ્ચય કરી પ્રવૃત્તિ કરતાં સફળતાં મેળવી શકાય. નહીં કે એનું વ્યસન થઇ પડ્યું છે તેથી. [નિર્દોષ આંખના આલંબનથી પેદા થયેલ ચાક્ષુષ પ્રત્યક્ષ-"આ સાચી ઘડિયાળ છે, આ સાચો સમય દર્શાવવા સમર્થ છે, એનાથી હું સાચો સમય જાણી શકીશ" એવો નિશ્ચય કરી તેને લેવા હાથ લંબાવે છે. અને સત્ય સમયની જાણ થવાથી પોતે કૃતાર્થ બને છે. આ બધાનાં મૂળમાં તો પેલું સત્ય જ્ઞાન કામ આવ્યું, જ્યાં સુધી "મારું ચાક્ષુષ જ્ઞાન સત્ય છે" એવી ખાત્રી ન થાય ત્યાં સુધી ગ્રહણ હાનાદિ અર્થક્રિયાનો નિશ્ચય સફળ થઇ શકતો નથી. માત્ર વ્યસનથી અર્થાત્ મારે તો કેવલ પ્રમાણને જ ઓળખવું છે. બીજું મારે કશુ કામ નથી," આવી ધૂન માત્રથી કોઈ પ્રમાણની ગવેષણા નથી કરતું. એટલે વસ્તુ અર્થક્રિયામાં સમર્થ છે એવું જાણવા માટે જ પ્રમાણની શોધ કરાય છે, એમ અર્થ ક્રિયાનો સત્ય નિર્ણય થવાથી જ પ્રમાતા પ્રવૃત્તિ કરે છે.] આવી પરિસ્થિતિ હોવાથી જ તો પ્રમાણનો વિષય = પદાર્થ જો અર્થક્રિયામાં સમર્થ ન હોય તો અર્થક્રિયામાં અભિલાષી માણસ પ્રમાણની પરીક્ષા માટે મગજમારી ન કરે, તેથી જ પ્રમાણવાર્તિક (૨.૨૧૫)માં કહ્યું છે કે....

જે અર્થ ક્રિયાના અભિલાષી છે તેને અર્થક્રિયામાં અસમર્થ પદાર્થનો વિચાર કરવાનો શો લાભ ? નપુંસકની સુંદરતા કે અસુંદરતાની પરીક્ષાથી કામિનીને શું લાભ ? (પ્ર.વા.)

(નિત્ય એકાંતમાં અર્થક્રિયાનો નિરાસ)

૧૨૪. એકાન્ત દ્રવ્યરૂપ પદાર્થ અર્થ ક્રિયા કરવાં સમર્થ નથી, પોતાના સ્વરૂપથી ચ્યુત ન થાય, ઉત્પન્ન ન થાય અને સદા એક રૂપે સ્થિર રહે તે એકાન્ત દ્રવ્ય પદાર્થ કહેવાય. તેવો પદાર્થ કેવી રીતે અર્થક્રિયા કરે છે? ક્રમથી કે અક્રમથી ? પરસ્પર વિરોધી વિકલ્પ રૂપ જે હોય તેઓનો ત્રીજો કોઈ વિકલ્પ સંભવી ન શકે. તેમાં

---

१ प्रमाणान्वेषणभावनायाम् । २ यदाहुः ता० ।

कालान्तरभाविनीः क्रियाः प्रथमक्रियाकाल एव प्रसह्य कुर्यात् समर्थस्य कालक्षेपायोगात्, कालक्षेपिणो वाऽसामर्थ्यप्राप्तेः । समर्थोऽपि .तत्तत्सहकारिसमवधाने तं तमर्थं करोतीति चेत्, न तर्हि तस्य सामर्थ्य[1]मपरसहकारिसापेक्षवृत्तित्वात्, "सापेक्षमसमर्थम्" [पात० महा० ३. १.८] इति हि किं नाश्रौषीः ? । न तेन सहकारिणोऽपेक्ष्यन्तेऽपि तु कार्यमेव सहकारिष्वसत्स्वभवत् तानपेक्षत इति चेत्, तर्हि स भावोऽसमर्थः ? समर्थ[2]चेत्, किं सहकारिमुखप्रेक्षणदीनानि [3]तान्युपेक्षते न पुनर्झटिति घटयति ? ननु समर्थमपि बीजमिलाज[3]लादिसहकारिसहितमेवाङ्कुरं करोति नान्यथा, तत किं तस्य सहकारिभिः किञ्चिदुपक्रियेत, नवा ?। नो चेत्, स किं पूर्ववन्नोदास्ते ? उपक्रियेत चेत्, स तर्हि तैरुपकारो भिन्नोऽभिन्नो वा क्रि[4]यत इति निर्वचनीयम् ।

ક્રમથી અર્થક્રિયા ઘટી શકતી નથી, કારણ કે ક્રમથી અર્થક્રિયા અન્ય અન્ય કાલે થાય જ્યારે નિત્ય પદાર્થ તો પ્રથમ અર્થ-ક્રિયા-કાલે પણ અન્યકાળે થનારી સર્વે ક્રિયા કરવાં સમર્થ છે. તે તો પૂરે પૂરી શક્તિથી બલાત્કારે પણ તેજ સમયે અન્ય કાળે થવા વાળી પણ બધી જ ક્રિયા કરી જ લે ને, સમર્થ પદાર્થ કાલક્ષેપ ન કરે, કાલક્ષેપ કરનારો પદાર્થ અસમર્થ કહેવાય.

એકાન્ત દ્રવ્યવાદી → તે દ્રવ્ય સમર્થ હોવા છતાં જે સમયે જે ક્રિયાને યોગ્ય સહકારી કારણ પ્રાપ્ત થાય તે ક્રિયાને કરે છે. એમાં શું વાંધો ?

જૈના → બીજા સહકારી કારણની અપેક્ષા રાખવાથી પોતે સમર્થ નહિ કહેવાય. "પાતઞ્જલ મહાભાષ્ય (૩.૧.૮)માં કહ્યું છે કે અન્યની અપેક્ષા રાખનાર પદાર્થ અસમર્થ કહેવાય. એવું શું તમે નથી સાંભળ્યું?

એકાન્ત દ્રવ્યવાદી → તેવો નિત્ય પદાર્થ કોઈ સહકારીની અપેક્ષા રાખતો નથી. પરંતુ સહકારીનાં અભાવમાં નહી થતું કાર્ય જ તે સહકારીઓની અપેક્ષા રાખે છે.

જૈન → તે પદાર્થ શું અસમર્થ છે ? જો સમર્થ હોય તો સહકારીનું મુખ જોઈને બેસી રહેનારા બિચારા તે કાર્યોની ઉપેક્ષા કેમ કરે છે. પણ તે કાર્યોને જલ્દીથી કેમ કરી નથી લે તો ? (ચાલવામાં અસમર્થ માણસ બસની સામે એમ જ જોઈને તાકીને બેઠો રહે છે. પણ તમારી પાસે ગાડી છે તો તેને કેમ બેસાડી નથી દેતા?)

એકાન્ત દ્રવ્યવાદી→ બીજ અંકુરની ઉત્પત્તિમાં સમર્થ છે, છતાં પૃથ્વી પાણી વગેરે સહકારી કારણો મળે ત્યારે જ અંકુરને પેદા કરે છે, નહીતર નહીં.

જૈના → તે સહકારી કારણ નિત્ય પદાર્થમાં કોઈ વિશિષ્ટતા–ઉપકાર પેદા કરે છે કે નહીં ? જો ઉપકાર નથી કરતા તો નિત્ય પદાર્થ પૂર્વની જેમ ઉદાસીન કેમ નથી રહેતો (એટલે કે પોતાનામાં કશો ફેરફાર થયા વિના કાર્ય કરવા ઉદાસીન-છાનોમાનો કેમ બેસી નથી રહેતો ? જો સહકારી મળવા છતાં નિત્ય પદાર્થમાં કશો ફેરફાર ન થતો હોય તો પહેલા પોતે જે કાર્ય માટે ઉદાસીન હતો- જે કાર્યને નહતો કરતો, તો અત્યારે પણ તે કાર્યને કરવું ન જોઈએ, કેમ કે પોતે તો પહેલા જેવો હતો તેવોને તેવો જ છે, પરંતુ જ્યારે સહકારી મળતા પદાર્થ

१ सामर्थ्ये पर०-ता० । २ कार्याणि । ३ बीजमिलादि०-डे० । ४ क्रियेत इति-डे० ।

अभेदे स एव क्रियते इति लाभमिच्छतो मूलक्षतिरायाता । भेदे स कथं तस्योपकारः?, किं न सह्य-विन्ध्या[1]देरपि ? । तत्सम्बन्धात्तस्यायमिति चेत्, उपकार्योपकारयोः कः सम्बन्धः? । न संयोगः, द्रव्ययोरेव तस्य भावात् । नापि समवायस्तस्य प्रत्यासत्तिविप्रकर्षाभावेन सर्वत्र तुल्यत्वान्न नियतसम्बन्धिसम्बन्धत्वं युक्तम्, तत्त्वे वा तत्कृत[2] उपकारोऽस्या[3]भ्युपगन्तव्यः, तथा च सत्युपकारस्य भेदाभेदकल्पना तदवस्थैव।

આપણને કાર્ય કરતો જોવા મળે છે. આમ ફસાઈ જવાથી બીજો પક્ષ અંગીકાર કરતા કહે છે કે (જો) સહકારી દ્વારા ઉપકાર કરાય છે, તો તમને પૂછીએ છીએ કે તે ઉપકાર નિત્ય પદાર્થથી ભિન્ન છે કે અભિન્ન ? અભિન્ન હોય તો નિત્યપદાર્થ જ પેદા કરાયો એવો અર્થ નીકળશે, એટલે લાભ મેળવવા જતા મૂડી ખોવાનું થયું. કારણ કે સહકારી દ્વારા ઉપકાર કરાય છે માટે તે તો કૃતક થયો એટલે તેનાથી અભિન્ન નિત્ય પદાર્થ પણ ઉત્પન્ન થવા લાગશે કૃતક બની જશે. તો પોતાનું મૂળ સ્વરૂપ સદા સ્થિર રહેવું છે, તે નાશ પામી જાય. હવે જો મૂડીને બચાવવા ઉપકારને નિત્ય પદાર્થથી ભિન્ન માનશો, તો તે ઉપકાર તે નિત્ય પદાર્થનો જ છે એવું નક્કી કેવી રીતે થશે ? સહ્ય કે વિન્ધ્ય વગેરે પર્વતનો ઉપકાર કેમ ન મનાય ? બન્ને ઠેકાણે ભિન્નતા તો સરખી જ છે. નિત્યપદાર્થથી જેમ ઉપકાર ભિન્ન છે, તેની જેમ તે પર્વતથી પણ ભિન્ન છે.

એકાંતદ્રવ્યવાદી→ નિત્યપદાર્થ સાથે સંબંધ હોવાનાં કારણે તે ઉપકાર તે નિત્ય પદાર્થનો જ કહેવાય, બીજાનો નહીં.

જૈના :→ઉપકાર્ય-નિત્યપદાર્થ અને ઉપકાર વચ્ચે કયો સંબંધ છે ? તેને સંયોગ સંબંધ તો માની ન શકાય. તે તો બે દ્રવ્ય વચ્ચે જ હોય. સમવાય સંબંધ પણ ન ઘટે. કારણ કે તે સમવાય સર્વવ્યાપી હોવાથી આ પદાર્થને પોતે નજીક છે અને આને દૂર છે, એવું બની શકતું નથી. એટલે સર્વત્ર તુલ્ય હોવાથી **समवायस्य नियत-सम्बन्धिसम्बन्त्वं** સમવાયમાં નિયતસંબંધિઓનું સંબંધપણુ ન ઘટે, સમવાયને અમુક નિયત સંબંધિઓનો સંબંધ તરીકે માનવો યુક્ત નથી. સમવાય સંબંધ નિયત નિત્ય પદાર્થ સાથે જ ઉપકારને જોડી આપે બીજાની સાથે ન જોડે-વિવક્ષિત અમુક ઉપકારને વિવક્ષિત અમુક નિત્યપદાર્થ સાથે જોડી આપે છે, આવી વ્યવસ્થા કરી ન શકાય. અથવા જો આવી વ્યવસ્થા માનવામાં આવે તો-જો સમવાયને નિયતસંબંધિનો સંબંધ માનશો તો નિયતસંબંધિથી કરાયેલ ઉપકાર સમવાયની ઉપર થયેલો માનવો જોઈએ. એટલે સમવાયસંબંધ સર્વત્ર વ્યાપી હતો માટે ઉપકારને અમુક નિયત પદાર્થ સાથે જોડી આપવાનું એનું સામર્થ્ય ન હતું પણ તે સમવાય ઉપર બીજ-ઉપકાર એવા નિયતસંબંધીએ એવો ઉપકાર કર્યો કે તે સમવાય સંબંધે નિયત સંબંધી (બીજ) સાથે તે ઉપકારને જોડી આપ્યો. આવો સમવાય ઉપર ઉપકાર થયો. બીજ અને ઉપકારે હાજર થઈ સમવાયમાં તેવું સામર્થ્ય પેદા કર્યું, (જેમ આંખ પહેલા ચોતરફ અનેક પદાર્થને જોઈ રહી હતી એટલે કોઈ નિયત પદાર્થ સાથે તેનો સંબંધ ન હતો, પરંતુ એક રમણીય દૃશ્ય એની સામે મૂકી દેતા ત્યાં જોડાઈ જાય છે

૧ -०न्ध्याद्रेर०-डे० । ૨ नियतसम्बन्धिकृतः । ૩ समवायस्य ।

उपकारस्य समवायादभेदे समवाय एव कृतः स्यात् । भेदे पुनरपि समवायस्य न नियतसम्बन्धिसम्बन्धत्वम् । निय[૧]तसम्बन्धिसम्बन्धत्वे[૨] समवायस्य विशेषणविशेष्यभावो हेतुरिति चेत्, उपकार्योपकारकभावाभावे तस्यापि प्रतिनियमहेतुत्वाभावात् । 'उपकारे तु पुनर्भेदाभेदविकल्पद्वारेण तदेवावर्तते । तन्नैकान्तनित्यो भावः क्रमेणार्थक्रियां कुरुते ।

એટલે તે ચક્ષુસંનિકર્ષને નિયમિત કરવાનું કામ તે ચિત્ર અને આંખે કર્યું) (બીજને ઉપકાર સાથે જોડવાનું કામ સમવાય કરે છે, એથી બીજ–ઉપકાર બે નિયતસંબંધી થયા અને તે બન્નેનો સંબંધ બન્યો સમવાય.) ત્યારે પ્રશ્ન પાછો એ આવીને ઉભો રહ્યો કે એ ઉપકાર સમવાયથી ભિન્ન કે અભિન્ન ?-(આ પ્રશ્ન અડીખમ ઉભો રહેશે.) અભેદ માનતા સમવાય જ કરાયો, ઉપકારકૃત હોવાથી તેનાથી અભિન્ન સમવાય પણ કૃત બની જતો હોવાથી તેના નિત્યત્વની હાનિ થશે. અને ભેદ માનશો તો સમવાયથી તે ઉપકાર ભિન્ન પડી જવાથી પોતાની-સમવાયની અંદર બીજ-ઉપકાર એવા નિયતસંબંધીના સંબંધ તરીકેની વાત હતી તે ઘટી શકશે નહી, કા.કે. બીજ-ઉપકારથી=નિયતસંબંધીથી કૃત ઉપકાર તો તે સમવાયથી ભિન્ન છે.

એકાંતદ્રવ્યવાદી → અરેભાઈ ! નિયતસંબંધી-અને સમવાય વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ રહેલો છે. (નિયતસંબંધી=બીજ-ઉપકાર એઓનો સંબંધ (સમવાય) એમ ષષ્ઠી વિભક્ત્યંત વિશેષણ બને છે, એટલે નિયતસંબંધી એ વિશેષણ અને સમવાયએ વિશેષ્ય બનશે, એમ વિશેષણ-વિશેષ્યભાવ સમવાયને નિયતસંબંધીનો સંબંધ બનાવવામાં / થવામાં હેતુ બને છે.

જૈના → સમવાય અને નિયતસંબંધી (બીજ-ઉપકાર) વચ્ચે ઉપકાર્ય-ઉપકારક ભાવ જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી તસ્ય - **विशेषणविशेष्यभावस्य** = વિશેષણ-વિશેષ્યભાવ પણ પ્રતિનિયમનો હેતુ બની શકતો નથી. "આ આનો સંબંધી છે, અન્યનો નહી" આવું કહી ન શકાય. કોઈ પણ સંબંધ કોઈક ક્રિયાને આશ્રયી ઉભો થાય છે. જેમ તીર્થવિશિષ્ટ તીર્થંકર, અહીં સ્થાપ્યસ્થાપકભાવ છે, કારણ કે તીર્થંકર તીર્થના સ્થાપક છે આ સિદ્ધ છે, જ્યારે અહીં તમારે તો નિયતસંબંધી એ સમવાય ઉપર ઉપકાર કરનાર છે એવું સિદ્ધ નથી. કોઈ પણ સમવાયવાદીએ આવું માન્ય કર્યું નથી કે સમવાય નિયતસંબંધીનો જ સંબંધ છે.

એકાંતદ્રવ્યવાદી → સમવાય ઉપર ઉપકાર થાય છે માટે સમવાય વિશેષ્ય અને નિયતસંબંધી વિશેષણ બને છે માટે વિશેષણ-વિશેષ્યભાવ ઘટી શકે છે.

જૈના → તે ઉપકાર વિશેષ્યથી ભિન્ન છે કે અભિન્ન ? આ વિકલ્પ ઉભા થવાથી તેની તે વાત ઘુંટાયા કરશે, કદાચ ઉપકાર સમવાયનો થાય છે, તો તે ઉપકાર અભિન્ન હોય તો સમવાય કૃત બની જશે અને ભિન્ન

---

૧ ०-त्वम् सम्बन्धत्वे -डे० । ૨ नियतसम्बन्धिनोर्बीजोपकारयोः सम्बन्धत्वेऽनयोः समवाय इति विशेषणविशेष्यभावः ।

§ ૧૨૫. नाप्यक्रमेण । न ह्येको भावः सकलकालक[1]लाभाविनीर्युगपत् सर्वाः क्रियाः करोतीति प्रातीतिकम् । कुरुतां वा, तथापि द्वितीयक्षणे किं कुर्यात् ? । करणे वा क्रमपक्षभावी[2] दोषः । अकरणेऽनर्थक्रियाकारित्वाद-वस्तुत्वप्रसङ्गः। इत्येकान्तनित्यात् क्रमाक्रमाभ्यां व्याप्तार्थक्रिया व्यापकानुपलब्धिबलात् व्यापकनिवृत्तौ निवर्तमाना व्याप्यमर्थक्रियाकारित्वं निवर्तयति तदपि[3] स्वव्याप्यं सत्त्वमित्यसन् द्रव्यैकान्तः ।

§ ૧૨૬. पर्यायैकान्तरूपोऽपि प्रतिक्षणविनाशी भावो न क्रमेणार्थक्रियासमर्थो देशकृतस्य

હોય તો કયા સંબંધથી તે સમવાય સાથે જોડાયો ? તેના માટે વિશેષણ-વિશેષ્યભાવ સંબંધ માનશો તો પુનઃ ત્યાં પણ ઉપકાર માનવો પડે અને પાછી ભેદાભેદની વિકલ્પ વિષ વેલી ચાલુ રહેશે, અને જ્યાં સુધી ઉપકાર સિદ્ધ થાય નહીં, ત્યાં સુધી વિશેષણ-વિશેષ્યભાવ સિદ્ધ ન થાય અને તેની સિદ્ધિ માટે પુનઃ તેવા જ સંબંધની જરૂર પડતી હોવાથી અનવસ્થા ઉભી થાય છે. એમ પાર નહિં આવે એવો અનવસ્થા દોષ આવતો હોવાથી એકાન્ત નિત્ય પદાર્થ ક્રમથી અર્થક્રિયા કરે છે. આ વાત સ્વીકારી ન શકાય

૧૨૫. નિત્યપદાર્થ અક્રમ=એક સાથે પણ અર્થક્રિયા કરી નથી શકતા.

સમસ્ત કાલનાં વિભાગમાં = કાળના તે તે ભાગમાં થનારી તમામ ક્રિયાઓને એક પદાર્થ એક જ સાથે કરી લે આ વાત મગજમાં બેસે એવી નથી. કદાચ માની લઈએ કે બધી ક્રિયાઓ એક સાથે કરી લે છે તો પછી બીજી ક્ષણે તે પદાર્થને શું કરવાનું ? જો બીજી ક્ષણે પણ ક્રિયા કરશે તો ક્રમ પક્ષમાં થનારાં દોષો આવી જશે, એટલે કે બીજી ક્ષણે કોઈક નવી જ ક્રિયા કરવી પડે, કારણ લોટને ફરી દળી શકાતો નથી. એમ પહેલા જે ક્રિયા ન કરી હવે પછી કરી, ત્રીજી ક્ષણે વળી કોઈ નવી ક્રિયા કરશે. હવે નવી ક્રિયા કરે તો પ્રથમ ક્ષણે તે કેમ નથી કરી શકતો ? તેનાં સામર્થ્યનો અભાવ માનતાં, પૂર્વવત્ક્રમપક્ષના બધા દોષો આવે. હવે જો તે કશું જ ન કરે તો અર્થક્રિયા વગરનો બની જવાથી અવસ્તુ રૂપે બની જશે. ક્રમ કે અક્રમથી વ્યાપ્ત[1] એવી અર્થક્રિયા છે, જ્યાં અર્થક્રિયા ત્યાં ત્યાં ક્રમ કે અક્રમ હોય, પરંતુ એકાંત નિત્ય પદાર્થમાં અર્થક્રિયાનો વ્યાપક ક્રમ કે અક્રમ જોવા મળતો નથી, માટે તેની વ્યાપ્ત અર્થક્રિયાની નિવૃત્તિ થતા તેનું વ્યાપ્ય અર્થક્રિયાકારિત્વની પણ એકાન્ત નિત્ય પદાર્થમાંથી નિવૃત્તિ થઈ જાય છે. અને તેથી અર્થક્રિયાકારિત્વને વ્યાપ્ય સત્ત્વ પણ નિવૃત્ત થઈ જતાં એકાન્ત દ્રવ્ય અસત્ બની જાય છે.

અનિત્ય એકાંતનો નિરાસ

૧૨૬. પર્યાય એકાન્ત રૂપ ક્ષણ વિનાશી પદાર્થ પણ ક્રમથી પણ અર્થક્રિયા કરવા સમર્થ નથી, કેમ કે તેમાં દેશકૃત કે કાલકૃત ક્રમ બંધ બેસી શકતો નથી, કારણ કે સ્થિર પદાર્થ જ એક દેશથી બીજા દેશમાં જઈ

---

१ कलाशब्देनांशाः । २ स हि कालान्तरभाविनीः क्रिया इत्यादिको ग्रन्थ आवर्तनीयः । ३ तदप्यर्थक्रियाकारित्वं व्यापकं निवर्तमानं स्वव्याप्यं सत्त्वं निवर्तयति ।

---

૧ કોઈપણ પદાર્થમાં અમુક ક્રિયાઓ એક સાથે પણ થતી દેખાય છે તો તે ક્રિયાઓ અક્રમથી થઈ, અમુક ક્રિયાઓ ક્રમશઃ થતી જોવાય છે. જેમકે મોહનીય કર્મની પ્રકૃતિ નવમેગુણઠાણે અનુક્રમે ક્ષય પામે છે, જ્યારે ૧૨માના અંતે જ્ઞાનાવરણીય ૫,દર્શનાવરળીય-૪ અને અંતરાય-૫ આ ત્રણે ઘાતી કર્મો એક સાથે ક્ષય પામે છે, પરંતુ કોઈ પણ ક્રિયા થતી હોય ત્યાં કાંતો ક્રમ હશે કા અક્રમ હશે, તેના વિના તો પોતે– અર્થક્રિયા થઈ જ ન શકે. એમ જેના વિના જે રહી ન શકે તે તેનું વ્યાપ્ય કહેવાય, જેમ વહ્નિવ્યાપ્ય ધૂમ, માટે અર્થક્રિયા ક્રમ અને અક્રમની વ્યાપ્ય બની કહેવાય. અર્થક્રિયાકારિત્વ વિના સત્ત્વ રહી શકતુ નથી માટે સત્ત્વ અર્થક્રિયાકારિત્વનું વ્યાપ્ય કહેવાય.

कालकृतस्य च क्रमस्यैवाभावात् । अवस्थितस्यैव हि नानादेशकालव्याप्तिर्देशक्रमः कालक्रमश्चाभिधीयते । न चैकान्तविनाशिनि सास्ति । यदाहुः-

यो यत्रैव स तत्रैव यो यदैव तदैव सः ।
न देशकालयो र्व्याप्ति र्भावा[1]नामिह[2] विद्यते ॥

§ १२७. न च सन्तानापेक्षया पूर्वोत्तरक्षणानां क्रमः सम्भवति, सन्तानस्याऽवस्तुत्वात् । वस्तुत्वेऽपि तस्य यदि क्षणिकत्वं न तर्हि क्षणेभ्यः कश्चिद्विशेष :। अथाक्षणिकत्वम्, [3]सुस्थितः पर्यायैकान्तवादः ! यदाहु[4]:-

"अथापि नित्यं परमार्थसन्तं सन्ताननामानमुपैषि भावम् ।
उत्तिष्ठ भिक्षो ! फलिता[5]स्तवाशाः सोऽयं समाप्तः क्षणभङ्गवादः ॥" [न्यायम० पृ० ४६४] इति ।

§ १२८. नाप्यक्रमेण क्षणिकेऽर्थक्रिया सम्भवति ।

શકે છે, તેવો દેશક્રમ અને એક કાલથી બીજા કાલમાં રહી શકે તે કાળક્રમ એવાં ક્રમને પામી શકે છે. વિવિધ દેશકાળમાં વ્યાપ્તિ-વ્યાપ્ત થઈ રહેવું તેનું જ નામ દેશક્રમ-કાળક્રમ છે. એકાન્તક્ષણ વિનાશી પદાર્થમાં તેનો સંભવ નથી. તેથી કહ્યું છે કે જે પદાર્થ જ્યાં જે જે કાળે ઉત્પન્ન થાય ત્યાં તે કાળમાં રહી જાય છે, અન્ય દેશ-કાળમાં જતો નથી. એટલે એકાન્ત પર્યાયવાદમાં દેશકાળની વ્યાપ્તિનો સંભવ નથી.

૧૨૭. બૌદ્ધ → સંતાન અર્થાત્ પર્યાયની અપેક્ષાએ વસ્તુમાં ક્રમ બની શકે છે.

જૈન → આવું ન બને, કારણ કે સંતાન નામની કોઈ વસ્તુ જ નથી. તેને વસ્તુરૂપ માનતા પહેલો પ્રશ્ન એ આવીને ઉભો રહે છે તે ક્ષણિક છે કે નિત્ય ? ક્ષણિક માનો તો ક્ષણથી સન્તાનમાં કાંઇ વિશેષતા ન રહી. એટલે ક્ષણ રૂપ પદાર્થ પણ ક્ષણિક હોવાથી એકક્ષણ જ ટકે છે અને તમે માનેલ સન્તાન પણ ક્ષણિક હોવાથી એક ક્ષણ ટકે છે, તો પછી બન્નેમાં ફેર શું રહ્યો ? જો સંતાન વધારે સમય ટકી રહેતો હોત તો તેના આધારે ક્રમથી અર્થક્રિયા થઈ શકત, પણ હવે તો તે પણ ક્ષણિક હોવાથી તમારો મુનસૂબો સંતાન માનવા છતાં સિદ્ધ થશે નહીં. હવે જો અક્ષણિક માનો તો તમારો પર્યાય એકાન્તવાદ બહુ સારી રીતે સ્થિર થઈ ગયો કહેવાય ! એટલે એક બાજુ બધુ ક્ષણિક છે. અને બીજી બાજુ બોલે કે સંતાન ક્ષણિક નથી, તો એમાં હવે તમારે એકાન્ત ક્યાં રહ્યો ? વળી ન્યાયમંજરી (પૃ.૪૬૪)માં કહ્યું છે....

જો નિત્ય અને પરમાર્થથી સત્ સંતાન નામક ભાવને તું સ્વીકારે છે તો હે ભિક્ષો ! તું ઉભો થા ! તારી આશા ફળવતી[1] બની ગઈ. તે આ ક્ષણ ભંગવાદ ખતમ થઈ ગયો.

૧૨૮. ક્ષણિક પદાર્થમાં યુગપત્ અર્થક્રિયા સંભવતી નથી, ક્ષણ માત્ર ટકનાર રૂપાદિ એક જ ક્ષણ

---

१ कर्तरि षष्ठी । २ पर्यायैकान्तवादे । ३ ०त्वं न सु०-डे० । ४ यदुक्तम्-डे० । ५ ०ता तवा०-डे० ।

---

१ આ પંક્તિ ઉપહાસમાં વપરાયેલી છે, કોઈના પરોણા થઈને ગયા છતાં તેણે કાંઇ આગતા સ્વાગતા ન કરી હોય અને પછી આપણી પાસે આવી પ્રશંસા સાંભળવા માંગે ત્યારે કહેવાય અહો ! ભાઈ ! તમે તો બહુ સરસ ભક્તિ કરી, એમ અહીં તારી આશા ફળી! સમસ્ત પદાર્થને ક્ષણિક સિદ્ધ કરવાની એની આશા હતી અને પોતે નિત્ય માનવાની વાત કરે છે, તેથી તેની આશા ફળવાન્ બનવાની જ નથી માટે મશ્કરીમાં એમ કહ્યું છે.

स ह्येको [1]रूपादिक्षणो युगपदने[2]कान् रसादिक्षणान् जनयन् यद्येकेन स्वभावेन जनयेत्तदा तेषामेकत्वं स्यादेकस्वभावजन्यत्वात् । अथ नानास्वभावैर्जनयति-किञ्चिदुपादानभावेन किञ्चित् सहकारित्वेन, ते तर्हि स्वभावास्तस्यात्मभूता अनात्मभूता वा ? अनात्मभूताश्चेत्, स्वभावहानिः । यदि तस्यात्मभूताः, तर्हि तस्यानेकत्वं स्वभावानां चैकत्वं प्रसज्येत । अथ य एवैकत्रोपादानभावः स एवान्यत्र सहकारिभाव इति न स्वभावभेद इष्यते, तर्हि नित्यस्यैकरूपस्यापि क्रमेण नानाकार्यकारिणः स्वभावभेदः कार्यसाङ्कर्यं च मा भूत् ।

(ભાવ) એક સાથે રસ ગંધ આદિ અનેક પદાર્થોને જો તે એક સ્વભાવથી ઉત્પન્ન કરતો હોય તો તે બધામાં એકત્વ- સમાનપણું આવી જશે, કારણ કે બધા એક સ્વભાવથી ઉત્પન્ન થયેલાં છે એટલે રૂપરસાદિ બધાનું સ્વરૂપ એક સરખું બની જશે.

ક્ષણિકવાદી → ભિન્ન ભિન્ન અનેક સ્વભાવથી રૂપાદિ ઉત્પન્ન થાય છે, રૂપ પોતાનાં ઉત્તરક્ષણવર્તી રૂપને પ્રતિ ઉપાદાન કારણરૂપે બનીને અને રસાદિને પ્રતિ સહકારી-નિમિત્તકારણ બનીને તે રૂપ-રસાદિને ઉત્પન્ન કરે છે. એમ રસ આદિ પણ સજાતીય પ્રતિ ઉપાદાન બનીને અને વિજાતીય પ્રતિ નિમિત્ત કારણ બનીને રૂપ-રસાદિને પેદા કરે છે.

જૈના → જો આમ છે તો તે અનેક સ્વભાવ તે પદાર્થથી ભિન્ન છે કે અભિન્ન ? ભિન્ન હોય તો તે પદાર્થ સ્વભાવ વગરનો બની જશે અને એ અભિન્ન માનશો તો તે એક પદાર્થ અનેક રૂપ બની જશે એટલે કે તે નિરંશ ન રહી શકે. (કા.કે. સ્વભાવ અનેક છે અને પદાર્થ તેનાથી અભિન્ન છે, જેમ કળશ અને ઘટ અભિન્ન છે તો તે સમસંખ્યા વાળા જ જોવા મળે છે.) અથવા તેવા નિરંશ પદાર્થથી અનેક સ્વભાવ અભિન્ન થવાથી બધા જ સ્વભાવ એક રૂપ જ બની જશે.

ક્ષણિકવાદી → એક ઠેકાણે ઉપાદાન હોવું તે જ બીજે ઠેકાણે સહકારી ભાવ છે. એટલે અમે સ્વભાવ ભેદ માનતાં જ નથી. (જેમ રૂપ રૂપને પ્રતિ ઉપાદાન હોય છે, તો તેને-રૂપને રસાદિ પ્રતિ નિમિત્ત કારણ મનાય છે.)

જૈના → તો નિત્ય એક રૂપ પદાર્થ પણ ક્રમથી વિવિધ કાર્ય કરે તો પણ તેમાં સ્વભાવ ભેદ અને નિત્યપદાર્થ એક જ સ્વભાવથી બધા કાર્ય કરતો હોય તો એક જ સાથે અનેક કાર્યનો શંભુ મેળો થવાનો પ્રસંગ આવશે નહીં, [સદાકાળ એક જ સ્વભાવ હોય તો હંમેશા એક જ કાર્ય કરશે, હવે જો જુદા જુદા કાર્ય ક્રમથી કરશે તો ક્રમશઃ તેનો સ્વભાવ બદલાતો રહેશે એમ તેમાં સ્વભાવ ભેદ માનવો પડશે. જેમ સદા કાળ ઠંડા રહેવાનો જેનો સ્વભાવ છે છતાં તે થોડીવારમાં ગરમ, પછી પાછો ઠંડો અને તીવ્ર, મંદ અનેક જાતના કાર્ય કરતો હોય તો= જો એક જ સ્વભાવથી બધુ થતું હોય તો તેને એક સાથે ગરમ- ઠંડો વિગેરે થવાનો પ્રસંગ

૧ બીજપૂરાદૌ । ૨ યુગપદેકાન્-તા ૦ ।

अथाक्रमात् क्रमिणामनुत्पत्तेर्नैव[1]मिति चेत्, एका[2]नंशकारणात् युगपदनेककारणसाध्यानेककार्यविरोधात् क्षणिकानामप्यक्रमेण[3] कार्यकारित्वं मा भूदिति पर्यायैकान्तादपि क्रमाक्रमयोर्व्यापकयोर्निवृत्त्यैव व्याप्याऽर्थक्रियापि व्यावर्तते । तद्व्यावृत्तौ च सत्त्वमपि व्यापकानुपलब्धिबलेनैव निवर्तत इत्यसन् पर्यायैकान्तोऽपि ।

આવે, જે અયોગ્ય છે. માટે ભિન્ન ભિન્ન કાર્યો માટે સ્વભાવ ભેદ માનવો જરૂરી છે. [અને આપણે કહીશું કે આ માણસતો હવે બદલાઈ ગયો પહેલા તો એકદમ ગરમ સ્વભાવનો હતો હવે તો ઠંડોગાર બની ગયો છે. એટલે કાર્ય ભેદ સ્વભાવભેદની ચાડી ખાય છે] જેમ પદાર્થ એક સાથે અનેક કાર્ય કરેતો પણ તેનો સ્વભાવ બદલાતો નથી, તો પછી ક્રમશઃ જુદા જુદા કાર્ય કરે તો શું કામ સ્વભાવ બદલવો પડે ? કાર્ય ભેદતો બન્ને ઠેકાણે સમાન જ છે. એટલે તમારા હિસાબે કાર્ય ભેદમાં સ્વભાવ બદલાતો ન હોવાથી નિત્ય પદાર્થની નિત્યતા ટકી રહેવાથી તે ક્રમથી કાર્ય કરશે એથી એક સાથે અનેક કાર્યોને ભેગાં થવાનું સાંકર્ય નહીં આવે અને ક્રમથી ભિન્ન ભિન્ન કાર્ય કરવા છતાં સ્વભાવમાં ભેદ પડતો નથી, જેમ એકજ ક્ષણપદાર્થ રૂપ રસ વિ. ભિન્ન કાર્ય કરે છે, છતાં તમને તેમાં સ્વભાવ ભેદ માન્ય નથી, માટે તેનું–નિત્યપદાર્થનું નિત્યપણું કે સ્થિરપણું હણાતું નથી અને કાર્ય કરતો રહેવાથી સત્ત્વપણું હણાતુ નથી. એમ માનીલો, જેથી એકાન્ત નિત્ય પદાર્થ માનવો સંગત ઠરશે.

ક્ષણિકવાદી→અરેભાઈ ! અક્રમ અર્થાત્ ક્રમ હીન એવા એકાન્ત નિત્ય પદાર્થથી ક્રમિક કાર્યની ઉત્પત્તિ ન હોઈ શકે. **नैवमिति** = માટે તમે કહ્યુ તેમ ન થઇ (ઘટી) શકે.

જૈના →તો તમે કયું હુકમનું પાનું લઈને બેઠા છો કે, જેથી તમે જીતી જશો, એટલે તમે માનેલ એક નિરંશ કારણથી એક સાથે અનેક કારણોથી સાધ્ય એવાં અનેક કાર્યોની ઉત્પત્તિ માનવામાં પણ વિરોધ આવે છે. એટલે રોટલી માટે લોટ, પાણી વગેરે; ચા માટે દૂધ, ચાની પત્તિ વિ.; મિઠાઈ માટે માવો, સાકર વિ.; અનેક કારણ સામગ્રી એકઠી કરવાની જરૂરત નહીં રહે, એક પદાર્થથી વિવિધ કાર્ય થઈ જશે, જેનો સાક્ષાત્ બાધ થાય છે. એથી ક્ષણિક પદાર્થો પણ અક્રમથી રૂપરસાદિ કાર્ય કરનારાં ના બની શકે. એમ ક્રમ અક્રમરૂપ વ્યાપકની નિવૃત્તિ થવાથી તેની વ્યાપ્ય અર્થક્રિયા પણ એકાન્ત પર્યાયથી નિવૃત્ત થઈ જાય છે. અને અર્થક્રિયાની વ્યાવૃત્તિ થવાથી તેનું વ્યાપ્ય સત્ત્વ નિવૃત્ત થઈ જાય. કારણ જ્યાં વ્યાપક જોવા ન મળે ત્યાં વ્યાપ્ય ન રહી શકે. જેમ વહ્નિના અભાવમાં ધૂમ ન રહી શકે. એથી પર્યાય એકાન્તવાદ પણ અસત્ છે.

[આમ દ્રવ્ય એકાંત માનશો તો જે પાણીને તમે પીવા જાઓ છો, તેમાં કશો ફેરફાર શક્ય ન હોવાથી પેટમાં જઈ પચવાની ક્રિયા કરશે નહીં, ઘડામાં હતું ત્યાં સુધી જીભને સ્વાદ આપવાની ક્રિયા કરતું ન હતું, તો

---

૧ नित्यस्यैकरूपस्यापि क्रमेणेत्यादिको ग्रन्थो न घटते । ૨ न हि एकोंऽश उपादानस्वरूपोऽन्यश्च सहकारिस्वरूपो भवन्मतेऽस्ति । ૩ -० मेणाकारि० -डे० ।

§ ૧૨૯. काणादास्तु द्रव्यपर्यायावु[1]भावप्युपागमन् पृथिव्यादीनि गुणाद्याधाररूपाणि द्रव्याणि, गुणादयस्त्वाधेयत्वात्पर्यायाः । ते च केचित् क्षणिका[2]ः केचिद्यावद्द्र[3]व्यभाविनः, केचिन्नित्या[4] इति केवलमितरेतरविनिर्लुठित[5]धर्मिधर्माभ्युपगमान्न समीचीनविषयवादिनः । तथाहि-यदि द्रव्यादत्यन्तविलक्षणं सत्त्वं तदा द्रव्यमसदेव भवेत् । सत्तायोगात् सत्वमस्त्येवेति चेत्, असतां सत्तायोगेऽपि कुतः सत्त्वम् ? सतां तु निष्फलः सत्तायोगः । स्वरूपसत्त्वं भावानामस्त्येवेति चेत्, तर्हि किं शिखण्डिना सत्तायोगेन ?। सत्तायोगात् प्राक्भावो न सन्नाप्यसन्, सत्तासम्बन्धात्तु सन्निति चेत्, वाङ्मात्रमेतत्,

જીભે અડતા પણ તે સ્વાદ આપવાની ક્રિયા કરશે નહીં. એકાંત ક્ષણિક પર્યાયરૂપ માનશો તો પણ જીભે અડતાજ તે નાશ પામી જવાથી તૃપ્તિ નહીં કરાવી શકે. ઉત્તરક્ષણ ઉત્પન્નપાણીથી તૃપ્તિ ન માની શકાય, કા. કે. જીભે અડે એ પાણીથી તો તૃપ્તિ ન થઈ તો અણસ્પર્શ્યા પાણીથી તૃપ્તિ માનવી અજુગતી છે, નહીંતર ઘડામાં પડેલા પાણીથી જ તૃપ્તિ થઈ જવાની આપત્તિ આવશે. એમ તે પાણી તૃપ્તિકારક બની શકતું નથી માટે તેને પીવાની ક્રિયા કરવી વ્યર્થ થશે.]

[બૌદ્ધોએ જૈનો ઉપર આક્ષેપ કરેલો કે એક જ પદાર્થ સત્ અને અસત્ રૂપે ન બની શકે, કા.કે. એકનો એક જ પદાર્થ અર્થક્રિયાને કરવાવાળો અને નહીં કરવાવાળો આવું કેવી રીતે ઘટી શકે. એક જ માણસ આંખથી દેખે છે નથી દેખતો એ કેમ બને ? એટલે સદસદવાદ-સ્યાદ્વાદ અયુક્ત છે. આચાર્ય હેમચંદ્રસૂરીએ આજ અર્થક્રિયાને શસ્ત્ર બનાવી તે બૌદ્ધનું ખંડન અને સ્વમતનું સ્થાપન- મંડન કર્યું છે.]

૧૨૯. કાણાદ → (વૈશેષિક મતવાદીઓ) દ્રવ્ય અને પર્યાય બન્નેને પદાર્થ સ્વીકારી ગુણાદિનાં આધારભૂત પૃથ્વી વગેરે દ્રવ્યો છે, ગુણાદિ તો આધેય હોવાથી પર્યાય છે. તેમાં કેટલાક બુદ્ધિ વગેરે ક્ષણિક છે અને કેટલાક દ્રવ્ય રહે ત્યાં સુધી રહેનારા છે, એટલે ઘટાદિ દ્રવ્ય નાશ પામે ત્યારે તે ગુણો નાશપામે છે જેમ ઘટાદિના રૂપ વિ., એમ સર્વદા રહેનારા નથી; તેમજ કેટલાક નિત્ય છે, જેમ કે જલપરમાણુના રૂપાદિ, ઘટત્વ વિ. સામાન્ય તે નિત્ય છે. નિત્ય તો સર્વદા રહે છે.

જૈના → પરન્તુ ધર્મી અને ધર્મને (પર્યાય ગુણ) સર્વથા ભિન્ન સ્વીકારતા હોવાથી વૈશેષિકોનું વિષય નિરૂપણ સમ્યક્ ન કહેવાય. તેનું કારણ આ છે કે જો સત્તા (સામાન્ય) દ્રવ્યથી સર્વથા વિલક્ષણ- ભિન્ન હોય તો દ્રવ્ય અસત્ બની જશે.

વૈશેષિક → સત્તાનો સમવાય સંબંધ દ્રવ્યમાં હોવાથી દ્રવ્ય સત્ છે.

જૈના → સ્વમાં જે પર્યાય હયાત ન હોય તેવા પર્યાયની સાથે સંબંધ હોય તો પણ તે તદ્વાન ન બની શકે. અસત્ સત્તા=પરસામાન્યના યોગ= સંબંધથી સત્ ન બની શકે. જેમ કોમ્પ્યુટરમાં જ્ઞાનનો યોગ કરવા છતાં તે કાંઈ ચેતન થોડું બની જાય છે ? અને સ્વભાવથી સત્ છે તો સમવાયનો યોગ-સંબંધ નિષ્ફળ બની જશે.

વૈશિષિક → પદાર્થોમાં સ્વરૂપ સત્તા રહેલી જ છે.

જૈના → તો પછી શિખંડીરૂપ—નપુંસક સમાન સત્તાસમવાયની શી જરૂર ? (તો પછી નપુંસક એવા સત્તાના યોગ વડે શું ?)

૧ -०वुभावप्यभ्युपा ०-डे० । ૨ बुद्ध्यादयः । ૩ घटरूपादयः । ૪ आप्यरूप्या(पा) दयः) [जलादिपरमाणुरुपादीनां नित्यवात्] । ૫ -०भिन्न० ।

सदसद्विलक्षणस्य प्रकारान्तरस्यासम्भवात् । अपि च '[1]पदार्थः सत्ता योगः' इति न त्रितयं चकास्ति । पदार्थसत्तयोश्च योगो यदि तादात्म्यम्, तदनभ्युपगमबाधितम् । अत[2] एव न संयोग[3]: समवायस्त्वनाश्रित इति सर्वं सर्वेण सम्बध्नीयान्न वा किञ्चित् केनचित् । एवं द्रव्यगुणकर्मणां द्रव्य[4]त्वादिभिः, द्रव्यस्य द्रव्यगुणकर्मसामान्यविशेषैः, पृथिव्यप्तेजोवायूनां पृथिवीत्वादिभिः, आकाशादीनां च द्रव्याणां स्वगुणैर्योगे यथायोगं सर्वमभिधानीयम्, एकान्तभिन्नानां केनचित्[5] कथञ्चित् सम्बन्धायोगात् इत्यौलूक्यपक्षेऽपि विषयव्यवस्था दुःस्था ।

વૈશેષિક → સત્તાના સમવાયની પૂર્વે પદાર્થ સત્ પણ નથી હોતો અને અસત્ પણ નથી હોતો, પરંતુ સત્તાના સંબંધે સત્ બને છે.

જૈના → આ તો માત્ર બોલવા પૂરતું જ છે.—તમારો વચન વિલાસ છે. અર્થાત્ બોલવાની હોશીયારી છે, સદ્ અસદ્ થી વિલક્ષણ ત્રીજો કોઈ પ્રકાર સંભવતો નથી. જે સત્ નથી તે અસત્ છે, અને જે અસત્ નથી તે સત્ છે, એનાથી જુદો ત્રીજો પ્રકાર જોવામાં આવતો નથી.

વળી પદાર્થ, સત્તા અને સંબંધ આ ત્રણેની પ્રતીતિ થતી નથી. જો પદાર્થ અને સત્તાનો સંબંધ તાદાત્મ્ય છે તો, તે તમે માનેલ ન હોવાથી બાધ આવે. સ્વથી ભિન્નમાં તમે તાદાત્મ્ય સંબંધ માનતા નથી માટે એ તાદાત્મ્ય સંબંધ અહીં માનવામાં આવે તો તમારા હિસાબે બાધિત બને છે. બન્ને દ્રવ્ય ન હોવાથી સંયોગ સંબંધ સ્વીકાર્યો નથી. સમવાય સંબંધ તો આશ્રય વગરનો (અર્થાત્ સર્વ વ્યાપી) સ્વતંત્ર છે. એટલે તેના દ્વારા સંબંધ કરવા જતા બધાની સાથે સંબંધ થઈ જશે. અથવા ન થાય તો કોઈની સાથે ન થાય.

આ દ્રવ્યનો દ્રવ્યત્વ સાથે, ગુણનો ગુણત્વ સાથે, કર્મનો કર્મત્વ સાથે, દ્રવ્યનો દ્રવ્ય એટલે અવયવનો અવયવી સાથે તેમજ ગુણ, કર્મ, સામાન્ય અને વિશેષ સાથે, પૃથ્વીનો પૃથ્વીત્વ અપ્નો અબ્ત્વ, તેજસ નો તેજસ્ત્વ, વાયુનો વાયુત્વની સાથે અને આકાશાદિ દ્રવ્યનો પોત પોતાનાં ગુણોની સાથે સંબંધની વાત કરતા યથાયોગ્ય ઉપરોક્ત બધુજ કથન કરી શકાય છે.

[જેમ આકાશ દ્રવ્યનો શબ્દ ગુણ સાથે સંયોગ સંબંધ નથી, તાદાત્મ્ય તન્મય તદ્રૂપ ન હોવાથી માનતા નથી, સમવાય માનો તો શબ્દ બીજા દ્રવ્યો સાથે કેમ ન જોડાયો કા.કે. તમારે હિસાબે તો સમવાય સંબંધ લાગુ પડયા પહેલા તો તે શબ્દ આકાશનો જ ગુણ તરીકે પ્રસિદ્ધ બનતો નથી એટલે સંબંધ થતા પહેલા તે શબ્દ બધા દ્રવ્યો પ્રત્યે સમાન રૂપે છે, માટે બધાની સાથે જોડાઈ શકે છે. જો આકાશમાં પહેલાથી જોડાયેલો માનશો, તો પછી સમવાયસંબંધ માનવાની જરૂર જ શી છે ? જો કાગળ પહેલેથી એકબીજા સાથે સલંગ જોડાયેલ જ છે, તો તેમને ગુંદર લગાડવાની શી જરૂર ? આવી પ્રશ્નની લંગાર ઉપરોક્ત પદાર્થોના સંબંધમાં લાગુ પડે છે.] આનો સાર એ છે કે એકાન્ત ભિન્ન પદાર્થોનો કોઈની પણ સાથે કોઈ પણ જાતનો સંબંધ બની શકતો નથી.

१ पदार्थस० -डे० । २ अनभ्युपगमबाधितत्वात् एव । ३ संयोगो हि द्रव्ययोरेव । ४ आदेर्गुणत्वक्रमत्वे । ५ केनचित् सम्ब०-ता० मु० ।

§ ૧૩૦. ननु द्रव्यपर्यायात्मकत्वेऽपि वस्तुनस्तदवस्थमेव दौस्थ्यम्, तथाहि-द्रव्य-पर्याययोरेकान्तिकभेदाभेदपरिहारेण कथञ्चिद्भेदाभेदवादः स्याद्वादिभिरुपेयते, न चासौ युक्तो विरोधादिदोषात्विधि-प्र[1]तिषेधरूपयोरेकत्र वस्तुन्यसम्भवान्नीलानीलवत् १ । अथ केनचिद्रूपेण भेदः केनचिदभेदः, एवं सति भेदस्यान्यदधिकरणमभेदस्य चान्यदिति वैयधिकरण्यम् २ ।

એમ ઔલુક્ય અર્થાત્ વૈશેષિક મતમાં પણ વિષય વ્યવસ્થા બેસાડવી મુશ્કેલ છે.

૧૩૦. શંકાકાર → વસ્તુને દ્રવ્ય પર્યાય સ્વરૂપ માનવામાં આવે તો પણ અસંગતિ તો અડીખમ ઉભી જ રહે છે. સ્યાદ્વાદી દ્રવ્ય પર્યાય વચ્ચેના એકાન્ત ભેદ અને અભેદનો ત્યાગ કરી કદાચિત્ ભેદાભેદ માને છે. આ વાદ યુક્ત નથી. આમાં વિરોધ વગેરે આઠ દોષો આવે છે.

(૧) વિરોધ : ભેદ અને અભેદ વિધિ નિષેધ સ્વરૂપ છે માટે એક વસ્તુમાં સંભવી ન શકે. જેમકે "આત્માનો જ્ઞાનથી ભેદ છે" આ વિધિ છે, તે અભેદના નિષેધ રૂપ જ થઈને. કારણ કે અભેદ ન હોય તેને જ તો ભેદ કહેવાય છે. જેમ એક જ ઘટમાં જ્યાં નીલ છે ત્યાં અનીલ—નીલ સિવાય (રંગ) ન રહી શકે. જ્યાં તડકાનો ઉપલંભ—અનુભવ ન થાય, ત્યાં જ છાયા હોઈ શકે. જે જેના ઉપલમ્ભના અભાવથી સાધ્ય હોય તે તેનો વિરોધી કહેવાય. જેમ છાયા આતપના ઉપલમ્ભના અભાવથી સાધ્ય છે, તો છાયા આતપ વિષે વિરોધ છે. એટલે જ્યાં ભેદના ઉપલંભનો અભાવ હશે ત્યાંજ અભેદ મળશે. માટે એકમાં બન્ને રહી ન શકે.

(૨) વૈયધિકરણ્ય : કોઈક રૂપથી ભેદ અને કોઈક રૂપે અભેદ. સંજ્ઞા—નામની અપેક્ષાએ જ્ઞાન અને આત્મા વચ્ચે ભેદ છે, એટલે ભેદનું અધિકરણ સંજ્ઞા બનશે, અને દ્રવ્યરૂપથી અભિન્ન છે, એથી અભેદ દ્રવ્યમાં રહેશે. એમ ભિન્ન અધિકરણ રૂપે રહેવુ તે વૈયધિકરણ્ય. જેમ ગુજરાતની અપેક્ષાએ જે શિક્ષામંત્રી છે, તે શિક્ષામંત્રી રૂપે કાર્ય કરવા ગુજરાતમાં સમર્થ બની શકશે અર્થાત્ તે રૂપે પોતે ગુજરાત રહેશે અને મધ્યપ્રદેશની અપેક્ષા એ બાંધકામ મંત્રી છે, તો તત્સંબંધી કાર્ય કરવા તે મધ્યપ્રદેશમાં સમર્થ બની શકશે, બન્ને કાર્ય એક ક્ષેત્રમાં ન કરી શકે. ગુજરાતને આશ્રયી બન્ને પદ મળ્યા હોય તો એક જ અધિકરણમાં કાર્ય કરી શકત, જ્યારે તમે એક પદાર્થમાં ભેદાભેદ કહો છો, પણ તેમને રહેવાનું સ્થળ ભિન્ન ભિન્ન આવે છે, એટલે એમ કહેશો તો ભેદનું અધિકરણ અને અભેદનું અધિકરણ ભિન્ન બનવાથી વૈયધિકરણ્ય અર્થાત્ બે આશ્રયસ્થાનો પરસ્પર વિરોધી હોવાનો દોષ આવશે. એટલે તમારે ભેદઅને અભેદ બન્ને એક ઠેકાણે કહી ન શકાય.

વ્યધિકરણ એક ભાઈ ગુજરાતનો બાંધકામ મંત્રી હોય અને મધ્યપ્રદેશનો શિક્ષામંત્રી હોય તો તે યોગ્ય કાર્ય તે તે જુદા દેશમાં જ કરી શકે છે, એક જ ઠેકાણે બન્ને જાતનું કાર્ય ન થઈ શકે એટલે મંત્રીની અપેક્ષાએ ભિન્ન અધિકરણવાલા બને છે. એમ વસ્તુ જે અપેક્ષાએ ભિન્ન તે ભેદ યોગ્ય કામ તેમાં-સંજ્ઞા વિગેરેમાં જ કરી શકશે, દ્રવ્યમાં નહી, એમ અભેદ યોગ્ય કાર્ય પણ અન્યત્ર-દ્રવ્ય વિ.માં થશે

१ भेदाभेदरूपयोः ।

यं चा[1]त्मानं पुरोधाय भेदो यं चाश्रित्याभेदस्तावप्यात्मानौ भिन्नाभिन्नावन्यथैकान्तवादप्रसक्तिस्तथा च सत्यनवस्था ३ । येन च रूपेण भेदस्तेन भेदश्चाभेदश्च येन चाभेदस्तेनाप्यभेदश्च भेदश्चेति सङ्क[2]रः ४।

એમ વ્યધિકરણ સ્પષ્ટ છે, ભેદ અને અભેદનું અધિકરણ ભિન્ન છે તે સ્પષ્ટ દેખાય છે.

(૩) અનવસ્થા → [જે વ્યક્તિસામાન્યમાં સાચી ખોટી શંકા કરે પછી પુનઃ અલગ પાડેલી સજાતીય વ્યક્તિઓમાં પણ તેવી જ શંકા કર્યા કરે તો તેનો ક્યારે પાર નહીં આવે, જેમકે આષાઢાચાર્યનું શરીર અને સાધુભેગા છે ત્યાં શંકા કરવી યોગ્ય છે, પણ તેમને અલગ કરી તેને-આચાર્યના દેહને જુદા કર્યા પછી શેષ રહેલ સાધુમાં પુનઃ આષાઢાચાર્યના શિષ્યોને પહેલા આષાઢાચાર્યમાં દેવનું જ્ઞાન થતા અન્ય સાધુઓમાં દેવની શંકા જાગી તે ખોટું થયું, કારણ કે આચાર્ય સિવાય શેષ સાધુઓ સત્ય હોવા છતાં તેમાં પણ દેવની શંકા કરી તેને દૂર કરાવનાર કોઈ નથી કા.કે. એવી કોઈ નિશાની નથી કે જેનાથી જણાઈ શકે આ દેવ છે કે સત્યસાધુ છે'' હવે અન્ય સમુદાયના સાધુમાં તેવી શંકા જાગી ત્યાં પણ આવી કોઈ નિશાની મળવાની નથી કે તે શંકા દૂર થઈ શકે કા.કે. સ્વકુલના અને અન્યકુલના સાધુતો સત્ય અને સમાન છે, તેવા સજાતીયમાં શંકા પડે તેને દૂર કરી શકાતી નથી. ગણમાં શંકા જાગી ગચ્છમાં શંકા જાગી એમ એક એકથી અલગ પાડતા જાય છે, પણ શંકાનો પાર આવતો નથી એટલે એકદિવસ બધા જ સાધુ સત્ય સ્વરૂપે અવ્યકૃત છે એમ માની વંદનાદિ છોડી દીધુ. એમ ભેદમાં પુનઃભેદાભેદ શંકા કરતા આવી અનવસ્થાની આપત્તિ આવે.] જે સ્વરૂપથી ભેદ છે, અને જે સ્વરૂપને આશ્રયી અભેદ છે, તે બન્ને સ્વરૂપમાં પણ ભેદાભેદ માનવો પડશે. જો તેમાં આવો ભેદાભેદ ન માનો તો એકાન્તવાદ સ્વીકારવાનું આવી પડશે. અને ભેદાભેદ માનશો તો અનવસ્થા ઉભી થશે. કારણ કે દરેક દરેક ભેદાભેદ માટે નવા નવા સ્વરૂપની કલ્પના કરવી પડશે. તમારે ત્યાં કહેવું પડશે કે અમુક સ્વરૂપની અપેક્ષાએ આ સ્વરૂપમાં આ ભેદ છે. અને અમુક સ્વરૂપની અપેક્ષાએ આ સ્વરૂપમાં અભેદ છે. એમ કરશો એટલે પાછી એની એ વાત ઉભી થશે, એટલે અનવસ્થા આવી પડશે.

(૪) સંકર → સંકર દોષ એટલે કે પરસ્પર ભિન્ન અધિકરણવાળાનું એકઠેકાણે આવી પડવું, ભેળસેળ ન થવી જોઈએ એટલે જે ભિન્ન હોય તે અભિન્ન ન હોય અને જે અભિન્ન હોય તે ભિન્ન ન હોય. છતાં તમારે પોતાની વાત-અનેકાંતવાદને પકડી રાખતા આ દોષ આવે છે. તે આ પ્રમાણે એક વસ્તુમાં જે સ્વભાવથી ભેદ છે, તે જ સ્વરૂપથી ભેદ અને અભેદ માનવો પડશે. અને જે સ્વભાવથી અભેદ છે તેજ સ્વભાવથી અભેદ અને ભેદ માનવો પડશે, નહીંતર તે સ્વભાવમાં એકલો ભેદ કે એકલો અભેદ રહેશે તો એકાંતવાદ આવીને ઉભો રહેશે. એમ સંકર અર્થાત્ ભેળસેળનો દોષ આવે.

१ स्वभावम् । २ युगपदुभयप्राप्तिः सङ्करः ।

येन रूपेण भेदस्तेनाभेदो येनाभेदस्तेन भेद इति व्यतिकरः ५ । भेदाभेदात्मकत्वे च वस्तुनो विविक्तेनाकारेण निश्चेतुमशक्तेः संशयः ६ ।

સંકર : ગૃહસ્થ છકાયના વધવાળા મકાનમાં રહેનાર છે, સાધુ છકાયની રક્ષાવાળી વસતિમાં રહેનાર છે, એમ ભિન્ન અધિકરણવાળા ગૃહસ્થ અને સાધુને એક ઠેકાણે રહેવુ સંકર દોષ રૂપ બને છે. (સંયમવિરાધના વિ. થવાથી) ભેદને રહેવાનું સ્વરૂપ જુદુ છે અને અભેદને રહેવાનું સ્વરૂપ જુદુ છે, માટે ભિન્ન અધિકરણમાં રહેનાર છે. છતાં તમારે જે સ્વરૂપથી ભેદ છે તેજ સ્વરૂપમાં અભેદ પણ માનવો પડશે. માટે સંકર દોષ સ્પષ્ટ છે.

(૫) વ્યતિકર →જે રૂપથી ભેદ છે એજ રૂપથી અભેદ અને જે રૂપથી અભેદ તેજ રૂપથી ભેદ પણ માનવો પડશે (કા.કે. તમે એક વસ્તુમાં ભેદાભેદ માનેલો છે) તેથી વ્યતિકર અરસ-પરસ વિષય બદલાઈ જવો અર્થાત્ ઉલટાસુલટી એ દોષ આવી પડે. એટલે તમારે જે સ્વભાવથી ભેદ માનવાનો હતો તે સ્વભાવથી અભેદ માનવાનું આવ્યું, અને જે સ્વભાવથી અભેદ માનવાનો હતો તે સ્વભાવથી ભેદ માનવાનું આવ્યુ. જે માણસ દ્વારા તમારે માલ લાવવાનો હતો તેના દ્વારા પૈસા મંગાવ્યા અને જે માણસ દ્વારા તમારે પૈસા મંગાવવાના હતા તેના દ્વારા માલ અણાવ્યો. હવે માલ લાવવો એક મજૂર માણસનું કામ છે. જ્યારે પૈસા મંગાવવા એ એક વિશ્વાસું માણસનું કામ છે, તેમાં ઉલટુ સુલટુ થાય તો કેવું ભયંકર નુકશાન થઈ જાય. તો તમે આ ભયાનક પરિણામનો વિચાર કેમ કરતા નથી ?

(૬) સંશય → વસ્તુને ભેદાભેદાત્મક માનતા પૃથક્ રૂપથી જુદુ જુદુ દર્શાવીને વસ્તુનો નિશ્ચય કરવો અશક્ય બની જવાથી સંશય દોષ આવશે. [જેમકે ઘણી વસ્તુ પડી હોય તેમાંથી પેનનો ભેદ જણાય તો તેને અલગ તારવીને નિશ્ચયથી કહી શકાય કે આ પેન જ છે. પણ તેમની સાથે તેનો અભેદપણ હોય તો અલગ પાડીને સ્પષ્ટ રૂપે કેવી રીતે કહી શકાય કે આ પેનજ છે. (કા.કે. અભેદ હોવાથી જુદી તારવી જ ન શકાય) જેમ બાજરી ઘઉંનો લોટ મિશ્ર કરીને બનાવેલી રોટલીને આ ભાગ ઘઉંનો જ છે એમ કહી શકાતુ નથી. અમુક ભાગ ઘઉંનો જ છે, અમુક બાજરીનો જ છે એમ નિશ્ચય ન કરી શકાય. કારણ કે બન્ને જુદા પડી શકતા નથી. જ્યારે છુટા ધાન્ય જુદા પડી શકે છે તો અલગ તારવીને તેમનો નિશ્ચય કરી શકાય છે.

(૭) અપ્રતિપત્તિ →અજ્ઞાન, સંશય થવાથી વ્યવસ્થિત જ્ઞાનનો અભાવ થઈ જાય છે. બાજરી ઘઉં વિગેરે બધુ મિશ્રિત હોવાના કારણે જુદા ન પડવાથી સંશય રહે છે, તેના કારણે તે વસ્તુનું વ્યવસ્થિત જ્ઞાન

१ परस्परविषयगमनं व्यतिकरः ।

ततश्चाप्रतिपत्तिः ७ इति न विषयव्यवस्था ८ । नैवम्, प्रतीयमाने वस्तुनि विरोधस्यासम्भवात् । यत्सन्निधाने यो नोपलभ्यते स तस्य विरोधीति निश्चीयते । उपलभ्यमाने च वस्तुनि को विरोधगन्धावकाशः ?। नीलानीलयोरपि यद्येकत्रोपलम्भोऽस्ति तदा नास्ति विरोधः । एकत्र चित्रपटीज्ञाने सौगतैर्नीलानीलयोर्विरोधानभ्युपगमात्, यौगैश्चैकस्य चित्रस्य रूपस्याभ्युपगमात्, एकस्यैव च पटादेश्चलाचलरक्तारक्तावृतानावृतादिविरुद्धधर्माणामुपलब्धेः प्रकृते को विरोधशङ्कावकाशः ? ।

સંભવી ન શકે. ઘઉંની કે બાજરીની ખાત્રી કરી શકાય નહીં.

(૮) વિષય વ્યવસ્થાનો અભાવ→જ્ઞાનનાં અભાવથી વિષય વ્યવસ્થા ખોરવાઈ જાય "આ ચોર જ છે, કે આ સાહુકાર છે" આવું કોઈ ચોક્કસ જ્ઞાન ન થવાથી આવકાર આપવો કે તિરસ્કાર કરવો વગેરે કોઈ પણ જાતની પ્રવૃત્તિ તેનાં પ્રત્યે થઈ શકતી નથી. આ મારે ઉપયોગી છે," એમ સમજીને હું ગ્રહણ કરું, બિન ઉપયોગી જાણી છોડી દઉં આવી કોઈ વ્યવસ્થા થઈ શકશે નહીં. જ્યારે પ્રમાણની પરીક્ષા જ આ વ્યવસ્થા માટે કરવાની હતી એટલે મૂળમાં જ કુઠારઘાત થયો. એમ વસ્તુમાં સંશય રહેવાથી આ વસ્તુને આમ જ કહેવાય આવો વ્યપદેશ કરી શકાતો નથી. અને તેથી તેતે વિષયાનુસાર પ્રવૃત્તિપણ અટકી જાય છે.

આઠ દોષનો નિરાસ

જૈના : સ્યાદ્વાદમાં આવાં કોઈ દોષને અવકાશ નથી. સામે પડેલી વસ્તુ સાક્ષાત્ તે રૂપે પ્રતીત થતી હોય તેમાં વિરોધ અસંભવિત છે. "જેની હાજરીમાં જેની ઉપલબ્ધિ થતી નથી તે તેનો વિરોધી" એવું નક્કી કરી શકાય છે. ઉપલબ્ધ થનારી વસ્તુમાં વિરોધની ગંધ ક્યાંથી હોય ? નીલ અને અનીલ પણ બન્ને એક ઠેકાણે જોવા મળી જાય તો તેમાં પણ વિરોધ ન રહે. બૌદ્ધોએ એક ચિત્રપટ જ્ઞાનમાં નીલ અને અનીલનો વિરોધ માન્યો નથી. યોગ મતાવલંબીઓએ પણ ચિત્રરૂપને એક જ માન્યુ, એક જ વસ્ત્ર વગેરેનો છેડો ઉડતો હોય શેષ સ્થિર હોય, કોઈક ઠેકાણે રંગાયેલુ હોય અન્ય ઠેકાણે રંગાયા વગરનું પણ હોય, અડધુ વસ્ત્ર કોઈક વસ્તુથી ઢંકાયેલુ હોય અને અડધુ ઢંકાયા વગરનું આદિ પરસ્પર વિરોધી ધર્મો જોવા મળે છે. તો પછી એક વસ્તુમાં દ્રવ્ય પર્યાય રૂપતા, વળી તેમાં ભેદાભેદ માનવામાં વિરોધની શંકાને સ્થાન જ નથી.

આમ વિરોધ દોષના પરિહારથી વૈયધિકરણ્ય દોષનો પણ નિરાસ થઈ જાય છે. ઉપર કહેલી યુક્તિથી દ્રવ્ય પર્યાયનું એકાધિકરણ પ્રતીત થાય છે, તેથી વૈયધિકરણ્ય દોષ નથી રહેતો, કારણ કે સોનું દ્રવ્યરૂપે સ્થિર

---

१ छयेवातपस्य । २ परोक्षादृष्टान्तं दूषयन्नाह । ३ योगः प्रत्याहारादिस्तं वेत्त्यधीते वा यौगः "तद्वेत्त्यधीते" [हैमश० ६. २. ११७] इत्यण् । ४ चित्ररूपस्य एकस्याऽवयविताऽभ्युपगमात् । ५ एकस्यैव पटा० -डे० ।

एतेन वैयधिकरण्यदोषोऽप्यपास्तः, तयोरेकाधिकरणत्वेन प्रागुक्तयुक्तिदिशा[૧] प्रतीतेः। यदप्यनवस्थानं दूषणमुपन्यस्तम् तदप्यनेकान्तवादिमतानभिज्ञेनैव, तन्मतं हि द्रव्यपर्यायात्मके वस्तुनि द्रव्यपर्यायावेव भेदः भेदध्वनिना तयोरेवाभिधानात्, द्रव्यरूपेणाभेदः इति द्रव्यमेवाभेदः एकानेकात्मकत्वाद्वस्तुनः ।

છે, તેનું એરીંગથી વલયમાં રૂપાન્તર જોવા મળે છે, એટલે દ્રવ્યરૂપે જે સોનું છે, તેમાં વિવિધઆકારના પર્યાય સ્પષ્ટ જોવાય છે, સુવર્ણનું જે અધિકરણ છે તેનાથી એરીંગ કે વલયાકાર માટે અલગ આશ્રયની જરૂર પડતી નથી, તો પછી ભિન્ન અધિકરણ ક્યાં થયું ? એમ દ્રવ્ય અને પર્યાયને એક ઠેકાણે રહેવામાં વાંધો નથી તો પછી અમે જે દ્રવ્યની અપેક્ષાએ અભેદ માન્યો છે, અને પર્યાયની અપેક્ષાએ ભેદ માન્યો છે તે પણ એક ઠેકાણે રહી જ શકશે ને.

અનેકાન્તવાદનાં મર્મને નહીં જાણવાથી પૂર્વપક્ષી અનવસ્થા દોષ અનેકાન્તવાદમાં જુએ છે. પણ અમારા મતમાં દ્રવ્યપર્યાયાત્મક વસ્તુમાં આ દ્રવ્ય છે, આ પર્યાય છે એમ જુદા જુદા નામથી- શબ્દથી પ્રતીતિ થતી હોવાથી ભેદ માનવામાં આવે છે. એટલે દ્રવ્ય અને પર્યાય એટલો માત્ર જ ભેદ છે. દ્રવ્ય રૂપથી તો અભેદ છે. માટી અને ઘડો આ ભેદ રૂપકથન છે. જ્યારે ઘટાત્મક માટીને ગ્રહણ કરવા જતાં ઘટને જુદો પાડી શકાતો નથી, માટે ત્યાં અભેદ કહેવાય, એટલે વસ્તુ એક અને અનેકરૂપે છે જ. તમારી જેવી દૃષ્ટિ તેવું દેખાય. એટલે "સર્વથા વસ્તુમાં ભેદાભેદ છે", એવું અમો માનતા જ નથી, તેથી પુનઃ તેના સ્વરૂપમાં નવા ભેદાભેદની કલ્પના કરી અનવસ્થા આપી શકાય તેમ નથી. અમારે ત્યાં સ્વરૂપમાં ભેદાભેદ જ હોય આવો એકાંતવાદ પણ નથી, અમુક સ્વરૂપથી ભેદ છે, તો અમુક સ્વરૂપથી અભેદ છે. એક જ સ્વરૂપમાં તો અમે ભેદાભેદ માનતા જ નથી તો અનવસ્થા ક્યાંથી ? જો દરેકે દરેક સ્વરૂપમાં ભેદાભેદ જ માનીએ તો એકાંતવાદ આવી જાય. અરે! અમો સર્વથા ભેદાભેદની પક્કડ નથી રાખતા, આજ તો અમારા મતનો અનેકાન્તવાદ છે. અને "પર્યાય રૂપે ભેદ જ છે, દ્રવ્યરૂપે અભેદ જ છે." એમ માનતાં સદ્ એકાન્તવાદ અમને માન્ય છે. એટલે અમને સર્વથા અનેકાન્તવાદ પણ માન્ય નથી. અન્યથા અનેકાન્તવાદમાં એકાન્તવાદ આવી જાય.

જેમ અનેક વર્ણના અધિકરણ ભિન્ન હોય છે, છતાં પંચવર્ણીરત્નમાં-એક જ અધિકરણમાં અનેક વર્ણ રહી શકે. આવું સાક્ષાત્ જોવાતું હોવાથી તેને ભેળસેળ નથી કહેવાતી. તેમ જ્યાં દ્રવ્ય અપેક્ષાએ અભેદ છે, ત્યાં જ પર્યાય ભેદ સાક્ષાત્ જોવાય છે, એટલે ભેદ અભેદનું પરસ્પર ભિન્ન અધિકરણ જ નથી મળતું તેથી સુવર્ણ અને તેના પર્યાયમાં ભેદાભેદનો સંકર દોષ લાગુ પડતો નથી. અને વળી જે ગોત્વ ગાયોમાં અનુવૃત્તિનું

૧ विज्ञानस्यैकमाकारं नानाकारकरम्बितम् ।

यौ च सङ्करव्यतिकरौ तौ मेचकज्ञाननिदर्शनेन सामान्यविशेषदृष्टान्तेन च परिहृतौ । अथ तत्र तथाप्रतिभासः समाधानम्, परस्यापि तदेवास्तु प्रतिभासस्यापक्षपातित्वात् । निर्णीते चार्थे संशयोऽपि न युक्तः, तस्य सकम्पप्रतिपत्तिरुपत्वादकम्पप्रतिपत्तौ दुर्घटत्वात् । प्रतिपन्ने च वस्तुन्यप्रतिपत्तिरिति साहसम् । उपलब्ध्यभिधानादनुपलम्भोऽपि न सिद्धस्ततो नाभाव इति दृष्टेष्टाविरुद्धं द्रव्यपर्यायात्मकं वस्त्विति ॥३२॥

કામ કરે છે, તે જ અશ્વાદિથી વ્યાવૃત્તિનું કામ કરતું દેખાય છે, એટલે અનુવૃત્તિ કરાવનાર ગોત્વજ વ્યાવૃત્તિ કરાવી શકે છે અને વ્યાવૃત્તિ કરાવીને પુનઃઅનુવૃત્તિ કરાવી શકે છે, તેમાં કશો કોઈને વાંધો નથી. માટે વ્યતિકર દોષ નથી લાગતો. અમે તો ભેદાભેદ એક વસ્તુમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ માનતા હોવાથી એટલે કે એક જ સ્વભાવથી પહેલા ભેદ માની તેજ સ્વભાવથી તે જ સ્વરૂપથી કાંઇ અમે અભેદ નથી માનતા. પરંતુ પરાવર્તન પરિણામના સ્વભાવથી ભેદ માનીએ છીએ અને સ્થૈર્ય પરિણામના સ્વભાવથી અભેદ માનીએ છીએ, તો પછી વ્યતિકર ક્યાં રહ્યો ?

એક જ રત્ન પાંચ વર્ણવાળું હોય કે નહી, એટલે મેચક જ્ઞાન રત્ન રૂપે એક છે અને વર્ણ રૂપે અનેક છે કે નહીં. અપર સામાન્ય ગોત્વ સમસ્ત ગો જાતિમાં રહેવાથી ગોત્વસામાન્ય છે અને વિજાતીય પદાર્થોથી ગોને વ્યાવૃત્ત કરતું હોવાથી વિશેષ પણ છે. એમ અપેક્ષાએ ભિન્ન ભિન્ન દૃષ્ટિથી ભેદ અને અભેદ એક વસ્તુમાં રહી શકે છે. એટલે સંકર અને વ્યતિકર દોષનો પરિહાર થઈ જાય છે.

એકાન્તવાદી → ત્યાં મેચક જ્ઞાનમાં તો અનેક પ્રકારનો પ્રતિભાસ થાય છે માટે માની શકાય.

જૈના → તો અહીં પણ અનેકાન્તવાદનાં ચશ્મા પહેરીને જુઓ, બધુ સંગત જણાવા લાગશે. પ્રતિભાસ પક્ષપાતી નથી હોતો કે તમને જુદુ જણાવે અને અમને જુદુ જણાવે કે જેથી તેમાં દોષની શંકા રાખવી પડે.

અમને વસ્તુ દ્રવ્ય રૂપે એક જ છે, પર્યાયરૂપે અનેક છે; એમ વસ્તુનો નિર્ણય હોવાથી સંશય ક્યાં રહે છે ? સંશય તો ચલાયમાન જ્ઞાનરૂપ હોય છે. તે અહીં ક્યાંથી ? એટલે જે વસ્તુ પ્રમાણ સિદ્ધ છે. તેમાં અપ્રતિપત્તિ દોષ આપવો મોટું સાહસ કહેવાય.

ઉપલબ્ધિ બતાવી દેવાથી અનુપલમ્ભ સિદ્ધ થતો નથી. એટલે વિષય વ્યવસ્થા પણ બની રહે છે. ઉલ્ટુ એકાંતવાદમાં માત્ર સુવર્ણઘટને ઘટ જ માનવાથી સોનાસંબંધી કશું જ કાર્ય તેનાથી ન થવાની આપત્તિ આવતી હોવાથી વિષય-વ્યવસ્થામાં ગોટાળા થાય છે. (એટલે કે તેમાં ઘટ માનીને માત્ર પાણી ભરી શકાય પરંતુ વેંચીને પૈસા મેળવવા વગેરે સુવર્ણ સંબંધી કાર્ય તેનાથી કરી શકાશે નહીં.) એમ વસ્તુ દ્રવ્ય પર્યાય રૂપે છે, તે પ્રત્યક્ષથી દૃષ્ટ છે આગમથી ઈષ્ટ અને અનુમાનથી અવિરૂદ્ધ છે. આગમમાં "ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય યુક્તં સત્" ઈત્યાદિ થી જણાવેલ છે. અને અનુમાનથી કોઈ વિરોધ આવતો નથી.

"**वस्तु द्रव्यपर्यायात्मकं सत्त्वात्**" અહીં જ્યાં દ્રવ્ય પર્યાય સ્વરૂપ નથી, ત્યાં સત્ત્વ નથી, માટે અનુમાનમાં વ્યભિચાર વગેરે દોષ આવતા નથી. જેમ ઘટ, ઘટમાં ઘટાકાર પર્યાય છે અને માટી એ દ્રવ્ય છે,

§ ૧૩૧. ननु द्रव्यपर्यायात्मकत्वेऽपि वस्तुनः कथमर्थक्रिया नाम ? । सा हि क्रमाक्रमाभ्यां व्याप्ता द्रव्यपर्यायैकान्तवदुभयात्मकादपि व्यावर्तताम् । शक्यं हि वक्तुमुभयात्मा[1] भावो न क्रमेणार्थक्रियां कर्तुं समर्थः, समर्थस्य क्षेपायोगात् । न च सहकार्यपेक्षा युक्ता, द्रव्यस्याविकार्यत्वेन सहकारिकृतोपकारनिरपेक्षत्वात् । पर्यायाणां च क्षणिकत्वेन पूर्वा[2]परकार्यकालाप्रतीक्षणात् । नाप्यक्रमेण, युगपद्धि सर्वकार्याणि कृत्वा पुनरकुर्वतोऽनर्थक्रियाकारित्वादसत्त्वम्, कुर्वतः क्रमपक्षभावी दोषः । द्रव्यपर्यायवादयोश्च यो दोषः स उभयवादेऽपि समानः-

"प्रत्येकं यो भवेद्दोषो द्वयोर्भावे कथं न सः ?"

इति वचनादित्याह-

पूर्वोत्तराकारपरिहारस्वीकारस्थितिलक्षण[3]परिणाम नास्या[4]र्थक्रियोपपत्तिः ॥३३॥

તે બન્ને એકમેક થઈને રહેલા છે, માટે ઘટ એ સત્વ પદાર્થ છે, એમ જે કોઈ પણ પદાર્થ હશે તેમાં દ્રવ્ય-પર્યાય ચોક્કસ હોય છે. ॥૩૨॥

૧૩૧ શંકાકાર →વસ્તુ દ્રવ્યપર્યાયમય હોય તો પણ અર્થક્રિયા કેવી રીતે થશે ? તે અર્થ ક્રિયા ક્રમ અને અક્રમથી વ્યાપ્ત છે તેથી એકાન્તદ્રવ્ય કે એકાન્તપર્યાય એ બંને સ્વરૂપે તે ઘટી શકતી નથી. તેની જેમ દ્રવ્ય-પર્યાયાત્મક પદાર્થથી પણ તેની અર્થક્રિયાની વ્યાવૃત્તિ થવી જોઈએ. અહીં પણ આમ કહી શકાય છે કે ઉભયાત્મક પદાર્થ ક્રમથી અર્થક્રિયા કરવા સમર્થ નથી, ક્રમથી કરતાં કાલક્ષેપ થાય. જ્યારે ક્રિયા કરવા સમર્થ હોય તે કાલક્ષેપ કરે નહીં. સહકારીની અપેક્ષા રાખે છે માટે કાલક્ષેપ થાય, એ કહેવું યુક્ત નથી, કારણ કે દ્રવ્યમાં કોઈ પણ જાતનો વિકાર પેદા થતો ન હોવાથી, સહકારી દ્વારા થનારાં ઉપકારની અપેક્ષા તેને હોતી નથી. પર્યાય તો ક્ષણિક છે માટે તેઓ આગળ પાછળના કાર્યકારણની પ્રતીક્ષા કરી શકતા નથી.

અક્રમથી પણ અર્થાત્ એકી સાથે બધાં કાર્ય કરી નાંખે તો બીજી ક્ષણે કશું ન કરવાથી વસ્તુ અર્થક્રિયા વગરની બની જવાથી અસત્ થઈ જશે. અને પુનઃ પુનઃ કરશે તો ક્રમભાવી પક્ષના દોષો લાગુ પડે છે. એમ દ્રવ્ય અને પર્યાય વાદનો જે દોષ છે, તે ઉભયવાદમાં પણ સરખો લાગુ પડે છે. કારણ કે એવું વચન છે કે એક એક પક્ષમાં જે દોષ હોય તે ઉભય પક્ષમાં કેમ ન હોય" ?

આ શંકાનું સમાધાન કરવાં કલિકાલ સર્વજ્ઞ સૂત્ર દર્શાવે છે....

પૂર્વ પર્યાયનો ત્યાગ અને ઉત્તર પર્યાયનો સ્વીકાર અને દ્રવ્યરૂપે સ્થિર રહેવાના પરિણામથી ઉભયાત્મક પદાર્થની અર્થક્રિયા બંધ બેસી શકે છે. ॥૩૩॥

---

१ द्रव्यपर्यायात्मा । २ प्रथमद्वितीयकाय (र्यं)योः कालः । ३ ०क्षणेन परि० -सं-मू० । ४ ०नास्य क्रियो०-सं मू० ।

§ ૧૩૨. 'पूर्वोत्तरयोः' 'आकारयोः' विवर्तयोर्यथासङ्ख्येन यौ 'परिहारस्वीकारौ' ताभ्यां स्थितिः सैव 'लक्षणम्' यस्य स चासौ परिणामश्च, तेन 'अस्य' द्रव्यपर्यायात्मकस्यार्थक्रियोपपद्यते ।

§ ૧૩૩. अयमर्थः न द्रव्यरूपं न पर्यायरूपं नोभ'यरूपं वस्तु, येन तत्तत्पक्षभावी दोषःस्यात्, किन्तु स्थित्युत्पादव्ययात्मकं शबलं ज्ञात्यन्तरमेव वस्तु । तेन तत्तत्सहकारिसन्निधाने क्रमेण युगपद्वा तां तामर्थक्रियां कुर्वतः सहकारिकृतां चोपकारपरम्परामुपजीवतो

---

૧૩૨ → ઉભયાત્મક પદાર્થ પૂર્વપૂર્વ પર્યાયનો ત્યાગ કરતો રહે છે અને ઉત્તર ઉત્તર પર્યાયને સ્વીકારતો રહે છે. આ બે પરિણામની સાથે જેમાં દ્રવ્યરૂપ સ્થિર પરિણામ પણ હોય છે. પર્યાયનો ત્યાગ અને સ્વીકાર થાય છે તેનાં લીધે તે વસ્તુ દ્રવ્ય રૂપે સ્થિર રહી શકે છે. જુના પર્યાયને છોડે જ નહી અને નવા પર્યાયને સ્વીકારેજ નહી તો પછી તે સ્થિર કેવી રીતે રહી શકે ? સોનાની પહેલા ચમક હતી, સમય જતા કાળાશ આવે છે એટલે દરેકક્ષણે ચમક ઝાંખી પડતી જાય છે અને તેમાં કાળાશ થોડી થોડી આવતી જાય છે એ હકીકત છે, હવે જો સોનું ચમકને છોડી કાળાશને ન સ્વીકારે તો પોતે ત્યાં રહી જ કેમ શકે ? પોતાની બદલી થતા ઓફિસર તે સ્થાનને છોડે અને અન્ય સ્થાનને સ્વીકારે તો પોતાની પોસ્ટ ટકી રહે, નહીતર નોકરી છોડતા પોસ્ટ-હોદ્દો જતો રહે છે. એમ વસ્તુનો ક્ષણેક્ષણે બદલાઈ જવાનો સ્વભાવ છે છતાં તે વસ્તુ તે પૂર્વનાપર્યાયને છોડી નવા પર્યાયને ન સ્વીકારે તો ટકી જ કેમ શકે. જે કં. લાભ.હાનિનો સ્વીકાર કરે છે તેજ કં. સત્ = ટકી શકે છે. તેતો ખરવિષાણની જેમ અસત્ બની જાય. ગધેડાના શિંગડા ચમક-કાળાશ વિ. પર્યાયને સ્વીકારતા નથી તો તે તુચ્છ જ છે ને. એમ એક જ પદાર્થ ત્રયાત્મક પરિણામવાળો હોવાથી તેમાં અર્થક્રિયા ઘટી શકે છે.

૧૩૩. → આનો અભિપ્રાય આ છે કે વસ્તુ દ્રવ્યે રૂપ કે પર્યાય રૂપ કે પરસ્પર ભિન્ન ઉભયરૂપ પણ નથી કે જેથી તે તે પક્ષનાં દોષો લાગી શકે. પરંતુ વસ્તુ "સ્થિતિ-ઉત્પાદ વ્યય" સ્વરૂપ વિચિત્ર-અલગ જાતિ રૂપે અનેક ભાગોમાં વિભક્ત-વ્યાપ્ત છે. એથી તે વસ્તુ તેતે સહકારી કારણના સંનિધાનમાં ક્રમથી કે યુગપત્ ક્રિયા કરે છે. કાચની સામે એક એક પદાર્થ આવે તો કાચમાં એક દેખાય એમ અનુક્રમે એક પછી એક પદાર્થ જોવા મળે અને પૂર્વનું પ્રતિબિમ્બ નાશ પામે અને નવુ પ્રતિબિમ્બ જોવા મળે અને દર્પણતો તેવુંનુ તેવું રહે છે. હવે એકી સાથે બધી વસ્તુઓ દર્પણ સામે ધરી દેવામાં આવે તો બધાનું પ્રતિબિમ્બ યુગપત્ પડવા લાગશે. સમજ્યા અમારી સ્યાદ્વાદ શૈલી ?

ક્રમથી કે એકીસાથે તે તે અર્થક્રિયા કરનારને એ પ્રમાણે સહકારીકૃત ઉપકાર પરંપરાની સહાયતા લઈને કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન એવા ઉપકારથી વસ્તુમાં સામર્થ્ય આવે છે. જેથી અમુક કાર્ય ક્રમથી અમુક કાર્ય અક્રમથી થાય છે, અને અમારા મતમાં ઉપકાર કથંચિત્ વસ્તુથી અભિન્ન હોવાથી નિયત વસ્તુ સાથે તેનો સંબંધ બની શકે છે.

[જેમ પાણી દ્વારા ચોખામાં આર્દ્રતા પેદા કરવામાં આવી તે તે ચોખાનો જ પર્યાય હોવાથી ચોખાને તે આર્દ્રતાથી છુટો કરી શકાતો ન હોવાથી આર્દ્રતા નામનો ઉપકાર ચોખાથી અભિન્ન કહેવાય. ચોખા પૂર્વમાં પણ હતા અને ઉત્તરમાં પણ રહેવાનાં આર્દ્રતા અમુક અમુક સમય સુધી રહેનારી છે, નામથી પણ ભિન્ન છે.

---

૧ स्वतन्त्रद्रव्यपर्यायरूपम् ।

भिन्नाभिन्नोपकारा[1]दिनोदनानुमोदना-प्रमुदितात्मनः उभयपक्षभाविदोषशङ्काकलङ्काऽका[2]न्दिशीकस्य भावस्य न व्यापका[3]नुपलब्धि-बलेनार्थक्रियायाः, नापि तद्व्याप्य[4]सत्त्वस्य निवृत्तिरिति सिद्धं द्रव्यपर्यायात्मकं वस्तु प्रमाणस्य विषयः ॥३३॥

§ ૧૩૪. फलमाह-

फलमर्थप्रकाशः ॥३४॥

§ ૧૩૫. 'प्रमाणस्य' इति वर्तते, प्रमाणस्य 'फलम्' 'अर्थप्रकाशः' अर्थसंवेदनम्, अ[5]र्थार्थी हि सर्वः प्रमातेत्यर्थसंवेदनमेव फलं युक्तम् । नन्वेवं प्रमाणमेव फलत्वेनोक्तं स्यात्, ओमिति चेत्, तर्हि प्रमाणफलयोरभेदः स्यात् । ततः किं स्यात् ? प्रमाणफलयोरैक्ये सदसत्पथभावी दोषः स्यात्, नास[6]तः करणत्वं न सतः फलत्वम् । सत्यम्, अस्त्ययं दोषो जन्मनि न व्यवस्थायाम् । यदाहुः-

---

ઓળખવાની નિશાની ભિન્ન ભિન્ન છે માટે બન્ને વચ્ચે ભેદ પણ છે. ઢીળાશથી- મૃદુતાથી આર્દ્રતા ઓળખાય જ્યારે શ્વેત ધાન્યરૂપે ચોખા ઓળખાય છે.] "ઉપકારનો આશ્રય લેનાર વસ્તુ ઉપકારથી ભિન્ન રૂપે છે કે અભિન્ન છે" આવાં પ્રશ્નની અનુમોદના—સમર્થનથી ખુશ-પુષ્ટ થયું છે સ્વરૂપ જેમનું (એવી) તેમજ ઉભયપક્ષ ભાવિ દોષની શંકાના કલંકથી નહી ડરનાર એવા ભાવાત્મક પદાર્થ સંબંધી અર્થક્રિયાની ક્રમ કે અક્રમરૂપ વ્યાપકની અનુપલબ્ધિના બળે નિવૃત્તિ થઈ શકતી નથી. અને તેનાં આધારે અર્થક્રિયાના વ્યાપ્ય સત્ત્વની પણ નિવૃત્તિ થતી નથી.

૧૩૪. આ રીતે દ્રવ્ય પર્યાયાત્મક વસ્તુ પ્રમાણનો વિષય બને છે. એ સિદ્ધ થયું ? હવે ફળ દર્શાવે છે....

અર્થનો પ્રકાશ પ્રમાણનું ફળ છે ॥૩૪॥

૧૩૫. પ્રમાણની અનુવૃત્તિ ચાલુ છે. એટલે પ્રમાણનું ફળ અર્થનું જ્ઞાન છે. બધા પ્રમાતા અર્થનાં અભિલાષી હોય છે. માટે અર્થનું જ્ઞાન જ ફળ માનવું યુક્ત છે. અર્થક્રિયામાં સમર્થ પદાર્થના ઈચ્છુકને પદાર્થની જ્યારે જરૂરીયાત પડે, ત્યારે જ જ્ઞાન શક્તિનો ઉપયોગ તે તરફ મૂકે છે. હવે ઉપયોગ મૂકવા છતાં તેનું ફળ= "અર્થને જાણવું" તેનાથી અલગ જ હોય તો કોઈ પણ અર્થાર્થી પ્રમાતા નહિ બને- જ્ઞાનોપયોગ નહી મૂકે.

શંકાકાર : જ્ઞાનજ પ્રમાણ છે અને જ્ઞાનને જ ફળ માનો છો એટલે પ્રમાણ જ પ્રમાણનું ફળ થયું? ફળ પોતાને ન મળતું હોય તો કોણ મહેનત કરે.

સમાધાન : હા આમ જ છે. (પ્રકાશ એ પ્રદીપનું પોતાનું સ્વરૂપ છે, અને તે જ પ્રકાશ અન્યને પ્રકાશિત કરે છે, જ્ઞાનનું પોતાનું સ્વરૂપ અને વિષયનું અજ્ઞાન દૂર થવું (કરવું) આ બન્ને સ્વરૂપ એક જ જ્ઞાનના પાસા છે, સ્વરૂપના પ્રકાશમાં પ્રમાણ અને પરપ્રકાશનરૂપે ફળ થયું, એમ ભેદાભેદ છે. (A.S.૫૫૪)

શંકાકાર : તો પછી પ્રમાણ અને ફળમાં ભેદ શું રહ્યો ?

સમાધાન : ભેદ ન પડે તો વાંધો શું ?

શંકાકાર : પ્રમાણ અને ફળને એક માનશો તો અસદ્સત્પક્ષભાવી દોષ આવશે. એટલે પ્રમાણ અસત્ હોય તો તે કાર્ય—ફળનું કરણ ન બની શકે. કા.કે. કરણ-સાધન તો પ્રથમથી જ સત્-સિદ્ધ હોવું જરૂરી છે. જો સત્ માનશો તો એને કરણનું ફળ-કાર્ય કહી ન શકાય, કા.કે. કાર્યનોતો પહેલા અભાવ પ્રાગભાવ હોય છે.

સમાધાન : તમારી વાત સાચી પણ ઉત્પત્તિમાં આ દોષ લાગે વ્યવસ્થામાં નહીં,

---

१ आदेस्मकार्युपकारयोः सम्बन्धः । २ "कान्दिशीको भयद्रुते"-अभि० चि० ३.३० । ३ क्रमाक्रमौ व्यापकौ तयोः । ४ -०प्यस्य सत्त्व०-डे० । ५ अर्थक्रियाक्षमं वस्तु अत्रार्थशब्देनोच्यते । ६ अविद्यमानप्रमाणस्य ।

"नासतो हेतुता नापि सतो हेतोः[1] फलात्मता ।
इति जन्मनि दोषः स्यात् व्यवस्था तु न दोषभाग् ॥" इति ॥३४॥

§ १३६. व्यवस्थामेव दर्शयति-

[2]कर्मस्था क्रिया ॥३५॥

§ १३७. कर्मोन्मुखो ज्ञानव्यापारः फलम् ॥३५॥

§ १३८. प्रमाणं किमित्याह-

क[3]र्तृस्था प्रमाणम् ॥ ३६॥

§ १३९ कर्तृव्या[4]पारमुल्लिखन् बोधः प्रमाणम् ॥३६॥

કહ્યું પણ છે કે "असत् હોય તે કરણ ન હોઈ શકે, सत् હોય તે કાર્ય ન હોઈ શકે" એ પ્રમાણેનો દોષ ઉત્પત્તિમાં હોય છે, પરંતુ વ્યવસ્થામાં દોષ લાગતો નથી."

[તાત્પર્ય આ છે કે પ્રમાણ અને ફળ અભિન્ન હોય તો પ્રશ્ન એ થાય કે પ્રમાણને सत् માનશો તે તેનાથી અભિન્ન ફળ પણ सत् માનવું પડશે. હવે ફળ सत् હોય તો પછી તેની પ્રમાણથી ઉત્પત્તિ કેવી રીતે થાય ? કા.કે. પહેલા હાજર ન હોય તેને હાજર કરવું તેનું નામ જ ઉત્પત્તિ છે. હવે જો પ્રમાણને असत् માનો તો તે ફળ માટે કરણ ન બની શકે. असत् પદાર્થ કોઈ પણ કાર્ય કરવા સમર્થ નથી. એટલે આ દોષ ઉત્પત્તિમાં લાગે. વ્યવસ્થામાં નહિ] ॥૩૪॥

વ્યવસ્થાને જ દર્શાવે છે.....

ક[1]ર્મમાં રહેલી ક્રિયા (ફળ) કહેવાય છે ॥૩૫॥

૧૩૬. કર્મની તરફેણનો જ્ઞાન વ્યાપાર ફળ કહેવાય છે. ॥૩૫॥

પ્રમાણ કોને કહેવાય ?

ક[3]ર્તામાં રહેલી ક્રિયા પ્રમાણ કહેવાય છે. ॥૩૬॥

૧૩૯. કર્તાનાં વ્યાપારનો ઉલ્લેખ કરતો બોધ પ્રમાણ કહેવાય.

---

१ फलात् प्रमाणस्याभेदो भवन्मते । ततश्च फलस्य साध्यत्वेनासत्त्वात् प्रमाणस्याप्यसत्त्वप्रसङ्गः । असच्च न करणं भवति सिद्धस्यैवाङ्गीकारात् । तथा, प्रमाणात् फलस्य यद्यभेदः तदा प्रमाणस्य सत्त्वात् फलमपि सदेव स्याद्विद्यमानस्य च [न] फलत्वं साध्यस्यैव फलत्वाभ्युपगमात् । २ पञ्चत्रिंशत्तमं षट्त्रिंशत्तमं च सूत्रद्वयं ता-मू० प्रतौ भेदकचिह्नं विना सहैव लिखितं दृश्यते-सम्पा० । ३ कर्मस्था प्र० -ता-मू० । ४ तथाहि कर्मस्था कर्तृस्था चेत् (स्था च) क्रिया प्रतीयते तथा (?) ज्ञानस्यापि । त(य)थाहि वह्निगता तावत् काचिद्दाहिका शक्तिरभ्युपेया यद्व्यापारात् काष्ठानि दग्धानि भवन्ति तथा काष्ठगता दाहक्रिया काचिदस्ति यस्यास्तानि भस्मीभवन्ति । एवमन्यत्रापि ज्ञानार्थयोर्भावनीयम् ।

---

૧ કર્મને- પદાર્થને પ્રમાતાની ઉન્મુખ સામે ખુલ્લો કરનાર જ્ઞાન વ્યાપાર ફળ છે. જ્ઞપ્તિક્રિયા કર્મ અને કર્તા બન્નેમાં રહેલી છે, જેમાં ક્રિયાની અસર પહોંચે તે કર્મ કહેવાય અને ક્રિયાની અસર-પ્રભાવ તે ફળ કહેવાય છે. જેમકે ભાત રાંધતા આર્દ્રતા ભાતમાં આવે છે બસ આ આર્દ્રતા તે પચન ક્રિયાનુ ફળ છે અને ભાત એ કર્મ છે, તેમ અત્યાર સુધી અજ્ઞાત એવો વિષય જ્ઞાત બન્યો તે પ્રમાતાની અપેક્ષાએ તેના જ્ઞાનનો વિષય બન્યો એમ જ્ઞાત ઘટાદિ પદાર્થ થયા તે કર્મ, તેમાં જ્ઞાત થવું તે ફળ છે. આત્મામાં આ જ્ઞપ્તિ ક્રિયા ચાલુ થઈ ત્યારે તો આ બધુ થયું. તેથી કહેવું પડશે કે આત્મામાં ચાલતી જ્ઞપ્તિક્રિયાને પ્રમાણ કહેવાય છે. આત્મામાં આ ક્રિયા ન માનો તો ઘટાદિ પણ તેનાથી જ્ઞાત કરી ન શકાય, ચેત્રરાંધવાની ક્રિયા ન કરે તો ભાતમાં આર્દ્રતા ક્યાંથી આવે ? ટૂંકમાં જ્ઞપ્તિ ક્રિયાનો વિચાર આત્માની અપેક્ષાએ કરીએ તો પ્રમાણ કહેવાય, અને કર્મ-પ્રમેયની અપેક્ષાએ વિચારીએ તો ફળ છે. જ્ઞાનનું ફળ તો અજ્ઞાન દૂર થવું છે -અજ્ઞાતનું જ્ઞાત થવું-જે વસ્તુ અજ્ઞાત હતી તે જ જ્ઞાત બની, માટે આ ફળ વસ્તુમાં રહ્યું કહેવાય છે, પછી ભલે તે ફળનો ભોકતા આત્મા બને.

§ ૧૪૦. कथमस्य प्रमाणत्वम् ? करणं हि तत् साधकतमं च करणमुच्यते । अव्यवहितफलं च[1] तदित्याह-

तस्यां सत्यामर्थप्रकाशसिद्धेः ॥३७॥

§ ૧૪૧. 'तस्याम्' इति कर्तृस्थायां प्रमाणरूपायां क्रियायां 'सत्याम्' 'अर्थप्रकाशस्य' फलस्य 'सिद्धेः' व्यवस्थापनात् । एकज्ञानगतत्वेन प्रमाणफलयोरभेदो, व्यवस्थाप्यव्यवस्थापकभावात्तु भेद इति भेदाभेदरूपः स्याद्वादमबाधितमनुपतति प्रमाणफलभाव इतीदमखिलप्रमाणसाधारणमव्यवहितं फलमुक्तम् ॥३७॥

§ ૧૪૨. अव्यवहितमेव फलान्तरमाह-

[तथाहि टि.४नो भावार्थ →બીજી વાત એમ છે કે વહ્નિથી કાષ્ઠ બળે છે, ત્યાં અગ્નિમાં કોઈક દાહક શક્તિ માનવી પડશે, જેના વ્યાપારથી લાકડા બળે છે, તેમ લાકડામાં પણ કોઈક દાહક્રિયા થતી માનવી જોઈએ, જેનાથી તે ભસ્મસાત્ બને છે. છતાં તે બન્ને દાહ ક્રિયા રૂપ છે. તેમ આત્મામાં જ્ઞાન શક્તિ છે, તેના વ્યાપારથી પદાર્થ જણાય છે અને પદાર્થમાં પણ તેવી જ્ઞપ્તિ થતી હોવી જોઈએ જેનાથી પદાર્થ જ્ઞાત બને છે, એટલે જ અતીંદ્રિય પદાર્થમાં આપણા જેવાની જ્ઞાનશક્તિ પહોંચતી નથી તેથી તેમાં કોઈ જ્ઞાન ક્રિયા ન થવાથી અજ્ઞાત જ રહે છે. જેમ બેટરીનો પ્રકાશ જ્યાં ન પહોંચે તે અપ્રકાશિત જ રહે છે. તેથી વધારે પાવરવાળી બેટરી હોય તો ત્યાં પણ પ્રકાશ જાય તેમ તીવ્રજ્ઞાન શક્તિ હોય તો તેવા પદાર્થને પણ જાણી શકે. વસ્તુતઃ બન્ને ક્રિયા એક જ છે. પણ કર્તામાં જ્ઞાન હોય તો જ અર્થનું પ્રકાશન થાય છે.] ॥૩૬॥

૧૪૦. આને પ્રમાણ કેમ કહેવાય ? તેનો જવાબ એ જ કે તે કરણ છે, કરણ તેજ કહેવાય જે સાધકતમ હોય અને વ્યવધાન વિના કાર્યની ઉત્પત્તિ જેનાથી થતી હોય છે.

આ વાત સૂત્ર દ્વારા દર્શાવે છે.....

કર્તૃસ્થ ક્રિયા હોતે છતે અર્થ પ્રકાશ રૂપ ફળની સિદ્ધિ થાય છે ॥૩૭॥

૧૪૧. એમ પ્રમાણ અને ફળ એક જ જ્ઞાનગત હોવાથી અભિન્ન છે. પરંતુ વ્યવસ્થા-વ્યવસ્થાપકના ભેદથી ભિન્ન છે. જ્ઞપ્તિ ક્રિયા કર્મમાં રહે તે ફળ અને કર્તામાં રહે તે પ્રમાણ. જ્ઞપ્તિનામની ક્રિયા વિષયતા સંબંધથી પદાર્થમાં=કર્મમાં રહે છે અને સમવાય સંબંધથી આત્મામાં રહે છે, આ ક્રિયાતો એક જ છે, જેમ સંયોગ એક જ હોય છતાં પ્રતિયોગિતા સબંધથી ઘટમાં અને અનુયોગિતા સબંધથી ભૂતલમાં રહે છે, ત્યારે "ભૂતલેઘટઃ" આવી પ્રતીતિ થાય છે. એમ જ્ઞાનાત્મક વ્યાપાર કર્મતરફ ઉન્મુખ બને એટલેતેને પ્રકાશિત કરે / તેનું ભાન કરાવે છે તે ફળ થયું, અને આ વ્યાપાર આત્મામાં ચાલ્યો ન હોત તો અર્થનું ભાન થાત નહીં એમ અર્થના પ્રકાશ માટે આ ક્રિયા આત્મામાં હોવી અત્યંત આવશ્યક છે એટલે સાધકતમ હોવાથી આને કરણ કહેવાય છે. જેમ બેટરીના બલ્બમાં પ્રકાશ ન હોય તો સામેના પદાર્થને પ્રકાશિત ન કરી શકે, અને એ પ્રકાશ કઈ અલગ નથી જે પ્રકાશ બેટરીના બલ્બમાં દેખાય છે તે જ પ્રકાશ પદાર્થ ઉપર પડે છે.

માટે વ્યવસ્થાની અપેક્ષાએ ભેદ છે. એમ ફલ- પ્રમાણમાં ભેદાભેદ છે. એટલે અહીં પ્રમાણફલમાં અબાધિત એવો સ્યાદ્વાદ લાગુ પડે છે. એ પ્રમાણે આ સમસ્ત પ્રમાણોનું સાક્ષાત્ સામાન્ય ફળ કહેવામાં આવ્યું. ॥૩૭॥

૧૪૨ હવે બીજું સાક્ષાત્ ફળ દર્શાવે છે-

---

૧ -०फलं तदि०- डे० ।

अज्ञाननिवृत्तिर्वा ॥३८॥

§ १४३ प्रमाणप्रवृत्तिः पूर्वं प्रमातुर्विवक्षितेविषये यत् "अज्ञानम्" तस्य 'निवृ[1]त्तिः' फलमित्यन्ये। यदाहुः प्रमाणस्य फलं साक्षा[2]दज्ञानविनिवर्तनम्। केवलस्य सुखापेक्षे शेषस्यादानहानधीः। [न्याया०२८] इति

§ १४४ व्यवहितमाह

अवग्रहादीनां वा क्रमोप[3]जनधर्मा[4]णां पूर्वं पूर्वं प्रमाणमुत्तरमुत्तरं फलम्[5] ॥३९॥

§ १४५ अवग्रहेहावायधारणास्मृतिप्रत्यभिज्ञानोहानुमानानां क्रमेणोपजायमानानां यद्यत् पूर्वं तत्तत्प्रमाणं यद्यदुत्तरं तत्तत्फलरूपं प्रतिपत्तव्यम्। अवग्रहपरिणामवान् ह्यात्मा ईहारूपफलतया परिणमति इतीहाफलापेक्षया अवग्रहः प्रमाणम्। ततोऽपीहा प्रमाणमवायः फलम्। पुनरवायः प्रमाणं धारणा फलम्। ईहा[6]धारणयोर्ज्ञानोपा[7]दानत्वात् ज्ञानरूपतोन्नेया। ततो धारणा प्रमाणं स्मृतिःफलम्। ततोऽपि स्मृतिः प्रमाणं प्रत्यभिज्ञानं ततोऽपिप्रत्यक्षभिज्ञा प्रमाणमूहः फलम्।

અજ્ઞાનની નિવૃત્તિ ફળ છે ॥૩૮॥

૧૪૩. પ્રમાણની પ્રવૃત્તિ થવાની પહેલાં પ્રમાતાને જે વિવક્ષિત વિષયમાં અજ્ઞાન હતું તેની નિવૃત્તિ થઈ જાય છે.

કહ્યું પણ છે કે "પ્રમાણનું સાક્ષાત્ ફળ અજ્ઞાનનું દૂર થવું છે, કેવલજ્ઞાનનું ફળ સુખ[1] અને ઉપેક્ષાભાવ[1] છે, અને શેષ પ્રમાણોનું ફળ ગ્રહણ બુદ્ધિ અને ત્યાગ બુદ્ધિ છે. (ન્યાયાવતાર) ॥૩૮॥

૧૪૪ વ્યવહિત ફળનું નિરૂપણ કરે છે.....

ક્રમથી ઉત્પન્ન થવાનાં સ્વભાવવાળા અવગ્રહ વગેરેમાંથી પૂર્વપૂર્વમાં જે થાય તે પ્રમાણ અને ઉત્તરમાં થનાર ફળ છે ॥૩૯॥

૧૪૫. અવગ્રહ, ઈહા, અવાય. ધારણા સ્મૃતિ પ્રત્યભિજ્ઞાન ઉહ-તર્ક અને અનુમાન આ જ્ઞાન ક્રમથી ઉત્પન્ન થવાવાળાં છે. અર્થાત્ પહેલા અવગ્રહ પછી ઈહા ઈત્યાદિ પેદા થાય છે. એટલે અવગ્રહ એ પ્રમાણ ઈહા એ ફળ, અવાયરૂપી ફળ માટે ઈહા એ પ્રમાણ કહેવાય ઈત્યાદિ સમજી લેવું. અવગ્રહ પર્યાયવાળો આત્મા જ ઈહા રૂપ ફળ તરીકે પરિણામ પામે છે. એથી ઈહારૂપફળની અપેક્ષાએ અવગ્રહ પ્રમાણ છે.

ત્યાર પછી ઈહા પ્રમાણ અવાય ફળ, વળી પછી અપાય પ્રમાણ ધારણા ફળ, ઈહા અને ધારણા જ્ઞાનનાં ઉપાદાન કારણ હોવાથી જ્ઞાન રૂપ છે, ચેષ્ટારૂપ અને ધારણા સંસ્કારરૂપ હોવાના લીધે તમે તેને અજ્ઞાનરૂપે ન માની બેસો તે માટે અહીં ગ્રંથકારે ચોખવટ કરી છે. આ ખાસ ધ્યાનમાં રાખવું. ત્યાર પછી ધારણા પ્રમાણ સ્મૃતિ ફળ પછી સ્મૃતિ પ્રમાણ પ્રત્યભિજ્ઞાન ફળ.

---

१ वस्तुत एक्येऽपि ज्ञानोन्मुखोऽर्थप्रकाशः अर्थोन्मुखी अज्ञाननिवृत्तिः इति भेदः। २ -अव्यवहितम्। ३-०पजननधर्मा०-सं-मू०। ४-धर्मणाम्-ता० ५ एकोनचत्वारिंशत्तमं चत्वारिंशत्तमं च सूत्रद्वयं ता-मू० प्रतौ भेदकचिह्नं विना सहैव लिखितं दृश्यते-सम्पा०। ६ ईहायाश्चेष्टारूपत्वात् धारणायाश्च संस्काररूपत्वात् अज्ञानत्वमिति परस्य अभिसन्धिः। ७ ज्ञानमुपादानं ययोर्ज्ञानस्योपादनं वा।

---

१ કેવલજ્ઞાની સમસ્ત પદાર્થનો અનુભવ કરે છે, પરંતુ કેવલીને છોડવાની કે લેવાની ઇચ્છા જાગતી નથી, એટલે માધ્યસ્થ-ઉદાસીનભાવ = ઉપેક્ષાભાવ હોય છે. તેમજ જેમ કોઈ પદાર્થનું જ્ઞાન થતા આપણને આનંદ મળે છે, તેમ તેઓને પરમ આહ્લાદ નો સતત અનુભવ થાય છે, તે પણ કેવલજ્ઞાનનો પ્રભાવ છે.

ततोप्यूहः प्रमाणमनुमानं फलमिति प्रमाणफलविभाग इति ॥ ३९ ॥

§ १४६. फलान्तरमाह-

हानादिबुद्धयो वा ॥ ४० ॥

§ १४७. हानोपादानोपे[1]क्षाबुद्धयो वा प्रमाणस्य फलम् । फलबहुत्वप्रतिपादनं सर्वेषां[2] फलत्वेन न विरोधो वैवक्षि[3]कत्वात् फलस्येति प्रतिपादनार्थम् ॥४०॥

§ १४८. एकान्तभिन्नाभिन्नफलवादिमतपरीक्षार्थमाह-

प्रमाणाद्भिन्नाभिन्नम् ॥४१॥

§ १४९. करणरूपत्वात् क्रियारूपत्वाच्च प्रमाणफलयोर्भेदः । अभेदे प्रमाणफलभेदव्यवहारानुपपत्तेः प्रमाणमेव वा फलमेव वा भवेत् । अप्रमाणाद्व्यावृत्त्या प्रमाणव्यवहारः,

---

(સ્મૃતિ ન થાય ત્યા સુધી પૂર્વ અનુભવેલ પદાર્થ સાથે પૂરોવર્તી પદાર્થનું સંકલન થઈ શકતું નથી એટલે પ્રત્યભિજ્ઞાન સંભવી શકતું નથી) પછી પ્રત્યભિજ્ઞાન દ્વારા ઉપલંભ અને અનુપલંભના નિમિત્તથી વ્યાપ્તિજ્ઞાન પેદા થાય છે તે ઉહ કહેવાય. હવે આ ધૂમ પર્વતમાં દેખાય છે, તે રસોડામાં રહેલા જેવો જ છે, આવી સજાતીય પ્રત્યભિજ્ઞા ન થાય ત્યાં સુધી "આ અગ્નિવિના હોઈ ન શકે" આવો તર્ક લગાડી ન શકે, મેં જ્યાં ધૂમ જોયો ત્યાં અગ્નિ જોવા મળેલ, વહ્નિ નથી હોતો ત્યાં ધૂમ પણ જોવા મળતો નથી માટે નક્કી થાય છે "જ્યાં ધૂમ હોય ત્યાં વહ્નિ હોય છે," આવું વ્યાપ્તિ જ્ઞાન પેદા થાય છે, આવી વિચારણા તર્ક છે. આ વિચારણા પૂર્વ જોયેલા અને નવા જોવાતા ધૂમમાં સજાતીય પ્રત્યભિજ્ઞા ન થાય ત્યાં સુધી સંભવી જ ન શકે. અને ઉહ દ્વારા વ્યાપ્તિજ્ઞાન થયા પછી જ અનુમાન થઈ શકે છે. પ્રત્યભિજ્ઞા પ્રમાણ અને ઉહફળ અને ઉહ પ્રમાણ અને અનુમાન ફળ એ પ્રમાણે પ્રમાણ અને ફળનો વિભાગ સમજી લેવો ॥૩૯॥

૧૪૬. બીજું અન્ય ફળ બતાવે છે....

છોડવું વગેરેની બુદ્ધિ એ બીજું ફળ છે. ॥૪૦॥

૧૪૭ છોડવાની, લેવાની, ઉદાસીનતાની બુદ્ધિ એ પ્રમાણનું ફળ છે. અનેક ફલોનું પ્રતિપાદન એટલા માટે કરવામાં આવ્યું છે કે અર્થનું જ્ઞાત થવું વગેરે આ બધાને ફળ તરીકે માનવામાં કોઈને વિરોધ નથી. તેનું કારણ એ છે કે ફળ પ્રમાતાની વિવક્ષાને આધીન છે. આ વાતનું પ્રતિપાદન કરવાં અનેક ફળ દર્શાવ્યા છે. ॥૪૦॥

૧૪૮. પ્રમાણના ફળને એકાન્તે ભિન્ન અથવા એકાન્તે અભિન્ન ભાખનારાં મતની પરીક્ષા કરવા કહે છે...

પ્રમાણથી ફળ ભિન્નાભિન્ન છે ॥૪૧॥

૧૪૯. પ્રમાણ કરણ રૂપ છે અને ફળ ક્રિયા રૂપ છે માટે બંનેમાં ભેદ છે, એકાન્તે અભેદ માનતાં "આ પ્રમાણ છે અને આ ફળ છે." આવો ભેદથી અલગથી—પૃથગ્ વ્યવહાર ના થઈ શકે. અથવા બન્ને પ્રમાણ જ કહેવાશે કે બન્ને ફળ જ કહેવાશે.

શંકાકાર : બન્નેમાં અભિન્નતા હોવા છતાં—પ્રમાણ અને ફળ અભિન્ન હોય તો પણ હમારા કહેવા પ્રમાણે તેમાં—જ્ઞાનાત્મક ક્રિયામાં પ્રમાણ અને ફળનો વ્યવહાર થઈ શકે છે. તે આ પ્રમાણે અપ્રમાણની

---

૧ ० पेक्षयाबु० ता० । २ अर्थप्रकाशादीनाम् । ३०क्षितत्वात्-ता०

अफलाद्व्यावृत्त्या च फलव्यवहारो भविष्यतीति चेत्, नैवम्, एवं सति प्रमाणा[1]न्तराद्व्यावृत्त्याऽप्रमाण-व्यवहारः, फलान्तराद्व्यावृत्त्याऽफलव्य[2]वहारोऽप्यस्तु, विजातीयादिव सजा[3]तीयादपि व्यावृत्तत्वाद्वस्तुनः ।

§ ૧૫૦. तथा, तस्यैवात्मनः प्रमाणाकारेण परिणतिस्तस्यैव फलरूपतया परिणाम इत्येकप्रमात्रपेक्षया

વ્યાવૃત્તિથી પ્રમાણનો અને અફળની વ્યાવૃત્તિથી ફળનો વ્યવહાર થઈ શકશે. નાહક અમારી પાછળ પડ્યા છો? બૌદ્ધ માને છે કે અતદ્વ્યાવૃત્તિ તલ્લક્ષણ છે.

સમાધાન : આ માન્યતા યોગ્ય નથી. દરેક વસ્તુ વિજાતીય પદાર્થથી ભિન્ન છે. તેમ સજાતીયોથી પણ ભિન્ન હોય છે, એથી અન્ય પ્રમાણથી વ્યાવૃત્તિ દ્વારા અપ્રમાણ[1]નો વ્યવહાર, અન્ય ફળથી વ્યાવૃત્તિ વડે પણ અફળ[1]નો વ્યવહાર માનવો પડશે. એટલે જે પ્રત્યક્ષ પ્રમાણ છે તેની અપ્રમાણથી વ્યાવૃત્તિ થવાથી તેનો પ્રમાણ તરીકે વ્યવહાર થાય છે, તેમ તેની અનુમાનાદિ અન્ય પ્રમાણથી વ્યાવૃત્તિ થાય છે, માટે (જેની પ્રમાણથી વ્યાવૃત્તિ થાય) તેનો અપ્રમાણ તરીકે પણ વ્યવહાર કરવો પડશે એટલે પ્રત્યક્ષ પ્રમાણને અપ્રમાણ કહેવાની આપત્તિ આવે, તેની જેમ ઘટના બોધ સ્વરૂપે જે ફળ છે, તે ઉપાદેય બુદ્ધિ રૂપ ફળથી વ્યાવૃત્તિ પામે છે માટે તે ફળને પણ અફળ કહેવાનો પ્રસંગ આવશે. કા.કે. તમેતો આવો નિયમ બનાવ્યો છે કે જેની જેનાથી વ્યાવૃત્તિ હોય તેના ભેદનો વ્યવહાર તેમાં થાય છે. [પ્રમાણ અને ફળને સ્વજાતીયથી પણ અલગ બતાવવા પોતાના સ્વરૂપથી પણ તેમનું જ્ઞાન મેળવવુ જરૂરી છે. અન્યથા સજાતીયથી વ્યાવૃત્તિનો અસંભવ થઈ જશે. સામે કોઈ પશુ છે ત્યારે કોઈ કહે છે આ ગાય તો નથી, હવે પોતે-પ્રમાતા ગાયના સ્વરૂપને ઓળખતો હોય તો જ આમ પ્રયોગ કરી શકે, એ અનુભવ સિદ્ધ છે."આ જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ નથી" આવા પ્રયોગ માટે પ્રત્યક્ષ પ્રમાણને જાણવું જરૂરી છે. એટલે તદ્નું જ્ઞાન થયા પછી જ અતદ્નું જ્ઞાન સંભવે.]

૧૫૦. →તથા જે આત્મા પ્રમાણરૂપે પરિણત થાય છે તેજ આત્મા ફળ રૂપે પરિણામ પામે છે. એમ એક પ્રમાતાની અપેક્ષાએ પ્રમાણ અને ફળનો અભેદ છે.

१ अ[न्य]प्रमाणात् । २ ०लत्वव्य० -डे० । ३ प्रमाणान्तरात् ।

૧ → કોઈ કહે છે કે "આ પટ નથી" તો એનો અર્થ એમ થાય છે કે "પટ સિવાયનો ઘટ છે." પ્રત્યક્ષ પ્રમાણ નથી = પ્રત્યક્ષ પ્રમાણ સિવાય અન્ય પ્રમાણનો વ્યવહાર થઈ જશે. એટલે કે तद्भिन्नतद् सदृशः"નું ગ્રહણ થઈ ગયું. આ પર્યુદાસ નઞ્ના આધારે પ્રમાણ અને ફળનો વ્યવહાર થઈ શકે. એ પ્રમાણે પર્યુદાસ નઞ્થી તમે પટના અભાવમાં ઘટનું ગ્રહણ કરો છો તો એ પ્રમાણે પ્રસજ્યનઞ્થી અન્ય પ્રમાણની વ્યાવૃત્તિથી સર્વથા પ્રમાણની વ્યાવૃત્તિ થવાથી કોઈ પ્રમાણનો વ્યવહાર જ નહી થાય અને અન્ય ફલની વ્યાવૃત્તિથી ફલનો કોઈ વ્યવહાર જ નહી થાય દા.ત. કોઈ કહે છે અહીં પટ નથી તો તેનો અર્થ પ્રસજ્ય નઞ્ના આધારે એવો થાય છે અહીં સર્વથા વસ્તુનો જ અભાવ છે. તે રીતે અમુક ફલની વ્યાવૃત્તિ થવાથી સર્વથા ફળનો અભાવ થાય ને, તેથી પ્રમાણનો કે ફલનો વ્યવહારજ સંભવે નહી.

૧ પ્રમાણ પણ સજાતીય= જે બીજા પ્રમાણ છે તેનાથી વ્યાવૃત્ત=ભિન્ન છે જ આ પર્યુદાસનઞ્ થયોને "અહીં પ્રત્યક્ષ પ્રમાણ નથી તે અન્ય પ્રમાણ રૂપ છે એમ પ્રત્યક્ષ ભિન્ન તત્સદૃશ અન્ય પ્રમાણનું ગ્રહણ થયું. તેની જેમ "પ્રમાણ નથી" તેમ "પ્રસજ્યનઞ્" લગાડીએ ત્યારે વિજાતીય નું ગ્રહણ થાય છે એટલે અહીં સર્વથા પ્રમાણનો અભાવ છે એટલે કે અપ્રમાણ છે. એમ અહીં વ્યાવૃત્તિ માટે બન્ને જાતના નઞનો પ્રયોગ થઈ શકે છે. એટલે જ્યાં પર્યુદાસનઞ્ દ્વારા વ્યાવૃત્તિ કરશું ત્યાંતો પ્રમાણનું જ્ઞાન પણ જરૂરી બને છે. કારણ કે તે તો પ્રમાણાન્તર છે, કંઈ સર્વથા અપ્રમાણ નથી. એમ પ્રમાણના જ્ઞાનની પણ જરૂર પડે છે. માત્ર અતદ્ વ્યાવૃતિથી કામ ન ચાલે પ્રમાણાન્તરની વ્યાવૃત્તિ દ્વારા પ્રમાણાન્તરનો વ્યવહાર થાય છે, જેમ પ્રત્યક્ષ પ્રમાણની વ્યાવૃત્તિથી અનુમાન પ્રમાણનો વ્યવહાર પર્યુદાસનઞથી સંભવે છે. એમ અનુમાન પ્રમાણનો વ્યવહાર કરવા માટે પ્રથમ પ્રત્યક્ષ પ્રમાણ સજાતીયનું જ્ઞાન/જરૂરી જ બન્યું ને. પરંતુ બૌદ્ધ તો આવાનઞની ભાંજગડમાં પડતો જ નથી બસ વ્યાવૃત્તિ હોય ત્યાં ભેદ માને છે.

प्रमाणफलयोरभेदः । भेदे त्वात्मान्तरवत्तदनुपपत्तिः । अथ यत्रैवात्मनि प्रमाणं समवेतं फलमपि तत्रैव समवेतमिति समवायलक्षणया प्रत्यासत्त्या प्रमाणफलव्यवस्थितिरिति नात्मान्तरे तत्प्रसङ्ग इति चेत्, न, समवायस्य नित्यत्वाद्व्यापकत्वान्नियतात्मवत्सर्वात्मस्वप्यविशेषान्न ततो नियतप्रमातृसम्बन्धप्रतिनियमः। तत् सिद्धमेतत् प्रमाणात्फलं कथञ्चिद्भिन्नमभिन्नं चेति ॥४१॥

§ ૧૫૧ પ્રમાતારં લક્ષયતિ-[2]

स्वपराभासी परिणाम्यात्मा प्रमाता[3] ॥४२॥

§ ૧૫૨. स्वम् आत्मानं परं चार्थमाभासयितुं शीलं यस्य स 'स्वपराभासी' स्वोन्मुखतयाऽर्थोन्मुखतया चावभासनात् घटमहं जानामीति कर्मकर्तृक्रियाणां प्रतीतेः, अन्यतर-प्रतीत्यपलापे प्रमाणाभावात्।

વૈશેષિક મતનાં અનુસારે બન્નેમાં એકાંત ભેદ માનીએ તો ચૈત્રનાં પ્રમાણથી ઉત્પન્ન થનારૂં ફળ મૈત્રનું નથી કહેવાતું તેમ ચૈત્રનું પણ નહિં કહેવાય કારણ તેનાંથી પણ અત્યંત ભિન્ન છે.

શંકાકર → (નૈયા.) જે આત્મામાં પ્રમાણ સમવાયસંબંધથી રહેલ છે, ત્યાં જ ફળ પણ સમવેત હોય છે, એમ સમવાય સંબંધથી પ્રમાણ ફળની વ્યવસ્થા થઈ શકે છે. અને એથી કરીને અન્ય આત્મામાં પણ ફળ નહિં જાય (કહેવાય).

સમાધાન (જૈના)→ પ્રમાણ ફળને સર્વથા ભિન્ન માની સમવાય સં.થી વ્યવસ્થા ન કરી શકાય, કારણ કે તે નિત્ય અને વ્યાપક હોવાથી નિયત વિવક્ષિત આત્માની જેમ અશેષ આત્માઓમાં પણ સમાન રીતે લાગુ પડે. તેથી આ અમુક આત્માનું ફળ છે, એવો નિયમ ન કરી શકાય. તેથી નક્કી થયું કે પ્રમાણ અને ફળ કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે.

૧૫૧. પ્રમાતાની ઓળખાણ આપે છે....

સ્વ પરને જાણનારો પરિણામ પામવાના સ્વભાવવાળો આત્મા પ્રમાતા કહેવાય છે ॥૪૨॥

૧૫૨ જેનો સ્વભાવ પોતાના સ્વરૂપને અને પર - અર્થને જાણવાનો છે, તે સ્વપરાભાસી, કારણ કે જ્ઞાનાત્મા (આત્મા) વિષયતા સંબંધથી અર્થ સાથે અને આત્મા સાથે પણ જોડાય છે. જ્ઞાન અને આત્માનો અભેદ હોવાથી જ્યારે "જાનામિ" ક્રિયા થાય છે, ત્યારે સ્વનું ભાન થાય છે. એટલે જે "અહં" પ્રત્યયનું જ્ઞાન થાય છે તે જ જ્ઞાનાત્મા છે માટે જ્ઞાન જ્ઞાનાત્માને = જ્ઞાનસ્વરૂપે પરિણત આત્માને પોતાનો વિષય બનાવે છે એ અપેક્ષાએ આત્મામાં વિષયતા પણ આવે છે, અને જ્ઞાનવાન્ પોતે છે = વિષયનું જ્ઞાન કરનાર છે, અને પર-અર્થ=વિષયનું જ્ઞાન છે તે જ્ઞાનથી અભિન્ન છે માટે વિષયી પણ છે. પોતે જ્ઞાન સ્વની તરફ ઝુકી અને અર્થની તરફ ઝુકી પ્રકાશિત થાય છે. જેમ "ઘટને હું જાણું છું" આમાં ઘટ કર્મ, અહં કર્તા, 'જાનામિ' ક્રિયા આ ત્રણેની પ્રતીતિ થાય છે. આ ત્રણેમાંથી એક પણ પ્રતીતિનો અપલાપ કરવા માટે કોઈ પ્રમાણ નથી. સ્વને

---

१ यथैकात्मगतस्य प्रमाणस्य सम्बन्धि द्वितीयात्मगतं फलं न भवति तथैकात्मगतयोरपि मा भूदत्यन्तभेदस्योभयपक्षयोरप्यविशिष्टत्वात् । २ ०तारं कथयति-डे० । ३ एतत्सूत्रानन्तरं ता-मू० प्रतौ । एवं लिखितं वर्तते-"इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां प्रमाणमीमांसायां प्रथमस्याध्यायस्य प्रथममाह्निकम् । सं-मू० प्रतौ तु-० ध्यायस्याद्याह्निकम् ।

न च परप्रकाशकत्वस्य स्वप्रकाशकत्वेन विरोधः प्रदीपवत् । नहि प्रदीपः स्वप्रकाशे परमपेक्षते । अनेनैकान्त-स्वा[1]भासिपराभासिवादिमतनिरासः । स्वपराभास्येव 'आत्मा प्रमाता'।

§ १५३. तथा, परिणाम उक्तलक्षणः स विद्यते यस्य स 'परिणामी' । कूटस्थनित्ये ह्यात्मनि हर्षविषादसुख-दुःखभोगादयो विवर्ताः प्रवृत्तिनिवृत्तिधर्माणो न वर्तेरन् । एकान्तनाशिनि च कृतनाशाकृताभ्यागमौ स्याताम्,

---

જાણવું એનું નામ જ સ્વપ્રકાશ- સ્વસંવેદન છે.

શંકાકાર → જે પર પ્રકાશક હોય તે સ્વ પ્રકાશક કેવી રીતે હોઈ શકે ? જે બેટરીનો પ્રકાશ મુંબઈ તરફ જતો હોય તે પ્રકાશ એક સાથે કલકત્તા તરફ કેવી રીતે જઈ શકે ? એટલે જેની શક્તિ પરને પ્રકાશિત કરવામાં ખર્ચાઈ ગઈ છે, હવે તે સ્વયંને પ્રકાશિત કેમ કરી શકે ?

સમાધાન → પ્રકાશન ક્રિયામાં આવી શંકા યોગ્ય નથી, જેમ દીવો સ્વને પ્રકાશિત કરે છે તેમ સાથોસાથ પદાર્થને પણ, એટલે પર-પ્રકાશકનો સ્વપ્રકાશક સાથે વિરોધ નથી. અરે ભાઈ ! ભિન્નદિશાના પદાર્થ માટે તમારી વાત સાચી છે, પરંતુ દીવાને ખુદને પ્રકાશિત કરવા પદાર્થની દિશાથી પ્રકાશને મુખ ફેરવવાની જરૂર પડતી નથી કા.કે. દીવો સ્વયં પ્રકાશિત છે, એટલે તેને અન્ય પ્રકાશની અપેક્ષા રહેતી નથી, તેમ જ્ઞાનાત્મા ખુદને જણાવતો જ પદાર્થને જણાવે છે, કંઈ તેને નવાજ્ઞાનની જરૂર પડતી નથી કે જેથી પદાર્થથી જ્ઞાનને હટાવી સ્વની ઉપર લગાડવું પડે. એમ સ્વપ્રકાશ માટે અન્ય= દીવા/જ્ઞાનની અપેક્ષા રહેતી નથી.

આ કથનથી આત્મા સ્વાભાસી જ છે, કે પરાભાસી જ છે, આવા બૌદ્ધ, ચાર્વાક વિ.એકાન્ત મતનું ખંડન થયું. આત્મા- પ્રમાતા સ્વપરાભાસી જ છે.

૧૫૩. તથા ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યમય હોય તે પરિણામ, આવું પરિણામનું લક્ષણ પહેલાં અમે કહી ચૂક્યા છીએ. આવાં પરિણામવાળો જે હોય તે પરિણામી. હવે જો આત્મા કૂટસ્થ નિત્ય હોય તો તેમાં હર્ષ વિષાદ, સુખ દુઃખનો ભોગ ઈત્યાદિ પ્રવૃત્તિ અને નિવૃત્તિ સ્વભાવવાળા પર્યાયો રહી શકે નહિં. કૂટ એટલે હથોડો કે ઘન તેનાથી લોહું કે સોનું કૂટીએ તેથી તેમાં નવનવા ઘાટ ઘડાય પણ હથોડો–ઘન તો તેવોનો તેવો જ રહે છે, તેમાં કશોજ ફેર પડતો નથી, માટે કોશકાર પણ કૂટસ્થનો અર્થ કરે છે કે અચલ શાશ્વત્, પરિવર્તન ન પામે તેવું. એટલે આત્મામાં કશું પરિવર્તન ન થઈ શકતું હોય તો સુખપર્યાયથી દુઃખ પર્યાયમાં, દુઃખથી સુખપર્યાયમાં કેવી રીતે જઈ શકે ? એટલે તેમાં=કૂટસ્થ નિત્ય આત્મામાં આવા પરિવર્તન થવાનો કોઈ અવકાશ જ નથી.

હર્ષની પ્રવૃત્તિ થતાં વિષાદની નિવૃત્તિ થાય છે. કૂટસ્થ નિત્યમાં હર્ષ હોય તો હર્ષ જ ચાલે તેમાં વિષાદ આવી જ ન શકે.

અને આત્માનો એકાન્તે–સર્વથા નિરન્વય નાશ માનો તો કૃતનાશ–કરેલાનો નાશ, અકૃત અભ્યાગમ-નહી કરેલાનો સ્વીકાર કરવો પડે, આ બે દોષ આવશે. એટલે જે ક્ષણનાં આત્માએ કર્મ કર્યું તે ક્ષણનો આત્મા ઉત્તરક્ષણમાં સર્વથા નાશ પામી ગયો, એથી પોતે તે કર્મનું ફળ ભોગવ્યા વિના નાશ પામી જાય છે, એટલે કૃતનાશ દોષ થયો. જ્યારે ઉત્તરક્ષણવર્તી આત્મા તે કર્મના ફળને ભોગવશે પણ તત્ક્ષણવર્તી આત્માએ તો તે

---

१ बौद्धस्य ।

स्मृतिप्रत्यभिज्ञाननिहितप्रत्यु[1]न्मार्गणप्रभृतयश्च प्रतिप्राणिप्रतीता व्यवहारा विशीर्येरन् । परिणामिनि तूत्पादव्ययध्रौव्यधर्मण्यात्मनि सर्वमुपपद्यते । यदाहुः-

"यथाहेः कुण्डलावस्था व्यपैति तदनन्तरम् ।
सम्भवत्यार्जवावस्था सर्पत्वं त्वनुवर्तते ॥
तथैव नित्यचैतन्यस्वरूपस्यात्मनो हि न । निःशेषरूपविगमः सर्वस्यानुगमोऽपि वा ॥
किं त्वस्य विनिवर्तन्ते सुखदुःखादिलक्षणाः । अवस्थास्ताश्च जायन्ते चैतन्यं त्वनुवर्तते ॥
स्यातामत्यन्तनाशे हि कृतनाशाकृतागमौ । सुखदुःखादिभोगश्च नैव स्यादेकरूपिणः ॥
न च कर्तृत्वभोक्तृत्वे पुंसोऽवस्थां समाश्रिते ।

કર્મ કર્યું ન હતુ માટે અકૃત કર્મના ફળને ભોગવવાનું સ્વીકારનો અવસર આવ્યો. વળી સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, પૂર્વે મુકેલી[1] વસ્તુને ફરી મેળવવી ગોતવી-શોધવી ઈત્યાદિ વ્યવહારો દરેક પ્રાણીમાં જોવા મળે છે, તે બધા નાશપામી જશે.

ઉત્પાદ વ્યય, ધ્રૌવ્ય ધર્મવાળા પરિણામી આત્મામાં આ બધુ ઘટી શકે છે. જે આત્માએ કર્મ કર્યું તે જ આત્મા દ્રવ્ય રૂપે પછીની ક્ષણોમાં વિદ્યમાન રહે છે. કર્મ સત્તા તેની સાથે જઈ શકે છે. માટે તેના ફળનો નાશ પણ થતો નથી, અને કર્મ કર્યા વગર ફળ ભોગવવું પડતુ નથી. હર્ષ પામી વિષાદ પામી શકે છે. પુનઃ હર્ષમાં પણ આવી શકે છે. હર્ષના પર્યાયથી નિવૃત્ત થઈ વિષાદના પર્યાયમાં પ્રવર્તે છે. (ઉત્પન્ન થાય છે). ધ્રૌવ્યધર્મ યુક્ત હોવાથી બન્ને વખતે દ્રવ્ય રૂપે તે જ આત્મા રહે છે, ઉત્તરક્ષણે તે જ આત્મા હોવાથી પૂર્વ અનુભૂતને સ્મરણમાં લાવી શકે છે. મૂકનાર આત્મા જ ગોતનાર છે, માટે વસ્તુ પ્રાપ્તિ પણ તેને થાય છે. ભિન્ન આત્મા આવું સંશોધન ન કરી શકે. ચૈત્ર મૂકે અને મૈત્ર ગોતે આવું ન બને.

કહ્યું પણ છે કે.....

જેમ સાપની કુંડાળ અવસ્થા નાશ પામે છે અને તરત જ સરળતા ઉભી થાય છે. જ્યારે બંને અવસ્થામાં સાપપણું તો તેમનું તેમ અકબંધ રહે છે.

તે જ રીતે નિત્ય ચૈતન્ય સ્વરૂપ આત્મા સમસ્ત રૂપે ધર્મોથી નાશ પામતો નથી અથવા બધા ધર્મોને અનુસરતો પણ નથી.

આત્મત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, આદિ ધર્મો કાયમ રહે છે અને જ્ઞાનોપયોગત્વ, દર્શનોપયોગત્વ, સુખભોક્તૃત્વ, દુઃખભોક્તૃત્વ ઈત્યાદિ ધર્મોથી નાશ પણ પામે છે. એટલે આત્માની સુખ દુઃખ ઈત્યાદિ સ્વરૂપ અવસ્થાઓ નાશ પામે છે અને ઉત્પન્ન થાય છે, પરંતુ ચૈતન્ય સ્થિર રહે છે.

આત્માનો એકાન્તે નાશ માનતા કૃતનાશ અને અકૃતાગમ દોષ આવે. એકાન્ત એક રૂપે રહેનાર આત્મામાં સુખ દુઃખાદિ ભોગ ન ઘટે.

---

१ एकान्तनाशिनी (?)

---

૧ ચૈત્રે જે વસ્તુ પહેલા જ્યાં મૂકી હોય તેને ત્યાં જઈને શોધીને તેજ લાવી શકે, બીજો તે વાતથી સર્વથા અજ્ઞજાણ હોવાથી ન શોધી શકે. ક્ષ. કે. બીજી વ્યક્તિ મૈત્રથી સર્વથા જુદી છે. આ તો સર્વ પ્રસિદ્ધ વાત છે. પૂર્વ આત્મા બીજી ક્ષણે સર્વથા નાશ પામી જાય તો આવું કાર્ય થવું અશક્ય બની જાય. પણ જગતમાં મૂકેલી વસ્તુને શોધવાનું અને ત્યાંથી તે વસ્તુની પ્રાપ્તિ જોવા તો મળે જ છે, માટે આત્મા સ્થિર માનવો જરૂરી છે.

[1]ततोऽवस्थावतस्त[2]त्त्वात्[3] कर्त्तैवाप्नोति तत्फलम् ॥"

[तत्त्वसं० का २२३-२२७]

इति अनेनैकान्तनित्यानित्यवादव्युदासः । 'आत्मा' इत्यनात्मवादिनो व्युदस्यति । कायाप्रमाणता त्वात्मनः प्रकृतानुपयोगान्नोक्तेति सुस्थितं प्रमातृलक्षणम् ॥४२॥

इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायाः प्रमाणमीमांसायास्तद्वृत्तेश्च
प्रथमस्याध्यायस्य प्रथममाह्निक[4]म्

કર્તૃત્વ ભોક્તૃત્વ પુરૂષમાં નથી હોતા પરંતુ આત્માની અવસ્થામાં હોય છે,

શંકા → એટલે જેમ ચૈત્ર જન્મથી મરણ સુધી એક જ છે, પણ તેની અવસ્થા બદલાયા કરે છે, પહેલા બાળ અવસ્થા હતી તો તેને અનુરૂપ કામ કરે છે, અને યુવા અવસ્થામાં તેને લગતું અને વૃદ્ધાવસ્થામાં તેને યોગ્ય કાર્ય કરે છે, એટલે બાલિશ ચેષ્ટા તે અવસ્થા કરતી હતી, ચૈત્ર તો અત્યારે પણ છે, પણ વર્તમાનમાં તો તેવી શિશુચેષ્ટા કરતો નથી એટલે કે તે તે અવસ્થા તે તે અર્થક્રિયાને કરે છે,

[બપ્પભટ્ટી સૂરીની વાત આવે છે ઉપાશ્રયની બહાર રમતા હતા અને પંડિતો વાદ કરવા આવ્યા, તેમને કહ્યું → હું નહોતો રમતો એતો મારી ઉંમર રમતી હતી અને પુરુષ તો નિર્લેપ અકર્તા છે, તેથી અવસ્થા બધી ક્રિયા કરે છે એમ માનવું જોઈએ.

સમા. → અહીં એટલું જ સમજવું જોઈએ કે ચૈત્ર કાંઈ તે અવસ્થાથી અલગ છે ? ખરી રીતે તો તમારે ના પાડવી જ પડશે, નહીંતર ચૈત્રને બાળ અવસ્થામાં કુદતા વાગી જવાથી જે ખોડ રહી હોય તે આગળની અવસ્થામાં ન રહેવી જોઈએ, પણ રહે જ છે અને પૂર્વની ક્રિયા તેને યાદ પણ આવે છે. માટે અવસ્થાથી અવસ્થાવાન્ ચૈત્ર ભિન્ન નથી; તેમ પુરુષ=આત્મા અવસ્થાથી ભિન્ન નથી. માટે કર્તા અને ભોક્તારૂપે સર્વ પરિણામ પામનારો પરિણામી આત્મા માનવો જ રહ્યો.] આ અવસ્થાની કલ્પના યુક્ત નથી કારણ કે અવસ્થાથી અવસ્થાવાન્ ભિન્ન નથી, કથંચિત્ અભિન્ન હોવાથી કર્મનો કર્તા જ તેનાં ફલને ભોગવે છે, જે આત્મા પ્રથમ કર્તૃત્વ પર્યાય રૂપે હોય છે, તે જ આત્મા પછી ભોકતૃત્વ અવસ્થાને પામે છે. માટે એ પ્રમાણે આત્મા "એકાન્ત નિત્ય" અને "એકાન્ત અનિત્ય છે.", આ બન્ને વાદનો નિરાસ થઈ જાય છે. સૂત્રમાં આત્મા શબ્દનો ઉલ્લેખ અનાત્મવાદિનો નિરાસ કરી દે છે. "આત્મા શરીર પ્રમાણ છે." આ ઉલ્લેખ પ્રસ્તુતમાં ઉપયોગી ન હોવાથી તેનો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો. આ પ્રમાણે પ્રમાતાનું લક્ષણ સુવ્યવસ્થિત-સુનિશ્ચિત બન્યુ ! ॥૪૨॥

॥ પહેલા અધ્યાયનું પહેલું આહ્નિક પુરું ॥

---

१ अवस्थायाः । २ -०वतस्तात्त्वात्-डे० । ०स्थासु तत्तत्त्वात्-तत्त्वसं० का० २२७ । ३ एकत्वात् । ४-०कम्। श्रेयः-ता० ।

॥ अथ द्वितीयमाह्निकम् ॥

§ १. इहोद्दिष्टे प्रत्यक्षपरोक्षलक्षणे प्रमाणद्वये लक्षितं प्रत्यक्षम् । इदानीं परोक्षलक्षणमाह-

अविशदः परोक्षम्[१] ॥१॥

§ २. सामान्यलक्षणानुवादेन विशेषलक्षणविधानात् 'सम्यगर्थनिर्णयः' इत्यनुवर्तते । तेनाविशदः सम्यगर्थनिर्णयः परोक्षप्रमाणमिति ॥१॥

§ ३. विभागमाह-

स्मृतिप्रत्यभिज्ञा[२]नोहानुमानागमास्तद्विधयः ॥२॥

§ ४. 'तद्' इति परोक्षस्य परामर्शस्तेन परोक्षस्यैते प्रकारा न तु स्वतन्त्राणि प्रमाणान्तराणि प्रक्रान्तप्रमाणसङ्ख्याविघातप्रसङ्गात् ।

§ ५. ननु स्वतन्त्राण्येव स्मृत्यादीनि प्रमाणानि किं नोच्यन्ते ?, किमनेन द्रविडमण्डकभक्षण-न्यायेन ? ।

બીજુ આહ્નિક

૧. આ ગ્રંથના ઉદ્દેશમાં પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાંથી પ્રત્યક્ષનું લક્ષણ બતાવી દીધું. હવે પરોક્ષનું લક્ષણ દર્શાવે છે.

સ્પષ્ટ ન હોય તેવો સમ્યગ્અર્થ નિર્ણય તે પરોક્ષ ॥૧॥

૨. સામાન્ય લક્ષણનો અનુવાદ કરીને વિશેષ લક્ષણનું વિધાન કરાય છે માટે સમ્યગ્અર્થ નિર્ણયની અનુવૃત્તિ[૧] સમજી લેવી. તેથી 'અવિશદ સમ્યગ્અર્થ નિર્ણય' અવિશદ એટલે "આ ઘટ છે" એવો ઈદં રૂપે પદાર્થનો સાક્ષાત્ પ્રતિભાસ જેમાં ન હોય અથવા જેના માટે અન્ય પ્રમાણની અપેક્ષા રહેતી હોય, તે પરોક્ષ પ્રમાણ. ઝાખું = અસ્પષ્ટ જ્ઞાન થવું એવો અર્થ નથી, કારણ કે અનુમાનમાં પણ નિર્ણય તો સ્પષ્ટ-ચોક્કસ જ હોય છે. એટલુ વિશેષ ખરું કે ધૂમ જેમ સાક્ષાત્ દેખાય છે, તેમ વહ્નિ સાક્ષાત્ જોવા નથી મળતો, પરંતુ "વહ્નિ છે" એ બાબતમાં કશી ગરબડ નથી. બન્ને પ્રમાણમાં પદાર્થનો સમ્યગ્ નિર્ણય તો હોય છે. વિશેષતા એટલી જ કે પ્રત્યક્ષમાં વિશદતા હોય તેવી વિશદતા પરોક્ષમાં ન હોય ॥૧॥

૩ પરોક્ષનાં ભેદ દર્શાવે છે.....

સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન ઊહ, અનુમાન અને આગમ આ પરોક્ષના ભેદ છે ॥૨॥

૪. તત્ શબ્દથી પરોક્ષનો પરામર્શ કરવામાં આવેલ છે. તેનાથી આ સિદ્ધ થયું કે સ્મૃતિ આદિ પરોક્ષના જ પ્રકારો છે, પરંતુ સ્વતંત્ર પ્રમાણ નથી. એમને સ્વતંત્ર પ્રમાણ માનવામાં આવે તો પ્રસ્તુત પ્રમાણ સંખ્યાનો ભંગ થવાનો પ્રસંગ આવે.

---

१ अत्र प्रथमं द्वितीयं च सूत्रद्वयं ता-मू० प्रतौ भेदकचिह्नं विना सहैव लिखितं दृश्यते-सम्पा० । २-०भिज्ञोहा०सं-मू० ।

---

૧ "સમ્યગ્ રીતે અર્થનો નિર્ણય થવો" આ પ્રમાણ સામાન્યનું લક્ષણ છે, માટે પરોક્ષ પ્રમાણ સ્વરૂપ વિશેષ પ્રમાણનું વિધાન કરવાનું હોય, ત્યારે પ્રમાણ સામાન્ય લક્ષણનો અનુવાદ અવશ્ય થાય છે. જેમ ચક્રવર્તી વાસુદેવ વગેરે વિશેષ માનવનું વર્ણન કરવામાં આવે, ત્યારે માનવ સામાન્ય સ્વરૂપનો અનુવાદ તો અવશ્ય થાય છે, નહીતર તો માનવ સામાન્ય લક્ષણ=માનવનો આકાર બે હાથ, બે પગ, મુખ, આંખ હોવું આ આકાર=સ્વરૂપ જેમાં ન હોય તે તો ચક્રવર્તી પણ ન હોઈ શકે, એમ કોઈ પણ વિશેષની વાત કરવાની હોય ત્યાં સામાન્ય સ્વરૂપનો અવશ્ય અનુવાદ થાય છે.

मैवं वोचः, परोक्षलक्षणसङ्गृहीतानि परोक्षप्रमाणान्न् विभेदवर्तीनि; यथैव हि प्रत्यक्षलक्षण-सङ्गृहीतानीन्द्रियज्ञान-मानस-स्वसंवेदन-योगिज्ञानानि सौगतानां न प्रत्यक्षादतिरिच्यन्ते, तथैव हि परोक्षलक्षणाक्षिप्तानि स्मृत्यादीनि न मूलप्रमाणसङ्ख्यापरिपन्थीनीति । स्मृत्यादीनां पञ्चानां द्वन्द्वः ॥२॥

§ ६. तत्र स्मृतिं लक्षयति-

वासनोद्बोधहेतुका तदित्याकारा स्मृतिः ॥३॥

§ ७. 'वासना[१]' संस्कारस्तस्याः 'उद्बोध[२]:' प्रबोधस्तद्धेतुका तन्निबन्धना,

"कालमसंखं संखं च धारणा होइ नायव्वा" [विशेषा० गा० ३३३]

इति वचनाच्चिरकालस्थायिन्यपि वासनाऽनुद्बुद्धा न स्मृतिहेतुः, आवरणक्षयोपशमसदृशदर्शनादि-सामग्रीलब्धप्रबोधा[३] तु स्मृतिं जनयतीति 'वासनोद्बोधहेतुका' इत्युक्तम् ।

---

૫. શંકાકાર : સ્મૃતિ વગેરેને સ્વતંત્ર પ્રમાણ કેમ નથી કહેતા ? આ દ્રવિડો[૧]નો શેંકેલો લોટ ખાવાના ન્યાયનો શો અર્થ ? એટલે જેનો સ્વાદ અલગ અલગ હોય તેવાં બધાની ભેળસેળ કરી તેને ખાવાનો શો અર્થ? અર્થાત્ ભિન્ન ભિન્ન બધાં પ્રમાણોની ભેળસેળ કરવાની શી જરૂર ?

સમાધાન : આવું ન બોલો, પરોક્ષ લક્ષણમાં અંતર્ગત થઈ જાય તે પ્રમાણો પરોક્ષ પ્રમાણથી જુદા ન હોઈ શકે. જેમ પ્રત્યક્ષ લક્ષણની અંતર્ગત ગણાતા બૌદ્ધમતના અનુસારે ઈંદ્રિયજ્ઞાન, માનસ જ્ઞાન, સ્વસંવેદન અને યોગિજ્ઞાન વગેરે પ્રત્યક્ષનાં લક્ષણમાં સંગૃહીત થવાથી પ્રત્યક્ષથી ભિન્ન નથી. એજ પ્રમાણે પરોક્ષ લક્ષણમાં સમાવિષ્ટ થનારાં સ્મૃતિ વગેરે પ્રમાણો મૂળ પ્રમાણ સંખ્યાનાં વિરોધી નથી. સૂત્રમાં સ્મૃતિ આદિ પાંચનો દ્વંદ સમાસ કર્યો છે. ॥૨॥

૬. સ્મૃતિના સ્વરૂપને દર્શાવે છે.....

વાસનાની જાગૃતિ જેમાં હેતુ રૂપ હોય અને "તે આવું છે" એવા આકાર વાળું જ્ઞાન હોય તે સ્મૃતિ ॥૩॥

૭. વાસના એટલે ધારણા નામનો સંસ્કાર તેનો ઉદ્બોધ જેનું કારણ છે તે સ્મૃતિ. (વિશેષ. ભાષ્ય ગા.૩૩૩)માં કહ્યું છે કે અસંખ્ય–સંખ્ય કાળ સુધી ધારણા રહે છે. આ કથનથી એ સિદ્ધ થયું કે લાંબા કાળ સુધી રહેનારી વાસના જો જાગૃત ન બને તો તે સ્મૃતિમાં હેતુ રૂપ બનતી નથી.

તેવા આવરણનો ક્ષયોપશમ અને તત્સંબંધી કે સમાન પદાર્થનું દર્શન ઈત્યાદિ[૨]થી જેની જાગૃતિ થાય તે

---

૧ धारणा । २ स्मृतिजननाभिमुख्यम् । ३-०धा अनुस्म् ०मु-पा० ।

---

૧ દ્રવિડ -દક્ષિણ ના ઘાટ પર રહેનારી એક હલકી જાતિ છે તે શેંકેલા મેંદા (લોટ) વગેરે બધુ ભેગુંકરીને ખાય છે, તેની જેમ, એટલે કોઈ પણ ભેળસેળ કરે ત્યારે આનો ત્યાં ન્યાય તરીકે ઉપયોગ થાય છે.

૨ આદિપદથી ન્યાયસૂત્રમાં તેના નિમિત્ત દર્શાવેલ છે તેનો પરિગ્રહ કરવો તથાહિ "प्रणिधाननिबन्धाभ्यासलिंगलक्षण-सादृश्यपरिग्रहाश्रयाश्रित-सम्बन्धानन्तर्यविरोधातिशयप्राप्तिव्यवधानसुखदुःखेच्छा-द्वेषभयार्थित्वक्रियाराग-धर्माधर्मनिमित्तेभ्यः" न्यासू. ।३, २/४३ । પ્રણિધાન-"ત્યાં મેં શું જોયેલું ?" તેના માટે એકાગ્ર બનતા પણ તે પદાર્થ યાદ આવે છે. તેના પદાર્થના કારણથી, પુનઃ અભ્યાસ કરવાથી, લિંગ કે લક્ષણ દેખવાથી-સાંભળવાથી તેના આશ્રયને દેખવાથી, જેની સાથે તેનો સંબંધ તે સંબંધના જ્ઞાનથી, એક વસ્તુની તરત જ-આંતર વિના રહેલ હોય તેવી વસ્તુના જ્ઞાનથી-જેમ ૧૦૧મું સૂત્ર બોલતા

अस्या उल्लेखमाह 'त[1]दित्याकारा' सामान्योक्तौ नपुंसकनिर्देशस्तेन स घटः, सा पटी, तत् कुण्डल[2]मित्युल्लेखवती[3] मतिः स्मृतिः ।

§ ८. सा च प्रमाणम् अविसंवादित्वात् स्वयं निहितप्रत्युन्मार्गणादिव्यवहाराणां दर्शनात् । नन्वनुभूयमानस्य विषयस्याभावान्निरालम्बना स्मृतिः कथं प्रमाणम् ?

જાગૃત વાસના સ્મૃતિને ઉત્પન્ન કરે છે. પૂર્વે જેવાં પુરૂષનો અનુભવ કર્યો હોય તેનાંથી જન્મેલી વાસના આપણાં આત્મામાં ચિરસ્થાયી બની ગયેલી હોય છે. તે વાસના સમાન દર્શન = તેને મળતી આવતી આકૃતિવાળા પુરૂષને જોતાં જાગૃત થાયછે. અને "પેલો માણસ મેં વર્ષો પહેલાં અહીં જોયેલો' ઇત્યાદિ રૂપે સ્મૃતિ થાય છે. ગામનું નામ સાંભળતાં ગલીઓ જોતાં ત્યાંના દેરાસરની સ્મૃતિ થઈ જાય, ત્યાં દેરાસરને લગતા ગલીવિ. પદાર્થનું દર્શન જિનાલયદર્શનથી જન્ય વાસનાને જાગૃત કરે છે. માટે જ વાસનાની જાગૃતિને સ્મૃતિનો હેતુ કહ્યો છે. આ સ્મૃતિનો ઉલ્લેખ કેવી રીતે થાય તે દર્શાવે છે. "તે" એવા સ્વરૂપથી અર્થાત્ સ્મૃતિનો આકાર છે, સામાન્યની વિવાક્ષાથી 'તત્' એમ નપુંસકલિંગમાં નિર્દેશ કર્યો છે. તેથી घटः → પેલો ઘડો, सा शाटिका–પેલી સાડી, तत् કુંડલં →પેલું કુંડલં એવા ઉલ્લેખવાળી બધી મતિ બુદ્ધિ-જ્ઞાન તે સ્મૃતિ રૂપ જાણવું. तत् નો ઉલ્લેખ હોય તો જ સ્મૃતિ અને 'સા'ના ઉલ્લેખને સ્મૃતિ ન કહેવાય આવા ભ્રમમાં કોઈ ના પડે.

૮. તે સ્મૃતિ પ્રમાણભૂત છે, કારણ કે સ્મૃતિ જન્ય પ્રવૃત્તિમાં વિસંવાદ દેખાતો નથી, જેમકે પોતે જાતે મૂકેલી વસ્તુને યાદ કરતાં સ્મૃત થયેલા દ્રવ્યક્ષેત્ર આદિના આધારે તે વસ્તુની શોધ કરતા તે વસ્તુ ત્યાં જ મળી આવે છે. એમાં ગડબડ થતી નથી. જો સ્મૃત દેશાદિ ખોટા હોત તો ત્યાં તે વસ્તુ આપણને પ્રાપ્ત પણ ન થાત. જેમ ભ્રમ જ્ઞાનથી છીંપલાને ચાંદી માનતા ત્યાં ચાંદી પ્રાપ્ત થતી નથી.

શંકાકાર : સ્મૃતિનો વિષય વર્તમાનમાં અનુભવ કરવામાં આવતો નથી. પૂર્વ અનુભૂત પદાર્થ જ સ્મૃતિનો વિષય બનતો હોય છે. જે વિષય વર્તમાનમાં હાજર ન હોઈ શકે એટલે વિષયના આલંબન વિનાની (નિરાલમ્બવિષયવાળી) સ્મૃતિને પ્રમાણભૂત કેવી રીતે મનાય ?

A १ अभ्यासदशापन्नायां गुणनादौ तदित्याकाराभावात् प्रायिकमिदम् । २ कुण्डमि०-डे० । ३-०वती स्मृ०-डे० । ४ अविसंवादित्वमस्या [अ]सिद्धमिति चेदित्याह ।

સાંભળતા ૧૦૦-૧૦૨નું સૂત્ર યાદ આવી જાય છે. પિતાનો વિયોગ થતા તેમની યાદ આવ્યા કરતી હોય છે. જે બન્ને કાર્ય એક જ કારણના હોય તેવા કાર્યના જ્ઞાનથી, પોતાની વિરોધી પદાર્થના જ્ઞાનથી, વિશિષ્ટ જિનાલય જોતા- પ્રાપ્ત થતા, વ્યવવધાન=જેનાથી પોતાનું આંતરુ પડતુ હોય તેના જ્ઞાનથી, સુખમાં પુણ્યકર્મ યાદ આવે, મિત્રવર્ગ યાદ આવે, દુઃખમાં પાપકર્મ યાદ આવે, – પ્રભુ યાદ આવે. ઇચ્છા થતા / દ્વેષજાગતા, ભય લાગતા (ચોરનો ભય લાગતા પુલિસયાદ આવે) તે પદાર્થ મેળવવાનો ભાવ થતા, પૂજાના રાગથી=વિશિષ્ટ સામગ્રી-પૂજાની ઉપયોગી સામગ્રી ફળ-ફૂળ વિ. યાદ આવે છે. તેમજ ધર્મ-પુણ્યના કારણે ધર્મ આરાધના યાદ આવે, અધર્મ-પાપના કારણે મોજશોખ યાદ આવે.

A तत्- અભ્યાસદશામાં રોજ ગોખીને પાકું કરી દેવામાં આવે ત્યારે સડસડાટ બોલી દેવાય છે, "ત્યાં તે ગાથા હું બોલુ છું" ઇત્યાદિ રૂપે "तत्" નો આકાર નથી પણ પડતો માટે "तत्" ઇત્યાકારની પ્રાયિક વાત સમજવી.

। नैवम्, अनुभूतेनार्थेन सालम्बनत्वोपपत्तेः, अन्यथा [1]प्रत्यक्षस्याप्यनुभूतार्थविषयत्वादप्रामाण्यं प्रसज्येत । स्वविष[2]यावभासनं स्मृतेरप्यविशिष्टम् । विनष्टो विषयः कथं स्मृतेर्जनकः ? तथा चार्थाजन्यत्वान्न प्रामाण्यमस्या इति चेत्, तत् किं प्रमाणान्तरेऽप्यर्थजन्य[3]त्वमविसंवादहेतुरिति विप्रलब्धोऽसि? । मैवं मुहः, यथैव हि प्रदीपः स्वसामग्रीबललब्धजन्मा घटादिभिरजनितोऽपि तान् प्रकाशयति,

[આ વાત ન્યાયમંજરીમાં કરી છે. જ્યારે કન્દલીકારે પ્રશસ્તપાદભાષ્યની ટીકા કન્દલીમાં તેનું ખંડન કર્યું છે કે ये त्वनर्थजत्वात् स्मृतेरप्रमाण्यमाहुः तेषामतीतानागतविषयस्यानुमानस्याप्रामाण्यं स्यादिति दूषणम् कन्दली पृ. २५७ (गृहीतग्राही होवाथी तेओ (मीमांसक) स्मृतिने अप्रामाण्य माने छे)

"इयं यज्ञशाला अतीतवह्निमती अतीतधूमवत्त्वात् "આ અનુમાનને અપ્રમાણિત માનવુ પડશે, કારણ કે અહીં પણ વિષય નાશ પામેલ છે, અત્યારે તો ધૂમ નથી અને વહિ નથી, માત્ર કાળાશ જોઈને આ અનુમાન કરવામાં આવ્યું છે.]

સમાધાન : આવું ન કહેવાય, અનુભૂત પદાર્થ સ્મૃતિનો વિષય બનતો હોવાથી સ્મૃતિ નિર્વિષયક નથી. છતાં પણ તેને અપ્રમાણ માનશો તો જે પ્રત્યક્ષનો વિષય અનુભૂત[1] પદાર્થ છે, તેવું પ્રત્યક્ષ પણ અપ્રમાણ માનવું પડશે. જે ઘડો પહેલા અનુભવ્યો હોય તેનું જ ફરી પ્રત્યક્ષ થાય છે, ત્યારે તેના – વિષયના એક દેશ[1]નું આલંબન નથી લેવાયું છતાં તે કાંઈ ખોટું નથી.

પોતે ફોનથી વાત કરતો હોય આંખ ફોન તરફ હોય અને આંગળી ચિંધીને આ તમારું સાહિત્યનું પુસ્તક લઈ લો (જે ક્ષણ પહેલા પોતે જોયેલું છે) એટલે પોતાની આંખથી તેનું આલંબન નથી લેતો છતાં સાહિત્યના પુસ્તક તરીકે જ તેનો અનુભવ તો કરે જ છે. એમ એક અપેક્ષાએ પ્રત્યક્ષ પણ નિરાલંબન છે, છતાં કાંઈ અપ્રમાણિત નથી. "આ" ઈદંતારૂપે ભાસ થતો હોવાથી તેને સ્મૃતિ કે પ્રત્યભિજ્ઞા ન કહેવાય.

શંકાકાર : ભાઈ ! ત્યાં તો પોતાનાં વિષયનો જ પ્રતિભાસ અત્યારે પણ થાય છે, માટે પ્રત્યક્ષને તો પ્રમાણભૂત જ કહેવાય.

સમાધાન : સ્મૃતિમાં વળી કયાં બહારનો વિષય પ્રતિભાસ પામે છે ? એટલે સ્મૃતિનો જે વિષય છે તે જ (કે જે પૂર્વે અનુભૂત છે) પદાર્થ સ્મૃતિમાં પ્રતિભાસ પામે છે. અનુભૂતવિનાનો એક પણ વિષય સ્મૃતિમાં આવતો નથી, માટે સ્મૃતિ સવિષયક હોવાથી પ્રમાણભૂત જ છે. વળી જે જિનાલયનું સ્મરણ થાય ત્યાં જવાથી તેની પ્રાપ્તિ પણ થાય છે. સાવ ખોટો વિષય હોય, નિર્વિષય હોય તો આવી સંવાદી પ્રવૃત્તિ ન ઘટે.

१ यद्यनुभूतेनार्थेन सालम्बनत्वेऽपि स्मृतेरप्रामाण्यमातिष्ठसे तदा प्रत्यक्षस्यापि किं नाप्रामाण्यं भवेदिति एकोद्देशेन तस्यापि निरालम्बनत्वात् । २ अनुभूतविषय० । ३ अर्थजन्यत्वात् ज्ञानस्य प्रामाण्याभ्युपगमे मरुमरीचिकादौ जलज्ञानमप्यर्थजन्यत्वात् प्रमाणं स्यात् ।

१ क्षण पूर्वना तेना काळादि-रूपादि पर्याय सूक्ष्म रीते रूपान्तर पामी गया छे, छतां आपणे ते रूपे घटनो फरी अनुभव करीए छीए, एटले अहीं रूपादि पर्याय रूप एकदेशनुं आलंबन नथी छतां आ प्रत्यक्षने कोई खोटु कहेतुं नथी; अथवा तो बीजीवार ज्ञान करता प्रमाता पूर्व अनुभूत बधा पर्यायनुं आलंबन नथी लेतो, छतां तेनो अनुभव करे छे. जेमके पहेला तमे खोलीने बराबर फाईल जोई "आ साहित्यनी फाईल छे" ए तो अनुभव करे, पछी आ बधु खोलीने जोया विना "आ साहित्यनी फाईल छे" आवुं प्रत्यक्ष करे छे, अहीं पूर्वे बधा पर्याय अनुभवेला छे, परंतु तेमनुं अहीं आलंबन नथी लीधु छतां तेनो अनुभव करे छे.

तथैवावरणक्षयोपशमसव्यपेक्षेन्द्रियानिन्द्रियबललब्धजन्म संवेदनं विषयमवभासयति । "नाननुकृतान्वय-व्यतिरेकं कारणम् नाकारणं विषयः" इति तु प्रलापमात्रम्, योगिज्ञानस्यातीतानागतार्थगोचरस्य तदजन्यस्यापि प्रामाण्यं प्रति विप्रतिपत्तेरभावात् । किञ्च, स्मृतेरप्रामाण्येऽनुमानाय दत्तो जलाञ्जलिः, तया व्याप्तेरविष[1]यीकरणे तदुत्थानायोगात्,

શંકાકાર → સર્વથા નાશ પામેલો વિષય સ્મૃતિનો જનક કેવી રીતે બને ? એટલે અર્થ જન્ય ન હોવાથી સ્મૃતિ પ્રમાણ નથી.

સમાધાન → "શું 'પદાર્થ'થી જન્ય[1] હોવાના લીધે જ બીજા પ્રમાણમાં પણ અવિસંવાદ આવે છે." એવું માનતા હો તો તમે કોઈથી ઠગાઈ ગયા છો. આવાં મોહમાં ફસાશો મા. જેમ દીવો તેલ, વાટ વગેરે પોતાનાં કારણોથી ઉત્પન્ન થાય છે. પરંતુ કાંઈ ઘટાદિથી પેદા થતો નથી. છતાં તે ઘટાદિને દીવો પ્રકાશિત કરે છે. તે જ રીતે તાદેશ આવરણ-ક્ષયોપશમની સાપેક્ષ ઈંદ્રિય અને મનની સહાયતાથી ઉત્પન્ન થનારું જ્ઞાન ઘટાદિ વિષયને પ્રકાશિત કરે છે. જેવો પોતાનો ક્ષયોપશમ અને ઉપયોગ તે પ્રમાણે ઈંદ્રિય અને મન કામ કરે છે. તેથી કોઈકને જ્ઞાન સ્પષ્ટ થાય, કોઈકને ઝાંખુ અને કોઈને ખોટું પણ જ્ઞાન થાય છે.

શંકાકાર → (બૌદ્ધ) "અન્વય વ્યતિરેકને નહિ અનુસરનારને કારણ ન કહેવાય અને જે જ્ઞાનનું કારણ નથી, તે જ્ઞાનનો વિષય પણ ન બની શકે."

જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં વિષય હોય આ અન્વય કહેવાય, જ્યાં વિષય નથી ત્યાં જ્ઞાન પણ ન હોય આ વ્યતિરેક કહેવાય. જ્યાં જ્યાં ધૂમ ત્યાં ત્યાં વહ્નિ અને જ્યાં વહ્ન્યભાવ ત્યાં ધૂમાભાવ છે. તો અગ્નિ ધૂમનું કારણ કહેવાય. તેમ ઉપરોક્ત અનુસરણ થાય તો વિષય જ્ઞાનનું કારણ નિશ્ચિત બને.

જ્યારે તમારા (જૈનોના) કહેવા પ્રમાણે વ્યતિરેક વ્યભિચાર આવ્યો. વિષય નથી છતાં જ્ઞાન પેદા થાય છે. પણ "જે કારણ ન બને તે વિષય પણ ન બની શકે." આ વાતનું શું કરશો ?

સમાધાન : બૌદ્ધનું આ કથન પ્રલાપ માત્ર છે. યોગિઓનું જ્ઞાન ભૂતકાલનાં વિનષ્ટ પદાર્થને અને અનાગત અનુત્પન્ન પદાર્થને વિષય કરી જાણે છે. એટલે તે પદાર્થ વર્તમાનમાં હયાત ન હોવાથી જ્ઞાન પદાર્થથી જન્ય તો નથી, છતાં તે યોગીજ્ઞાનને પ્રમાણભૂત માનવામાં કોઈ વિખવાદ કરતું નથી. વળી સ્મૃતિને અપ્રમાણ માનશો તો અનુમાનને તિલાંજલિ અપાઈ સમજો, તેની પ્રમાણતા છોડી દેવી પડશે. અર્થાત્ અનુમાનનો જ

१ व्याप्तेरग्रहणेऽग्रहणं त्वप्रमाणत्वात् ।

१ अथ प्रतिभासमानार्थजन्यं प्रमाणमिष्यते तदानुमानं न स्यात् प्रमाणम् । अनुमानं ह्यनर्थसामान्यप्रतिभासि, न च तेन जन्यम्, भवन्मते सामान्यस्यावस्तुत्वात् । यत् प्रमाणं तदनर्थजन्य(तदर्थज)मेवेति अतिव्याप्ति (०वेतिव्याप्ति)रपि दुष्ट स्वसंवेदनप्रत्यक्षेण व्यभिचारात् तद्धि स्वात्मविषयं, न च तेन जन्यम् । જૈન : → અર્થ જન્ય હોવાથી જ્ઞાનને પ્રમાણ માનતા હો તો ઝાંઝવાના જલના જ્ઞાનને પ્રમાણ માનવું પડશે. કા. કે. તે પણ સામે ચમકતી રેતી-પદાર્થમાંથી પેદા થાય છે. બૌદ્ધ : જેનો પ્રતિભાસ થતો હોય તેવા અર્થથી જન્યજ્ઞાન પ્રમાણ કહેવાય, અહીં તો જલનો પ્રતિભાસ છે, અને જ્યારે જ્ઞાન તો રણની રેતીથી જન્ય છે.
જૈન : ભલે ! આમ માનવાથી પૂર્વોકત આપત્તિના સકંજામાંથી છટકી ગયા, પરંતુ નવી આપત્તિની ચુંગાલમાં તમે ફસાઈ જવાના. કા. કે. અનુમાનમાં જે અનર્થ અર્થભૂત સદ્ નથી એવા સામાન્યનો પ્રતિભાસ હોય છે. કેમ કે પરમાર્થસત્ પદાર્થ તો માત્ર નિર્વિકલ્પનો જ વિષય બને છે. અહીં અગ્નિ વગેરે વ્યાપ્તિજ્ઞાનથી જે સામાન્ય રૂપે માત્ર ભાસ થાય છે તેનું અનુમાન થાય છે. પરંતુ અનુમાન તે સામાન્યથી જન્ય નથી, કા. કે. તમારા મતમાં સામાન્ય અવસ્તુ-તુચ્છ છે, તેનાથી કોઈ પેદા ના થઈ શકે. અને નવી "જે જે પ્રમાણ છે તે અર્થ જન્ય હોય છે" આવી વ્યાપ્તિ પણ દુષ્ટ છે. કા. કે. સ્વસંવેદન પ્રત્યક્ષ દ્વારા (સાથે) વ્યભિચાર આવે છે, સ્વસંવેદન પોતાના સ્વરૂપને જ વિષય બનાવે છે. પરંતુ પોતે કાંઈ પોતાના સ્વરૂપથી જન્ય નથી, તેવું સંભવતું ન હોવાથી કા. કે. જ્યાં સુધી પોતે પેદા ન થાય, ત્યાં સુધી પોતાનું સ્વરૂપ અસ્તિત્વ ધરાવતું જ નથી તો પછી તે પોતાને-સ્વસંવેદન જ્ઞાનને ક્યાંથી જન્મ આપે ?

लिङ्गग्रहण-सम्बन्धस्मरणपूर्वकमनुमानमिति हि सर्ववादिसिद्धम् । ततश्च स्मृतिः प्रमाणम्, अनुमानप्रामाण्यान्यथानुपपत्तेरिति[1] सिद्धम् ॥३॥

§ ९. अथ प्रत्यभिज्ञानं लक्षयति-

दर्शनस्मरणसम्भवं तदेवेदं तत्सदृशं तद्विलक्षणं तत्प्रति-
योगीत्यादिसङ्कलनं प्रत्यभिज्ञानम् ॥४॥

§ १०. 'दर्शनम्' प्रत्यक्षम्, 'स्मरणम्' स्मृतिस्ता[2]भ्यां सम्भवो यस्य तत्तथा दर्शनस्मरण[3]कारणकं स[4]ङ्कलनाज्ञानं 'प्रत्यभिज्ञानम्' । तस्योल्लेखमाह-'तदेवेदम्', सामान्यनिर्देशेन नपुंसकत्वम्, स एवायं घटः, सैवेयं पटी, तदेवेदं कुण्डमिति । 'तत्सदृशः' गोसदृशो गवयः, 'तद्विलक्षणः' गोविलक्षणो महिषः,

ઉચ્છેદ થઈ જશે. કારણ કે સ્મૃતિથી જો વ્યાપ્તિને વિષય બનાવવામાં ન આવે તો વ્યાપ્તિથી ઉત્થાન પામનારું અનુમાન કેવી રીતે થઈ શકે ? એટલે બૌદ્ધના મતે નષ્ટ પદાર્થ સ્મૃતિ રૂપ જ્ઞાનનો વિષય ન બની શકે.→ "પૂર્વ અનુભૂત વ્યાપ્તિનાં વિષયભૂત ધૂમ અગ્નિ વગેરે લિંગ અત્યારે વ્યાપ્તિ સ્મૃતિનાં કારણ બનતાં નથી." નષ્ટ થયેલા હોવાથી."વળી વ્યાપ્તિસ્મરણ પર્વતની તળેટીમાં કરવાનું છે, અને ધૂમ-અગ્નિ જે પૂર્વે અનુભવ્યા હતા તે તો રસોડામાં ગઈ કાલે જોયેલા એટલે ભિન્ન દેશ-કાલ હોવાથી કારણ-જનક ના બની શકે.

હવે જો સ્મૃતિમાં વ્યાપ્તિ ન આવે,-વ્યાપ્તિનું સ્મરણ ન થાય તો વ્યાપ્તિનાં આધારે પેદા થનાર અનુમાનનો તો મેળ જ ક્યાંથી બેસે ? એટલે અનુમાન પણ પેદા થઈ શકશે નહિ. એમ કોઈ પણ અનુમાન થતું અટકી જશે. કારણ કે "અનુમાન[1] તો લિંગ જ્ઞાન અને વ્યાપ્તિ-અવિનાભાવસંબંધ ના સ્મરણ પૂર્વક જ પેદા થાય છે" આ સિદ્ધાંત સર્વ વાદીઓને માન્ય છે. તેથી એ સાબિત થઈ ગયું કે સ્મૃતિ પણ પ્રમાણભૂત છે, કેમકે અન્યથા અનુમાન પ્રમાણભૂત ન બની શકે. જેનું કારણ ખોટવાળું (અપ્રમાણ) હોય તજ્જન્ય કાર્ય અવશ્ય ખોટવાળું જ (અપ્રમાણ) જ હોય. જોડ-બાકીમાં ભૂલ હોય તો જવાબમાં ખોટ આવે જ ॥૩॥

૯ હવે પ્રત્યભિજ્ઞાનનું લક્ષણ બતાવે છે.....

દર્શન અને સ્મરણથી ઉત્પન્ન થનારૂ "આ તેજ છે" "આ તેના સરખુ છે" "આ તેનાથી વિલક્ષણ છે" "આ તેનો પ્રતિયોગી છે," ઇત્યાદિ સંકલનાત્મક જ્ઞાન પ્રત્યભિજ્ઞાન છે ॥૪॥

૧૦ દર્શન એટલે પ્રત્યક્ષ અને સ્મરણથી ઉદ્ભવ છે જેનો તે. એટલે કે પ્રત્યક્ષ અને સ્મરણ કારણવાળું સંકલનાત્મક જ્ઞાન પ્રત્યભિજ્ઞાન છે. પૂર્વાપર દ્રવ્ય ક્ષેત્ર કાલાદિનો સંબંધ જોડી આપવો તે સંકલન કહેવાય. જેમ 'આ તે જ છે' અહીં પૂર્વ જે અનુભવ્યું હોય તેનો સંબંધ પુરોવર્તી પદાર્થમાં જોડી દેવામાં આવ્યો છે. અહીં સામાન્ય નિર્દેશ માટે 'તદ્' પદ મુક્યું છે. તેથી 'તેજ આ ઘડો છે" 'આ તેજ સાડી છે' 'આ પેલો કુંડ છે' રોઝ

१ रिति ॥ अथ मु.पा । २ क्वचिदव्यस्ताभ्यामपि यथेदमस्माद्भिन्नमित्यादिकं प्रत्यभिज्ञानं दर्शनादेव स्मरणरहितात् । तस्मात् भिन्नमित्यादिकं केवलादेव स्मरणात् प्रत्यभिज्ञानम् । ३ मदीयेन गृहस्थितेन गवा सदृशोऽयं गवय इत्यादिकम् [अत्र टिप्पणकारेण उभयकारणकत्वं उदाहृतम्-सम्पा०] । ४ एकत्वसादृश्यवैसदृश्यादिनाऽर्थद्वयघटनं सङ्कलना ।

૧ અવિનાભાવ વ્યાપ્તિથી માત્ર એટલો જ ખ્યાલ આવે કે જ્યાં રજોહરણ હોય ત્યાં સાધુ હોય, પણ જ્યાં સુધી પક્ષમાં તેનો ઉપસંહાર ન થાય એટલે "આ વ્યક્તિ પાસે પણ સાધુ વ્યાપ્ય રજોહરણ છે" આવુંજ્ઞાન ન થાય ત્યાં સુધી નિગમન -"માટે આ પણ સાધુ જ છે" એવું જ્ઞાન ન થાય. માત્ર વ્યાપ્તિના સ્મરણથી વ્યક્તિમાં સાધુનું ભાન થઈ શકતું નથી. અને પક્ષમાં તેનું = સાધુની સાથે વ્યાપ્તિવાળો રજોહરણ છે" આવું જ્ઞાન થવું જરૂરી છે. કા.કે. જ્યાં સુધી બન્ને વચ્ચેની વ્યાપ્તિનો બોધ ન થાય, તો સાધુ વ્યાપ્યરજોહરણ છે" એ જ્ઞાન કેમ સંભવે ? અનુમિતિ જ્ઞાન વ્યાપ્તિજ્ઞાનની પછી થાય છે, માટે વ્યાપ્તિ એ કરણ અને અનુમિતિ કાર્ય બને છે.

'तत्प्रतियोगि' इदमस्मादल्पं महत् दूरमासन्नं वेत्यादि । 'आदि' ग्रहणात्-

"रोमशो दन्तुरः श्यामो वामनः पृथुलोचनः ।
यस्तत्र चिपिटघ्राणस्तं चैत्रमवधारयेः ॥" [न्यायम० पृ० १४३]
"पयोम्बुभेदी हंसः स्यात्षट्पा[1]दैर्भ्रमरः स्मृतः ।
सप्तपर्णस्तु विद्वद्भिर्विज्ञेयो विषमच्छदः ॥
पञ्चवर्ण भवेद्वत्रं मेचकाख्यं पृथुस्तनी ।
युवतिश्चैकशृङ्गोऽपि गण्डकः परिकीर्तितः ॥"

इत्येवमादिशब्दश्रवणात् तथाविधानेव चैत्रहंसादीनवलोक्य तथा[2] सत्यापयति यदा, तदा तदपि संकल[3]नाज्ञानमुक्तम्, दर्शनस्मरणसम्भवत्वाविशेषात् ।

ગાયના જેવું છે, એટલે ગાયનું સ્મરણ કરી પુરોવર્તી ગવય પિંડ જોઈ તેમાં સાદૃશ્ય અનુભવી (નું સંકલન) કરીને 'આ ગવય છે' એવું જ્ઞાન પેદા થાય છે. 'ગાયથી વિલક્ષણ ભેંસ છે' અહીં ગાયમાં જે અનુભવ્યું હતું તેવું એમાં નથી જોવાતું એટલે પુરોવર્તીના દર્શન સાથે પૂર્વ અનુભૂતનું સ્મરણ પણ લાગુ પડે છે. કારણ કે વિલક્ષણ[1] તો અનુભૂતના આધારે જ માને છે. નહીંતર પછી તે શેનાથી વિલક્ષણ છે ? કા. કે. તે સાપેક્ષ પદાર્થ હોવાથી અન્યની અપેક્ષાથી જ પોતાનું ભાન કરાવી શકે.

તત્પ્રતિયોગી[2] આ આનાથી નાનું છે. અહીં પૂર્વે જે મોટી વસ્તુ જોઈ હોય તેનું સ્મરણ અને સામે રહેલી વસ્તુનું દર્શન જરૂરી બને છે. હ્રસ્વત્વ દીર્ઘત્વ વગેરે સાપેક્ષ પદાર્થના સંબધીને પ્રતિયોગી કહેવાય છે. સાપેક્ષ એવા જ્ઞાન ઈચ્છા વિગેરેની અપેક્ષાએ તત્સંબંધી પદાર્થમાં વિષયતા નામનો આગન્તુકધર્મ આવે છે, (તે ધર્મીમાં જ્ઞાનાદિપાંચથી અન્ય (સાપેક્ષ) પદાર્થની અપેક્ષાએ જે આગન્તુકધર્મ આવે તે ધર્મને પ્રતિયોગિતા કહેવાય છે. જેમ ઘટમાં સંયોગાદિ સંબંધ કે અભાવને લઈને પ્રતિયોગિતા આવે છે, માટે ઘટ પ્રતિયોગી બન્યો. એમ इदं = આ પિંડ अस्मात् = મોટા પદાર્થની અપેક્ષાએ નાનો છે એટલે નાનાપિંડમાં હ્રસ્વત્વ(ધર્મ) પદાર્થ આવ્યો છે, તેથી તે નાનો પિંડ હ્રસ્વત્વનો પણ પ્રતિયોગી કહેવાય છે.) ઘટાભાવ વિગેરે અભાવ અને સંયોગ વિ.સંબંધને આશ્રયી પણ પ્રતિયોગીનું સંકલન થઈ શકે છે. ઘટનો સંયોગ છે માટે સંયોગપદાર્થનો ઘટસંબંધી-પ્રતિયોગી બને છે, તેમ ઘટનું હ્રસ્વત્વ એમ હ્રસ્વત્વનો સંબંધી ઘટ છે માટે હ્રસ્વત્વનો પ્રતિયોગી ઘટ બને છે. એમ तत् = ह्रस्वत्वं, दीर्घत्वं વગેરે આવશે તેના પ્રતિયોગી રૂપે ઘટાદિનું ભાન થાય છે એમ તત્પ્રતિયોગીનું ભાન થાય છે, આવા જ્ઞાન માટે મોટા પિંડનું સ્મરણ અને નાનાપિંડ (ઘટ)નું દર્શન આવશ્યક હોય છે. માટે આવા તત્પ્રતિયોગી જ્ઞાનનો પ્રત્યભિજ્ઞામાં સમાવેશ થાય છે. આ આનાથી મોટું છે, આ આનાથી દૂર છે કે 'નજીક છે'. એમ સૂત્રમાં ગ્રહણ કરેલ 'આદિ' શબ્દથી ડુંવાટાવાળો, લાંબા દાંતવાળો કાળાવર્ણવાળો, બાવનીઓ, મોટી વિશાલ આંખવાળો ચપટા નાકવાળો જે હોય તેને ચૈત્ર સમજવો. (ન્યાય પં પૃ. ૧૪૩) હંસ દૂધ પાણીને જુદા પાડનાર છે, છ પગવાળાને

१-०पदै-मु० । २ तथा वचनं सत्या०-डे० । ३ संकलमनु०-डे० ।

---

૧ પૂર્વે અનેક પેન જોઈ હોય પછી સાવ અલગ જ આકાર વાળી પેન જોવામાં આવે ત્યારે "તે પેનોથી આ વિલક્ષણ છે" એવું જ્ઞાન થાય છે. એમ પર્વનું સ્મરણ જરૂરી છે.

૨ "संयोगेन भूतलेघटः" આ જ્ઞાન તમને પૂર્વે થયેલું છે અને તમને એ પણ ખ્યાલ છે, જે આધેય હોય તે સંબંધનો પ્રતિયોગી કહેવાય. તેમાંથી અત્યારે તમે માત્ર ઘડો જોયો ત્યારે તમને જ્ઞાન થાય કે આ ઘટ સંયોગનો પ્રતિયોગી છે. અથવા પૂર્વે ઘટાભાવનું જ્ઞાન થયેલું હોય અત્યારે એજ ભૂતલ ઉપર ઘડો જોયો ત્યારે તમને ઘટાભાવનો ખ્યાલ હોવાથી તમે તરત જ બોધ કરશો આ ઘડો પેલા ઘટાભાવનો પ્રતિયોગી છે. સંયોગાદિ સંબંધ કે અભાવનું સ્મરણ થતા પ્રતિયોગીનું ભાન થાય છે એટલે અહીં પણ પૂર્વાપરનું સંકલન રહેલું છે. કા.કે. અભાવના સબંધીને પ્રતિયોગી કહેવાય.

यथा वा औदीच्येन[1] क्रमेलकं निन्दतोक्तम् 'धिक्करभमतिदीर्घवक्रग्रीवं[2] प्रलम्बोष्ठं कठोरतीक्ष्णकण्टकाशिनं कुत्सितावयवसन्निवेशम[3]पश[4]दं पशूनाम्' इति। तदुपश्रुत्य दाक्षिणात्य उत्तरापथं गतस्तादृशं वस्तुपलभ्य 'नूनमयमर्थोऽस्य करभशब्दस्य इति [य[5]दवैति] तदपि दर्शनस्मरणकारणकत्वात् सङ्कलनाज्ञानं प्रत्यभिज्ञानम्।

§ ११. येषां तु सादृश्यविषयमुपमानाख्यं प्रमाणान्तरं तेषां वैलक्षण्यादिविषयं प्रमाणान्तरमनुषज्येत। यदाहु[6]:-

"उपमानं प्रसिद्धार्थसाधर्म्यात् साध्य[7]साधनम्।
तद्वैधर्म्यात् प्रमाणं किं स्यात् संज्ञिप्रतिपादनम्॥" [लघीय० ३. १०]

ભ્રમર જાણવો, વિષમચ્છદને-(સપ્તપર્ણ નામનું ઝાડ) વિદ્વાનોએ સાત પાંદડાવાળો કહ્યો છે, પાંચવર્ણવાળું મેચકરત્ન કહેવાય છે. પુષ્ટ સ્તનવાળી યુવાન સ્ત્રી હોય છે અને એક શિંગડાવાળો ગેંડો કહેવાય છે. આવાં ધર્મોનું પ્રથમ શ્રવણ કરે છે, અને ચૈત્ર વિ.ને જોતા તે બધાનું સ્મરણ થાય છે. એટલે અહીં પણ સંકલન રહેલું છે. એટલે 'આદિ' શબ્દથી આવું કયાંય પણ સંકલન દેખાતું હોય તે બધુ જ્ઞાન પ્રત્યભિજ્ઞાન જાણવું. ચૈત્ર, હંસ વગેરેને જોઈને સત્યતાનો અનુભવ કરે છે, એટલે ચૈત્રાદિની બાબતમાં જેવું મેં સાંભળ્યુ હતુ તેવું જ જોવા મળ્યું. એમ દર્શન સ્મરણ દ્વારા આ સંકલન ઉભું થતું હોવાથી બધું પ્રત્યભિજ્ઞાન છે.

[અભાવ અને સંબંધ પણ સાપેક્ષ પદાર્થ છે. ઘટને જોઈ પ્રતિયોગીનું ભાન થાય તેમ ભૂતલને જોઈ અનુયોગીનું ભાન થાય છે. એમ અહીં મૂકેલ આદિશબ્દથી અનુયોગીનું ગ્રહણ થઈ શકે છે, વળી જેમકે પહેલા મામા ભાણેજને જોયેલા હોય/જાણ્યા હોય અત્યારે સામે તેમાંથી ભાણિયો જોવા મળ્યો ત્યારે તરત જ આપણને સંકલન થાય કે "આ તો તેમનો ભાણિયો છે, અહીં પણ પહેલા તેના મામા-ભાણિયાના સંબંધ રૂપે જોયા તે યાદ આવે અને પછી સામેની વ્યક્તિમાં તે મામાનો સંબંધ જોડવામાં આવે છે. એમ સ્મરણ અને દર્શન હેતુથી આ જ્ઞાન પેદા થાય છે]

[પ.હ્રસ્વત્વ કે દીર્ઘત્વના જ્ઞાનમાં સ્મરણ અને દર્શન બે હેતુ કેવી રીતે ?
ઉ. અહીં પ્રમાતા પહેલા એક પદાર્થને જુએ, ત્યાર પછી અન્યને જોવા લાગે છે, ત્યારે પૂર્વે જોયેલ પદાર્થ સાથે સરખામણી કરે છે અને તેની અપેક્ષાએ સામેલામાં અલ્પ અણુનો સમૂહ જોવાથી સામેના પદાર્થમાં આ તેનાથી નાનો છે, આવું જ્ઞાન પેદા થાય છે.]

અથવા જેમ ઉત્તર દિશાનો માણસ ઉંટની નિંદા કરતો એમ બોલે કે 'લાંબી અને વાંકી ડોકવાળો, લબડતા હોઠવાળો, કઠોરને તીખા કાંટા ને ખાનારો, બેડોળ અંગો વાળો પશુઓમાં હલ્કી કોટીવાળો હોય એવા ઉંટને ધિક્કાર હો ! તે સાંભળી દાક્ષિણાત્યઃ- દક્ષિણદિશાનો માણસ ઉત્તર દિશામાં ગયો. અને તેવી વસ્તુ/પશુ જોઈને જાણ્યું કે 'ઉંટ શબ્દથી વાચ્ય આ પદાર્થ છે,' આ જ્ઞાન પણ દર્શન અને સ્મરણ હેતુથી થનારૂં હોવાથી સંકલના જ્ઞાનરૂપ પ્રત્યભિજ્ઞાન કહેવાય છે.

ઉપમાનનો પ્રત્યભિજ્ઞામાં સમાવેશ

૧૧. જે નૈયાયિકોએ સાદૃશ્યને વિષય બનાવનાર ઉપમાન નામનું ભિન્ન પ્રમાણ માન્યું છે, પણ વિલક્ષણતાદિનાં વિષયવાળું પણ ભિન્ન ભિન્ન પ્રમાણ માનવું પડશે.

કહ્યું છે કે →પ્રસિદ્ધ પદાર્થનાં સાધર્મ્યથી અપ્રસિદ્ધ પદાર્થને જાણવાનુ સાધન તે ઉપમાન તદ્વૈધર્મ્યાત્ —ગાય ભેંસ વગેરે પ્રસિદ્ધ પદાર્થના જેવી ડોક વગેરે છે. તેનાથી વિસદંશ ધર્મથી સંજ્ઞી—ઉષ્ટ્ર સંજ્ઞાવાળાનું પ્રતિપાદન કરવું તેને કયું પ્રમાણ કહેવાશે ? એટલે ત્યાં વૈધર્મ્યવાળા પિંડને-સંજ્ઞીને ઉંટ કહેવાય છે એવા

१ अत्र उदीच्येन इति सुचारु। २ -०ग्रीवप०-ता०। ३-०मपसदं -मु० ०मपशब्दं-डे०। ४ निकृष्टम्। ५ तात्पर्य० पृ० १९८ ६ यदाह-ता०। ७ सादृश्यसाधनम्।

"इदमल्पं महद् दूरमासन्नं प्रांशु[૧] नेति वा ।
व्यपेक्षा[૨]तः समक्षेऽर्थे विक[૩]ल्पसाधना[૪]न्तरम् ॥" [लघीय० ३. १२] इति ।

§ १२. अथ साधर्म्यमुपलक्षणं योग[૫]विभा[૬]गो वा करिष्यत इति चेत्, तर्ह्यकुशलः सूत्रकारः स्यात्, सूत्रस्य लक्षणरहितत्वात् । यदाहुः-

"अल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतोमुखम् ।
अस्तो[૭]भमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥" अस्तोभमनधिकम् ।

§ १३. ननु 'तत्' इति स्मरणम् 'इदम्' इति प्रत्यक्षमिति ज्ञानद्वयमेव, न ताभ्यामन्यत् प्रत्यभिज्ञानाख्यं प्रमाणमुत्पश्यामः ।

સંજ્ઞાસંજ્ઞિના સંબંધજ્ઞાનને શું કહેશો ? તો પ્રસિદ્ધ પદાર્થનાં વૈધર્મ્યથી અપ્રસિદ્ધ પદાર્થનાં નામનું પ્રતિપાદન કરનારને કયું પ્રમાણ માનશો ? (લઘીય ૩-૧૦)

આ આનાથી નાનું છે, મોટુ છે, દૂર છે, નજીક છે, ઉંચુ છે કે ઉંચુ નથી, આવા સાપેક્ષ જ્ઞાન વિકલ્પો[૧] જે સમક્ષ-સામે દેખાતા પદાર્થમાં તેના પ્રતિપક્ષીની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે, તેનું સાધન-પ્રમાણ ભિન્ન માનવું પડશે. (લઘીય. ૩.૧૩)

૧૨. શંકાકાર →સાધર્મ્ય તે ઉપલક્ષણ છે તેથી વૈધર્મ્યનું પણ ઉપમાનમાં ગ્રહણ કરી શકાય છે. અથવા સાધર્મ્ય ઉપમાન, વૈધર્મ્ય ઉપમાન એમ બે વિભાગ પાડી દેવાના. તેથી ઉપરોક્ત જ્ઞાનોમાં સાધન ભિન્ન માનવા નહિ પડે.

સમાધાન : આવું કહેવાથી તમારાં સૂત્રકાર અકુશળ કહેવાશે. કારણ એમનું સૂત્ર સૂત્રનાં લક્ષણ રહિત બની જાય છે. કહ્યું છે.... જે અલ્પ અક્ષરવાળું હોય, અસંદિગ્ધ હોય, સારયુક્ત હોય, સર્વતોમુખી હોય, "વૈ-ણં" ઇત્યાદિ અર્થ વગરના અક્ષરથી રહિત હોય એને નિર્દોષ સૂત્ર કહે છે. અસ્તોભ' વધારે અક્ષરો ન હોય તેવું, સર્વતોમુખી = બધી રીતે પૂર્ણ, જેવો અર્થ સૂત્રથી કાઢવાનો આશય સૂત્રકારનો છે તેવો અર્થ સૂત્ર ઉપરથી નીકાળી શકાય તેમાં આપણને કોઈ શબ્દની ઉણપ ન લાગે. શ્લોકને પૂરો કરવા માટે વપરાતા વૈ,ણં વગેરે વ્યર્થ શબ્દોનો જેમાં નિપાત ન હોય તે અસ્તોભમ્. "प्रसिद्धसाधर्म्यात् साध्यसाधनमुपमानम्" ન્યા.સૂ. (૧-૧-૬) આ સૂત્રમાં તમારા કહેવા પ્રમાણે સાધર્મ્ય એ ઉપલક્ષણ છે, તેથી સાધર્મ્યથી ભિન્ન એવા કોઈ ધર્મ કે જેનાથી સંજ્ઞા સંજ્ઞી સંબંધનું જ્ઞાન થઈ શકતું હોય, તેનું પણ ગ્રહણ કરાય. એટલે વૈધર્મ્યથી તેવું જ્ઞાન કરવું તે પણ ઉપમાન. એટલે સૂત્રથી આવો ચોક્કસ નિશ્ચય નથી થતો કે સાધર્મ્યથી જ ઉપમાન થાય. વળી "ઉપમાન એક જાતનું છે કે બે જાતનુ ?" એમ સંદેહ રહ્યા કરે છે. એથી સૂત્રનું જે અસંદિગ્ધ વિશેષણ—લક્ષણ છે, એની ખામી આવી. એટલે સંદિગ્ધ સૂત્ર રચના કરવાથી ન્યાય સૂત્રકાર કાણાદ-અક્ષપાદ અકુશળ માનવા પડશે.

---

१ दीर्घम् । २ अपेक्षका ह्यल्पमहदादिव्यापाराः । ३ अक्षनिरपेक्षं मानसं ज्ञानं विकल्पः । ४ प्रमाणान्तरं प्राप्नोति । ५ उपमानमिति सूत्रावयवयोगः । ६ उपमानं द्विधा साधर्म्यतो वैधर्म्यतश्चेति विभागः । ७ पूरणार्थवादिनिपातरहितमस्तोभम् ।

---

૧ વિકલ્પનો અર્થ અક્ષ નિરપેક્ષ માનસ જ્ઞાન આવો કર્યા છે, તો સામે પદાર્થ જોઇને આ દીર્ઘ, આ હ્રસ્વ વિગેરે થતું જ્ઞાન અક્ષ નિરપેક્ષ કેવી રીતે?

ઉ- આંખથી માત્ર સામેનો પદાર્થ દેખાતો હોય છે, તેમાં નાના મોટાનો વ્યવહારતો પ્રમાતા બન્નેની તરતમતાનો વિચાર કરીને પોતે તેવું માનસ પ્રત્યક્ષ કરે છે. કા.કે. વસ્તુ કંઈ હસ્વકે દીર્ઘ નથી પરંતુ પ્રમાતા પરસ્પર બે વસ્તુને તુલનાત્મક દૃષ્ટિથી વિચારીને જેમાં અલ્પ મૂર્ત સંયોગ જણાય તેને હ્રસ્વ કહે છે અને અધિક મૂર્ત સંયોગ જણાય તેને દીર્ઘ કહે છે, આ બધી મનનીજ વિચારણા દ્વારા જ થયું ને, એમાં કંઈ આંખ તેવી વિચારણા કરી શકતી નથી. પહેલા આંખથી સામેના પદાર્થનું દર્શન થયું ત્યારે તેના મૂર્ત્ત સંયોગનું પ્રમાણ જણાયું, હવે બીજો પદાર્થ જોયો તેમાં મૂર્ત્તસંયોગનું પ્રમાણ જાણ્યું, ત્યાર પછી પૂર્વના પ્રમાણને યાદકરી તુલના કરે તો પહેલો પદાર્થ હ્રસ્વ જણાય છે, એમ હ્રસ્વવિગેરેના જ્ઞાનમાં દર્શન અને સ્મરણ બન્ને જરૂરી છે.

नैतद्युक्तम्, स्मरणप्रत्यक्षाभ्यां प्रत्यभिज्ञाविषयस्यार्थस्य ग्रहीतुमशक्यत्वात् । [1]पूर्वापराकारैकधुरीणं हि द्रव्यं प्रत्यभिज्ञानस्य विषयः । न च तत् स्मरणस्य गोचरस्तस्यानुभूतविषयत्वात् । यदाहु[2]:-

"पूर्व[3]प्रमितमात्रे हि जायते स इति स्मृतिः ।
स एवायमितीयं तु प्रत्यभिज्ञा[4]ऽतिरेकिणी ॥" [तत्त्वसं० का० ४५३]

नापिप्रत्यक्षस्य[5] गोचरः, तस्य[6] वर्तमानविव[7]र्त्तमात्रवृत्तित्वात् । न च दर्शनस्मरणाभ्यामन्य[8]द् ज्ञानं नास्ति, दर्शनस्मरणोत्तरकालभाविनो ज्ञानान्तरस्यानुभूतेः । न चानुभूयमानस्यापलापो युक्तः अतिप्रसङ्गात् ।

§ १४. ननु प्रत्यक्षमेवेदं प्रत्यभिज्ञानम् इत्येके[9] । नैवम्, तस्य सन्निहितवार्तमानिकार्थविषयत्वात्।

"सम्ब[10]द्धं वर्तमानं च गृह्यते चक्षुरादिना" [श्लोकवा० सूत्र ४ श्लो० ८४]

इति मा स्म विस्मरः । ततो नातीतवर्तमानयोरेकत्वमध्यक्षज्ञानगोचरः । अथ स्मरण[11]सहकृतमिन्द्रियं

---

૧૩. શંકાકાર : 'तत्' તે આ સ્મરણ છે. 'ઇદમ્' આ પ્રત્યક્ષ છે. માટે આ તો બે જ્ઞાન થયા. આ બે જ્ઞાનથી બીજું કોઈ જુદું પ્રત્યભિજ્ઞાન નામનું પ્રમાણ અહીં જોવા મળતું નથી.

સમાધાન → આ તમારૂં કથન અયોગ્ય છે. પ્રત્યભિજ્ઞાનનાં વિષયને જાણવા સ્મરણ અને પ્રત્યક્ષ સમર્થ નથી. પૂર્વાપર પર્યાયમાં (સ્વ) આકારથી એક જ સ્વરૂપે અવસ્થિત રહેનાર દ્રવ્ય તે પ્રત્યભિજ્ઞાનનો વિષય છે. તે પદાર્થ સ્મરણનો વિષય બની શકતો નથી, કારણ સ્મરણતો માત્ર પૂર્વ અનુભૂત પદાર્થને જ વિષય બનાવે છે જ્યારે અહીં તો પદાર્થ સામે દેખાય છે. એટલે બે ભિન્ન જ્ઞાન સ્મરણ અને પ્રત્યક્ષમાંથી કોઈની એવી શક્તિ નથી કે તે પૂર્વાપરનું સંકલન કરી શકે. માટે પ્રત્યભિજ્ઞા અતિરિક્ત પ્રમાણ માનવું જ રહ્યું.

કહ્યું છે કે પૂર્વે પ્રમાનો વિષય બનાવેલ-અનુભૂત પદાર્થમાં જ "તે છે" એ પ્રમાણે સ્મૃતિઉત્પન્ન થાય છે. 'તેજ આ છે' એમ એકત્વને જણાવનારી પ્રત્યભિજ્ઞા તેનાથી ભિન્ન છે. પૂર્વજ્ઞાન-સ્મરણથી આમાં જ્ઞાનની માત્રા અધિક છે. (તત્ત્વસં. કા. ૪૫૩)

આ પ્રત્યક્ષનો વિષય પણ નથી કારણ તે તો વર્તમાન પર્યાયને જ વિષય બનાવનાર છે. 'સ્મરણ અને પ્રત્યક્ષ ભિન્ન બીજું કોઈ દુનિયામાં જ્ઞાન જ નથી" એવું નથી. કેમ કે દર્શન અને સ્મરણ પછી ઉત્પન્ન થનાર અન્ય નવા જ જ્ઞાનનો અનુભવ થાય છે. અનુભવમાં આવનારનો નકાર ભણવો તે યોગ્ય નથી. એવો અપલાપ કરતા કોઈ પણ ઠેકાણે અપલાપ કરવાનો પ્રસંગ આવશે. જેમકે જિનાલયમાં પ્રભુ પ્રતિમા જોવા છતાં અપલાપ કરવાનું, પેલો કહે→મારૂં શરીર બહુ બળે છે મને તાવ આવ્યો લાગે છે. છતાં "જા ! મારે તારી વાત નથી માનવી, એમ નિષેધ કરી દેશે અને આવું કરવાથી જગતનો વ્યવહાર ખોરવાઈ જશે.

૧૪. વૈશેષિકો→પ્રત્યભિજ્ઞાન તો પ્રત્યક્ષ જ્ઞાન જ છે .

જૈના →આ કહેવું યોગ્ય નથી, કારણ પ્રત્યક્ષનો ઈંદ્રિય સંબદ્ધ અને વર્તમાનકાલીન પદાર્થ જ વિષય હોય છે. શ્લોકવાર્તિક (સૂત્ર ૪ શ્લો-૨૪)માં કહ્યું છે કે (પ્રત્યક્ષ) ચક્ષુ વગેરે ઈંદ્રિયો સંબદ્ધ અને વર્તમાન પદાર્થને જ ગ્રહણ કરે છે "આ તમે ભૂલો મા" તેથી ભૂતકાળ અને વર્તમાનનાં એકીકરણ કે સંકલનને પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય ના કહી શકાય.

---

१ तदेवेदमित्यत्रैकत्वं विषयः, गोसदृशो गवय इत्यत्र तु सादृश्यम् । २ यदाह-ता० । ३ पूर्वप्रवृत्तमा० मु-पा । ४ पूर्वप्रमितमात्रादधिका । ५ ०स्य तस्य विद-०डे० । ६ तस्येति प्रत्यक्षस्य । ७ विवर्तः परिणामः पर्यायः इति यावत् । ८ ०मन्यज्ञा०-डे० । ९ वैशेषिकादयः १० चक्षुरादीन्द्रियसम्बन्धि । ११ सहायम् ।

तदेकत्वविषयं प्रत्यक्षमुपजनयतीति प्रत्यक्षरूपतास्य गीयत इति चेत्, न, स्वविष[1]यविनियमितमूर्तेरिन्द्रियस्य विषया[2]न्तरे सहकारिशतसमवधानेऽप्यप्रवृत्तेः । नहि परिमलस्मरणसहायमपि चक्षुरिन्द्रियमविषये गन्धादौ प्रवर्तते । अविषयश्चातीतवर्तमानावस्थाव्याप्येकं द्रव्यमिन्द्रियाणाम् । नाप्यदृ[3]ष्टसहकारिसहितमिन्द्रियमेकत्वविषयमिति वक्तुं युक्तम् उक्तादेव हेतोः[4] । किञ्च, अदृष्टसव्यपेक्षादेवात्मनस्तद्विज्ञानं भवतीति वरं वक्तुं युक्तम् । दृश्यते हि स्वप्नविद्या[5]दिसंस्कृतादात्मनो विषयान्तरेऽपि विशिष्टज्ञानोत्पत्तिः । ननु यथाञ्जनादिसंस्कृतं चक्षु सातिशयं भवति तथा स्मरणसहकृतमेकत्वविषयं भविष्यति । नैवम्, इन्द्रियस्य स्वविषयानतिलङ्घनेनैवातिशयोपलब्धेः, न विषया[6]न्तरग्रहणरूपेण । यदाह भट्टः-

"यश्चाप्यतिशयो दृष्टः स्वा[7]र्थानतिलङ्घनात् ।
दूर[8]सूक्ष्मादिदृष्टौ स्यात् न रूपे श्रोत्र[9]वृत्तितः ॥" [श्लोकवा० सूत्र० ११४]

इति । तत् स्थितमेतत् विष[10]यभेदात्प्रत्यक्षादन्यत्परोक्षान्तर्गतं प्रत्यभिज्ञानमिति ।

શંકાકાર : સ્મરણની સહાયતા પામેલ ઈંદ્રિયોજ એકત્વ વિષયક પ્રત્યક્ષને પેદા કરે છે, માટે આવાં જ્ઞાનને પ્રત્યક્ષ રૂપ જ મનાય છે.

સમાધાન : જેની શક્તિ 'દેશ્યમાન આકૃતિ=સ્વવિષય એવા વર્તમાનકાલીન રૂપાદિમાં મર્યાદિત થયેલી છે' એવી ઈંદ્રિય સેંકડો સહકારી મળી આવે તો પણ અન્ય વિષયને ગ્રહણ કરવા પ્રવૃત્ત થઈ શકતી નથી. સુગંધના સ્મરણની સહાયતા પામીને કાંઈ આંખ પોતાનો અવિષય એવા ગંધાદિને ગ્રહણ કરવા પ્રવૃત્ત થઈ શકતી નથી. અતીત વર્તમાન અવસ્થા કાળમાં વ્યાપી એવું એક દ્રવ્ય ઈંદ્રિયનો વિષય નથી. "સામે ઘટ દેખાય છે" ઈંદ્રિય માત્ર એટલું જ જાણે, પણ "મેં પૂર્વે જોયો હતો, તે જ આ ઘડો છે." એવું ભૂતકાળ સહિત વાર્તમાનિક જ્ઞાન કરી ન શકે.

શંકાકાર : અદૃષ્ટની સહાયતાથી ઈંદ્રિય જ એકત્વ-વિષયક-જ્ઞાનને પેદા કરે છે.

સમાધાન : આમ કહેવું બરાબર નથી, પૂર્વે કહ્યું તેમ ઈંદ્રિયનો વિષય ન હોવાથી ઈંદ્રિય તેનું જ્ઞાન ન કરી શકે.

શંકાકાર : ચાલો ભાઈ ! તમે કહો તેમા પણ આત્મા તો અદૃષ્ટની સહાયતાથી ત્રણે કાલને વિષય બનાવી શકે છે. એટલે અદૃષ્ટની અપેક્ષાથી આત્માને તેવું જ્ઞાન થાય છે. એમ માનીએ આમાં તો તમને વાંધો નથીને ?

સમાધાન : આ તો કહેવું બહુ સારૂં છે, સ્વપ્ન અને વિદ્યા વગેરેના સંસ્કારથી આત્માને ગંધાદિ અન્ય વિષયનું પણ વિશિષ્ટ જ્ઞાન ઉત્પન્ન થાય છે, પણ કાંઈ તે વિશિષ્ટ જ્ઞાનને પ્રત્યક્ષ નથી કહેવાતું, અને તે ઈંદ્રિયનો વિષય નથી બનતું. અમે પણ પ્રત્યભિજ્ઞાથી જે જ્ઞાન થાય છે તે આત્માને જ થાય છે, એમ જ માનીએ છીએ, અને જેને તાદૃશ કર્મનો ક્ષયોપશમ થયો હોય તેને જ આવું જ્ઞાન થાય છે, એ અમને માન્ય જ છે.

શંકાકાર : જેમ અંજન વગેરેથી સંસ્કૃત થયેલ આંખ સાતિશયવાળી અર્થાત્ વિશિષ્ટ તેજસ્વી બને છે. તેમ સ્મરણની સહાયતા પામી ઈંદ્રિય એકત્વને જાણી શકશે.

સમાધાન : આવું નથી, ઈંદ્રિયમાં દેખાતો અતિશય સ્વવિષયને ઉપરવટ જઈ બહાર લાગુ પડતો નથી. જે માણસ થોડુ ઝાખું કે નજીકનું જોતો હતો તે અંજન વગેરે લગાડવાથી સ્પષ્ટ અને દૂરનાં રૂપી પદાર્થને જ દેખી શકે. નહિં કે અરૂપી કે વ્યવહિત પદાર્થને.

---

૧ स्वविषयवार्तमानिकरूपादौ । ૨ विषयान्तरे गन्धादौ । ૩ अदृष्टं भाग्यं कर्मेत्यर्थः । ૪ विषयान्तराप्रवृत्तिरूपाद्धेतोः । ૫-०द्यासं०-डे० । ૬ नहि संस्कृतमपि चक्षुर्गन्धादिग्रहणे शक्तम् । ૭ स्वविषय० । ૮ दूरसूक्ष्मादिदर्शनेन चक्षुषोऽतिशयो भवति, न श्रवणस्य, रूपविषयेष्वव्यापारात् । ૯ नहि रूपे श्रौत्री वृत्तिः संक्रामति । ૧૦ विषयभेदादित्ययं हेतुः ।

§ ૧૫. न चैतदप्रमाणम् विसंवादाभावात् । क्वचिद्विसंवादादप्रा[1]माण्ये प्रत्यक्षस्यापि तथा प्रसङ्गो दुर्निवारः । प्रत्यभिज्ञानपरिच्छि[2]न्नस्य चात्मादीनामेकत्वस्याभावे बन्धमोक्षव्यवस्था नोपपद्यते । एकस्यैव हि बद्धत्वे मुक्त[3]त्वे च बद्धो दुःखितमात्मानं जानन् मुक्तिसुखार्थी प्रयतेत । भेदे त्वन्य एव दुःख्यन्य एव सुखीति कः किमर्थं वा प्रयतेत ? । तस्मात्सकलस्य[4] दृष्टादृष्टव्यवहारस्यैकत्व-मूलत्वादेकत्वस्य च प्रत्यभिज्ञायत्तजीवितत्वाद्भवति प्रत्यभिज्ञा प्रमाणमिति ॥४॥

§ ૧૬. अथोहस्य लक्षणमाह-

उपलम्भानुपलम्भनिमित्तं व्याप्तिज्ञानम् ऊहः ॥५॥

કુમારિલ ભટ્ટ શ્લોક વાર્તિક (શ્લો.વાસૂ.૨શ્લો૧૧૪)માં કહે છે કે→ઈંદ્રિયમાં જે અતિશય આવે છે, તે પોતાનાં વિષયને ઉલ્લંઘન કરીને જોવામાં આવતો નથી. આંખનો અતિશય દૂર કે સૂક્ષ્મવસ્તુને જોવામાં કામ લાગે. પરંતુ અતિશયના લીધે કાંઇ રૂપ જોવામાં શ્રોત્રેંદ્રિય કામ આવતી નથી.

તેથી આ નક્કી થયું કે વિષયમાં ભેદ હોવાથી પ્રત્યક્ષથી જુદું જ પરોક્ષમાં સમાવિષ્ટ થનારૂં પ્રત્યભિજ્ઞાન છે.

૧૫. પ્રત્યભિજ્ઞાન અપ્રમાણ તો નથી કારણ કે તેના વિષયમાં વિસંવાદ નથી દેખાતો. જો ક્યાંય વિસંવાદ જોવા માત્રથી પ્રત્યભિજ્ઞાનને અપ્રમાણ માનશો તો પ્રત્યક્ષ પણ અપ્રમાણ માનવું પડશે.

કારણ કે પ્રત્યક્ષથી જોયેલ પદાર્થ - ઝાંઝવાના જળ વગેરેમાં પણ વિસંવાદ જોવા મળે છે. આત્મા વગેરેનું પ્રત્યભિજ્ઞાનથી પ્રતીત થયેલ એકત્વને (હું તેજ આ આત્મા છું, જેણે આવું કર્મ કરેલ આવી એકત્વ પ્રતીતિને)જો ન માનો તો બંધ મોક્ષની વ્યવસ્થા બંધબેસી શકશે નહિ.

જે કર્મથી બંધાય છે તે જ મુક્ત થાય છે, એટલે બન્નેનાં આત્મા એક જ છે, એવું માનવામાં આવે તો જ કર્મથી બંધાયેલ જીવ પોતાને દુઃખી જાણી મોક્ષ સુખનો અભિલાષી બની છૂટવાનો પ્રયત્ન કરે છે (કરશે) જો બંને જુદા જુદા હોય અર્થાત્ બંધાય પોતે અને છુટવાનું બીજાને હોય તો સુખી એવો કોણ અથવા શા માટે છૂટવાનો પ્રયત્ન કરે ? જેલમાં પોતે જાય અને પછી કાંઇ બીજાને છોડાવવા પ્રયત્ન કરે, કે પોતાને છોડાવવાનો ? જો પૂર્વોત્તર બદ્ધ-મુક્ત પર્યાયમાં આત્મા ભિન્ન હોય તો દુઃખી બીજો અને સુખી બીજો બને, તો કોણ કોના માટે પ્રયત્ન કરશે ? તેથી "બધા દૃષ્ટ અદૃષ્ટ વ્યવહાર દ્રવ્યગત એકત્વના મૂળવાળા છે" આવું એકત્વનું જીવન (જ્ઞાન) પ્રત્યભિજ્ઞાને આધીન છે, -આવો એકત્વનો બોધ પ્રત્યભિજ્ઞાના આધારે જ જીવી શકે છે. માટે પ્રત્યભિજ્ઞા પ્રમાણ છે "આ તેજ હું આત્મા છું જે મેં પૂર્વે કર્મો કર્યા હવે મારે જ ભોગવવાના છે," એમ અતીત આત્માનું સંકલન વર્તમાન સાથે કરવામાં આવે છે, સ્મરણથી માત્ર પૂર્વનો આત્મા યાદ આવે પરંતુ વર્તમાન સાથે તે જોડાણ કરાવી ના શકે ॥૪॥

૧૬. હવે ઊહનું લક્ષણ બતાવે છે.....

ઉપલમ્ભ અને અનુપલમ્ભ ના નિમિત્તે થનારૂં વ્યાપ્તિ જ્ઞાન ઊહ અર્થાત્ તર્ક કહેવાય છે ॥૫॥

---

१ यथा स एव क्षिप्रो जक्ष्यते (?) २ स एवायमिति । ३-०त्वेसति च-डे० । ४ -०स्य दृष्टव्य०-डे० ।

§ ૧૭. 'उपलम्भः' प्रमाणमात्रमत्र गृह्यते न प्रत्यक्षमेव अनुमेयस्यापि 'साधनस्य सम्भवात्, प्रत्य[2]क्ष-वदनुमेयेष्वपि व्याप्तेरविरोधात् । 'व्याप्तिः' वक्ष्यमाणा तस्या 'ज्ञानम्' तद्ग्राही निर्णयविशेष 'ऊहः' ।

૧૭. 'ઉપલમ્ભ' શબ્દથી દરેક પ્રમાણનું ગ્રહણ કરવાનું છે, નહિ કે માત્ર પ્રત્યક્ષનું, કારણ કે અનુમેયA પણ સાધન–લિંગ સંભવે છે.

પ્રત્યક્ષની જેમ અનુમેય પદાર્થોમાં પણ વ્યાપ્તિનો વિરોધ નથી. વ્યાપ્તિ વિષે આગળ કહેવાના છીએ, તેનું જ્ઞાન–તેને ગ્રહણ કરનાર વિશેષ નિર્ણય તે ઊહ, તર્ક[1] જેમ ધૂમને પ્રત્યક્ષ જોઈ વહ્નિ સાથે તેની વ્યાપ્તિ નિશ્ચિત કરવામાં આવે છે. તેમ હિતાહિતપ્રાપ્તિ-પરિહાર પ્રવૃત્તિના આધારે ચૈતન્યનું અનુમાન કરી તેનાં આધારે ચૈતન્ય સાથે આત્માની વ્યાપ્તિનું સ્મરણ કરી આત્માની સિદ્ધિ કરાય છે. ઉપલંભઅનુપલંભના નિમિત્તે કહેવાતી વ્યાપ્તિનું નિશ્ચાયાત્મક જ્ઞાન તે ઊહ-તર્ક કહેવાય.

[પહેલા ધૂમ જોયો ત્યાં સાથોસાથ વહ્નિ જોયો આ ઉપલંભ થયો અને જ્યાં વહ્નિ નથી ત્યાં ધૂમ પણ જોવા નથી મળતો તે અનુપલંભ, આ બન્નેનું સંકલન એક જ પ્રમાતા કરે છે, ત્યારે તેને જે એક વિકલ્પ-વિચારણા પેદા થાય છે કે "વહ્નિ વિના ધૂમ રહી ન શકે" નહીતર વહ્નિ ન હોય ત્યાં પણ ધૂમ જોવા મળત, બસ આવી વ્યાપ્તિ મગજમાં ફીટ થવી તેનું નામ તર્ક. અહીં આ ધ્યાન રાખવું કે માત્ર વ્યાપ્તિજ્ઞાન તર્ક =ઊહ નથી. પરંતુ ઉપરોક્ત નિમિત્તથી પ્રમાતાને આવી અવિનાભાવી વિચારણા પેદા થાય ત્યારે જ તર્ક કહેવાય. એમ માત્ર ઉપલંભ કે અનુપલંભ થાય, પણ તેના આધારે પોતાની બુદ્ધિ દોડાવી આવું અવિનાભાવનું જ્ઞાન પેદા ન થાય તો તે તર્ક નથી. એટલે ઉપલંભ અને અનુપલંભના પ્રભાવે "આમ ન હોય તો આમ પણ ન હોઈ શકે" તેથી "જ્યાં ધૂમ છે ત્યાં[2]વહ્નિ હોય જ છે" આવી બુદ્ધિ જાગૃત થવી તે તર્ક છે.]

[ઉપલંભ અને અનુપલંભ પ્રત્યક્ષ થાય છે, તેમ અનુમાન કે આગમથી ઉપલંભ–અનુપલંભ કરીને પણ વ્યાપ્તિ જ્ઞાન પેદા કરીએ તે પણ તર્ક છે. જેમ વિષયાસક્તિની અલ્પતા આપણને વ્યક્તિનીચેષ્ટાથી અનુમેય છે, કા.કે. વિષયાસક્તિચિત્તવૃત્તિ રૂપે છે અને અન્યચિત્તવૃત્તિ પ્રત્યક્ષ યોગ્ય નથી, હવે પૂર્વના શાસ્ત્રીય દૃષ્ટાંતમાં જોઈએ કે અલ્પવિષયાસક્તિવાળા જલ્દી મોક્ષે જાય છે આ ઉપલંભ થયો, અને તીવ્ર આસક્તિવાળાનો લાંબો સંસાર હોય છે. તેનાથી તે પ્રમાતાને બુદ્ધિ જાગૃત થશે કે "અલ્પવિષયાસક્તિ વિના આસન્નસિદ્ધિક ન હોઈ શકે" હવે પ્રમાતા સામેની વ્યક્તિમાં તેની રીતભાતથી પ્રથમ વિષયાસક્તિની અલ્પતાનું અનુમાન કરી, તેવા અનુમેય હેતુ દ્વારા આવું અનુમાન કરશે કે अयं आसन्नसिद्धिकः अल्पविषयासक्तिमत्त्वात् અહિં અનુમેય સાધનથી વ્યાપ્તિજ્ઞાન થયું કહેવાય. તેજ રીતે શબ્દને અનિત્ય સિદ્ધ કરવા કૃતકત્વ હેતુમૂક્વાનો છે, પણ શબ્દ તો કોઈથી

१ शब्दानित्यत्वे साध्ये कृतकत्वं हि साधनम् प्रत्ययभेदभेदित्वेनानुमेयम् । २ A बाष्पादिभावेन सन्दिह्यमाने धूमेऽग्नेरनुमेयस्यापि साधनत्वं वक्ष्यते ।

ટી-A बाष्पादिभावेन - દૂરથી દેખતા ધુંધળુ-ધુંધળુ ગોટા રૂપે આકાશમાં ઉડતુ કંઈક દેખાતું હતું, ત્યારે આ બાષ્પ છે કે ધૂમાડો એવો સંદેહ પડ્યો, એવા બાષ્પાદિરૂપે સંદિગ્ધધૂમમાં પણ આંખની બળતરા-આંસુ ટપકવું વગેરેથી (બાષ્પથી તો આવી બળતરા ન થાય, પણ "ધૂમાડો હોય ત્યાં બળતરા થાય છે" આવી વ્યાપ્તિથી) ધૂમનું અનુમાન કર્યું. તેવા ધૂમમાં પણ અનુમેય એવા અગ્નિની સાધનતા ઘટે છે, એમ આગળ કહેવાશે. એટલે અનુમેયધૂમ-સાધનથી પણ અગ્નિનું અનુમાન કરી શકાય છે.

૧ બૌદ્ધ →પ્રત્યક્ષાનુંપલંભ પછી તરત જ જે વિકલ્પ ઉભો થાય તેજ તર્ક છે, અને તેતો ગૃહીતગ્રાહી હોવાથી અપ્રમાણ છે. (બૌદ્ધ સવિકલ્પ જ્ઞાનરૂપજે તર્ક છે,તેને અપ્રમાણ માને છે)

§ १८. न चायं व्याप्तिग्रहः प्रत्यक्षादेवेति वक्तव्यम् । नहि प्रत्यक्षं यावान् कश्चिद् धूमः स देशान्तरे कालान्तरे वा पावकस्यैव कार्यं नार्थान्तरस्येतीयतो व्यापारान् कर्तुं समर्थं सन्निहितविषयबलोत्पत्तेरविचारकत्वाच्च ।

§ १९. नाप्यनुमानात्, तस्यापि व्याप्तिग्रहणकाले योगीव प्रमाता सम्पद्यत इत्येवंभूतभारासमर्थत्वात् । सामर्थ्येऽपि प्रकृतमेवानुमानं व्याप्तिग्राहकम्, अनुमानान्तरं वा ?। तत्र प्रकृतानुमानात् व्याप्तिप्रतिपत्तावितरेतराश्रयः[1] । व्याप्तौ हि प्रतिपन्नायामनुमानमात्मानमासादयति,

---

કરાતો પ્રત્યક્ષ જોવા મળતો નથી, માટે પહેલા કૃતકત્વનું અનુમાન કરશું; પ્રત્યયભેદભેદિત્વ હેતુથી—જેમાં નિમિત્તના આધારે ભેદ પડતો હોયતે કૃતક હોય છે શબ્દમાં પણ પવન દિશાવિદિશાના આધારે ભેદ પડે છે, એમ કૃતકત્વ હેતુ અનુમેય થયો.]

[આ જ પ્રમાણે આગમ ગમ્ય પણ હેતુ હોય છે જેમકે....

"સા સાધ્વી વિશેષનિર્જરાકારિણી આપત્તિષ્વપિ શાંતકષાયત્વાત્" હવે મને કોઈ વિશ્વાસુ માણસે કહ્યું કે પેલા સાધ્વી અનેક ભમરાઓનાં ડંખ લાગવા છતા ચૂં કે ચા કરતા નથી એટલે મને શાંતકષાયત્વ હેતુનું જ્ઞાન સાંભળવાથી થયું.

એજ રીતે "ખંધકમુનિ ચામડી ઉતરતા પણ શાંત રહ્યા" આ જ્ઞાન આગમ-શાસ્ત્રથી જ થાય છે, તેના આધારે તેમના માટે અનુમાન થઈ શકે છે કે તે શાંતકષાયવાળા હોવાથી વિશેષ નિર્જરા કરનારા છે. શાસ્ત્રીય દૃષ્ટાંત-આગમ જ્ઞાનથી એવો ઉપલંભ થાય છે કે શાંત કષાયવાળો વિપુલનિર્જરા કરે છે, "વિપુલનિર્જરા નથી કરતો તે શાંતકષાયવાળો નથી હોતો" અનુપલંભ પણ થાય છે. અભવ્ય શાંત દેખાય છે પણ વાસ્તવમાં લોભનો ભંયકર ઉદય બેઠેલો છે, માટે શાસ્ત્રકારોએ તેને શાંતકષાયી નથી કહ્યો, પરંતુ અનંતાનુબંધીના ઉદયવાળો કહ્યો છે. આનાથી જ્યાં વિપુલ-વિશેષનિર્જરાકારિત્વ ન હોય ત્યાં શાંતકષાયિત્વ ન હોઈ શકે કેમકે શાંતકષાયત્વ આવી જાય કે તરત જ નિર્જરા વિશેષ થવા જ લાગે છે. વિશેષ એટલું કે આ સમવ્યાપ્તિ છે માટે જ્યાં શાંતકષાયિત્વ નથી ત્યાં વિપુલનિર્જરાકારિત્વ ન હોઈ શકે.] "प्रत्यक्षानुपलम्भसहकारिणो मतिज्ञानविशेषः परोक्षः तर्कः ज्ञानावरणीयवीर्यान्तरायक्षयोपशमविशेषात् तर्क उपजायते, स व्याप्तिं प्रति समर्थः, प्रत्यक्षं (उभलम्भः)→ यत्र धूमस्तत्र अग्निरस्ति यथा मठः। अनुपलंभः→अग्निर्नास्ति तत्र धूमोऽपि नास्ति यथा ह्रदः । इत्युक्तप्रकारौ प्रत्यक्षानुपलम्भौ सहकारिणौ यस्य सः तर्कः"। (A.S.२/४२४)]

૧૮. વ્યાપ્તિનું જ્ઞાન પ્રત્યક્ષથી જ થઈ જશે, એવું ન કહી શકાય, કા.કે. જે કોઈ ધૂમ દેશાન્તર અને કાલાન્તરમાં રહેલ છે. વહ્નિ સિવાય ધૂમ જોવા મળતો નથી માટે "તે બધા ધૂમ અગ્નિનું જ કાર્ય છે, અન્ય પદાર્થનું નથી." આવો જ્ઞાનાત્મક ત્રિકાલાત્મક વ્યાપારને કરવા પ્રત્યક્ષ સમર્થ નથી. કારણ કે પ્રત્યક્ષ સન્નિહિત વિષયના બળથી જ ઉત્પન્ન થાય છે અને વિચાર કરવો એ એનું કામ નથી.

૧૯. અનુમાનથી પણ વ્યાપ્તિ જ્ઞાન થઈ શકતું નથી, વ્યાપ્તિનાં જ્ઞાન સમયે પ્રમાતા યોગી જેવો બની જાય છે. અર્થાત્ યોગી જેમ ત્રણકાલનું જ્ઞાન મેળવવાનું સામર્થ્ય ધરાવે છે, તેમ વ્યાપ્તિજ્ઞાન વખતે પ્રમાતા સાધન સંબંધી આગળ પાછળનું જ્ઞાન—અવિનાભાવનું જ્ઞાન કરવા સમર્થ બની જાય છે, એવો ભાર ઉપાડવા અનુમાન સમર્થ નથી. ત્રણ કાલનું જ્ઞાન કરવાનું અનુમાનનું આવું સામર્થ્ય છે એમ સ્વીકારીએ તો પણ પ્રશ્ન એ ઉભો થશે કે પ્રસ્તુત અનુમાન જ વ્યાપ્તિને ગ્રહણ કરનાર છે કે બીજું કોઈ ?

१-०श्रयम्-डे० ।

तदात्मलाभे च व्याप्तिप्रतिपत्तिरिति । अनुमानान्तरात्तु व्याप्तिप्रतिपत्तावनवस्था तस्यापि गृहीतव्याप्तिकस्यैव प्रकृतानुमानव्याप्तिग्राहकत्वात् । तद्व्याप्तिग्रहश्च यदि स्वत एव, तदा पूर्वेण किमपराद्धं येनानुमानान्तरं मृग्यते । अनुमानान्तरेण चेत् तर्हि युगसहस्रेष्वपि व्याप्तिग्रहणासम्भवः ।

§ २०. ननु यदि निर्विकल्पकं प्रत्यक्षमविचारकम् तर्हि तत्पृष्ठभावी विकल्पो व्याप्तिं ग्रहीष्यतीति चेत्, नैतत्, निर्विकल्पकेन व्याप्तेरग्रहणे विकल्पेन ग्रहीतुमशक्यत्वात् निर्विकल्पकगृहीतार्थविषयत्वाद्विकल्पस्य । अथ निर्विकल्पकाविषयनिरपेक्षोऽर्थान्तरगोचरो विकल्पः, स तर्हि प्रमाणमप्रमाणं वा ? । प्रमाण[1]त्वे प्रत्यक्षानुमानातिरिक्तं प्रमाणान्तरं तितिक्षितव्यम् । अप्रामाण्ये तु ततो व्याप्तिग्रहणश्रद्धा षण्ढात्तनयदोहदः।

જો પ્રસ્તુત અનુમાનને વ્યાપ્તિ ગ્રાહક માનશો તો અન્યોન્યાશ્રય દોષ આવશે. કારણ વ્યાપ્તિનું ગ્રહણ થતા અનુમાન સ્વરૂપને-સ્વસત્તાને મેળવી શકે. અનુમાન સ્વસત્તાને મેળવે ત્યારે તેનાં દ્વારા વ્યાપ્તિની પ્રતીતિ–સ્વીકાર થઈ શકશે. વ્યાપ્તિજ્ઞાન વિના અનુમાન ન થાય અને તમારા કહેવા પ્રમાણે અનુમાન વિના વ્યાપ્તિજ્ઞાન ન થાય. જો આ દોષથી બચવા માટે અન્ય અનુમાનને વ્યાપ્તિ ગ્રાહક માનશો તો અનવસ્થા દોષ આવશે. આ પ્રસ્તુત વ્યાપ્તિનું ગ્રાહક જે બીજું અનુમાન તે પણ વ્યાપ્તિજ્ઞાન વિના તો થઈ શકતું નથી, માટે તે બીજા અનુમાનને સિદ્ધ કરવા તેની વ્યાપ્તિના જ્ઞાન માટે ત્રીજું અનુમાન કરવું પડશે. એમ અનંત અપ્રમાણિક અનુમાનોની કલ્પના રૂપી દુસ્તરા અનવસ્થા નદી વચ્ચે આવી જાય છે.

આ દોષથી બચવા બીજા અનુમાન સંબંધી વ્યાપ્તિ સ્વતઃ ગ્રહણ થઈ જાય છે, એમ માનતા હો તો પહેલા અનુમાને શું ગુનો કર્યો કે એની વ્યાપ્તિને જાણવાં અન્ય અનુમાનની શોધ કરવી પડે ? અને સ્વતઃને બદલે દ્વિતીય અનુમાન માટે વ્યાપ્તિ પણ અન્ય અનુમાનથી ગ્રહણ થાય એમ માનીએ તો હજારોયુગો સુધી અનુમાન કરવા છતાં પણ વ્યાપ્તિ જ્ઞાન થઈ શકશે નહિ. કા.કે. વ્યાપ્તિગ્રાહક પછી પછીના અનુમાનનો છેડો જ આવતો નથી અને છેડો ન આવે ત્યાંસુધી એક પણ પાછળનું અનુમાન સુનિશ્ચિત ન બને અને ત્યાં સુધી તે પૂર્વ પૂર્વના અનુમાનને ક્યાંથી લીલી ઝંડી આપી શકે ?

૨૦. શંકાકાર : નિર્વિકલ્પક પ્રત્યક્ષ વિચાર વગરનું હોવાથી ભલે વ્યાપ્તિને ગ્રહણ ન કરે, પરંતુ તેની પાછળ ઉત્પન્ન થનાર સવિકલ્પક જ્ઞાન તો વ્યાપ્તિને ગ્રહણ કરી શકશે ને ?

સમાધાન : એમ પણ બરાબર નથી, જો નિર્વિકલ્પથી વ્યાપ્તિનું ગ્રહણ ન થઈ શકતુ હોય, તો સવિકલ્પક જ્ઞાનથી પણ વ્યાપ્તિનું ગ્રહણ શક્ય નથી. કારણ કે નિર્વિકલ્પક દ્વારા જે પદાર્થ ગ્રહણ કરાય છે, તે જ સવિકલ્પક જ્ઞાનનો વિષય બને છે.

શંકાકાર : વિકલ્પજ્ઞાન નિર્વિકલ્પજ્ઞાનનાં વિષયની અપેક્ષા રાખતું નથી, અને તેનાંથી અન્ય પદાર્થને પણ પોતાનો વિષય બનાવે છે. એટલે નિર્વિકલ્પજ્ઞાનનો જે વિષય ન બન્યો હોય તે પણ સવિકલ્પક જ્ઞાનનો વિષય બની શકે છે.

સમાધાન : તે વિકલ્પ જ્ઞાન પ્રમાણ છે કે અપ્રમાણ ? તે પ્રમાણ હોયતો તેને પ્રત્યક્ષ અનુમાનથી જુદુ પ્રમાણ માનવું જોઈએ. કારણ કે પ્રત્યક્ષ અથવા અનુમાનરૂપ માનશો તો તેના દ્વારા તો વ્યાપ્તિનું ગ્રહણ થતું નથી એ અમો પહેલા કહી દીધું છે, માટે ભિન્ન પ્રમાણ માનવું પડશે. તો તે ભિન્ન પ્રમાણ જ ઊહ છે. જો તે વિકલ્પ અપ્રમાણ છે, તો તેનાથી વ્યાપ્તિ જ્ઞાનનો નિશ્ચય થાય છે એવી શ્રદ્ધા કરવી તે નપુંસકથી પુત્રોત્પત્તિની આશા રાખવા જેવું બેહુદુ છે.

૧-०त्वेन प्रत्य०-डे० ।

एतेन[૧]- "अ[૨]नुप[૩]लम्भात् कारणव्यापकानुपलम्भाच्च कार्यकारणव्या[૪]प्यव्यापकभावावगमः" इति प्रत्यु[૫]क्तम्, अनुपलम्भस्य प्रत्यक्षविशेषत्वेन कारणव्यापकानुपलम्भयोश्च लिङ्ग[૬]त्वेन तज्ज[૭]नितस्य तस्यानुमानत्वात्, प्रत्यक्षानुमानाभ्यां च व्याप्तिग्रहणे दोषस्याभिहितत्वात् ।

એતેન = આ ઉપરોક્ત વિષય વિચારણા દ્વારા પ્રત્યક્ષ અને અનુમાન વ્યાપ્તિ ગ્રાહક નથી બની શકતા, આ સિદ્ધ કરવાથી "અનુપલંભથી, કારણ–અનુપલંભથી અને વ્યાપક-અનુપલંભથી, કાર્ય-કારણ ભાવ અને વ્યાપ્ય- વ્યાપકભાવનું જ્ઞાન થાય છે" 'આ માન્યતાનું ખંડન થઈ જાય છે. અહીં ઘડો નથી પ્રત્યક્ષથી તેનો ઉપલંભ ન થતો હોવાથી; જ્યાં જ્યાં ઘટનો અનુપલંભ હોય છે, ત્યાં ઘટાભાવ હોય છે" એમ અનુપલંભથી વ્યાપ્તિ જ્ઞાન થઈ જશે, જો ઘટ હોત તો ઈંદ્રિયનો સંનિકર્ષ થતા અવશ્ય ઉપલંભ થાત, એમ અનુપલંભ દ્વારા અહીં વ્યાપ્તિ જ્ઞાન થઈ જશે. (માટે ઊહની જરૂર નથી.) આ અનુપલમ્ભ એક પ્રકારનું પ્રત્યક્ષ છે, જેમકે પ્રતિયોગીનું સ્મરણ કરી ભૂતલમાં ચક્ષુ સંયોગ થતા તે પ્રતિયોગી ઘટની પ્રાપ્તિ ન થવી તેનું નામ જ અનુપલમ્ભ છે. કારણ-અનુપલમ્ભ અને વ્યાપક-અનુપલંભ લિંગ (અનુમાન) સ્વરૂપ હોવાથી તેનાથી ઉત્પન્ન થનારૂં જ્ઞાન અનુમાન કહેવાશે. જેમાં ધૂમનું કારણ વહ્નિ છે, તેનો અનુપલમ્ભ "अत्र धूमो नास्ति वह्नेः अनुपलम्भात्" આમ તે ધૂમાભાવની સિદ્ધિ માટે સાધન બને છે. એમ "અહીં શિંશપા નથી" વૃક્ષનો અભાવ હોવાથી, અહીં વૃક્ષએ શિંશપાનું વ્યાપક છે વૃક્ષનો અનુપલંભ હેતુ બને છે, તેનાથી શિંશપાભાવની સિદ્ધિ થાય છે. વ્યાપક હોય તે કારણ હોય એવું જરૂરી નથી, શિંક્ષપાનું વ્યાપક ઝાડ છે પરંતુ કાંઈ ઝાડ એ શિશપાનું કારણ નથી તેનું કારણ તે ઝાડનું બીજ છે. કારણ વિના કાર્ય થઈ ન શકે એ ચોક્કસ છે માટે કારણ તો કાર્યનું વ્યાપક છે જ, પરંતુ વ્યાપક કારણ નથી પણ હોતુ, એમ બન્નેમાં ભેદ હોવાથી જુદો અનુપલંભ દર્શાવ્યો છે. આ વ્યતિરેક વ્યાપ્તિ કહેવાય છે, એટલે આવો અનુપલમ્ભ તો અનુમાન દ્વારા જ કાર્ય કે વ્યાપ્યનું જ્ઞાન કરાવી શકે. એટલે આ બન્ને બોધ તો અનુમાનરૂપ છે, કા.કે. જે જ્ઞાન લિંગથી પેદા થાય તે અનુમાન કહેવાય છે માટે તે અનુમાન રૂપ થયા. કારણ અને વ્યાપકના અનુપલંભ સ્વરૂપલિંગથી આ જ્ઞાન પેદા થયેલ છે, જ્યારે પ્રત્યક્ષ અને અનુમાનથી વ્યાપ્તિ ગ્રહણ કરવામાં તો અમે તમને પહેલાં જ દોષ દર્શાવી ગયા છીએ.

[પ્રમાતા ધૂમ વિ.ને પ્રત્યક્ષ જોઈ તેને લગતી અનુકૂલ અને પ્રતિકૂલ પરિસ્થિતિ ઉપર વિચારણા કરે તેનું નામ ઉહાપોહ વિકલ્પ જ્ઞાન 'જેમકે લીલા લાકડા હોવા અગ્નિ હોવી' આ તેના =ધૂમમાટે અનુકૂળ છે, "અગ્નિનો અભાવ અને લાકડા સુકા હોય તે તેના માટે પ્રતિકૂલ છે," આમ વિચારને આગળ ચલાવતા તે આવા નિર્ણય ઉપર પહોંચે કે ધૂમમાટે અગ્નિ હોવી જરૂરી છે. પરંતુ પ્રતિકૂલ કે અનુકૂલ પરિસ્થિતિની વિચારણા માત્ર પ્રત્યક્ષથી થઈ શકે નહીં, તેના માટે આગળ પાછળનું સંકલન થવું જરૂરી છે તેનું નામ જ તો અમે ઉપલંભ અને અનુપલંભના નિમિત્તથી બુદ્ધિની જાગૃતિ રૂપે વ્યાપ્તિ જ્ઞાન થવું કહીએ છીએ. એટલે તમારા વિકલ્પજ્ઞાનને પ્રત્યક્ષ ફળ રૂપે નહીં પરંતુ અમે કહેલ ઊહરૂપે પ્રમાણાન્તર માની લો. અગ્નિ હોય છે ત્યારે

---

૧ एतेनानुपलम्भात् कार्य०-डे० । ૨ (?)न उपलम्भात् प्रत्यक्षात् । नानुमानात् । नाऽत्र धूमोऽग्नेरभावादित्यनुपलम्भः ॥૧॥ नात्र शिंशपा वृक्षाऽभावात् ॥૨॥ "धूमाधी [:] वह्निविज्ञानं धूमज्ञानमधीस्तयोः । प्रत्यक्षानुपलम्भाभ्यामिति पञ्चभिरन्वयः ॥" ૩ (?) नास्त्यत्र घटो अनुपलम्भात् स्वप्रत्यक्षानुपलम्भादित्यर्थः, स्वभावानुपलम्भो हि धूमाधीरित्युल्लेखलक्षणः कार्यकारणव्याप्यव्यापक-भावावगमे व्यापिपर्ति ततस्तस्मादपि भवति स बौद्धमते । ૪ (?) कार्यकारणस्यावगमो व्यापकानुपलम्भाद्व्याप्यव्यापकत्व-स्यानुपलम्भात् तूभयस्य किन्तु सोप्यूह्यदेवेति । ૫ निराकृतम् । ૬ अनुमानत्वेन । ૭ यद्धि लिङ्गाज्जायते ज्ञानं तदनुमानमेव ।

§ ૨૧. वैशेषिकास्तु प्रत्यक्षफलेनोहापोहविकल्पज्ञानेन व्याप्तिप्रतिपत्तिरित्याहुः । तेषामप्यध्यक्षफलस्य प्रत्य[1]क्षानुमानयोरन्यतरत्वे व्या[2]प्तेरविषयीकरणम्, तदन्यत्वे च प्रमाणान्तरत्वप्रसक्तिः । अथ व्याप्तिविकल्पस्य फल[3]त्वान्न प्रमाणत्वमनुयोक्तुं युक्तम्, न, एतत्फलस्या[4]नुमानलक्षणफलहेतुतया प्रमाणत्वाविरोधात् सन्निकर्षफलस्य विशेषण[5]ज्ञानस्येव विशेष्य[6]ज्ञानापेक्षयेति ।

ધૂમનો ઉપલંભ થાય " અગ્નિ ન હોય ત્યારે ઉપલંભ નથી થતો. બસ આ બેજ્ઞાન જોડવાથી વ્યાપ્તિજ્ઞાન થાય છે. પ્રત્યક્ષમાં આવી રીતે બે જ્ઞાન જોડાય નહી.]

૨૧. પ્રત્યક્ષનું ફલ એવાં ઊહાદાપોહ રૂપ વિકલ્પ જ્ઞાનથી વ્યાપ્તિની સિદ્ધિ થાય છે. એમ વૈશેષિકો કહે છે, તેમને પણ અધ્યક્ષ (પ્રત્યક્ષ)નું ફળ એટલે પ્રત્યક્ષ "આ ઘડો છે" એનું અને અનુમાન (ધૂમનું પ્રત્યક્ષ કરવાથી વહ્નિનું અનુમાન થાય છે.) આ બેમાંથી એક સ્વરૂપ માનવું પડશે. તે બેથી તો વ્યાપ્તિનું ગ્રહણ થઈ શકતું નથી. પ્રત્યક્ષ અને અનુમાનથી તે જ્ઞાન થવું શક્ય નથી એ વાત પૂર્વે જણાવી દીધિ છે. હવે જો પ્રત્યક્ષનું ફળ બેથી ભિન્ન માનશો તો અન્ય પ્રમાણ માનવાની પરિસ્થિતિ આવશે.

[ઊહાપોહ વિકલ્પજ્ઞાનને તમે પ્રત્યક્ષના ફળ રૂપે માનો છો, એટલે પ્રત્યક્ષ પ્રમાણનું જે ફળ હોય તે રૂપે તેને-વિકલ્પજ્ઞાનને માનવું પડે, હવે વાત એમ છે કે પ્રત્યક્ષફળ બે રૂપમાં જોવા મળે એક તો પ્રત્યક્ષ જ્ઞાનરૂપે, બીજુ છે અનુમાન સ્વરૂપ. નિર્વિકલ્પ પ્રત્યક્ષથી જન્ય સવિકલ્પપ્રત્યક્ષ નામનું ફળ પેદા થયું. જેમ કોઈ પદાર્થનું "આ કંઈક છે" આવું પહેલા નિર્વિકલ્પ થયું તેના ફળ રૂપે "આ ઘટ છે" આવું સવિકલ્પ પ્રત્યક્ષ થયું. અને ધૂમનું પ્રત્યક્ષ થયું તેના ફળ રૂપે "અહીં વહ્નિ છે" એવુ અનુમાન પેદા થયું. માટે તમારે આ વિકલ્પ જ્ઞાનને બેમાંથી એકમાં સમાવી દેવું પડે, ત્યારે તકલીફ એ આવીને ઉભી રહેશે કે અમે પૂર્વની ચર્ચા દ્વારા પ્રત્યક્ષ અને અનુમાન બન્ને વ્યાપ્તિના ગ્રાહક બની શકતા નથી એ સિદ્ધ કરી આપ્યું છે. માટે આ વિકલ્પજ્ઞાન પણ તેમનાથી જુદું ન હોવાથી તેનાથી વ્યાપ્તિનું ગ્રહણ થવું સંભવ નથી. આ બન્નેથી આને ભિન્ન માનશો તો તે પ્રત્યક્ષનું ફળ તો કહી શકાશે નહી, એટલે તેના માટે અન્ય–અલગ જાતનું પ્રમાણ માનવાની આપત્તિ આવશે.]

શંકાકાર : વ્યાપ્તિનો વિકલ્પ પ્રત્યક્ષના ફળ સ્વરૂપ હોવાથી તેને પ્રમાણ કહેવું યોગ્ય નથી કેમકે જે ફળ હોય તે પ્રમાણ કેવી રીતે હોઈ શકે ?

સમાધાન : આ પ્રત્યક્ષનું ફળ અનુમાન રૂપ ફળનો હેતુ હોવાથી તેને પ્રમાણ માનવામાં કોઈ વિરોધ નથી. જેમ વિશેષ્ય જ્ઞાનની અપેક્ષાએ સંનિકર્ષના ફળ સ્વરૂપ વિશેષણ જ્ઞાનને પ્રમાણ માનવામાં આવે છે. સંનિકર્ષ થાય ત્યારે પ્રથમ ઘટત્વનું જ્ઞાન થાય છે, પછી "घटत्ववान्घटः"अयं घटः એવું વિશેષ્ય (વિશેષ) જ્ઞાન થાય છે. અહીં પ્રથમ ઘટત્વનું જ્ઞાન એ સંનિકર્ષનું ફળ છે, છતાં તે 'अयं घट' એ જ્ઞાનનું કારણ હોવાથી પ્રમાણ પણ કહેવાય. પ્રથમ સામેના પુરુષના હાથમાં રહેલ દંડ સાથે સંનિકર્ષ થાય છે, તેના ફળ રૂપે "अयंदंडः" આવું વિશેષણ જ્ઞાન થયું હવે આજ વિશેષણના જ્ઞાનથી "अयं दंडी" વિશેષણથી વિશિષ્ટ એવા

૧ प्रत्यक्षस्य हि फलं प्रत्यक्षमनुमानं वा । तत्र प्रत्यक्षं घटोऽयमिति अनुमानं तु अग्निरत्र धूमादिति । ૨ अग्रहणमित्युक्तयुक्तेः । ૩ प्रत्यक्षफलत्वेनेति हि उक्तम् । ૪ फलस्याप्यनु०-मु-पा० । ૫ सामान्यज्ञानाद्विशेषज्ञानम् (?) । ૬ विशेषज्ञानं विशेषणज्ञानं प्रमाणम् (?) ।

§ ૨૨. यौगास्तु [1]तर्कसहितात् प्रत्यक्षादेव [2]व्याप्तिग्रह इत्याहुः । तेषामपि यदि न केवलात् प्रत्यक्षाद् व्याप्तिग्रहः किन्तु तर्कसहकृतात् तर्हि तर्कादेव व्याप्तिग्रहोऽस्तु । किमस्य तपस्विनो यशोमार्जनेन, प्रत्यक्षस्य वा तर्कप्रसादलब्धव्याप्तिग्रहापलापकृतघ्नत्वारोपेणेति ? । अथ तर्कः प्रमाणं न भवतीति न ततो व्याप्तिग्रहणमिष्यते । कुतः पुनरस्य न प्रमाणत्वम्, अव्यभिचारस्तावदिहापि प्रमाणान्तरसाधारणोऽस्त्येव[3] ? व्याप्तिलक्षणेन विषयेण विषयवत्त्वमपि न नास्ति । तस्मात् प्रमाणान्तरागृहीतव्याप्तिग्रहणप्रवणः प्रमाणान्तरमूहः ॥५॥

§ ૨૩. व्याप्तिं लक्षयति -

વિશેષ્યનું જ્ઞાન થયું, તેમાં વિશેષણ જ્ઞાન=દંડ જ્ઞાન કરણનું કામ કરે છે. (જેમ રામ-દશરથનો પુત્ર હોવા છતાં લવની અપેક્ષાએ પિતા કહેવાય.)

૨૨. તર્ક સહિત પ્રત્યક્ષથી જ વ્યાપ્તિનું ગ્રહણ થઈ જાય છે. એમ યોગ મતવાળા માને છે. તેઓના મતે પણ માત્ર પ્રત્યક્ષથી તો વ્યાપ્તિગ્રહ થતો નથી. પરંતુ તર્કની સહાયતા લેવી જ પડે છે, તો પછી તર્કથી જ વ્યાપ્તિગ્રહ માનોને, આ બિચારા તર્કના જશને ધોઈ નાખવાની શી જરૂર ? અથવા તર્કની મહેરબાનીથી વ્યાપ્તિગ્રહ થાય છે, તો એનો અપલાપ કરવાની—નકારવાની-કૃતઘ્નતાનો આરોપ પ્રત્યક્ષ ઉપર મૂકવાથી શું ફાયદો ?

શંકાકાર : તર્ક પ્રમાણ નથી, માટે તેનાથી વ્યાપ્તિ ગ્રહણ માનતાં નથી.

સમાધાન : કેમ ભાઈ ! તર્કને પ્રમાણ કેમ નથી માનતા ? જેમ બીજા પ્રમાણોમાં વ્યભિચાર નથી, તેમ તર્કમાં પણ નથી. વ્યાપ્તિ સ્વરૂપ વિષય હોવાના કારણે તર્ક વિષયવાળો નથી એવું પણ નથી એટલે તર્ક વ્યાપ્તિ વિષયવાળો હોવાથી નિર્વિષયક નથી. અને વળી ઉપલંભ એ પ્રત્યક્ષ છે, અનુપલંભ પણ પ્રત્યક્ષ છે. પરંતુ એ બન્નેને જોડી નવી વિચારણા દ્વારા વ્યાપ્તિનો બોધ થવો આ પ્રક્રિયા પ્રત્યક્ષ સ્વરૂપ પણ નથી અને અનુમાનરૂપે માનવી પણ શક્ય નથી. તેથી અન્ય પ્રમાણથી જેનું ગ્રહણ કરવું શક્ય નથી એવી વ્યાપ્તિનું જ્ઞાન કરવામાં સમર્થ ઊહ નામનું અલગ પ્રમાણ માનવું જોઈએ.

---

૧ व्याप्याभ्युपगमे व्यापकप्रसञ्जनं तर्कः । ૨ "व्यापकं तदतन्निष्ठं व्याप्यं तन्निष्ठमेव च । साध्यं व्यापकमित्याहुः साधनं व्याप्यमुच्यते ॥" "प्रयोगेऽन्वयवत्येवं व्यतिरेके विपर्ययः ।" ૩-०स्त्वेव-डे० । ૪ प्रमेयाधीना प्रमाणव्यवस्था ।

ટી-૧ વ્યાપ્ય=આંબો હોય તો અહીં વ્યાપક=ઝાડ હોવું જ જોઈએ એ એમ વ્યાપકનો પ્રસંગ આપવો તે તર્ક.
ટી-૨ વ્યાપક=વહ્નિ તો તદ્=ધૂમવાનૂમાં અને અધૂમવાનૂમાં પણ હોય છે, જ્યારે વ્યાપ્ય=ધૂમ તો અવશ્ય વહ્નિવાનૂમાંજ રહે છે. અન્વય પ્રયોગમાં સાધ્ય વ્યાપક હોય છે અને સાધન વ્યાપ્ય હોય છે, જ્યારે વ્યતિરેક પ્રયોગમાં ઉલ્ટુ હોય છે. સાધ્યનો અભાવ=વહ્ન્યભાવ વ્યાપ્ય બને છે અને ધૂમાભાવ વ્યાપક બને છે. કા.કે. વહ્નિનો અભાવતો જ્યાં હશે ત્યાં ધૂમાભાવ રહેલો જ છે, તદુપરાંત ધૂમાભાવતો જ્યાં (અયોગોલક વિ.) વહ્નિ રહેલો છે ત્યાં પણ છે, એમ ધૂમાભાવનું ક્ષેત્ર વધારે છે.
ટી-૪ →આ જ્ઞાન પ્રમાણભૂત છે, એવું ત્યારે જ કહી શકાય કે જ્યારે એનો કોઈ સત્ પદાર્થ વિષય બનતો હોય કા.કે. જ્ઞાન સાપેક્ષ પદાર્થ છે, તે કોઈને કોઈ વિષયને આશ્રયી જ પેદાથાય, એમનું એમ થઈ જાય તો તે પ્રમાણભૂત ન મનાય. જેમ ઝાંઝવાના જળનું જ્ઞાન અથવા પુત્ર વિના પિતા ના હોઈ શકે.

व्याप्तिर्व्यापकस्य व्याप्ये सति भाव एव व्याप्यस्य वा तत्रैव भावः ॥६॥

§ ૨૪. 'व्याप्तिः' इति[1]यो व्याप्नोति यश्च[2] व्याप्यते तयोरुभयोर्धर्मः[3] । तत्र यदा व्यापकध[4]र्मतया विवक्ष्यते तदा 'व्यापकस्य[5]' गम्यस्य 'व्या[6]प्ये' धर्म्मे 'सति', यत्र धर्मिणि[7] व्याप्य[8]मस्ति तत्र सर्वत्र 'भाव एव' व्यापकस्य स्वगतो धर्मो व्याप्तिः ।

त[9]तश्च व्याप्यभावापेक्षा[10] व्या[11]प्यस्यैव[12] व्याप्तताप्र[13]तीतिः । नत्वेवमवधार्यते-व्यापकस्यैव व्याप्ये सति भाव इति, हेत्वभावप्रसङ्गा[14]त् अव्यापकस्यापि मूर्त्त[15]त्वादेस्तत्र भावात् ।

વ્યાપ્તિની ઓળખાણ આપે છે.....

વ્યાપ્ય હોતે છતે વ્યાપકનો અવશ્ય સદ્‌ભાવ હોવો અથવા વ્યાપ્યનું વ્યાપક હોય ત્યાં જ રહેવું તે વ્યાપ્તિ ॥૬॥

૨૪. જે અગ્નિ વગેરે વ્યાપ્ત કરે અને જે ધૂમાદિ વ્યાપ્ત થાય તે બન્નેનો ધર્મ અવિનાભાવ અથવા સ્વની હાજરી-અસ્તિત્વ એ ધર્મ થયો તે વ્યાપ્તિ. જ્યારે વ્યાપકના ધર્મ તરીકે વ્યાપ્તિની વિવક્ષા કરાય ત્યારે વ્યાપક-અગ્નિ વગેરે ગમ્ય–"સાધ્યનું વ્યાપ્ય ધૂમાદિ હોય ત્યારે" "જ્યાં વ્યાપ્ય રહેલું છે, તેવા ધર્મિ પર્વતાદિમાં અવશ્ય હાજર હોવું તે વ્યાપ્તિ એમ વ્યાપકનો પોતાનો ધર્મ તે વ્યાપ્તિ. અવશ્ય હાજર હોવા સ્વરૂપ જે વ્યાપ્તિ છે આવી વ્યાપ્તિ નામનો ધર્મ વ્યાપકઅગ્નિનો થયો, કા.કે. અહીં અવશ્ય અસ્તિત્વ વહ્નિનું પકડાય છે. ધૂમના અધિકરણમાં અગ્નિની નિયમથી હયાતી હોવી આ નિયમા હયાતી સ્વરૂપ ધર્મ અગ્નિનો જ છે. આનાથી વ્યાપ્ય ભાવની અપેક્ષાએ વ્યાપ્યની જ વ્યાપ્યતા રૂપે પ્રતીતિ થાય છે. વ્યાપ્યની હયાતીની અપેક્ષાએ વ્યાપ્ય ધૂમની અગ્નિ સાથે વ્યાપ્યતા=વ્યાપ્તિધર્મની અવિનાભાવની પ્રતીતિ થાય છે. એટલે ધૂમ (વ્યાપ્ય) અગ્નિ (વ્યાપક)ને છોડીને કયાંય નહિ રહે. જ્યાં જ્યાં પોતે જશે ત્યાં અવશ્ય અગ્નિ હશે. એમ ધૂમ અગ્નિનો અવિનાભાવી ધર્મ થયો.

પરંતુ વ્યાપ્ય ધૂમ હોય ત્યારે વ્યાપક=માત્ર વહ્નિજ હોય એવું અવધારણ ન કરાય, અન્યથા હેતુના અભાવનો સ્વીકાર કરવાની પરિસ્થિતિ આવી પડે.

પ્રશ્ન : હેતુનો અભાવનો પ્રસંગ કેવી રીતે ?

જવાબ : સદ્‌હેતુ તેને જ કહેવાય જેમાં વ્યાપ્તિ ઘટી શકે, પરંતુ તમારા હિસાબે ધૂમનાં અધિકરણમાં માત્ર વ્યાપક= વહ્નિ જ હોય તે વ્યાપ્તિ કહેવાય. આવી વ્યાપ્તિતો ધૂમનાં અધિકરણમાં ઘટી શકતી નથી. કારણ કે

---

१. अग्न्यादिः । २ धूमादिः । ३ पर्वतः (?) । ४ अग्नितया । ५ अग्निस्वरूपस्य साध्यस्य । ६ धूमे । ७ पर्वतादौ । ८ धूमः । ९ ननु व्याप्तेरुभयधर्माविशेषे कथं व्याप्तताप्रतीतिः हेतोरेव, न व्यापकस्यापि, हेतोरेव हि व्याप्ततां स्मरन्ति तथा चाहु :- "व्याप्तो हेतुस्त्रिधैव सः" [हेतु० १] इत्याशङ्क्याह-ततश्चेति । १० -०पेक्षया-डे० । ११ व्याप्यस्यैव प्रतीतिः-ता० । १२ -०स्यैव व्याप्यताप्रतीतिः-मु० । १३ व्यापकेन साध्येन कर्त्रा व्याप्यभावो व्याप्यत्वं हेतोस्तदा(द)पेक्षते व्याप्ततताप्रतीतिः । १४ अग्नेर्हेतुत्वं स्यात् (?) । १५ [अ]व्यापकस्यापि हेतोर्मूर्त्तत्वादेस्तत्र पर्वते भावात् ।

---

૧ ધૂમ મૂર્ત્ત હોવાથી તેના અધિકરણપર્વતાદિમાં મૂર્ત્તત્વ અવશ્ય રહે છે, માટે તે વ્યાપક જ બને છે, પણ મને લાગે છે કે અહીં વહ્નિની વ્યાપક તરીકે વિવક્ષા કરી છે, પછી ધૂમથી અહીં વહ્નિ ગમ્ય છે, મૂર્ત્તત્વને ગમ્ય બનાવવામાં નથી આવ્યો, એમ વિવક્ષાના આધારે મૂર્ત્તત્વને અવ્યાપક કહ્યો લાગે છે. અથવા અવ્યાપક તરીકે ઉપલાદિ-પત્થર વિ. લેવા જે પર્વતમાં છે છતાં તે કાંઇ ધૂમના (અવિનાભાવી) વ્યાપક નથી, કા.કે. તેઓ–પત્થર વિ. તો ધૂમ નથી ત્યાં પણ રહે છે અને ધૂમ હોય ત્યાં નથી પણ રહેતા; ખુલ્લી ભૂમિમાં-ઘાસમાં આગ લગાડીએ ત્યારે ધૂમાડો નીકળે છે, ત્યાં પત્થર નથી.

ટી-૧૩ વ્યાપ્યતા પ્રતીતિ એટલે કે વ્યાપક સ્વરૂપ સાધ્યની સાથે કર્તા–પ્રમાતાવડે હેતુના વ્યાપ્યપણાની અપેક્ષા રખાય છે તેનું

नापि-व्याप्ये सत्येवेत्यवधार्यते, प्रयत्नानन्तरीय[1]कत्वादेरहेतुत्वापत्तेः, सा[2]धारणश्च हेतुः स्यान्नित्यत्वस्य प्रमेयेष्वेव भावात् ।

त्यां अन्य पदार्थ अर्थात् अव्यापक पदार्थ पण रहेला छे. एटले मूर्त्तत्व[1] वगेरे अव्यापक धर्म त्यां छे ज, एटले धूम व्याप्तिनो आश्रय न बनवाथी सद्हेतु रूपे पकडाशे नही अर्थात् हेत्वभाव थयो.

व्याप्य होय त्यारे ज व्यापक होय एवी धारणा न बांधी शकाय. आवी अवधारणा बांधवाथी प्रयत्नानन्तरीयकत्व वगेरे अहेतु बनी जशे. का. के. प्रागभाव अनित्य छे, एटले त्यां व्यापक तो रही गयो पण प्रयत्नानन्तरीयकत्व न रह्युं. एटले "व्याप्य होय त्यारे ज व्यापक रहे तेने व्याप्ति कहेवाय" एम कहेतां अहीं तो प्रागभावमां प्रयत्न रूप व्याप्य नथी रह्युं छतां व्यापक अनित्यत्व रही गयु एटले प्रयत्नानन्तरीयकत्वमां व्याप्ति न घटवाथी तेने सद्हेतु मानी नहि शकाय.

वळी वास्तवमां प्रमेयहेतु साध्य–नित्य अने साध्याभाव–अनित्यमां पण रहे छे, (घटादि अनित्य छे तेओपण प्रमेय तो छे ज पण माटे ते साधारण अनैकान्तिक हेत्वाभास रूपे छे. का. के तमारा अर्थ प्रमाणे साधारण अनैकान्तिक हेत्वाभासरूप एवो प्रमेय हेतु सद्हेतु बनी जशे. कारण के व्याप्य एवुं प्रमेय होय त्यां ज व्यापक नित्यत्व रही शके छे.कारण नित्य पदार्थ पण प्रमेय तो छे ज. एटले प्रमेय हेतुमां आवी व्याप्ति घटी शकवाथी ते सद्हेतु बनी जशे.

["ततश्च व्याप्याभावापेक्षया व्याप्यस्यैव व्याप्यता प्रतीतिः" नो अर्थ अने बीजो पक्ष व्याप्यधर्मतया व्याप्तिः आ बन्नेमां तफावत शुं ?

साध्याभाववदवृतित्वम् आवी व्याप्ति ए हेतुनो धर्म छे अने हेतुमन्निष्ठाभावाऽप्रतियोगित्वम् आवी व्याप्ति ए साध्यनो धर्म छे = व्यापकनो धर्म छे.

जेमां व्याप्य (=हेतु) होय त्यां व्यापकनो भाव अस्तित्व ज होय छे. अर्थात् एनो अभाव न ज होय अर्थात् त्यां जे कोई अभाव होय एना प्रतियोगी तरीके घट पट वगेरे मळी शके, पण वह्नि (साध्य-व्यापक)तो न ज मळी शके. एटले के वह्निमांतो अप्रतियोगित्व ज होय. वह्निमां रहेलुं आ धूमवन्निष्ठाभावाप्रतियोगित्व एज एमां रहेली व्याप्ति (व्यापकत्व) छे. व्याप्यनो धर्म जे व्याप्ति (व्याप्यता) छे ते व्याप्यमां ज होय छे

१ कृतकत्वादेः अत्र हि व्याप्यस्य सत्त्वमेव नास्ति विद्युदादिना व्यभिचारात् । विद्युदादौ व्यापकत्वम् (कम) नित्यत्वं प्रयत्नानन्तरीयकत्वादिविनाप्यस्ति इति । २ साधारणहेत्वाभासोऽसम्यग् हेतुः स्यादिति ।

नाम व्याप्यता प्रतीति. साध्यनी साथे ज हेतुनुं रहेवुं तेना विना न रहेवुं आवुं व्याप्यपणुं छे. व्याप्तिग्रह करती वखते तो प्रमाता द्वारा एज ध्यान रखाय छे के "धूम वह्नि विना ना रही शके," आम धूमनो–हेतुनो ज व्याप्यभाव पकडाय छे, एम व्याप्यभाव–व्याप्यतानी प्रतीति हेतुमां थती होवाथी व्याप्यतातो हेतुनो ज धर्म बने छे.

टी→१ विजळी वि.नी साथे कृतकत्वनो व्यभिचार छे, परंतु त्यां व्यापक=अनित्यत्व रहे छे एटले के कृतकत्व /प्रयत्नानन्तरीयकत्व वगेरे व्याप्य-हेतु विजळी वगेरेमां नथी रहेता छतां त्यां व्यापक-अनित्यत्व तो रहे ज छे. एम व्याप्य होय त्यारे ज व्यापकनुं रहेवुं ते व्याप्ति आवो अर्थ करीओ तो आ कृतकत्व विगेरे असद्हेतु बनी जशे, अने वास्तवमां तो कृतकत्व वगेरे अनित्य=व्यापकना गमक छे ज.

प्रयत्नानन्तरीयकत्व होय त्यारे ज अनित्यत्वनुं रहेवुं" आवी व्याप्ति बनी शकती नथी का.के. प्रयत्नानन्तरीयकत्व नथी त्यां-विजळीमां अनित्य होवाथी ते सद्हेतु बनी शकशे नहीं, केमके व्याप्तिनो आश्रय होय तेज सद्हेतु कहेवाय. एटले प्रयत्नानन्तरीकत्व हकीकतमां अनित्यत्वनो हेतु छे ज माटे व्याप्ति घटवी जरूरी छे. एटले कहुं के आवो व्याप्तिनो अर्थ न करवो. पण "प्रयत्नानन्तरीयकत्व ज्यां होय त्यां अनित्यत्व अवश्य होय" आवो अर्थकरवाथी वांधो नही आवे, कारण के जे जे प्रयत्न जन्य घटादि छे ते बधा अनित्य छे"

§ ૨૫. यदा तु व्याप्यधर्मतया व्याप्तिर्विवक्ष्यते तदा 'व्याप्यस्य वा' गमकस्य 'तत्रैव' व्यापके गम्ये सति यत्र [1]'धर्मिणि व्यापकोऽस्ति तत्रैव 'भावः' न तदभावेऽपि व्याप्तिरिति । अत्रापि नैवमवधार्यतेव्याप्यस्यैव तत्र भाव इति, हेत्व[2]भावप्रसङ्गादव्याप्यस्यापि तत्र[3]भावात् । नापि-व्याप्यस्य तत्र[4] भाव एवेति, सपक्षैकदेशवृत्तेरहेतुत्वप्राप्तेः साधारणस्य च हेतुत्वं स्यात्, प्रमेयत्वस्य नित्येष्ववश्यंभावादिति ।

§ ૨૬. व्याप्यव्यापकधर्मतासङ्कीर्तनं तु व्याप्तेरु[5]भयत्र तुल्यधर्मतयैकाकारा प्रतीतिर्मा भूदिति प्रदर्शनार्थम् ।

માટે "ततश्चव्याप्य वि." જે પંક્તિ છે તેનો અર્થ→તેથી (અર્થાત્ વ્યાપકનો ધર્મપણ વ્યાપ્તિ કહી શકાય છે તેથી) વ્યાપ્યની જ (વ્યાપ્યમાંજ) વ્યાપ્યતા (= વ્યાપ્તિ) હોય છે આવી જે પ્રતીતિ છે તે વ્યાપ્યભાવાપેક્ષા (= વ્યાપ્યનો ભાવ =વ્યાપ્યનો ધર્મ જે વ્યાપ્તિ એની અપેક્ષાએ) જાણવી. બાકી વ્યાપકનાં ધર્મ રૂપે આ પ્રમાણે વ્યાપકમાં પણ વ્યાપ્તિ આવી શકે (બન્ને વ્યાપ્તિ અલગ અલગ છે એ જાણવું).

વ્યાપ્યના ધર્મરૂપ વ્યાપ્તિ વિવક્ષીએ ત્યારે વ્યાપક હોય ત્યાં જ વ્યાપ્યનો ભાવ = અસ્તિત્વ હોય વ્યાપકનો અભાવ હોય ત્યાં નહીં. અર્થાત્ વ્યાપકાભાવવાનૂમાં અભાવજ હોય, આ જ વ્યાપકાભાવવદવૃત્તિત્વમ્ છે.]

૨૫. જ્યારે વ્યાપ્ય ધર્મની અપેક્ષાએ વ્યાપ્તિની વિવક્ષા કરાય, ત્યારે વ્યાપ્ય=ગમક હેતુનું વ્યાપક ગમ્ય (સાધ્ય) નાં હોતે છતે જ હોવું-એટલે જે પર્વતરૂપ ધર્મિમાં વ્યાપક વહ્નિ છે, ત્યાં જ ધૂમનું હોવું પરંતુ જ્યાં વહ્નિ ન હોય ત્યાં ધૂમનું ન રહેવું એ જ વ્યાપ્તિ. અહીં નિયત અસ્તિત્વ ધૂમનું પકડાય છે. માટે વ્યાપ્યના ધર્મરૂપે વ્યાપ્તિ બની.

અહીં પણ "વ્યાપક હોતે છતે વ્યાપ્ય જ હોય" એવું અવધારણ કરાતું નથી. અન્યથા હેત્વભાવનો પ્રસંગ આવશે. "જે પર્વતમાં વહ્નિ છે ત્યાં ધૂમ જ હોય" એવું નથી, કારણ તે પર્વત ઉપર વહ્નિનાં અવ્યાપ્ય એવા વૃક્ષ ઘટાદિ વગેરે બીજા ઘણા પદાર્થો રહેલા જ છે, એટલે "વ્યાપક સાથે વ્યાપ્ય જ હોય" એવી વ્યાપ્તિ ધૂમમાં ન ઘટવાથી તે અસદ્હેતુ બની જશે. આવી વ્યાપ્તિ તો ક્યાંય ન ઘટતી હોવાથી કોઈ પણ હેતુ ન બની શકે.

'જ્યાં વ્યાપક હોય ત્યાં વ્યાપ્ય હોય જ' એવું અવધારણ પણ ન કરી શકાય. સપક્ષના એકદેશ પર્વત રસોડું વગેરેમાં વહ્નિ સાથે ધૂમ રહેલો છે માટે આપણે સહુ વહ્નિની સિદ્ધિ માટે ધૂમને હેતુ માનીએ છીએ પણ વહ્નિનાં અધિકરણ અયોગોલક સપક્ષ તો છે ત્યાં વ્યાપક છે, પરંતુ ત્યાં ધૂમ નથી. એટલે તમે માનેલી વ્યાપ્તિ ન ઘટવાથી વ્યાપ્ય ધૂમ અહેતુ બની જશે. અને સાધારણ અનૈકાન્તિક જે પ્રમેયત્વ હેત્વાભાસ છે, છતાં પણ તે અહીં પ્રમેયત્વ હેતુ સપક્ષ અને વિપક્ષમાં પણ રહે (કારણ કે સપક્ષ રસોડા વિગેરેમાં પણ પ્રમેયત્વરહેલું જ છે, અને હ્રદ વૃહન્યભાવવાળો છે ત્યાં પણ પ્રમેયત્વ રહેલું જ છે, માટે આ સાધારણ અનૈકાન્તિક વ્યભિચારી હેતુ વહ્નિનો ગમક બની શકતો નથી માટે તે હેત્વાભાસ કહેવાય છે. છતાં સદ્હેતુ બની જશે કારણ કે વહ્નિ = વ્યાપક જ્યાં છે ત્યાં વ્યાપ્ય = પ્રમેયત્વ છે જ. એજ રીતે સપક્ષ = નિત્યપદાર્થમાં અને વિપક્ષ અનિત્યપદાર્થમાં પ્રમેયત્વ રહેવાથી વ્યભિચારી હેતુ છે, છતાં નિત્યત્વ = વ્યાપક જયાં હોય ત્યાં પ્રમેયત્વ-વ્યાપ્ય હોય જ છે, બધા જ નિત્ય પદાર્થ પ્રમેય તો છે જ. માટે સદ્હેતુ માનવાની આપત્તિ આવે.

૨૬. વ્યાપ્તિને વ્યાપ્ય અને વ્યાપક બન્નેના ધર્મ કહેવાનું કારણ એ છે કે વ્યાપ્તિ સાધ્ય સાધન ઉભયમાં

---

૧ પર્વતાદૌ । ૨ व्याप्यस्य धूमस्य हेतुत्वं न स्यात् । व्याप्तौ सत्यां हेतुभावः । व्याप्तिस्त्वीदृशी कुत्रापि नास्ति । ૩ व्यापकस्यापि वह्नेस्तत्र पर्वते भावात् । ૪ यत्र व्यापकोऽस्ति तत्र । ૫ उभयत्रेति साध्ये साधने च ।

तथाहि-पूर्व[1]त्रायोगव्यवच्छेदेनावधारणम् उत्तर[2]त्रान्ययोगव्यच्छेदेनेति कुत उभयत्रैकाकारता व्याप्तेः ? तदुक्तम्-

"लिङ्गे लिङ्गी भवत्येव लिङ्गिन्येवेतरत् पुनः ।
नियमस्य विपर्यासेऽसम्बन्धो लिङ्गलिङ्गिनोः ॥" इति ॥ ६ ॥

તુલ્ય ધર્મ રૂપે હોઈ એક રૂપે પ્રતીતિ ન થઈ જાય. જેમકે જ્યારે વ્યાપ્તિ વ્યાપ્યના ધર્મરૂપે વિવક્ષિત હોય ત્યારે અયોગવ્યવચ્છેદ[1] રૂપે અવધારણ જાણવું તેમાં ક્રિયા સાથે એવકારનો યોગ હોય. જેમકે "તે વ્યાપ્ય હોય ત્યાં વ્યાપક હોય જ" અને જ્યારે વ્યાપ્તિ વ્યાપકના ધર્મરૂપે વિવક્ષિત હોય ત્યારે અન્યયોગવ્યવચ્છેદ[2] રૂપે અવધારણ જાણવું "તે વ્યાપકના સદ્‌ભાવમાં જ હોય"

એટલે અન્ય-અવ્યાપકના યોગ-સદ્‌ભાવમાં તેનો વ્યાપ્યનો-નિષેધ કરાયો. માટે બન્ને ઠેકાણે વ્યાપ્તિનો આકાર એક સરખો નહીં બને. કહ્યું પણ છે કે....

સાધનનાં સદ્‌ભાવમાં લિંગી-સાધ્ય હોય જ, લિંગી હોય ત્યાં જ લિંગ હોય એ પાકીવાત, પણ જ્યાંલિંગી = સાધ્ય હોય ત્યાં બધે જ લિંગ હોય જ એવું નહીં. અથવા ન પણ હોય. સાધ્યના સદ્‌ભાવમાં સાધન હોય જ" એમ આ નિયમને ઉલ્ટો કરતા સાધ્ય-સાધનનો સંબંધ ન બની શકે સાધ્યને સિદ્ધ કરી આપે તે સાધન કહેવાય, જ્યારે વહ્નિ સાધ્યનો સદ્‌ભાવ તો અયોગો.- લકમાં પણ છે ત્યાં લિંગ - ધૂમ તો નથી, માટે ધૂમ તો હેતુ બની-ગમક બની નહી શકે. તેથી વહ્નિ ધૂમ વચ્ચે સાધ્યસાધન ભાવ નહી ઘટે. અને વહ્નિ હોય ત્યાં પ્રમેયત્વ હોય જ છે, પરંતુ પ્રમેયત્વ દ્વારા વહ્નિની સિદ્ધિ કરી શકાતી નથી. કા.કે. પ્રમેયત્વ તો બધી વસ્તુમાં રહે છે. માટે પ્રમેયત્વથી વહ્નિની ખાત્રી થઈ શકતી નથી એમ અહીં પણ સાધ્ય-સાધન સંબંધ ઘટી શકતો નથી. ॥૬॥

પ્ર. સંયોગ જેમ દ્વિષ્ઠ છે માટે બન્ને સંબંધી અનિયત રૂપે અનુયોગી અને પ્રતિયોગી બની શકે છે, તેમ વ્યાપક અને વ્યાપ્ય બન્ને વ્યાપ્તિના સંબંધી છે તેઓ અનિયત રૂપે ગમ્ય ગમક કેમ ન હોય?

ઉ. પોતાની વિશિષ્ટ વ્યાપ્તિનાકારણે વ્યાપ્ય જ ગમક બને છે. વિશિષ્ટ વ્યાપ્તિના કારણે વ્યાપક જ ગમ્ય બને છે, એટલે બન્નેની વ્યાપ્તિનું સ્વરૂપ ભિન્ન છે, માટે નિયત ગમ્યગમક ભાવ હોય છે. આચાર્યશ્રીએ એ વાતને લક્ષ્યમાં લઈ બન્નેની જુદી જુદી વ્યાપ્તિ બતાવી છે.

१ भाव एव । २ व्यापकधर्मत्वे । ३ लिङ्ग एव लिङ्गी लिङ्गिनि सति इतरद्भवत्येवेति विपर्यासः ।

૧ અયોગવ્યવચ્છેદ એટલે કે "ઉદ્દેશ્યતાવચ્છેદક સમાનાધિકરણાત્યંતાભાવાપ્રતિયોગિત્વં" "અહીં વ્યાપ્તિ વ્યાપ્યનો ધર્મ હોવાથી વ્યાપ્યને ઉદ્દેશીને વ્યાપકના અસ્તિત્વનું વિધાન કરાય છે માટે ઉદ્દેશ્યતાવરછેદક વ્યાપ્યત્વ તેના અધિકરણમાં–ધૂમના અધિકરણમાં અવ્યાપક = વહ્નિભિન્નનો અત્યંતાભાવ મળશે, પણ વ્યાપકત્વનો=વહ્નિનો અભાવ નહીં મળે માટે તે અપ્રતિયોગી બનશે. એટલે ટૂંકમાં ધર્મીમાં વિવક્ષિત ધર્મના અસંબંધનો નિષેધ કરવો જેમ "શંખ શ્વેત એવ" અહીં શંખમાં શ્વેતવર્ણના અસંબંધ=અભાવનો નિષેધ કરવામાં આવ્યો છે. અર્થાત્ શ્વેતવર્ણનો સંબંધ-યોગ જ હોય, તેમ વ્યાપ્યયોગના (ધર્મી)અધિકરણમાં વ્યાપક (ધર્મ)યોગના અભાવનો નિષેધ થવો, ધૂમ હોય ત્યાં વહ્નિના યોગનો અભાવ નિષિદ્ધ કરાય છે.

૨ હવે વ્યાપ્તિ વ્યાપકના ધર્મ રૂપે વિવક્ષા કરાયે, ધર્મી વિશેષ્ય તરીકે વ્યાપક વહ્નિ પકડાશે. ત્યાં અન્યયોગવ્યવચ્છેદ અર્થમાં એવકાર છે તેનો, અર્થ છે. "વિશેષ્યભિન્નતાદાત્મ્યાભાવઃ" જેમકે વિશેષ્યવ્યાપક-વહ્નિ તેનાથી ભિન્ન અવ્યાપક ઉપલાદિના તાદાત્મ્યનો અભાવ ધૂમમાં-વિશેષણમાં મળે છે. (કા.કે. જ્યાંવહ્નિ ન હોય તેવા ઉપલાદિમાં ધૂમ રહેતો નથી) વહ્નિમાન્થી ભિન્ન જે દ્રહાદિ છે તે તાદાત્મ્યસં. થી ધૂમવાન્ ન હોય. (દ્રહાદિનો તાદાત્મ્ય ધૂમવાનમાં ન્ મળે) જેમ પાર્થ એવ ધનુર્ધરઃ "અહીં વિશેષ્ય અર્જુન ભિન્ન દુર્યોધનનો તાદાત્મ્ય ધનુર્ધર એવા વિશેષણમાં નથી, ધનુર્ધરનો અર્જુન સિવાયની સાથે યોગનો નિષેધ કરાયો તેમ ધૂમનો વહ્નિ સિવાયની સાથે યોગનો નિષેધ કરાય છે અર્જુન જ ધર્નુધારી છે અન્ય કોઈ નહીં, તેમ વહ્નિ જ ધૂમનું વ્યાપક છે અન્ય કોઈ નહીં.

§ ૨૭. अथ क्रमप्राप्तमनुमानं लक्षयति-

साधनात्साध्यविज्ञानम् अनुमानम् ॥७॥

§ ૨૮. साधनं साध्यं च वक्ष्यमाणलक्षणम् । दृ[1]ष्टादुपदिष्टाद्वा[2] 'साधनात्' यत् 'साध्यस्य' 'विज्ञानम्' सम्यगर्थनिर्णयात्मकं तदनुमीयतेऽनेनेति 'अनुमानम्' लिङ्गग्रहणसम्बन्धस्मरणयोः प[3]श्चात् परिच्छेदनम् ॥७॥

तत् द्विधा स्वार्थं परार्थं च ॥८॥

§ ૨૯. 'तत्' अनुमानं द्विप्रकारं स्वार्थ-परार्थभेदात् । स्वव्यामोहनिवर्तनक्षमम् '[4]स्वार्थम्' । परव्यामोहनिवर्तनक्षमम् 'परा[5]र्थम्' ॥८॥

§ ૩૦. तत्र स्वार्थं लक्षयति-

स्वार्थं स्वनिश्चितसाध्याविनाभावैकलक्षणात् साधनात् साध्यज्ञानम् ॥९॥

§ ૩૧. साध्यं विनाऽभवनं साध्याविनाभावः स्वेनात्मना निश्चित[6]ः साध्याविनाभाव[7] एवैकं लक्षणं यस्य तत् 'स्वनिश्चितसाध्याविनाभावैकलक्षणम्' तस्मात्तथाविधात् 'साधनात्' लिङ्गात् 'साध्यस्य' लिङ्गिनो 'ज्ञानम्' स्वार्थम्' अनुमानम् । इह च न योग्यतया लिङ्गं परोक्षार्थप्रतिपत्तेरङ्गम्, यथा बीजमङ्कुरस्य, [8]अदृष्टाद् धूमादग्नेरप्रतिपत्तेः, नापि स्वनिश्च (स्वविष) यज्ञानापेक्षं यथा प्रदीपो घटादेः, दृष्टादप्यनिश्चिताविनाभावादप्रतिपत्तेः ।

---

૨૭. હવે ક્રમમાં આવેલ અનુમાનને દર્શાવે છે.....

સાધનથી સાધ્યનું જ્ઞાન કરવું તે અનુમાન ॥૭॥

૨૮. સાધન અને સાધ્યનું સ્વરૂપ આગળ કહેવાનાં છીએ. જાતે જોયેલા અથવા બીજાની પાસે સાંભળેલા સાધનથી સાધ્યનું સમ્યગ્ નિર્ણય સ્વરૂપ જ્ઞાન તે અનુમાન, (અનુમિતિ જેનાથી થાય તે અનુમાન) એટલે સાધનનું જ્ઞાન અને અવિનાભાવનું સ્મરણ થયા પછી થનારૂં જ્ઞાન તે અનુમાન ॥૭॥

અનુમાનનાં બે ભેદ છે. સ્વાર્થ અને પરાર્થ ॥૮॥

૨૯. સ્વાર્થાનુમાન, પરાર્થાનુમાનના ભેદથી તે અનુમાન બે પ્રકારે છે, જે પોતાનાં પ્રમાતાનાં ખુદનાં અજ્ઞાનને દૂર કરવામાં સમર્થ હોય તે સ્વાર્થાનુમાન જે બીજાનાં અજ્ઞાનને દૂર કરવા સમર્થ હોય તે પરાર્થાનુમાન. ધૂમને જોઈ જાતે અગ્નિનો નિર્ણય કરવો તે સ્વાર્થાનુમાન. અને પંચાવયવી વાક્યદ્વારા બીજાને તેવો બોધ કરાવવો તે પરાર્થાનુમાન. ॥૮॥

૩૦ આ પહેલાં સ્વાર્થાનુમાનને ઓળખાવે છે.....

જાતે નિશ્ચય કરેલાં સાધ્યનાં અવિનાભાવિ સ્વરૂપવાળા સાધનથી સાધ્યનું જ્ઞાન કરવું તે સ્વાર્થાનુમાન ॥૯॥

૩૧. સાધ્ય વિના ન હોવું તે સાધ્યાવિનાભાવ, જાતે નક્કી કરેલ જે સાધ્યાવિનાભાવ તે એક જ છે લક્ષણ જેનું તે સાધન, તેવાં સાધનથી- લિંગથી સાધ્યનું-લિંગીનું જ્ઞાન સ્વાર્થાનુમાન. લિંગનુ બીજું કોઈ લક્ષણ ન હોઈ

---

૧ દૃષ્ટિપથમાગતાત્ । ૨ પરાર્થાનુમાને કથિતાત્ । ૩ અનેન અતઃ પશ્ચાદર્થતા । ૪ स्वस्मायिदं स्वार्थं येन स्वयं प्रतिपद्यते । ૫ परस्मायिदं परार्थं येनपरः प्रतिपद्यतै । ૬ ० श्चितं सा०-डे० । ૭-० भावैक० -डे० । ૮-अग्निज्ञानं प्रति धूमस्य योग्यता शक्तिविशेषोऽस्त्येव परं दृष्टो हि धूमो धूमध्वजं गमयति नादृष्ट इति ।

तस्मात्परोक्षार्थनान्तरीयकतया निश्चयनमेव लिङ्गस्य व्यापार इति 'निश्चित' ग्र[1]हणम् ।

§ ३२. ननु चासिद्धविरुद्धानैकान्तिकहेत्वाभासनिराकरणार्थं हेतोः पक्षधर्मत्वम्, सपक्षे सत्त्वम्, विपक्षाद् व्यावृत्तिरिति त्रैलक्षण्यमाचक्षते भिक्षवः । तथाहि-अनुमेये धर्मिणि लिङ्गस्य सत्त्वमेव निश्चितमित्येकं रूपम् । अत्र सत्त्ववचनेनासिद्धं चाक्षु[2]षत्वादि निरस्तम् । एवकारेण पक्षैकदेशासिद्धो निरस्तो यथा अनित्यानि पृथिव्यादीनि भूतानि गन्धवत्त्वात् । अत्र पक्षीकृतेषु पृथिव्यादिषु चतुर्षु भूतेषु पृथिव्यामेव गन्धवत्त्वम् । सत्त्ववचनस्य पश्चात्कृ[3]तेनैवकारेणासाधारणो धर्मो निरस्तः । यदि ह्यनुमेय एव सत्त्वमित्युच्येत श्रावण[4]त्वमेव हेतु[5]ः स्यात् ।

શકે. અનુમાનમાં લિંગ માત્ર યોગ્યતાના કારણે પરોક્ષ અર્થને જણાવવા સમર્થ બનતું નથી. જેમ બીજમાં એવી યોગ્યતા છે કે સહકારીકારણ મળતાં એ અંકુરને ઉત્પન્ન કરી જ દે. ભલે આપણને બીજ દેખાય કે ન દેખાય. પણ અહીં જોવામાં નહિ આવેલા એવા ધૂમથી અગ્નિની પ્રતીતિ થઈ શકતી નથી, એટલે ધૂમ–અગ્નિમાં કાર્ય કારણ ભાવ રહેલો હોવાથી ધૂમમાં અગ્નિને જણાવવાની યોગ્યતા રહેલી જ છે એ વાત સાચી, પણ તેવા ધૂમ માત્રની હાજરીથી ન ચાલે, પરંતુ તે ધૂમનું પહેલા પ્રમાતાને જ્ઞાન થવું જરૂરી છે. વળી સાધનનું (સ્વવિષયનું) "આ ધૂમ" આટલું જ્ઞાન માત્ર પણ સાધ્યને જણાવી શકતું નથી.

જેમ દીવાની જ્યોત પ્રગટ થતાં તરત જ સામે રહેલ ઘટાદિ પદાર્થ જણાઈ આવે છે, તેના માટે કોઈ વિશેષ વિચાર વિમર્શ કરવો પડતો નથી. જ્યારે અહીં તો અવિનાભાવનો નિશ્ચય ન હોય તો "ધૂમ છે" એવું જ્ઞાનમાત્ર કાંઈ અગ્નિને જણાવી શકતું નથી. પણ આગળ-પાછળનો વિચાર કરી અવિનાભાવ જાણવો જરૂરી છે.

તેથી સાધનનો પરોક્ષ પદાર્થ-સાધ્ય સાથે અવિનાભાવનો નિશ્ચય પણ જરૂરી છે. લિંગનું લિંગી સાથે અવિનાભાવ તરીકે જ્ઞાન થવું તે જ લિંગનો વ્યાપાર અનુમાનમાં ઉપયોગી છે. આવાં નિશ્ચયની અહીં જરૂર છે. એવું જણાવવા સૂત્રમાં નિશ્ચિત પદ મૂક્યું છે.

પ્ર. પક્ષધર્મત્વમ્ વિગેરે ત્રણને હેતુનું સત્ય દૃષ્ટાંત આપી સ્પષ્ટ કરો.

ઉ. "પર્વતો વહ્નિમાન્ ધૂમાત્" અહીં ધૂમ હેતુ-પક્ષ પર્વતમાં રહે છે, માટે ધૂમમાં પક્ષસત્ત્વ ધર્મ આવ્યો, અને સપક્ષ-વહ્નિના સુનિશ્ચિત સ્થાન રસોડા વગેરેમાં ધૂમ રહે છે, માટે સપક્ષસત્ત્વ ધર્મ આવ્યો, તેમજ વિપક્ષ-વહ્નિ સાધ્યના અભાવવાળો જલહ્રદ વગેરેમાં ધૂમ નથી રહેતો માટે વિપક્ષથી વ્યાવૃત્તિ થઈ, આમ ધૂમ આ ત્રણલક્ષણથી યુક્ત હોવાથી વહ્નિનું અનુમાન કરાવી શકે છે.

૩૨. શંકાકાર : અસિદ્ધ, વિરૂદ્ધ, અનૈકાન્તિક હેત્વાભાસનાં નિરાકરણ માટે બૌદ્ધોએ પક્ષધર્મતા સપક્ષમાં વિપક્ષથી વ્યાવૃત્તિ, આ ત્રણ લક્ષણ લિંગનાં દર્શાવ્યાં છે.

તે આ પ્રમાણે (૧) પક્ષધર્મત્વ પક્ષ-અનુમેયધર્મી સાધ્ય-ધર્મવાળો પર્વતાદિ.. તેમાં હેતુનો સદ્ભાવ નિશ્ચિત હોવો આ એક રૂપ છે. અહીં પહેલા લક્ષણમાં સત્ત્વનો પ્રયોગ કરી અસિદ્ધ–સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ

१ एतेन धूमो धूमवत्त्वेन निश्चितविनाभावस्य गमको नान्यथा इत्यावेदितम् । २ यथाऽनित्यः शब्दः चाक्षुषत्वात् घटवदित्यत्र शब्दे चाक्षुषत्वमसिद्धम् । ३ सत्त्वपदादपि निरस्यते । ४ -० श्रावणमेव-डे० । ५ -यथाऽनित्यः शब्दः श्रावणत्वादित्यनित्यत्वे साध्ये श्रावणत्वमेव हेतुर्घटे व्यभिचरतीति ।

निश्चितग्रहणेन सन्दिग्धा[1]सिद्धः सर्वो निरस्तः । सपक्षे एव सत्त्वं निश्चितमिति द्वितीयं रूपम् । इहापि सत्त्वग्रहणेन विरुद्धो निरस्तः[2] । स हि नास्ति सपक्षे । एवकारेण साधारणानैकान्तिकः[3], स हि न सपक्षे एव वर्तते किं तु विपक्षेऽपि ।

એવાં ચાક્ષુષત્વ વગેરે હેતુનો હેતુભાવ ખંડિત થઈજાય છે. "शब्दो नित्यः चाक्षुषत्वात्" આ હેતુ શબ્દ- પક્ષમાં રહેતો ન હોવાથી પ્રથમ લક્ષણ ન ઘટવાથી હેતુ ન બને. એવકાર દ્વારા પક્ષનાં એકદેશમાં અસિદ્ધ એવાં ગંધવત્ત્વ વગેરે હેતુઓનો નિરાસ થઈ જાય છે. જેમકે પૃથ્વી વગેરે ચાર ભૂત પક્ષ રૂપે છે, પરંતુ ગંધત્વ તો માત્ર પૃથ્વીમાં જ રહે છે. એટલે પક્ષના એકદેશમાં આ હેતુ અસિદ્ધ છે. એવકાર ન મૂકીએ તો પૃથ્વીનામનાં પક્ષમાં ગંધવત્ત્વ હેતુ રહી જવાથી પ્રથમ લક્ષણ ઘટી જતાં સદ્‌હેતુ બની જાત. પૂરા પક્ષમાં હેતુ હોવો જ જોઈએ તો જ તે સદ્‌હેતુ બની શકે. અન્યથા નહીં. એવકાર મૂકવાથી આ ફાયદો થયો.

"सत्त्व" પદની પછી એવકારનો પ્રયોગ કરવાથી અસાધારણ હેતુ બનતો અટકી જાય છે, નહિ તો માત્ર શ્રાવણત્વ જ હેતુ બનત. તેઆ પ્રમાણે शब्दोऽनित्यः श्रावणत्वात्" આ શ્રાવણ હેતુ માત્ર પક્ષમાં જ રહે છે. એટલે "पक्षे एव सत्त्वं" "પક્ષમાં જ રહે તે હેતુ" આવો અર્થ નીકળત તેથી માત્ર જે હેતુ પક્ષમાં જ રહે, અન્યત્ર ન રહે તે જ સદ્‌હેતુ બનત એવો હેતુ શ્રાવણત્વ જ આવત, [હકીકતમાં કોઈપણ સપક્ષ અને વિપક્ષમાં ન રહેવાથી આ શ્રાવણત્વ અસાધારણ હેત્વાભાસ છે.] ધૂમ વગેરે તો સક્ષપમાં પણ મળે છે તેથી તે અસદ્‌હેતુ બની જશે. પણ હવે સત્ત્વની પાછળ એવકાર મૂકવાથી આવો અર્થ નીકળશેકે "પક્ષમાં હેતુ હોવો જ જોઈએ," નહીં કે માત્ર પક્ષમાં જ હેતુ હોવો જોઈએ. એટલે ધૂમહેતુ પક્ષમાં છે ખરો, અને આ અર્થના કથનથી પક્ષભિન્નમાં પણ રહેવાની છૂટ મળે છે તેથી ધૂમ પર્વત સિવાય અન્યત્ર સપક્ષમાં રહે તેમાં વાંધો નથી.

નિશ્ચિત પદ મૂકવાથી સમસ્ત સંદિગ્ધાસિદ્ધ હેતુઓનું નિરાકરણ થઈ જાય છે, જેમકે સામે પર્વતમાં દેખાય તે ધૂમ છે કે બાષ્પ છે આવો સંદેહ હોય તો પક્ષમાં ધૂમનો નિશ્ચય નથી થયેલો, માટે સંદિગ્ધ ધૂમહેતુથી વહ્નિની સિદ્ધિ ન કરી શકાય, આવા સંદિગ્ધાસિદ્ધ હેતુઓને સદ્‌હેતુમાંથી બાકાત કરાયા.

બીજુ લક્ષણ સપક્ષ સત્ત્વ "સપક્ષમાં જ સત્ત્વનું નિશ્ચિત હોવું" અહીં પણ સત્ત્વનું ગ્રહણ કરવાથી વિરૂદ્ધ[1] હેતુનો નિરાસ થઈ જાય છે. કારણ વિરૂદ્ધ હેતુ સપક્ષમાં રહેતો જ નથી 'એવકાર'નો પ્રયોગ કેરલો હોવાથી સાધારણ અનૈકાન્તિક હેતુનો નિષેધ થઈ જાય છે.

"शब्दो नित्यः प्रमेयत्वात्" આ પ્રમેયહેતુ પક્ષ, સપક્ષ, વિપક્ષ ત્રણેમાં રહે છે. એટલે માત્ર સપક્ષમાં

१ धूमो बाष्पो वा इति सन्देहे धूमादेरग्नि साधनम् । २ अनेन सत्त्ववचनेन साधारणोऽपि निरस्यते । ३ निरस्त इति संबन्धः ।

१ विरुद्धः→साध्याभाव व्याप्तो हेतु विरुद्धः

"शब्दो नित्यः कृतकत्वात्" આ કૃતકત્વ હેતુ સાધ્યાભાવ = અનિત્ય ઘટાદિમાં વ્યાપ્ત થઈને રહેલો છે, એટલે જ્યાં પોતે રહેલો છે ત્યાં અનિત્યઘટાદિ જ હોય છે એનો મતલબ કે તેનું સપક્ષ સત્ત્વ નથી માટે આ કૃતકત્વ હેતુને વિરુદ્ધ કહેવાય. એટલે જેનુ સપક્ષમાં સત્ત્વ નહી હોય તે હેતુ નહી બની શકે. એમ સત્ત્વના કથનથી વિરુદ્ધ હેતુ સદ્‌હેતુ બનતો અટકી ગયો, નહીતર સપક્ષમાં અસત્વ હોય તો પણ ચાલે આવો અર્થ નીકળતા વિરુદ્ધ હેતુને સદ્‌હેતુ માનવાની આપત્તિ આવત.

सत्त्वग्रहणात् पूर्वमवधारणकरणेन सपक्षाव्यापिनोऽपि प्रयत्नान[૧]न्तरीयकत्वादेर्हेतुत्वमुक्तम्, पश्चादवधारणे हि अयमर्थः स्यात्-सपक्षे सत्त्वमेव यस्य स हेतुरिति प्रयत्नानन्तरीयकत्वं न हेतुः स्यात् । निश्चितवचनेन सन्दिग्धान्व[૨]योऽनैकान्तिको निरस्तः, यथा सर्वज्ञ[૩]: कश्चिद्वक्तृत्वात्, वक्तृत्वं हि सप[૪]क्षे सर्वज्ञे सन्दिग्धम् । विपक्षे त्व[૫]सत्त्वमेव निश्चितमिति तृतीयं रूपम् । तत्रासत्त्वग्रहणेन विरुद्धस्य निरासः । विरुद्धो हि विपक्षेऽस्ति ।

જ સત્ત્વ નિશ્ચિત ન થયું તેથી પ્રમેયત્વ હેતુ ન બને, એવકાર ન મૂકીએ તો વિપક્ષમાં સત્ત્વનું નિરાકરણ થતું ન હોવાથી પ્રમેયત્વ હેતુ પણ સદ્‌હેતુ બની જાત, કારણ કે પ્રમેયત્વ સપક્ષમાં રહે છે તો ખરુ જ, ભલે પછી વિપક્ષમાં પણ રહે, તમારા લક્ષણમાં વિપક્ષનો નિષેધ તો થતો નથી. "જ" કાર મૂકવાથી વિપક્ષનો બાદ થવાથી દોષ નહીં આવે. સત્ત્વ શબ્દની પૂર્વમાં એવકારનો પ્રયોગ કરવાથી સપક્ષમાં વ્યાપ્ત નહિં બનનાર પ્રયત્નાનન્તરીયકત્વ વગેરે પણ હેતુ બની શકશે. "સપક્ષમાં સત્ત્વ જ હોવું જોઈએ" આવું અવધારણ કર્યું હોત તો પ્રયત્નાનન્તરીયકત્વ હેતુ ન બની શકત. કારણ કે તમામ અનિત્ય પદાર્થ પ્રાગભાવ, આકાશીય વિદ્યુત્ જેવામાં આ હેતુ નથી રહેતો, પરંતુ એટલું ચોક્કસ છે કે તે સપક્ષ ઘટાદિ અનિત્યપદાર્થમાં જ રહે છે, ભલે બધા સપક્ષમાં ન રહે. એટલે તે ગમક તો બને જ છે, માટે હેતુનું લક્ષણ ઘટવું જરૂરી છે. (એટલે આવું નક્કી થયુ કે હેતુ સપક્ષમાં હોવો જરૂરી છે, પણ તમામ સપક્ષમાં હોવો જરૂરી નથી) જેમ ધૂમ વહ્નિવાળા ક્ષેત્રમાં જ રહે છે, પણ તેના તમામ ક્ષેત્રમાં નથી રહેતો (અયોગોલકમાં ધૂમ નથી) છતાં કંઈ તે અહેતુ નથી બની જતો.

નિશ્ચિત શબ્દના પ્રયોગથી સંદિગ્ધાન્વય અનૈકાન્તિક એવો હેતુ 'સપક્ષમાં સંદિગ્ધ છે અન્વય જેનો એવો વ્યભિચારી હેતુનો નિરાસ થયો. જેમ કે મીમાંસકને પ્રતિ જૈન કહે કે "કોઈ પુરૂષ સર્વજ્ઞ છે, વક્તા હોવાથી અહીં વક્તૃત્વ સપક્ષ સર્વજ્ઞમાં સંદિગ્ધ છે નિશ્ચિત નથી માટે આવો હેતુ મૂકી સર્વજ્ઞની સિદ્ધિ ન કરી શકાય. જો નિશ્ચિત પદ ન મૂક્યુ હોત તો સર્વજ્ઞ સપક્ષમાં સંદિગ્ધ એવાં વક્તૃત્વ હેતુથી પણ સાધ્યની સિદ્ધિ થઈ જાત.

[પ્ર→૧ વકતૃત્વ સપક્ષ સર્વજ્ઞમાં કેમ સંદિગ્ધ છે ? ઉ. →અહીં સપક્ષ તરીકે બધા સર્વજ્ઞ લીધા છે, તેમાં મૂક કેવલી પણ આવશે માટે તેમાં વકતૃત્વ નથી માટે સંદિગ્ધ છે. એટલે કે સર્વજ્ઞ-ધર્મીમાં વક્તૃત્વ અને અવક્તૃત્વ એમ ઉભય કોટિનું જ્ઞાન થતું હોવાથી વકતૃત્વ ધર્મ સર્વજ્ઞમાં સંદિગ્ધ રહે છે. અથવા આપણે કોઈએ બધા જ સર્વજ્ઞને પ્રત્યક્ષમાં સાંભળ્યા નથી, અને જ્ઞાન સાથે "બોલવું" એવી ક્રિયાનો કોઈ અવિનાભાવ નથી માટે સંદિગ્ધ છે. કા.કે. જ્ઞાન વિપુલ માત્રામાં હોય તો પણ બોલવાનું સાવ ઓછું અથવા ઈંદ્રિય-જીભ ઉપહત થવાથી સર્વથા બોલવાનું બંધ થઈ જાય, પરંતુ તેનું જ્ઞાન નાશ પામી જતું નથી. અને કેટલાય વગર જ્ઞાને એમને એમ બોલ્યા કરે છે.]

"વિપક્ષમાં અસત્ત્વ જ નિશ્ચિત હોવું "આ હેતુનું ત્રીજું લક્ષણ છે, અસત્ત્વનું ગ્રહણ કરવાથી વિરૂદ્ધ હેત્વાભાસ હેતુ બનતો અટકી ગયો. જેમ "શબ્દો નિત્ય કૃતકત્વાત્' અહીં-વિપક્ષ અનિત્યપદાર્થમાં કૃતકત્વ હેતુ

૧ यथा अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वात् घटवत् । घटे प्रयत्नानन्तरीयकत्वं विद्यते, न विद्युति परम्, तथापि प्रयत्नानन्तरीयकत्वस्य हेतुत्वं सपक्षैकदेशत्वात् । ૨ सपक्षे दर्शनमन्वयः । ૩ मीमांसकं प्रत जैनो वक्ति । ૪ सर्वज्ञस्य सर्वस्य सपक्षत्वात् । ૫ अनित्यो घटः कृतकत्वात् शब्दवत् । कृतकत्वं शब्देऽस्ति नाकाशादौ ।

एवकारेण साधारणस्य विपक्षैकदेशवृत्तेर्निरासः, प्रयत्नानन्तरीयकत्वे[1] हि साध्येऽनित्यत्वं विपक्षैकदेशे विद्युदादावस्ति, आकाशादौ नास्ति । ततो नियमेनास्य निरासोऽसत्त्वशब्दात् पूर्वस्मिन्नवधारणे हि अयमर्थः स्यात्-विपक्ष[2] एव यो नास्ति स हेतुः, तथा च प्रयत्नानन्तरीयकत्वं सपक्षेऽपि नास्ति ततो न हेतुः स्यात्ततः पूर्वं न कृतम् । निश्चितग्रहणेन सन्दिग्धविपक्षव्यावृ[3]त्तिकोऽनैकान्तिको निरस्तः ।

રહેલો છે એટલે અસત્ત્વ નથી. અસત્ત્વ શબ્દ પ્રયોગ ના કર્યો હોત તો અર્થ એવો થાત કે વિપક્ષમાં નિશ્ચિત હોવું અને કૃતકત્વ વિપક્ષમાં નિશ્ચિત છે, તેથી તે સદ્‌હેતુ બની જાત. એવકારના ગ્રહણથી વિપક્ષના એક દેશમાં રહેનાર સાધારણ અનેકાન્તિક હેતુનો નિષેધ થયો. જેમ "શબ્દ પ્રયત્નજન્ય છે, અનિત્ય હોવાથી" અહીં સપક્ષ ઘટાદિ, વિપક્ષ વિદ્યુત્ આકાશાદિ છે. પણ વિદ્યુત્ અનિત્યમાં છે એટલે પ્રયત્નથી અજન્ય એવા વિદ્યુત્= વિપક્ષનાં એક દેશમાં હેતુનું સત્ત્વ થઈ ગયું. એટલે "વિપક્ષમાં અસત્ત્વ જ જોઈએ" એવું ન બન્યુ. માટે અનિત્ય હેતુથી શબ્દમાં-સાધ્યની પ્રયત્નજન્યત્વની સિદ્ધિ ન થાય. [અહીં કૃતકત્વ હેતુ મૂકવામાં આવે તો સાધ્યની સિદ્ધિ થાય કા.કે. હવે વિપક્ષ એવા વિજળીમાં કે આકાશદિમાં ક્યાંય કૃતકત્વતો નથી જ રહેતું (વિજળી પણ કોઈથી કરાયેલ નથી) શબ્દતો કોઈ વ્યક્તિ વિશેષથી કરાતો દેખાય છે, જેમકે તેણે જોરદાર બુમપાડી...)]

અસત્ત્વની પૂર્વમાં એવકાર મૂકયો હોત તો આવો અર્થ નીકળત કે વિપક્ષમાં જ જે ન હોય તે હેતુ એટલે કે હેતુનું અસત્ત્વ માત્ર વિપક્ષમાં જ હોવું જોઈએ, સપક્ષમાં અસત્ત્વ હોય તો ન ચાલે. તેમ માનતાં "શબ્દો અનિત્યઃ, પ્રયત્નાનન્તરીયકત્વાત્" આ હેતુ ખોટો પડી જશે, કારણ વિપક્ષ એવા આકાશાદિ નિત્યપદાર્થમાં આ હેતુ નથી રહેતો, તેમ સપક્ષ અનિત્ય પદાર્થ એવાં વિદ્યુત્ પ્રાગભાવ વગેરેમાં પણ પ્રયત્નાનન્તરીયકત્વ હેતુ નથી રહેતો, એટલે માત્ર વિપક્ષમાં જ અસત્ત્વ ન થયું. પણ "વિપક્ષ અસત્ત્વ એવ" વિપક્ષમાં અસત્ત્વ જ હોય આવું અવધારણ કરવાથી જેટલા વિપક્ષ છે તે બધામાં અસત્ત્વ હોવું જરૂરી બન્યું, પરંતુ કાંઇ સપક્ષમાં અસત્ત્વનો નિષેધ ન થયો. એથી કરીને પ્રયત્નાનન્તરીયકત્વ હેતુ બની શકશે. કારણ કે વિપક્ષભૂત તમામ નિત્યપદાર્થમાં તો હેતુ નથી જ રહેતો, હવે "સપક્ષમાં અસત્ત્વ ન જ હોવું" આવું તો છે નહીં, માટે કોઈક સપક્ષ વિજળી વિગેરેમાં પ્રયત્નાનન્તરીયકત્વ ન રહે તેમાં કશો વાંધો નથી. પ્રાગભાવ અને વિદ્યુત્ બન્ને અનિત્ય પદાર્થ છે, પરંતુ પ્રાગભાવ અનાદિનો હોવાથી કોઈના પ્રયત્નથી બનાવવામાં આવતો નથી, પરંતુ કાર્ય પેદા થતા તેનો નાશ થઈ જાય છે, તેથી અનિત્ય તો ખરો જ. એમ વિજળીને કોઈ બનાવતું નથી વિસ્રસા પરિણામથી સ્વતઃ થઈ જાય છે, પરંતુ ક્ષણવારમાં વિલીન થઈ જાય છે, માટે અનિત્યતો સ્પષ્ટ છે.

નિશ્ચિતપદ મૂકવાથી "संदिग्धविपक्षव्यावृत्तिक अनैकान्तिकः" વિપક્ષમાં જેની વ્યાવૃત્તિ અકલ્પ્ય- સંદિગ્ધ છે, એવો વ્યભિચારી હેતુ છે તેનો નિરાસ થયો.

१ यथा प्रयत्नानन्तरीयकः शब्दो अनित्यत्वात् घटवत् । २ सपक्षे त्वस्ति एव । ३ यथा असर्वज्ञोऽयं वक्तृत्वात् ।

तदेवं त्रैरूप्यमेव हेतोरसिद्धादिदोषपरिहारक्षममिति तदेवाभ्युपगन्तुं युक्तमिति किमेकलक्षणकत्वेनेति ? ।

§ ૩૩. तदयुक्तम्, अविनाभावनियमनिश्चयादेव दोषत्रयपरिहारोपपत्तेः । अविनाभावो ह्यन्यथानुपपन्नत्वम् । तच्चासिद्धस्य विरुद्धस्य व्यभिचा[1]रिणो वा न सम्भवति । त्रैरूप्ये तु सत्यप्यविनाभावाभावे हेतोरगमकत्वदर्शनात्, यथा स श्यामो मैत्रतनयत्वात् इतरमैत्रपुत्रवदित्यत्र ।

. 'આ પુરુષ અસર્વજ્ઞ છે, વક્તા હોવાથી' અહીં વિપક્ષ-સર્વજ્ઞમાં વક્તૃત્વ હેતુનું ન હોવું સંદિગ્ધ છે. એટલે "સર્વજ્ઞ નથી જ બોલતા" એવો નિશ્ચય નથી માટે વકતૃત્વ હેતુ સંદિગ્ધ વિપક્ષ વ્યાવૃત્તિક બન્યો. એથી તેવા હેતુના બળે અસર્વજ્ઞની સિદ્ધિ કરી શકાતી નથી, જો નિશ્ચિત પદ ન મૂકયું હોત તો આ પણ હેતુ બની જાત. કેમકે વિપક્ષ-સર્વજ્ઞમાં હેતુનો નિષેધ કરવો નિશ્ચિત (જરૂરી) ન હોવાથી ત્યાં હેતુના અસત્ત્વનો સંદેહ માનીને પણ કોઈ સાધ્યની સિદ્ધિ કરી લેશે. પણ હવે આવો હેતુ પકડી જ નહીં શકાય. આ રીતે હેતુનું ત્રણરૂપવાળુ હોવું એ જ અસિદ્ધ વગેરે દોષને દૂર કરવા સમર્થ છે, માટે તેને જ સ્વીકારવું યોગ્ય છે. તો "એક જ લક્ષણવાળો હેતુ છે," એમ શા અર્થે કહ્યું ?

૩૩. જૈના→ આ બૌદ્ધના ત્રૈલક્ષણ હેતુનો નિરાસ કરતા કહે છે કે બૌદ્ધનું આ કહેવું યુક્ત નથી. અવિનાભાવ નિયમનાં નિશ્ચયથી જ અસિદ્ધ વિરૂદ્ધ અનૈકાન્તિક આ ત્રણે દોષોનો પરિહાર થઈ જાય છે. અવિનાભાવ એટલે અન્યથાનુપપન્ન એટલે કે "જો આમ ન હોય તો આમ બની જ ના શકે." અસિદ્ધ વગેરે ત્રણ હેત્વાભાસમાં આવું સંભવી શકતુ નથી. **असिद्ध →"शब्दो नित्यः चाक्षुषत्वात्"** આ ચાક્ષુષ શબ્દ-પક્ષમાં ન હોવાથી અસિદ્ધ હેતુ છે, પણ નિત્ય ન હોયતો ચાક્ષુષ પ્રત્યક્ષ ન થાય" એવો અવિનાભાવ નથી. જેમ ઘટાદિ નિત્ય નથી છતાં ચાક્ષુષ તો છે. "વહ્નિ ન હોય તો ધૂમ પણ ન હોય" આવો અવિનાભાવ અહીં જોવા મળતો નથી, માટે આ નિશ્ચયના અભાવથી ચાક્ષુષત્વમાંથી હેતુત્વ નીકળી જાય છે.

विरुद्ध हेतु → "शब्दो नित्यः कृतकत्वात्" 'નિત્ય ન હોય તો, કૃતકત્વ ન હોય' એવું નથી, કારણ ઘટ નિત્ય નથી છતાં કુંભકારથી કરાયેલ તો છે જ, એટલે અહીં પણ અવિનાભાવનાં નિયમનો અભાવ છે. માટે વિરૂદ્ધ એ હેતુ ન બને. **अनैकान्तिक-"पर्वतो वह्निमान् प्रमेयत्वात्"** અહીં વહ્નિ ન હોય તે પ્રમેય ન હોય એવું નથી, કારણ ઘટાદિ વહ્નિરૂપ નથી, છતાં પ્રમેય (પ્રમેયત્વ) તો છે. એમ અહીં પણ અવિનાભાવનાં નિયમનાં અભાવથી પ્રમેયત્વ હેતુ તરીકે બનતો નથી.

અરે ! ત્રૈરુપ્યનો સદ્ભાવ હોય, પણ જો અવિનાભાવ ન હોય તો ત્યાં હેતુ ગમક બની શકતો નથી. જેમ કે (ગર્ભસ્થ) મૈત્રપુત્ર, શ્યામ છે, મૈત્રનો પુત્ર હોવાથી, બીજા મૈત્ર પુત્રની જેમ' અહીં તમે માનેલા ત્રણે

१ अनैकान्तिकस्य ।

अथ विपक्षान्नियमवती व्यावृत्तिस्त[1]त्र न दृश्यते ततो न गमकत्वम्, तर्हि तस्या एवाविनाभावरूपत्वादितररू[2]पसद्भावेऽपि तद[3]भावे हेतोः स्वसाध्यसिद्धिं प्रति गमकत्वानिष्टौ सैव प्रधानं लक्षणमस्तु । तत्स[4]द्भावेऽपिपररूपद्वयनिरपेक्षतया गमकत्वोपपत्तेश्च, यथा सन्त्यद्वैतवा[5]दिनोऽपि प्रमाणानि इष्टानिष्टसाध[6]नदूषणान्यथानुपपत्तेः । न चात्र पक्षधर्मत्वं सपक्षे सत्त्वं चास्ति, केवलमविनाभावमात्रेण गमकत्वोप[7]पत्तिः । ननु पक्षधर्मताऽभावे श्वेतः प्रासादः काकस्य काष्ण्यादित्यादयोऽपि हेतवः प्रसज्येरन्, नैवम्, अविनाभाव एव हेतोः प्रधानं लक्षणमभ्युपगन्तव्यम्, सति तस्मिन्नसत्यपि त्रैलक्षण्ये हेतोर्गमकत्वदर्शनात् ।

રૂપ હેતુમાં ઘટે છે. કારણ કે મૈત્રપુત્રત્વ હેતુ (ગર્ભસ્થ) પુત્ર પક્ષમાં અને અન્ય પુત્રમાં—સપક્ષમાં રહેલ છે અને શ્યામ સિવાયનાં છોકરા છે તે બધામાં—વિપક્ષમાં હેતુનો અભાવ પણ છે જ. તે આ પ્રમાણે →જન્મપામેલા શેષ મિત્રાના પુત્રો કાળા જ છે, માટે શ્યામત્વાભાવ તો મિત્રાના પુત્રો સિવાયમાં આવશે, એટલે વિપક્ષરૂપે શ્વેતાદિ વર્ણીય પદાર્થ/વ્યક્તિ આવશે ત્યાં મૈત્રતનયત્વ હેતુ નથી. છતાં આ હેતુ ગમક-સાધ્યનો જ્ઞાપક બનતો નથી. કારણ કે શ્યામ સાથે મૈત્રતનયત્વનો અવિનાભાવ નથી. મિત્રાએ આ વખતે ભાજી-શાકનું ભક્ષણ ન કર્યું હોય તો આઠમો પુત્ર શ્વેત પણ હોઈ શકે છે. "શ્યામ ન હોય તે મિત્રાપુત્ર પણ ન જ હોય" આવો અવિનાભાવ નથી. કા.કે. મૈત્રતનયત્વ કાંઈ શ્યામવર્ણનું કાર્ય નથી, જેમ ધૂમ વહ્નિનુંકાર્ય છે.

બૌદ્ધ : (શંકાકાર) અહીં વિપક્ષથી વ્યાવૃત્તિ નિયમતઃ દેખાતી નથી માટે ગમક નથી બનતો.

સમાધાન : "નિયમત : વ્યાવૃત્તિ" જ તો અવિનાભાવ છે, એટલે શેષ બે લક્ષણ હેતુમાં હોવા છતાં વિપક્ષ વ્યાવૃત્તિ નિયમતઃ ન મળવાથી હેતુ જો સ્વસાધ્યને પ્રતિગમક હોવો અનિષ્ટ છે - સિદ્ધ કરનાર ન બની શકે, તો પછી "વિપક્ષ વ્યાવૃત્તિને" જ પ્રધાન લક્ષણ માનવું જોઈએ. તેનો સદ્‌ભાવ હોય અને શેષ બે ન હોય તો પણ હેતુગમક બની શકે છે. જેમ શૂન્ય—અદ્વૈતવાદીના મતે "પ્રમાણો છે" ઈષ્ટનું સાધન અને અનિષ્ટનો નિષેધ એ પ્રમાણ વિના થવો સંભવ ન હોવાથી" અહીં પક્ષ સપક્ષમાં હેતુનું અસત્ત્વ કહ્યું કે લખ્યુ, તે યોગ્ય નથી. અહીં અદ્વૈતવાદીના મતે પ્રમાણ નામનો પક્ષ નથી તો પક્ષધર્મતા ક્યાંથી હોય ? (કા. કે. એના મતમાં બધુ જ શૂન્ય છે. પરંતુ શૂન્ય સિદ્ધ કરવા પ્રમાણ આપે છે) તો પછી તેના મતે સપક્ષ પણ કોઈ છે જ નહી, એટલે પક્ષ સપક્ષમાં હેતુનો અભાવ છે. અહીં માત્ર અવિનાભાવથી અન્યથાનુપપત્તિ રૂપ હેતુના બળથી જ સાધ્ય સિધ્ધ થઈ જાય છે. (કરવા ધારે છે.)

શંકાકાર : પક્ષધર્મતાનાં અભાવમાં હેતુને ગમક માનવામાં આવે તો "આ મહેલ ધોળો છે, કાગડો કાળો હોવાથી" આવા વગેરે પણ હેતુઓ બની જશે. "કાકની કૃષ્ણતા" આ હેતુ પક્ષ પ્રાસાદમાં નથી છતાં તમારા મતે સાધ્ય સિદ્ધ થઈ જશે.

સમાધાન : આવું નથી, પક્ષધર્મતા વગરના હેતુઓને પણ અવિનાભાવના બલથી સાધ્યના જ્ઞાપક

૧ પૂર્વસ્મિન્ननुमाने । ૨ पक्षधर्मत्वसपक्षसत्त्वलक्षणं रूपद्वयं । ૩ विपक्षान्नियमवत्या व्यावृत्तेरभावे । ૪ विपक्षान्नियमवत्या व्यावृत्तेः ૫ शून्याद्वैतवादिनः ૬ तन्मते प्रमाणलक्षणः पक्षोऽपि नास्ति कुतः पक्षधर्मता ? । ૭ -०पपत्तेः मु-पा० ।

न तु त्रैरूप्यं हेतुलक्षणम् अव्याप[1]कत्वात् । तथा च सर्वं क्षणिकं सत्त्वादित्यत्र मूर्द्धाभिषिक्ते साधने सौगतैः सपक्षेऽसतोऽपि हेतोः सत्त्वस्य गमकत्वमिष्यत एव । तदुक्तम्-

"अन्यथाऽनुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम् ? ।
नान्यथानुपपन्नत्वं यत्र तत्र त्रयेण किम् ? ॥" इति ।

§ ३४. एतेन पञ्चलक्षणकत्वमपि नैयायिकोक्तं प्रत्युक्तम्, तस्याप्यविनाभावप्रपञ्चत्वात् । तथाहि-त्रैरूप्यं पूर्वोक्तम्, अबाधितविषयत्वम्, असत्प्रतिपक्षत्वं चेति पञ्चस्वाणि । तत्र प्रत्यक्षागमबाधि[2]तक[3]र्मनिर्देशानन्तरप्रयुक्तत्वं बाधितविषयत्वं यथाऽनुष्णस्तेजोऽवयवी कृतकत्वात् घटवत् । ब्राह्मणेन सुरापेया [द्रव] द्रव्य[4]त्वात् क्षीरवत् इति ।

માનવામાં આવે છે. આ અનુમાનમાં તો અવિનાભાવ નથી માટે ગમક પણ ન બને. જ્યાં અવિનાભાવ ન હોય તે હેતુ ગમક ન બને તેમાં શું વાંધો ? "પ્રાસાદ ધોળો ન હોય તો કાંઈ કાગડો કાળો ન હોય" આવું ન બને. માટે અવિનાભાવ તે જ હેતુનું પ્રધાન લક્ષણ સ્વીકારવું જોઈએ. અવિનાભાવ હોય ત્યારે ત્રણે રૂપ ન હોય તો પણ હેતુ ગમક બનતો જોવા મળે છે.

વળી બીજું ત્રૈરૂપ્ય હેતુનું લક્ષણ નથી. અવ્યાપક હોવાથી, કારણ કે બૌદ્ધોનું પ્રધાન (સાધન) અનુમાન "सर्वं क्षणिकं सत्त्वात्" અહીં સર્વ પદાર્થ પક્ષ હોવાથી સપક્ષ મળતો નથી. એથી સત્ત્વ હેતુ સપક્ષમાં ન રહેવા છતાં ક્ષણિકનો ગમક-સાધ્ય સિદ્ધ કરનાર માનવામાં આવ્યો છે. એમ "यत्र यत्र हेतुत्वं तत्र तत्र त्रैरूप्यं" આવી ત્રૈરૂપ્યની વ્યાપકતા મળતી નથી. એટલે કે જેટલા હેતુ છે તે બધામાં ત્રૈરૂપ્ય નથી. જેમ કે સત્ત્વ હેતુમાં ત્રૈરૂપત્વ નથી, છતાં ગમક માન્યો છે.

કહ્યું પણ છે કે→જ્યાં અન્યથા અનુપપત્તિ છે ત્યાં ત્રિરૂપતાથી શું લેવા દેવા ? અને જ્યાં અન્યથા અનુપપત્તિ નથી ત્યાં ત્રિરૂપતાથી શું લાભ ?

દિગમ્બર આચાર્ય પાત્ર સ્વામીએ આજ કારિકા વડે (ન્યાયબિંદુ પૃ. ૫૦૦) સૌથી પહેલા બૌદ્ધ સમ્મત ત્રૈરૂપ્યનું ખડંન કર્યું છે.

૩૪. આ કથનથી નૈયાયિકે માનેલ પંચ લક્ષણનો પણ નિરાસ થઈ જાય છે. કારણ તે પણ અવિનાભાવનો જ પ્રપંચ છે- વિસ્તાર છે. એટલે તેનો અવિનાભાવમાં જ સમાવેશ થઈ જાય છે.

તે આ પ્રમાણે→તેમાં ત્રણ રૂપ તો પૂર્વે કહ્યાં તે જ છે. ચોથું લક્ષણ અબાધિત વિષયત્વં →પ્રત્યક્ષ કે આગમથી સાધ્ય કર્મ[1] બાધિત બની જાય પછી તેને સિદ્ધ કરવાં હેતુનો ઉપયોગ કરવો તે બાધિતવિષયત્વં કહેવાય. [બાધ ધાતુનો કર્તાતો પ્રમાતા છે, કરણ પ્રત્યક્ષ અને આગમ છે અને અનુષ્ણ વિ. કર્મ[1] છે કેમકે ધાત્વર્થનું ફળ અનુષ્ણ વિગેરેને મળે છે. કા.કે. પ્રત્યક્ષથી તેમનો બાધ આવે છે—થાય છે.]

જેમકે "અવયવીરૂપ અગ્નિ ઉષ્ણ નથી, કૃતક હોવાથી, જેમ ઘટ કૃતક છે તો ઉષ્ણ પણ નથી, અહીં અગ્નિમાં ગરમાશ હાથ લગાડતાં જ જણાઈ આવે છે. એટલે અનુષ્ણતાનો પ્રત્યક્ષથી બાધ છે, માટે કૃતકત્વ

---

૧ स श्यामो मैत्रातनयत्वादित्यादौ । २ साध्यमनुमेयमिति यावत् । ३-०तधर्म०-डे० । ४ तात्पर्य० पृ० ३४०. ।

तन्निषेधादबाधितविषयत्वम् । प्रतिपक्षहेतुबाधितत्वं सत्प्रतिपक्षत्वं यथाऽनित्यः शब्दो नित्यधर्मानुपलब्धेः अत्र प्रतिपक्षहेतुः-नित्यः शब्दोऽनित्यधर्मानुपलब्धेरिति । तन्निषेधादसत्प्रतिपक्षत्वम् । तत्र बाधितविषयस्य[1] सत्प्रतिपक्षस्य चाविनाभावाभावादविनाभावेनैव रूपद्वयमपि सङ्गृहीतम् । यदाह[2]- "बाधाविनाभावयोर्विरोधात्" [हेतु०परि०४] इति । अपि च, स्वलक्षणलक्षितपक्षविषयत्वाभावात् [3]तद्दोषेणैव दोषद्वयमिदं चरितार्थं किं पुनर्वचनेन ? । तत् स्थितमेतत् साध्याविनाभावैकलक्षणादिति ॥९॥

હેતુ પ્રત્યક્ષ બાધિત વિષય બનતો હોવાથી સાધ્યગમક ન બને. "બ્રાહ્મણોને મદિરા પીવા યોગ્ય છે, કારણ કે તે દ્રવ પદાર્થ છે, દૂધની જેમ, અહીં બ્રાહ્મણોને મદિરા પીવી તે આગમથી બાધિત છે. માટે દ્રવત્વ હેતુ આગમબાધિત વિષય બનવાથી સાધ્ય-ગમક ન બને. આવો બાધ જે હેતુમાં ન હોય તે અબાધિતવિષયત્વ.

જે હેતુ પ્રતિપક્ષ-વિરોધી હેતુથી બાધિત હોય તે હેતુ સત્પ્રતિપક્ષ કહેવાય. સત્પ્રતિપક્ષ એટલે જેમકે 'શબ્દ અનિત્ય છે', નિત્યધર્મની ઉપલબ્ધિ ન થતી હોવાથી" અહીં "શબ્દ નિત્ય છે, અનિત્ય ધર્મની ઉપલબ્ધિ થતી ન હોવાથી" આવો વિરોધી હેતુ આપી શકાય છે. માટે પૂર્વોક્ત અનુમાન શબ્દને અનિત્ય સિદ્ધ કરવા સમર્થ ન બની શકે. જે હેતુમાં આવો દોષ નથી આવતો તે હેતુ અસત્પ્રતિપક્ષ કહેવાય. પરંતુ અવિનાભાવ ઘટતો ન હોવાથી હેતુમાં બાધિતવિષયત્વ કે સત્પ્રતિપક્ષ ઉભો થાય છે. માટે અબાધિત વિષયત્વ અને અસત્પ્રતિપક્ષત્વ આ બે લક્ષણને હેતુનું સ્વરૂપ માનવા કરતાં એક અવિનાભાવ દ્વારા જ તેમનું ગ્રહણ થઈ જાય છે, માટે અલગથી માનવાની જરૂર નથી.

અનુષ્ણતા હોય તો જ કૃતક હોય એવું ચોક્કસ નથી, ઈન્ધનથી પેદા કરવામાં આવતો અગ્નિ ઉષ્ણ છે, અનુષ્ણ નથી, પણ કૃતક તો છે. અને "પેય ન હોય તે દ્રવ ન હોય" એવું નથી કારણ તપેલું શીશુ દ્રવ છે, પણ કાંઈ પીવાય થોડું ? એમ અવિનાભાવથી કામ થઈ જાય છે. કહ્યું પણ છે "બાધ અને અવિનાભાવનો વિરોધ છે. (હેતુ પરિ.૪) એટલે જ્યાં કોઈ બાધ વગેરે હેતુ દોષ છે, ત્યાં અવિનાભાવનો નિયમ ઘટી શકતો નથી. બાધ અને અવિનાભાવ એક ઠેકાણે રહી શકતા નથી, એમ સહાનવસ્થાન વિરોધ છે.

વળી આજ પ્રકરણમાં ૧/૨ના ૧૩ સૂત્રમાં દર્શાવેલ પક્ષના લક્ષણથી લક્ષિત એવો જે પક્ષ છે, તેવો પક્ષ અહીં વિષય બનતો ન હોવાથી એટલે આ બન્ને પક્ષ દોષો છે, પક્ષ લક્ષણમાં જે અબાધ્ય વિશેષણ છે, તેને જ દૂષિત કરતા હોવાથી પક્ષના દોષ છે, એટલે અલગથી માનવાની જરૂર નથી. તે દોષના આધારે જ આ બે દોષ ચરિતાર્થ–કૃતાર્થ–સફળ બની જાય છે. પક્ષદોષથી જ આ બે દોષનું પ્રયોજન સરી જાય છે.

પક્ષનાં લક્ષણમાં એક વિશેષણ અબાધ્ય છે. હવે જે સાધ્યનો પ્રત્યક્ષ વિગેરેથી કે સાધ્યાભાવ સાધક હેત્વન્તરથી બાધ થતો હોય તેવા સાધ્યવાન્ ને પક્ષ જ ન બનાવાય પછી આ દોષની વાત જ ક્યાં ઉભી થાય ? તેથી આ નક્કી થયું કે સાધ્ય સાથે હેતુનો અવિનાભાવ હોવો જ હેતુનું એક અસાધારણ લક્ષણ છે. ॥૯॥

૧-०स्य तत्प्र०-डे । २ यदाहुः ता० । ३ पक्षदोषावेवैतौ ।

§ ૩૫. तत्राविनाभावं लक्षयति-

सहक्रमभाविनोः सहक्रमभावनियमोऽविनाभावः ॥१०॥

§ ૩૬. 'सहभाविनोः' एकसामग्र्यधीनयोः फलादिगतयो रूपरसयोः व्या[1]प्यव्यापकयोश्च शिंशपात्ववृक्षत्वयोः, 'क्रमभाविनोः' कृत्तिकोदयशकटोदययोः, कार्यकारणयोश्च धूमधूमध्वजयोर्यथासङ्ख्यं यः 'सहक्रमभावनियमः'-सहभाविनोः सहभावनियमः, क्रमभाविनोः क्रमभावनियमः, साध्यसाधनयोरिति प्रकरणाल्लभ्यते सः 'अविनाभावः' ॥१०॥

[હેતુનું ત્રૈરૂપ્ય માનનારા વૈશેષિક, સાંખ્ય અને બૌદ્ધ આ ત્રણ દર્શન છે. પાંચ રૂપ માનનારા નૈયાયિક છે. અને જ્ઞાતત્વ ભેળવીને છરૂપ માનનારી પણ એક પરંપરા હતી, તેનો નિર્દેશ અને ખંડન અર્ચટે હેતુબિંદુ ટીકામાં [૧૯૪-બી] એમ કહીને કર્યો છે. → "षड्लक्षणो हेतुरित्यपरे नैयायिक मीमांसकादयः मन्यते त्रीणि चैतानि पक्षधर्मान्वयव्यतिरेकाख्याणि, तथा अबाधितविषयत्वं चतुर्थरूपम्,.. तथा विवक्षितैकसंख्यत्वं रूपान्तरम् (જે અનુમાનમાં પ્રતિપક્ષી એવો બીજો હેતુ ન હોય); तथा ज्ञातत्वं च ज्ञानविषयत्वं च नही अज्ञातो हेतुः स्वसत्तामात्रेण गमको युक्त इति ॥"
જ્ઞાયમાનલિંગને પ્રાચીનો હેતુ માને છે, જ્યારે નવ્યનૈયાયિક લિંગજ્ઞાનને હેતુ માને છે તે આનું પોષક છે.]

૩૫. ત્યાં અવિનાભાવની ઓળખાણ આપે છે .

સહભાવિયોનો સહભાવનિયમ અને ક્રમભાવિયોનો
ક્રમભાવ નિયમ તે અવિનાભાવ ॥૧૦॥

૩૬ એક સામગ્રીને આધીન ફલાદિમાં રહેલાં રૂપ રસનો અને જેમની વચ્ચે વ્યાપ્ય- વ્યાપકભાવ રહેલો છે, એવા શિંશપાત્વ–વૃક્ષત્વં તેઓ સહભાવી કહેવાય.

આંબાના ઝાડે આવેલી કેરીમાં જે રૂપ રસ જોવામાં આવે છે, તેની સામગ્રી તો તેજ ઝાડનું બીજ, પાણી, પ્રકાશ વગેરે છે, એટલે રૂપ રસ બન્ને એક જ સામગ્રીથી પેદા થનાર છે, માટે જ આપણે રૂપના આધારે રસનું અનુમાન કરી શકીએ છીએ. રૂપ અને રસ એક સાથે–યુગપદ્ રહેનારા છે, તેવો અવિનાભાવ છે.

શિંશપા એ વૃક્ષ વિશેષ હોવાથી વૃક્ષત્વ વ્યાપક બન્યું અને શિંશપા વ્યાપ્ય કહેવાય વૃક્ષત્વ તો આંબાદિમાં પણ છે ત્યાં શિંશપાત્વ નથી. જ્યાં શિંશપાત્વ છે ત્યાં વૃક્ષત્વ છે જ. એટલે જ વૃક્ષત્વ અધિક દેશ વૃત્તિ બનવાથી વ્યાપક અને શિંશપા અલ્પ દેશવૃત્તિ હોવાથી વ્યાપ્ય કહેવાય. વ્યાપક વિના રહી ન શકે તે વ્યાપ્ય, વૃક્ષત્વ વિના શિંશપાત્વ રહી નથી શકતું માટે તે વ્યાપ્ય કહેવાય. વ્યાપ્યનાં અધિકરણમાં જેનો અત્યંતાભાવ મળે જ નહીં, તે વ્યાપક, શિંશપાત્વનું અધિકરણ શિંશપાવૃક્ષ ત્યાં વૃક્ષત્વ છે જ માટે વૃક્ષત્વ વ્યાપક કહેવાય. આવી રીતે જ્યાં સામગ્રી એકત્વ હોય કે વ્યાપ્ય–વ્યાપક ભાવ દેખાતો હોય ત્યાં "હેતુની સાથે સાધ્ય હાજર મળે જ," આવો

---

१ साध्यसाधनयोः ।

§ ૩૭. अथैवंविधोऽविनाभावो निश्चित[૧]: साध्यप्रतिपत्त्यङ्गमित्युक्तम् । तन्निश्चयश्च कुतः प्रमाणात् ?। न तावत् प्रत्यक्षात्, तस्यैन्द्रियकस्य सन्निहितविषयविनियमितव्यापारत्वात् । मनस्तु यद्यपि सर्वविषयं तथा[૨]पीन्द्रियगृहीतार्थगोचरत्वेनैव तस्य प्रवृत्तिः । अन्यथान्धबधिराध[૩]भावप्रसङ्गः । सर्वविषयता तु सकलेन्द्रियगोचरार्थविषयत्वेनैवोच्यते न स्वातन्त्र्येण ।

અવિનાભાવ નિયમ હોય છે. કૃત્તિકોદય અને શકટોદય જેવા પૂર્વચર ઉત્તરચર છે; તેમજ ધૂમ અગ્નિ વચ્ચે કાર્ય-કારણ ભાવ રહેલો છે. તેઓમાં ક્રમભાવ નિયમ રહેલો છે. પ્રકરણના સંદર્ભ બળે સાધ્ય-સાધનમાં સહભાવ નિયમ અને ક્રમભાવ નિયમ સમજવો. કઈ જાતનું સાધ્ય અને સાધન છે, તેના સ્વરૂપને જાણી લેવાથી આ ક્રમભાવી સહભાવી નિયમ સમજી (લેવાય) લેવો. એટલે કે એક સામગ્રીથી પેદા થનાર તો એક સાથે જ હોયને જેમ પચનક્રિયાથી ચોખામાં આર્દ્રતા અને વૃદ્ધિ બંને એક સાથે થતા જોવા મળે છે. અને વ્યાપ્યતો વ્યાપક વિના રહી જ ન શકે એટલે સાથે જ મળવાના. પરંતુ જ્યાં કા. કા. ભાવ હોય ત્યાં કારણ તો પહેલા જ હાજર જોઈએ. આગ પેટાવ્યા વિના ધૂમાડો પેદા થાય જ નહીં.

જેમ પહેલા કૃતિકાનો ઉદય થાય તો પછી અનુક્રમે શકટનો ઉદય થાય જ. માટે આપણે આવું અનુમાન કરી શકીએ છીએ. "મુહુર્ત્ત પછી શકટોદય થશે. કારણ કે અત્યારે કૃતિકોદય છે." તેમ અગ્નિથી ધૂમપેદા થાય છે, માટે અગ્નિ ધૂમનું કાર્ય થયું. એટલે પહેલા અગ્નિ હોય તો જ પછી ધૂમ હોઈ શકે. આ કાર્ય કારણ ભાવના આધારે આપણે એવો નિયમ બનાવી શકીએ કે અગ્નિ વિના ધૂમ હોઈ જ ના શકે, બસ આ જ અવિનાભાવ. ॥૧૦॥

૩૭. શંકાકાર → તમે કહ્યું કે આવો અવિનાભાવનો નિશ્ચય તે સાધ્યની સિદ્ધિ માટેનું કારણ છે. પણ અમે તમને પ્રશ્ન કરીએ કે આ અવિનાભાવનો નિશ્ચય કયા પ્રમાણથી–શેનાથી થશે ? તે નિશ્ચય પ્રત્યક્ષથી તો થઈ શકતો નથી, કારણ ઈંદ્રિયજ પ્રત્યક્ષનો વ્યાપાર તો સંનિહિત વિષય સુધી સીમિત છે. અગ્નિ વગેરે તો દૃષ્ટિ અગોચર હોવાથી કે અતીત હોવાથી અગ્નિનો ધૂમ સાથે અવિનાભાવ કેવી રીતે પકડાય. જો કે મન બધાને વિષય બનાવે છે. તોપણ તે ઈંદ્રિય દ્વારા ગૃહીત પદાર્થને જ વિષય બનાવતો હોવાથી અવિનાભાવ ગ્રહણ કરવામાં તેની–મનની પ્રવૃત્તિ સંભવી શકતી નથી.

બાહ્ય ઈંદ્રિયગ્રાહ્ય પદાર્થ જો ઈંદ્રિયથી અગૃહીત હોય તે વિષયમાં પણ મન પ્રવૃત્તિ કરવા લાગશે તો કોઈ આંધળો બહેરો વગેરે નહિં મળે. મનથી તેમને રૂપ અને શબ્દનું જ્ઞાન થઈ જશે. મનને જે સર્વ વિષયક કહેવામાં આવે છે, તેનું કારણ એ છે કે તે સમસ્ત ઈંદ્રિયના વિષયને ગ્રહણ કરવામાં કુશલ છે. એટલે ઈંદ્રિય જેને જેને વિષય બનાવે તે બધાને મન પોતાનો વિષય બનાવે છે. એથી તે સ્વતંત્ર સર્વ વિષયગ્રાહક નથી. (હા. મનોગ્રાહ્ય સુખાદિને સ્વતંત્ર રીતે ગ્રહણ કરે છે, કા.કે. તેમનો મનઃસાથે સાક્ષાત્ સંબંધ છે.)

૧ स्वनिश्चित इत्यनेन निश्चितः सन् । ૨ प्रत्यक्षग्राह्याबाह्यार्थापेक्षया सुखादींश्च एवमेव गृह्णाति । ૩ मनसैव सर्वेन्द्रियार्थग्रहणात् ।

योगिप्रत्यक्षेण त्वविनाभावग्रहणे[1]ऽनुमेयार्थप्रतिप[2]त्तिरेव ततोस्तु, किं तपस्विनाऽनुमानेन ?, अनुमानात्त्वविनाभावनिश्चयेऽन[3]वस्थेतरेतराश्रयदोषप्रसङ्ग उक्त एव । न प्रमाणान्तरमेवंविधविषयग्रहणप्रवणमस्तीत्याह-

ऊहात् तन्निश्चयः ॥११॥

§ ૩૮. 'ऊहात्' तर्कादुक्तलक्षणात्तस्याविनाभावस्य 'निश्चयः' ॥११॥

§ ૩૯. लक्षितं परीक्षितं च साधनम् । इदानीं तत् विभजति-

જો યોગિપ્રત્યક્ષથી અવિનાભાવનું ગ્રહણ માનશો તેના કરતા તો સીધે સીધા અનુમેય પદાર્થને તેનાથી ગ્રહણ કરી શકાય છે, તો નાહક અવિનાભાવને જાણવાની શી જરૂર ? એટલે કે બિચારા તેવા અનુમાનનું શું કામ ?

અનુમાનથી અવિનાભાવનો નિશ્ચય માનશો તો અનવસ્થા અને અન્યોન્યાશ્રય દોષ આવશે. અવિનાભાવ ગ્રાહક અનુમાનને પ્રવૃત્ત કરવા તેમાં પણ અવિનાભાવ ગ્રહણ કરવો પડશે, તેના માટે ફરી અનુમાન કરવુ પડશે, એમ અનવસ્થા ચાલે. પ્રસ્તુત અનુમાનથી અવિનાભાવનું ગ્રહણ માનવામાં આવે તો ઇતરેતરાશ્રય દોષ આવે. અવિનાભાવ ગ્રહણ થાય ત્યારે આ પ્રસ્તુત અનુમાન પ્રવૃત્તિ કરતું થાય અને અનુમાન પ્રવૃત્ત બને, ત્યારે અવિનાભાવ ગૃહીત થાય.

પ્રત્યક્ષ અને અનુમાન સિવાય બીજું કોઇ એવું પ્રમાણ નથી જે આવો વિષય ગ્રહણ કરવા સમર્થ બની શકે. આવી શંકા ઉભી થયે છતે આચાર્યશ્રી ઉત્તર આપતાં કહે છે કે .....

ઊહ-તર્ક નામના પ્રમાણથી અવિનાભાવનો નિશ્ચય થાય છે. ॥૧૧॥

પૂર્વે કહેલાં સ્વરૂપવાળાં તર્કથી અવિનાભાવનો નિશ્ચય થઇ શકે છે.

વ્યાપ્તિનું નિશ્ચયાત્મક જ્ઞાન તર્ક છે એટલે "જ્યાં વહ્નિ છે ત્યાં ધૂમ છે અને જ્યાં વહ્નિ નથી ત્યાં ધૂમ પણ નથી" આવા ઉપલંભ અને અનુપલંભના આધારે અવિનાભાવનું ગ્રહણ થાય છે. એટલે ઊહમાં ઉપલંભ અને અનુપલંભનું સ્મરણ અને દર્શન હોય છે.

(સાથોસાથ પુરોવર્તી હેતુમાં તાદેશ સ્મરણ સંસ્કૃત દર્શન કરવાનું હોય છે આવું ત્રિકોણિક જ્ઞાન છે.)

પ્રત્યભિજ્ઞામાં માત્ર ઉપલંભનું સ્મરણ અને દર્શન હોય છે, તેમાંકોઈ વિશિષ્ટ વિચારણાં ઉભી થતી નથી એટલે આ ઊહ એક વિશિષ્ટ કોટિનું જ્ઞાન છે ॥૧૧॥

૩૯. સાધનની ઓળખાણ અને પરીક્ષા થઇ ગઇ. હવે તેના ભેદ દર્શાવે છે.....

---

१ अग्न्यादि । २ -० पत्तिरपि ततो०-डे० । ३ अनुमानतो ह्यविनाभावनिश्चये तस्याप्यनुमानस्याविनाभावनिश्चये कमनुमानान्तरं चिन्त्यम् (?) । तस्यापि अन्यदित्याद्यनवस्था । इतरेतराश्रयस्तु अनुमानादविनाभावनिश्चयो अविनाभावे च निश्चिते अनुमानोत्थानमिति।

स्वभावः कारणं कार्यमेकार्थसमवायि विरोधि चेति पञ्चधा साधनम् ॥१२॥

§ ४०. स्वभावादीनि चत्वारि विधेः साधनानि, विरोधि तु निषेधस्येति पञ्चविधम् 'साधनम्' । 'स्वभावः' यथा शब्दानित्यत्वे साध्ये कृतकत्वं श्रावणत्वं वा ।

§ ४१. ननु श्रावणत्वस्यासाधारणत्वात् कथं व्याप्तिसिद्धिः ? । विपर्[1]यये बाधकप्रमाणबलात् सत्त्वस्येवेति ब्रूमः । न चैवं सत्त्व[2]मेव हेतुः तद्विशेषस्योत्पत्तिमत्त्वकृतकत्वप्रयत्नानन्तरीयकत्वप्रत्ययभेदभेदित्वादेरहेतु[3]त्वापत्तेः। किञ्च, किमिदमसाधारणत्वं नाम ? । यदि पक्ष एव वर्तमानत्वम्, तत् सर्वस्मिन् क्षणिके साध्ये सत्त्वस्यापि समानम् । साध्यधर्मवतः पक्षस्यापि सपक्षता चेत्, इह कः प्रद्वेषः ? ।

સ્વભાવ, કારણ, કાર્ય, એકાર્થ–સમવાયી અને વિરોધી આ પાંચ પ્રકારના સાધન છે. ॥૧૨॥

૪૦. સ્વભાવ આદિ ચાર સાધન વિધિના સાધક છે અને વિરોધી સાધન નિષેધનું સાધક છે, એમ પાંચ પ્રકારના સાધન છે. એમનું સ્વરૂપ આવું છે....

સ્વભાવ હેતુ →શબ્દને અનિત્ય સિદ્ધ કરવા કૃતકત્વ કે શ્રાવણત્વ હેતુ આપવો તે સ્વભાવ હેતુ છે. કૃતક, શ્રાવણ એવો શબ્દપદાર્થનો સ્વભાવ છે.

૪૧. શંકાકાર : અનિત્ય ઘટાદિ સપક્ષમાં શ્રાવણત્વ ન રહેવાથી આ શ્રાવણત્વ હેતુ અસાધારણ અનૈકાન્તિક દોષથી દૂષિત હોવાથી તે હેતુરૂપે કેવી રીતે બની શકે ? એટલે કે તેની સાધ્ય સાથે વ્યાપ્તિ કેવી રીતે સિદ્ધ થશે?

સમાધાન : અનિત્યત્વથી વિપરીત નિત્યત્વમાં બાધક પ્રમાણ મળવાથી વ્યાપ્તિ સિદ્ધ થાય છે. આશય એ છે કે શબ્દ ઉચ્ચારણની પહેલા શ્રાવ્ય ન હતો. ઉચ્ચારણ કરતાં જ શ્રાવ્ય બન્યો, નિત્ય પદાર્થમાં આવો ફેરફાર સંભવી ન શકે. આ બાધક પ્રમાણના બળથી શ્રાવણત્વ હેતુની અનિત્ય સાધ્ય સાથે વ્યાપ્તિ સિદ્ધ થાય છે.

બૌદ્ધોએ માનેલ "सर्वं क्षणिकं, सत्त्वात्" અનુમાનમાં જે સત્ત્વ હેતુ છે. તે સપક્ષમાં કયાં રહે છે ?

(કારણ બધુ પક્ષ રૂપે હોવાથી સપક્ષનો અભાવ છે, છતાં સત્ત્વની ક્ષણિકત્વની સાથે વ્યાપ્તિ સ્વીકારે છે. તેની જેમ શ્રાવણત્વ પણ હેતુ બની શકે છે. સત્ત્વ હેતુએ જ આવો ઠેકો નથી લીધો કે પોતે અસાધારણ દોષથી દૂષિત હોવા છતાં ગમક બની શકે.)

શેષ અસાધારણ હેતુ ગમક ન બને, એવુ નથી. નહિતર સત્ત્વ વિશેષ રૂપ જે ઉત્પત્તિમત્વ, કૃતકત્વ પ્રયત્નાનન્તરીયકત્વ, પ્રત્યયભેદભેદિત્વ, ઇત્યાદિ હેતુ છે, તે બધા અહેતુ બની જવાની આપત્તિ આવશે.

---

१ अनित्यत्वविपरीते नित्यत्वे अभाव्यत्वः पूर्वं शब्दः पश्चात् कथं उच्चारणात् श्राव्यो जात इति बाधकप्रमाणं तस्मान्नित्यत्वेऽघटमानकं श्रावण[त्व]मनित्यत्वं व्यवस्थापयति । २ सत्त्वमर्थक्रियाकारित्वम् । तच्चानित्यपक्ष एव घटत इति श्रावणत्वमपि सत्त्वमायातम् । ३-० तुल्योपपत्ते-ता० ।

पक्षादन्यस्यैव सपक्षत्वे लोहलेख्यं वज्रं पार्थिवत्वात् काष्ठवदित्यत्र पार्थिवत्वमपि लोहलेख्यतां वज्रे गमयेत् । अन्यथानुपपत्तेरभावान्नेति चेत्,

[સામાન્ય પદાર્થના પેટાભેદોને વિશેષ કહેવાય છે. વૃક્ષ એ સામાન્ય છે, અને આંબો વિગેરે વૃક્ષવિશેષ. તેમ સત્ત્વનો અર્થ અર્થક્રિયાકારિત્વં છે. અહીં સામાન્યથી કોઈ પણ જાતની ક્રિયા પકડાય, જ્યારે ઉત્પત્તિભાવ માત્ર ઉત્પત્તિક્રિયાને જણાવે છે, કૃતકત્વ માત્ર કૃત-કરેલું / કરવું ક્રિયાને, પ્રયત્નાનન્તરીયકત્વ પ્રયત્ન ક્રિયાને, પ્રત્યયભેદભેદિત્વ ભેદ–બદલાવું એ ક્રિયા-વિશેષને જણાવે છે, માટે સત્ત્વ વિશેષ કહેવાય. એમ શ્રાવણત્વ પણ શ્રવણ ક્રિયાવિશેષને જણાવે છે, માટે અથવા ઉત્પત્તિમત્ત્વ વિ. હેતુઓ તે તે વિશેષ ક્રિયાને પક્ષ કરનારા છે – જણાવે છે, માટે સત્ત્વવિશેષ[1] કહેવાય છે.

"शब्दः अनित्यः प्रत्ययभेद-भेदित्वात्" શબ્દમાં નિમિત્ત પ્રમાણે ફેરફાર થયા કરે છે, પવન તીવ્ર હોય તો શીઘ્ર ગતિકરે, ઘાત લાગે તો મંદ પડે,વક્તાનો યત્ન ઓછો હોય તો મંદ પડે, અહીં સપક્ષઘટાદિમાં પાણી નાંખો તો ઘડો ઠંડો થાય, તડકામાં મૂકો તો ગરમ થાય, ઈત્યાદિ ફેરફાર ત્યાં પ્રત્યક્ષ જોવા મળે છે, અને તે બધા ફૂટી જતા જોવા મળે છે એમ ઘટાદિ અનિત્ય છે જ. તેની જેમ આ શબ્દ પણ ફેરફાર પામતો હોવાથી અનિત્ય હોવા જોઈએ. પ્લાસ્ટીક ગરમીથી નરમ પડે, ઠંડીથી કડક બને છે માટે તે અનિત્ય છે. જે અનિત્ય નથી તે નિમિત્તથી ફેરફાર પામતા નથી, જેમ આકાશ ગરમી પડે કે ઠંડી બધે વખતે તેવું જ રહે છે.]

અને તમને પૂછીએ છીએ કે અસાધારણ એટલે શું ? જો પક્ષમાંજ રહેવું એનું નામ અસાધારણ એમ કહેતા હો તો તમામ પદાર્થોમાં ક્ષણિકત્વ સિદ્ધ કરવાનું હોય ત્યારે જ સત્ત્વ હેતુ મૂકવામાં આવે છે, તેમાં પણ ઉપરની વાત સરખી રીતે લાગુ પડે જ છે. કારણ સત્ત્વ હેતુપણ માત્ર પક્ષમાં જ રહેનાર છે.

બૌદ્ધ : ત્યાં તો સાધ્યધર્મવાળો પક્ષ જ સપક્ષ તરીકે માન્ય છે.

જૈના : તો પછી અહીં શ્રાવણત્વ હેતુમાં કેમ દ્વેષ રાખો છો ?

બૌદ્ધ : સપક્ષ પક્ષથી ભિન્ન હોવો જોઈએ.

જૈના : "વજ્ર લોઢાથી કોતરવાયોગ્ય- લોહ લેખ્ય છે, પાર્થિવ હોવાથી," કાષ્ઠની જેમ,' અહીં પાર્થિવ હેતુ વજ્રપક્ષથી અન્ય લાકડુ વગેરે સપક્ષ છે, તેમાં રહેતો હોવાથી તમારા હિસાબે આ હેતુ પક્ષ વજ્રમાં- સપક્ષ કાષ્ઠાદિમાં છે અને વિપક્ષ→પાણી–તેજસ વગેરેમાં નથી. માટે પાર્થિવત્વ લોકલેખ્યનો ગમક બનવો જોઈએને! (તો પછી કેમ બનતો નથી ?)

બૌદ્ધ : પાર્થિવત્વ સાથે લોહ–લેખ્યતાનો અવિનાભાવ નથી, માટે હેતુ સાધ્યનો ગમક નથી. [લાકડું વિ. લોઢાથી કોતરી શકાય છે તેનું કારણ કાંઈ પૃથ્વીત્વ નથી, પરંતુ તેમાં તેવી અવયવોની શિથિલતા છે. વજ્રમાં અતિશય ઘનતા છે માટે ટાંકણાથી કોતરી શકાતું નથી.]

---

૧ - સત્ત્વ એટલે અર્થક્રિયાકારિત્વ શ્રાવણત્વ વિ. પણ વિશેષ પ્રકારની અર્થક્રિયા રૂપ છે માટે તેઓ બધા સત્ત્વ વિશેષ કહેવાય, જેમ વૃક્ષ એ સામાન્ય અને આંબો એ વૃક્ષ વિશેષ કહેવાય.

इदमेव तर्हि हेतुलक्षणमस्तु । अपक्षधर्मस्यापि साधनत्वापत्तिरिति चेत्, अस्तु यद्यविनाभावोऽस्ति, श[1]कटोदये कृत्तिकोदयस्य, सर्वज्ञसद्भावे संवादिन उपदेशस्य[2] गमकत्वदर्शनात् ।
काकस्य काष्ण्यं न प्रासादे धावल्यं विनानुपपद्यमानमित्यनेकान्तादगमकम् । तथा, घटे चाक्षुष[3]त्वं शब्देऽनित्यतां विनाप्युपपद्यमानमिति तन्न श्रावणत्वादिरसाधारणोऽप्यनित्यतां व्यभिचरति । ननु कृतकत्वाच्छब्दस्यानित्यत्वे साध्ये पर्यायवद् द्रव्येऽप्यनित्यता प्राप्नोति । नैवम्, पर्यायाणामेवानित्यतायाः साध्यत्वात्, अनुक्तमपीच्छाविषयीकृतं साध्यं भवतीति किं स्म[4] प्रस्मरति भवान् ? ।

જૈના : તોપછી અવિનાભાવને જ હેતુનું લક્ષણ માનો ને ! (ભલે હેતુ સપક્ષમાં રહે કે ના રહે)

શંકાકાર : અવિનાભાવને જ હેતુનું લક્ષણ માનશો અને સપક્ષ સત્ત્વનું પૂંછડુ છોડી દેશો તો પક્ષધર્મતા વિના પણ હેતુ ગમક થવા લાગશે.

સમાધાન : અવિનાભાવ હોય તો ભલેને હેતુગમક થાય. પક્ષધર્મતા વગર પણ શકટોદય સાધ્યમાં કત્તિકોદય ગમક-હેતુ બને જ છે ને ? યદ્દેશાવચ્છેદેન અને યત્કાલાવચ્છેદેન શકટનો ઉદય છે, તદ્દેશાવચ્છેદેન અને તત્કાલાવચ્છેદેન કૃત્તિકોદય નથી રહેલો, માટે પક્ષધર્મતા નથી. સર્વજ્ઞનાં સદ્ભાવને સાધવામાં સંવાદી ઉપદેશને ગમક તરીકે જોવામાં આવે છે, જેમકે "કોઈક પુરૂષ, સર્વજ્ઞ છે, જ્યોતિષ્ જ્ઞાનમાં સંવાદ જોવા મળતો હોવાથી", અહીં 'પુરૂષ' પક્ષ છે. "સર્વજ્ઞ છે" સાધ્ય જ્યારે સંવાદ તો જ્યોતિષ્ જ્ઞાનમાં રહેલ છે. એટલે હેતુ પક્ષમાં રહેલ નથી, પરંતુ "કોઈ પણ પુરૂષમાં સર્વજ્ઞતા ન હોય તો જ્યોતિષ જ્ઞાનમાં સંવાદ સંભવી ન શકે" એમ અન્યથાનુપપતિથી હેતુ ગમક બની શકે છે.

કાગડાની કાળાશ મહેલમાં ધોળાશ આવ્યા વિના ન ઘટી શકે એવું નથી, એમ અવિનાભાવ ન હોવાથી ત્યાં હેતુ ગમક ન બને. તેમ ઘટમાં ચાક્ષુષત્વ શબ્દમાં અનિત્યતા વિના પણ ઘટી શકે છે. માટે 'શબ્દ અનિત્ય ઘટે ચાક્ષુષત્વાત્ "અહીં ચાક્ષુષત્વ હેતુ શબ્દ પક્ષમાં નથી એટલા માત્રથી અગમક નથી, પરંતુ અવિનાભાવનો અભાવ હોવાથી અગમક છે. તેથી પ્રસ્તુતમાં શ્રાવણત્વ હેતુ અસાધારણ હોવા છતાં અનિત્યતાનો વ્યભિચારી નથી. અવિનાભાવ મળતો હોવાથી માટે તે ગમક બને છે.

શંકાકાર →કૃતક હોવાથી શબ્દને અનિત્ય ગણશો તો પર્યાયની જેમ દ્રવ્ય પણ અનિત્ય બની જશેને શબ્દએ પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે અને તે શબ્દ પર્યાયકૃતક હોવાથી તેનાથી અભિન્ન દ્રવ્ય પણ અનિત્ય સિદ્ધ થઈ જશે ને.

સમાધાન→ નહીં, પર્યાયોની જ અનિત્યતા સાધ્ય છે. શબ્દથી ઉલ્લેખ કરવામાં ન આવ્યો હોય તો પણ જે ઈષ્ટ હોય તે જ સાધ્ય બને છે. એ વાત શું તમને યાદ નથી ? "ઘટો ન ઘટ" અહીં માટીનો ઘટ પર્યાય નાશ પામ્યો એજ અભિમત છે, એટલે માટીનો નાશ થવાની આપત્તિ આવતી નથી, એ તો તમને પણ ખ્યાલ જ છેને.

---

૧ गम्ये(च) शकटोदयाभावे कृत्तिकोदयात् । ૨ कश्चित् पुरुषः सर्वभावसाक्षात्कर्त्ताऽस्ति अविसंवादिज्योतिर्ज्ञानान्यथानुपपत्तेः । ૩ शब्दोऽनित्यः चाक्षुषत्वादित्यस्मिन्ननुमाने शब्दानित्यतां विनाऽपि घटादौ चाक्षुषत्वमुपपद्यते इत्यन्यत्रोपपद्यमानं शब्दस्यानित्यतां न साधयति । ૪ स्मं विस्म०-डे० ।

ननु कृतकत्वानित्यत्वयोस्तादात्म्ये साधनवत् साध्यस्य सिद्धत्वम्, साध्यवच्च साधनस्य साध्यत्वं प्रसजति । सत्यमेतत्, किं तु मोहनिवर्तनार्थः प्रयोगः । यदाह-

"सादेरपि न सान्त[1]त्वं व्यामोहाद्योऽधिगच्छति ।
साध्यसाधनतैकस्य तं प्रति स्यान् दोषभाक् ॥"

§ ४२. '[2]कारणं' यथा बाष्पभावेन मश[3]कवर्तिरूपतया वा सन्दिह्य[4]माने धूमेऽग्निः, विशिष्टमेघो[5]न्नतिर्वा वृष्टौ[6] । [7]कथमयमाबालगोपालाविपालाङ्गनादिप्रसिद्धोऽपि नोपलब्धः सूक्ष्मदर्शिनापि न्यायवादिना ? ।

શંકાકાર→ કૃતકત્વ અને અનિત્યત્વમાં જો તાદાત્મ્ય[1] સંબંધ હોય તો સાધનની જેમ સાધ્ય પણ સિદ્ધ થઈ ગયુ ને ? અથવા સાધ્યની જેમ સાધન પણ સિધ્યમાન—અસિદ્ધ અવસ્થાને પામી ગયેલુ માનવુ પડશે (અહીં તાદાત્મ્ય હોવાનુંકારણ ૪૯ ના ફકરાના શ્લોકમાંથી જણાઈ જશે.)

સમાધાન→ વાત સાચી પણ ભ્રમ—મોહને દૂર કરવા આવો અનુમાન પ્રયોગ કરવામાં આવે છે. મીમાંસક દ્વારા દર્શાવેલ વાક્પટૂતાથી કોઈકને "શબ્દ નિત્ય હોય છે" એવી ગ્રંથી બંધાઈ ગઈ, તેવા માણસને નિત્યતાનો ભ્રમ દૂર કરવા સમજાવવું પડે કે અલ્યા ભાઈ ! તું કે હું મહેનત કરીએ ત્યારે જ શબ્દનું અસ્તિત્વ ઉભું થાય છે, હવે નિત્ય હોત તો તેની પહેલા પણ ઉપલબ્ધિ થાત ને, એમ આપણા યત્નથી શબ્દ કરાયેલ છે, માટે અનિત્ય જ માનવો જોઈએ. નિત્ય પદાર્થ તો પ્રથમથી હાજર જ હોય છે. માટે તેમને તો કરવાની જરૂર નથી રહેતી.

કહ્યું પણ છે→જે વ્યામોહનાં કારણે સાદિ=આદિ પામનાર કૃતક વસ્તુની પણ અનિત્યતા માનતો નથી. તેના પ્રતિ એક જ ધર્મને સાધ્ય અને સાધન બનાવી લેવું દોષાવહ નથી.

૪૨. કોઈક ઠેકાણે કારણ પણ હેતુ હોય છે. કોઈકને ધૂમમાં બાષ્પ રૂપે કે મેશની વાટ રૂપે સંદેહ થતા અગ્નિ ધૂમનો નિશ્ચય કરાવવામાં હેતુ બને છે. "ધૂંધળા-ધૂંધળા ગોટા આકાશમાં ઉડતા દેખાતા હતા અથવા ક્યાંય ધૂમાડો નીકળી રહ્યો હતો છતાં પોતાને એમ સંદેહ છે કે શું આ બાષ્પ છે કે ધૂમ છે, અથવા તો માત્ર મચ્છરોની શ્રેણી છે" એટલે ભાઈ સાહેબને ધૂમનો ખ્યાલ આવ્યો નહીં, પણ જ્યારે અગ્નિ દેખાયો ને તરત જ ખ્યાલ આવી ગયોકે આગમાંથી તો ધૂમાડો જ નીકળતો હોય છે, કંઈ બાષ્પ કે મેશની વાટ નહીં, માટે "આ ધૂમ જ છે" એમ વહ્નિ નામના કારણથી ધૂમ કાર્યનું અનુમાન થયું.

વિશિષ્ટ કોટિનાં કાળા ભમ્મર વાદળાં ચઢેલા હોય તે વરસાદનું અનુમાન કરાવે છે. અહીં અગ્નિ એ ધૂમનું કારણ છે. અને વાદળાં એ વરસાદનું કારણ છે.

આચાર્યશ્રી કહે છે કે→અગ્નિથી ધૂમનો ખ્યાલ અને વિશિષ્ટ વાદળાં જોઈને વરસાદનો ખ્યાલ તો બાળ- નાના ટાબરિયા, ગોવાળ, ભરવાડણ—ભોળી ભાલી નારીઓને પણ આવી જાય, તો આ વાતને સૂક્ષ્મદર્શી ન્યાયવાદી બૌદ્ધ તાર્કિક કેમ સમજતા નહિ હોય ?

---

१ अनित्यत्वम् । २ करणम्-मु-मा० । ३ मशवर्ति०-डे० । ४ अयं धूमोऽग्नेः । ५ वृष्टिर्भाविनी विशिष्टमेघोन्नतेः । ६ गम्यायां वृष्टौ । ७ सूरिराह ।

---

१ શંકાકારે કૃતકત્વ અને અનિત્યત્વ એક જ પદાર્થના-શબ્દના પર્યાય બનવાથી અભિન્ન કહેવાય = માટે તેમાં તાદાત્મ્ય માનવો પડશે, અને તેના ઉપરથી આ આપત્તિ આપી લાગે છે.

कारण[1]विशेषदर्शनाद्धि सर्वः कार्यार्थी प्रवर्तते । स तु विशेषो ज्ञातव्यो योऽव्यभिचारी । कारणत्वनिश्चयादेव प्रवृत्तिरिति चेत्, अस्त्वसौ लिङ्गविशेषनिश्चयः प्रत्यक्षकृत[2]ः, फले तु भाविनि नानुमानादन्यन्निबन्धनमुत्पश्यामः । क्वचिद् व्यभि[3]चारात् सर्वस्य हेतोरहेतुत्वे कार्यस्यापि तथा प्रसङ्गः । बाष्पादेरकार्यत्वान्नेति चेत्, अत्रापि,

ખાસકરીને ધર્મકીર્તિએ ક્યાં કારણ લિંગક અનુમાન નથી માન્યું ? ન્યાયવાદી શબ્દથી તે ધર્મકીર્તિને જ આચાર્યશ્રી સૂચિત કરે છે, તેના મતનું અહીં નિરસન કર્યું. વૈશેષિક નૈયાયિક કારણલિંગક અનુમાનને માને છે.

જે કાર્યની અભિલાષા હોય તેનું કારણ વિશેષ—અવ્યભિચારી કારણ જોઈએ, તેનો નિશ્ચય થયે છતે = અવિકલ કારણ જોઈને કાર્યાર્થી પ્રવૃત્તિ કરે છે. જેની હયાતીમાં કાર્ય અલબ્ધ થાય તે અવ્યભિચારી-વિશેષ કારણ કહેવાય. ક્ષપકશ્રેણી એ કેવલજ્ઞાનનું અવ્યભિચારી કારણ છે.

શંકાકાર (બૌદ્ધ): કારણતાનાં નિશ્ચયથી જ પ્રવૃત્તિ થઈ જશે, વચ્ચે વળી કાર્યનું અનુમાન કરવાની શી જરૂર ? (આ આનું કારણ છે માટે અમારે અહીં વરસાદ નામનું કાર્ય માનવું જોઈએ. આવી લાંબી લચ પલોજણ શા માટે ઉભી કરો છે ?) ઘનઘોર વાદળાનો નિશ્ચય થવાથી ખેડૂત હળ લઈને ખેતરમાં જતો રહે છે, એમ વિશેષ કારણના નિશ્ચયથી પ્રવૃત્તિ તો સંભવી શકે છે.

ગ્રંથકાર: → ખેડૂતભલે જાય, પરતુ હવે વરસાદ પડશે આવો અંદાજ કરીને જ પ્રવૃત્ત થતો હોય છે, નહીંતર ઘનઘોર વાદળાની શી જરૂર ? સામાન્ય વાદળા જોઈ કેમ ઉત્સુક બનતો નથી ? પરંતુ આ વાદળ તો પ્રત્યક્ષ દેખી શકાય છે કા.કે. વર્તમાનમાં હયાત છે, જ્યારે વરસાદતો ભવિષ્યમાં થવાનો છે, તેનો નિર્ણય તો પ્રત્યક્ષથી શક્ય નથી, તેના નિશ્ચય માટે તો અનુમાનનો જ આશરો લેવો પડશે. એમ કારણ હેતુથી પણ કાર્યનું અનુમાન સંભવી શકે છે.

(ગ્રંથકાર) ક્યાંક કારણ હોવા છતાં કાર્ય દેખાતુ નથી, તેવા વ્યભિચારથી બધા કારણ હેતુઓને બધે અહેતુ ઠેરવશો તો કાર્ય પણ અહેતુ બની જશે, તમે પણ કાર્ય (ધૂમ) હેતુથી કારણ વહ્નિનું અનુમાન કરો જ છો ને. તમે પણ કાર્યને હેતુ માનેલ છે, તે પણ અહેતુ બની જશે, એટલે અનુમાન કરવા માટે હેતુ તરીકે તેમનો (કાર્યનો) પ્રયોગ કરી શકશો નહીં.

[શંકાકાર : કાર્ય તો ક્યારેય કારણનો વ્યભિચારી નથી, ત્યાં તો કાર્યનો = ધૂમનો અગ્નિ વિના સંભવ છે જ નહી.]

શંકાકાર : જ્યાં ક્યાંય ધૂમરૂપે બાષ્પ વગેરે કાર્યને જોઈ વહ્નિનું અનુમાન કરતા વ્યભિચાર દેખાય જ છે ને, માટે કાર્ય હેતુમાં પણ વ્યભિચાર આવ્યો. સામે બાષ્પ ઉછળતી હોય તેમાં ધૂમનો ભ્રમ થવાથી કાર્ય-ધૂમલિંગથી અગ્નિનું અનુમાન કરે, ત્યારે અગ્નિ જોવા મળતો નથી એમ કાર્યલિંગમાં પણ વ્યભિચાર તો છે જ ને.

બૌદ્ધ →આવું ન કહેવું કા.કે. ત્યાંતો બાષ્પઆદિ અગ્નિના કાર્ય છે જ નહીં. તેનું કારણ એ છે કે બાષ્પતો ઉષ્માનું કાર્ય છે, એટલે આગ લગાડ્યા પછી પણ પાણીમાં ગરમાશ આવ્યા પછી જ વરાળ નીકળે

१ अविकलकारणम् । २ प्रत्यक्षतः -मुपा० । ३ नावश्यं कारणानि कार्यवन्ति ।

यत् यतो न भवति न तत् तस्य कारणमित्यदोषः। यथैव हि किञ्चित् कारणमुद्दिश्य किञ्चि[1]त्कार्यम्, तथैव किञ्चित् कार्यमुद्दिश्य किञ्चित् कारणम् । यद्वदेवाजनकं प्रति न कार्यत्वम्, तद्वदेवाजन्यं प्रति न कारणत्वमिति नानयोः कश्चिद्विशेषः । अपि च रसादेकसामग्र्यनुमानेन रूपानुमानमिच्छता न्यायवादिनेष्टमेव कारणस्य हेतुत्वम् । यदाह[2]-

"एकसामग्र्य[3]धीनस्य रूपादे रसतो गतिः ।
हेतु[4]र्धर्मानुमानेन धूमेन्धनविकारवत् ॥" [प्रमाणवा० ३.९] इति ।

છે. ઉનાળામાં સૂર્યતાપથી પાણી વરાળ બની ઉપર જાય છે. પણ કાંઈ સૂર્યતાપથી તપેલા લાકડામાંથી ધૂમ થોડોક નીકળે ! એટલે ધૂમ ગરમાશ-ઉષ્માનું કાર્ય નથી, માટે તે ભ્રાંતધૂમસ્વરૂપકાર્ય ઉષ્માનું અનુમાન ન કરાવે તેમાં દોષ છે નહીં. અને વાસ્તવમાં ત્યાં બાષ્પ છે, એટલે અહીં વહ્નિનું અનુમાન ન થાય, અથવા કરવામાં આવે તો ખોટું પડે તેમાં દોષ નથી. (કા.કે. બાષ્પતો વહ્નિનું કાર્ય છે જ નહીં) એટલે વ્યભિચાર શેનો ? જે કારણથી જન્ય એવું સત્ય કાર્ય રહ્યું હોય અને તે કાર્યથી કારણનું અનુમાન કરતા કારણની પ્રાપ્તિ- ઉપલબ્ધિ ન થાય તો વ્યભિચાર આવ્યો કહેવાય. એટલે કાર્યથી કારણનું અનુમાન તો કરી શકાયછે.

સમાધાન : ભોળાભાઈ ? આ તર્ક તો કારણ હેતુમાં પણ લગાડી શકાયછે. જે કાર્ય જે કારણના હોવા છતાં ન થાય તે વાસ્તવમાં તેનું=તે કાર્યનું કારણ જ નથી કહેવાતુ. એટલે અમારે પણ વ્યભિચાર નથી. જેમ કોઈક કારણને પ્રતિ જ કોઈ કાર્ય હોય છે તેમ કોઈક કાર્યને પ્રતિ કોઈક કારણ હોય છે. જેમ ધૂમ વહ્નિના પ્રત્યે કાર્ય છે કા.કે. તે તેનો જનક છે, ધૂમ ઉપલાદિની અપેક્ષાએ કાર્ય નથી, કારણ કે તે ઉપલાદિ તેના- ધૂમના અજનક છે, જેમ જે જેનો જનક નથી તેની પ્રત્યે તે કાર્ય નથી. તેની જેમ જે જેનાથી જન્ય નથી તેવા અજન્યને પ્રત્યે તે કારણ નથી. આમ બન્નેમાં કાર્ય હેતુ અને કારણ હેતુમાં કોઈ ફેર નથી. ભાવ સંયમ વિના મુક્તિ થતી જ નથી માટે ભાવસંયમ એ કારણ અને એનું મુક્તિ કાર્ય કહેવાય છે. માટે અહી "अयं मुक्तिगामी भावसंयमवत्त्वात्" આ કારણલિંગક અનુમાન કરી શકાય છે .

વળી બૌદ્ધ વર્તમાનકાલીન રસથી તેની ઉત્પાદક સામગ્રીનું અનુમાન કરે છે. એટલે પૂર્વક્ષણવર્તીરસ રસ પ્રત્યે ઉપાદાન કારણ અને રૂપાદિની પ્રત્યે સહકારી કારણ બની રસને પેદા કરે. આ બધાનું એકઠુ થવું તે સામગ્રી કહેવાય છે, અહીં વર્તમાન રસાદિથી પૂર્વક્ષણવર્તી રસરૂપાદિનું—સામગ્રીનું અનુમાન કર્યું એટલે હવે રૂપમાટે પણ આની આજ સામગ્રી ઉપયોગી બને છે. તેનાથી તેઓ (બૌદ્ધો) અનુમાન કરે છે કે જે સામગ્રીથી રસ પેદા થયો છે તેજ સામગ્રીથી આ કેરીનું રૂપ પેદા થયેલું છે, માટે રસ આટલો મીઠો હોય તો કેરીનો વર્ણ પણ આવો પીળો હોવો જોઈએ. તેમ એટલે અનુમિત રૂપ સામગ્રી (કારણ)થી જ વર્તમાનરૂપ-કાર્યનું અનુમાન થયું ને ! રૂપ રૂપને પ્રત્યે ઉપાદાનકારણબની રૂપનેપણ પેદા કરશે જ; આ કારણથી કાર્યનું અનુમાન થયું કે બીજું કાંઇ ?

કહ્યું પણ છે કે→એક સામગ્રીને આધીન હોય એવા રૂપાદિનું રસથી જ્ઞાન થાય છે. તે હેતુનાં ધર્મનાં અનુમાનથી થાય છે. એટલે કે વર્તમાનરસનો હેતુ પૂર્વક્ષણનો રસ અને તેવા હેતુનો ધર્મ છે=રસસહકારી-

१ कार्यं गमकं । २ यदाहुः -ता० । ३ यथा धूमादग्निर्ज्ञायते तथाग्निरिन्धन(?)विकारकर्ता दाहकोऽपि ज्ञायते । अयं रसो विशिष्टसामग्रीवा(मा)न् वैशिष्ट्यस्यान्यथानुपपत्तेरिति कारणा(कार्या) द्विशिष्टसामग्रीज्ञानं तस्माच्च रूपादिजनकत्वज्ञानम् । ४ हेतुः कारणं तस्य धर्मो रूपादिजनकत्वं तस्यानुमानं तस्य लिङ्गात् परिच्छेदः ।

§ ૪૩. न च वयमपि यस्य कस्यचित् कारणस्य हेतुत्वं ब्रूमः । अपि तु यस्य न मन्त्रादिना शक्तिप्रतिबन्धो न वा कारणान्तरवैकल्यम् । तत्तत्कुतो विज्ञायत इति चेत्, अस्ति तावद्विगुणादितरस्य विशेषः । तत्परिज्ञानं तु प्रायः पांशुरपादानामप्यस्ति । यदाहुः-

"गम्भीरगर्जितारम्भनिर्भिन्नगिरिगह्वराः ।
त्वङ्क्तडिल्लतासङ्गपिशङ्गोत्तुङ्गविग्रहः ॥" [न्यायम० पृ० १२९]
"रोलम्बगवलव्यालतमालमलिनत्विषः ।
वृष्टिं व्यभिचरन्तीह नैवंप्रायाः पयोमुचः ॥" [न्यायम० पृ० १२६] इति ।

§ ४४. 'कार्यम्' यथा वृष्टौ विशिष्टनदीपूरः, कृशानौ धूमः, चैतन्ये प्राणादिः । पूरस्य वैशिष्ट्यं कथं विज्ञायत इति चेत्, उक्तमत्र नैयायिकैः । यदाहुः-

"आवर्तवर्तनाशालिविशालकलुषोदकः ।

રૂપજનકત્વં, હવે પહેલા રસથી (રસ) હેતુધર્મનું અનુમાન કરે છે જે રૂપનું કારણ છે અને પછી તે કારણથી વર્તમાન રૂપ-કાર્યનું અનુમાન (જ્ઞાન-ગતિ) થાય છે. એટલે સીધે સીધુ રસથી રૂપનું અનુમાન નથી થતું, જે ધૂમનો હેતુ અગ્નિ છે, તેનો ધર્મ છે ઈંધનવિકારજનકત્વં તે ધર્મનું અનુમાન કરવા દ્વારા ઈંધનવિકારનો બોધ થાય છે, તેને જ આપણે કહીએ કે ધૂમથી ઈંધનવિકારની ગતિ = જ્ઞાન થયું. જેમ આપણે પહેલાં ધૂમથી અગ્નિનું અનુમાન કર્યું,તે અગ્નિજ્ઞાનથી પછી આપણને તેના ધર્મનો ખ્યાલ આવે છે કે આગ લાગે તો ધૂમાડો નીકળે તેમ ઈંધનમાં વિકાર પેદા થાય છે. માટે અહીં લાકડા વગેરે બળીને કાલાં પડેલા હોવા જોઈએ, એવું અનુમાન કરી જ શકાય. કારણ કે ધૂમ અને ઈંધન વિકાર બન્ને આગને જ આધીન છે, આ ઈંધન વિકારનું અનુમાન તો અગ્નિ નામના કારણથી કર્યુંને.

૪૩. જૈના : અમે પણ ગમે તે કારણને હેતુ નથી કહેતા, પરંતુ જેની શક્તિનો મન્ત્ર ઔષધ વગેરેથી પ્રતિબંધ ન થયો હોય અને બીજા સહકારી કારણોની ઉણપ ન હોય તેવા કારણને જ હેતુ કહીએ છીએ.

શંકાકાર : પણ આ ખબર શી રીતે પડે કે કારણનું સામર્થ્ય કોઈથી પ્રતિબંધિત નથી અને સંપૂર્ણ સહકારી કારણથી યુક્ત છે ?

સમાધાન : અરે ભાઈ ! વિગુણ કારણ કરતા સગુણ કારણમાં ફેર હોય છે, તેનું જ્ઞાન તો ધૂળ રમતા છોકરાને અજ્ઞાનહાલિકને–ગમાર ખેડૂતને પણ હોય છે.

કહ્યું પણ છે કે→ગંભીર ગર્જનાથી પર્વતની ઉંડી ગુફાઓને ભેદી નાંખતા, ચકમક થતી વિજળી સાથમાં હોવાથી પીળુ પડી ગયેલ શરીરવાળા અને ઉંચા રહેલાં, ભ્રમર, જંગલી પાડો અને સાપ અને તમાલવૃક્ષ જેવા કાળા વર્ણવાળા વાંદળાં ઘણું કરીને વરસાદના વ્યભિચારી નથી હોતા.

૪૪ કાર્ય હેતુ જેમ કે → વરસાદનું અનુમાન કરવામાં નદીનું ખાસ પ્રકારનું પૂર, અગ્નિનું અનુમાન કરવા ધૂમ, ચૈતન્યના અસ્તિત્વનું અનુમાન કરવામાં પ્રાણાદિ હેતુકાર્ય હેતુ છે.

શંકાકાર : પૂરની વિશિષ્ટતા કેવી રીતે જણાય ?

---

૧ सहकारिकारणम् । २ साकल्यमप्रतिबद्धस्वभावश्च । ३ हलधरादीनामपि । ४ प्राणादि पू० ता० । ५ कथं ज्ञाय० डे० । ६ यदाह -ता० ।

कल्लोलविकटास्फालस्फु[1]टफेनच्छटाङ्कितः ॥
वहद्बहलशेवालफलशाद्व[2]लसङ्कुलः ।
नदीपूरविशेषोऽपि शक्य[3]ते न न वेदितुम् ॥" [न्यायम० पृ० १३०]

इति धूमप्राणादीनामपि कार्यत्वनिश्चियो न दुष्करः । यदाहु[4]:-

"कार्यं धूमो हुतभुजः [5]कार्यधर्मानुवृत्तितः ।
स भवंस्तदभावेऽपि हेतुमत्तां विलङ्घयेत् ॥" [प्रमाणवा० ३.३४]

§ ४५. कारणाभावेऽपि कार्यस्य भावे अहेतु[6]त्वमन्य[7]हेतुत्वं वा भवेत् । अहेतुत्वे सदा सत्वमसत्त्वं [8]वा भवेत् । अन्यहेतुत्वे दृष्टादन्यतोऽपि भवतो न दृष्टजन्यता अन्याभावेऽपि दृष्टाद्भवतो नान्यहेतुकत्वमित्यहेतुकतैव स्यात् । तत्र चोक्तम्-"यस्त्वन्यतोऽपि भवन्नुपलब्धो न तस्य धूमत्वं हेतुभेदात् । कारणं च वह्निर्धूमस्य इत्युक्तम् ।"

अपि च- "अग्निस्वभावः शक्रस्य मू[9]र्द्धा यद्यग्निरेव सः ।
अथानग्निस्वभावोऽसौ धूमस्तत्र कथं भवेत् ॥" [प्रमाणवा ० ३.३७] इति ।

સમાધાન : નૈયાયિકોએ આ બાબતમાં એમ કહ્યું છે કે... નદીનું પાણી ઘુમરીઓવાળુ, વિશાળ અને મેલું ઘણા કચરા વાળું હોય, તરંગોની જબરજસ્ત ટક્કરથી જેમાં ફીણ સ્પષ્ટ દેખાતું હોય, પુષ્કળ વહેતી શેવાળ, ફલો અને ઘાસથી છવાઈ ગયું હોય તો તે નદી પૂરની વિશેષતા છે. તે ન જાણી શકાય એમ નથી. (ન્યાય મે. પૃ.૧૩૦)

આમ ધૂમ અને પ્રાણાદિને અગ્નિ અને ચૈતન્યના કાર્ય તરીકે જાણવા મુશ્કેલ નથી. કહ્યું પણ છે કે →

ધૂમ અગ્નિનું કાર્ય છે. કારણ કે તેમાં કાર્યધર્મ="કારણ હોય તો હોવું, કારણના અભાવમાં ન હોવું" તેની અનુવૃત્તિ છે, એટલે કે અગ્નિ હોય તો જ ધૂમ હોય છે, તેનાં અભાવમાં નથી હોતો. જો અગ્નિનાં અભાવમાં ધૂમ હોય તો હેતુમત્તાનું=અગ્નિકાર્યત્વનું ઉલ્લંઘન થાય. (પ્રમાણ વા. ૧.૩૫) એટલે કે ધૂમ અગ્નિનું કાર્ય છે અને તેનો અગ્નિ હેતુ છે આ પ્રસિદ્ધ વાતજ અલોપ થઈ જાય.

૪૫. કારણનાં અભાવમાં પણ જો કાર્ય હોય તો તે અહેતુ=નિર્હેતુક કે અન્ય હેતુક સમજવું. નિર્હેતુક હોય તો તેની હંમેશા સત્તા હોય અથવા હંમેશા અસત્તાજ હોય. જો તે અન્ય હેતુક હોય તો દૃષ્ટ કારણથી અન્યબીજા કોઈ કારણથી પણ થનારું હોય તો તે દૃષ્ટજન્ય નહીં બને. એટલે દૃષ્ટ કારણ જે અગ્નિ છે, તેનાથી અન્ય કોઈ કારણથી ધૂમ પેદા થાય છે. એટલે જે સ્થાને ધૂમ ઉત્પન્ન થઈ રહ્યો છે, ત્યાં દૃષ્ટકારણ તો અગ્નિ છે, તેને તો તમે કારણ માનતાથી, તેનાથી અન્ય બીજુ કોઈ દૃષ્ટકારણ ત્યાં હાજર નથી કે જે ધૂમને પેદા કરે, માટે તમારે કોઈ અદૃષ્ટકારણ માનવું પડશે. એમ માનવાથી ધૂમ દૃષ્ટકારણથી જન્ય ન બન્યો એટલે તેમાં દૃષ્ટજન્યતા રહેશે નહી. અન્ય કારણના અભાવમાં પણ દૃષ્ટકારણથી ઉત્પન્ન થનારૂં હોય તો તે અન્ય હેતુક નહીં કહેવાય. દૃષ્ટ-નજરે જોવાતો અગ્નિ તો તેનો હેતુ નથી, તો બીજું કોઈ દૃષ્ટકારણ તો નિયત ન હોવાથી [એટલે ક્યારેક ધૂમ વનમાં થાય તો ક્યારેક પહાડમાં તો, ક્યારેક ગાડીના એન્જિનમાં એમ અગ્નિ સિવાયના દેશાદિ કારણતો નિયત નથી. જેમ જે કોઈ વ્યક્તિ સામે કોઈ શ્રોતા હોય તો બોલે અને ન હોય તો પણ બોલે એટલે તે વગર કારણે બોલનારો મનાય છે. (તેની પાગલમાં ગણતરી થાય છે.) એમ અનિયત હેતુક હોવાથી] તેને નિર્હેતુક જ માનવું પડશે.

---

૧ -०स्फुटः फेन०- डे० । २ शाड्वल -डे० । ३ शक्यते न निवे० डे० । ४ यदाह-ता ०। ५ कार्यधर्मः कारणे सति भवनम्, कारणाऽभावे वाऽभवनम्। ६ अहेतुकत्वम् । ७ अग्नेरन्यो हेतुरस्य । ८ वा अन्य डे० । वा भावयेत् अन्य ० -मुपा० । ९ वल्मीकस्य ।

§ ૪૬. तथा चेतनां विनानुपपद्यमानः कार्यं प्राणादिरनुमापयति तां श्रावणत्वमिवानित्यताम्, विपर्यये बाधकवशात्सत्त्वस्येवास्यापि व्याप्तिसिद्धेरित्युक्तप्रायम् । तन्न प्राणादिरसाधारणोऽपि चेतनां व्यभिचरति ।

§ ૪૭. किञ्च, नान्वयो हेतो रूपं तदभावे हेत्वाभासाभावात् । विपक्ष एव सन् विरुद्धः, विप[1]क्षेऽपिअनैकान्तिकः, सर्वज्ञत्वे साध्ये वक्तृत्वस्यापि व्यतिरेकाभाव एव हेत्वाभासत्वे निमित्तम्, नान्वयसन्देह इति न्यायवादिनापि व्यतिरेकाभावादेव हेत्वाभासावुक्तौ । असाधारणोऽपि यदि साध्याभावेऽसन्निति निश्चीयेत तदा प्रकारान्तराभावात्साध्यमुपस्थापयन्नानैकान्तिकः स्यात् ।

એ બાબતમાં કહ્યું પણ છે કે—"જે અન્ય કારણથી પણ ઉત્પન્ન થતું દેખાતું હોય તે વસ્તુતઃ ધૂમ નથી કારણ કે તેનો (ધૂમનો) હેતુ તો ભિન્ન છે, ધૂમનું કારણ તો અગ્નિ જ છે."

વળી એમ પણ કહ્યું છે કે જો વલ્મીક—કીડીયારું-રાફડો અગ્નિ સ્વભાવવાળો છે તો તે પણ અગ્નિ જ છે; જો તે અગ્નિસ્વભાવવાળો ન હોય તો ત્યાં ધૂમ ક્યાંથી હોય ? (પ્ર.વા.)

૪૬. તથા ચેતના વિના બંધ ન બેસી શકનારૂં=પ્રાણાદિ શ્વાસોશ્વાસાદિ કાર્ય તાં = ચેતનાનું અનુમાન કરાવે છે. જેમ શ્રાવણત્વ અનિત્યતાનું અનુમાન કરાવે છે. તેમ "આત્મા અચૈતન્યઃ પ્રાણાદિમત્ત્વાત્-"આવાં વિપર્યયમાં—આત્મામાં અચૈતન્ય સ્વસંવેદનપ્રત્યક્ષથી બાધિત છે. શબ્દો નિત્યઃ શ્રાવણત્વાત્ એમ શબ્દમાં શ્રવણ ગોચરતા ઉભી થાય તેમાં અવસ્થાન્તર થવાથી નિત્યતાનો બાધ થાય છે. માટે શ્રાવણત્વ તે અનિત્યત્વનો ગમક બની શકે છે, જેમ શ્રાવણત્વ અનિત્યત્વ વિના ઘટી શકતું નથી. વળી બૌદ્ધમતે સત્ત્વ ક્ષણિકત્વ વિના ઘટી શકતું નથી, માટે સત્ત્વ હેતુથી ક્ષણિકત્વની સિદ્ધિ થાય છે, તેમ પ્રાણાદિમત્ત્વ-પ્રાણાદિવાળા આત્મામાં અચૈતન્યનો બાધ હોવાથી ચૈતન્યનો ગમક બને છે. એટલે પ્રાણાદિમત્ત્વની ચેતના સાથે વ્યાપ્તિ સિદ્ધ થતી હોવાથી આવું પહેલા કહી દીધું છે. તેથી સત્ત્વહેતુની જેમ અસાધારણ—સપક્ષ સત્ત્વ ન હોવા છતાં પ્રાણાદિમત્ત્વ હેતુ ચેતનાનો વ્યભિચારી નથી બનતો.

૪૭. વળી અન્વય હેતુનું સ્વરૂપ નથી. કારણ અન્વયનાં અભાવમાં કોઈ હેતુ હેત્વાભાસ રૂપ નથી બનતો. જે હેતુ વિપક્ષમાં રહે તે વિરૂદ્ધ હેતુ, જે વિપક્ષ અને સપક્ષમાં પણ રહે તે અનૈકાન્તિક વ્યભિચારી. સર્વજ્ઞત્વ સિદ્ધ કરવાનું હોય ત્યારે વક્તૃત્વ હેતુ જે હેત્વાભાસ બને છે, તેનું કારણ વ્યતિરેક અભાવ છે, વિપક્ષ = સર્વજ્ઞાભાવ—આપણા જેવામાં છે, ત્યાં વક્તૃત્વાભાવ નથી. આપણે સર્વજ્ઞ તો નથી પણ બોલીએ તો છીએ. જો અસર્વજ્ઞ એવા આપણામાંથી કોઈ બોલતું ન હોત તો વક્તૃત્વ દ્વારા સર્વજ્ઞની સિદ્ધિ થાત. અન્વયમાં સંદેહ તેનું નિમિત્ત નથી. ન્યાયવાદિ ધર્મકીર્તિએ પણ વ્યતિરેકનાં અભાવથી જ હેત્વાભાસ કહ્યા છે. અસાધારણ હેતુ પણ સાધ્યાભાવમાં નથી એવો નિશ્ચય થઈ જાય ત્યારે બીજો પ્રકાર ન સંભવતો હોવાથી સાધ્યને ખરું કરતો હેતુ અનૈકાન્તિક બનતો નથી. પ્રાણાદિમત્ત્વ દુનિયામાં સત્ રૂપે અનુભવાય છે અને તે સાધ્યાભાવમાં-જડમાં રહેતો નથી એ તો નિશ્ચિત છે, ત્યારે સાધ્યવાન્ પક્ષ સિવાય પોતાને રહેવાનું બીજુ કોઈ સ્થાન જ નથી એટલે સદ્ પદાર્થ કાં તો સાધ્યાભાવના અધિકરણમાં રહે, કાં તો સાધ્યના અધિકરણમાં રહે તે સિવાયનો અન્ય કોઈ

१ न केवलं सपक्षे किन्तु विपक्षेऽपि ।

अपि च यद्यन्वयो रूपं स्यात् तदा यथा विपक्षैकदेशवृत्तेः कथञ्चिदव्यतिरेकादगमकत्वम्, एवं सपक्षैकदेशवृत्तेरपि स्यात् कथञ्चिदनन्वयात् । यदाह-

"रूपं यद्यन्वयो हेतोर्व्यतिरेकवदिष्यते ।
स स[1]पक्षोभयो न स्यादसपक्षोभयो यथा ॥"

सपक्ष एव सत्त्वमन्वयो न सपक्षे सत्त्वमेवेति चेत्, अस्तु, स तु व्यतिरेक एवेत्यस्मन्मतमेवाङ्गिकृतं स्यात् । वयमपि हि प्रत्यपीपदाम अन्यथानुपपत्त्येकलक्षणो हेतुरिति ।

§ ४८. तथा, एकस्मिन्नर्थे दृष्टेऽदृष्टे वा समवाय्या[2]श्रितं साधनं साध्येन । तच्चैका[3]र्थसमवायित्वम् एकफलादि[4]गतयो रूपरसयोः, शटकोदय-कृत्तिकोदययोः, चन्द्रोदय-समुद्रवृद्धयोः, वृष्टि-साण्डपिपी

પ્રકારનો સંભવ ન હોવાથી સાધ્યાભાવમાં ન રહેનાર તે સહજ રીતે-ઓટોમેટિક-પોતાની મેળે જ સાધ્યને ઉપસ્થાપિત કરે જ છે. એથી એની જ્યાં હયાતી હશે ત્યાં અવશ્ય સાધ્ય હશે. એટલે કે "પ્રાણાદિ એ અચૈતન્ય ઘટાદિમાં તો નથી જ," આવો નિશ્ચય હોવાથી જ્યાં પ્રાણાદિ હશે ત્યાં ચૈતન્ય અવશ્ય હોવાનું, ભલે પછી તેનો સપક્ષ ન મળે. અને વળી જો અન્વયને હેતુનું સ્વરૂપ માનીએ તો જેમ વિપક્ષનાં એકદેશમાં રહેવાથી અમુક અંશમાં વિપક્ષાસત્ત્વ ન ઘટવાથી કથંચિત્ વ્યતિરેક ન મળવાથી હેતુ અગમક બને છે. તેમ સપક્ષના એક દેશમાં રહેનારો હેતુપણ અગમક બની જશે. કારણ ત્યાં પણ અમુક અંશે સપક્ષ સત્ત્વ નથી મળતું. મળતો નથી માટે કથંચિત્ અન્વય (જેમ કે, "अयं अभव्यः संयमरहितत्वात्" અહિં વિપક્ષ = ભવ્ય તેનો એકદેશ અસંયમી ભવ્ય આત્મા છે, તેમાં આ હેતુ રહેતો હોવાથી અભવ્યનો ગમક ના બને. તેમ "अयं भव्यः सम्यक्त्ववत्त्वात्" સપક્ષ ભવ્યનો એક દેશ મિથ્યાત્વી ભવ્ય તો છે, ત્યાં હેતુ નથી રહેતો, પરંતુ સમ્યગ્દૃષ્ટી ભવ્યમાં = સપક્ષના એક દેશમાં હેતુ રહે છે. તો શું સમ્યક્ત્વવત્ત્વ હેતુને અગમક મનાય ખરો ? જે સમકિતી હોય તે તો અવશ્ય ભવ્ય હોય જ છે. માટે વાસ્તવમાં તે ગમક છે. કા. કે. વિપક્ષમાં—અભવ્યમાં સર્વથા નથી રહેતો.

કહ્યું પણ છે→વિપક્ષઅસત્ત્વ = વ્યતિરેકની જેમ અન્વય=સપક્ષ સત્ત્વને પણ હેતુનું સ્વરૂપ માનવામાં આવે તો સપક્ષમાં ઉભયત્વ=સત્ત્વ અસત્ત્વ હોય તે હેતુ નહીં બને, જેમ અસપક્ષ—વિપક્ષમાં ઉભયભાવ-સત્ત્વ અસત્ત્વ ભાવ છે તે હેતુ અગમક હોય છે. દા.ત. વિપક્ષનિર્ધૂમ સ્થાનમાં વહ્નિનું અયોગોલકમાં સત્ત્વ અને હ્રદમાં અસત્ત્વ બન્ને છે, તો તે વહ્નિહેતુ ધૂમનો ગમક નથી બનતો.

શંકાકાર : સપક્ષ તરીકે જ રહેવું તેનું નામ અન્વય, સપક્ષમાં રહેવું જ એવું અન્વય સ્વરૂપ નથી. એટલે હેતુનું રહેઠાણ સપક્ષ હોવું જોઈએ પણ હેતુનું સપક્ષમાં હોવું જરૂરી નથી પણ તે વિપક્ષમાં ન હોવો જોઈએ.

સમાધાન : અલ્યાભગાભાઈ ! આ તો વ્યતિરેક જ થયો, એટલે આમ તો અમારો મત જ તમે અંગીકાર કર્યો કહેવાય. અમે પણ અન્યથા-સાધ્ય ન હોય ત્યાં (વિપક્ષમાં) અનુપપત્તિ = હેતુનું ન રહેવુ આ એક લક્ષણવાળો જ હેતુ હોય છે, એવું પ્રતિપાદન કરવા માગીએ છીએ.

૪૮. એકાર્થ સમ[1]વાયિ : દૃષ્ટ કે અદૃષ્ટ એવાં એક પદાર્થમાં સમવાય સંબંધથી સાધ્યની સાથે સાધનનું રહેવું તે, તે એકાર્થ સમવાયિ એક ફળમાં રહેલ રૂપ અને રસમાં,[1] શકટ નક્ષત્ર અને કૃતિકા નક્ષત્ર ઉદયમાં,

---

१ सपक्षे उभयं सत्त्वसमसत्त्वं वा यस्य । २ समवायाश्रितम्-ता० । ३ इदं फलं विशिष्टरूपवत् विशिष्टरसवत्त्वात् । इदं नभःखण्डं भाविशकटोदयं कृत्तिकोदयवत्त्वात् । अयं कालः समुद्रवृद्धिमान् चन्द्रोदयवत्त्वात् । एवम् अग्रेऽपि कालो धर्मी । ४-०गतरुप०-डे० ।

---

१ એકાર્થ સમવાયીનો શું અર્થ કરવો ?

लिकाक्षोभयोः नागवल्लीदाह-पत्रकोथयोः । तत्र 'एकार्थसमवायी' रसो रूपस्य, रूपं वा रसस्य, नहि समानकालभाविनोः कार्यकारणभावः सम्भवति ।

§ ४९. ननु समानकालकार्यजनकं कारणमनुमास्यते इति चेत्, न तर्हि कार्यमनुमितं स्यात् ।

ચંદ્રોદય અને સમુદ્રની ભરતીમાં, વૃષ્ટિ અને ઈંડાની સાથે કીડીયોની હેરફેરમાં તથા નાગવલ્લીદાહ અને પત્રકોથ–પાંદડાના ખળભળાટમાં જાણવો. અહીં રસ એ રૂપનો અથવા રૂપ એ રસનો એકાર્થસમવાયિ છે. કારણ કે સમકાલભાવિ પદાર્થોમાં કાર્યકારણ ભાવ નથી હોતો.

(એટલે પ્રથમ કાર્ય હેતુ (રૂપકાર્ય)થી રૂપકારણનું અનુમાન થશે, પછી તેને સમાનકાલીન રસનું અનુમાન થશે. એમ કારણનું અનુમાન કર્યુ પણ કાર્યનું નહીં. તો અહીં પણ સમાનકાલીન રૂપથી રસનું અનુમાન જ આવ્યુંને.)

એમ એક જ ફળમાં જ્યાં સમવાયસબંધ રૂપનામનો ગુણ રહ્યો છે ત્યાંજ રસપણ સમવાય સંબંધે રહે છે. અહીં આવુ અનુમાન થાય કે "ઈદં ફલં વિશિષ્ટરૂપવત્ વિશિષ્ટરસવત્ત્વાત્" આ ફળ વિશિષ્ટ રૂપવાળું છે, વિશિષ્ટ રસવાળું હોવાથી, અહીં કેરીવિ. ફળમાં જ્યારે રસ પેદા થાય છે, ત્યારે સાથોસાથ રૂપ પણ પેદા થાય છે, બન્નેનો ભિન્ન કાળ નથી માટે રસ કાંઇ રૂપનું કારણ ન બની શકે. "ઈદંનભઃખણ્ડં ભાવિશકટોદયં કૃતિકોદયવત્ત્વાત્" અહીંજે આકાશપ્રદેશમાં સમવાય સંબંધથી કૃતિકા નક્ષત્રનો ઉદય થયો છે ત્યાંજ સમવાયસંબંધથી શકટ[૨] નક્ષત્રનો ઉદય થવાનો છે (માટે બન્નેનું અધિકરણ એક જ છે)

"અયં કાલઃ સમુદ્રવૃદ્ધિમાન્ ચન્દ્રોદયવત્ત્વાત્" જે કાળમાં ચંદ્રનો ઉદય છે તે જ કાળમાં સમુદ્રની વૃદ્ધિ થાય છે, એમ વરસાદ અને નાગવલ્લીદાહ પત્ર-કોથના ક્ષોભમાં પણ કાળને ધર્મી એટલે પક્ષ બનાવવાનો છે. એમ દરેક અનુમાનમાં સાધ્ય અને સાધનનું અધિકરણ એક જ પક્ષ-ધર્મી છે, માટે તે બધા એકાર્થસમવાયી કહેવાય છે. ભલે તે કોઈક દૃષ્ટ હોય જેમકે ફળ, અને નભઃપ્રદેશ અને કાળ અદૃષ્ટ ધર્મી છે.

૪૯. શંકાકાર : જો સમકાલીન કાર્યકારણ હોય તો તે કાર્યનો જનક કોઈ હોવો જોઈએ" એમ કાર્ય પોતાનાં જનક તરીકે કારણનું અનુમાન કરાવશે. જેમ લાઈટ થતાં જ આપણે અનુમાન કરીએ છીએ કે કોઈએ

१ कार्यरूपाद्रूपकारणं ज्ञायते । तच्च कीदृशम् ? । समानकालं यत्कार्यं रसलक्षणं तज्जनकमनुमीयते ।

જે કાળે ચંદ્રોદય થયો છે, તે ઉદય નામની ક્રિયા અને સમુદ્રની વૃદ્ધિ થવા રૂપ ક્રિયા કયાં સંબંધથી રહે ? તે કાળમાં તો કોઈ પણ અનિત્ય પદાર્થ કાલિક વિશેષણતા સંબંધથી રહે છે, સમવાયથી નથી રહેતી ? ઉદય નામની ક્રિયા શકટ નક્ષત્રમાં થઇ છે, તેથી સમવાય સંબંધથી તો શકટ નક્ષત્રમાં રહેશેને. આકાશમાં તો દૈશિક વિશેષણતાં સં.થી રહેશે ને. જેમ પાંદડુ પડે પત્રની પતન ક્રિયાતો સમવાય સંબંધથી તો પત્રમાં રહે છે. માટે એકાર્થ સમવાયનો અર્થ એકસ્મિન્નર્થેદૃષ્ટેડ દૃષ્ટેવા અસમવાય્યાશ્રિતં સમવાય→સમૂહ, સંબંધ (ગુજ. વિનીત જો.કોશ). એક ઠેકાણે એક દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવમાં સારી રીતે કોઈક સંબંધે રહેવું તે, એમ કરીએ તો વાંધો નહી આવે.

૨ રોહિણી નક્ષત્રને શકટ કહેવાય છે, કા.કે. તેનો આકાર શકટ જેવો હોય છે.

ટી-૧ નો તાત્પર્ય →કાર્યસ્વરૂપ રૂપથી રૂપકારણ જણાઇ જશે, તે કેવી રીતે ? સમાનકાળવાળું જેકાર્ય રસસ્વરૂપ છે તેના જનકનું અનુમાન કરાવશે. એમ કહેવું છે કે કાર્યરૂપથી રસજનકનું અનુમાન કરાય છે. જે કાર્યરૂપથી રૂપકારણને ઓળખી આવુંરૂપ હોય ત્યારે આવો રસ હોય છે, માટે પલું કારણ સ્વરૂપ રૂપ આવું હતું માટે રસ પણ અમુક જાતનો હોવો જ જોઈએ, જે વર્તમાન રસનું કારણ છે.

कारणानुमाने सामर्थ्यात् कार्यमनुमितमेव, जन्याभावे जनकत्वाभावादिति चेत्, हन्तैवं कारणं कार्यस्यानुमापकमित्यनिष्टमापद्येत । शकटोदयकृत्तिकोदयादीनां तु यथाऽविनाभावं साध्यसाधनभावः । यदाह-

"एकार्थसमवायस्तु यथा येषां तथैव ते ।
गमका गमकस्तन्न् शकटः कृत्तिकोदितेः ॥"

एवमन्येष्वपि साधनेषु वाच्यम् । ननु कृतकत्वानित्यत्वयोरेकार्थसमवायः कस्मान्नेष्यते ?, न, तयोरेकत्वात्

બટન દબાવ્યું હશે.

સમાધાન : તો પછી કાર્યનું અનુમાન નહીં થાય. આ તો કાર્યના આધારે કારણનું અનુમાન થયું, પણ જે વર્તમાન કાર્યનું અનુમાન કરવાનું હતુ તે તો બાકી રહી ગયું.

શંકાકાર : કારણનું અનુમાન કરી લેવાના સામર્થ્યથી કાર્યનું પણ અનુમાન થઈ જ જશે. કારણ કે જન્ય=કાર્યનાં અભાવમાં જનકનો=કારણનો અભાવ હોય છે. આ ભાઈમાં ભાવસંયમ છે" આવું અનુમાન થતા તેના કાર્યભૂત વિપુલનિર્જરાનું અનુમાન થઈ જ જશે. કા.કે. વિપુલનિર્જરાના અભાવમાં એકલો ભાવસંયમ રહી જ ન શકે, ભાવસંયમ આવતા વિપુલનિર્જરા થયા વગર રહેતી જ નથી. જેમ અપ્રતિબદ્ધ અગ્નિ દાહ કર્યા વગર રહી જ ન શકે, અને કાર્ય=દાહ ન થતો હોય તો સમજવું જોઈએ કે ત્યાં કારણ =આગ નથી. ખાલી માત્ર લાઈટીંગ સાથે પવન દ્વારા પીળું કપડુ ઉછળી રહ્યું છે.

સમાધાન : ત્યારે તો કારણ કાર્યનું અનુમાપક થયુંને, જે તમને ઈષ્ટ નથી. એટલે આપણે અનુમાન કરવું હતુ સમુદ્રવૃદ્ધિનું, પરંતુ તમે તો તેને કાર્ય તરીકે પકડી તેના જનક તરીકે = કારણ ભૂત ચંદ્રોદયનું અનુમાન કર્યું, પણ જેને સમુદ્રવૃદ્ધિનું અનુમાન કરવુ છે, તે કેવીરીતે થશે ? એટલે એક વ્યક્તિએ આકાશ તરફ નજર કરી અને ચંદ્રોદય જોયો, હવે તે જે સમુદ્રવૃદ્ધિનું અનુમાન કરશે, તે શું ચંદ્રોદયને કારણ માની તેના કાર્યરૂપે સમુદ્રવૃદ્ધિનું અનુમાન કરશે ? આવું તો તમે માની ન શકો, કા.કે. તમે કારણથી કાર્યનું અનુમાન માન્ય કર્યુ નથી. (હવે આ બન્ને વચ્ચે એકાર્થસમવાય માનો તો ચંદ્રોદયથી તરત સમુદ્રવૃદ્ધિનું અનુમાન થઈ જશે તે ઉભયને ઈષ્ટ પડે, કા.કે. અમને કાર્ય-કારણ સમાનકાલીનમાન્ય નથી, તેથી ચંદ્રોદયને કારણમાની અનુમાન ન કરાય. શકટોદય–કૃતિકોદય વગેરેમાં અવિનાભાવના અનુસારે સાધ્ય–સાધન ભાવ બને છે. શકટોદય થાય એની પૂર્વે જ કૃતિકોદય થયેલો જ હોય છે, માટે તેનું તો પ્રત્યક્ષ જ થઈ જાય છે માટે ત્યાં અનુમાન કરવાની જરૂર નથી, માટે ગ્રંથકારે "યથાવિનાભાવ" નો પ્રયોગ કરેલ છે. જે રીતે તેમનો અવિનાભાવ ઘટે તેજ રીતે તેઓ ગમક બને. કહ્યું પણ છે કે.....

જે વસ્તુઓમાં જેવો એકાર્થસમવાય હોય છે તેઓ તેજ રીતે ગમક બને છે. એથી જ શકટોદય કૃત્તિકોદયનો ગમક નથી બનતો. કૃતિકોદય જ ભાવિ શકટોદયનો ગમક હોય છે. આ બાબત બીજા પણ એકાર્થસમવાયિ સાધનમાં સમજી લેવી.

શંકાકાર : કૃતકત્વ(બનેલા હોવું) અને અનિત્યત્વમાં એકાર્થ સમવાય (સંબંધ) કેમ નથી માનતા?

---

१ शकटोदये प्रत्यक्षे सति कृत्तिकोदयस्यापि प्रत्यक्षत्वात् नानुमानतस्तदवगमः ।

। यदाह-

"आद्यन्तापेक्षिणी सत्ता कृतकत्वमनित्यता ।
एकैव हेतुः साध्यं च द्वयं नैकाश्रयं ततः ॥" इति ।

§ ૫૦. स्वभावादीनां चतुर्णां साधनानां विधिसाधनता, निषेधसाधनत्वं तु विरोधिनः । स हि स्वसन्निधानेनेतरस्य प्रतिषेधं साधयति अन्यथा विरोधासिद्धेः ।

સમાધાન : નથી માનતા, કા.કે. તે તો બન્ને એક જ છે. કહ્યું પણ છે...

આદિ અને અંતની અપેક્ષા રાખનારી સત્તા કૃતકત્વ છે અને તેજ અનિત્યતા છે, એટલે તેજ હેતુ છે, અને તેજ સાધ્ય છે. [જે કોઈ કાર્ય કરાય તેની આદિ હોય છે અને અંત પણ થાય છે, માટે તેનું અસ્તિત્વ=સત્તા આદિ– અંતવાળુ છે. સત્તા મેળવવા માટે શરૂઆતની અપેક્ષા રાખવી પડે છે. અને એ સત્તાને અંતમાં ખોવાઈ જવાનું માથે લખાયેલું જ છે, તે પદાર્થ કૃતક છે.અને આદિ અને અંત હોય તેને જ તો અનિત્ય કહેવાય છે.] એથી જ તે બન્ને એકાર્થસમવાયિ નથી. રૂપ-રસ બન્ને એકમાં છે ખરા, પણ બન્નેનું સ્વરૂપ ભિન્ન છે. જ્યારે અનિત્યવિશેષ જ કૃતક છે. જેમ વૃક્ષત્વ-શિંશપાત્વ બન્ને એકમાં હોવા છતાં ત્યાં વૃક્ષવિશેષ શિંશપા છે. તે વૃક્ષથી અલગ નથી માટે ત્યાં વ્યાપ્ય-વ્યાપક દ્વારા અનુમાન થાય. એકાર્થસમવાયથી નહીં.

૫૦ સ્વભાવ આદિ ચાર હેતુ વિધિ સાધક છે. પરંતુ વિરોધી હેતુ નિષેધનું સાધક છે.

[દાખલો આપીને વિધિ અને નિષેધના સાધક હેતુ સમજાવશો.

સ્વભાવ હેતુ ૧→ શબ્દ અનિત્ય છે, શ્રવણગ્રાહ્ય હોવાથી, અહીં શ્રાવણ એ શબ્દનો સ્વભાવ છે તેના દ્વારા અનિત્યનું વિધાન કરાયું છે.

કારણ હેતુ ૨→ "અહીં લાકડા વિ. બળી ગયા હશે, આગ લાગેલી હોવાથી" અહીં આગ જે કાષ્ઠવિકારનું કારણ છે, એનાથી કાષ્ઠ વિકારનું વિધાન થયું.

કાર્ય હેતુ ૩→"મરુદેવા ભાવસંયમવાળા હતા મોક્ષમાં જવાથી," મોક્ષ એ ભાવસંયમનું કાર્ય છે, આનાથી ભાવસંયમનું વિધાન થયું.

એકાર્થ સમવાયિ ૪→ "આ કેરીનો રસ આવો છે, આવું વિશિષ્ટ રૂપહોવાથી," એકાર્થ સમવાયિ રૂપ દ્વારા કેરીના વિશિષ્ટ રસનું વિધાન કરાયું.

વિરોધી ૫→ "આ અભવ્ય નથી, ભવ્ય અભવ્યની શંકાવાળો હોવાથી, ભવ્યાભવ્યની શંકા એ અભવ્યનો વિરોધી છે, કારણ કે તેને આવી શંકા ક્યારેય થતી નથી. આ વિરોધી હેતુથી અભવ્યનો નિષેધ કરાયો.] એમ તે વિરોધી હેતુ ખરેખર પોતાના સંનિધાનથી ઇતરનો નિષેધ સિદ્ધ કરે છે, અન્યથા વિરોધ જ સિદ્ધ નહીં થાય. ભવ્યાભવ્યશંકા એ હેતુ ભવ્યનું વિધાન કરે છે, તેમ ઇતર અભવ્યનો નિષેધ કરે છે. જો તે ઇતરનો નિષેધ ન કરે તો પછી વિરોધ જ શું રહ્યો. સહાનવસ્થાન એટલે બેનું એક સાથે ન રહેવું તે વિરોધ, એટલે એક હોય તો અન્યનો નિષેધ થાય જ, હવે જો તે અન્યને પોતાની પાસે બેસવા દે તો વિરોધ કયાં રહ્યો ?

§ ૫૧. 'च'शब्दो यत एते स्वभावकारणकार्यव्या[1]पका अन्यथानुपपन्नाः स्वसाध्यमुपस्थापयन्ति तत[2] एव तदभावे स्वयं न भवन्ति, तेषामनुपलब्धिरप्यभावसाधनीत्याह । तत्र स्वभावानुपलब्धिर्यथा नात्र घटः, द्रष्टुं योग्यस्यानुपलब्धेः । कारणानुपलब्धिर्यथा नात्र धूमोऽग्न्यभावात् । कार्यानुपलब्धिर्यथा नात्राप्रतिबद्धसामर्थ्यानि धूमकारणानि सन्ति धू[3]माभावात् । व्यापकानुपलब्धिर्यथा नात्र शिंशपा वृक्षाभावात्।

§ ૫૨. विरोधि तु प्रतिषेध्यस्य तत्कार्यकारणव्यापकानां च विरुद्धं विरुद्धका[4]र्यं च । यथा न शीतस्पर्शः, नाप्रतिबद्धसामर्थ्यानि शीतकारणानि, न रोमहर्षविशेषाः, न तुषारस्पर्शः, अग्नेर्धूमाद्वेति प्रयोगनानात्वमिति ॥१२॥

૫૧. સૂત્રમાં ચ-શબ્દ વિશેષ અર્થનો દ્યોતક છે, તે જણાવે છે કે સ્વભાવ, કારણ, કાર્ય અને વ્યાપક, એકાર્થ સમવાયિ આ પાંચેમાં અવિનાભાવ રહેલો છે. જેમકે (૧) અનિત્ય વિના શ્રાવણત્વ સંભવે જ નહીં, (૨) કાષ્ઠાદિમાં વિકાર ન થાય અને આગ હોય એવું બની જ ન શકે. કારણ કે અગ્નિ એક એવો પદાર્થ છે કે તે (કોઈના વિકારથી જ પેદા થાય છે) દાહ્ય એવી સ્વાશ્રિત વસ્તુનો અવશ્ય વિકાર કરે જ છે. (૩) ભાવ સંયમ વિના કોઈની પણ મુક્તિ સંભવિત નથી, (૪) અમુક રસ ન હોય તો અમુક જાતનો વર્ણ કેરીમાં આવી જ ન શકે. (૫) અભવ્ય હોય તો આવી શંકા જ ન હોય. આમ આ બધા અન્યથાનુપપન્ન હોઈ સ્વ સાધ્યનાં ગમક બને છે, અને સ્વસાધ્યને ઉપસ્થાપિત- પ્રતિષ્ઠિત કરે છે. તેજ કારણે=અન્યથાનુપપન્ન હોવાથી જ સાધ્યના અભાવમાં તે હેતુઓ પોતે હયાતિ ધરાવતા નથી. એટલે જ તેમની (સ્વભાવાદિ હેતુઓની) અનુપલબ્ધિ પણ સાધ્યના અભાવને સિદ્ધ કરનારી બને છે.

જેમકે (૧) **સ્વભાવાનુપલબ્ધિ** અહીં ઘટ નથી, દેખવા લાયક હોવા છતાં દેખાતો ન હોવાથી. ઘટનો સ્વભાવ ચક્ષુગ્રાહ્યત્વ છે, તે સ્વભાવની અહીં અનુપલબ્ધિ થવાથી ઘટનો અભાવ સિદ્ધ થયો.

(૨) **કારણાનુપલબ્ધિ**→ દૂરથી ધુમાડાના ગોટા જેવું આકાશમાં દેખાયું ત્યારે તે ક્ષેત્રની નજીક જઈ નીચે જોતા અગ્નિનું નામ નિશાન ન હતું, ત્યારે તરત જ કહેશે કે અહીં ધૂમ નથી અગ્નિનો અભાવ હોવાથી અગ્નિ ધૂમનું કારણ છે, તેની અહીં અનુપલબ્ધિ છે.

(૩) **કાર્યાનુપલબ્ધિ**→અપ્રતિબદ્ધ સામર્થ્યવાળા ધૂમના કારણ નથી, કારણ કે અહીં કાર્યભૂત ધૂમ નથી.

(૪) **વ્યાપકાનુપલબ્ધિ**→દૂરથી લીલા પાંદડા દેખાતા અહીં સાલનું ઝાડ હોવું જોઈએ, નજીક જઈને જોતા ત્યાં માત્ર લતાઓ પથરાયેલી હતી તો તરત કહેશે કે અહીં શિંશપા નથી વૃક્ષ ન હોવાથી—વ્યાપક એવાં વૃક્ષ માત્રની અનુપલબ્ધિ છે.

૫૨.→વિરોધી હેતુ અને વિરુદ્ધ હેતુનું કાર્ય પ્રતિષેધ્ય અને પ્રતિષેધ્યનાં કાર્ય, કારણ અને વ્યાપકનો વિરોધી હોય છે

१ एकार्थसमवायिनो व्यापका इति । २ अन्यथानुपपन्नत्वादेव । ३ धूमाभावाद्वा व्या०-ता० । ४ कार्यं यथा-डे० ।

§ ૫૩. साधनं लक्षयित्वा विभज्य च साध्यस्य लक्षणमाह-

सिषाधयिषितमसिद्धमबाध्यं साध्यं पक्षः ॥१३॥

§ ૫૪. साधयितुमिष्टं 'सिषाधयिषितम्' । अनेन साधयितुमनिष्टस्य साध्यत्वव्यवच्छेदः, यथा वैशेषिकस्य नित्यः शब्द इति । शास्त्रोक्तत्वाद्वैशेषिकेणाभ्युपगतस्याप्याकाशगुणत्वादेर्न साध्यत्वम्, तदा साधयितुमनिष्टत्वात् । इष्टः पुनरनुक्तोऽपि पक्षो भवति,

---

૧. "અહીં શીતસ્પર્શ નથી, અગ્નિ હોવાથી," અગ્નિ વિરૂદ્ધ હેતુ છે શીતસ્પર્શ પ્રતિષેધ્ય છે, તેનો અગ્નિ વિરોધી છે.

૨. "અહીં અપ્રતિબદ્ધ સામર્થ્યવાળાં શીતનાં કારણો નથી, અગ્નિ હોવાથી," અહીં પ્રતિષેધ્ય શીતનાં કારણોનું કાર્ય શીત–ઠંડક છે, તેનો અગ્નિ વિરોધી છે.

૩. "અહીં રોમહર્ષ વિશેષ નથી, અગ્નિ હોવાથી;" ઠંડી હોય તો રૂંવાટી ઉભી થાય છે. એટલે અહીં તો પ્રતિષેધ્ય રોમહર્ષનું કારણ શીત છે, તેનો વિરોધિ અગ્નિ છે.

૪. અહીં બરફનો સ્પર્શ નથી, અગ્નિ હોવાથી, બરફનાં કણિયાનો સ્પર્શ તેનું વ્યાપક શીત સ્પર્શ છે યત્ર યત્ર તુષારસ્પર્શ તત્ર તત્ર શીતં, જ્યારે અગ્નિ તો ગરમ પદાર્થ છે, તુષાર સ્પર્શ શીત વિના રહી ન શકે માટે, તેનું= પ્રતિષેધ્ય તુષારસ્પર્શનું શીત – ઠંડક વ્યાપક કહેવાય, તે(ઠંડક)નો વિરોધી અગ્નિ થયો.

અહીં પ્રતિષેધ્યનો વિરૂદ્ધ અગ્નિ છે, તેનું કાર્ય ધૂમ, આ વિરૂદ્ધકાર્યને પણ વિરોધિ હેતુ તરીકે મૂકી શકાય છે.

જેમ(૧) અહીં શીતસ્પર્શ નથી કેમકે ધૂમ છે, (૨) અહીં અપ્રતિબદ્ધ સામર્થ્યવાળા શીત કારણો નથી' ધૂમ હોવાથી" (૩) "અહીં રોમહર્ષ વિશેષ નથી, ધૂમ હોવાથી" (૪) અહીં તુષારસ્પર્શ નથી ધૂમ હોવાથી, અહીં તુષારસ્પર્શના વ્યાપકનો–શીતનો અગ્નિ વિરૂદ્ધ છે. એટલે ધૂમનાં આધારે પણ તુષાર સ્પર્શનો નિષેધ થયો, કારણ કે ધૂમ હશે તો ત્યાં અગ્નિ હોવાનો જ, તો બિચારો તુષારસ્પર્શ કયાંથી હોય ? સિંહ શું માત્ર સિંહ-નાદ પણ જ્યાં હોય ત્યાંથી મૃગલા નાશી જાય છે. અહીં મૃગલાં નથી સિંહનાદ હોવાથી આ વિરૂદ્ધ હેતુ થયો, જે વિરૂદ્ધસિંહનું કાર્ય છે (આવા કથનના મોક્ષાકરે લખેલી તર્કભાષા છે, જેના કર્તા પુણ્યવિજયજી છે અથવા પુણ્યવિજયજીના ભંડારમાં છે, મોક્ષાકર જેના કર્તા છે. તેમાં સ્પષ્ટ ખુલાસા આપેલા છે. લિખિત છે, છાપેલી નથી.) આમ વિવિધ રીતે હેતુઓનો પ્રયોગ કરી શકાય છે. ॥૧૨॥

૫૩. સાધનનું લક્ષણ કરી ભેદ બતાવ્યા. હવે સાધ્યનું લક્ષણ કહે છે.....

વાદી જેને સિદ્ધ કરવા ઇચ્છે, પ્રતિવાદીને સિદ્ધ ન હોય અને પ્રમાણથી બાધિત ન હોય તે સાધ્ય, તેને પક્ષ પણ કહેવાય છે. ॥૧૩॥

૫૪. જે સિદ્ધ કરવા માટે ઇચ્છિત બન્યું હોય તે સિષાધયિષિત, આ વિશેષણથી વાદીને જે સાધવું ઇષ્ટ ન હોય તેનો સાધ્ય તરીકેનો વ્યવચ્છેદ–નિષેધ થાય છે. જેમ વૈશેષિક શાસ્ત્ર મતમાં 'શબ્દ નિત્ય છે' એ ઇષ્ટ નથી, એટલે "શબ્દ નિત્ય છે" આને વૈશેષિક શાસ્ત્રમાં અનિષ્ટ કહેલ હોવાથી (માટે) નિત્યત્વ એ સાધ્ય ન

यथा परार्थाश्चक्षुरादयः सङ्घातत्वाच्छयनाशनाद्यङ्गवदित्यत्र [1]परार्था इत्यात्मार्थाः । बुद्धिमत्कारण[2]पूर्वकं क्षित्यादि कार्यत्वादित्यत्राऽशरीरसर्वज्ञपूर्वकत्वमिति ।

§ ५५. 'असिद्धम्' इत्यनेनानध्यवसाय-संशय-विपर्ययविषयस्य वस्तुनः साध्यत्वम्, न सिद्धस्य[3] यथा श्रावणः शब्द इति । "नानुपलब्धे न निर्णीते न्यायः प्रवर्तते" [न्यायभा० १.१.१] इति हि सर्वपार्षदम् ।

§ ५६. 'अबाध्यम्' इत्यनेन प्रत्यक्षादिबाधितस्य साध्यत्वं मा भूदित्याह । एतत् साध्यस्य लक्षणम् । 'पक्षः' इति साध्यस्यैव नामान्तरमेतत् ॥१३॥

બને. અને વૈશેષિકે શબ્દને આકાશનો ગુણ પણ માન્યો છે, પરંતુ જ્યારે શબ્દને નિત્ય સિદ્ધ કરવાનો હોય ત્યારે આકાશના ગુણ તરીકે સિદ્ધ કરવા નથી માગતા, કેમકે નિત્ય દ્રવ્યના ગુણ તરીકે સિદ્ધથતા નિત્ય માનવાની આપત્તિ આવે. તે તેમને ઈષ્ટ નથી. પરંતુ સર્વત્ર ઉપલબ્ધ થતો હોવાથી પૃથ્વી વગેરેના ગુણ તરીકે સંગત ન થવાથી પારિશેષ અનુમાનથી આકાશનો ગુણ માનવો ઈષ્ટ છે. તેઓ તેને ગુણ તરીકે સિદ્ધ કરવા નથી માગતા ત્યારે તે આકાશગુણત્વાદિ સાધ્ય નથી બનતાં.

આનાથી ઉલ્ટું જેનો શબ્દ દ્વારા શાસ્ત્રમાં પ્રયોગમાં ઉલ્લેખ ન કરાયો હોય પણ જો તેને સાધવા ઈચ્છા કરાય તો તે સાધ્ય બની જાય છે.

જેમ કે "ચક્ષુ વગેરે પરાર્થ = બીજાનાં ઉપયોગ માટેના પદાર્થ છે, કારણ કે તે સંઘાત રૂપ છે" શયન અશનાદિનાં અંગની જેમ, વસ્ત્ર ઈત્યાદિનાં સંઘાતથી શયન બને છે, ઘઉં વગેરે ધાન્યના સંઘાતથી અશન બને છે, શયનાદિ પોતાના માટે નથી હોતા પણ પોતાના ઉપભોક્તા વ્યક્તિ માટે જ હોય છે, આથી તેને પરાર્થ કહેવાય છે. તેમ ચક્ષુ અનેક પુદ્ગલનાં સંઘાત રૂપ હોઈ પરાર્થ- આત્મા માટે ઉપયોગી છે. પરાર્થ શબ્દ હોવા છતાં આત્માર્થ અભિપ્રેત હોવાથી તેજ સાધ્ય બને છે. જો અહીં પરનો અર્થ સ્વભિન્ન અન્ય કોઈ પણ આવો કરીએ તો તત્ભિન્નતત્સદૃશ જે આવશે તે પણ સંહત જડપદાર્થ જ આવશે કા.કે. આત્માતો લેવાનો નથી, અને શયનાદિ અને ચક્ષુ વિ. પુદ્ગલ-જડ છે માટે તત્સદંશ પણ જડ પદાર્થ જ આવે ને. તેવો અર્થ કરતા સાંખ્યોને અભિમત એવો આત્મા સિદ્ધ નહીં થાય. તથા "પૃથ્વી વગેરે બુદ્ધિમાન્ કર્તાવાળી-કર્તાથી જન્ય છે, કાર્ય હોવાથી. અહીં બુદ્ધિમત્કર્તૃત્વ સાધ્ય શબ્દથી કહ્યું છે, છતાં પણ નૈયાયિકને આ અનુમાનથી આખરે ઈશ્વરને સિદ્ધ કરવો ઈષ્ટ હોવાથી "અશરીરી સર્વજ્ઞ કર્તૃત્વ" સાધ્ય માનવામાં આવે છે.

૫૫.→ 'અસિદ્ધ' આ વિશેષણથી જે વિષયમાં પ્રતિવાદીને અનધ્યવસાય, સંશય કે વિપર્યય હોય તે સાધ્ય બને છે, જે પ્રતિવાદીને સિદ્ધ હોય તે સાધ્ય નથી બનતું. જેમ શબ્દ (સાંભળવાનો વિષય) છે, એમાં કોઈને વિવાદ ન હોવાથી શ્રાવણત્વ સાધ્ય ન બને. સર્વથા અનુપલબ્ધ-અજ્ઞાત હોય અથવા સર્વથા સિદ્ધ નિશ્ચિત વસ્તુમાં ન્યાયના હેતુની પ્રવૃત્તિ થતી નથી (ન્યાય ભા. ૧.૧.૧) આ વાત બધાને સમ્મત છે.

૫૬.→'અબાધ્ય' આ વિશેષણથી જે પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી બાધિત હોય તે સાધ્ય ન બને. જેમ "વહ્નિ અનુષ્ણ," 'અનુષ્ણ' સ્પાર્શન પ્રત્યક્ષથી બાધિત હોવાથી સાધ્ય બની શકતું નથી. પક્ષ એ સાધ્યનો જ પર્યાયવાચી છે ॥૧૩॥

---

૧ परार्था बुद्धि०-डे० । २ ०पूर्वं क्षि०-डे० । ३ इत्याह ।

§ ૫૭. अबाध्यग्रहणव्यवच्छेद्यां बाधां दर्शयति-

प्रत्यक्षानुमानागमलोकस्ववचनप्रतीतयो बाधाः ॥१४॥

§ ૫૮. प्रत्यक्षादीनि [1]तद्विरुद्धार्थोपस्थापनेन बाधकत्वात् 'बाधाः' । तत्र प्रत्यक्षबाधा यथा अनु[2]ष्णोऽग्निः, न मधु[3] मधुरम्, न सुगन्धि विदलन्मालतीमुकु[4]लम्, अ[5]चाक्षुषो घटः, अश्रावणः शब्दः, नास्ति ब[6]हिरर्थ इत्यादि । अनुमानबाधा यथा स[7]रोम हस्ततलम्, नित्यः शब्द इति वा । अत्रानुपलम्भेन कृतकत्वेन चानुमानबाधा ।

૫૭.→અબાધ્ય વિશેષણથી વ્યવચ્છેદ્ય (અલગ પાડવા યોગ્ય) નિષેધ કરવા યોગ્ય જે બાધા છે તેને દર્શાવે છે.

પ્રત્યક્ષબાધા, અનુમાનબાધા આગમબાધા, લોકબાધા, સ્વવચનબાધા, અને પ્રતીતિબાધા, આ બધી સાધ્ય સંબંધી બાધા છે. ॥૧૪॥

૫૮.→પ્રત્યક્ષ આદિ પ્રમાણ સાધ્યથી વિપરીત અર્થનું ઉપસ્થાપન કરનાર હોઈ બાધક બનવાથી બાધા કહેવાય છે. તેમાં પ્રત્યક્ષ બાધા જેમ કે(૧) "અગ્નિ ઉષ્ણ નથી. દ્રવ્ય હોવાથી", જલની જેમ, અહીં પ્રત્યક્ષ પ્રમાણ અનુષ્ણથી વિપરીત અર્થ-ઉષ્ણતાનું ઉપસ્થાપક હોવાથી તે સ્પાર્શન-પ્રત્યક્ષ બાધા કહેવાય છે. એમ (૨) "મધ મીઠું નથી, પ્રવાહી રૂપ હોવાથી" ઔષધની જેમ અથવા વિચિત્ર રસથી પેદા થયેલ હોવાથી, અનેક રસના સંયોગની જેમ (જેમાં ઘણારસોનો સંયોગ હોય તેમાં મધુરતા નથી હોતી.) "વિકસિત માલતી (સુગંધી ધોળા ફૂલોવાળી એકજાતની ચમેળી મુકુલ-કળી) સુગંધીદાર નથી, (લતાનો એક દેશ હોવાથી, પાંદડાની જેમ) પુષ્પત્વાત્ કર્પાસપુષ્પવત્"; (૪) "ઘટ ચક્ષુથી ગ્રાહ્ય નથી' ગુણાશ્રયત્વાત્ આકાશવત્"(રૂપથી અત્યંત ભિન્ન હોવાથી વાયુની જેમ)(૫) શબ્દ શ્રવણગ્રાહ્ય નથી ગુણત્વાત્ રૂપવત્, (૬) "(જ્ઞાનથી ભિન્ન) બાહ્ય અર્થ નથી, પ્રતીતિવિષયત્વાત્, સ્વપ્નવત્" (સ્વપ્ન જેવો માત્ર (પ્રતિ) ભાસ થતો હોવાથી.) યથાવસ્થિતરૂપે પ્રતિભાસ થતો ન હોવાથી, જે સત્ હોય તેનો આવો અપ્રતિભાસ ન થાય, જેમ જ્ઞાન. જ્ઞાનનું આત્માને જેવું સંવેદન થાય છે– પ્રતીતિમાં આવે છે, તેવી યથાવત્ સ્પષ્ટ પ્રતીતિ બાહ્ય પદાર્થની થતી નથી. એકનો એક ઘડો આપણી જેવી દૃષ્ટિ હોય તે રૂપે ભાસે છે, તેના ઉપર લાઈટ પડતી હોય તો ચમકતો, પાણી પડતું હોય-ભીનો અને પાણી વગરનો સાવ સૂકો લાગે છે. વળી ઘટનો માત્ર ઉપરનું પડલ દેખાય, બીજી તેની બધી જ અવસ્થા–સ્વરૂપ પ્રતિભાસમાં આવતુ નથી. જો તે વાસ્તવિક હોય તો જ્ઞાનની જેમ આખા ઘટનો ભાસ થાત. માટે બાહ્ય પદાર્થ નથી. ઇત્યાદિ પ્રત્યક્ષ બાધા છે.

આ અનુક્રમે (૧) સ્પર્શેન્દ્રિય પ્રત્યક્ષ બાધા, (૨) રસનેન્દ્રિય પ્રત્યક્ષ બાધા, (૩) ઘ્રાણેન્દ્રિય પ્રત્યક્ષબાધા, (૪) ચક્ષુરિન્દ્રિય પ્રત્યક્ષ બાધા, (૫) શ્રોત્રેન્દ્રિય પ્રત્યક્ષબાધા છે, માટે છઠ્ઠી પણ પ્રત્યક્ષ બાધા થઈ. બાહ્ય અર્થપણ આંખ વગેરે ઇન્દ્રિયોથી સાક્ષાત્ થાય છે. નીલવર્ણાકાર જ્ઞાન થાય છે, તેમ નીલવર્ણની પ્રાપ્તિ પણ સાક્ષાત્ જોવા મળે છે.

અનુમાન બાધા જેમ "હથેલી રોમવાળી છે," અહીં પ્રત્યક્ષથી તો રૂંવાટીથી વિપરીત પદાર્થનું ગ્રહણ થતું

---

૧ साध्य० । ૨ कृतकत्वादिति हेतुः । ૩ विचित्ररसप्रभवत्वात् अनेकरससंयोगवत् । ૪ लतैकदेशत्वात् पत्रवत् । ૫ स्यादत्यन्तव्यतिरिक्तत्वात् वायुवत् । ૬ यथावस्थेन रूपेणाप्रतिभासमानत्वात् यदस्ति तद्यथावस्थितरूपेणाप्रतिभासमानमपि नास्ति यथा ज्ञानम् । ૭ शरीरावयवत्वात् बाहुवत् ।

आगमबाधा यथा प्रेत्याऽसुखप्रदो धर्म इति । परलोके सुखप्रदत्वं धर्मस्य सर्वागमसिद्धम् । लोकबाधा यथा शुचि नरशिरःकपालमिति । लोके हि नरशिरःकपालादीनामशुचित्वं सुप्रसिद्धम् । स्ववचनबाधा यथा माता मे वन्ध्येति । प्रतीतिबाधा यथा अचन्द्रः[1] शशीति । अत्र शशिनश्चन्द्रशब्दवाच्यत्वं प्रतीतिसिद्धमिति प्रतीतिबाधा ॥१४॥

§ ૫૯. अत्र साध्यं धर्मः, धर्मधर्मिसमुदायो वेति संशयव्यवच्छेदायाह-

---

નથી, માટે પ્રત્યક્ષ બાધા ન કહેવાય. પરંતુ રૂંવાટીનો ઉપલમ્ભ ન થવાથી અનુપલમ્ભનાં આધારે રૂવાંટીનો અભાવ અનુમિત થાય છે, એટલે "यदि रोमः स्यात् तर्हि उपलम्भेत न च दृश्यते" એમ દશ્ય અનુપલબ્ધિથી અનુમિત એવા રોમાભાવથી સરોમનો બાધ થાય છે. અનુપલંભ એ પ્રત્યક્ષ નથી, કા.કે. અભાવનું જ્ઞાન તો અધિકરણ જ્ઞાન સાથે પ્રતિયોગીના સ્મરણથી થાય છે, હથેળીમાં રોમાભાવ સાક્ષાત્ દેખાતો નથી, પરંતુ હથેળી દેખાય અને સંવાહીનું સ્મરણ થતા તેનો ઉપલંભ ન થવાથી અભાવ નિશ્ચિત થાય છે. "શબ્દ નિત્ય છે." નિત્યત્વ સાધ્ય કૃતકત્વ હેતુથી બાધિત બની જાય છે.

શબ્દને તિરોભૂત અને આવિર્ભૂત માનીને સત્તા માની શકાય એમ છે એમ સર્વથા તેનો ધ્વંસ સાક્ષાત્ કરી શકાતો નથી માટે (ઘટ તો નાશ પામતો દેખી શકાય છે તેના પરિવર્તનરૂપે ઠીકરી જોવા મળે છે) નિત્યત્વના વિપરીત અનિત્યત્વનો પ્રત્યક્ષથી બોધ થતો નથી, પણ કૃતકત્વ હેતુદ્વારા અનિત્યત્વનું અનુમાન કરાય છે, એમ અહીં અનુમાન સાધ્યથી વિપરીત અર્થનું ઉપસ્થાપક બનવાથી સાધ્યને બાધિત કરે છે. માટે આ બન્ને અનુમાનબાધા કહેવાય.

આગમબાધા → ધર્મ પરલોકમાં દુઃખ આપનાર છે, "પરલોકમાં ધર્મ સુખ આપનાર છે." એ સર્વ આગમમાં સિદ્ધ છે. એમ આગમપ્રમાણ સાધ્યથી વિપરીત અર્થનું ઉપસ્થાપક હોવાથી અહીં આગમ બાધા છે.

લોકબાધા → મનુષ્યના માથાની ખોપડી પવિત્ર છે, શરીરનું અવયવ હોવાથી બાહુની જેમ. લોકમાં નરમુણ્ડ અપવિત્ર તરીકે સુપ્રસિદ્ધ છે. એટલે આમ લોક સાધ્ય – પવિત્રથી વિપરીત અપવિત્રનો ઉપસ્થાપક થયો.

સ્વવચનબાધ → જેમ મારી માતા વંધ્યા છે, વંધ્યાસ્ત્રી જેવા અંગવાળી હોવાથી, "મારી માતા" આ વચનથી સાધ્ય-વંધ્યાનો બાધ થાય છે.

(જે કોઈપણ સંતાનની માતા નથી બની તેને જ વંધ્યા કહેવાય, જ્યારે મારી માતા એમ બોલી રહ્યો છે તેવા વચનથી સાધ્યનો બાધ થાય છે.)

પ્રતીતિ બાધા → ચંદ્રમા શશી નથી, શશી શબ્દથી વાચ્ય નથી. આકાશમાં ઉદય પામેલો હોવાથી, સૂર્યની જેમ અહીં ચંદ્રમા શશી શબ્દથી વાચ્ય હોવું પ્રસિદ્ધ છે—તેવી પ્રતીતિ થાય છે. 'શશી નથી.' આ સાધ્યનો પ્રતીતિથી બાધ થાય છે ॥૧૪॥

૫૯. → અહીં ધર્મ—અગ્નિ સાધ્ય હોય કે ધર્મ—ધર્મીનો સમુદાય (અગ્નિ-ધર્મથી યુક્ત પર્વત) સાધ્ય હોય ? આવા સંશયને દૂર કરવા કહે છે....

---

१ वन्ध्यास्त्रीसमानाङ्गत्वात् । २ चन्द्रशब्दवाच्यः शशी न भवति आकाशोदित्वात् सूर्यवत् ।

साध्यं साध्यधर्मविशिष्टो धर्मी, क्वचित्तु धर्मः ॥१५॥

§ ६०. 'साध्यम्' साध्यशब्दवाच्यं पक्षशब्दाभिधेयमित्यर्थः । किमित्याह 'साध्यधर्मेण' अनित्यत्वादिना 'विशिष्टो धर्मी' शब्दादिः । एतत् प्रयोगकाला[1]पेक्षं साध्यशब्दवाच्यत्वम् । 'क्वचित्तु' व्याप्तिग्रहणकाले 'धर्मः' साध्यशब्देनोच्यते, अन्यथा व्याप्तेरघटनात् नहि धूमदर्शनात् सर्वत्र पर्वतोऽग्निमानिति व्याप्तिः शक्या कर्तुं प्रमाणविरोधादिति ॥१५॥

§ ६१. धर्मिस्वरूपनिरूपणायाह-

धर्मी प्रमाणसिद्धः ॥१६॥

§६२. 'प्रमाणैः' प्रत्यक्षादिभिः प्रसिद्धो 'धर्मी' भवति यथाग्निमानयं देश इति । अत्र हि देशः प्रत्यक्षेण सिद्धः । एतेन- "सर्व एवानु[2]मान[3]नुमेय[4]व्यवहारो बुद्ध्यारूढेन धर्मधर्मिन्यायेन, न बहिः सदसत्त्वमपेक्षते" इति सौगतं मतं प्रतिक्षिपति । नहीयं विकल्पबुद्धिरन्तर्बहिर्वाऽनासादितालम्बना धर्मिणं व्यवस्थापयति,

---

साध्य धर्मथी विशिष्ट धर्मी साध्य होय छे. क्यांक धर्म पण साध्य होय छे. ॥१५॥

६०. →साध्य એ साध्य शब्दथी वाच्य छे के पक्ष शब्दथी वाच्य छे ? જે साध्य छे ते शुं छे ? धर्म छे के धर्मी छे ? तेनो જવાબ આપે છે. अनित्यत्वादि साध्य धर्मथी विशिष्ट शब्द વગેરે धर्मीने साध्य के पक्ष કહેવાય છે. અર્થાત્ શબ્દ अनित्य छे. અહીં अनित्यता धर्मवाળો शब्द पक्ष के साध्य छे. પરંતુ આ વિધાન અનુમાન કરતી વેળાની અપેક્ષાએ છે. એટલે જ્યારે અનુમાન પ્રયોગ કરાય ત્યારે धर्मी साध्य होय छे. કા.કે. પર્વત અને વહ્નિ (शब्द-अनित्य) એ તો બન્ને પહેલેથી सिद्ध જ છે, એટલે એમને सिद्ध કરવા માટે તો અનુમાન કરવાની જરૂર નથી. પણ "અગ્નિવાળો પહાડ" આમ साध्य वह्निथी विशिष्ट પહાડ હજી સુધી सिद्ध ન હતો, એથી તે सिद्ध કરવા માટે આ અનુમાન પ્રયોગ કરાય છે. પરંતુ ક્યાંક→व्याप्ति ગ્રહણ સમયે તો નિયમથી धर्म જ साध्य होय छे. જો धर्मीने साध्य બનાવો તો व्याप्ति જ ન ઘટે, "જ્યાં धूमवत्त्व छे, त्यां अग्निमत्त्व छे." એવી व्याप्ति બને છે. પણ धूमना दर्शनथी "सर्व ठेકાણે પર્વત અગ્નિવાળો છે." એવી व्याप्ति બનાવી ન શકાય. કારણ એવી व्याप्तिनो प्रमाणथी विरोध આવે છે, જ્યાં धूम होय त्यां બધે પર્વતમાં જ अग्नि थोडी होय ? જ્યાં धूम होय त्यां રસોડા વિ.માં પણ अग्नि होय छे. ॥१५॥

६१. धर्मीनुं स्वरूप निरूपण કરવા કહે છે.....

प्रमाणथी सिद्ध धर्मी होय छे ॥१६॥

६२. प्रत्यक्षादि प्रमाणथी प्रसिद्ध धर्मी होय छे. જેમ આ દેશ-સ્થાન अग्निमान् छे, અહીં દેશ प्रत्यक्ष प्रमाणथी सिद्ध छे. "धर्मीने प्रमाणथी सिद्ध કહેવાથી" अनुमान-अनुमेय-साधन-साध्य संबंधी બધો વ્યવહાર બુદ્ધિ કલ્પિત धर्म–धर्मी न्यायथी थाय छे, अर्थात् કલ્પિત છે. કલ્પનાથી બહાર તેની કોઈ સત્તા असत्ता नथी"

એવાં બૌદ્ધમતનું ખંડન થઈ જાય છે. બાહ્ય અથવા આન્તરિક આલમ્બન પામ્યા વગર વિકલ્પબુદ્ધિ धर्मीनी व्यवस्था કરી શકતી નથી.

---

१ -०लपिक्षयं-ता० । २ साधनम् । ३ साध्यम् । ४ -०मेयस्य०च०ता- ।

तद[1]वास्तवत्वे त[2]दाधारसाध्यसाधनयोरपि वास्तवत्वानुपपत्तेः [3]तद्बुद्धेः पारम्प[4]र्येणापि वस्तुव्यवस्थापकत्वायोगात् । ततो विकल्पेनान्येन[5] वा व्यवस्थापितः पर्वतादिविष[6]यभावं भजन्नेव धर्मितां प्रतिपद्यते । तथा च सति प्रमाणसिद्धस्य धर्मिता युक्तैव ॥१६॥

§ ६३. अपवादमाह-

बुद्धिसिद्धोऽपि ॥१७॥

§ ६४. नैकान्तेन प्रमाणसिद्ध एव ध[7]र्मी किन्तु विकल्पबुद्धिप्रसिद्धोऽपि धर्मी भवति । 'अपि' शब्देन प्रमाण-बुद्धिभ्यामुभाभ्यामपि सिद्धो धर्मी भवतीति दर्शयति । तत्र बुद्धिसिद्धे धर्मिणि साध्यधर्मः सत्त्वमसत्त्वं च प्रमाणबलेन साध्यते यथा अस्ति[8]सर्वज्ञः, नास्ति षष्ठं भू[9]तमिति ।

જો ધર્મી અવાસ્તવિક હોય તો તેના આધારે રહેનાર સાધ્ય–સાધન પણ વાસ્તવિક નહીં રહી શકે. નિર્વિકલ્પકજ્ઞાન વિષયને પ્રાપ્ત કરીને પ્રવર્તે છે, તેનો વિષય પરમ્પરાએ સવિકલ્પમાં આવે છે કા.કે. તે નિર્વિકલ્પમાંથી જન્મેલ છે. (ભલેને ! સવિકલ્પનો સ્વતંત્ર વિષય ન હોય) પણ આ વાત યોગ્ય નથી. કા.કે. મૂળ નિર્વિકલ્પનો વિષયજ અવાસ્તવિક હોય તો હાથમાં કશું જ ન આવે. તેથી વિકલ્પ બુદ્ધિ પરમ્પરાએ પણ વસ્તુની વ્યવસ્થા કરનારી બની ન શકે. સવિકલ્પજ્ઞાનથી ભિન્નપદાર્થ જ ન હોય તો કોને આશ્રયી "આ ધર્મી છે" "આ" તરીકે કોને પકડવાનું ? માત્ર ખાલી હાથ બતાવીને આને પેન કહેવાય છે, આમ કહી શકાય ખરું ? જો માત્ર પેનની માનસવિકલ્પથી વ્યવસ્થા થતી હોય તો તમામે તમામ પદાર્થના વિકલ્પ કરી વ્યવહાર થવા લાગશે. એમ કરતા કોઈનું નિશ્ચિત સ્વરૂપ જ નક્કી ન થવાથી બધી જ વ્યવસ્થા પડી ભાંગશે. એટલે જ કહીએ છીએ કે તદવાસ્તવે–તે ધર્મી અવાસ્તવિક હોય તો તે ધર્મીના આધારે રહેલા સાધ્ય-સાધન પણ વાસ્તવરૂપે ઘટી શકશે નહી, તેથી કરીને–તેથી સવિકલ્પક જ્ઞાનથી કે અન્ય-નિર્વિકલ્પક જ્ઞાનથી વ્યવસ્થાપિત એવા પર્વતાદિ સવિકલ્પક જ્ઞાનનાં વિષયભાવને પામે છે એટલે પ્રામાણિક જ્ઞાનના તે વિષય બને છે. એમ વસ્તુ જે રૂપે જ્ઞાનમાં ભાસે છે તે રૂપે પ્રાપ્ત થાય છે, ત્યારે જ ધર્મી તરીકે સ્વીકારવામાં આવે છે.તેથી પ્રમાણ સિદ્ધ વસ્તુને જ ધર્મી કહેવો યોગ્ય છે. ॥૧૬॥

૬૩. ધર્મી વિષયક અપવાદ બતાવે છે.....

ધર્મી બુદ્ધિસિદ્ધ પણ હોય છે ॥૧૭॥

૬૪. ધર્મી એકાન્ततः પ્રમાણથી સિદ્ધ હોય એવું નથી, પરંતુ વિકલ્પ બુદ્ધિથી પ્રસિદ્ધ પણ ધર્મી હોય છે. સૂત્રમાં 'અપિ' શબ્દ પ્રમાણ અને બુદ્ધિ ઉભયથી સિદ્ધ પણ ધર્મી હોય છે, તે દર્શાવવા માટે છે. આ ત્રણ પ્રકારનાં ધર્મીમાંથી બુદ્ધિસિદ્ધ ધર્મીમાં માત્ર સાધ્યધર્મરૂપે સત્તા કે અસત્તા પ્રમાણબલથી સિદ્ધ કરાય છે. જેમ "अस्ति सर्वज्ञः अविसंवादिज्योतिर्ज्ञानान्यथानुपपत्तेः, "છઠ્ઠો ભૂત નથી, ભૂત એ દેશ્ય તો છે, છતાં પૃથ્વી વગેરે પાંચની જેમ છઠ્ઠાની તો ઉપલબ્ધિ થતી નથી." એટલે આનાથી અન્ય કોઈ ધર્મ સિદ્ધ નથી કરાતા. તાત્પર્ય આ છે કે બુદ્ધિસિદ્ધ ધર્મી સત્તા કે અસત્તાને સિદ્ધ કરવા માની લેવામાં આવે છે. કારણ કે કોઈ પણ

---

१ धर्मिणः २ स धर्मी आधारो ययोः । ३ तद्बुद्धेर्विकल्पज्ञानस्य । ४ निर्विकल्पकं प्राप्तविषयम्, तद्विकल्पोऽपि प्राप्तविषय इति । एवंलक्षणपारम्पर्येणापि । ५ निर्विकल्पेन । ६ विकल्पस्य विषयभावम् ।
७ धर्मी भवति किं-डे० । ८ अविसंवादिज्योतिर्ज्ञानान्यथानुपपत्तेः । ९ उपलब्धिलक्षणप्राप्तस्यानुपलब्धेः ।

§ ૬૫. ननु धर्मिणि साक्षादसति भावा[1]भावोभयधर्माणामसिद्धविरुद्धानैकान्तिकत्वेनानुमानविषयत्वायोगात् कथं सत्त्वासत्त्वयोः साध्यत्वम् ? । तदाह-

"ना[2]सिद्धे भावधर्मोऽस्ति व्यभिचार्युभया[3]श्रयः ।
विरुद्धो ध[4]र्मोऽभावस्य सा स[5]त्ता साध्यते कथम् ॥" [प्रमाणवा ० १.१९२-३] इति ।

પદાર્થની સત્તા કે અસત્તા તે પદાર્થને પક્ષ બનાવ્યા વિના સિદ્ધ ન થઈ શકે. "विकल्पसिद्धे तस्मिन् सत्तेतरसाध्ये" "સર્વજ્ઞ છે" એવું સિદ્ધ કરવા માટે પણ સર્વજ્ઞને પક્ષ બનાવ્યા વિના ન ચાલે, માટે બુદ્ધિસિદ્ધ ધર્મી આવશ્યક છે. પરંતુ તેમાં માત્ર સત્તા કે અસત્તા જ સિદ્ધ કરી શકાય છે.

[જો બુદ્ધિસિદ્ધ ધર્મીને પક્ષ બનાવી જ ન શકાય તો સત્તા–અસત્તાનું અનુમાન જ અસંભવિત બની જાય. પક્ષ વિના સાધ્ય ધર્મ ક્યાં સિદ્ધ કરવો ? એજ સવાલ થઈ જાય. "છગનભાઈ છે કે નહિ" મૃત્યુ પામ્યા પછી પણ પૂછનારની વિકલ્પ બુદ્ધિનો તે વિષય બને છે, જવાબ આપનાર પુત્રાદિ પણ તેમને બુદ્ધિમાં લાવી નિષેધ કરે છે. "છે કે નહિં" આટલું માત્ર પૂછવાથી કોઈ જવાબ આપી શકે ખરું ? "છે, નથી" આ કહેવાથી કોઈ સમજી પણ ન શકે. મને કાંઈ સમજ પડતી નથી. "કોણ છે અને કોણ નથી" એનું નામ બતાવ તો ખબર પડે. એમ પક્ષ જરૂરી છે. સર્વજ્ઞ વીતરાગી છે, ઈત્યાદિ પ્રથમથી સિદ્ધ ન કરાય; પરંતુ પહેલા સર્વજ્ઞની સિદ્ધિ અનુમાન પ્રમાણથી કરી પછી પુનઃ તેને પ્રમાણસિદ્ધ ધર્મી રૂપે ઉપાદાન કરીને "વીતરાગ છે" એવા સાધ્યનો પ્રયોગ કરાશે, ज्ञानावरणक्षयस्य मोहनाशपूर्वकत्वात्" "સર્વજ્ઞ વીતરાગ છે. કા.કે. જ્ઞાનાવરણીયના ક્ષયની પૂર્વે મોહનીયનો નાશ અવશ્ય થાય છે."

જેમ શબ્દાદિ ધર્મી કથંચિત્ પ્રસિદ્ધ સત્તાવાળા છે, કા.કે. ભૂતભાવી શબ્દો નષ્ટ અને અનુત્પન્ન હોવાથી અસિદ્ધ છે. માટે તમે પણ સર્વથા પ્રસિદ્ધ શબ્દને ધર્મી બનાવી શકશો નહીં. માત્ર બોલતા શબ્દ જ સત્તા ધરાવે છે. અનિત્યધર્મતો હજુ સિદ્ધ કરવાનો છે એટલે તે ધર્મનીસત્તાને આશ્રયી તો શબ્દ અસિદ્ધ જ છે. જો સિદ્ધ જ હોત તો સાધ્યકોટીમાં અનિત્યને મૂકી ન શકાય.

તેમ સર્વજ્ઞધર્મી પણ કથંચિત્ પ્રસિદ્ધ સત્તાવાળો છે. અમારો પક્ષ આવો છે કે કોઈ આત્મા સર્વજ્ઞ છે- "कश्चिदात्मा" (પક્ષ) अस्ति–(સાધ્ય) सुनिश्चितासंभवद्बाधकप्रमाणत्वात् બાધક પ્રમાણનો અસંભવ સુનિશ્ચિત હોવાથી (હેતુ) અહીં આત્મત્વ વિશેષણ રૂપ સત્તાથી ધર્મી પ્રસિદ્ધ છે અને સર્વજ્ઞત્વ ઉપાધિરૂપ સત્તાથી ધર્મી અપ્રસિદ્ધ છે. અથવા
सूक्ष्मांतरितदूरार्थाःकस्यचित् प्रत्यक्षाः अनुमेयत्वात् । અહી સર્વજ્ઞને ધર્મી જ ક્યાં બનાવ્યો છે, ધર્મી તો સૂક્ષ્મ, વ્યવહિત પદાર્થો છે, અને તેવા પરમાણુ વગેરેતો પ્રસિદ્ધ સત્તાવાળા જ છે.]

૬૫. શંકાકાર : ધર્મી સાક્ષાત્ અસત્ હોતે છતે તેમાં સાધ્ય સત્તાની સિદ્ધિ કરવા માટે તમે જે હેતુ આપો છો તે હેતુ

(૧) ભાવપદાર્થનો ધર્મ છે. (૨) અભાવપદાર્થનો ધર્મ છે. કે (૩) ભાવાભાવાત્મક ઉભય પદાર્થનો ધર્મ છે ? હવે જો પ્રથમવિકલ્પ માનશો તો હેતુ અસિદ્ધ બની જશે, કારણકે ધર્મીની સત્તા જ હજી સિદ્ધ નથી એટલે ધર્મી ભાવાત્મક પદાર્થ છે એ હજી નિશ્ચિત નથી તો પછી હેતુ તેનો ધર્મ છે એવું શી રીતે કહી શકાય ? માટે હેતુનો આશ્રય (ધર્મી) અસિદ્ધ હોવાથી આશ્રયાસિદ્ધ દોષ આવશે.

१ हेतूनाम् । २ धर्मिणि । ३ हेतुरुभयधर्मः । ४ विरुद्धधर्मो-मु० । विरुद्धोऽधर्मो -डे० । ५ सत्ता सार्वज्ञी ।

§ ૬૬. નૈ[૧]વમ્, માનસપ્રત્યક્ષે ભાવરૂપસ્યૈવ ધર્મિણઃ પ્રતિપન્નત્વાત્ । ન ચ તત્સિદ્ધૌ તત્સ[૨]ત્ત્વસ્યાપિ પ્રતિપન્નત્વાદ્ વ્યર્થમનુમાનમ્, ત[૩]દભ્યુપેતમપિ વૈયાત્યાદ્યો ન પ્રતિપદ્યતે તં પ્રત્યનુમાનસ્ય સાફલ્યાત્ ।

(૨) હવે બીજો વિકલ્પ→ હેતુ અભાવનો ધર્મ હોય તો વિરુદ્ધ બની જશે, કારણ કે તમારે આ હેતુથી અસ્તિત્વ (ભાવાત્મક સાધ્ય) સિદ્ધ કરવું છે અને હેતુ જો અભાવનો ધર્મ હોય તો નાસ્તિત્વ સિદ્ધ થઈ જશે, કા.કે. તે હેતુની વ્યાપ્તિભાવના વિરોધી અભાવ પદાર્થ સાથે છે. માટે અભિપ્રેત ભાવાત્મક સાધ્ય કરતા વિપરીત એવા અભાવાત્મક સાધ્યની સિદ્ધિ કરતો હોવાથી વિરુદ્ધ. કા.કે. અભાવપદાર્થનો ભાવાત્મક ધર્મ ન કોઈ શકે. અભાવ અસત્-તુચ્છ પદાર્થ છે તેમાં કોઈ સત્ કેમ કરીને રહી શકે ?

(૩) હવે ત્રીજો પક્ષ→હેતુ જો ભાવ અને અભાવ બન્નેનો ધર્મ હોય તો વ્યભિચારી બની જશે. જે હેતુ સપક્ષ અને વિપક્ષ બન્નેમાં રહેતો હોય તે વ્યભિચારી કહેવાય. અહીં પણ સપક્ષ = અસ્તિત્વવાન્ અને વિપક્ષ = અસ્તિત્વાભાવવાન્ એવા પદાર્થમાં પણ વૃતિ હોવાથી વ્યભિચારી થઈ જશે.

[હેતુ ભાવધર્મ હોય અને ધર્મી અસત્ હોય તો તેવા ધર્મીમાં તે હેતુ સંભવી ન શકવાથી સ્વરૂપાસિદ્ધિ દોષ આવે. હેતુ અભાવધર્મ હોય તો અસત્ સાથે રહી જવાથી "સાધ્ય તો છે સત્તા," જ્યારે હેતુ તેના અભાવ સાથે વ્યાપ્ત બનવાથી વિરૂદ્ધ બનશે. એટલે હેતુ અભાવનો જ ધર્મ હોવાથી સાધ્ય સત્થી વિપરીત અસત્ને સિદ્ધ કરે છે માટે. ઉભયધર્મ માનતા તેમાંનો ભાવધર્મ સાધ્યવત્માં રહે અને અભાવધર્મ અસત્ધર્મીમાં રહી જાય છે માટે વ્યભિચાર દોષ આવે છે એટલે હેતુ ભાવાભાવ બન્નેનો ધર્મ હોય તો સત્ = સાધ્યનો નિશ્ચય છે એવા સપક્ષમાં અને સાધ્યના અભાવવાળા-વિપક્ષમાં રહેવાથી હેતુ વ્યભિચારી બને. જેમ પ્રમેયત્વ નિત્ય—અનિત્ય બંનેમાં રહે છે, તેથી એકનો પણ તે ગમક ન બની શકે. નાસ્તિત્વ એ સાધ્ય હોય ત્યારે હેતુ જો ભાવનો ધર્મ હોય તો તે અસ્તિત્વને સિદ્ધ કરનાર હોવાથી વિરુદ્ધ દોષ આવે. અભાવનો ધર્મ હોય તો અસત્ધર્મી = અભાવ ધર્મવાળામાં રહેવાથી સ્વરૂપાસિદ્ધ દોષ તો ન આવે. પરંતુ આશ્રય અસત્=અસિદ્ધ હોવાથી આશ્રયાસિદ્ધ દોષ આવે. અને ઉભયનો ધર્મ માનતા તો પૂર્વની જેમ જ વ્યભિચાર આવે.] આ ત્રણેદોષ આવતા હોવાથી તાદેશ હેતુ અનુમાનનો વિષય બનવો શકય નથી, તો પછી તેનાથી સત્તા કે અસત્તા કેવી રીતે સિદ્ધ કરી શકાય ? તેથી કહ્યું છે -

પ્રમાણથી અસિદ્ધ ધર્મીમાં ભાવધર્મ એવો હેતુ ન હોય તો— ન રહે તો તે અસિદ્ધ બનશે. હેતુ જો અભાવનો ધર્મ હશે તો વિરુદ્ધ દોષ આવશે. ઉભયધર્મ રૂપ હોય તો વ્યભિચારી બનશે. તો પછી સર્વજ્ઞની સત્તા કેવી રીતે સિદ્ધ કરી શકશે ? (પ્રમાણ વા. ૧૧૯૨-૩) સર્વજ્ઞ સાધ્ય છે ત્યારે મીમાંસક એક કારિકા દ્વારા પ્રશ્ન કરે છે, તેના ત્રણ વિકલ્પ મૂક્યા છે શબ્દો ઽનિત્યઃકૃતકત્વાત્ આ બૌદ્ધે અનુમાન રજુ કર્યુ તેની સામે અસિદ્ધ નો ઉપાલંભ મીમાંસક આપે છે. (A.S. ૩૩૫) (આમંત્રણ વિકલ્પતો દરેક અનુમાનમાં સંભવતા હોવાથી અનુમાન માત્રનો ઉચ્છેદ થઈ જશે. માટે આવા વિકલ્પ ઉભાકરવા ઉચિત નથી)

૬૬. સમા : એવું નથી, માનસ પ્રત્યક્ષમાં ભાવરૂપ ધર્મી જ સ્વીકારેલ હોવાથી.

શંકાકાર : ભાવ રૂપ ધર્મી માનસ પ્રત્યક્ષમાં સિદ્ધ જ છે, તો તેની સત્તા સિદ્ધ બની જશે. તો પછી તેની સત્તા સિદ્ધ કરવા અનુમાન પ્રયોગ કરવો વ્યર્થ બની જશે.

૧ મૈવમ્ -ડે૦ । ૨ ધર્મિણઃ । ૩ સત્ત્વમ્ ।

न च मानसज्ञानात् खरविषाणादेरपि सद्भावसम्भावनातोऽतिप्रसङ्गः, तज्ज्ञानस्य बाधकप्रत्ययविप्लावित-सत्ताकवस्तु[1]-विषयतया मानसप्रत्यक्षाभासत्वात् । कथं तर्हि षष्ठभूतादेर्धर्मित्वमिति चेत्, धर्मिप्रयोगकाले बाधकप्रत्ययानुदयात्सत्त्वसम्भावनोपपत्तेः । न च सर्वज्ञादौ साधकप्रमाणासत्त्वेन सत्त्व[2]संशीतिः, सुनिश्चिताऽसम्भवद्बाधकप्रमाणत्वेन सुखा[3]दाविव सत्त्वनिश्चयात्तत्र संशयायोगात् ।

સમાધાન : એવું ન કહેવું, કારણ કે સ્વીકાર કરેલ સત્ત્વને પણ જે અવિનય—અક્કડતા—નિર્લજ્જતાના કારણે માનવા તૈયાર નથી તેની પ્રતિ અનુમાન પ્રયોગ સફળ છે.

શંકાકાર : માનસ જ્ઞાનથી ખરવિષાણ આદિનાં અસ્તિત્વની પણ સંભાવના કરી શકવાથી અતિપ્રસંગ આવશે.

સમાધાન : ખરવિષાણનું જ્ઞાન એવી વસ્તુને વિષય કરે છે કે જેની સત્તા બાધક પ્રમાણથી ખંડિત છે. જે વસ્તુની સત્તા બાધક પ્રતીતિથી વિપ્લાવિત-ઉડી ગઈ-પ્રતિષેધ પામી ગઈ છે એવી વસ્તુને વિષય બનાવતો હોવાથી તત્જ્ઞાનસ્ય—એથી તે જ્ઞાન માનસ પ્રત્યક્ષ નહિ પણ પ્રત્યક્ષાભાસ છે.

શંકાકાર : જો આમ હોય તો છટ્ઠો મહાભૂત વગેરેને ધર્મી કેવી રીતે બનાવાય ?

સમાધાન : ધર્મી-પક્ષ પ્રયોગ વખતે બાધકજ્ઞાન ઉદય પામતું ન હોવાથી તેનાં સત્ત્વની સંભાવના કરી શકાય છે.

શંકાકાર : સર્વજ્ઞ વગેરેનું સાધક પ્રમાણ ન હોવાથી તેનાં અસ્તિત્વમાં સંદેહ થશે.

સમાધાન : એવું ન કહેવું, સુખ દુઃખ આદિનાં અસ્તિત્વમાં બાધક પ્રમાણનો અસંભવ સુનિશ્ચિત હોવાથી "સુખ-દુઃખ નથી" એવું સાક્ષાત્ = પ્રત્યક્ષથી બાધિત નથી, = આવો પ્રત્યક્ષ બાધમળતો નથી. કેમકે બધા જીવ સુખ-દુઃખનુ જાતે સ્વસંવેદન કરે જ છે. અને પ્રત્યક્ષથી સિદ્ધનો અનુમાન દ્વારા બાધ કરવો શકય નથી, કા.કે. પ્રત્યક્ષના આધારે જ અનુમાન પેદા થાય છે. તેમજ સ્વ- પર કોઈ દર્શનના આગમમાં પણ જેનો બાધ—નિષેધ દર્શાવ્યો નથી. આમ સુખાદિની સત્તામાં સંશય નથી થતો. તેમ સર્વજ્ઞની સત્તાનું બાધક પ્રમાણનો અભાવ સુનિશ્ચિત છે, કા. કે. વર્તમાનમાં કોઈ પણ પુરુષ તમામ વિશ્વને જોઈ શકતો નથી માટે "દુનિયામાં ક્યાંય સર્વજ્ઞ નથી" એવું કોઈને પ્રત્યક્ષ થવું શક્ય નથી, જો તે આખી દુનિયાને દેખીને નિષેધ કરશે તો પોતે જ સર્વજ્ઞ બની જશે (આખું જગત જોનારને જ તો સર્વજ્ઞ કહેવાય)

સર્વજ્ઞની અનુપલબ્ધિથી તેના નાસ્તિત્વનું અનુમાન કરી શકાય, પરંતુ અમે ઉપર જણાવ્યું તેમ સર્વત્ર તેની અનુપલબ્ધિ શક્ય નથી. માટે અનુમાનથી તેનો બાધ ન થાય. સ્વઆગમA[1]માં તો અનેક ઠેકાણે સર્વજ્ઞનો ઉલ્લેખ છે અને પરઆગમB[2]માં પણ છે, માટે તેનાં વિષયમાં સંશય સંભવતો નથી.

---

१ विषयाणाम् । २ सन्देहः । ३ सुखादिवच्च सत्त्वमु-पा०

A[1]१ से भगवं अरहं जिणे केवली सव्वन्नू सव्वभावदरिसि सदेव मणुआसुरस्स लोगस्स पज्जाए जाणइ । आचा. श्रु.२ "तं नत्थि जं न पासइ भूयं भव्वं भविस्सं च" (आव.नि.गा.१२७/भग.श १ड.३२)

B[2] १. करुणापरतन्त्रास्तु स्पष्टतत्त्वनिदर्शिनः (तत्त्व० सं.का. ३५७१-२ बोद्ध)

२. एवं तत्त्वाभ्यासान्नास्मि न मे नाहमित्यपरिशेषम् । अविपर्ययाद्विशुद्धं केवलमुत्पद्यते ज्ञानम् ॥ (सांख्यकरिका ६४)

३ धर्मविशेषप्रसूतात् द्रव्यगुणकर्म-सामान्य-विशेष-समावयानां पदार्थानां साधर्म्यवैधर्म्याभ्यां तत्त्वज्ञानानिःश्रेयसम् (वैशेषिकसूत्र १.१.४) ४ आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेन इदं सर्वं विदितम् । " (बृहदारण्यक २.४.५।)

§ ६७. उभयसिद्धो धर्मी यथा अनित्यः शब्द इति । नहि प्रत्यक्षेणार्वाग्दर्शिभि[1]रनियत[2]त-दिग्देशकालावच्छिन्नाः सर्वे शब्दाः शक्या निश्चेतुमिति शब्दस्य प्रमाणबुद्ध्युभयसिद्धता ते[3]नानित्यत्वादिर्धर्मः प्रसा[4]ध्यत इति ॥१७॥

§ ६८. ननु दृष्टान्तोऽप्यनुमानाङ्गतया प्रतीतः । तत् कथं साध्यसाधने एवानुमानाङ्गतया प्रतीतः । तत् कथं साध्यसाधने एवानुमानाङ्गमुक्ते न दृष्टान्तः ? इत्याह-

न[5] दृष्टान्तोऽनुमानाङ्गम् ॥१८॥

૬૭. શબ્દ, અનિત્ય છે' અહીં શબ્દ ઉભયસિદ્ધ ધર્મી છે. અલ્પજ્ઞ માણસો અનિયત દિશા દેશ કાલનાં બધા શબ્દોનો પ્રત્યક્ષથી નિશ્ચય કરી શકતા નથી. માત્ર વર્તમાનકાલીન અને ઈંદ્રિય સંબધ્ધ શબ્દો જ એમને પ્રત્યક્ષ થાય છે, એથી તેઓની અપેક્ષાએ અજ્ઞાત તેવાં શબ્દો બુદ્ધિસિદ્ધ થયા અને શેષ પ્રત્યક્ષથી સિદ્ધ થયા. અને વળી નિર્મળ અવધિજ્ઞાનીને તેમજ કેવલજ્ઞાની અને અનુમાન અને આગમ પ્રમાણથી બુદ્ધિશાલી શ્રુતસંપન્નને શબ્દ સિદ્ધ છે જ.

[(વિશેષાવશ્યક ભાષ્યમાં શબ્દને સંપૂર્ણ લોકમાં જણાવેલ છે. આ આગમ દ્વારા શબ્દ–પક્ષ પૂરેપૂરો જ્ઞાત બને છે. વાસિત ભાષાવર્ગણાથી શબ્દ સર્વત્ર ફેલાઈ શકે છે. એવું અનુમાનથી જાણી શકાય છે(તથાહિ → આત્મગૃહીત ભાષા વર્ગણા, સર્વત્ર (૧૪ રાજ)માં ફેલાય છે, અન્ય વર્ગણાને વાસિત કરતી હોવાથી જેમ ટી.વી.ના દેશ્યને ઝીલનાર અને પુનઃરીલે કરનાર સ્ટેશન મળે તો તે દેશ્ય દૂર સુધી જાય–ફેલાય છે. આ વર્ગણા અગૃહીત એવી ભાષા વર્ગણાને પણ વાસિત કરે છે, પુનઃ તે વાસિત વર્ગણામાં પણ એવો સ્વભાવ છે કે તે સમશ્રેણી દિશાની ભાષા વર્ગણાને વાસિત કરે છે. આવી અગૃહીત વર્ગણાતો સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. જેમ કેનાલ–નીકનું પાણી ધક્કો મારતા રહીએ તો દૂર-દૂર જાય તેમ શબ્દ પણ વાસિત થવાથી માત્ર "ત્રણ" સમયમાં) સર્વત્ર ફેલાઈ શકે છે. ભાષા વર્ગણા સ્વરૂપ શબ્દ છે તે મૂળ તો પુદ્ગલદ્રવ્ય હોવાથી નિત્ય છે અને અમુક પરમાણુ જથ્થો એકઠો થાય ત્યારે ભાષાવર્ગણાના પરિણામને પામે છે, અને જીવગૃહીત થઈ તેનું વિસર્જન કરતા ધ્વનિરૂપે સંભળાય છે, પુદ્ગલનો પર્યાય હોવાથી અનિત્ય છે, આગમજ્ઞાની વગેરેને આ બધા શબ્દોનો ખ્યાલ છે, માટે એમને ભૂત ભાવી શબ્દોનો વિકલ્પ કરવાની જરૂરત નથી.] તેથી ઉભયસિદ્ધ ધર્મીમાં અનિત્યત્વાદિ ધર્મ સિદ્ધ કરાય છે. ॥૧૭॥

૬૮. શંકાકાર : દૃષ્ટાન્ત પણ અનુમાનના અંગ તરીકે પ્રતીત થાય છે. તો પછી સાધ્ય અને સાધન જ અનુમાનના અંગ છે. એમ કેમ કહ્યું ? દૃષ્ટાન્તને અનુમાનનું અંગ શા માટે ન જણાવ્યું.

તેનો જવાબ આપતા કહે છે.....

દૃષ્ટાંત અનુમાનનું અંગ નથી. ॥૧૮॥

---

१ प्रमातृभिः । २ -०रनियतदिग्दर्शिभिर्नियतदिग्देश -डे० । ३ किं सिद्धम् ? । ४ प्रसाध्य इति-ता० । ५ अष्टादशमेकोनविंशतितमं च सूत्रद्वयं ता-मू० प्रतौ भेदकचिह्नं विना सहैव लिखितं दृश्यते । अत्रास्माकमपि द्वयोरेकत्वं सुचारु भाति-सम्पा० ।

§ ૬૯. 'दृष्टान्तः' वक्ष्यमाणलक्षणो नानुमानस्य 'अङ्गम्' कारणम् ॥१८॥

§ ૭૦. कुत इत्याह-

साधनमात्रात् तत्सिद्धेः ॥१९॥

§ ૭૧. दृष्टान्तरहितात्साध्यान्यथानुपपत्तिलक्षणात् 'साधनात्' अनुमानस्य साध्यप्रतिपत्तिलक्षणस्य भावान्न दृष्टान्तोऽनुमानाङ्गमिति ।

§ ૭૨. स[1] हि साध्यप्रतिपत्तौ वा, अविनाभावग्रहणे वा, व्याप्तिस्मरणे वोपयुज्येत ? । न तावत् प्रथमः पक्षः, यथोक्तादेव हेतोः साध्यप्रतिपत्तेरुपपत्तेः । नापि द्वितीयः, विप[2]क्षे बाधकादेवाविनाभाव-ग्रहणात् ।

किंच, व्यक्तिरूपो दृष्टान्तः । स कथं साकल्येन व्याप्तिं गमयेत् ? व्यक्त्यन्तरेषु व्याप्त्यर्थं दृष्टान्तान्तरं मृग्यम् । तस्यापि व्यक्तिरूपत्वेन साकल्येन व्याप्तेरवधारयितुमशक्यत्वादपरापरदृष्टान्तापेक्षायामनवस्था स्यात् ।

---

૬૯. કહેવાતા સ્વરૂપવાળું દૃષ્ટાન્ત અનુમાનનું અંગ-કારણ નથી. ॥૧૮॥

૭૦ કેમ નથી તે જણાવે છે.

માત્ર સાધનથી જ અનુમાનની સિદ્ધિ થતી હોવાથી ॥૧૯॥

૭૧. દૃષ્ટાંત વગરનાં સાધ્યની સાથે અન્યથાનુપપન્ન સાધનથી જ સાધ્યનું જ્ઞાન થવાં સ્વરૂપ અનુમાનની સિદ્ધિ થઈ જાય છે. એથી દૃષ્ટાંતને અનુમાનનું અંગ માનવું આવશ્યક નથી.

૭૨. ભાઈ ! દૃષ્ટાંત શું ઉપયોગી છે ? શું તે સાધ્યની પ્રતિપત્તિ કરવામાં ઉપયોગી બને છે કે (૨) અવિનાભાવનો નિશ્ચય કરવામાં ? કે (૩) વ્યાપ્તિનું સ્મરણ કરવામાં ઉપયોગી બને છે ?

સાધ્યની પ્રતિપત્તિ માટે તો તેની જરૂર નથી. કારણ કે ઉપરોક્ત અન્યથાનુપપન્ન લક્ષણવાળાં સાધનથી જ સાધ્યની ખબર પડી જાય છે. ધૂમ એ વહ્નિ વિના રહી શકતો નથી, માટે ધૂમ દ્વારા જ વહ્નિનો બોધ થઈ જાય છે. બીજો પક્ષ પણ યુક્ત નથી.કારણ કે વિપક્ષમાં બાધક પ્રમાણથી સાધ્યનો બાધ થતો હોવાથી અવિનાભાવનો નિશ્ચય થઈ જાય છે.

વળી દૃષ્ટાંતતો વ્યક્તિરૂપ છે, તે પરિપૂર્ણ રૂપે વ્યાપ્તિને કેવી રીતે જણાવી શકે ? એટલે કે જ્યાં ધૂમ ત્યાં અગ્નિ હોય છે જેમ રસોડું આ દૃષ્ટાંત છે. પણ તે વ્યક્તિરૂપ હોવાથી સ્વમાં સીમિત છે. એટલે રસોડામાં ધૂમ અને અગ્નિ છે" આટલી જ ખાત્રી રસોડું દેખતા થઈ શકે. પણ તેનાથી "ત્રણ કાલ અને ત્રણ લોકમાં જયાં ક્યાંય ધૂમ છે, ત્યાં અગ્નિ અવશ્ય હોય છે," એવો નિર્ણય થઈ શકતો નથી. વ્યક્તિરૂપ દૃષ્ટાંતથી વ્યાપ્તિનો ગ્રહ શક્ય ન હોવાથી અન્ય વ્યક્તિઓમાં વ્યાપ્તિનો ગ્રહ કરવા બીજું દૃષ્ટાંત શોધવું પડશે. તે દૃષ્ટાંત પણ

---

१ दृष्टान्तः । २ वर्तमानस्य हेतोः ।

नापि तृतीयः, गृहीतसम्ब[1]न्धस्य साधनदर्शनादेव व्याप्तिस्मृतेः । अगृहीतसम्बन्ध[2]स्य दृष्टा[3]न्तेऽप्यस्मरणात् उप[4]लब्धिपूर्वकत्वात् स्मरणस्येति ॥१९॥

§ ७३. दृष्टान्तस्य लक्षणमाह-

स व्याप्तिदर्शनभूमिः ॥२०॥

§ ७४. 'स' इति दृष्टान्तो लक्ष्यं 'व्याप्तिः' लक्षितरूपा 'दर्शनम्' परस्मै प्रतिपादनं तस्य 'भूमिः'आश्रय इति लक्षणम् ।

§ ७५ ननु यदि दृष्टान्तोऽनुमानाङ्गं न भवति तर्हि किमर्थं लक्ष्यते ? । उच्यते । परार्थानुमाने

વ્યક્તિરૂપ હોવાથી સમસ્ત રીતે વ્યાપ્તિનું અવધારણ કરવા સમર્થ નથી. તેથી અન્ય-અન્ય દૃષ્ટાંતની અપેક્ષા રહેવાથી અનવસ્થા થશે. સમસ્ત દેશ કાળમાં વ્યાપ્તિનું અવધારણ કરવું તેનું નામ જ તો અવિનાભાવનો નિશ્ચય છે.

ત્રીજો પક્ષ પણ યોગ્ય નથી. કારણ જેણે અવિનાભાવ સંબંધનો ખ્યાલ છે, તેને હેતુનાં દર્શનથી જ વ્યાપ્તિનું સ્મરણ થઈ જાય છે. જેણે અવિનાભાવ સંબંધ ગ્રહણ કર્યો નથી, તેને દૃષ્ટાંતનો પ્રયોગ કરવા છતાં વ્યાપ્તિનું સ્મરણ થતું નથી. કારણ કે સ્મરણ તો તેનું જ થાય જેની પહેલાં ઉપલબ્ધિ (ગ્રહણ) થઈ હોય. [પહાડમાં ધૂમ દેખે ત્યારે કોઈ એને રસોડાનું દૃષ્ટાંત આપે કે રસોડામાં પણ ધૂમ છે સાથે અગ્નિ પણ છે. હવે માત્ર આ એક દૃષ્ટાંતથી સંપૂર્ણ વ્યાપ્તિ તો ઉભી થતી નથી. માત્ર તેને આટલો જ ખ્યાલ આવે કે રસોડામાં ધૂમ અને વહ્નિ સાથે રહ્યા છે. ચૈત્રને એક ઠેકાણે ઘોડા સાથે જોઈ લેવાથી કે જાણી લેવાથી "यत्र यत्र चैत्रः तत्रः अश्व" આવી વ્યાપ્તિ ન બની શકે.

એટલે પહેલા વ્યાપ્તિની ઉપલબ્ધિ થયેલી હોય તો જ (વ્યાપ્તિના બે સંબંધી છે હેતુ અને સાધ્ય) તેમાંનો એક સંબંધી—હેતુને જોતા "એક સંબંધિ જ્ઞાનં અપરસંબંધિ સ્મારકં ભવતિ" આન્યાયથી પુરુષને વ્યાપ્તિ યાદ આવે. જ્યારે અહીં તો પૂર્વે કોઈ આવા વ્યાપ્તિજ્ઞાનનો અનુભવ કર્યો નથી, તો તેવા પુરુષને સ્વતંત્ર રીતે વ્યાપ્તિનું સ્મરણ કેવી રીતે સંભવે ? કા.કે. અનુભૂતને યાદ કરવું એનું જ નામ સ્મરણ છે, અનુભૂત વિષયનો પુનઃ તેજ રૂપે ખ્યાલ આવવો તે સ્મરણ] ॥૧૯॥

૭૩. દૃષ્ટાંતનું લક્ષણ-સ્વરૂપ દર્શાવે છે.....

વ્યાપ્તિને દેખાડવાનું સ્થાન તે દૃષ્ટાંત છે ॥૨૦॥

૭૪. "स" શબ્દ-દૃષ્ટાંત એટલે કે લક્ષ્યનો દ્યોતક છે, વ્યાપ્તિ જેનું લક્ષણ બતાવી ચૂકયા છીએ, તેનું દર્શન એટલે બીજાને પ્રતિપાદન કરવું તેની ભૂમિ - આશ્રય આ આખું લક્ષણ થયું.

૭૫. શંકાકાર : જો દૃષ્ટાંત અનુમાનનું અંગ નથી તો પછી તેનું લક્ષણ કેમ બતાવો છો ?

---

૧ पुंसः । ૨ पुंसः । ૩ सति । ૪ दर्शनम् ।

बो[1]ध्यानुरोधादापवादिकस्योदाहरणस्यानुज्ञास्यमा[2]नत्वात् । तस्य[3] च दृष्टान्ताभिधानरूपत्वादुपपन्नं दृष्टान्तस्य लक्षणम् । प्रमातुरपि कस्यचित् दृष्टान्तदृष्टबहिर्व्याप्तिबलेनान्तर्व्याप्तिप्रतिपत्तिर्भवतीति स्वार्थानुमानपर्वण्य[4]पि दृष्टान्तलक्षणं नानुपपन्नम् ॥२०॥

§ ७६. तद्विभागमाह-

स[5] साधर्म्यवैधर्म्याभ्यां द्वेधा ॥२१॥

સમાધાન : પરાર્થાનુમાનમાં બોધ્ય–અનુમાન જેને સમજાવવાનું છે તેવા શિષ્યાદિનાં અનુરોધથી અપવાદરૂપે ઉદાહરણ આપવાની અનુજ્ઞા આપવામાં આવે છે, સ્વાર્થાનુમાનમાં તો જાતે જ સમજવાનું હોય છે એટલે વ્યક્તિને અવિનાભાવનું જ્ઞાન હોયતો હેતુને જોતા જ અનુમાન થઈ જ જવાનું છે. એટલે પોતાને સમજવા માટે તો દાખલાની જરૂર પડતી નથી. "જ્યાં ધૂમ હોય ત્યાંવહ્નિ હોય જ છે, વહ્નિ વિના ધૂમ હોઈ ન શકે આવો મને- પ્રમાતાને ખ્યાલ હોય, તો ધૂમ જોતા જ વહ્નિનું અનુમાન થઈ જ જાય છે. [સામેની વ્યક્તિને ધૂમ હોય ત્યાં વહ્નિ હોય, વહ્નિ વિના ધૂમ ન હોય આવું કહેવા માત્રથી મગજમાં ક્યારેક ચોક્કસ-ફીટ થતું નથી. તેથી તેને જે સ્થાન પરિચિત હોય ત્યાં સાધનનો અન્વય બતાવીએ કે વ્યતિરેક દર્શાવીએ તો તેને જલ્દીથી આપણી વાત ગળે ઉતરી જાય. જેમકે તેં રસોડામાં જોયું છે ને ત્યાં આગ હોયં અને ધૂમાડો પણ હોય છે. પરંતુ જ્યાં સુધી આગ ન પેટાવીએ ત્યાં સુધી તે રસોડામાં પણ ધૂમાડો જોવા ન મળે. અને ઉદાહરણ દૃષ્ટાંતના કથન રૂપ છે, માટે દૃષ્ટાંતનું લક્ષણ કહેવું ઉચિત છે. अयं सुगतिगामी पण्डितमरण-स्वीकृत्तवात्" આ હેતુ સાચો છે, પણ પ્રમાતાને પોતાને પણ આવો દાખલો મળી જાય તો તેને તરત જ એ વાત મગજમાં ફીટ થાય છે. બહિર્વ્યાપ્તિ=સપક્ષ એવા શાલિભદ્ર, અરણિકમુનિ અવંતિસુકુમાલ ઈત્યાદિ સપક્ષમાં તેવું જોવાથી અંતર્વ્યાપ્તિ પક્ષ–વિવક્ષિત અનશનસ્વીકારેલ પુરુષમાં સાધ્યની પ્રતીતિ કરાય છે / થાય છે. કોઈક પ્રમાતાને પણ દૃષ્ટાંતથી જોયેલી બહિર્વ્યાપ્તિના બળથી (પક્ષમાં વ્યાપ્તિ ઘટાડવી તે) અન્તર્વ્યાપ્તિની પ્રતિપત્તિ થાય છે. માટે સ્વાર્થ અનુમાનના પ્રસંગમાં પણ દૃષ્ટાંત લક્ષણ–કથન અનુચિત નથી. [કોઈક અનુમાન કરતા પક્ષમાં વ્યાપ્તિ ન બેસતી હોય "શબ્દ અનિત્ય છે કૃતક હોવાથી "જે જે કૃતક હોય તે તે અનિત્ય હોય છે" અહીં મીમાંસકના સંસ્કારના કારણે શબ્દમાં કૃતકત્વ સાથે અનિત્ય રહેલું છે" એવું માનવા મન હજી તૈયાર બનતું નથી. ત્યારે ઘટાદિના દાખલા આપી એ જાતે વિચારે કે જે જે ઘટાદિ કૃતક જોવામાં આવ્યા, તે બધાનો નાશ તો જોવા મળે જ છે. એમ સપક્ષમાં વ્યાપ્તિ બેસી ગઈ. તેના બળથી શબ્દમાં કૃતકત્વસાથે અનિત્યનો અવિનાભાવ માનવા હવે મન મંજૂર થઈ જશે.] ॥૨૦॥

૭૬ દૃષ્ટાન્તનાં ભેદ બતાવે છે-

---

૧ शिष्य० । ૨ अनुमंस्यमानत्वात् । ૩ उदाहरणस्य । ૪ प्रस्तावे । ૫ ता-मू०सं-मू०-प्रत्योः सवृत्तिकताडपत्रीयसूत्रे च 'स' नास्ति ।

§ ૭૭. स दृष्टान्तः ' साधर्म्येण' अन्वयेन 'वैधर्म्येण' च व्यतिरेकेण भवतीति द्विप्रकारः ॥२१॥

§ ७८. साधर्म्यदृष्टान्तं विभजते-

साधनधर्मप्रयुक्तसाध्यधर्मयोगी साधर्म्यदृष्टान्तः ॥२२॥

§ ७९. सा[1]धनधर्मेण प्रयु[2]क्तो न तु काकतालीयो यः साध्य[3]धर्मस्तद्वान् 'साधर्म्यदृष्टान्तः' । यथा कृतकत्वेनानित्ये शब्दे साध्ये घटादिः ॥२२॥

સાધર્મ્ય અને વૈધર્મ્ય ના ભેદથી દૃષ્ટાંત બે પ્રકારે છે ॥૨૧॥

સ–દૃષ્ટાંત સાધર્મ્યથી = અન્વયથી વૈધર્મ્ય–વ્યતિરેકથી થાય છે, માટે દૃષ્ટાંતના બે પ્રકાર છે. સાધર્મ્ય કે વૈધર્મ્ય એમ બે રીતે દાખલા ઉભા થતા હોવાથી / મળતા હોવાથી દૃષ્ટાંતના બે પ્રકાર પડે છે. ॥૨૧॥

૭૮. સાધર્મ્ય દૃષ્ટાંતનું સ્વરૂપ દર્શાવે છે....

સાધનધર્મથી પ્રયુક્ત જે સાધ્યધર્મ તેનાં યોગવાળુ સાધર્મ્ય દૃષ્ટાંત છે ॥૨૨॥

૭૯ સાધન ધર્મનો પ્રયોગ કરવાથી જાણવામાં આવેલ જે સાધ્યધર્મ છે તેનાં યોગવાળો જે ધર્મી તે સાધર્મ્ય દૃષ્ટાંત.

અહીં પ્રયુક્ત શબ્દ મૂકીને "કાગડાનું બેસવું ડાળનું તૂટી જવું" આ ન્યાયથી એમને એમ સાધ્ય ધર્મ જોવા મળી જાય તેવો ધર્મી સાધર્મ્ય દૃષ્ટાંત ન કહેવાય", તેવું જણાવ્યું છે. જેમકે શબ્દ અનિત્ય છે, કૃતક હોવાથી જેમ ઘટાદિ, અહીં ઘટાદિ" સાધર્મ્ય દૃષ્ટાંત છે. તેનું કારણ એ છે કૃતક હોવાથી તેમાં અનિત્યતા છે.એટલે સપક્ષમાં સાધ્ય રહ્યું છે તેમાં સાધ્યનો અવિનાભૂત નિમિત્ત રૂપે હેતુ હોવો જોઈએ. "આ પ્રદેશ ઉષ્ણ સ્પર્શવાળો છે" અગ્નિવાળો હોવાથી, જેમકે રાજગૃહીના કુંડનું પાણી. આ દાખલો ન અપાય કારણ કે ત્યાં પાણી ઉષ્ણસ્પર્શવાળું છે, તે તો એમનું એમ પોતાની મેળે જ છે, કાંઇ અગ્નિના યોગથી નથી. રસોડું, ભઠ્ઠી એ દાખલો યોગ્ય કહેવાય ત્યાં અગ્નિના યોગથી ગરમાશ છે. કોઈક પ્રશ્નનો જવાબ વિચાર્યો છતા ન આવડયો, અને ભણાવવા બેઠા અને અચાનક આવડી ગયો, તેમાં ભણાવવા બેસવું એ કારણ ન માની શકાય. આકાશમાં નજર પડતા એકાએક સંધ્યારાગ બદલાઈ ગયા. તેમ અગ્નિ પેદા થતા ધૂમ એકાએક પેદા થઈ જાય તો ત્યાં કાકતાલીય ન્યાય લાગુ પડે છે. તેવો દાખલો સાધર્મ્ય દૃષ્ટાંત ન બને. સાધનધર્મના આધારે પ્રસિદ્ધ કરેલ એવા સાધ્યધર્મવાળો દાખલો આપવો તે સાધર્મ્ય દૃષ્ટાંત, જેમ કૃતકત્વ હોવાના કારણે જ ઘટ અનિત્ય છે. એટલે હેતુના આલંબન વિના સીધે સીધો ઘટમાં અનિત્ય ધર્મ માનવો તે સાધર્મ્ય દૃષ્ટાંત ન બને.

---

१ साधनमेव धर्मः । २ कृतः । ३ साध्यो धर्म०-डे० ।

§ ८०. वैधर्म्यदृष्टान्तं व्याचष्टे-

साध्यधर्मनिवृत्तियुक्तसाधनधर्मनिवृत्तियोगी वैधर्म्यदृष्टान्तः[1] ॥२३॥

§ ८१. साध्यधर्मनिवृत्त्या प्रयुक्ता न यथाकथञ्चित् या साधनधर्मनिवृत्तिः तद्वान् 'वैधर्म्यदृष्टान्तः' । यथा कृतकत्वेनानित्ये शब्दे साध्ये आकाशादिरिति ॥२३॥

इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायाः प्रमाणमीमांसायास्तद्वृत्तेश्च
प्रथमस्याध्यायस्य द्वितीयमाह्निकम् ॥

---

८०. वैधर्म्य दृष्टांतनी व्याख्या करे छे.....

साध्यधर्मना अभावथी प्रयुक्त ज्यां साधनधर्मनो अभाव
निश्चित थयो होय ते वैधर्म्य दृष्टान्त ॥२३॥

८१. साध्यधर्मनां अभावनां लीधे ज जे साधनधर्मनो अभाव निश्चित थयो होय ते वैधर्म्य दृष्टांत छे. एटले एमने एम साधनधर्मनी निवृत्तिवाळु स्थान दृष्टांत न बने, जेमके शब्द अनित्य छे कृतक होवाथी जे अनित्य नथी के कृतक नथी जेम आकाश, अहीं आकाशमां अनित्यतानां अभावना कारणे ज कृतकतानो अभाव छे. मात्र एमनो एम कृतकतानो अभाव नथी. एथी आकाश वैधर्म्य दृष्टांत बने छे. ॥२३॥

आचार्य श्रीहेमचंद्रविरचित प्रमाणमीमांसा तथा तेनी वृत्तिना
॥ प्रथमाध्यायनो बीजो आह्निक समाप्त ॥
"पहेलो अध्याय पूरो"

---

१ इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां प्रमाणमीमांसायां प्रथमस्याध्यायस्य द्वितीयमाह्निकम् । प्रथमोऽध्यायः समाप्तः-ता-मू० । इत्या...द्वितीयाह्निकम् । प्रथमाध्यायः-सं-मू० ।

॥ अथ द्वितीयोऽध्यायः ॥

§ ૧. लक्षितं स्वार्थमनुमानमिदानीं क्रमप्राप्तं परार्थमनुमानं लक्षयति-

यथोक्तसाधनाभिधानजः परार्थम् ॥१॥

§ ૨. 'यथोक्तम्' स्वनिश्चितसाध्याविनाभावैकलक्षणं यत् 'साधनम्' तस्याभिधानम् । अभिधीयते परस्मै प्रतिपाद्यते अनेनेति 'अभिधानम्' वचनम्, तस्माज्जातः सम्यगर्थनिर्णयः 'परार्थम्' अनुमानं परोपदेशापेक्षं साध्यविज्ञानमित्यर्थः ॥१॥

§ ૩. ननु वचनं परार्थमनुमानमित्याहुस्तत्कथमित्याह-

वचनमुपचारात् ॥२॥

§ ૪. अचेतनं हि वचनं न साक्षात्प्रमितिफलहेतुरिति न निरुपचरितप्रमाणभावभाजनम्,

---

દ્વિતીય અધ્યાય

સ્વાર્થાનુમાનનું લક્ષણ દર્શાવ્યું હવે, ક્રમે આવેલા પરાર્થાનુમાનનું લક્ષણ કહે છે.....

પૂર્વોક્ત સાધનનાં કથનથી ઉત્પન્ન થનારો સમ્યગ્ અર્થ નિર્ણય પરાર્થાનુમાન છે. ॥૧॥

૨ યથોક્ત-પોતાનીસાથે સાધ્યનો અવિનાભાવ નિશ્ચિત છે, એવું અસાધારણ સ્વરૂપવાળુ જે સાધન, તેનું બીજાને પ્રતિપાદન કરવા દ્વારા શ્રોતાને ઉત્પન્ન થનારો સમ્યગ્અર્થ નિર્ણય તે પરાર્થાનુમાન છે, એટલે કે પરોપદેશની અપેક્ષાએ ઉત્પન્ન થનારૂં સાધ્યને લગતું જ્ઞાન પરાર્થાનુમાન છે. અભિધાન = જેના દ્વારા બીજાને પ્રતિપાદન કરાય તે એટલે કે વચન–કથન ॥૧॥

૩. શંકાકાર : સાધ્ય જ્ઞાનને તો પરાર્થાનુમાન કહેવામાં આવે તે બરાબર છે, પરંતુ જડ-વચનને અનુમાન કેવી રીતે કહેવાય ? તેનો જવાબ આપે છે.....

[પ્ર. ननु...થી શંકા કરી છે તે કેમ કરી ? કારણ કે ઉપરના સૂત્રમાં તો "वचनं परार्थानुमानं" આવુ કહ્યું નથી તો શંકા શેના આધારે કરી ?

ઉ. ઉપર સૂત્રમાં જે "अभिधानज" કહ્યું છે તેનો જ અર્થ વચનથી પેદા થયેલું, તેને લઈને અહીં શંકા કરી છે કે વચન જ્ઞાન રૂપ ન હોવાથી તેને પરાર્થાનુમાન યથાર્થ–અનુભવ રૂપે કેમ મનાય ?]

ઉપચારથી વચનને (પરાર્થાનુમાન કહેવાય છે) ॥૨॥

૪. વચન (પૌદ્ગલિક હોવાથી) અચેતન છે. માટે સાક્ષાત્ પ્રમિતિ-ફલનું કારણ નથી. મુખ્ય રીતે–

---

૧ प्रथमं द्वितीयं च सूत्रद्वयं ता-मू० प्रती भेदकचिह्नं विना सहैव लिखितं दृश्यते । ૨ यथा उक्तम् ।

मुख्यानुमानहेतुत्वेन तूपचरितानुमानाभिधानपात्र[1]तां प्रतिपद्यते । उपचारश्चात्र कारणे कार्यस्य । यथोक्तसाधनाभिधानात् तद्विषया स्मृतिरुत्पद्यते, स्मृतेश्चानुमानम्, तस्मादनुमानस्य परम्परया यथोक्तसाधनाभिधानं कारणम्, तस्मिन् कारणे वचने कार्यस्यानुमानस्योपचारः समारोपः क्रियते । ततः समारोपात् कारणं वचनमनुमानशब्देनोच्यते । कार्ये वा प्रतिपादकानुमानजन्ये वचने कारणस्यानुमानस्योपचारः । वचनमौपचारिकमनुमानं न मुख्यमित्यर्थः ।

§ ५. इह च मुख्यार्थबाधे प्रयोजने निमित्ते चोप[2]चारः प्रवर्तते । तत्र मुख्योऽर्थः साक्षात्प्रमितिफलः सम्यगर्थनिर्णयः प्रमाण[3]शब्दसमानाधिकरणस्य परार्थानुमानशब्दस्य,

---

ઉપચારની સહાય વગર વચન પ્રમાણભાવને પ્રાપ્ત કરતું નથી. મુખ્ય અનુમાનનો વચન હેતુ હોવાથી ઉપચારથી તો તેને પરાર્થાનુમાન નામની-મહોર–છાપ પ્રાપ્ત થાય છે. અહીં (પરાર્થાનુમાનનાં) કારણમાં કાર્યનો (પરાર્થાનુમાનનો) ઉપચાર[1] કરવામાં આવ્યો છે.

પૂર્વોક્ત સાધનના કથનથી તેના-સાધન સાધ્યનાં વિષયવાળી સ્મૃતિ થાય છે. તેનાથી અનુમાન થાય છે. તેથી યથોકત સાધનનું કથન પરંપરાએ[2] અનુમાનનું કારણ છે. તે કારણભૂત વચનમાં કાર્યરૂપ અનુમાનનો ઉપચાર આરોપિત કરાય છે, તેથી આ આરોપણથી કારણભૂત વચનને અનુમાન શબ્દથી ઓળખાવવામાં આવે છે.

અથવા કાર્યમાં કારણનો ઉપચાર છે, કારણ કે પ્રતિપાદક–પ્રમાણિત કરનાર પોતાને બોધ થાય પછી જ તદનુસાર વચન ઉચ્ચારી શકાય છે, એટલે સ્વાર્થનુમાન આત્મામાં તે વસ્તુ વિષયને પ્રથમ પ્રમાણિત કરી આપે છે. એવા સ્વાર્થાનુમાનથી જન્ય વચન રૂપ કાર્યમાં કારણનો–અનુમાનનો ઉપચાર કરાયો છે. એટલે કે વચન ઔપચારિક અનુમાન છે, પણ મુખ્ય નથી.

૫. અને અહીં જો મુખ્ય અર્થમાં બાધા આવતી હોય, પરંતુ કોઈ પ્રયોજન અને નિમિત્ત હોય તો મુખ્યાર્થનો ઉપચાર કરવામાં આવે છે. પરાર્થાનુમાનનો મુખ્ય અર્થ પ્રમિતિને સાક્ષાત્ ઉપત્ન્ન કરનાર સાક્ષાત્ પ્રમિતિફળ સ્વરૂપ સમ્યગ્ અર્થ નિર્ણય છે. બીજાને જે સમ્યગ અર્થ નિર્ણય થાય છે, તેમાં પ્રમાણ શબ્દનો પ્રયોગ થાય છે, તેમાં જ પરાર્થાનુમાન શબ્દનો પણ પ્રયોગ થાય છે, માટે પ્રમાણ શબ્દનો સમાનાધિકરણ પરાર્થાનુમાન શબ્દ થયો. (પરંતુ જ્યારે પરાર્થાનુમાન શબ્દનો પ્રયોગ પ્રતિજ્ઞાદિવચનને આશ્રયી થાય છે, ત્યારે પરાર્થાનુમાન શબ્દ પ્રયોગ પ્રમાણ શબ્દનો સમાનાધિકરણ નથી બનતો,) જ્યારે મુખ્યવાત પ્રમાણની હોવાથીનું પ્રમાણ શબ્દનો જે અર્થ હોય તે જ મુખ્યાર્થ કહેવાય. પરંતુ પ્રમાણ શબ્દના સમાનાધિકરણ એવા પરાર્થાનુમાન શબ્દમાં સમ્યગર્થ નિર્ણયત્વનો બાધ આવે છે. કા.કે. વચન જડાત્મક છે, તે નિર્ણય સ્વરૂપ હોઈ શકે નહિ. એટલે વચનમાં મુખ્ય અર્થનો બાધ છે. જેમકે માણસને અગ્નિ કહ્યો, તેમાં મુખ્યાર્થ જે દાહકત્વ

---

१ अनुमानशब्दवाच्यताम् । २ मुख्यार्थस्योपचारः । ३-० शब्दः समा-०ङे० ।

---

૧ કઈરીતે પરંપરાએ કારણ છે તે સ્પષ્ટ કરે છે.....

પ્રથમ અવિનાભાવવાળું સાધનનું કથન કરીએ જેમકે "વહ્નિ અવિનાભાવી ધૂમ છે" આવું કહેવાથી સામેની વ્યક્તિને–શ્રોતાને જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં વહ્નિ હોય છે, એવી સાધન–સાધ્યને વિષય બનાવનારી વ્યાપ્તિ તેને સ્મૃતિમાં આવે છે અને વ્યાપ્તિ (જ્ઞાન)નુંસ્મરણ થવાથી "અયંવહ્નિમાન્" એવો બોધ- નિર્ણય તે શ્રોતાને થાય છે. એમ કથનતો માત્ર વ્યાપ્તિનું સ્મરણ કરાવે છે, સાક્ષાત્ અનુમાનનું કારણ નથી માટે તે પરંપરાએ અનુમાનનુંકારણ છે.

૨ પ્રતિપાદક : પ્રમાણિતકરનાર, વ્યાખ્યા કરનેવાળા, સમર્પિત કરનેવાળા (સં.હિ.)

तस्य[1] बाधा, वचनस्य निर्णयत्वानुपपत्तेः । प्रयोजनम् अनुमानावयवाः प्रतिज्ञादय इति शास्त्रे व्यवहार एव, निर्ण[2]यात्मन्यनंशे[3]तद्व्यवहारानुपपत्तेः । निमि[4]त्त तु निर्णयात्मकानुमानहेतुत्वं वचनस्येति ॥२॥

तद् द्वेधा ॥ ३ ॥

§ ६. 'तद्' वचनात्मकं परार्थानुमानं 'द्वेधा' द्विप्रकारम् ॥३॥

§ ७. प्रकारभेदमाह-

તેનો બાધ છે, એટલે કે અગ્નિનું મુખ્ય કામ છે પોતાને સ્પર્શકરનાર એવા બીજાને બાળવું, જ્યારે આ માણવક-એકનાનો બાળક/મૂર્ખવ્યક્તિ પોતાને અડનારને બાળીને ખાખ કરતો નથી-દઝાડતો નથી. એમ અગ્નિનો જે મુખ્ય અર્થ છે તેનો તો માણવકમાં બાધ છે, છતાં માણવકને અગ્નિ કહ્યો છે; તેનું પ્રયોજન એ છે કે જેમ અગ્નિથી દૂર રહેવું જોઈએ, એમ આપણને ખબર છે, બસ તેમ આનાથી પણ દૂર રહેવું જોઈએ" આવી બુદ્ધિ જગાડવામાં આ કથન ઉપયોગી બને છે. પણ આ માણવક માટે આવો શબ્દ પ્રયોગ કયા નિમિતથી—કારણથી કર્યો ? જેમ અગ્નિ ઉપતાપ કરનાર છે, તેમ આ ધમાલિયો છોકરો બધાને પીડા કરનારો છે. એમ માણવકમાં મુખ્યાર્થ દાહકનો બાધ છે પણ પ્રયોજન અને નિમિત્તના લીધે તેમાં અગ્નિનો ઉપચાર થાય છે.

તેજ રીતે પ્રતિજ્ઞાદિ વચનમાં સમ્યગર્થ નિર્ણયનો (અનુમાન મુખ્યાર્થ પ્રમાણનો) અભાવ છે, કારણ કે વચન ભાષાવર્ગણા છે—જડ છે, તેથી ચૈતન્યનો અભાવ હોવાથી કોઈ પણ જાતનું જ્ઞાન જ સંભવતું નથી. જ્યારે શાસ્ત્રમાં પ્રમાણનો મુખ્ય અર્થ તો 'સમ્યગ્ અર્થ નિર્ણય' જ જણાવેલ છે, એટલે વચનમાં મુખ્યાર્થનો બાધ છે. પરંતુ ત્યાં પ્રયોજન રહેલું છે કે પ્રતિજ્ઞા વગેરે અનુમાનનાં અવયવ છે." એવો શાસ્ત્રમાં વ્યવહાર છે, પરંતુ નિર્ણયસ્વરૂપ અનંશ—અંશવિનાના પરાર્થાનુમાનમાં 'પ્રતિજ્ઞા વગેરે અનુમાનના અવયવ છે' એવો વ્યવહાર સંભવી શકતો નથી કા.કે. નિર્ણય તો જ્ઞાનાત્મક હોવાથી તેના કોઈ અંશ પડતા નથી. વળી તે પ્રતિજ્ઞાવિ. બધા વચનરૂપ છે, એથી, વચનને અનુમાનરૂપે માનવામાં આવે તો જ પ્રતિજ્ઞા વગેરેનો અનુમાનનાં અવયવ તરીકે વ્યવહાર ઘટી શકે. મુખ્યનિરુપચરિત જે પરાર્થાનુમાન છે, તે તો નિર્ણયસ્વરૂપ હોવાથી અંશવિનાનું છે, માટે તેના અવયવ સંભવી શકતા નથી, વળી જેવા અવયવ હોય તેવો-તે જાતિનો અવયવી હોય, માટે નિર્ણયાત્મક પરાર્થાનુમાનના વચનાત્મક તો પ્રતિજ્ઞા વગેરે અવયવ બની શકતા નથી. માટે વચનાત્મક અવયવી રૂપે પરાર્થાનુમાન માનવું જરૂરી છે. એટલે પાંચ અવયવવાળું વચનાત્મક પરાર્થાનુમાન છે, તેના પ્રતિજ્ઞા વગેરે અવયવો છે. વચન નિર્ણયાત્મક અનુમાનનું કારણ છે, પ્રતિજ્ઞાવિ. સાંભળી પરર્થાનુમાન થતુ હોવાથી તે અહીં નિમિત્ત છે. એમ મુખ્ય અર્થમાં બાધા તેમજ પ્રયોજન અને નિમિત્તનો સદ્ભાવ હોવાથી વચનમાં અનુમાનનો ઉપચાર કરવામાં આવે છે. ॥૨॥

તે બે પ્રકારે છે ॥૩॥

૬. તદ્-વચનાત્મક પરાર્થાનુમાન બે પ્રકારે છે ॥૩॥

૭. પ્રકાર ભેદને બતાવે છે....

---

१ अग्निर्माणवक इव इत्यत्र मुख्यार्थो दाहकत्वम्, वर्जनीयत्वबुद्धिः प्रयोजनम्, शाब्दप्रवृत्तौ निमित्तमुपतापकत्वम् । २ परार्थानुमाने । ३ पूर्वोक्त० । ४ प्रवृत्तौ ।

तथोपपत्त्यन्यथानुपपत्तिभेदात् ॥४॥

§ ८. 'तथा' साध्ये सत्येव 'उपपत्तिः' साधनस्येत्येकः प्रकारः । 'अन्यथा' साध्याभावे 'अनुपपत्तिः' चेति द्वितीयः प्रकारः। यथा अग्निमानयं पर्वतः [1]तथैव धूमवत्त्वोपपत्तेः, अन्यथा धूमवत्त्वानुपपत्तेर्वा । एतावन्मात्रकृतः परार्थानुमानस्य भेदो न पारमार्थि[2]कः स इति भेदपदेन दर्शयति ॥४॥

§ ९. एतदेवाह-

नानयोस्तात्पर्ये भेदः ॥५॥

§ १०. 'न[3]' 'अनयोः [4]तथोपपत्त्यन्यथानुपपत्तिरूपयोः प्रयोगप्रकारयोः 'ता[5]त्पर्ये' 'य[6]त्परः शब्दः स श[6]ब्दार्थः' इत्येवंलक्षणे तत्परत्वे, 'भेदः' विशेषः । एतदुक्तं भवति अन्यद[6]भिधेयं शब्दस्यान्यत्प्रकाश्यं प्रयोजनम् । तत्राभिधेयापेक्षया वाचकत्वं भिद्यते, प्रकाश्यं त्वभिन्नम्, अन्वये कथिते व्यतिरेकगतिर्व्यतिरेके

તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિનાં ભેદથી તે બે પ્રકારે છે ॥૪॥

૮. તથા - સાધ્ય હયાત હોય ત્યારે સાધનની હયાતી તે તથા–ઉપપત્તિ એક પ્રકાર છે. સાધ્યના અભાવમાં સાધનનો અભાવ હોવો તે અન્યથાનુપપત્તિ આ બીજો પ્રકાર થયો. જેમકે "આ પર્વત અગ્નિમાન્ છે," અગ્નિમાન્ હોય તો જ ધૂમવત્ત્વ હોઈ શકે છે, આ તથોપપત્તિ. "અગ્નિમાન્ ન હોય તો ધૂમવાન્ ન હોઈ શકે," તે અન્યથાનુપપત્તિ. આટલા માત્રથી જ પરાર્થાનુમાનનો ભેદ પાડવામાં આવ્યા છે, કોઈ વાસ્તવિક ભેદ નથી.

ભેદપદેન – ઉલ્લેખિત ભેદ પદ દ્વારા–સૂત્રમાં છેલ્લે ભેદાત્ એમ જે પદ મૂકેલ છે તેના દ્વારા સ-પરાર્થાનુમાનના બે ભેદ દર્શાવવામાં આવેલ છે, પણ વાસ્તવમાં ભેદ નથી.

૯. આ બાબતને–ભેદને સૂત્રમાં દર્શાવે છે....

બે વચ્ચે તાત્પર્ય બાબતમાં ફરક નથી ॥૫॥

[પ્ર. ભેદ પદનો અર્થ આવો કેવી રીતે થાય કે આ પરાર્થાનુમાનનો કરેલો ભેદ તે વાસ્તવિક ભેદ નથી? ઉ.→આ ભેદ પદ પ્રકાર અર્થમાં છે એટલે મુખ્યતો બન્ને પ્રકારે પરાર્થાનુમાન થાય છે, અન્ય નવું કંઈ પ્રમાણ ઉભું થતું નથી. બીજી રીતે કથન કરવા છતાં સમજાવાનો સાર તો એક જ નીકળે છે, જે જેનો પ્રકાર હોય તે તેનાથી જુદા-ભિન્ન ન હોય, એમ ભેદ એક્યતાને બતાવે છે. (જેમ સિદ્ધના ૧૫ ભેદ છે, પણ વાસ્તવમાં કશો ભેદ નથી, કા. કે. બધા સિદ્ધ સ્વરૂપ જ છે.)]

૧૦. અનયોઃ બન્ને પ્રકારનાં પ્રયોગના તાત્પર્યમાં ફરક નથી. તાત્પર્ય–યત્પર એટલે શબ્દ જેનો પરક હોય તે જ શબ્દાર્થ હોવો, તે સ્વરૂપ-વ્યાખ્યા મુજબ તેને લગતો હોય ત્યારે, ભેદ એટલે ફરક એતદુક્તં ભવતિ - શબ્દનું અભિધેય - શબ્દથી કહેવા યોગ્ય વાચ્ય અલગ હોય, અને પ્રકાશ્ય અલગ હોય જેમકે તથોપપત્તિથી વિધિ વાચ્ય છે અને અન્યથાનુપપત્તિથી નિષેધ વાચ્ય છે. ત્યાં અભિધેય- વિધિ અને નિષેધની અપેક્ષાએ વાચક શબ્દ પ્રયોગમાં ભેદ પડે જ છે. પરંતુ બન્નેનું પ્રકાશ્ય[1]- પ્રયોજન[1] એકજ અવિનાભાવ જ નીકળે છે. અભિપ્રાય એવો છે કે શબ્દનો વાચ્ય (વિધિ-નિષેધ) જુદો હોય અને પ્રકાશ્ય-સ્વરૂપ-વ્યાખ્યા પ્રયોજન (અવિનાભાવ) જુદું

---

૧ अग्निमत्त्वे सत्येव । २ -० क इति ०-डे० । ३ डे० प्रतौ 'न' नास्ति । ४ यः शब्दस्य परार्थस्तत् तात्पर्यमिति भावः । ५ यः परः प्रकृष्टेऽर्थोऽस्य । ६ शब्दस्यार्थः -ता० ७ (?) यस्तथोपपत्त्या विधिर्वाच्यः अन्यथानुपपत्त्या तु निषेधः ।

चान्वयगतिरित्युभयत्रापि साधनस्य साध्याविनाभावः प्रकाश्यते । न च यत्राभिधेयभेदस्तत्र तात्पर्यभेदोऽपि। नहि "पीनो देवदत्तो दिवा न भुङ्क्ते," "पीनो देवदत्तो रात्रौ भुङ्क्ते" इत्यनयोर्वाक्ययोरभिधेयभेदोऽस्तीति तात्पर्येणापि भेत्तव्यमिति भावः ॥५॥

§ ११. तात्पर्याभेदस्यैव फलमाह-

अत एव नोभयोः प्रयोगः ॥६॥

§ १२. यत एव नानयोस्तात्पर्ये भेदः 'अत एव नोभयोः' तथोपपत्त्यन्यथानुपपत्त्योर्युगपत् 'प्रयोगः' युक्तः । व्याप्त्युपदर्शनाय हि तथोपपत्त्यन्यथानुपपत्तिभ्यां हेतोः प्रयोगः क्रियते । व्याप्त्युपदर्शनं चैकयैव सिद्धमिति विफलो द्वयोः प्रयोगः । यदाह-

"हेतोस्तथोपपत्त्या वा स्यात्प्रयोगोऽन्यथापि वा ।
द्विविधोऽन्यतरेणापि साध्यसिद्धिर्भवेदिति ॥" [न्याया० १७]

§ १३. ननु यद्येकेनैव प्रयोगेण हेतोर्व्याप्त्युपदर्शनं कृतमिति कृतं विफलेन द्वितीयप्रयोगेण, तर्हि

હોય છે, એટલે વાચ્યરૂપે વિધિ નિષેધ આવ્યા અને પ્રકાશ્યરૂપે અવિનાભાવ આવ્યો ત્યાં વાચ્યની અપેક્ષાએ વાચક જુદુ પડી જાય છે. પરંતુ પ્રકાશ્ય—આશય એક જ રહે છે. અન્વય કહેવાતો હોય ત્યારે વ્યતિરેકનો ખ્યાલ આવી જાય છે. અને વ્યતિરેક કહેવાતો હોય ત્યારે અન્વયનો ખ્યાલ આવી જાય છે. બન્ને ઠેકાણે સાધનનો સાધ્ય સાથે અવિનાભાવ પ્રકાશિત થાય છે. એમ વાચ્યની અપેક્ષાએ વાચક શબ્દપ્રયોગમાં ભેદ પડવા છતા બન્નેનું તાત્પર્ય-ભાવાર્થ તો એક જ નીકળે છે. પરંતુ એવી કાંઇ છાપ નથી કે જ્યાં વાચ્યનો ભેદ હોય ત્યાં તાત્પર્ય ભેદ પણ હોય જ. "અલમસ્ત જાડો દેવદત્ત દિવસે ખાતો નથી," "જાડો દેવદત્ત રાત્રે ખાય છે." આ બંને વાક્યોમાં અભિધેય ભેદ છે, પરંતુ તેથી તાત્પર્ય પણ (કહેવાનો ભાવાર્થ) જુદુ હોવું જોઇએ એમ નથી. આ બન્ને વાક્યમાં શબ્દ ભેદ છે; પણ આ બન્ને વાક્યનો ભાવાર્થ તો સ્પષ્ટ છે કે તે રાત્રે ખાઇને જાડો થયો છે. આજ સૂત્રાર્થનો ભાવ છે.

૧૧ તાત્પર્યના અભેદનું જ ફળ કહે છે....

એથી જ બન્નેનો એક ઠેકાણે પ્રયોગ નથી કરાતો ॥૬॥

૧૨. આ બન્નેનાં તાત્પર્યમાં ભેદ નથી. એથી જ કરીને ઉભયનો=તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિનો એક સાથે પ્રયોગ કરવો ઉચિત નથી. બરોબર વ્યાપ્તિનું પ્રદર્શન કરાવવા માટે જ તો તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિ દ્વારા હેતુનો પ્રયોગ કરવામાં આવે છે.

હવે જો વ્યાપ્તિનું ઉપદર્શન એકથી સિદ્ધ થઇ જાય છે, માટે બેનો પ્રયોગ કરવો વ્યર્થ છે.

કહયું પણ છે.

હેતુનો પ્રયોગ બે પ્રકારે છે. તથોપપત્તિ કે અન્યથાનુપપત્તિથી પણ થાય છે. બે માંથી કોઈપણ એકથી સાધ્યની સિદ્ધિ થઈ જાય છે. (ન્યાય૧૭)

---

१ नित्ति(?) शेषः । २ सूत्रार्थस्य ।

---

૧ પ્રયોજન= ઉદ્દેશ્ય, લક્ષ્ય, અભિપ્રાય (સં.હિ.) એટલે ન્યાયબિંદુ ટીકામાં પણ પ્રકાશ્યં-પ્રયોજનં બે પદનો પ્રયોગકર્યો છે, તેની તુલના કરીને આચાર્યશ્રીએ પણ બે પ્રયોગ કર્યા છે, આનાથી ઉદાહરણ પણ બતાવી દીધુ કે વાચકમાં ભેદ છે, પણ બન્નેનો ભાવાર્થ એક જ છે. એટલે બન્ને પદ ભાવાર્થ-તાત્પર્યાર્થના અર્થમાં વપરાયેલ છે.

प्रतिज्ञाया अपि मा भूत् प्रयोगो विफलत्वात् । नहि प्रतिज्ञामात्रात् क[1]श्चिदर्थ प्रतिपद्यते, तथा[2] सति हि विप्रतिपत्तिरेव न स्यादित्याह-

विष[3]योपदर्शनार्थं तु प्रतिज्ञा ॥७॥

§ १४. 'विषयः' यत्र तथोपपत्त्यान्यथानुपपत्त्या वा हेतुः स्व[4]साध्यसाधनाय प्रार्थ्यते, तस्य 'उपदर्शनम्' परप्रतीतावारोपणं तदर्थं पुनः 'प्रतिज्ञा' प्रयोक्तव्येति शेषः ।

§ १५. अयमर्थः-परप्रत्यायनाय वचनमुच्चारयता प्रेक्षावता तदेव परे बोधयितव्या यद्बुभुत्सन्ते । तथासत्यनेन बुभुत्सिताभिधायिना परे बोधिता भवन्ति । न खल्वश्वान् पृष्टो गवयान् ब्रुवाणः प्रष्टुरवधेयवचनो भवति । अनवधेयवचनश्च कथं प्रतिपादको नाम ? । यथा च शैक्षो भिक्षुणाचचक्षे-भोः शैक्ष, पिण्ड[5]पा[6]तमाहरेति । स-एवमाचरा[7]मीत्यनभिधाय यदा त[8]दर्थं प्रयतते तदाऽस्मै क्रुध्यति भिक्षुः-आः शिष्याभास भिक्षुखेट, अस्मानवधीरयसीति[9] विब्रुवा[10]णः । एवमनित्यं शब्दं बुभुत्समानाय अनित्यः शब्द इति विषय[11]मनुपदर्श्य यदेव किञ्चिदुच्यते-कृतकत्वस्यान्यथानुपपत्तेरिति वा, तत् सर्वमस्या[12]नपेक्षितमापा[13]ततोऽसम्बद्धाभिधानबुद्ध्या, तथा चानव[14]हितो न बोद्धुमर्हतीति ।

---

૧૩. શંકાકાર : જો હેતુના કોઈ પણ એક પ્રયોગથી વ્યાપ્તિનું જ્ઞાન થઈ જાય છે, તો પછી નકામા એવા બીજા પ્રયોગને રહેવા દો.

વળી તો પછી પ્રતિજ્ઞાનો પણ પ્રયોગ ના કરો, કારણ કે તે પણ નિષ્ફળ છે. કેવળ પ્રતિજ્ઞાથી કોઈ અર્થનું પ્રતિપાદન થતું નથી. અને જો પ્રતિજ્ઞાથી જ અર્થ સ્વીકાર થતો હોય તો કોઈ જાતનો વિવાદ જ ન રહે. "पर्वतो वह्निमान् धूमात्" આ પ્રતિજ્ઞાથી ખાત્રી થઈ જાય કે "પહાડ અગ્નિવાળો છે." તો પછી હું કે તમે કોઈ પણ પ્રતિજ્ઞા કરશું તેનાથી જ વિષયનો બોધ થઈ જશે તો વિખવાદ જ શેનો થાય ? પ્રતિજ્ઞામાં તો ક્યાં કોઈ વ્યાપ્તિ વગેરેની ખાત્રી કરવાની છે, સીધી શબ્દો ઉપરથી વાત જ સ્વીકારી લેવાની હોય છે. આ કારણે ઊભી થતી શંકાનું સમાધાન કરતા કહે છે.....

વિષયનાં ઉપદર્શન માટે પ્રતિજ્ઞાનો પ્રયોગ કરાય છે ॥૭॥

૧૪. વિષય : જે સ્થળમાં પોતાના સાધ્યની સિદ્ધિ માટે તથોપપત્તિ કે અન્યથાનુપપત્તિ દ્વારા હેતુનો પ્રયોગ કરાય છે, તે સ્થળ અહીં વિષય છે. તે વિષયનું ઉપદર્શન—બીજાનાં જ્ઞાનમાં બેસાડવા માટે પ્રતિજ્ઞાનો પ્રયોગ કરવો પડે છે. ["साध्यविशिष्ट धर्मनी दृढता पूर्वक उद्घोषणा जेना द्वारा करायते प्रतिज्ञा" (ઉપનય વાક્યની જેમ પક્ષવચન પણ સાધ્યની પ્રતિનિયતતા બતાવવા જરૂરી છે, તે માટે જ પ્રતિજ્ઞા છે.)]

૧૫. આશય એ છે કે બીજાને સમજાવવા માટે વચનનો પ્રયોગ કરતા બુદ્ધિશાળી વક્તાએ "તે જ સમજાવવું જોઈએ, કે જે તેઓ સમજવા ઇચ્છતા હોય" પરિસ્થિતિ આવી છે માટે જાણવા ઇચ્છેલુ હોય તેનું કથન કરનારો વક્તા બીજાઓને સમજાવી લે છે.

જેને ઘોડાની બાબતમાં પૂછવામાં આવ્યું હોય તે વ્યક્તિ રોઝનું વિવરણ કરતો હોય તો તે પૂછનાર પ્રત્યે ધ્યાનથી સાંભળવા લાયક વચનવાળો બનતો નથી. (પ્રશ્નકર્તા તેના વચન ધ્યાનથી સાંભળતો નથી.)

જેનાં વચન ગ્રાહ્ય—ગ્રહણ ધારણ કરવાં યોગ્ય નથી તે કેવી રીતે પ્રતિપાદક-વક્તા બની શકે ?

જેમ ભિક્ષુવડે પોતાના શિષ્યને કહેવામાં આવ્યું કે હે શિષ્ય ! આહાર પાણી લઈ આવો. તે શિષ્યે "હું

---

१ क्वचिदर्थ-ता० । २ प्रतिज्ञामात्रादर्थप्रतिपत्तेः । ३ विषयप्रद० -ता-मू० । ४ स्वसाध०-डे० । ५ भैक्षान्नम् । ६ -०पानमा०-डे० । ७ करोमि । ८ पिण्डपानार्थम् ९-०ति ब्रुवा ०-ता० । १० निन्दन् । ११ शब्दलक्षणम् । १२ प्रतिपाद्यस्य । १३ प्रथमतः १४ असावधानः ।

§ ૧૬. यत् कृतकं तत् सर्वमनित्यं यथा घटः, कृतकश्च शब्द इति वचनमर्थसामर्थ्येनैवापेक्षित-शब्दानित्यत्वनिश्चायकमित्यवधानमत्रेति चेत्, न, परस्पराश्रयात् । अवधाने हि सत्य[1]तोऽ[2]र्थनिश्चयः, तस्मा[3]च्चावधानमिति ।

આ પ્રમાણે કરૂં છું' એવું કહ્યાં વગેર આહાર પાણી માટે પ્રયત્ન કરે, તે લેવા ઉપડે (ત્યારે ભિક્ષુને લાગ્યું આ મારાં વચન ગ્રહણ કરતો નથી) તેથી એના ઉપર ક્રોધે ભરાય છે. "આ:!! તું શિષ્યાભાસ છે, તું અધમભિક્ષુ છે. અમારી અવહેલના કરે છે," એ પ્રમાણે નિંદા કરે છે. એ પ્રમાણે શબ્દ અનિત્ય છે. એવું સમજાવવાને ઇચ્છતાં માણસને "શબ્દ અનિત્ય છે" આવો વિષય–પ્રતિજ્ઞા દર્શાવ્યા વિના यदेव[1] જે તે બોલે અથવા હેતુ વિગેરેનો પ્રયોગ કરે–કૃતક હોવાથી, કૃતક છે તે અનિત્ય છે, તે પ્રમાણે હોવાથી, કૃતકતાની તથોપપત્તિથી–સાધ્ય–અનિત્ય હોય ત્યાં જ કૃતકતાની ઉપપત્તિ થાય છે. અન્યથા અનુપપત્તિ થવાથી–સાધ્યઅનિત્યના અભાવમાં કૃતકતાની અનુપપત્તિ હોય છે. એટલે કે અનિત્ય હોવાથી કૃતકત્વ ઘટી શકે છે, નહીંતર કૃતકત્વ ઘટી ન શકે." પ્રતિજ્ઞા વિના આ બધા ઉપર આપાતતઃ= પ્રથમથી જ (પ્રતિપાદન) ઉપર અસંબદ્ધ કથનની પ્રતીતિઃ = બુદ્ધિ થતી હોવાથી આ બધા પ્રત્યે અસ્ય– પ્રતિપાદ્યસ્ય એટલે વક્તા દ્વારા સમજાવવા યોગ્ય વ્યક્તિને "असंबद्धाभिधानबुद्ध्या"=મારેઇષ્ટ એવા શબ્દના સંબંધમાં આ કથન નથી એવી બુદ્ધિ થવાથી અને તેના જ લીધે તે સાવધાન બનીને સાંભળવા તૈયાર નથી થતો, તેવો શ્રોતા સમજાવવાને યોગ્ય નથી. એણે બિચારાને શબ્દને અનિત્ય સિદ્ધ કરવો છે,એવું જ મનમાં ઘુસેલુ હોવાથી કોઇ શબ્દને અનિત્ય છે એવું કહે તો જ તે સાંભળવા તૈયાર બને, બીજું સાંભળવા તે તૈયાર નથી. પ્રતિજ્ઞાનો પ્રયોગ ન કરો તો તેને ખબર જ પડતી નથી કે આ હેતુ વિગેરેનો પ્રયોગ કોના માટે કર્યો. એટલે "હેતુ વિગેરેના પ્રયોગનો મારા પ્રશ્ન સાથે સંબંધ છે" એવો ખ્યાલ તેને આવતો નથી, તેથી તે સાંભળવા તત્પર પણ નથી બનતો, એથી વક્તાનું કથન વ્યર્થ બને છે.

૧૬. શંકાકાર : જે કૃતક છે, તે બધુ અનિત્ય છે. જેમ ઘડો, શબ્દ પણ કૃતક છે. આવો વચન પ્રયોગ અર્થના સામર્થ્યથી (એમાં શબ્દ કૃતક છે આવું ઉપનય વાક્ય તો છે જ, અને પહેલું વ્યાપ્તિ વાક્ય = જે કૃતક છે તે અનિત્ય છે આ બે વાક્યના અર્થનું અનુસંધાન કરવાથી "શબ્દ અનિત્ય છે" ખ્યાલ આવી જ જાયને. "જે નંબરવાળા ચશ્મા પહેરે છે, તેની આંખ કમજોર છે, આ ભાઈ પણ ચશ્મા પહેરે છે, આ વાક્ય પ્રયોગના અર્થથી સામર્થ્યથી આપણને ખ્યાલ આવી જાય કે આ ભાઈની આંખ કમજોર છે.) "શબ્દ અનિત્ય છે" એવી જે શ્રોતાને અપેક્ષા છે તેનો નિશ્ચય કરાવનાર (બની જશે.) આ વચન છે માટે હું આને ધ્યાનપૂર્વક સાંભળુ આવું અહીં અવધાન સંભવે છે.

સમાધાન : આ વાત બરાબર નથી, કારણ કે અન્યોન્યાશ્રય દોષ આવે છે. અવધાન થાય તો વચનથી અર્થનો નિશ્ચય થાય અને અર્થ નિશ્ચયથી અવધાન થાય. આ વક્તા મારા પ્રશ્ન સંબંધી શબ્દનો પ્રયોગ કરે છે, માટે હું સાંભળું આવું અવધાન = સાંભળવાની તત્પરતા–ધ્યાનપૂર્વક સાંભળવું એવી એકાગ્રતા- લગન આવ્યે

१ वचनात् । २ -ऽर्थे नि०-डे० । ३ अर्थनिश्चयात् ।

१ यदेव किञ्चि् અહીં જે જે પ્રયોગ વક્તાએ સામેના શ્રોતાને પરાર્થાનુમાન કરવા માટે કર્યા છે, એટલે શબ્દ અનિત્ય છે, એવું અનુમાન શ્રોતાને કરાવવાનું છે, પરંતુ ભાઈ સાહેબ પ્રતિજ્ઞા દ્વારા શબ્દ સ્વરૂપ વિષયને દર્શાવ્યા વિના માત્ર અનિત્ય સિદ્ધ કરવા મંડી પડ્યો. હવે પેલા શ્રોતાને તો આપાતતઃ–પહેલાથી જ એવું લાગ્યું કે આ તો કોઈ અન્ય વાત કરતો લાગે છે, કા.કે. મેં તો શબ્દના માટે પૂછેલું અને આ ભાઇતો બીજુ બીજુ બોલે છે, શબ્દની તો કશી વાત જ કરતા નથી, એટલે જવા દો, આપણે આ કથનમાં કશું ધ્યાન રાખવું નથી, એટલે વક્તા બોલ્યે જાય છે, પણ પેલો તો કશું ધ્યાનથી સાંભળતો નથી.

न च पर्षत्प्रतिवादिनौ प्रमाणीकृतवा[1]दिनौ यदे[2]तद्वचनसम्बन्धाय प्रयतिष्येते । तथा स[3]ति न हेत्वाद्यपेक्षेया[4]ताम्, त[5]दवच[6]नादेव तदर्थनिश्चयात् । अनित्यः शब्द इति त्वपेक्षिते उक्ते कुत इत्याशङ्कायां

છતે ઉપરોક્ત વચનથી અર્થનો નિશ્ચય થશે અને અર્થનિશ્ચય થવાથી સાંભળવાની તત્પરતા આવે, કા.કે. જ્યાં સુધી તેને એ ખ્યાલ-ખાત્રી ન થાય કે આ મારા સંબંધી બોલે છે, ત્યાં સુધી તે સાંભળવામાં સાવધાન નહી બને, પરંતુ તે વચનનો અર્થ ન જણાય જ્યાં સુધી સાવધાન ન થાય પોતાને આવો ખ્યાલ આવતો નથી- (સાવધાની પૂર્વક સાંભળ્યા વિના વચનથી અર્થનિર્ણય થઈ શકતો નથી, પરંતુ જો પ્રતિજ્ઞાનો પ્રયોગ કર્યો હોયતો તેને પોતાના વિષયનો ખ્યાલ આવી જાય છે. કારણ કે પ્રતિજ્ઞા શબ્દોથી સુપરિચિત છે અને તે શબ્દોના અર્થનો તેને નિશ્ચય છે જ. (નિશ્ચય હોય ત્યારે જ તો તત્સબંધી પ્રશ્ન કરી શકે ને) એટલે પ્રતિજ્ઞાનો પ્રયોગ કરવાથી તે તરત જ સાવધાન બની જશે, એટલે હવે અન્યોન્યાશ્રય દોષ નહી આવે કા.કે.તે "શબ્દ અનિત્ય છે" એવી પ્રતિજ્ઞાના વચનનો તો પોતાને અર્થ નિર્ણય છે જ.

[અનવહિત જે કહેવામાં આવી રહ્યું છે તેનામાં ઉપયોગ વિનાના શ્રોતાને પ્રતિજ્ઞાવાક્ય શ્રોતાને વક્તાને જે કહેવું અભિપ્રેત છે તેનો બોધ થાય એ માટે સાવધાન કરે છે. અને તેથી શ્રોતાને પરાર્થ અનુમાનાત્મક બોધ વક્તાનાં વચનથી થાય છે. પણ જો શ્રોતા સાવધાન ન થયો હોય=અનવહિત હોય–(બેધ્યાન હોય) તો હેતુ વાક્યનો પ્રયોગ કરવા છતાં શ્રોતાને અનુમાન થઈ શકતુ નથી. માટે પ્રતિજ્ઞા વાક્યનો પ્રયોગ આવશ્યક છે, એવો ગ્રન્થકારનો અભિપ્રાય છે. શ્રોતાને અનુમાન થાય એ માટે "शब्द अनित्यः" એવો વક્તાએ પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કરવો જોઈએ, જેથી શ્રોતાને ખ્યાલ આવે છે કે વક્તાને 'મને શબ્દમાં અનિત્યત્વનો નિશ્ચય થાય' એવી અપેક્ષા છે. પૂર્વપક્ષી કહે છે કે પ્રતિજ્ઞાવાક્યનો ઉલ્લેખ ન કર્યો હોય તો પણ "यत् कृतकं तत् सर्वं अनित्यं कृतकश्च शब्दः" - આટલું વચન પોતાનાં અર્થબોધ કરાવાના સામર્થ્ય વશાત્ વક્તાને જે અપેક્ષિત છે તે શબ્દમાં અનિત્યત્વનો નિશ્ચય કરાવી જ દેશે અને તેથી શ્રોતાને 'વક્તાએ શબ્દમાં અનિત્યત્વનો બોધ કરાવવા માટે कृतकत्वान्यथानुपपत्तेः એવો હેતુ પ્રયોગ કર્યો છે એવું અવધાન (ઉપયોગ) પણ થઈ જશે.] આવા પૂર્વપક્ષનો ગ્રન્થકાર નિષેધ કરે છે કે.... નહીં, આ શક્ય નથી, કારણ કે પરસ્પરાશ્રય દોષ છે. 'ગ્રન્થકારનો અભિપ્રાય આ છે કે પૂર્વના પંદરમાં પેરામાં દર્શાવ્યું છે-એમ પ્રતિજ્ઞાપ્રયોગ ન હોય તો શ્રોતાનું અવધાન ન હોવાના કારણે હેતુ પ્રયોગ વગેરે દ્વારા પણ અનુમાન થઈ શકતુ નથી, એટલે કે અપેક્ષિત = "શબ્દ અનિત્યત્વનો" નિશ્ચય થઈ શકતો નથી. અવધાન હોય તો જ એ થઈ શકે છે. એટલે અવધાન હોય તો આ વચનથી નિશ્ચય થશે ને નિશ્ચય થશે તો અવધાન થશે માટે અન્યોન્યાશ્રય છે.

શંકાકાર : વાદીને પ્રમાણિત માનનાર સભા અને પ્રતિવાદી વાદીનાં વચનનો સંબંધ જોડવા પ્રયત્ન કરશે.

સમાધાન : એવું જ હોય તો, એટલે વાદી બોલ્યો તે બધુ સાચું જ "એવું માને તો સભા અને પ્રતિવાદી હેતુ વગેરેની અપેક્ષા રાખ્યા વિના તેનાં વાદીનાં વચનથી જ અર્થનો નિશ્ચય કરી લેશે. જ્યારે "શબ્દ અનિત્ય" આ અપેક્ષિત[1] અપેક્ષાવાળું વચન કહ્યે છતે "આ કેવી રીતે" ? આવી શંકા ઉપસ્થિત થતા શબ્દમાં જે કૃતકત્વ

१ प्रमाणीकृतो वादी यकाभ्याम् । २ वादि० । ३ प्रमाणीकृतवादित्वेऽपि सति । ४ पर्षत्प्रतिवादिनौ । ५ तच्छब्देन वादी । ६ तद्वचना०-ता० ।

१ એટલે કે શ્રોતાને આટલું સાંભળવા માત્રથી આકાંક્ષાશાંત થતી નથી, પરંતુ શબ્દ અનિત્ય છે આ કેમ બને ? આનું કારણ શું ? ઇત્યાદિ શંકાના સમાધાનની અપેક્ષા રહે છે, "આ ભાઈ છે" જો આટલું બોલીએ તો "કોનો" શંકા ઉભી થશે, તેના સમાધાનની અપેક્ષા રહે છે. "અભાવ છે" બોલતા કોનો ? તો કહીશું ઘટનો, આ બધા અપેક્ષિત વચનો છે.

कृतकत्वस्य तथैवोपपत्तेः कृतकत्वस्यान्यथानुपपत्तेर्वेत्युपतिष्ठते, तदिदं विषयोपदर्शनार्थत्वं प्रतिज्ञाया इति ॥७॥

§ १७. ननु यत् कृतकं तदनित्यं यथा घटः, कृतकश्च शब्द इत्युक्ते गम्यत एतद् अनित्यः शब्द इति, तस्य सामर्थ्यलब्धत्वात्, तथापि तद्वचने पुनरुक्तत्वप्रसङ्गात्, "अ[1]र्थादापन्नस्य स्वशब्देन पुनर्वचनं पुनरुक्तम्" [न्यायसू० ५. २. १५] । आह च "डिण्डिक[2]रागं परित्यज्याक्षिणी[3] निमील्य चिन्तय तावत् किमियता[4] प्र[5]तीतिः स्यान्नवेति, [6]भावे किं प्रपञ्चमालया" [हेतु० परि० १] इत्याह-

गम्यमानत्वेऽपि साध्यधर्माधारसन्देहापनोदाय धर्मिणि पक्षधर्मोपसंहारवत् तदुपपत्तिः ॥८॥

રહેલું છે તે શબ્દને અનિત્ય માનીએ તો જ ઘટી શકે, कृतकत्वस्य तथैवोपपत्तेः—શબ્દ અનિત્ય હોય તો જ આ શબ્દમાં કૃતકત્વ બંધ બેસી શકે. એટલે કે કૃતકત્વ અન્યથા ઉપપન્ન ન થઈ શકે, શબ્દમાં જે કૃતકત્વ છે, તે શબ્દને અનિત્ય ન માનો તો ના ઘટી શકે, કારણ કે કોઈ વસ્તુ કરાય એટલે આદિ થાય તેનો અવશ્ય નાશ થાય જ, નિત્યપદાર્થમાં આ બધું અસંભવિત છે, માટે શબ્દને અનિત્ય કહ્યો છે, એમ પેલાને જે અપેક્ષા હતી તે શાંત થવાથી કૃતાર્થ બનશે. સંતોષ પામશે. વચનપ્રયોગનો મુખ્ય ઉદ્દેશ જ આ છે કે "બીજાને તે વિષયનો સંતોષ આપવો" એમ વક્તાનો પ્રયોગ પણ સફળ બને છે. (આવું સમાધાન કરી શકાય છે.) આ રીતે વિષય બતાવવા પ્રતિજ્ઞાનો પ્રયોગ આવશ્યક છે. "શબ્દ અનિત્યઃ" આ અપેક્ષિત વાક્ય-આ પ્રતિજ્ઞા સ્વરૂપ છે. અહીં હેતુની અપેક્ષા રહે છે, માટે જ્યાં સાધ્યની સિદ્ધિ માટે હેતુના પ્રયોગની અપેક્ષા રખાય છે, તે વિષયને બતાવવા માટે પ્રતિજ્ઞા છે. શબ્દ આપણો વિષય છે, એમાં અનિત્ય સિદ્ધ કરવાનું છે તે સાધ્ય છે "શબ્દ અનિત્યઃ" આ અપેક્ષિત વાક્યાત્મક પ્રતિજ્ઞા કરવાથી સામેની વ્યક્તિને ખબર પડે છે કે સાધ્ય—અનિત્યની સિદ્ધિ કરતા તમે બે પ્રકારના હેતુનો પ્રયોગ શબ્દનામના વિષયમાં કરો છો. तदिदं विषयोपदर्शनार्थत्वं प्रतिज्ञायाः બસ તેનું નામ જ પ્રતિજ્ઞાથી વિષયનું ઉપદર્શન છે. અથવા બસ આ રીતે પ્રતિજ્ઞા વિષય ઉપદર્શન માટે છે.

૧૭. શંકાકાર : જેકૃતક હોય તે અનિત્ય હોય છે.જેમ ઘટ, શબ્દ પણ કૃતક છે. આમ કહેતાં સામર્થ્યથી પક્ષ પ્રયોગ કર્યા વિના જ "શબ્દ અનિત્ય છે," એવો ખ્યાલ આવી જાય છે, છતાં પણ તેનો પક્ષનો પ્રયોગ કરશો તો પુનરૂક્તિ દોષ લાગશે. "જે વિષય અર્થથી જણાઈ આવે છે, તેને પોતાના શબ્દ દ્વારા કહેતા પુનરૂક્તિ દોષ આવે છે." (ન્યાયસૂ ૫.૨.૧૫)

હેતુપરીક્ષામાં કહ્યું પણ છે કે→ડિંડિકરાગ—લાલ રંગના ઉંદર જેવી આંખની લાલિમાનો ત્યાગ કરી —તમારી આંખમાંજે ગુસ્સા અને જુસ્સાના કારણે રક્તતા છે તે ત્યાગ કરી એટલે શાંત બની આંખો મીચીને વિચાર કરો કે પૂર્વોક્ત વચનથી શબ્દ પણ કૃતક છે એટલા માત્રથી "શબ્દ અનિત્ય છે" એવી પ્રતીતિ થાય છે કે નહિ, જો પ્રતીતિ થઈ જતી હોય તો પછી પ્રપંચની પરંપરાથી શું લાભ ? (હેતુ પરિ.૧).

બૌદ્ધની આ શંકાનું સમાધાન કરવા કહે છે કે ....

સાધ્ય ધર્મના આધાર સંબંધી સંદેહના નિવારણ માટે ધર્મી ગમ્યમાન હોવા છતાં પણ પક્ષ ધર્મના ઉપસંહાર (ઉપનય)ની જેમ ધર્મી પક્ષનું ઉચ્ચારણ કરવું બંધ બેસે છે. ॥૮॥

---

१ सामर्थ्यात् । २ डिण्डिका हि प्रथमनामलिखने विवादं कुर्वन्ति । ३ निर्माल्य -डे० । ४ -०यता मदुक्तेन प्र०-डे० । ५ अनित्यत्वस्य । ६ प्रतीतिभावे ।

§ ૧૮. साध्यमेव धर्मस्तस्याधारस्तस्य सन्देहस्तदपनोदाय-यः कृतकः सोऽनित्य इत्युक्तेऽपि धर्मिविषयसन्देह एव-किमनित्यः शब्दो घटो वेति ? तन्निराकरणाय गम्यमानस्यापि साध्यस्य[૪] निर्देशो युक्तः, साध्यधर्मिणि साधनधर्मावबोधनाय पक्षधर्मोपसंहारवचनवत् । य[૨]था हि साध्यव्याप्तसाधनदर्शनेन त[૩]दाधारावगतावपि नियतधर्मिसम्बन्धिताप्रदर्शनार्थम्-कृतकश्च शब्द इति पक्षधर्मोपसंहारवचनं तथा साध्यस्य विशिष्टधर्मिसम्बन्धितावबोधनाय प्रतिज्ञाव[૪]चनमप्युपपद्यत एवेति ॥૮॥

§ ૧૯. ननु प्रयोगं प्रति विप्रतिपद्यन्ते वादिनः, तथाहि-प्रतिज्ञाहेतूदाहरणानीति त्र्यवयवमनुमानमिति

૧૮. સાધ્ય સ્વરૂપ ધર્મ તેનો આધાર તેનો સંદેહ, તેને દૂર કરવા માટે, જેમકે "જે કૃતક હોય તે અનિત્ય હોય છે," આવું કહેવા છતાં ધર્મીના વિષયમાં સંદેહ જ રહે છે. 'શબ્દ અનિત્ય છે કે ઘટ ? તેનુ નિરાકરણ કરવા માટે ગમ્યમાન સાધ્ય પક્ષનો પણ નિર્દેશ કરવો યોગ્ય છે. જેમ સાધ્યના ધર્મી પક્ષમાં સાધનધર્મનો બોધ કરાવવા માટે પક્ષ ધર્મના ઉપસંહારનું કથન કરવામાં આવે છે. જેમકે જે કૃતક હોય તે અનિત્ય હોય છે. આમ સાધ્યનાં અવિનાભાવી સાધનને પ્રદર્શિત કરવાથી સાધનના સામાન્ય આધારની પ્રતીતિ થઈ જાય છે. તો પણ નિયત પક્ષની સાથે સાધનનો સંબંધ દર્શાવવા "શબ્દ પણ કૃતક છે" આવો પક્ષધર્મના ઉપસંહાર (ઉપનય)નો પ્રયોગ કરવામાં આવે છે. તે પ્રમાણે સાધ્યનાં નિયત પક્ષની સાથે સંબંધ દર્શાવવાનો પ્રતિજ્ઞાનો પ્રયોગ પણ કરવો જ જોઈએ. બૌદ્ધો એવું માને છે કે વ્યાપ્તિ પૂર્વક ઉપનયનો પ્રયોગ કરવાથી પક્ષ સાધનના આધારનો ખ્યાલ આવી જાય છે, નાહક અલગથી પ્રતિજ્ઞાનો પ્રયોગ કરવાનો શો મતલબ ? આનો જવાબ એ છે કે– સાધ્યથી વ્યાપ્ત સાધ્યના વ્યાપ્ય સાધનના દર્શનથી વ્યાપ્તિદર્શાવવાથી સામાન્યતઃ સાધનના આધારની જાણ થવા છતાં તે સાધનને અમુક નિયત ધર્મી સાથે સંબંધવાળું છે આવું નિશ્ચિત રૂપથી સમજાવવા તમે જેમ ઉપનયનો પ્રયોગ કરો છો, તેમ સાધ્યનાં નિશ્ચિત આધારને=સાધ્ય વિશિષ્ટધર્મી સાથે સંબંધવાળું છે, તે પ્રદર્શિત કરવા પ્રતિજ્ઞાનો પ્રયોગ પણ આવશ્યક છે.

પ્ર. → સાધ્યવ્યાપ્ત સાધનના દર્શનવડે તેના આધાર પક્ષનો ખ્યાલ કેવી રીતે ?

ઉ. → જેમકે સાધન-રજોહરણ, સાધ્ય-શ્વેતાંબર દીક્ષા, સાધુવેશ રજોહરણ વગેરે જોવાથી સામાન્યથી શ્વેતામ્બર સાધુનો ખ્યાલ આવી જાય, પરંતુ "વિવક્ષિત પુરુષ વિશેષ શ્વેતાંબર સાધુ બન્યો છે," એવું જ્ઞાન ન થાય તેના માટે તો

એમ કહેવું પડે કે અમુકના પુત્રે રજોહરણાદિસ્વરૂપ સાધુવેશ સ્વીકાર્યો છે, આમ કહેવાથી બીજાને ખ્યાલ આવે કે પેલો ભાઈ શ્વેતાંબર દીક્ષા લઈ શ્વેતામ્બરસાધુ બન્યો છે. રજોહરણ એ શ્વેતામ્બરદીક્ષાનું લિંગ છે, માટે રજોહરણથી ગમ્ય શ્વેતાંબર દીક્ષા (સાધ્ય)ના આધારભૂત સામાન્યથી શ્વેતાંબરસાધુ રૂપ ધર્મી એવો પક્ષ ગમ્યમાન થઈ ગયો. જેમ કે (અલ્યાભાઈ ! તે કોઈને આવતા જોયા ? હા ! ધોળા વસ્ત્રવાળા ઓઘાવાળા કોઈ આવી રહ્યા છે" આ સાંભળતા શ્વેતાંબર દીક્ષાના આધારભૂત સામાન્યથી સાધુનો ખ્યાલ આવી જાય. જ્યારે એ કહે અમુકના દીકરા આવો વેશ પહેરીને આવી રહ્યા છે, ત્યારે જે સાધ્યના આધારભૂત છે, એવા અમુક વિવક્ષિત સાધુનો ખ્યાલ આવે છે. એમ અમુક નિયત ધર્મીને જાણવા પ્રતિજ્ઞા વચન જરૂરી છે. ॥૮॥

૧૯. શંકાકાર : પ્રયોગનાં વિષયમાં વાદીઓ વિવાદ કરે છે, જેમ કે પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ એમ અનુમાનનાં ત્રણ અવયવો છે", એમ સાંખ્યો માને છે. पक्षहेतुदृष्टान्ता इति त्र्यवयवम् (माठसां.का. ५)

१ सिषाधयिषितधर्मविशिष्टस्य धर्मिणः । २ तथाहि-डे० । ३ सामान्यतः साधनधर्माधारावव(ग)तिः । ४ -०ज्ञानवच०-डे० ।

साङ्ख्याः। सहोपनयेन चतुरवयवमिति मीमांसकाः । सहनिगमनेन पञ्चावयवमिति नैयायिकाः । तदेवं विप्रतिपत्तौ कीदृशोऽनुमानप्रयोग इत्याह-

एतावान् प्रेक्षप्रयोगः ॥९॥

§ २०. 'एतावान्' एव यदुत तथोपपत्त्यान्यथानुपपत्त्या वा युक्तं साधनं प्रतिज्ञा च । 'प्रेक्षाय' प्रेक्षावते प्रतिपाद्याय तदवबोधनार्थः 'प्रयोगः' न त्वधिको य[1]थाहुः साङ्ख्यादयः, नापि हीनो यथाहुः सौग[2]ता-"विदुषां वाच्यो हेतुरेव हि केवलः" [प्रमाणवा० १.२८] इति ॥९॥

§ २१. ननु परार्थप्रवृत्तैः कारुणिकैर्यथाकथञ्चित् प[3]रे प्रतिबोधयितव्या नासद्व्यवस्थोपन्यासैरमी[4]षां 'प्रतिभाभङ्गः करणीयः, तत्किमुच्यते एतावा[5]न् प्रेक्षप्रयोगः ?, इत्याशङ्क्य द्वितीयमपि प्रयोगक्रममुपदर्शयति-

---

ઉપનય સાથે મીમાંસકો ચાર અવયવ માને છે. નિગમન સાથે નૈયાયિકો પાંચ અવયવો માને છે. એ પ્રમાણે વિખવાદ હોવાથી અમારે અનુમાન પ્રયોગ કેવી રીતે માનવો આનું સમાધાન કરવાં સૂત્ર દર્શાવે છે....

બુદ્ધિશાળીને સમજાવવા માટે આટલો જ પ્રયોગ યુક્ત છે. ॥૯॥

૨૦. એતાવાન્ = તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિ યુક્ત સાધન અને પ્રતિજ્ઞાનો પ્રયોગ પ્રેક્ષાય-પ્રતિપાદ્યાય—સમજાવવા યોગ્ય પ્રજ્ઞાવાન્ પુરૂષને પ્રતિપાદ્યની સમજણ આપવા માટે આટલો પ્રયોગ યુક્ત છે. સાંખ્યના કથનાનુસાર અધિક પ્રયોગ કરવો કે બૌદ્ધના કથનાનુસાર ઓછો પ્રયોગ કરવો ઉચિત નથી.

જેમ બૌદ્ધ પ્રમાણવાર્તિક (૧.૨૮)માં કહે છે કે વિદ્વાનો માટે માત્ર હેતુનો પ્રયોગ કરવો જ ઉચિત છે. આ બૌદ્ધના કથન સાંભળી ઓછો પ્રયોગ ન કરવો ॥૯॥

૨૧. પરાર્થમાં પ્રવૃત્ત કરૂણાશીલ પુરૂષોએ બીજા જેવી રીતે સમજી શકે તેમ તેમને બોધ પમાડવો જોઈએ, પરંતુ અસત્ વ્યવસ્થાનો ઉપન્યાસ કરી એઓની પ્રતિભા પ્રતીતિનો ભંગ ન કરવો જોઈએ. તો પછી તમે શા માટે એમ કહો છો કે પ્રેક્ષાવાન માટે આટલો જ પ્રયોગ કરવો જોઈએ ? આવું પકડી કેમ રાખો છો ? આવી શંકા ઉભી કરી બીજી જાતનો પણ પ્રયોગ ક્રમ દર્શાવે છે. ....

[શંકાકાર : સમર્થન પ્રયોગથી જ હેતુની પ્રતીતિ શક્ય છે, સમર્થન એટલે કે હેતુનો પ્રયોગ કર્યા પછી તેની અસિદ્ધતા વિ. દોષોનુ નિરાકરણ કરવું. હેતુની સાધ્ય સાથેની વ્યાપ્તિ દર્શાવી ધર્મીમાં હેતુની સત્તા જણાવવી (ઉપનય વાક્યનું આવું જ સ્વરૂપ છે) એનું નામ જ સમર્થન છે. જેમકે "જે જે સત્ છે તે અનિત્ય છે" જેમકે ઘટાદિ, અહીં "શબ્દપણ સત્ છે." એટલા અંશથી સત્ત્વ હેતુની અસિદ્ધતાનું નિરાકરણ કરાયુ છે. પૂર્વ અંશથી વ્યાપ્તિ દર્શાવી. આ રીતે હેતુનું સમર્થન કરવાથી હેતુની પ્રતીતિ થઈ જવાથી હેતુનો અલગ ઉપન્યાસ કરવાની શી જરૂર ?

બૌધ્ધ - મંદમતિવાળા લોકોને હેતુ પ્રતીતિ કરાવવા માટે.

---

१ यदाहुः-डे० । २ "तद्भावहेतुभावौ हि दृष्टान्ते तदवेदिनः । ख्याप्येते" । ३ परे बोध० -डे० । ४ परेषाम् । ५ प्रतिभङ्गःडे० । प्रतीतिभङ्गः -मु । ६ वान् प्रयो०- ला० ।

---

૧ ટીપ્પણ નં-૨નો અર્થ શું થાય ? તદ્ભાવહેતુભાવૌ=સાધ્યભાવ અને હેતુભાવ દૃષ્ટાંતમાં દૃષ્ટાંતના આધારે તદવેદિનઃ—વ્યાપ્તિના બોધ વગરના પુરુષને—અવ્યુત્પન્ન વ્યક્તિને જણાવાય છે, જ્યારે વિદ્વાનને તો માત્ર હેતુ કહો તો બસ છે. ટીપ્પણમાં તેનો પૂર્વાર્ધ બતાવેલ છે. (પ્ર.વા.૧.૨૮)

बोध्यानुरोधात्प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनानि पञ्चापि ॥१०॥

§ २२. 'बोध्यः' शिष्यस्तस्य 'अनुरोधः' तदवबोधनप्रतिज्ञापारतन्त्र्यं तस्मात्, प्रतिज्ञादीनि पञ्चापि प्रयोक्तव्यानि । एतानि चावयवसञ्ज्ञया प्रोच्यन्ते । यदक्षपादः -प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनान्यवयवाः" [न्यायसू ० १.१ ३२] इति । 'अपि' शब्दात् प्रतिज्ञादीनां शुद्धयश्च पञ्च बोध्यानुरोधात् प्रयोक्तव्याः । यच्छ्रीभद्रबाहुस्वामिपूज्यपादाः-

"कत्थइ पञ्चावयवं दसहा वा सव्वहा ण पडिकुट्ठं ति ॥" [दश ० नि ० ५०]

§ २३. तत्र प्रतिज्ञाया लक्षणमाह-

साध्यनिर्देशः प्रतिज्ञा ॥११॥

§ २४. साध्यं सिषाधयिषितधर्मविशिष्टो धर्मी, निर्दिश्यते अनेनेति निर्देशो वचनम्, साध्यस्य निर्देशः

જૈન - બસ, અમો પણ મંદમતિવાળા માટે પક્ષવચન- પ્રતિજ્ઞાવાક્યનો પ્રયોગ જરૂરી માનીએ છીએ. શાસ્ત્રશ્રવણથી શ્રોતાને સ્પષ્ટ બોધ થાય તે માટે શાસ્ત્રમાં પ્રતિજ્ઞા વચન જરૂરી છે. આ દલીલ તો વાદમાં પણ લાગુ પડે છે. એટલે વાદમાં પ્રવૃત્ત મંદમતિવાળાને પ્રતિજ્ઞાથી જ અર્થબોધ થઈ શકે છે. આ પણ જરૂરી જ છે.]

બોધ્ય - શિષ્યનાં અનુરોધથી પ્રતિજ્ઞા હેતુ ઉદાહરણ ઉપનય અને નિગમન આ પાંચ અવયવોનો પણ પ્રયોગ કરવો જોઇએ / કરી શકાય છે. ॥૧૦॥

૨૨ બોધ્ય–શિષ્ય તેનાં અનુરોધથી અર્થાત્ તેને સમજાવવાની પ્રતિજ્ઞાનાં પરવશથી = પ્રતિપાદક વ્યક્તિ પ્રતિપાદ્ય પુરૂષને સમજાવવાનો દૃઢ સંકલ્પ કરી બેઠો હોય છે કે આ શિષ્ય જો કોઈ પણ રીતથી બોધ પામે તે રીતે પમાડવો, આવા દૃઢ સંકલ્પ-પ્રતિજ્ઞાને પોતે પરવશ બની જઈ પ્રતિજ્ઞા વગેરે પાંચ અવયવોનો પણ પ્રયોગ કરે છે. આ પાંચેને "અનુમાનનાં અવયવ છે" આવા નામથી બિરૂદાવવામાં આવે છે. અક્ષપાદ કાણાદે પણ ન્યાયસૂત્રમાં આ પાંચેને અવયવ કહ્યાં છે. અપિ શબ્દથી શિષ્યનાં અનુરોધથી પ્રતિજ્ઞા વગેરેની પાંચ શુદ્ધિનો પણ પ્રયોગ કરવો. ૫ શુદ્ધિ : (૧) પ્રતીત વગેરે સાધ્યધર્મના દોષોનો પરિહાર કરવો તે પક્ષશુદ્ધિ. (૨) અસિદ્ધ વગેરે હેત્વાભાસનો ઉદ્ધાર કરવો તે હેતુ શુદ્ધિ. (૩) સાધ્ય વિકલત્વ વગેરે દૃષ્ટાંત દોષનો પરિહાર કરવો તે દૃષ્ટાંત શુદ્ધિ । (૪-૫) ઉપનય અને નિગમન પ્રમાદથી અન્યથારૂપે કરેલા હોય, તેની શુદ્ધિ કરવી. (સ્યા. રત્ના. ભા.-૨ ૩/૪૨ પે. ૫૬૨)

પૂજ્યપાદ શ્રીમદ્‌ભદ્રબાહુસ્વામી દશવૈકાલિક નિર્યુક્તિમાં કહે છે કે કોઈ ઠેકાણે પાંચ અવયવોનો અથવા દશ અવયવવાળું પરાર્થાનુમાન હોય છે. સર્વથા તેનો નિષેધ નથી કરાતો. દશ. વૈ. નિર્યુક્તિકાર બીજી રીતે ૧૦ અવયવો દર્શાવે છે. : (૧) પ્રતિજ્ઞા (૨) વિભક્તિ →પ્રતિજ્ઞાનો વિષય વિભાગ કહેવો (૩) હેતુ ૪) હેતુની વિભક્તિ (૫) વિપક્ષ (૬) વિપક્ષનો પ્રતિષેધ (૭) દૃષ્ટાંત (૮) આશંકા → દૃષ્ટાંતના વિશે આશંકા કરવી (૯) તત્પ્રતિષેધ → અધિકૃતશંકાનો પ્રતિષેધ (૧૦) નિગમન → નિશ્ચિત નિચોડ દર્શાવવો (આ.નિ. ગા. ૧૩૭, પે.-૭૫) ॥૧૦॥

૨૩. ત્યાં પ્રતિજ્ઞાનું લક્ષણ દર્શાવે છે.

સાધ્યનો નિર્દેશ કરવો પ્રતિજ્ઞા છે. ॥૧૧॥

૨૪. સાધ્ય-સાધવા માટે ઈષ્ટ જે ધર્મ તેનાથી યુક્ત ધર્મી તે સાધ્ય તેનો વચનથી નિર્દેશ[1] કરવો તે

---

૧ નિર્દેશ - ઈશારા કરના, દિખલાના, સંકેતકરના, ઉપદેશ. પ્રતિજ્ઞા-બતલાના, દાવા કરના, (સં.હિં.)

'साध्यनिर्देशः' 'प्रतिज्ञा' प्रतिज्ञायतेऽनयेति कृत्वा, यथा अयं प्रदेशोऽग्निमानिति ॥११॥

साधनत्वाभिव्यञ्जकविभक्त्यन्तं साधनवचनं हेतुः ॥१२॥

§ २६. साधनत्वाभिव्यञ्जिका विभक्तिः पञ्चमी तृतीया वा त[1]दन्तम्, 'साधनस्य' उक्तलक्षणस्य 'वचनम्' हेतुः । धूम इत्यादिरूपस्य हेतुत्वनिराकरणाय प्रथमं पदम् । अव्या[2]प्तवचन[3]हेतुत्वनिराकरणाय द्वितीयमिति । स द्विविधस्तथोपपत्त्यन्यथानुपपत्तिभ्याम्, तद्यथा धूमस्य तथैवोपपत्तेर्धूमस्यान्यथानुपपत्तेर्वेति ॥१२॥

§ २७. उदाहरणं लक्षयति-

પ્રતિજ્ઞા, જેના દ્વારા નિર્દેશ[1] સંકેત-કથન કરાય તે નિર્દેશ—વચન.

જેમ આ દેશ અગ્નિમાન્ છે. અહીં અગ્નિ ૧/૨/૧૫ સૂત્રમાં અનુમાન પ્રયોગ વખતે ધર્મીને સાધ્ય તરીકે દર્શાવ્યો છે. જે ધર્મસિદ્ધ કરવો ઈષ્ટ છે, તે ધર્મથી યુક્ત આ પ્રદેશ છે. એમ સાધ્ય ધર્મથી યુક્ત ધર્મીનો નિર્દેશ પ્રતિજ્ઞા છે.

૨૫. હેતુ ઓળખાવે છે-

સાધનત્વને=હેતુના સ્વરૂપને પ્રગટ કરનારી વિભક્તિ જેને અંતે હોય એવા સાધનનું કથન તે હેતુ કહેવાય છે. ॥૧૨॥

જેના દ્વારા બીજાને બતાવાય/વાયદો કરાય છે એથી કરીને તે પ્રતિજ્ઞા કહેવાય છે, એટલે કે પ્રતિવાદી અને સભાજનોને કહે કે જુઓ ભાઈ ! "મારું અહીં આ પક્ષમાં આ સાધ્ય છે" એમ જેના દ્વારા—જે વચન દ્વારા બતાવાય તે વચનને પ્રતિજ્ઞા કહેવાય. અથવા પોતે વાદી એહવો વાયદો કરે છે કે "હું તમને આ પક્ષમાં આ સિદ્ધ કરીને બતાવીશ."

૨૬. સાધનત્વને પ્રગટ કરનારી વિભક્તિ પાંચમી કે ત્રીજી છે તેવી વિભક્તિ જેને અંતે હોય એવાં પૂર્વોક્ત તથોપપત્તિ અને અન્યથા ઉપપત્તિ લક્ષણવાળા સાધનનું કથન તે હેતુ કહેવાય.

'साधनवचनं हेतुः' આટલું જ લક્ષણ કરતા, 'धूमः' આટલુ પદ હેતુ બની જાય, તે માટે "साधनत्वाभिव्यञ्जक विभक्त्यन्तं" આ પ્રથમપદ છે, પ્રથમપદથી 'धूमः' માં તો અતિવ્યાપ્તિ નહીં આવે, કા.કે. તે "धूमः" હેતુને વ્યક્ત કરનારી ત્રીજી કે પાંચમી વિભક્તિ નથી. તો 'साधनवचनं' આ બીજુ પદ લખવાની શી જરૂર ? સાધ્યની સાથે જેની વ્યાપ્તિ નથી તેનો હેતુ તરીકેનો નિરાસ કરવા માટે 'साधन वचन' બીજું પદ મૂકવામાં આવ્યું છે એટલે "पर्वतो धूमवान् वह्नेः/प्रमेयत्वात् / प्रमेयत्वेन" અહીં વહ્નિને પંચમી અને પ્રમેયને પંચમી અને તૃતીયા વિ. તો છે જ, તેટલા માત્રથી તે કાંઈ હેતુ ન બની શકે, પરંતુ સાથો સાથ તેમાં જે સાધનનું સ્વરૂપ (तथोपपत्ति—अन्यथानुपपत्ति) તે હોવું જરૂરી છે, તેવું આ વહ્નિ કે પ્રમેયમાં ઘટતું નથી, માટે તે હેતુ તરીકેનું ગૌરવ નહીં મેળવી શકે. તે હેતુ તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિના ભેદથી બે પ્રકારે છે. જેમકે અગ્નિ હોયતો જ ધૂમની ઉપપત્તિ-ઘટી શકતી હોવાથી, અગ્નિ ન હોય તો ધૂમનો સદ્ભાવ સંભવતો ન હોવાથી ॥૧૨॥

૨૭ ઉદાહરણનું લક્ષણ દર્શાવે છે.

---

१. तदन्तसा.-डे. । २. अव्याप्तस्य हेतो वचनं तस्य हेतुत्वम् । ३. -० यने हे. डे० ।

दृष्टान्तवचनमुदाहरणम् ॥१३॥

§ २८. 'दृष्टान्तः' उक्तलक्षणस्तत्प्रतिपादकं 'वचनम्' 'उदाहरणम्' तदपि द्विविधं दृष्टान्तभेदात् । साधनधर्मप्रयुक्तसाध्यधर्मयोगी साधर्म्यदृष्टान्तस्य वचनं साधर्म्योदाहरण्, यथा यो धूमवान् सोऽग्निमान् यथा महानसप्रदेशः । साध्यधर्मनिवृत्तिप्रयुक्तसाधनधर्मनिवृत्तियोगी वैधर्म्यदृष्टान्तस्तस्य वचनं वैधर्म्योदाहरणम्, यथा योऽग्निनिवृत्तिमान् स धूमनिवृत्तिमान् यथा जलाशयप्रदेश इति ॥१३॥

§ २९. उपनयलक्षणमाह-

धर्मिणि साधनस्योपसंहार उपनयः ॥१४॥

§ ३०. दृष्टान्तधर्मिणि [1]विसृ[2]तस्य साधनधर्मस्य साध्यधर्मिणि यः 'उपसंहारः' सः 'उपनयः' उप[3]संह्रियतेऽनेनोपनीय[4]तेऽनेनेति वचनरूपः, यथा धूमवांश्चायमिति ॥१४॥

§ ३१. निगमनं लक्षयति-

દૃષ્ટાંતનું કથન ઉદાહરણ કહેવાય છે. ॥૧૩॥

૨૮. પૂર્વોક્ત લક્ષણવાળાં દૃષ્ટાંતનું પ્રતિપાદન કરનાર વચન ઉદાહરણ કહેવાય, તે પણ દૃષ્ટાંતનાં ભેદથી બે પ્રકારે છે. સાધન ધર્મના કારણે પ્રયુક્ત[1] પેદા થયેલ, પ્રસિદ્ધ થયેલ સાધ્યધર્મના યોગવાળું હોય (જે સાધ્ય ધર્મવાળું હોય) તે સાધર્મ્ય દૃષ્ટાંત, તેનું પ્રતિપાદક વચન સાધર્મ્ય ઉદાહરણ, જેમ જે ધૂમવાન્ હોય તે અગ્નિમાન્ હોય છે, જેમ રસોડું.

સાધ્ય ધર્મની નિવૃત્તિથી ઉભી થયેલી જ્યાં સાધનધર્મની નિવૃત્તિ હોય તે વૈધર્મ્ય દ્રષ્ટાંત, તેનું પ્રતિપાદક વચન વૈધર્મ્ય ઉદાહરણ, જેમ જે અગ્નિનાં અભાવવાળો હોય તે ધૂમનાં અભાવવાળો હોય છે, જેમ સરોવર ॥૧૩॥

૨૯. ઉપનયનું સ્વરૂપ દર્શાવે છે:.....

પક્ષમાં સાધનનો ઉપંસહાર કરવો તે ઉપનય ॥૧૪॥

૩૦. સપક્ષમાં ફેલાયેલા સાધનધર્મનો પક્ષમાં ઉપસંહાર[1] કરવો તે ઉપનય. રસોડું, ગોષ્ઠ વગેરે અનેક સ્થાન કે જ્યાં અગ્નિ સાથે ધૂમ રહેલ છે, એમ ધૂમનું રહેઠાણ વિસ્તૃત છે. તે ફેલાવનો ઉપનય દ્વારા પક્ષમાં ઉપસંહાર—સંક્ષેપ કરવામાં આવે છે. જેના વચન દ્વારા ઉપસંહાર કે ઉપનય કરાય તે ઉપસંહાર—ઉપનય છે. એટલે કે વ્યાપ્તિનું કથન કર્યા પછી પક્ષમાં હેતુનું ફરીવાર કહેવું. જેમ આ પર્વત પણ ધૂમવાન્ છે. અહીં વ્યાપ્તિથી સાધનનું કથન તો થઈ જાય છે, પણ તેને પુનઃપક્ષ સાથે જોડી આપવાનું કામ ઉપનય કરે. સાધનને પક્ષની પાસે લાવે છે. ॥૧૪॥

૩૧ નિગમનનું સ્વરૂપ દર્શાવે છે....

---

१. विस्तृतस्य ।२ विप्रसृतस्य-डे० । ३ प्रस्तुते धर्मिणि ह्रीक्यते साधनधर्मः । ४ उपसंहारव्य(व्यु)त्पत्तिस्तदनयव्युत्पत्तिः ।

१प्रयुक्त- ઉત્પન્ન, ઉદ્ગત, પ્રચલિત, પ્રેરિત, વ્યવહારમેં આયા હુઆ (સં.હિં)

१ ઉપસંહાર→એક સ્થાન પર કર દેના, સમેટના, સિકોડદેના સંક્ષિપ્ત વિવરણ, સંક્ષેપ (સં.હિં)

साध्यस्य निगमनम् ॥१५॥

§ ३२. साध्यधर्मस्य धर्मिण्युपसंहारो निग[1]म्यते पूर्वेषामवयवानाम[2]र्थोऽनेनेति 'निगमनम्', यथा तस्मादग्निमानिति ।

§ ३३. एते [3]नान्तरीयक[4]त्वप्रतिपादका वाक्यैकदेशरूपाः पञ्चावयवाः । एतेषामेव शुद्धयः पञ्च । यतो न श[5]ङ्कितसमारोपितदोषाः पञ्चाप्यवयवाः स्वां स्वामनादीनवामर्थविषयां धियमाधातुमल[6]मिति प्रतिज्ञादीनां तं तं दोषमाशङ्क्य त[7]त्परिहाररूपाः पञ्चैव शुद्धयःप्रयोक्तव्या इति दशावयवमिदमनुमानवाक्यं बोध्यानुरोधात् प्रयोक्तव्यमिति ॥१५॥

§ ३४. इह शास्त्रे येषां लक्षणमुक्तं[8] ते तल्लक्षणाभावे तदाभासाः सुप्रसिद्धा एव । यथा प्रमाण-सामान्यलक्षणाभावे संशयविपर्ययानध्यवसायाः प्रमाणाभासाः, संशयादिलक्षणाभावे संशयाद्याभासाः, प्रत्यक्षलक्षणाभावे प्रत्याक्षाभास[9]म्, परोक्षान्तर्गतानां स्मृत्यादीनां स्वस्वलक्षणाभावे तत्तदाभासतेत्यादि । एवं हेतूनामपि स्वलक्षणाभावे हेत्वाभासता सुज्ञानैव । केवलं हेत्वाभासानां सङ्ख्यानियमः प्रतिव्यक्तिनियतं लक्षणं च नेषत्कर[10]प्रतिपत्तीति तल्लक्षणार्थमाह-

---

साध्यधर्मनो पक्षमां उपसंहार संयय/संक्षेप करवो ते निगमन ॥१५॥

૩૨. પહેલા, કહેવાયેલ પ્રતિજ્ઞાદિ અવયવનો નિચોડ જેનાથી નીકળે તે નિગમન, જેમ "તેથી (પર્વત) અગ્નિમાન્ છે." એ નક્કી થયું.' પ્રતિજ્ઞા વિગેરે પાંચનો પ્રયોગ કર્યો, આનો સાર શું નીકળ્યો ? તો કહીશું કે એનો સાર એક જ છે કે "પર્વત અગ્નિમાન્ છે" લાંબો ઉપદેશ "દલીલ ચાલે, તેનો સાર તો માત્ર એક જ લીટીમાં- લાઈનમાં હોય છે.

૩૩. અવિનાભાવનાં પ્રતિપાદક વાક્યનાં એકદેશ રૂપ પાંચઅવયવો છે. પરાર્થાનુમાન આખું મહાવાક્ય છે, જે અવિનાભાવ સાધનનું પ્રતિપાદન કરવા દ્વારા અનુમાન= બોધ કરાવે છે, તે વાક્ય ના એક–એક દેશ રૂપ પ્રતિજ્ઞા વિગેરે ખંડ વાક્ય છે, એટલે તેના આ પાંચ અવયવો છે, એની પાંચ શુદ્ધિ છે. કારણ કે જેમાં દોષની શંકા હોયકે દોષનું આરોપણ કરવામાં આવ્યું હોય તે પાંચે પણ અવયવો પોત પોતાના વિષયની [અનાદીન (વિ.)-નિર્દોષ (સં.હિ.)] નિર્દોષ અને નિશ્ચિત બુદ્ધિ પેદા કરવા સમર્થ બની શકતા નથી. માટે પ્રતિજ્ઞાદિ પાંચ અવયવોમાં દોષની શંકા ઉભી કરી તેનાં પરિહાર રૂપ પાંચ વિશુદ્ધિ કહેવાની હોય છે. આમ શિષ્યનાં અનુરોધથી અનુમાન વાક્ય દશ અવયવવાળું કહેવું જોઈએ ॥૧૫॥

૩૪. આ શાસ્ત્રમાં જેમનાં લક્ષણ કહ્યાં છે તે લક્ષણનો જેમાં અભાવ હોય તે તદાભાસો કહેવાય. તે બધા લોકોમાં સુપ્રસિદ્ધ જ છે, જેમકે પ્રમાણ સામાન્ય લક્ષણનો અભાવ હોવાથી સંશય વિપર્યય અનધ્યવસાય પ્રમાણાભાસ, સંશયાદિનું લક્ષણ જેમાં ઘટતું નથી તે સંશયાભાસ વગેરે જાણવા, પ્રત્યક્ષ લક્ષણના અભાવમાં પ્રત્યક્ષાભાસ પરોક્ષમાં સમાવિષ્ટ જે સ્મૃતિ વગેરે છે, તેમનાં પોતપોતાનાં લક્ષણના અભાવે તે સ્મરણાભાસ, પ્રત્યભિજ્ઞાભાસ વગેરે જાણવા.

એમ જે હેતુઓમાં હેતુના લક્ષણનો અભાવ હોય તે હેત્વાભાસ બની જાય છે. તેવું તો સુખે જાણી શકાય એમ છે. પરંતુ હેત્વાભાસની સંખ્યાનો નિયમ અને તેમના જુદા જુદા લક્ષણ સરળતાથી સમજાઈ શકે તેવા

---

१ निश्चीयते । २ प्रयोजनम् । ३ सा(ना)न्तरीयकोऽविनाभावी साधनलक्षणोऽर्थः । ४ -० कत्वं प्रति० -डे० । ५ शङ्किताः सन्दिग्धाः समारोपिताश्च दोषा एषाम् । ६ समर्थाः । ७ तत्तत्प०-डे० । ८ -० क्तं तल्ल०-डे० । ९ -० भासः परो० -मु० । १० ईषत्करा सुकरा प्रतीतिर्यस्य ।

असिद्धविरुद्धानैकान्तिकास्त्रयो हेत्वाभासाः ॥१६॥

§ ૩૫. अहेतवो हेतुवदाभासमानाः 'हेत्वाभासाः' असिद्धादयः । यद्यपि साधनदोषा एवैते अदुष्टे साधने तदभावात् तथापि साधनाभिधायके हेतावुपचारात् पूर्वाचार्यैरभिहितास्ततस्त[1]त्प्रसिद्धिबाधामनाश्रयद्भिरस्माभिरपि हेतुदोषत्वेनैवोच्यन्त इति ।

§ ૩૬. 'त्रयः' इति सङ्ख्यान्तरव्यवच्छेदार्थम् । तेन कालातीत-प्रकरणसमयोर्व्यवच्छेदः । तत्र काला[2]तीतस्य पक्षदोषेष्वन्तर्भावः ।

નથી. એથી એમના લક્ષણનું નિરૂપણ કરવા માટે કહે છે.....

असिद्ध विरुद्ध अनैकान्तिक आ त्रण हेत्वाभास छे ॥१६॥

૩૫. જે વાસ્તવમાં હેતુ ના હોય, છતાં હેતુ જેવા દેખાતા હોય તે અસિદ્ધ વગેરે હેત્વાભાસ છે. જો કે અસિદ્ધતા વગેરે સાધનના દોષ છે. કા.કે. દોષરહિત સાધનમાં તેમનો અભાવ હોય છે, જેમ શુદ્ધ સમકિતીમાં મિથ્યાત્વ-શંકા-કાંક્ષા વગેરે દોષો નથી હોતા એટલે આ શંકા વગેરે સમકિત ના દોષો છે, એમ કહેવાય છે. તો પણ પૂર્વાચાર્યોએ સાધનનું અભિધાન કરનાર હેતુમાં ઉપચાર કરી એમને હેત્વાભાસ કહ્યાં છે. "પોતાની સાથે સાધ્યાવિનાભાવ નિશ્ચિત છે એવા એક અસાધારણ લક્ષણવાળું જે હોય તે સાધન," એટલે તેતો ધૂમાદિ આવશે અને હકીકતમાં પક્ષ વિગેરેમાં ન રહેનાર તો તે ખોટા સાધન જ હોય છે. હેતુ ઓછો ત્યાં રહેવાનો છે! તે તો વચન સ્વરૂપ છે, માટે તેતો વક્તાના મુખમાં જ રહે છે કે બહારનીકળી આખા જગતમાં ફેલાઈ શકે છે, એટલે હેતુમાં તો કોઈ આવા દોષ લગાડી શકાય એમ છે જ નહી. અથવા શુદ્ધ હેતુમાં પણ આ દોષતો આવીજ જવાના છે, કા.કે. ધૂમ વચનતો શબ્દરૂપ છે, તેતો પર્વતમાં બોલતા પણ સરોવર સુધી ફેલાઈ જાય છે. વળી લિપિ સ્વરૂપ વચન માનશો તો પુસ્તકાદિમાં ધૂમ-પદ રહે જ છે, ત્યાં અગ્નિ ક્યાં છે ? માટે તેમને– દુષ્ટ સાધનને જ હેત્વાભાસ કહેવા જોઈએ, છતાં અહીં તેવા દુષ્ટ સાધનનાં વાચક પદને પંચમી કે તૃતીયા વિભક્તિ લગાવીને જે વચન પ્રયોગ કરવામાં આવે છે તે હેતુ જેવા લાગે છે, "સાધ્યને સિદ્ધ કરનાર હોય તે સાધન અને તેના વાચક શબ્દને હેતુ કહેવાય" તેમનો દુષ્ટ સાધનના વાચક પદોનો પ્રયોગપણ સાધ્યને સિદ્ધ કરવા માટે થયો છે, એટલે હેતુ જેવા લાગતા હોવાથી તેને હેત્વાભાસ કહેવામાં આવ્યા છે. તેનું કારણ એક જ છે કે પૂર્વ વિદ્વાનોએ હેતુ સાધનનો વાચક છે, માટે વાચકમાં વાચ્યનો ઉપચાર કરીને તેવા દુષ્ટ હેતુને હેત્વાભાસ કહ્યા છે.

ह्रदो वह्निमान् द्रव्यत्वात् અહીં દ્રવ્યત્વને અંતે પંચમી વિભક્તિ છે. અને સાધન તરીકે ઉલ્લેખ કરવા માટે તેનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એટલે આવો વચનાત્મક પ્રયોગ હેતુ કહેવાય છે. પરંતુ અવિનાભાવ ઘટતો ન હોવાથી સાધનમાં તો દોષ છે, છતાં ઉપચારથી સાધનના વાચકનો વચનાત્મક હેતુમાં તો દોષનો ઉપચાર કરી હેત્વાભાસ તરીકે ગણ્યા છે, તેથી તેમની પ્રસિદ્ધિમાં બાધા નાંખ્યા વિના–અડચણ ન કરતાં એવા અમો પણ તેમનો હેતુ દોષ તરીકે વ્યપદેશ કર્યો છે.

૩૬. 'त्रय' પદ ન્યૂનાધિક સંખ્યાનો વ્યવચ્છેદ કરવા માટે છે. તેથી કાલાતીત- कालात्ययापदिष्ट- બાધ અને પ્રકરણસમનો–सत्प्रतिपक्ष હેત્વાભાસનો નિષેધ થઈ જાય છે. તેમાંથી કાલાતીતનો પક્ષના દોષોમાં

---

१० पूर्वाचार्य० । २ कालमतीतोऽतिक्रान्तः ।

"प्रत्यक्षागमबाधि[1]तकर्मनिर्देशानन्तरप्रयुक्तः कालात्ययापदिष्टः" । इति हि तस्य लक्षणमिति, यथा अनुष्णस्तेजोऽवयवी कृतकत्वाद् घटवदिति ।
प्रकरणसमस्तु न सम्भवत्येव, नह्यस्ति सम्भवो यथोक्तलक्षणेऽनुमाने प्रयुक्तेऽदूषिते वा[2]ऽनुमानान्तरस्य । यत्तूदाहरणम्-अनित्यः शब्दःपक्षसपक्षयोरन्यतरत्वात् इत्येकेनोक्ते द्वितीय आह-नित्यः शब्दः पक्षसपक्षयोरन्यतरत्वादिति । तदतीवासाम्प्रतम् । को हि चतुरङ्गसभायां वादी प्रतिवादी[3] वैवंविधमसम्बद्धमनुन्मत्तोऽभिदधीतेति ? ॥१६॥

સમાવેશ થઈ જાય છે. કારણ કે 'પ્રત્યક્ષ અને આગમથી બાધિત એવા કર્મસાધ્યપ્રયોગ પછી પ્રયોગ કરાયેલ હેતુ બાધિત છે,' એવું લક્ષણ નૈયાયિકોએ કહ્યું છે. "જેમ તેજો-અવયવી, અનુષ્ણ છે, કૃતક હોવાથી, ઘટની જેમ, આ પ્રત્યક્ષથી પક્ષમાં બાધા છે. કા.કે. તેજો દ્રવ્યમાં સ્પાર્શન પ્રત્યક્ષથી અનુષ્ણતાનો બાધ થાય છે, તેથી પક્ષ પોતે બાધ્ય બની ગયો. માટે બાધિત હેત્વાભાસ અલગ માનવાની જરૂર નથી.

પ્રકરણસમ તો દોષ જ સંભવતો નથી, જે હેતુના સમાન બળવાળો વિરોધી હેતુ હોય તે પ્રકરણ સમ કહેવાય. હવે તથોપપત્તિ અન્યથાનુપપત્તિ લક્ષણવાળા અનુમાનનો પ્રયોગ કર્યે છતે અથવા તે અનુમાન દૂષિત બનતું ન હોય, ત્યાં બીજા (વિરોધી) અનુમાનનો પ્રયોગ સંભવી શકતો નથી. આનું ઉદાહરણ આ છે' "અનિત્ય શબ્દઃ પક્ષ સપક્ષ બન્નેમાંથી એકના ધર્મ રૂપે હોવાથી" આવો વાદીએ પ્રયોગ કર્યે છતે પ્રતિવાદી કહે "શબ્દ નિત્ય છે, પક્ષ સપક્ષ બન્નેમાંથી એકના ધર્મ રૂપ હોવાથી," અનિત્ય સાધ્ય માનીએ ત્યારે સપક્ષ અનિત્ય પદાર્થ બને, તેનો જે ધર્મ હોય તે અનિત્ય સિદ્ધ થઈ શકે છે. એમ સપક્ષ નિત્ય હોય તો તે નિત્ય સિદ્ધ થઈ શકે છે. પણ એક જ શબ્દ નિત્ય અને અનિત્ય બન્નેનો ધર્મ સંભવે જ નહી માટે આ કથન ઘણું જ અસંગત છે.

ચતુરંગ—વાદી, પ્રતિવાદી સભ્ય અને સભાપતિથી યુક્ત સભામાં કયો ડાહ્યો માણસ —સમજદાર વાદી કે પ્રતિવાદી (મુર્ખની જેમ) આવું અસંબધ્ધ બોલે ?

સાધ્યનાં અવિનાભાવી સાધનનો જ્યાં પ્રયોગ હોય ત્યાં તેનો વિરોધિ સમાન બળવાળો હેતુ (સાધન) સંભવી જ શકે નહિં. જે જંગલમાં વનરાજા તરીકે જે સિંહ છે, તેનાં સમાન બળવાલો બીજો સિંહ ત્યાં ન હોઈ શકે. છતાં કોઈ કહે "મેં તો એક જ વનમાં બે સિંહ રાજા જોયા" આ વચનથી બોલનારો ઉપહાસ પાત્ર બને. તેમ વિરોધિ હેતુનો પ્રયોગ કરનારા પણ ઉપહાસ પાત્ર બને તેમ છે. કોઈ ડાહ્યો માણસ આવું ના કરે. સાધ્યાભાવ સાધક હેત્વન્તર નબળો હોય તો પૂર્વ કહેલ હેતુને કશો વાંધો ન આવવાથી દોષરૂપ નહી બને. અને અન્ય હેતુ સબળ હશે તો પૂર્વે પ્રયોગ કરેલ હેતુ સાધ્યાભાવમાં રહી જવાથી તે વિરુદ્ધ કે વ્યભિચારી રૂપે બની જશે, જેમકે →"अयं अभव्यः मनुष्यत्वात्" આ અનુમાન પ્રયોગ કર્યો હોય ત્યારે તેના જ અભાવને સિદ્ધ કરનાર બીજો અનુમાન પ્રયોગ પ્રતિવાદી કરે કે "अयं भव्यः सम्यग्दर्शनात्" હવે આ બીજો હેતુ સબળ છે. (કા.કે. વિપક્ષ= અભવ્યમાં તેની વ્યાવૃત્તિ સુનિશ્ચિત છે.) હવે પૂર્વ પ્રયોગના પક્ષમાં હેતુ વિદ્યમાન જ હોય તો એટલે મનુષ્યત્વ હેતુ અભવ્યમાં રહ્યો છે, તેમજ ભવ્યમાં પણ રહેલો છે. એમ અભવ્ય = સાધ્યવાન્ અને ભવ્ય=સાધ્યાભાવવાન્ બન્નેમાં રહેવાથી વ્યભિચારી બની જશે, એટલે તેને નવો દોષ માનવાની જરૂર જ

१-० धितधर्मिनि०-डे० । २ -०धिते चानु०-ता० । ३ ०दी वैवं०-डे० ।

§ ૩૭. तत्रासिद्धस्य लक्षणमाह-

नासन्ननिश्चितसत्त्वो वाऽन्यथानुपपन्न इति सत्त्वस्यासिद्धौ सन्देहे वाऽसिद्धः ॥१७॥

§ ૩૮. 'असन्' अविद्यमानो 'नान्यथानुपपन्नः' इति सत्त्वस्या[1]सिद्धौ 'असिद्धः' हेत्वाभासः स्वरूपासिद्ध इत्यर्थः । यथा अनित्यः शब्दश्चाक्षुषत्वादिति । अपक्षधर्मत्वादयमसिद्ध इति न मन्तव्यमित्या[2]ह-'नान्यथानुपपन्नः' इति । अन्यथानुपपत्तिरूपहेतुलक्षणविरहादयमसिद्धो नापक्षधर्मत्वात् । नहि पक्षधर्मत्वं हेतोर्लक्षणं तदभावेऽप्यन्यथानुपपत्तिबलाद्हेतुत्वोपपत्तेरित्युक्तप्रायम् । भट्टोऽप्याह-

"पित्रोश्च ब्राह्मणत्वेन पुत्रब्राह्मणतानु[3]मा ।
सर्वलोकप्रसिद्धा न पक्षधर्ममपेक्षते ॥" इति ।

નથી. હેતુપક્ષમાં જ ન રહેતો હોય તો સ્વરૂપાસિદ્ધિ દોષ થાય અને તે સાધ્યાભાવ નો જ પોષક હોય તો વિરુદ્ધ હેતુ બની જાય. જેમ યુગલિકમનુષ્યત્વ હેતુ મૂક્યો હોય અને બીજો હેતુ સમ્યગ્દર્શન, તો પ્રથમ હેતુ પણ અભવ્યના બદલે સાધ્યાભાવ ભવ્યનો સાધક બનવાથી વિરુદ્ધ હેતુ બનશે. વળી અહીં "अयं" પક્ષ તરીકે પાંચમા આરાનો માનવી હોવાથી સ્વરૂપાસિદ્ધિ પણ છે. એટલે જ્યાં બીજો હેતુ સબળ હોય તો પ્રથમ હેતુમાં ત્રણમાંથી કોઈ એક દોષ અવશ્ય લાગવાનો છે. એટલે અલગથી પ્રકરણસમ દોષ માનવાની જરૂર જ નથી. તેવો સ્વતંત્ર હેત્વાભાસ પ્રાપ્ત ન થતો હોવાથી. ॥૧૬॥

૩૭. અસિદ્ધ હેત્વાભાસનું લક્ષણ કહે છે.....

અસત્ અને અનિશ્ચિતસત્ત્વવાળો હેતુ અન્યથાનુપપન્ન નથી હોતો, એથી સત્ત્વની અસિદ્ધિમાં કે સંદેહમાં તે અસિદ્ધ કહેવાય છે. ॥૧૭॥

૩૮. અસત્-અવિદ્યમાન સત્તાવાળો હેતુ અન્યથાનુપપન્ન નથી હોતો, એથી જેની સત્તા અસિદ્ધ હોય તે સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે. જેમ "શબ્દ અનિત્ય છે, ચાક્ષુષ હોવાથી" અહીં ચાક્ષુષત્વ હેતુ શબ્દ-પક્ષમાં અવિદ્યમાન છે તેથી અસિદ્ધ માનવાનો નથી, પરંતુ અન્યથાનુપપત્તિ રૂપ હેતુનું લક્ષણ એમાં નથી, માટે અસિદ્ધ છે, પક્ષધર્મતાનાં અભાવના કારણે નહીં.

અનિત્યતાનો અભાવ હોય તો ચાક્ષુષત્વનો પણ અભાવ જ હોય એવું નથી, કારણ કે પુદ્ગલ દ્રવ્ય નિત્ય તો છે પણ તે ચક્ષુ ગ્રાહ્ય છે=શાશ્વતા મેરૂપર્વત વગેરે ચક્ષુ ગ્રાહ્ય છે, એમ અન્યથાનુપપત્તિ હેતુ લક્ષણ ચાક્ષુષત્વમાં અસત્ હોવાથી તે અસિદ્ધ કહેવાય.

પક્ષધર્મત્વ હેતુનું લક્ષણ નથી કારણ કે તેનાં અભાવમાં પણ અન્યથાનુપપત્તિના બળથી હેતુ બની શકે છે. આ વાત અમે પહેલા કરી ચૂક્યા છીએ.

કુમારિલ ભટ્ટે પણ કહ્યું છે કે - મા બાપ બ્રાહ્મણ હોવાથી પુત્ર બ્રાહ્મણ હોવાનું અનુમાન લોકમાં સુપ્રસિદ્ધ છે.પણ તે પક્ષ-ધર્મતાની અપેક્ષા નથી રાખતું. "अयं पुत्रो ब्राह्मणः पित्रोः ब्राह्मणत्वात्" આ હેતુ કાંઈ પુત્રમાં થોડા રહેવાનો હતો, મા બાપનું બ્રાહ્મણત્વતો તેમનામાં જ રહે છે ને !! તેમનો ગુણધર્મ હોવાથી

---

१ स्यासिद्धावपि सिद्धोहे०-ता० । २ पक्षधर्मतां विनाप्यन्यथानुपपन्नत्वेनैव हेतुर्भवति । यथा पर्वतस्योपरि वृष्टो मेघो नदीपूराम्यथानुपपत्तेरित्यादावित्याशङ्क्याह । ३ अयं पुत्रो ब्राह्मणः पित्रोर्ब्राह्मणत्वादिति पुत्रे ब्राह्मणताया अनुमानम् ।

§ ३९. तथा 'अनिश्चितसत्त्वः' सन्दिग्धसत्त्वः 'नान्यथानुपपन्नः' इति सत्त्वस्य सन्देहेप्यसिद्धो हेत्वाभासः सन्दिग्धासिद्ध इत्यर्थः । यथा बाष्पादिभावेन सन्दिह्यमाना धूमलताग्निसिद्धावुपदिश्यमाना, यथा[1] चात्मनः सिद्धावपि सर्वगतत्वे साध्ये सर्वत्रोपलभ्य[2]मानगुणत्व[3]म्, प्रमाणाभावादिति ॥१७॥

§ ४०. असिद्धप्रभेदानाह-

वादिप्रतिवाद्युभयभेदाच्चैतद्भेदः ॥१८॥

§ ४१. 'वादी' पूर्वपक्षस्थितः 'प्रतिवादी' उत्तरपक्षस्थितः उभयं द्वावेव वादिप्रतिवादिनौ । तद्भेदादसिद्धस्य 'भेदः' । तत्र वाद्यसिद्धो यथा परिणामी शब्द उत्पत्तिमत्त्वात् । अयं साङ्ख्यस्य स्वयं वादिनोऽसिद्धः, तन्मते उत्पत्तिमत्त्वस्यानभ्युपेतत्वात्, नासदुत्पद्यते नापि सद्विनश्यत्युत्पादविनाशयोरा-विर्भावतिरोभावरूपत्वादिति तत्सिद्धान्ता[4]त् ।

અન્યત્ર રહી શકે નહી, છતાં ગમક બને જ છે.

૩૯. તથા જે હેતુ અનિશ્ચિત–સંદિગ્ધ સત્ત્વવાળો હોવાથી અન્યથાનુપપન્ન રહિત થવાથી તે અસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે, એટલે સંદિગ્ધાસિદ્ધ હેત્વાભાસ થયો "अयं वह्निमान् बाष्पाद् धूमाद् वा" જે ધૂમલતામાં બાષ્પાદિ ભાવરૂપ સંદેહ હોવા છતાં અગ્નિની સિદ્ધિમાં તેવા હેતુનો પ્રયોગ કરતા સંદિગ્ધાસિદ્ધ હેત્વાભાસ થાય છે. આ ધૂમ છે કે બાષ્પ છે ? એવો સંદેહ હોવાથી તેની સાધ્ય સાથે અન્યથાનુપપત્તિ જ જામતી નથી, પછી તે ક્યાંથી ગમક બની શકે ?

"आत्मा सर्वगतः सर्वत्र उपलब्धमानगुणत्वात्" આત્મા સિદ્ધ છે, તો પણ તેની સર્વવ્યાપતા સિદ્ધ કરવા "તેનાં ગુણ સર્વત્ર ઉપલબ્ધ થતાં હોવાથી" આ હેતુ મૂકવામાં આવ્યો છે, પણ આ હેતુ સંદિગ્ધ છે. કારણ કે તેની સર્વત્ર ઉપલબ્ધિમાં કોઈ પ્રમાણ નથી. માટે આ હેતુ પણ સંદિગ્ધાસિદ્ધ છે. ॥૧૭॥

૪૦. અસિદ્ધ હેત્વાભાસનાં ભેદ બતાવે છે..

વાદી પ્રતિવાદી અને ઉભયનાં ભેદથી આમાં ભેદ પડે છે. ॥૧૮॥

૪૧ વાદી–પૂર્વપક્ષનો આશ્રય લેનાર, ઉત્તર પક્ષનો આશ્રય લેનાર તે-પ્રતિવાદી, ઉભય–વાદી પ્રતિવાદી, કોઈ વાદીને અસિદ્ધ હોય, કોઈ પ્રતિવાદીને અસિદ્ધ હોય, કોઈ બન્નેને અસિદ્ધ હોય. એમ અસિદ્ધના ત્રણ ભેદ પડે છે.

ત્યાં વાદી અસિદ્ધ કહે છે "શબ્દ પરિણામી છે," ઉત્પત્તિમાન્ હોવાથી, "આ ઉત્પત્તિમાન્ હેતુ સ્વયં વાદી સાંખ્યને અસિદ્ધ છે. કારણ સાંખ્ય કોઈ પણ પદાર્થને ઉત્પત્તિમાન્ નથી માનતા. એમનું માનવું છે કે અસત્‌ની ઉત્પત્તિ નથી અને સત્‌નો વિનાશ નથી, ઉત્પત્તિ અને વિનાશ આવિર્ભાવ અને તિરોભાવ રૂપ છે. એટલે (મીમાંસક)બૌદ્ધને (પાતંજલને) પ્રતિ "શબ્દ પરિણામી છે," ઉત્પત્તિમાન્ છે એમ સ્વીકાર્ય હોવાથી પ્રતિવાદીને તો અસિદ્ધ નથી પરંતુ આવાં સાંખ્યના અનુમાનમાં હેતુ પોતાને અસિદ્ધ છે.

પ્રતિવાદી અસિદ્ધ-"ઝાડ સચેતન છે. આખી ચામડી કાઢી લેતા તેનું મરણ થતું હોવાથી" આ પ્રયોગમાંપ્રતિવાદી- બૌદ્ધને હેતુ અસિદ્ધ છે. અહીં મરણ એટલે વિજ્ઞાન ઇંદ્રિય અને આયુષ્યનો નિરોધ થવો.

---

१ यथा चात्म०-डे । २ आत्मा सर्वगतः सर्वत्रोपलभ्यमानगुणत्वात् ३-० गुणत्वं सन्दिग्धम् ४ ०न्ताच्च । चेत०-डे० ।

चेतनास्तरवः सर्वत्वगपहरणे मरणात् । अत्र मरणं विज्ञानेन्द्रियायुर्निरोधलक्षणं तरूषु बौद्धस्य प्रतिवादिनोऽसिद्धम् । उभयासिद्धस्तु चाक्षुषत्वमुक्तमेव । एवं सन्दि[1]ग्धासिद्धोऽपि वादिप्रतिवाद्युभयभेदात् त्रिविधो बोद्धव्यः ॥१८॥

§ ४२. नन्वन्येऽपि विशेष्यासिद्धादयो हेत्वाभासाः कैश्चिदिष्यन्ते ते कस्मान्नोक्ता इत्याह-

विशेष्यासिद्धादीनामेष्वेवान्तर्भावः ॥१९॥

§ ४३. 'एष्वेव' वादिप्रतिवाद्युभयासिद्धेष्वेव । तत्र विशेष्यासिद्धादय उदाह्रियन्ते । विशे[2]ष्यासिद्धो

આવું મરણ બૌદ્ધનાં મતે ઝાડમાં અસિદ્ધ છે, (અહીં વાદી જૈનને તો આવું મરણ સિદ્ધ જ છે) (જ્યારે પ્રતિવાદી બૌદ્ધ કોઈ પણ પદાર્થને ક્ષણિક માને છે, જ્ઞાન પણ ક્ષણ વિનાશી છે. એટલે તેમના મતે "અત્યાર સુધી વિજ્ઞાન અને આયુષ્યની એક ધારા ચાલતી હતી અને ઈંદ્રિયો કામ કરતી હતી તે બધુ એક જ ઝાડને સંબધ્ધ હતુ, હવે આ બધુ એક સાથે રોકાઈ જવું તેવું મરણ એમને માન્ય નથી; કારણ કે તેમના મતે તો તે બધુ ક્ષણે ક્ષણે નાશ પામે જ છે) [તેઓ ઝાડમાં વિજ્ઞાન વગેરે માનતા જ નથી, તો પછી તેના નિરોધ થવારૂપ મરણ ત્યાં ક્યાંથી ઘટે ?]

આ ત્રણ સંદિગ્ધાસિદ્ધનાં ભેદો - તેએ પ્રમાણે **પ્રતિવાદી સંદિગ્ધ** → "अयं पुरुषः सज्जनः सुवचत्वात्" અહીં પક્ષસ્થાપનાર વાદીને તો પેલા ભાઈની ખબર છે કે આ ભાઈ કયારેય અજુગતું નથી બોલતા, પરંતુ સામે વ્યક્તિ-જે પ્રતિવાદી છે તે કાંઈ પેલા ભાઈથી પરિચિત નથી, માટે "તે જુગતું નથી જ બોલતો" એવો અપલાપ ન કરી શકે, એટલે કે આ અજુગતું બોલે છે" એવું છાતી ઠોકીને ચોકસાઈથી કહી પણ શકતો નથી, એટલે આ હેતુ માટે પ્રતિવાદી સંદિગ્ધ રહે છે, માટે પ્રતિવાદી તેને સજ્જન માનવા માટે સંદિગ્ધ રહે છે.

વાદી સંદિગ્ધ → त्वं चौरो लिप्सया यत्र तत्र निरीक्षणात्" અહીં સામેની વ્યક્તિ–પ્રતિવાદીને સિદ્ધ છે કે પોતે લિપ્સાથી નથી દેખતો, જ્યારે પ્રયોગકરનાર વાદીને તો પરચિત્ત અગોચર હોવાથી લિપ્સાની ખાત્રી નથી એટલે સંદિગ્ધ હેતુના કારણે આ પ્રયોગમાં વાદી સંદિગ્ધ રહે છે.

ઉભયસંદિગ્ધ → શ્વેતામ્બર દિગમ્બરને કહે કે "अयं काल अभ्युदयवान् युगप्रधानवत्त्वात्" અત્યારે કોઈ પણ પક્ષ ખાત્રીથી કહી ન શકે કે યુગપ્રધાન છે, તેમજ નિષેધ પણ ન કરી શકે, કારણ કે દૃષ્ટ કરતા ઘણો મોટો ભાગ અદૃષ્ટ છે, જેમાં યુગપ્રધાન સંભવી પણ શકે છે.

ઉભયાસિદ્ધ → "शब्द अनित्य चाक्षुषत्वात्" અહીં શબ્દનું ચાક્ષુષત્વ વાદી પ્રતિવાદી બન્નેને અસિદ્ધ છે. જે અમે પહેલા કહ્યુ જ છે. એમ સંદિગ્ધાસિદ્ધ પણ વાદી પ્રતિવાદી અને ઉભયના ભેદથી ત્રણ પ્રકારે સમજવો. ॥૧૮॥

૪૨. શંકાકાર[*]: બીજાઓ વિશેષ્યાસિદ્ધ વિશેષણાસિદ્ધ વગેરે બીજા હેત્વાભાસો પણ માને છે. એમનું કથન તમે કેમ ન કર્યું ? આ પ્રશ્નનો ઉત્તર આપતા આચાર્યશ્રી કહે છે..

વિશેષ્યાસિદ્ધ વગેરેનો એઓમાંજ સમાવેશ થઇ જાય છે. ॥૧૯॥

૪૩. એષુ → વાદી પ્રતિવાદી ઉભયાસિદ્ધોમાં જ વિશેષ્યાસિદ્ધ વગેરેનો સમાવેશ થાય છે.

વિશેષ્યાસિદ્ધ વગેરેનાં ઉદાહરણ આ પ્રમાણે છે.

---

૧ न केवलं स्वरूपासिद्धो । ૨ "आहिताग्न्यादिषु" [हैमश, ३.१.१५३]

यथा अनित्यः शब्दः सामान्यवत्त्वे सति चाक्षुषत्वात् । विशेषणासिद्धो यथा अनित्यः श[1]ब्दश्चाक्षुषत्वे सति सामान्यविशेषवत्त्वात् । भा[2]गासिद्धो यथा अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वात् । आश्रयासिद्धो यथा अस्ति प्र[3]धानं विश्वपरिणामित्वात् ।
आश्रयैकदेशासि[4]द्धो यथा नित्या प्रधानपुरुषेश्वराः अकृतकत्वात् । व्यर्थविशेष्यासिद्धो यथा अनित्यः शब्दः कृतकत्वे सति सामान्यवत्त्वात् ।

---

૧ વિશેષ્યાસિદ્ધ → "શબ્દ અનિત્ય છે કારણ કે સામાન્ય-શબ્દત્વવાળો હોતે છતે ચાક્ષુષ છે." અહીં ચાક્ષુષત્વ વિશેષ્ય છે, તે શબ્દમાં અસિદ્ધ છે.

૨. વિશેષણાસિદ્ધ→શબ્દ અનિત્ય છે. ચાક્ષુષ હોતે છતે (શબ્દત્વ નામનો) અપર-વિશેષ પ્રકારનાં (અપર) સામાન્યવાળો હોવાથી" અહીં વિશેષણ ચાક્ષુષત્વ અસિદ્ધ છે. ટી. ૧ → **आत्मा व्यवच्छिन्नः** અહીં જો "ચાક્ષુષત્વે સતિ" આ વિશેષણ ન મૂકીએ તો સામાન્યવિશેષ= અપર સામાન્ય = આત્મત્વ કે દ્રવ્યત્વવાળો તો આત્મા પણ છે, તેને અનિત્ય માનવાની આપત્તિ આવે, તેનો વ્યચ્છેદ કરવા "ચાક્ષુષત્વેસતિ" મૂક્યું છે, આત્મા ચાક્ષુષપ્રત્યક્ષ થતો નથી.

૩. ભાગાસિદ્ધ→ "શબ્દ અનિત્ય છે, પ્રયત્ન જનિત હોવાથી" અહીં પ્રયત્નજન્યત્વ વાદળ–વિજળીનાં શબ્દોમાં નથી અને શેષ શબ્દોમાં છે એટલે પક્ષના એક દેશમાં હેતુ રહેતો નથી, માટે હેતુ ભાગાસિદ્ધ છે.

૪ આશ્રયાસિદ્ધ →"પ્રધાન (પ્રકૃતિ) છે, વિશ્વનું પરિણામી કારણ હોવાથી" અહીં હેતુનો આશ્રય જે પ્રધાન પ્રકૃતિ (પક્ષ) નૈયાયિક વગેરેને સિદ્ધ નથી. ટી. ૩ "**सामान्य व्यवच्छिन्नम्**"નો તાત્પર્ય એ છે કે સાંખ્યો વિશ્વમાં દેખાતા બધો ફેરફાર પ્રકૃતિના આધારે માને છે. જ્યારે નૈયાયિક કહે છે જે ઘટપટાદિ વગેરે તમામમાં ઘટત્વાદિ સામાન્ય રહેલ છે, તેથી ભિન્ન ભિન્ન રૂપે દેખાય છે. પૃથ્વીમાંથી ઘટ બને તેમાં ઘટત્વજાતિ રહેલ છે અને પટમાં પટત્વ જાતિ રહેલ છે, માટે ઘટ પટ જુદા જુદા ભાસે છે. આમ તમામ પદાર્થમાં કોઈ જાતિ રહેલી છે, તેથી તે તે સ્વરૂપે ભાસેછે, આવી જાતિ = સામાન્યનો પ્રધાન = પ્રકૃતિને માનતા વ્યવચ્છેદ થઈ જાય છે. કા.કે. તે પ્રકૃતિના આધારે જ બધો ફેરફાર અને ભેદ શક્ય બની જાય છે.

૫ આશ્રયૈકદેશાસિદ્ધ→"પ્રધાન પુરૂષ અને ઈશ્વર નિત્ય છે, અકૃતક હોવાથી" અહીં હેતુનાં ત્રણ આશ્રય છે. તેનો એક દેશ પ્રધાન અને પુરુષ બન્ને નૈયાયિકમતે અસિદ્ધ છે. કા. કે. નૈયા. પ્રધાન-પ્રકૃતિને સર્વથા માનતા જ નથી. સાંખ્ય → "બધુ જગત પ્રધાન ઉપર નભે છે" એમ માને છે. તેને નિત્ય માને છે. વેદાન્તી → બ્રહ્મ જ એક સત્ નિત્ય છે, શેષ બધો માયા પ્રપંચ અસત્ છે. નૈયાયિક → ઈશ્વર જ આ બધુ કરે છે. ઈશ્વર ઈચ્છાથી બધું થાય છે, તેને નિત્ય માને છે. નૈયાયિક પ્રધાન પુરુષ=બ્રહ્મને માનતા નથી. પુરુષનો અર્થ આત્મા કરો તો માને છે.

૬. વ્યર્થ વિશેષ્યાસિદ્ધ →"શબ્દ અનિત્ય છે. કૃતક હોતે છતે સામાન્યવાન્ હોવાથી" સામાન્યવાન એ વિશેષ્ય વ્યર્થ છે.

૭. વ્યર્થ વિશેષણાસિદ્ધ → : "શબ્દ અનિત્ય છે. સામાન્યવાન્ હોતે છતે કૃતક હોવાથી" અહીં સામાન્યવાન્ વિશેષણ વ્યર્થ છે, કારણ કે કૃતકત્વથી જ અનિત્યતા સિદ્ધ થઈ શકે છે. ટી. ૧ननु सामान्यवत्त्व→ કૃતકત્વ ધ્વંસમાં છે ખરું પણ તેનો નાશ તો થતો નથી, એટલે તેના વ્યચ્છેદ માટે

---

૧ आत्मा व्यवच्छिन्नः । ૨ भागे एकदेशे असिद्धः प्रयत्नानन्तरीयकत्वस्य गर्जिते अभावात् । ૩ सामान्य व्यवच्छिन्नम् । ૪ नैयायिकस्य ।

व्यर्थविशेषणासिद्धो यथा अनित्यः शब्दः सामान्य[1]वत्त्वे सति कृतकत्वात् । सन्दिग्धविशेष्यासिद्धो यथा अद्यापि रागादियुक्तः कपिलः पुरु[2]षत्वे सत्यद्याप्यनुत्पन्न-तत्त्वज्ञानत्वात् । सन्दिग्धविशेषणासिद्धो यथा अद्यापि रागादियुक्तः कपिलः सर्वदा तत्त्वज्ञानरहितत्वे सति पुरुषत्वादित्यादि । एतेऽसिद्धभेदा यदान्यतरवाद्यसिद्धत्वेन विवक्ष्यन्ते तदा वाद्यसिद्धाः प्रतिवाद्यसिद्धा वा भवन्ति । यदोभयवाद्यसिद्धत्वेन विवक्ष्यन्ते तदोभयासिद्धा भवन्ति ॥१९॥

§ ४४. विरुद्धस्य लक्षणमाह-

विपरीतनियमोऽन्यथैवोप[3]पद्यमानो विरुद्धः ॥२०॥

§ ४५. 'विपरीतः' [4]यथोक्ताद्विप[5]र्यस्तो 'नियमः' अविनाभावो यस्य स तथा, तस्यैवोपदर्शनम् 'अन्यथैवोपद्यमानः' इति । यथा नित्यः शब्दः कार्यत्वात्, चरा[6]र्थाश्चक्षुरादयः सङ्घातत्वाच्छय[7]नाशनाद्यङ्गवदित्यत्रासंहतपारार्थ्ये साध्ये चक्षुरादीनां संह[8]तत्वं विरु[9]द्धम् ।

"सामान्यवत्त्वे" એ વિશેષણ ઉપયોગી થઈ જશે તમે વ્યર્થ કેમ માનો છો ? આવું ન કહેવું કા.કે. અહીં વાદી અને પ્રતિવાદી બૌદ્ધ અને મીમાંસક છે, તેઓ અભાવને માનતા જ નથી. એથી વ્યવચ્છેદ કરવાની જરૂર નથી, માટે આ વિશેષણ બિનઉપયોગી છે.

૮. સંદિગ્ધ વિશેષ્યાસિદ્ધ → "આજે પણ કપિલ રાગાદિ યુક્ત છે, પુરૂષ હોતે છતે હજી સુધી તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયેલ ન હોવાથી." અહીં વિશેષ્ય તત્ત્વજ્ઞાનની અનુત્પત્તિ કપિલમાં સંદિગ્ધ છે.

૯. સંદિગ્ધ વિશેષણાસિદ્ધ → "આજે પણ કપિલ રાગાદિ યુક્ત છે, સર્વદા તત્ત્વજ્ઞાન રહિત હોતે છતે પુરૂષ હોવાથી" અહીં સર્વદા તત્ત્વજ્ઞાનનો અભાવ એ વિશેષણ સંદિગ્ધ છે. આપણે બધા તો છદ્મસ્થ છીએ, તેથી કપિલના આત્માએ કોઈ વિશેષ-વાસ્તવિક સાધના કરી કેવલજ્ઞાન પ્રાપ્તિ કરી લીધું હોય તો આપણને શું ખબર ? એટલે કેવલજ્ઞાન નથી જ પામ્યા એવુ ચોક્કસ કહેવું શક્ય નથી, એમ વિશેષણ સંદિગ્ધ છે. ઉપરના વિશેષ્ય માટે પણ આજ હકીકત સંભવી શકે છે. એથી ત્યાં વિશેષ્ય સંદિગ્ધ છે.

આ અસિદ્ધ ભેદો જ્યારે અન્યતરાઽસિદ્ધ—વાદી કે પ્રતિવાદીમાંથી કોઈ એકને અસિદ્ધ તરીકે વિવક્ષા કરાય છે, ત્યારે વાદીને અસિદ્ધ કે પ્રતિવાદીને અસિદ્ધ હોય છે, અને જ્યારે તેની ઉભયવાદીને અસિદ્ધ તરીકે વિવક્ષા કરાય છે, ત્યારે ઉભયને અસિદ્ધ કહેવાય છે. ॥૧૯॥

૪૪. વિરૂદ્ધનું લક્ષણ કહે છે.

જેનો અવિનાભાવ સાધ્યથી વિપરીતની સાથે હોય, તેથી સાધ્ય વિના જ જે હોય તે હેતુ વિરૂદ્ધ હેત્વાભાસ છે ॥૨૦॥

૪૫. વિપરીત પૂર્વે કહ્યું-"સાધ્ય વિના ન હોવું" તે હેતુનું લક્ષણ છે.તેનાથી વિપરીત—એટલે સાધ્ય વિના જે હોય તેવા હેતુનો પ્રયોગ કરવો. જેમ "શબ્દ નિત્ય છે કાર્યત્વાત્" અહીં કાર્ય હેતુ નિત્યથી વિપરીત અનિત્ય હોય ત્યાં જ હોય છે.

"ચક્ષુ વગેરે ઈન્દ્રિયો પરાર્થ—આત્માર્થ છે, સંઘાત રૂપ હોવાથી; જેમ શયન અશન આદિના અંગ અહીં

---

१ ननु सामान्यवत्त्वे सतीति विशेषणं प्रध्वंसाभावव्यवच्छेदार्थं भविष्यतीति, नैवम्, बौद्धमीमांसकौ वादिप्रतिवादिनौ स्तस्तयोश्च मतेऽभाव एव नास्तीति । २ दृषदादिव्यच्छेदाय पुरुषत्वे सतीत्युक्तम् । ३ साध्यं विनैवोपपद्यमानो विपरीतनियमत्वात् । ४ साध्यविनाभावलक्षणात् । ५ साध्यविरुद्धेनाविनाभावात् । ६ आत्मार्थाः । ७ -०नासना०-डे० । ८ सङ्घातत्वम् । ९ संहतपरार्थस्यैव साधकत्वादस्य ।

बुद्धिमत्पूर्वकं क्षित्यादि कार्यत्वादित्यत्राशरीरसर्वज्ञकर्तृपूर्वकत्वे साध्ये कार्यत्वं विरुद्ध साधनाद्विरुद्धम् ।

§ ४६. अनेन येऽन्यैरन्ये विरुद्धा उदाहृतास्तेऽपि सङ्गृहीताः । यथा सति सपक्षे चत्वारो भेदाः । पक्षविपक्षव्यापको यथा नित्यः शब्दः कार्य[1]त्वात् । पक्षव्यापको वि[2]पक्षैकदेशवृत्तिर्यथा नित्यः शब्दः सामान्यवत्त्वे सत्यस्मदादिबाह्येन्द्रियग्राह्यत्वात् । पक्षैकदेशवृत्तिर्विपक्षव्यापको यथा नित्या पृ[3]थ्वी कृतकत्वात् ।

"આત્મા તો અસંહત–અસંઘાતરૂપ છે, તેના ભોગ માટે ઈંદ્રિયો છે." આ સિદ્ધ કરવાનું છે. તેના માટે સંહત હેતુ વિરૂદ્ધ કહેવાય. કારણ સંહત હેતુની વ્યાપ્તિ સાધ્ય = અસંહત વિપરીત અંસહતતાડભાવ–સંહત પરાર્થ સાથે છે. અહીં આંખ વગેરેમાં પરાર્થ–આત્માર્થ સિદ્ધ કરવું ઈષ્ટ છે, એટલે તે અસંહત પરાર્થ સાધ્ય છે, જ્યારે આ હેતુ દ્વારા વિરુદ્ધ સંહત પરાર્થની સિદ્ધિ થતી હોવાથી "संघातत्वात्" એ વિરુદ્ધ હેત્વાભાસ બને છે.

[આંખ વગેરે સમૂહરૂપે હોવા છતા સંહત સપ્રદેશી[1] આત્માને ઉપયોગી છે, જેમ પલંગ વગેરે કાષ્ઠાદિ અવયવો ચાર જોડાઈને બને છે. તેમ બે ચાર સ્કંધો- અવયવો જોડાવાથી શરીર બનતું હોવાથી સંહત એવા તે શરીરને ઉપયોગી છે. એટલે તે શરીરમાટે પલંગ શય્યા વિ. ઉપયોગી છે, તેમ આંખ વગેરે પણ સંહત પરાર્થ સિદ્ધ થશે. સમૂહવાળા શરીરને ઉપયોગી છે એટલે જે સંહત હોય તે સંહત પરાર્થ માટે ઉપયોગી છે,] જ્યારે તમારા હિસાબે આંખ વગેરે ઇન્દ્રિયો નિરવયવી અસંહત વિભુ આત્માને ઉપયોગી છે, માટે તે હેતુ વિરુદ્ધ[1] બન્યો ને.

પૃથ્વી વગેરે બુદ્ધિમત્કર્તૃક છે, કાર્ય હોવાથી અહીં અશરીરી સર્વજ્ઞ કર્તા સિદ્ધ કરવા પ્રયુક્ત કાર્ય હેતુ વિરુદ્ધ[1] છે. કારણ આપણને જે પ્રત્યક્ષ કાર્ય દેખાય છે, તેનો કર્તા-ઘટાદિ કાર્યનો કુંભાર વગેરે કર્તા તો સશરીરી અસર્વજ્ઞ છે. એટલે આ કાર્ય હેતુની વ્યાપ્તિ સાધ્યથી વિપરીત સશરીરી અસર્વજ્ઞ કર્તા સાથે હોવાથી કાર્ય હેતુ વિરુદ્ધ કહેવાય.

૪૬. આના દ્વારા અન્યલોકોએ જે બીજા વિરૂદ્ધનાં ઉદાહરણ આપ્યા છે. તે બધાનો સંગ્રહ આ લક્ષણથી થઈ જાય છે. જેમ સપક્ષનું સત્ત્વ હોતે છતે ચાર ભેદ છે....

૧. પક્ષ વિપક્ષ વ્યાપક → જેમ "શબ્દ નિત્ય છે કાર્ય હોવાથી" અહીં કાર્ય હેતુ પક્ષ શબ્દમાં વિપક્ષ અનિત્ય ઘટાદિમાં વ્યાપ્ત છે. સાધ્ય-નિત્યથી વિપરીત અનિત્ય સાથે કાર્યનો અવિનાભાવ હોવાથી આ વિરૂદ્ધ છે.

---

१ कार्यत्वं हि पक्षे शब्दे विपक्षे चानित्ये घटादौ दृष्टम् । २ अनित्येषु घटादिषु हेतुरस्ति द्वयणुकादिषु सुखदुःखादिषु नास्ति इति । ३ परमाणुरूपायां पृथिव्यां कृतकत्वं नास्ति कार्यरूपायां अस्ति इति पक्षैकदेशवृत्तिता ।

---

१ પરાર્થથી ૧-૨-૧૩ સૂત્રમાં આત્માર્થનું ગ્રહણ કર્યું છે, એટલે ત્યાં આત્માર્થ અનુક્ત હોવા છતાં ઈષ્ટ હોવાથી પક્ષ બને છે. જ્યારે અહીં સાંખ્યને પ્રતિ જૈનો તેજ હેતુને વિરુદ્ધ ઠેરવે છે, કારણ કે તેઓ આત્માને નિરવયવી–વિભુ માને છે, જ્યારે આ હેતુ દ્વારા તો આંખ વિગેરે સંહત–સાવયવી પરાર્થને (સપ્રદેશી આત્માને) ઉપયોગી છે એવું સિદ્ધ થાય છે.

(એમને આ આપત્તિથી બચવું હોય તો જૈનોની જેમ આત્માને અસંખ્યપ્રદેશી માનવો પડે, નહીંતર વિરુદ્ધ હેત્વાભાસ ઉભો થશે)

એજ રીતે નૈયાયિક અશરીરી ઈશ્વરની સિદ્ધિ કરવા માગે છે, તે પણ પૃથ્વી વિ.નો કર્તા બનાવીને. તેનું જૈનો ખંડન કરે છે કે દૃષ્ટ ઘટાદિ કાર્યનો કર્તા સશરીરી અને અસર્વજ્ઞ છે. જ્યારે તમારું સાધ્ય અશરીરી, સર્વજ્ઞ છે, એમ કાર્યત્વ હેતુ સશરીરી સાથે વ્યાપ્ત છે. માટે વિરુદ્ધ હેત્વાભાસ દર્શાવી નૈયાયિક નિગૃહીત કરવામાં આવે છે.

पक्षविप[1]क्षैकदेशवृत्तिर्यथा नित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वात् । असति सपक्षे चत्वारो विरुद्धाः । पक्षविप[2]क्षव्यापको यथा आकाशविशेषगुणः शब्दः प्रमेयत्वात् । पक्षव्यापको विपक्षैकदेशवृत्तिर्यथा

૨. પક્ષ વ્યાપક અને વિપક્ષ એક દેશ વૃત્તિ → "શબ્દ નિત્ય છે, સામાન્યવાન્ હોતે છતે આપણી બાહ્યેન્દ્રિય-શ્રોત્રથી ગ્રાહ્ય હોવાથી", આ હેતુ પક્ષ શબ્દમાં વ્યાપ્ત છે, કારણ કે તમામ શબ્દો એ શબ્દત્વ નામની જાતિવાળા છે અને બાહ્ય શ્રવણેંદ્રિયથી ગ્રાહ્ય પણ છે, એમ શબ્દ-પક્ષમાં સર્વત્ર હેતુ રહેવાથી પક્ષમાં વ્યાપ્ત થયો. પરંતુ વિપક્ષ—અનિત્યના એક દેશ ઘટાદિમાં રહે છે, કારણ કે ઘટાદિ ઘટત્વ જાતિવાળા છે અને બાહ્ય ચક્ષુરિન્દ્રિયથી ગ્રાહ્ય પણ છે. જ્યારે, અનિત્ય એવા દ્વયણુક-સુખ-દુઃખ વગેરે વિપક્ષમાં નથી રહેતો, કા. કે. સુખ-દુઃખ ચિત્ત વૃત્તિરૂપે હોવાથી બાહ્યેંદ્રિયથી ગ્રાહ્ય ન બને. દ્વયણુક મહત્ત્વ જન્ય ન હોવાથી તેમાં મહત્ત્વ ન હોવાથી દ્વયણુક વગેરે બ્રાહ્યેન્દ્રિય ગ્રાહ્ય નથી. નિત્યથી વિપરીત-અનિત્ય પદાર્થ સામાન્યવાન્ હોઈ બાહ્યેન્દ્રિય ગ્રાહ્ય હોવાથી તેની સાથે હેતુનો અવિનાભાવ ઘટે છે પરંતુ નિત્ય પદાર્થ સાથે નહિં. કારણ કે કોઈ પણ નિત્ય પદાર્થ આપણી બાહ્યેન્દ્રિયથી ગ્રાહ્ય નથી. અત્યંતાભાવ બાહ્યેન્દ્રિય ગ્રાહ્ય છે. પણ તે સામાન્યવાન્ નથી માટે નિત્ય એવા અત્યંતાભાવ સાથે પણ હેતુની વ્યાપ્તિ નથી.

૩ પક્ષ એક દેશવૃત્તિ વિપક્ષ વ્યાપક→પક્ષનાં એક દેશમાં રહે અને વિપક્ષમાં વ્યાપ્ત હોય તે; જેમ "પૃથ્વી નિત્ય છે, કૃતક હોવાથી" અહીં પક્ષ પૃથ્વીનો એક દેશ પૃથ્વીપરમાણુંમાં કૃતક હેતુ નથી રહેતો, નિત્યનો વિપરીત અનિત્ય સાથે વિપક્ષ શબ્દાદિમાં કૃતક હેતુ વ્યાપ્ત છે, માટે આ વિરૂદ્ધ હેતુ છે. [પૃથ્વી પક્ષનાબળે વિપક્ષપણ સત્ લેવાનો છે, તેથી પ્રાગભાવ અનિત્ય છે પણ તેમાં કૃતકત્વ નથી પરંતુ તે પ્રાગભાવ વિપક્ષરૂપે નથી લેવાનો કારણ કે તે સત્ નથી.]

૪. પક્ષ વિપક્ષ એક દેશ વૃત્તિ →"શબ્દ નિત્ય છે પ્રયત્નાનન્તરીય હોવાથી આ હેતુ પક્ષ શબ્દના એક દેશ પુરૂષ જન્ય શબ્દ સ્વરૂપ ભાગમાં અને વિપક્ષ ઘટાદિમાં રહે છે, વળી પક્ષનો એક દેશ = વિજળી સાથે કડાકાનો અવાજ થાય છે, તેવો શબ્દ પક્ષ છે, પરંતુ તેમાં પ્રયત્નજન્યત્વ નથી, અને વિજળી અનિત્ય હોવાથી વિપક્ષરૂપે તો છે, પરંતુ તે પણ કોઈના પ્રયત્નથી જન્ય નથી. (વિસ્રસા પ્રયોગથી પેદા થતી હોવાથી) વિદ્યુત્ વગેરે પણ વિપક્ષ છે, ત્યાં આ હેતુ નથી રહેતો. પણ પ્રયત્નજન્યત્વ સાધ્ય= નિત્ય પદાર્થથી ભિન્ન અનિત્ય પદાર્થમાં જ વ્યાપ્ત = રહે છે, માટે આ હેતુ વિરૂદ્ધ છે.

નિશ્ચિત નિત્યત્વ સાધ્ય ધર્મવાળા આકાશાદિ આ દુનિયામાં વિદ્યમાન જ છે, માટે આ ચાર પ્રકારો સપક્ષની વિદ્યમાનતા વાળા છે. આ ચાર ભેદોમાં ૧-૨ અને ૪માં તો શબ્દ જ પક્ષ છે, અને ૩માં પૃથ્વી પક્ષ છે અને ચારેમાં નિત્ય સાધ્ય છે.

→ હવે અવિદ્યમાન સપક્ષવાળા ચાર પ્રકાર બતાવે છે....

૧. પક્ષ વિપક્ષ વ્યાપક → "શબ્દ, આકાશનો વિશેષ ગુણ છે, પ્રમેય હોવાથી," પ્રમેયત્વ હેતુ પક્ષ શબ્દમાં અને વિપક્ષ ઘટાદિમાં વ્યાપ્ત છે. પણ અહીં સપક્ષ નથી. શબ્દ પક્ષ સિવાય આકાશનો કોઈ અન્ય વિશેષ ગુણ નથી કે તદ્વાન્ સપક્ષ બને.

આ હેતુ સાધ્યથી વિપરીત આકાશવિશેષગુણાભાવવાળા તમામ દ્રવ્ય ગુણ કર્માદિ સાથે વ્યાપ્ત હોવાથી

१ देशशब्दो (दे)ऽप्रयत्नानन्तरीयकविद्युति प्रयत्नानन्तरीयकत्वं नास्ति इति पक्षैकदेशः । २ शब्दमन्तरेणान्यस्य विशेषगुणस्याऽसम्भवात् सपक्षाभावः ।

आकाशविशेषगुणः शब्दो [1]बाह्येन्द्रियग्राह्यत्वात् । पक्षैकदेशवृत्तिर्विपक्षव्यापको यथा आकाशविशेषगुणः शब्दोऽ[2]पदात्मकत्वात् । पक्षविप[3]क्षैकदेशवृत्तिर्यथा आकाशविशेषगुणः शब्दः प्रयत्नानन्तरीयकत्वात् । एषु च चतुर्षु विरुद्धता, पक्षैकदेशवृत्तिषु चतुर्षु पुनरसि[4]द्धता विरुद्ध[5]ता चेत्युभयसमावेश[6] इति ॥ २० ॥

વિરૂદ્ધ હેતુ છે. દ્રવ્ય હોયકે ગુણ, વગેરે કોઈપણ પદાર્થ પ્રમેય તો છે જ. પરંતુ તે બધામાંથી કોઈપણ આકાશના વિશેષ ગુણ રૂપે નથી. શબ્દમાં આકાશ-વિશેષ-ગુણ સિદ્ધ કરવાનો બાકી છે અને જે જે શબ્દ સિવાયના પ્રમેય છે, તે બધા તો આકાશ વિશેષ ગુણ રૂપ નથી માટે વિરૂદ્ધ હેતુ થયો. હા કોઈ અન્ય આકાશનો વિશેષ ગુણ પ્રસિદ્ધ હોત અને તેમાં પ્રમેય છે, તેના આધારે કદાચ વિચારણા કરાત, તે પણ નથી. એટલે પક્ષ છોડી માત્ર વિપક્ષમાં વ્યાપ્ત હોવાથી આ વિરુદ્ધ હેતુ જ થયો ને.

૨ પક્ષ વ્યાપક વિપક્ષ એક દેશવૃત્તિ → "શબ્દ આકાશનો વિશેષ ગુણ છે, બાહ્યેન્દ્રિય ગ્રાહ્ય હોવાથી" બાહ્યેન્દ્રિય ગ્રાહ્યત્વ પક્ષ શબ્દમાં વ્યાપ્ત છે, વિપક્ષનાં એક દેશ ઘટાદિમાં રહે છે અને આકાશ સાથે ઘટાદિનો સંયોગ થાય છે, તે સંયોગ વિશેષ ગુણ નથી માટે વિપક્ષ છે છતાં તે બાહ્યેન્દ્રિય ગ્રાહ્ય છે, અને સુખદુઃખાદિ તેમજ મહત્ત્વ વિગેરે વિપક્ષ છે તે બાહ્યેન્દ્રિય ગ્રાહ્ય નથી. અહીં પણ પૂર્વવત્ સપક્ષ નથી. બાહ્યેન્દ્રિય ગ્રાહ્યત્વ વિપક્ષ= આકાશ વિશેષ ગુણાભાવ સ્વરૂપ રૂપાદિ વિશેષ ગુણમાં રહે છે. એટલે અન્યથા=આકાશ વિશેષ ગુણ વિના બાહ્યેન્દ્રિયગ્રાહ્યત્વની અનુપપત્તિ નથી પણ ઉપપત્તિ છે. માટે આ વિરૂદ્ધ હેત્વાભાસ છે. સપક્ષ તો છે નહી કે તેમાં હેતુની હાજરી જાણી ખાત્રી કરી શકાય. પક્ષ છોડી માત્ર વિપક્ષમાં હેતુ રહેવાથી વિરુદ્ધ બને છે.

૩ પક્ષ એક દેશ વૃત્તિ વિપક્ષ વ્યાપક → શબ્દ આકાશનો વિશેષ ગુણ છે. અપદાત્મક હોવાથી" અહીં અપદાત્મકત્વ હેતુ વાદળા વગેરેની ધ્વનિમાં રહે છે, તાલ્વોષ્ઠ જન્ય પદ રૂપ શબ્દમાં નથી રહેતો એટલે પક્ષ એક દેશમાં હેતુની વૃત્તિ છે. જ્યારે વિપક્ષ આકાશવિશેષગુણાભાવવાળા બધામાં ઘટપટના સંયોગાદિમાં હેતુ વ્યાપ્ત છે. કારણ શબ્દેતર ઘટાદિ બધા અપદાત્મક જ છે, કારણ કે સ્યાદ્યન્ત–ત્યાદ્યન્તને પદ કહેવાય તે તો વચનાત્મક જ છે અને ઘટાદિ તો વાચ્ય છે માટે અવચનાત્મક છે. અહી અન્યથા = આકાશ વિશેષ ગુણાભાવહોય તો અપદાત્મકની અનુપપત્તિ નથી, કારણ આકાશ વિશેષ ગુણાભાવવાળા ઘટાદિમાં અપદાત્મકત્વ રહેલું જ છે. આમ હેતુ સાધ્યાભાવ સાથે વ્યાપ્ત હોવાથી વિરૂદ્ધ હેત્વાભાસ છે. અહીં સપક્ષ નથી શબ્દ સિવાય બીજુ કોઈ આકાશવિશેષગુણવાળું છે જ નહીં.

૪ પક્ષ વિપક્ષ એક દેશવૃત્તિ → "શબ્દ આકાશનો વિશેષ ગુણ છે, પ્રયત્નાનન્તરીયકત્વાત્" આ હેતુ શબ્દનાં એક દેશ વર્ણાત્મક શબ્દમાં અને વિપક્ષનો એક દેશ ઘટાદિના સંયોગ વગેરેમાં રહે છે. જ્યારે વિપક્ષનાં એક દેશ મહત્ત્વ[1]માં-પક્ષનો એક દેશ મેઘ ધ્વનિમાં હેતુ નથી રહેતો.

એષુ ચ ચતુર્ષુ વિરુદ્ધતા →એટલે આ આઠમાંથી સતિસપક્ષે માંથી ૧/૨ અને અસતિસપક્ષેમાંથી ૧/૨

१ संयोगादयः सामान्यगुणाः । आकाशसंयोगादिषु बाह्येन्द्रियग्राह्यत्वमस्ति न महत्त्वादिषु । २ मेघादिध्वनीनामपदात्मकत्वमिति पक्षैकदेशवृत्तिता, संयोगादिषु अपदात्मकतैव । ३ विपक्षे संयोगादौ प्रयत्नानन्तरीयकत्वमस्ति महत्त्वे तु नास्ति । ४ पक्षैकदेशे विद्यमानत्वात् । ५ -०ता वेत्यु०-ता०। ६ -०मादेश-ता० ।

ટી-૧ → પ્ર ઘટ–પટનો સંયોગ પ્રયત્નથી જન્ય છે, ત્યાં આ હેતુ રહે છે, તેસંયોગ તો સામાન્યગુણ હોવાથી વિપક્ષ છે, જ્યારે આકાશનો મહત્વ ગુણ છે, પરંતુ તે પણ સામાન્યગુણ હોવાથી વિપક્ષ છે, ત્યાં પ્રયત્નાનન્તરીયકત્વ નથી.

§ ૪૭. अनैकान्तिकस्य लक्षणमाह-

नियमस्यासिद्धौ सन्देहे वाऽन्यथाप्युपप[1]द्यमानोऽनैकान्तिकः ॥२१॥

§ ૪૮. 'निय[2]मः' अविनाभावस्तस्य 'असिद्धौ' 'अनैकान्तिकः' यथा अनित्यः शब्दः प्रमेयत्वा[3]त्, प्रमेयत्वं नित्येऽप्याकाशादावस्तीति । सन्देहे यथा असर्वज्ञः कश्चिद् रागादिमान् वा वक्तृत्वात् । स्वभावविप्रकृष्टाभ्यां हि सर्वज्ञत्ववीतरागत्वाभ्यां न वक्तृत्वस्य विरोधः सिद्धः, न च रागादिकार्यं वचनमिति सन्दिग्धोऽन्वयः । ये चान्येऽन्यैरनैकान्तिकभेदा उदाहृतास्त उक्तलक्षण एवान्तर्भवन्ति । पक्षत्रयव्यापको यथा अनित्यः शब्दः प्रमेयत्वात् ,

---

આ ચારમાં વિરુદ્ધતા દોષ આવે છે. કારણ કે હેતુ માત્ર વિપક્ષમાં મળે છે, પરંતુ સપક્ષમાં મળતો જ નથી. અને બાકીના સતિસપક્ષે ૩/૪ અને અસતિ વિપક્ષે ૩/૪ આ પક્ષનાં એક દેશમાં વૃત્તિવાળા ચાર હેતુ અસિદ્ધ પણ છે અને વિરૂદ્ધ પણ છે. પક્ષનાં એક દેશમાં ન રહેવાથી ભાગાસિદ્ધિ થાય અને વિપક્ષમાં વૃત્તિ છે, પરંતુ સપક્ષમાં વૃત્તિ ન હોવાથી વિરૂદ્ધ પણ છે. એમ બંનેમાં તેમનો સમાવેશ થાય છે. ॥૨૦॥

૪૭. અનૈકાન્તિક હેત્વાભાસનું લક્ષણ કહે છે -

અવિનાભાવ નિયમની અસિદ્ધિ કે સંદેહ હોવાના કારણે સાધ્ય વિના પણ રહેવાવાળો હેતુ અનૈકાન્તિક કહેવાય છે. ॥૨૧॥

૪૮. નિયમ એટલે અવિનાભાવ તેની અસિદ્ધિ હોય તો હેતુ અનૈકાન્તિક બની જાય છે. જેમકે "શબ્દ અનિત્ય છે. પ્રમેય હોવાથી" અહીં પ્રમેયત્વનો અવિનાભાવ અનિત્યત્વ સાધ્ય સાથે સિદ્ધ નથી, કારણ કે પ્રમેયત્વ આકાશાદિ નિત્ય પદાર્થોમાં પણ જોવા મળે છે. એટલે અન્યથા=સાધ્ય વિના હેતુ ઉપપદ્યમાન થયો, પણ અનુપપદ્યમાન ન થવાથી અનૈકાન્તિક બને છે. સાધ્ય સાથે હેતુનાં અવિનાભાવમાં સંદેહ હોય તો પણ હેતુ અનૈકાન્તિક બને છે. જેમ "અમુક પુરૂષ અસર્વજ્ઞ કે રાગાદિમાન છે, વક્તા હોવાથી," સ્વભાવથી વિપ્રકૃષ્ટ દૂરવર્તી એવા સર્વજ્ઞત્વ અને વીતરાગત્વ સાથે વક્તૃત્વનો વિરોધ સિદ્ધ નથી. સર્વજ્ઞત્વ અને વીતરાગત્વનો સ્વભાવ એટલે સ્વરૂપ આપણી જ્ઞાનશક્તિથી દૂરવર્તે છે, એટલે કે આપણને જે જ્ઞાન સાધન પ્રાપ્ત છે, તેનાથી તેમનું સ્વરૂપ જાણી શકાય એમ નથી, એથી તેના સ્વરૂપનો કોઈમાં નિશ્ચય કરી તે વ્યક્તિમાં વક્તૃત્વ નથી એવી ખાત્રી કરી શકાતી નથી. બીજી વાત એ છે કે કદાચ તેવી કોઈ વ્યક્તિ ભલે આપણને જોવા ન મળે, છતાં "બોલવાની ક્રિયા રાગાદિ કે અસર્વજ્ઞ અલ્પજ્ઞાનથી જન્ય છે" એવો નિશ્ચય હોય તો વીતરાગ સાથે વક્તૃત્વનો વિરોધ સિદ્ધ કરી શકાય. અર્થાત્ જે વક્તા હોય તે સર્વજ્ઞ નથી હોતો કે વીતરાગ નથી હોતો એવું પણ નિશ્ચિત નથી. અને "બોલવું" એ કંઈ રાગાદિ કે અસર્વજ્ઞનું કાર્ય નથી (તાલ્વોષ્ઠ જન્ય) હોવાથી એથી વક્તૃત્વ સાથે રાગાદિમત્ત્વ–અસર્વજ્ઞત્વની અન્વય વ્યાપ્તિમાં સંદેહ છે.

પરંતુ અહીં જ્યારે આપણે કોઈ બોલીએ છીએ ત્યારે ભાષણ ક્રિયાની સામગ્રી રૂપે પ્રસિદ્ધ તાલુ ઓષ્ઠનો સંયોગ વિગેરે જ જરૂરી પડે છે, તેના માટે કાંઇ રાગાદિ કરવા જ પડે એવું નથી. યોગી મહાત્માઓ કોઈ પણ જાતના રાગાદિવિના આત્મરમણ બની સતત જાપ કરતા હોય છે, એટલે ભાષણ ક્રિયા એ રાગાદિ કે સર્વજ્ઞનું કાર્ય નથી.

---

१ न केवलं साध्ये सति साध्यं विनाऽपित्यापरार्थः (विनापि इत्यपेरर्थः) २ साध्येन सह । ३ प्रमाणपरिच्छेद्यत्वात् ।

पक्षसपक्षव्यापको विप[1]क्षैकदेशवृत्तिर्यथा गौरयं वि[2]षाणित्वात् । पक्षविपक्षव्यापकः सपक्षैकदेशवृत्तिर्य[3]था नायं गौः विषाणित्वात् । पक्षव्यापकः सप[4]क्षविप[5]क्षैकदेशवृत्तिर्यथा अनित्यः शब्दः प्रत्यक्षत्वात् । पक्षैकदेशवृत्तिः सपक्षविप[6]क्षव्यापको यथा न द्रव्याण्याकाशकालदिगात्ममनांसि क्षणिकविशेषगुणरहितत्वात् ।

અન્ય લોકોએ જે અનૈકાન્તિકના અન્યભેદ કહ્યાં છે તે સર્વનો ઉક્ત લક્ષણમાં અન્તર્ભાવ થઈ જાય છે. જેમકે - ૧ પક્ષાદિ ત્રણમાં વ્યાપ્ત હેતુ → "શબ્દ અનિત્ય છે, પ્રમેય હોવાથી" પ્રમેયત્વ હેતુ પક્ષ શબ્દમાં સપક્ષ ઘટાદિમાં અને વિપક્ષ આત્મા આકાશાદિમાં વ્યાપ્ત છે. અહી પ્રમેયત્વ હેતુ વિપક્ષમાં મળી જવાથી સાધ્ય સાથે અવિનાભાવ અસિદ્ધ હોવાથી અસિદ્ધતા સ્પષ્ટ છે.

૨ પક્ષ સપક્ષમાં વ્યાપ્ત અને વિપક્ષનાં એક દેશમાં રહેનાર → "આ પશુ ગાય છે, શિંગડાવાળી હોવાથી" શૃંગત્વ પક્ષ પુરોવર્તિ પશુમાં અને સપક્ષ શેષ ગાયોમાં વ્યાપ્ત છે, સાથો સાથ વિપક્ષનાં એક દેશ ભેંસ વગેરેમાં હેતુ રહે છે, અને અશ્વ વગેરેમાં શૃંગત્વ નથી રહેતુ. પણ આ શૃંગત્વ હેતુ અન્યથા = સાધ્ય—ગાય વિના પણ ભેંસ વિગેરેમાં ઉપપદ્યમાન ઘટતું હોવાથી વ્યભિચારી છે.

૩. પક્ષ વિપક્ષમાં વ્યાપ્ત સપક્ષના એકદેશમાં વૃત્તિ→"સામે બકરો દેખી આ ગાય નથી, શિંગડાવાળી હોવાથી", આ હેતુ પક્ષમાં પુરોવર્તિ બકરો—પશુમાં અને વિપક્ષ (અહીં અગોત્વવાન્ સપક્ષ છે અને અગોત્વાભાવવાન્ વિપક્ષ, અગોત્વનો અભાવ તો ગાયમાં જ મળે, માટે ગાય એ વિપક્ષ થયો.) ગાયમાં વ્યાપ્ત છે, અને સપક્ષ—ગોત્વાભાવવાનૂના એક દેશ ભેંસ વગેરેમાં રહે છે, ઘોડાવગેરેમાં નથી. આ હેતુ પણ વિપક્ષમાં વ્યાપ્ત હોવાથી સાધ્ય સાથે અવિનાભાવ અસિદ્ધ છે.

૪. પક્ષમાં વ્યાપ્ત અને સપક્ષ અને વિપક્ષના એક દેશમાં રહેનાર → "શબ્દ અનિત્ય છે, પ્રત્યક્ષ હોવાથી" આ હેતુ પક્ષ શબ્દમાં વ્યાપ્ત છે. સપક્ષ દ્વયણુકાદિમાં નથી રહેતો અને સપક્ષ ઘટાદિમાં રહે છે. અને વિપક્ષ નિત્ય પદાર્થ એવા સામાન્યમાં રહે છે. (ગુણ ગ્રાહક ઈંદ્રિય ગુણમાં રહેલી જાતિને પણ ગ્રહણ કરે છે, રૂપગ્રાહી ચક્ષુથી રૂપત્વ જાતિ પણ પ્રત્યક્ષ થાય છે.) વિપક્ષ આકાશમાં પ્રત્યક્ષ હેતુ નથી રહેતો.

૫. પક્ષ-એક દેશવૃત્તિ પરંતુ સપક્ષ અને વિપક્ષમાં વ્યાપ્ત હોય→ "આકાશ, કાળ, દિશા, આત્મા અને મન, દ્રવ્ય નથી", ક્ષણિક વિશેષ ગુણથી રહિત હોવાથી" આ હેતુ પક્ષના એક દેશ કાળ, દિશા અને મનમાં કોઈ ક્ષણિક વિશેષ ગુણ નથી માટે પક્ષ એક દેશમાં હેતુ રહી ગયો અને બીજા એક દેશમાં આત્મામાં જ્ઞાન, સુખાદિ અને આકાશમાં શબ્દ ગુણ રહેલ છે, જે ક્ષણિક વિશેષ ગુણ છે. માટે ત્યાં હેતુ ન રહ્યો. સપક્ષ દ્રવ્ય વગરનાં શેષ પદાર્થ ગુણાદિ તે કોઈમાં પણ ગુણ નથી રહેતા, કારણ ગુણનો આશ્રય માત્ર દ્રવ્ય જ છે. વિપક્ષ દ્રવ્ય પૃથ્વી, પાણી, તેજો વાયુમાં રૂપાદિ વિશેષ ગુણ રહે છે. પરંતુ તે ક્ષણિક નથી, માટે તે બધા તાદૃશ ગુણ રહિતથી વ્યાપ્ત છે. વિપક્ષમાં હેતુ રહેવાથી અવિનાભાવ સિદ્ધ થઈ શકતો નથી.

---

१ अश्वादौ विषाणित्वं नास्ति महिषादौ त्वस्ति इति विपक्षैकदेशवृत्तित्वम् । २ शृङ्गवत्त्वात् । ३ अजं दृष्ट्वा वक्ति । महिषादावस्ति अश्वादौ तु नास्ति । ४ द्वयणुकादि न प्रत्यक्षं घटादिकं तु प्रत्यक्षम् । ५ नित्यं सामान्यं प्रत्यक्षमाकाशं तु न । ६ आत्माकाशौ सुखशब्दादिक्षणिकविशेषगुणयुक्तौ, [विपक्षाः] पृथिव्यादयः । भुवो गन्धः अपां स्नेहोऽक्षणिकविशेषगुणौ ।

पक्षविपक्षैक[1]देशवृत्तिः सपक्षव्यापी यथा न द्रव्याणि दिक्कालमनांसि अमूर्त्तत्वात् । पक्षसपक्षैकदेश-वृत्तिपक्षव्यापी यथा द्रव्याणि दिक्कालमनांसि अमूर्त्तत्वात् । पक्षत्रयैकदेशवृत्तिर्यथा अनित्या पृथ्वी प्रत्य[2]क्षत्वादिति ॥२१॥

§ ४९. उदाहरणदोषानाह-

साधर्म्यवैधर्म्याभ्यामष्टावष्टौ दृष्टान्ताभासाः ॥२२॥

§ ५०. परार्थानुमानप्रस्तावादुदाहरणदोषा एवैते दृष्टान्तप्रभत्वात् तु दृष्टान्तदोषा इत्युच्यन्ते । दृष्टान्तस्य

૬.પક્ષ-વિપક્ષના એક દેશમાં રહેનાર અને સપક્ષ વ્યાપ્ત → "દિશા કાળ અને મન", દ્રવ્ય નથી, અમૂર્ત હોવાથી" અમૂર્ત્તત્વ હેતુ પક્ષનાં એક દેશ દિશા કાળમાં રહે છે, મનમાં નથી રહેતો (મન મૂર્ત્ત હોવાથી) વિપક્ષ શેષ દ્રવ્ય આત્મા, આકાશમાં અમૂર્ત્તત્વ રહે છે અને પૃથ્વી વિ.માં હેતુ નથી રહેતો, પરંતુ દ્રવ્યભિન્ન સપક્ષ ગુણાદિ બધા અમૂર્ત્ત જ હોય છે, એટલે સપક્ષમાં હેતુ વ્યાપ્ત થયો.

૭. પક્ષ સપક્ષનાં એક દેશવૃત્તિ પરંતુ વિપક્ષમાં વ્યાપ્ત → દિશા, કાળ, મન, "દ્રવ્ય છે", અમૂર્ત્ત હોવાથી" અહીં પક્ષનાં એક દેશ મનમાં અમૂર્ત્તત્વ હેતુ નથી તેમજ સપક્ષ શેષ દ્રવ્ય છે, તેનાં એક દેશ આત્મા અને આકાશમાં હેતુની વૃત્તિ છે. અને પૃથ્વી વિ.માં વૃત્તિ નથી. જ્યારે વિપક્ષ દ્રવ્ય સિવાય ગુણાદિ બધા અમૂર્ત્ત જ છે. (કા. કે. ગુણાદિમાં ક્રિયા રહેતી નથી અને પરિમાણ ગુણ પણ નથી રહેતો. "क्रियावद्द्रव्यं मूर्त्तम् (न्यायबोधिनी कर्तागोवर्धन, मूर्त्तत्वं→अपकृष्टपरिभाणवत्त्व–अविभुपरिमाणवत्त्वमित्यर्थः (मूक्ता.) वेगवत्त्वं क्रियावत्त्वंवा न्या.बो.) એટલે વિપક્ષમાં હેતુ વ્યાપ્ત છે.

૮ પક્ષ સપક્ષ વિપક્ષ ત્રણેનાં એક દેશમાં રહેનાર - "પૃથ્વી અનિત્ય છે, પ્રત્યક્ષ હોવાથી" પક્ષ → પરમાણુ રૂપ પૃથ્વી[1] પ્રત્યક્ષ નથી, કાર્ય રૂપ પૃથ્વી પ્રત્યક્ષ છે, સપક્ષ → અનિત્યનો એકદેશ અપ્ તેજના દ્વયણુક અનિત્ય છે, પણ પ્રત્યક્ષ નથી અને કાર્યરૂપ વહ્નિ વગેરે પ્રત્યક્ષ છે. વિપક્ષ → નિત્ય પદાર્થ એકદેશ સામાન્યમાં પ્રત્યક્ષત્વ હેતુ છે, અને આકાશમાં પ્રત્યક્ષત્વ નથી. અહીં દરેક ઠેકાણે હેતુ સાધ્ય વિના (વિપક્ષ) માં પણ સંભવી શકતો હોવાથી વ્યભિચારી હેત્વાભાસ બને છે ॥ ૨૧॥

૪૯. ઉદાહરણનાં દોષને બતાવે છે.

<u>સાધર્મ્ય અને વૈધર્મ્યના ભેદથી દૃષ્ટાંતાભાસના ૮.૮ પ્રકાર છે.</u>

૫૦. પરાર્થાનુમાન પ્રસ્તુત હોવાથી આ બધા ઉદાહરણના જ દોષો છે, પરંતુ દૃષ્ટાંતથી ઉત્પન્ન થયેલ હોવાથી દૃષ્ટાંતના દોષ કહેવાય છે. સાધર્મ્ય વૈધર્મ્યના ભેદથી દૃષ્ટાંત બે પ્રકારે હોવાથી દરેકનાં આઠ-આઠ દોષ છે. વાસ્તવિક રીતે જે દૃષ્ટાંત નથી પણ દૃષ્ટાંત જેવા લાગે તે દૃષ્ટાંતાભાસ કહેવાય છે. ॥૨૨॥

---

१ आकाशोऽमूर्त्तः पृथिवी मूर्त्ता । २ परमाणुत्या पृथिवी न प्रत्यक्षा कार्यत्या तु प्रत्यक्षेति पक्षैक [देशः], अग्नेजोद्वयणुकेषु सपक्षेषु प्रत्यक्षत्वाभावः, नित्येषु सामान्यादिषु प्रत्यक्षत्वम्, खे तु न ।

---

૧ અહીં પૃથ્વીના પરમાણુ તો પૃથ્વી રૂપ હોવાથી પક્ષ રૂપે બને છે, નહીતર પરમાણુ તો નિત્યહોવાથી વિપક્ષ બની જાય.

च साधर्म्यवैधर्म्यभेदेन द्विविधत्वात् प्रत्येकम् 'अष्टावष्टौ' दृष्टान्तवदाभासमानाः 'दृष्टान्ताभासाः' भवन्ति ॥२२॥

§ ५१. तानेवोदाहरति विभजति च -

अमूर्तत्वेन नित्ये शब्दे साध्ये कर्म-परमाणु-घटाः
साध्यसाधनोभयविकलाः ॥२३॥

§ ५२. नित्यः शब्दः अमूर्त्तत्वादित्यस्मिन् प्रयोगे कर्मादयो यथासङ्ख्यं साध्यादिविकलाः । तत्र कर्मवदिति साध्यविकलः, अनित्यत्वात् कर्मणः । परमाणुवदिति साधनविकलः, मूर्त्तत्वात् परमाणूनाम् । घटवदिति साध्यसाधनोभयविकलः, अनित्यत्वान्मूर्त्तत्वाच्च घटस्येति । इति त्र्[1]यः साधर्म्यदृष्टान्ताभासाः ॥२३॥

[પ્ર-જેમ હેત્વાભાસમાં ઉપચાર કર્યો છે, તેમ ઉદાહરણના દોષમાં ઉપચાર કર્યા વિના સીધા જ ઉદાહરણ દોષો કેમ કહ્યા ? ઉ-ગ્રંથકાર આ જ શંકા મનમાં ધારી સમાધાન કરતા કહે છે કે આ પરાર્થાનુમાનનો પ્રસ્તાવ છે, તે તો વચનાત્મક છે એટલે આમાં મુખ્ય રીતે વચનનો આધાર રહેલો છે, અને દૃષ્ટાંતને વચનરૂપે પ્રરૂપવું તેનુ નામ જ ઉદાહરણ છે, શ્રોતાને ઉત્પન્ન થનાર અનુમાનમાં તેવા વચનથી ગરબડ ઉભી થાય છે, માટે આ ગરબડ તે ઉદાહરણથી થઈ તેથી ઉદાહરણના દોષ કહ્યા છે.]

૫૧. તેઓનાં ઉદાહરણ આપે છે અને વિભાગ પાડે છે.....

અમૂર્ત્તત્વ હેતુથી શબ્દને નિત્ય સિદ્ધ કરતાં કર્મ, પરમાણુ અને ઘટ આ ત્રણ દૃષ્ટાંત
અનુક્રમે સાધ્ય વિકલ, સાધન વિકલ, ઉભય વિકલ છે. ॥૨૩॥

નૈયાયિક કર્મને—અદૃષ્ટ આત્માનો ગુણ માને છે, એટલે કર્મ અમૂર્ત્ત છે પરંતુ નિત્ય નથી, પરમાણુ નિત્ય છે પરંતુ અમૂર્ત્ત નથી, ઘટ તો નિત્યયે નથી અને અમૂર્ત્તય નથી ॥૨૩॥

૫૨. "શબ્દ નિત્ય છે, અમૂર્ત્ત હોવાથી" જેમ કર્મ, આ પ્રયોગમાં કર્મ દૃષ્ટાંત સાધ્ય વિકલ છે, કારણ કર્મ નિત્ય નથી. પરમાણુને દૃષ્ટાંત બનાવીએ તે સાધન વિકલ થાય. કારણ કે પરમાણુ અમૂર્ત્ત નથી. ઘટને દૃષ્ટાંત બનાવતાં ઉભય વિકલ બને, કારણ કે ઘટનિત્ય પણ નથી અને અમૂર્ત્તપણ નથી. આ ત્રણે સાધર્મ્ય દૃષ્ટાંતાભાસ છે. સાધર્મ્ય દૃષ્ટાંતમાં સાધ્ય અને સાધનની સત્તા હોવી જોઈએ. જ્યારે અહીં દર્શાવેલ દૃષ્ટાંતમાં સાધ્ય કે સાધનની સત્તા નથી માટે તે દૃષ્ટાંતાભાસ કહેવાય છે. ॥૨૩॥

[મૂર્ત્તત્વં=અણુપરિમાણવત્ત્વમ્ ક્રિયાવત્ત્વંવાં પૃથ્વી, અપ્ તેજો વાયુ અને મનમાં ક્રિયા રહેલી છે, આ ચારના પરમાણુ અને મન પોતે અણુપરિમાણવાળા છે. આકાશ, કાળ, દિગ્ આત્મા આ અમૂર્ત્ત=નિષ્ક્રિય અને વિભુ છે.]

---

१ त्रयोऽपि सा -मु-पा० ।

वैधर्म्येण परमाणुकर्माकाशाः साध्याद्यव्यतिरेकिणः ॥२४॥

§ ५३. नित्यः शब्दः अमूर्त्तत्वादित्यस्मिन्नेव प्रयोगे 'परमाणुकर्माकाशाः' साध्यसाधनोभयाव्यतिरेकिणो दृष्टान्ताभासा भवन्ति । यन्नित्यं न भवति तदमूर्त्तमपि न भवति यथा परमाणुरिति साध्याव्यतिरेकी, नित्यत्वात् परमाणूनाम् । यथा कर्मेति साधनाव्यावृत्तः, अमूर्तत्वात् कर्मणः यथाकाशमित्युभयाव्यावृत्तः, नित्यत्वादमूर्त्तत्वाच्चाकाशस्येति त्रय एव वैधर्म्यदृष्टान्ताभासाः ॥२४॥

§ ५४. तथा-

वचनाद्रागे रागान्मरण[1]धर्मकिञ्चिज्ज्ञत्वयोः सन्दिग्धसाध्याद्यन्वय-व्यतिरेका रथ्यापुरुषादयः ॥२५॥

§ ५५. सन्दिग्धसाध्यसाधनोभयान्वयाः सन्दिग्धसाध्यसाधनोभयव्यतिरेकाश्च त्रयस्त्रयो दृष्टान्ताभासा भवन्ति ।

વૈધર્મ્યથી પરમાણુ કર્મ અને આકાશ ક્રમશઃ સાધ્યાવ્યતિરેકી સાધના-વ્યતિરેકી અને ઉભયાવ્યતિરેકી છે. ॥૨૪॥

૫૩. "શબ્દ નિત્ય છે, અમૂર્ત્ત હોવાથી" આજ અનુમાન પ્રયોગમાં પરમાણુ, કર્મ, આકાશ સાધ્યાવ્યતિરેકી વગેરે છે. જેમકે "જે નિત્ય નથી હોતું, તે અમૂર્ત્ત પણ નથી, જેમકે પરમાણુ" એ સાધ્ય-અવ્યતિરેકી છે. પરમાણુ નિત્ય હોવાથી, અહીં "સાધ્યનાં અભાવમાં સાધનનો અભાવ મળવો જોઈએ." પરમાણુમાં અમૂર્ત્તતા નથી, એટલે સાધનાભાવ તો છે પણ સાધ્યાભાવ નથી, માટે પરમાણુ સાધ્ય-અવ્યતિરેકી= સાધ્યવ્યતિરેકી ન બન્યો. આજ પ્રયોગમાં કર્મ સાધનાડવ્યાવૃત્ત છે. કારણ કે કર્મ અમૂર્ત છે.

અહીં વ્યતિરેકી વ્યાપ્તિ દર્શાવતા આપણે કહીશું "જે નિત્ય નથી તે અમૂર્ત્ત નથી" જેમ દૃષ્ટાંત તરીકે કર્મ, હવે કર્મ નિત્ય તો નથી પણ સાથો સાથ અમૂર્ત્ત પણ ન હોવું જોઈએ. જ્યારે કર્મ તો અમૂર્ત્ત છે. એટલે સાધન વ્યતિરેક ન ઘટ્યો. આજ બાબતમાં આકાશને દૃષ્ટાંત બનાવતા ઉભયાવ્યતિરેકી દૃષ્ટાંતાભાસ બનશે. આકાશ નિત્ય પણ છે, અને અમૂર્ત પણ છે. આપણે દૃષ્ટાંતતો વ્યતિરેકનું આપવા ગયા. માટે બંને નો અભાવ હોવો જોઈએ. જ્યારે અહીં તો સાધ્ય અને સાધન બન્નેનો સદ્‌ભાવ છે. એથી આકાશ દૃષ્ટાંત ઉભય વ્યતિરેકી દૃષ્ટાંતાભાસ છે. આ ત્રણ વૈધર્મ્ય દૃષ્ટાંતાભાસ છે. ॥૨૪॥

૫૪. તથા (અન્ય પણ આભાસ છે)

વચન હેતુથી રાગ સિદ્ધ કરતાં, રાગ હેતુથી મરણધર્મતા અને અસર્વજ્ઞસિદ્ધ કરતાં રથ્યા પુરૂષવિ. દૃષ્ટાંત સંદિગ્ધસાધ્યાન્વય, સંદિગ્ધ સાધનાન્વય, સંદિગ્ધ ઉભયાન્વય અને સંદિગ્ધસાધ્યવ્યતિરેક સંદિગ્ધસાધનવ્યતિરેક અને સંદિગ્ધઉભયવ્યતિરેક દૃષ્ટાંતાભાસ છે. ॥૨૫॥

૫૫. संदिग्धसाध्यान्वय, संदिग्धसाधनान्वय, संदिग्धोभयान्वय, संदिग्धसाध्य व्यतिरेक, संदिग्ध –

---

१ -०धर्मत्वकि०-डे० ।

के इत्याह-'रथ्यापुरुषादयः' । कस्मिन् साध्ये ? 'रागे' 'मरणधर्म-किञ्चिज्ज्ञ[1]त्वयोः' च । कस्मादित्याह-'वच[2]नात्' 'रागात्' च । तत्र सन्दिग्धसाध्यधर्मान्वयो यथा विवक्षितः पुरुषविशेषो रागी वचनाद् रथ्यापुरुषवत् । सन्दिग्धसाधनधर्मान्वयो यथा मरणधर्माऽयं रागात् रथ्यापुरुषवत् ।
सन्दिग्धोभयधर्मान्वयो यथा किञ्चिज्ज्ञोऽयं रागात् रथ्यापुरुषवदिति । एषु परचेतोवृत्तीनां दुरधिगमत्वेन साधर्म्यदृष्टान्ते रथ्यापुरुषे रागकिञ्चिज्ज्ञत्वयोः सत्त्वं सन्दिग्धम् । तथा सन्दिग्धसाध्यव्यतिरेको यथा रा[3]गी वचनात् रथ्यापुरुषवत् । सन्दिग्धसाधनव्यतिरेको यथा मरण[4]धर्माऽयं रागात् रथ्यापुरुषवत् ।

સાધનવ્યતિરેક, સંદિગ્ધઉભયવ્યતિરેક, એમ ત્રણ ત્રણ દૃષ્ટાંતાભાસ છે. તે કયા છે ? રથ્યા પુરૂષ વિ., કયા સાધ્યમાં છે ? સાધ્ય રાગ અને મરણ ધર્મતા તેમજ અસર્વજ્ઞત્વમાં છે, કયાં હેતુથી છે ? વચન હેતુથી અને રાગ હેતુથી. તત્ર → ત્યાં

૧. → સંદિગ્ધ સાધ્ય ધર્માન્વય : → "વિવક્ષિત પુરૂષ રાગી છે, બોલતો હોવાથી", રસ્તે ચાલતા માણસની જેમ, રથ્યા પુરૂષમાં રાગનો સદ્‌ભાવ સંદિગ્ધ છે, કારણ કે પરની ચિત્તવૃત્તિ જાણવી મુશ્કેલ છે, માટે તેમાં રાગ છે જ એવું નક્કી કરી શકાતુ નથી. છતાં દૃષ્ટાંત રૂપે આપી દીધું. સાધર્મ્ય દૃષ્ટાંત તો નિશ્ચિય સાધ્ય–સાધનવાળું જ હોવું જોઈએ.

૨.→ સંદિગ્ધ સાધનાન્વય → "આ પુરૂષ મરણધર્મવાળો છે." રાગવાળો હોવાથી, રથ્યા પુરૂષની જેમ, સાધ્ય-મરણતો દેખાય એવું છે પણ અહીં વટેમાર્ગુમાં રાગ હેતુનું હોવુ સંદિગ્ધ છે. (પૂર્વવત્)

૩. →સંદિગ્ધ ઉભયાન્વય → "આ પુરૂષ અલ્પજ્ઞ છે, રાગવાન્ હોવાથી, વટેમાર્ગુની જેમ અહીં રથ્યાપુરૂષમાં સાધ્ય-અલ્પજ્ઞતા અને સાધન-રાગવત્ત્વ બન્ને જાણી શકાય એવા નથી. અલ્પજ્ઞતા ને રાગ બન્ને ચિત્તના ધર્મ છે અને કોઈની ચિત્તવૃત્તિ જાણી શકાય એવી નથી. તેથી તેમના સંબંધી સંશય જ રહે છે. અહીં આ પ્રયોગોમાં પરચિત્તવૃત્તિ જાણવી મુશ્કેલ હોવાથી સાધર્મ્ય દૃષ્ટાંત એવા રથ્યાપુરુષમાં રાગ અને અલ્પજ્ઞત્વની સત્તા સંદિગ્ધ છે. માટે સાધ્ય–સાધન નિશ્ચિત ન હોવાથી સાધર્મ્ય દૃષ્ટાંતાભાસ છે.

૧ સંદિગ્ધ સાધ્ય વ્યતિરેક → "આ પુરૂષ રાગી છે, બોલે છે માટે "જે રાગી ન હોય તે બોલે પણ નહિ જેમ રથ્યા પુરૂષ, અહીં રથ્યાપુરૂષમાં વચન મૂર્ત્ત છે, માટે તેના અભાવની ખબર પડી શકે એમ છે, છતાં સાધ્ય-રાગનો અભાવ નિશ્ચિત નથી. જ્યારે વ્યતિરેક દૃષ્ટાંતમાં તો સાધ્ય અને સાધન બન્નેનો અભાવ નિશ્ચિત હોવો જોઈએ. અહીં સાધ્યાભાવમાં સંદેહ હોવાથી આ દૃષ્ટાંત સંદિગ્ધસાધ્યવ્યતિરેક કહેવાય.

૨ સંદિગ્ધ સાધન વ્યતિરેક → અહીં મરણનો અપલાપ કરનાર સાંખ્યની પ્રતિ જૈન બોલે છે. "આ પુરૂષ મરણધર્મવાળો છે. રાગી હોવાથી", 'જે મરણધર્મા ન હોય તે રાગી ન હોય' જેમ વટેમાર્ગુ, વટેમાર્ગુમાં મરણધર્મ તો જાણી શકાય પણ રાગ હેતુ ચિત્તનો ધર્મ હોવાથી જાણવો શક્ય નથી. તેથી નિષેધ કરવો પણ શક્ય નથી એટલે આ સંદિગ્ધસાધનવ્યતિરેક કહેવાય.

---

१ साध्ययोः । २ यथासंख्येन । ३ यो यो रागी न भवति स स वक्तापि न भवति । रथ्यानरे केनाऽपि प्रकारेण मूर्त्तत्वादिना वचनाभावे निश्चिते रागित्वं सन्दिह्यते । ४ मरणापवादिनं साङ्ख्यं प्रति जैनो वक्ति ।

सन्दिग्धोभयव्यतिरेको यथा किञ्चिज्ज्ञोऽयं रागात् रथ्यापुरुषवत् । ए[1]षु पूर्ववत् परचेतोवृत्तेर्दुरन्वयत्वाद्वैधर्म्यदृष्टान्ते रथ्यापुरुषे रागकिञ्चिज्ज्ञत्वयोरसत्त्वं सन्दिग्धमिति ॥२५॥

§ ५६. तथा- **विपरीतान्वयव्यतिरेकौ ॥२६॥**

§ ५७. 'विपरीतान्वयः' 'विपरीतव्यतिरेकः' च दृष्टान्ताभासौ भवतः । तत्र विपरीतान्वयो यथा यत् कृतकं तदनित्यमिति वक्तव्ये यदनित्यं तत् कृतकं तथा घट इत्याह । विपरीतव्यतिरेको यथा अनित्यत्वाभावे न भवत्येव कृतकत्वमिति वक्तव्ये कृतकत्वाभावे न भवत्येवानित्यत्वं यथाकाश इत्याह । साधनधर्मानुवादेन साध्यधर्मस्य विधानमित्यन्वयः । साध्यधर्मव्यावृत्त्यनुवादेन साधनधर्मव्यावृत्तिविधानमिति व्यतिरेकः तयोरन्यथा[2]भावे विपरीतत्वम् । यदाह-

"साध्यानुवादाल्लिङ्गस्य विपरीतान्व[3]यो विधिः ।
हेत्वभावे त्वसत्सा[4]ध्यं व्यतिरेकविप[5]र्ययः ॥" इति ॥२६॥

૩. સંદિગ્ધ ઉભય વ્યતિરેક : "આ પુરૂષ અલ્પજ્ઞ છે, રાગી હોવાથી, જે અલ્પજ્ઞ ન હોય તે રાગી પણ ન હોય" જેમ વટેમાર્ગુ, અહીં વટેમાર્ગુમાં અલ્પજ્ઞ અને રાગ બન્નેનો નિષેધ સંદિગ્ધ છે, ચિત્ત ધર્મ હોવાથી દૃશ્ય=ઈંદ્રિય યોગ્ય નથી. માટે અનુપલબ્ધિના આધારે નિષેધ કરવો શક્ય નથી. આ પ્રયોગોમાં પૂર્વની જેમ પરચિત્તની વૃત્તિ-બીજાના મનમાં રહેલા રાગાદિ ભાવો દુર્ગાહ્ય હોવાથી વૈધર્મ્ય દૃષ્ટાંત ભૂત રથ્યાપુરુષમાં રાગ-અલ્પજ્ઞત્વની અસત્તા સંદિગ્ધ છે, એટલે આ દૃષ્ટાંતમાં સાધ્ય–સાધનનો અભાવ નિશ્ચિત ન હોવાથી આ બધા વૈધર્મ્ય દૃષ્ટાંતાભાસ છે ॥૨૫॥

૫૬ એજ રીતે બીજા પણ દૃષ્ટાંતાભાસ છે.

તે આ વિપરીતાન્વય અને વિપરીતવ્યતિરેક પણ દૃષ્ટાંતાભાસ છે. ॥૨૬॥

૫૭ વિપરીતાન્વય અને વિપરીતવ્યતિરેક એ બે દૃષ્ટાંતાભાસ છે. વિપરીતાન્વય-સાધનના સદ્‌ભાવમાં સાધ્યનો સદ્‌ભાવ જ્યાં દર્શાવવામાં આવે તે અન્વય દૃષ્ટાંત કહેવાય .તેનાં બદલે ઉંધુ કરે એટલે "શબ્દ અનિત્ય છે. કૃતક હોવાથી" અહીં જે કૃતક હોય તે અનિત્ય હોય છે એવું કહેવાનું હતું, તેનાં બદલે "અનિત્ય હોય તે કૃતક હોય છે," જેમ ઘટ. વિપરીતવ્યતિરેક જ્યાં સાધ્યના અભાવમાં સાધનનો અભાવ દર્શાવવામાં આવે તે વ્યતિરેક દૃષ્ટાંત, તેનાંથી વિપરીત પ્રયોગ કરતાં વિપરીત વ્યતિરેક થાય છે. જેમ "શબ્દ, અનિત્ય છે, કૃતક હોવાથી" અહીં જો સાધ્ય–અનિત્ય ન હોય તો સાધન–કૃતક ન હોય આવું કહેવાના બદલે "જે કૃતક ન હોય તે અનિત્ય ન હોય" આમ કહે, જેમ આકાશ.

કહ્યું પણ છે→સાધ્યનો અનુવાદ કરી સાધનનું વિધાન કરવું વિપરીતાન્વય કહેવાય, અને સાધનનાં અભાવમાં સાધ્યનો અભાવ-અસત્ દર્શાવવો વિપરીતવ્યતિરેક છે. ॥૨૬॥

१ प्रयोगेषु । २ -०भावो वि०-डे० । ३ -०न्वये वि०-ता० । ४ कथयति । ५-०पर्यय इ० -डे० ।

अप्रदर्शितान्वयव्यतिरेकौ ॥२७॥

§ ५८. 'अप्रदर्शितान्वयः' 'अप्रदर्शितव्यतिरेकः' च दृष्टान्ताभासौ । एतौ च प्रमाण[1]स्यानुपदर्शनाद्भवतो न तु वीप्सा[2]सर्वा[3]वधा[4]रणपदानामप्रयोगात्, सत्स्वपि तेष्वसति प्रमाणे [5]तयोरसिद्धेरिति । साध्यविकलसाधनविकलोभयविक[6]लाः, सन्दिग्धसाध्यान्वयसन्दिग्धसाधनान्वयसन्दिग्धोभयान्वयाः, विपरीतान्वयः, अप्रदर्शितान्वयश्चेत्यष्टौ साधर्म्यदृष्टान्ताभासाः । साध्याव्यावृत्तसाधनाव्यावृत्तोभयाव्यावृत्ता, सन्दिग्धसाध्यव्यावृत्तिसन्दिग्धसाधनव्यावृत्तिसन्दिग्धोभयव्यावृत्तयः, विपरीतव्यतिरेकः, अप्रदर्शितव्यतिरेकश्चेत्यष्टावेव वैधर्म्यदृष्टान्ताभासा भवन्ति ।

§ ५९. नन्वनन्वयाव्यतिरेकावपि कैश्चिद् दृष्टान्ताभासावुक्तौ, यथा रागादिमानयं वचनात् ।

અપ્રદર્શિતાન્વય અને અપ્રદર્શિતવ્યતિરેક પણ દૃષ્ટાંતાભાસ છે. ॥૨૭॥

૫૮. અન્વય ન બતાવવો અને વ્યતિરેક ન બતાવવો તે પણ દૃષ્ટાંતાભાસ છે. આ બન્ને વ્યાપ્તિ ગ્રાહક-તર્ક નામનું પ્રમાણ ન બતાવવાનાં કારણે થાય છે. પરંતુ કાંઇ વીપ્સા, સર્વ, અવધારણ પદોનો પ્રયોગ ન કરવાથી થતાં નથી, કારણ કે આ વીપ્સા વિ. પદો હોવા છતાં ઉહ-તર્ક પ્રમાણ ન હોય તો અન્વય અને વ્યતિરેક સિદ્ધ થતાં નથી.

અભિપ્રાય આ છે કે વીપ્સા=જે જે કૃતક હોય છે. સર્વ = "જે કૃતક છે તે બધા અનિત્ય છે." અવધારણ = જે કૃતક છે તે બધા અનિત્ય જ હોય છે. જેમ ઘટ, "કૃતક હોય તે અનિત્ય ન હોય તો તેને કરવાની પહેલા પણ તેની ઉપલબ્ધિ–પ્રાપ્તિ થાત. કા. કે. નિત્ય પદાર્થ સર્વદા હયાત જ હોય છે. કૃતક પદાર્થ કરવાની પહેલા ઉપલબ્ધ થતા નથી માટે અનિત્ય જ છે." આ તર્કાત્મક કથન વ્યાપ્તિનું ગ્રાહક બને છે. "જે અનિત્ય નથી તે કૃતક નથી" આનાથી પણ વ્યાપ્તિ ગ્રહણ થઇ શકે છે. બધા મળીને અન્વય દૃષ્ટાંતાભાસ અને વ્યતિરેક દૃષ્ટાંતાભાસ આઠ આઠ થયા. સાધ્યવિકલ અન્વય દૃષ્ટાંતાભાસ વિ. અન્વય (સાધર્મ્ય) દૃષ્ટાંતાભાસ આઠ પ્રકારે છે. સાધ્યાવ્યતિરેકી (વૈધર્મ્ય) દૃષ્ટાંતાભાસ વગેરે વ્યતિરેકી દૃષ્ટાંતાભાસ પણ આઠ પ્રકારે છે. [જે જે સત્ છે તે સર્વક્ષણિક જ છે" આમ બૌદ્ધમાને છે, પણતર્ક પ્રમાણ ન હોવાથી એટલે કે વસ્તુને ક્ષણિક સિદ્ધ કરનાર કોઈ તર્ક નથી. કા.કે. "વસ્તુ પ્રથમ ક્ષણથી વિનાશશીલ છે, અન્તેનાશ દેખાતો હોવાથી" આતર્ક પ્રમાણભૂત નથી, કા.કે. પ્રથમથી વિનાશશીલ હોય તો અંતે પણ તેને વિનાશહેતુની જરૂરત ન પડવી જોઈએ. (જ્યારે અંતે તો આપણે મુદ્ગર વગેરે જોઈએ છીએ) એટલે આ બૌદ્ધના વાક્ય અનુમાનમાં વીપ્સા, સર્વ, અવધારણનો પ્રયોગ છે છતાં તર્કપ્રમાણ ન હોવાથી અન્વયવ્યતિરેક નથી ઘટતા "यत्र सत् तत्र क्षणिकत्वं, "यत्र क्षणिकत्वाभाव तत्र सत् अभाव" સિદ્ધ થતા નથી.]

૫૯. શંકાકાર : કેટલાક આચાર્યોએ અનન્વય અને અવ્યતિરેક નામના દૃષ્ટાંતાભાસ દર્શાવ્યા છે. જેમ "આ રાગાદિમાન્ છે, બોલતો હોવાથી" અહીં સાધર્મ્યદૃષ્ટાંત આત્મામાં રાગ અને વચનનું સાહિત્ય–સાથે

---

१ व्याप्तिग्राहकस्य ऊहाख्यस्य । २ यत् यत् कृतकम् । ३ यत्कृतकं तत्सर्वम् । ४ यत् कृतकं तदनित्यमेव । ५ अन्वयव्यतिरेकयोः । ६ -०कलसन्दि०-डे० ।

अत्र साधर्म्यदृष्टान्ते आत्मनि रागवचनयोः सत्यपि साहित्ये, वैधर्म्यदृष्टान्ते चोपलखण्डे सत्यामपि सह निवृत्तौ प्रतिबन्धाभावेनान्वयव्यतिरेकयोरभाव इत्यनन्वयाव्यतिरेकौ । तौ कस्मादिह नोक्तौ ? । उच्यते-ताभ्यां पूर्वे न भिद्यन्त इति साधर्म्यवैधर्म्याभ्यां प्रत्येकमष्टावेव दृष्टान्ताभासा भवन्ति । यदाहुः -

"लिङ्गस्यानन्वया अष्टावष्टावव्यतिरेकिणः ।
नान्यथानुपपन्नत्वं कथञ्चित् ख्यापयन्त्यमी ॥" इति ॥२७॥

રહેવાનું જોવા મળે છે. અને વૈધર્મ્યદૃષ્ટાંતભૂત પથરામાં બંનેની નિવૃત્તિ- અભાવ જોવા મળે છે. છતાં અવિનાભાવનો અભાવ હોવાથી અન્વય-વ્યતિરેક (મળતા નથી માટે) નો અભાવ મળવા સ્વરૂપ (એ પ્રમાણે) અનન્વય અને અવ્યતિરેક દોષ ઉભા થાય છે.

જેમકે અન્વય - "જે વક્તા હોય તે રાગાદિમાન હોય છે." જેમ સંસારી આત્મા, જે રાગાદિમાન નથી તે વક્તા પણ નથી, જેમ પત્થરનો ટુકડો. સાધ્ય સાધનની એક સાથે સત્તા અને અસત્તા મળે છે, પરંતુ એમાં વાસ્તવમાં અન્વય–વ્યતિરેકનો અભાવ છે. કારણ કોઈક આત્મામાં વક્તૃત્વ હોવા છતાં રાગાદિનો અભાવ જોવા મળે છે. સર્વજ્ઞ પરમાત્મા ધર્મ દેશના કરે છે પણ તે રાગાદિ વગરનાં વીતરાગ છે. રાગ કરવો અને બોલવું બન્ને એક વસ્તુ સ્વરૂપ નથી એટલે કે રાગાદિનું વક્તૃત્વ સાથે તાદાત્મ્ય નથી, તેમજ રાગાદિથી વક્તૃત્વ પેદા થતું નથી માટે ત્યાં અવિનાભાવરૂપ વ્યાપ્તિનો અભાવ છે. તો તે બન્ને દૃષ્ટાંતાભાસોનો ઉલ્લેખ કેમ ન કર્યો ?

સમાધાન : પૂર્વોક્ત આઠ ભેદ આ બેથી જુદા નથી પડતા કા.કે. આઠે આઠમાં બન્નેમાંથી એક દોષ ઘટી જાય છે, માટે સાધર્મ્ય અને વૈધર્મ્યથી દરેકનાં આઠ આઠ જ ભેદ કહેવાય / થાય છે કહ્યું છે...

સાધનનાં અનન્વય આઠ છે અને અવ્યતિરેક પણ આઠ જ છે. આ દૃષ્ટાંતાભાસ કથંચિત્ અવિનાભાવનાં અભાવને સૂચિત કરે છે.

સંદિગ્ધસાધ્યાન્વયનો દાખલો છે વટેમાર્ગુ હવે તેમાં વક્તૃત્વ અને રાગનો અન્વય મળે છે ખરો, પણ વક્તૃત્વ અને રાગસાથે અવિનાભાવનો અભાવ છે, સર્વજ્ઞ દેશના આપે ત્યાં વક્તૃત્વ છે પણ રાગ નથી એમ અન્વયનો અભાવ થયોને, માટે આ દૃષ્ટાંતમાં અનન્વય દોષ આવી જ જાય છે. અને સંદિગ્ધસાધ્યવ્યતિરેકમાં વટેમાર્ગુને દાખલા રૂપે લીધો છે, જે બોલતો નથી તે રાગી નથી આવો વ્યતિરેક કોઈક વિહાર કરતા મૂક કેવલીમાં મળી શકે છે, પરંતુ જે બોલતો નથી તે રાગી ન જ હોય "આવી વ્યતિરેક વ્યાપ્તિ સિદ્ધ નથી. કા.કે. ગુસ્સે ભરાયેલો માણસ રસ્તામાં ચૂપચાપ ચાલતો હોય છે, તેમાં રાગ ભરેલો જ છે, માટે અહીં વ્યતિરેક ન

१ तादात्म्यतदुत्पत्तिलक्षणसम्बन्धाभावे[न]

§ ૬૦. अवसितं परार्थानुमानमिदानीं तन्नान्तरीयकं दूषणं लक्षयति-

મળવાથી અવ્યતિરેક દોષ આવ્યો. આમ આઠે આઠમાં ક્યાંય અનન્વય કયાંય અવ્યતિરેક દોષ સંભવે છે. માટે તે બન્નેને અલગથી નથી કહ્યાં. ॥૨૭॥ [(સાધર્મ્ય દૃષ્ટાંતાભાસમાં (૧) સાધ્યવિકલમાં જે કર્મ દૃષ્ટાંત છે ત્યાં "यत्र[२] अमूर्त्तत्वं तत्र नित्यत्वं" આવો અન્વય મળતો નથી. કા. કે. કર્મ તો નિત્ય નથી. (૨) સાધનવિકલમાં જે પરમાણુ દૃષ્ટાંત છે, ત્યાં પણ ઉપરોક્ત અન્વય નથી કા. કે. પરમાણુ તો મૂર્ત્ત છે. (૩) ઉભયવિકલમાં જે ઘટ દૃષ્ટાંત છે, તેમાં અમૂર્ત્તત્વં અને નિત્યત્વં એક પણ ન હોવાથી ત્યાંય અન્વય મળતો નથી, હકીકતમાં આ ત્રણે સાધર્મ્ય દૃષ્ટાંત છે. માટે અન્વય મળવો જોઈએ. પરંતુ સાધ્ય-સાધનમાં અવિનાભાવનો અભાવ હોવાથી અન્વયનો અભાવ મળે છે, માટે અહીં અનન્વય દોષ છે. સંદિગ્ધ સાધ્યાન્વય વગેરે ત્રણેમાં અનુક્રમે (૪) સંદિગ્ધસાધ્યાન્વય → यत्र[२] वक्तृत्वं तत्र रागित्वं" હોવાનો રથ્યાપુરુષમાં (રાગ જાણી ન શકવાથી)સંશય છે. (૫) સંદિગ્ધસાધનાન્વય → यत्र रागित्वं तत्र मरणधर्मत्वं અહીં રથ્યાપુરુષમાં રાગનો સંશય હોવાથી અન્વય વ્યાપ્તિ જામતી નથી. કા.કે. વિહાર કરતા કેવળીમાં રાગનો અભાવ છે, છતાં તેમનું પણ મૃત્યુ સુનિશ્ચિત છે. (૬) સંદિગ્ધ ઉભયાન્વય → રથ્યાપુરુષમાં સાધ્ય-સાધન બંનેનો સંશય છે, માટે "यत्र[२] रागित्वं तत्र[२] अल्पज्ञत्वं" આવા અન્વયમાં સંશય હોવાથી વ્યાપ્તિનો અભાવ થાય છે. માટે આ ત્રણેમાં પણ અનન્વય દોષ છે. "રાગી સર્વજ્ઞ ન સંભવે" એ વાત સાચી પણ જે દાખલો અહીં આપવામાં આવ્યો છે. તેમાં તો સાધ્ય-સાધન સુનિશ્ચિત હોવા જરૂરી છે. પણ તે બંને ચિત્તધર્મ હોવાથી તેમની ખાત્રી કરી શકાતી નથી. સંશયના કારણે અન્વય ધરાવવો મુશ્કેલ છે. (૭) વિપરીતાન્વય → અહીં "यत्र[२] अनित्यत्वं[२] तत्र कृतकत्वं" આવા અન્વયનો અભાવ છે, માટે અનન્વયદોષ સ્પષ્ટ છે. કા.કે. પ્રાગભાવ, વિજળી વગેરે અનિત્ય તો છે, પરંતુ કૃતક નથી. (૮) અપ્રદર્શિતાન્વય → અહીં "જે સત્ છે તે ક્ષણિક છે" "यत्र[२] सत्त्वं तत्र क्षणिकत्वं" આવી વ્યાપ્તિ ગ્રાહક તર્કનો જ અભાવ છે, માટે આવો અન્વય મળવો/=જાણવો મુશ્કેલ છે. એટલે અન્વયનો અભાવ હોવાથી અનન્વય દોષ રહેલો જ છે. મુખ્ય કારણ તો આ આઠમાં અવિનાભાવનો અભાવ છે. માટે અન્વય મળી શકતો નથી.

વળી તમે આપેલા આત્મદૃષ્ટાંતનો સંદિગ્ધસાધ્યાન્વયમાં સમાવેશ થઈ જાય છે. કા. કે. આત્મામાં રાગ-સાધ્ય સંદિગ્ધ છે, કોઈ આત્મા કેવલી બની જાય પછી બોલે ખરો, પણ ત્યાં રાગ તો નથી. (માટે અવિનાભાવનો અભાવ છે) અને પુરોવર્તીમાં ચિત્તવૃત્તિધર્મ એવો રાગ છે કે નહિં તેનો નિર્ણય કરવો આપણા હાથમાં નથી માટે સાધ્ય સંદિગ્ધ છે.)

साधनदोषोद्भावनं दूषणम् ॥२८॥

§ ६१. 'साधनस्य' परार्थानुमानस्य ये असिद्धविरुद्धादयो 'दोषाः' पूर्वमुक्तास्तेषामुद्भाव्यते प्रकाश्यतेऽनेनेति 'उद्भावनम्' साधनदोषोद्भावकं वचनं 'दूषणम्'। उत्तरत्राभूतग्रहणादिह भू[1]तदोषोद्भावना दूषणेति सिद्धम् ॥२८॥

§ ६२. दूषणलक्षणे दूषणाभासलक्षणं सुज्ञानमेव भेदप्रतिपादनार्थं तु तल्लक्षणमाह

अभूतदोषोद्भावनानि दूषणाभासा जात्युत्तराणि ॥२९॥

§ ६३. अविद्यमानानां साधनदोषाणां प्रतिपादनान्यदूषणान्यपि दूषणवदाभासमानानि 'दूषणा[2]भासाः'। तानि च 'जात्युत्तराणि'। जातिशब्दः सादृश्यवचनः। उत्तरसदृशानि जात्युत्तराणि उत्तरस्थानप्रयुक्तत्वात्। उत्तरसदृशानि जात्युत्तराणि। जात्या सादृश्येनोत्तराणि जात्युत्तराणि। तानि च सम्यग्धेतौ हेत्वाभासे वा

એ પ્રમાણે વૈધર્મ્ય દૃષ્ટાંતાભાસમાં વ્યતિરેક ન મળવાથી તેના આઠે ભેદોમાં અવ્યતિરેક દોષ આવે છે.]

૬૦ પરાર્થાનુમાનનાં નિરૂપણની હદ પૂરી થઈ હવે તેનાં સંબંધી દૂષણ દર્શાવે છે. નાન્તરીયક- અનિવાર્યરૂપે જોડાયેલ, એટલે કે પરાર્થાનુમાનમાં જ આ દોષોનો સંભવ છે. શુદ્ધ અનુમાનમાં ભલે આ દૂષણ ન હોય, પરંતુ આ બધાની પરાર્થાનુમાનમાં જ સંભાવના રહેલી છે, માટે તેના નાન્તરીક કહ્યા છે.

સાધનનાં દોષોને પ્રગટ કરવા તે દૂષણ ॥ ૨૮ ॥

૬૧. સાધન =→ પરાર્થાનુમાનનાં અસિદ્ધતા વિરૂદ્ધતા વગેરે દોષો જે પહેલાં કહ્યાં છે, તેમને પ્રગટ કરનાર વચન દૂષણ કહેવાય છે. ઉત્તર સૂત્ર (૨૯)માં અભૂતનું ગ્રહણ કરવાથી અહીં ભૂત-સદ્‌ભૂત દોષોને પ્રગટ કરવા તે દૂષણ છે, એમ સિદ્ધ થયું ॥૨૮॥

૬૨ દૂષણનું લક્ષણ દર્શાવવાથી દૂષણાભાસનું લક્ષણ સહજ સમજાય એવું છે. પરંતુ તેના ભેદનું પ્રતિપાદન કરવા સારૂ તેનું લક્ષણ કહે છે.....

અવિદ્યમાન દોષોનું ઉદ્‌ભાવન કરવું દૂષણાભાસ છે. તેઓને જાત્યુત્તર પણ કહેવાય છે. ॥૨૯॥

૬૩ અવિદ્યમાન સાધન દોષોનું પ્રતિપાદન કરનારા તે અદૂષણ છે, છતાં પણ દૂષણ જેવાં પ્રતિભાસિત થાય તે દૂષણાભાસ।

તેમને જાત્યુત્તર પણ કહે છે. જાતિશબ્દ સદંશતાનો વાચક છે. ઉત્તરના સ્થાને પ્રયોગ કરાયેલ હોવાથી ઉત્તર સદંશ- જાત્યુત્તર કહેવાય છે. અથવા જાતિ– સદંશતાનાં કારણે જેમને ઉત્તર રૂપ સમજી લેવાય તે જાત્યુત્તર– એટલે જે પ્રયોગ ઉત્તરરૂપે ન હોય પણ ઉત્તર જેવો દેખાય તે જાત્યુત્તર, એમ સદંશ અર્થમાં જાતિ

---

१ भूतादोष०-डे० । २ संज्ञाशब्दोऽयम् ।

वादिना प्रयुक्ते झटिति तद्दोषतत्त्वाप्रतिभासे हेतुप्रतिबिम्बनप्रायाणि प्रत्यवस्थानान्यनन्तत्वात्परिसंख्यातुं न शक्यन्ते, तथाप्यक्षपाददर्शितदिशा साधर्म्यादिप्रत्यवस्थानभेदेन साधर्म्यवैधर्म्योत्कर्षापकर्षवर्ण्यावर्ण्यविकल्पसाध्यप्राप्त्यप्राप्तिप्रसङ्गप्रतिदृष्टान्तानुत्पत्तिसंशयप्रकरणाहेत्वर्थापत्त्यविशेषोपपत्त्युपलब्ध्यनुपलब्धिनित्यानित्यका[1]र्यसमरूपतया चतुर्विंशतिरुपदर्श्यन्ते ।

§ ६४. तत्र साधर्म्येण प्रत्यवस्थानं साधर्म्यसमा जातिः । यथा अनित्यः शब्दः कृतकत्वात् घटवदिति प्रयोगे कृते साधर्म्यप्रयोगेणैव प्रत्यवस्थानम्-नित्यःशब्दो निरवयवत्वादाकाशवत् । न चास्ति विशेष[2]हेतुर्घटसाधर्म्यात् कृतत्वादनित्यः शब्दो न पुनराकाशसाधर्म्यान्निरवयवत्वान्नित्य इति (१) ।

શબ્દ છે. જ્યારે વાદીએ સમીચીન હેતુ કે હેત્વાભાસનો પ્રયોગ કર્યો હોય ત્યારે જલ્દીથી=તરતમાં તે હેતુમાં વાસ્તવમાં શુ દોષ છે ? તે ન જણાયો–સૂજ્યો; તેથી હેતુ સરખા દેખાતા હોય તેમનો જેમ તેમ પ્રયોગ કરી, હેતુનું ખંડન કરે. આવાં નિરસન સ્થાનનાં પ્રકાર અનંત હોવાથી ગણવા શક્ય નથી. એટલે કે તેમની કોઈ નિયત સંખ્યા નથી. છતાં પણ કાણાદ (નૈયાયિક-વૈશેષિકે) દર્શાવેલ દિશા અનુસાર સાધર્મ્ય-સમા આદિ પ્રત્યવસ્થાન–નિરસન સ્થાનનાં ભેદથી તેમનાં ૨૪ પ્રકાર છે.

१. साधर्म्य समा.	७. विकल्प समा.	१३. अनुत्पत्ति समा.	१९. उपपत्ति समा.
२. वैधर्म्य समा.	८. साध्य समा.	१४. संशय समा.	२०. उपलब्धि समा.
३. उत्कर्ष समा.	९. प्राप्ति समा.	१५. प्रकरण समा.	२१. अनुपलब्धि समा.
४. अपकर्ष समा.	१०. अप्राप्ति समा.	१६. अहेतु समा.	२२. नित्य समा
५. वर्ण्य समा.	११. प्रसंग समा	१७. अर्थापत्ति समा.	२३. अनित्य समा
६. अवर्ण्य समा.	१२. प्रतिदृष्टान्तसमा	१८. अविशेष समा.	२४. कार्य समा

§४. साधर्म्यसमा(१) → સાધર્મ્ય બતાવી વાદીના સાધનનો નિરાસ કરવો તે. જેમ "શબ્દ, અનિત્ય છે, કૃતક હોવાથી" ઘટની જેમ, વાદીએ આવો પ્રયોગ કર્યે છતે સાધર્મ્ય પ્રયોગથી જ તેનો નિરાસ કરવો. "શબ્દ નિત્ય છે નિરવયવ હોવાથી, " આકાશની જેમ, અહીં એવો કોઈ વિશેષ પ્રયોજક હેતુ જોવા નથી મળતો કે જેથી ઘટની સમાન કૃતક હોવાથી શબ્દ અનિત્ય હોય, તો આકાશની સમાન નિરવયવ હોવાથી નિત્ય ન હોય ? આમ સત્પ્રતિપક્ષ ઉભો થવાથી મૂળ અનુમાન બાધિત થાય છે. અહીં કૃતક હેતુનું ખંડન કરવાનું સાચું શાસ્ત્ર–શસ્ત્ર મીમાંસકના હાથમાં આવ્યું નહિ એટલે આવો પ્રયોગ કર્યો, તાલ્વોષ્ઠાદિના પ્રયત્નજન્ય હોવાથી શબ્દ કૃતક તરીકે પ્રસિદ્ધ જ છે. [અહીં જૈન ઉત્તર આપે છે કે શબ્દમાં તમે નિરવયવત્વ હેતુ મૂકો છો તે છે જ નહીં, કારણ કે ભાષાવર્ગણા જ શબ્દ રૂપે છે અને તે તો અનંતાનંતપ્રદેશની બનેલી હોય છે, માટે પક્ષાસિદ્ધ દોષ આવે, અને દૃષ્ટાંત સાધ્યવિકલ છે, કારણ કે આકાશ પણ અનંતપ્રદેશી છે, તેથી નિરવયવત્વદૃષ્ટાંતમાં નથી. વળી જ્ઞાન નિરવયવ છે, છતાં અનિત્ય તો છે જ, માટે તમારો હેતુ નિત્ય–સાધ્યથી ભિન્ન સાધ્યાભાવ–અનિત્યમાં રહી

---

१ -०कार्यसरूप० ता० । २ जैनः उत्तरं ब्रूते निरवयवत्वं पक्षासिद्धं साधनविकलश्च दृष्टान्तः, ज्ञानेनानैकान्तिकोऽपि ।

वैधर्म्येण प्रत्यस्थानं वैधर्म्यसमा जातिः । यथा अनित्यः शब्दः कृतकत्वादित्यत्रैव प्रयोगे स एव प्रतिहेतुर्वैधर्म्येण प्रयुज्यते नित्यः शब्दो निरवयवत्वात्, अनित्यं हि सावयवं दृष्टं घटादीति । न चास्ति विशेषहेतुर्घटसाधर्म्यात्कृतकत्वादनित्यः शब्दो न पुनस्तद्वैधर्म्यान्निरवयवत्वान्नित्य इति । उत्कर्षापकर्षाभ्यां प्रत्यवस्थानमुत्कर्षापकर्षसमे जाती । तत्रैव प्रयोगे दृष्टान्तधर्मं कञ्चित् साध्यधर्मिण्यापादयन्नुत्कर्षसमां जातिं प्रयुङ्क्ते-यदि घटवत् कृतकत्वादनित्यः शब्दो घटवदेव मूर्त्तोऽपि भवतु । न चेन्मूर्त्तो घटवदनित्योऽपि मा भूदिति शब्दे धर्मान्तरोत्कर्षमापादयति (३) । अपकर्षस्तु घटः कृतकः सन्नश्रावणो दृष्ट एवं शब्दोप्यस्तु । नो चेद् घटवदनित्योऽपि मा भूदिति शब्दे श्रावणत्वधर्ममपकर्षतीति (४) । वर्ण्यावर्ण्याभ्यां प्रत्यवस्थानं वर्ण्यावर्ण्यसमे जाती । ख्यापनीयो वर्ण्यस्तद्विपरीतोऽवर्ण्यः। तावेतौ

જવાથી અનૈકાન્તિક દોષ આવે છે. (જ્ઞાનએ ગુણ હોવાથી તેના અવયવ ન હોય)]

(૨) વૈધર્મ્યસમા → શબ્દમાં કૃતકત્વરૂપે ઘટનું સાધર્મ્ય છે, તેમ નિરવયવત્વરૂપે ઘટનું વૈધર્મ્ય પણ છે જ, તેવા વૈધર્મ્યને લઈને વૈધર્મ્ય–વિસદંશતા બતાવી હેતુનો નિરાસ કરવો. જેમ કે "શબ્દ અનિત્ય છે,કૃતક હોવાથી જેમ ઘટ, આવો પ્રયોગ કરતા તેજ ઉપરોક્ત વિરોધી હેતુનો વૈધર્મ્ય રૂપે પ્રયોગ કરવો. "શબ્દ નિત્ય છે, નિરવયવ હોવાથી" જે નિત્ય નથી હોતું તે નિરવયવ નથી હોતું, એટલે કે જે અનિત્ય હોય તે સાવયવ જોવા મળે છે, જેમ ઘટાદિ. આમ સાધ્ય-સાધનનો અભાવ લઈને દૃષ્ટાંત આપેલ હોવાથી વૈધર્મ્ય થાય છે. અહીં, એવો કોઈ વિશેષ હેતુ નથી કે ઘટની સમાન કૃતક હોવાથી શબ્દ અનિત્ય છે. તો તેની જેમ શબ્દ ઘટથી વિપરીત નિરવયવ હોવાથી નિત્ય ન હોય ? [અહીં પણ જ્ઞાનની સાથે અનૈકાન્તિક છે, જ્ઞાન નિત્ય નથી છતાં નિરવયવ તો છે જ.]

૩. ઉત્કર્ષ સમા → ઉત્કર્ષ-અધિકતા દર્શાવી હેતુનો નિરાસ કરવો તે, પૂર્વનાં જ પ્રયોગમાં દૃષ્ટાંત સપક્ષનાં કોઈક ધર્મનું સાધ્યધર્મી–પક્ષમાં આપાદાન કરતા ઉત્કર્ષસમા જાતિનો પ્રયોગ થાય છે-"શબ્દ અનિત્યઃ કૃતકત્વાત્ ઘટવત્" અહીં સપક્ષ-ઘટનો ધર્મ મૂર્ત્તત્વ, તેને પક્ષ-શબ્દમાં આરોપિત કરવો. જો ઘટની સમાન કૃતક હોવાથી શબ્દ અનિત્ય છે, તો ઘટની સમાન મૂર્ત્ત પણ હોવો જોઈએ. જો મૂર્ત નથી તો ઘટની જેમ અનિત્ય પણ ન હો.

૪. અપકર્ષ સમા →અપકર્ષ ન્યૂનતા દર્શાવી હેતુનો નિરાસ કરવો. ઘટ કૃતક છતો અશ્રાવણ છે–શ્રોત્રગ્રાહ્ય નથી, તો શબ્દ પણ અશ્રાવણ હોવો જોઈએ. જો ઘટની સમાન અશ્રાવણ ન હોય તો અનિત્ય પણ ન હોવો જોઈએ. ઉત્કર્ષસમામાં એક નવા ધર્મનો ઉમેરો કરવાની આપત્તિ દર્શાવી, જ્યારે અહી શ્રાવણ ધર્મને ઓછો કરવાની આપત્તિ દર્શાવી, માટે અપકર્ષસમા જાતિ કહેવાય.

૫. વર્ણ્ય સમા → સાધ્યધર્મ અને દૃષ્ટાંતધર્મ સમાન હોવા જરૂરી છે. તેથી સાધ્ય ધર્મ વર્ણ્ય= કહેવા યોગ્ય અર્થાત્ અસિદ્ધ હોવાથી સિદ્ધ કરવા યોગ્ય છે, તો દૃષ્ટાંત ધર્મ પણ અસિદ્ધ હોવો જોઈએ અને તેથી વર્ણ્ય હોવો જોઈએ. સામાન્યથી સાધ્યધર્મ વર્ણ્ય હોય છે અને દૃષ્ટાંત ધર્મ અવર્ણ્ય હોય છે. આમ દૃષ્ટાંતધર્મને

---

૧ अत्रापि ज्ञानेनानैकान्तिकः ।

वर्ण्यावर्ण्यौ साध्यदृष्टान्तधर्मौ विपर्यस्यन् वर्ण्यावर्ण्यसमे जाती प्रयुङ्क्ते-यथाविधः शब्दधर्मः कृतकत्वादिर्न तादृग्घटधर्मो यादृग्घटधर्मो न तादृक् शब्दधर्म इति (५-६)।
धर्मान्तरविकल्पेन प्रत्यवस्थानं विकल्पसमा जातिः यथा कृतकं किञ्चिन्मृदु दृष्टं राङ्कवशय्यादि, किञ्चित्कठिनं कुठारादि, एवं कृतकं किञ्चिदनित्यं भविष्यति घटादि किञ्चिन्नित्यं शब्दादीति ७। साध्यसाम्यापादनेन प्रत्यवस्थानं साध्यसमा जातिः। यथा-यदि यथा घटस्तथा शब्दः, प्राप्तं तर्हि यथा शब्दस्तथा घट इति। शब्दश्च साध्य इति घटोऽपि साध्योभवतु। ततश्च न साध्यः साध्यस्य दृष्टान्तः स्यात्। न चेदेवं तथापि वैलक्षण्यात्सुतरामदृष्टान्त इति ८।
प्राप्त्यप्राप्तिविकल्पाभ्यां प्रत्यवस्थानं प्राप्त्यप्राप्तिसमे जाती। यथा यदेतत् कृतकत्वं त्वया साधनमुपन्यस्तं तत्किं प्राप्य साधयत्यप्राप्य वा ?। प्राप्य चेत्, द्वयोर्विद्यमानयोरेव प्राप्तिर्भवति, न सदसतोरिति। द्वयोश्च सत्त्वात् किं कस्य साध्यं साधनं वा ? (९)। अप्राप्य तु साधनत्वमयुक्तमतिप्रसङ्गादिति (१०)।

વર્ણ્યનો પ્રસંગ દેવા પૂર્વક ખંડન કરવું તે વર્ણ્યસમાજાતિ.

૬. અવર્ણ્યસમા → તેનાથી વિપરીતનું આપાદાન કરવું : જો દૃષ્ટાંતધર્મ સ્વયંસિદ્ધ હોવાથી વર્ણ્ય નથી તો સાધ્યધર્મ પણ સ્વયંસિદ્ધ જ હોવો જોઈએ. જેમ કે ઘટમાં રહેલો કૃતકત્વ ધર્મ કુંભારાદિથી જન્ય તરીકે પ્રસિદ્ધ છે. તો શબ્દનો કૃતકત્વ ધર્મ પણ પ્રસિદ્ધ હોવો જોઈએ. પણ શબ્દનો કૃતકત્વધર્મ ઓષ્ઠતાલુ વિ.થી જન્યતરીકે હજી અસિદ્ધ અવસ્થામાં છે. આ રીતે સાધ્યધર્મને અવર્ણ્યનો પ્રસંગ આપવાપૂર્વક ખંડન કરવુ તે અવર્ણ્યસમાજાતિ. તેનુ કહેવુ આ પ્રમાણે છે કે સાધ્ય ધર્મ અને દૃષ્ટાંતધર્મ સમાન હોય તો જ દૃષ્ટાંત ધર્મ સાધ્યધર્મને સિદ્ધ કરવા સમર્થ બને, પણ અહીં તો સાધ્યધર્મ કૃતકત્વ અસિદ્ધ છે અને દૃષ્ટાંતધર્મ કૃતકત્વ સિદ્ધ છે. માટે સાધ્યધર્મ અને દૃષ્ટાંતધર્મ બંને વિપરીત હોવાથી દૃષ્ટાંતધર્મ સાધ્યધર્મને સિદ્ધ કરવા સમર્થ નથી.

૭. વિકલ્પ સમા → ધર્માન્તરનાં વિકલ્પથી નિરાસ કરવો તે, જેમ કૃતક પદાર્થ કોઈક મૃદુ હોય છે. જેમ રાંકવ-મૃગચર્મની શય્યા વગેરે અને કોઈ કઠિન હોય છે કુહાડી વગેરે. એજ રીતે કોઈક કૃતક પદાર્થ અનિત્ય પણ હશે, જેમ ઘટાદિ, અને કોઈ નિત્ય પણ હશે, જેમ શબ્દ વગેરે એમાં શું વાંધો ? મૃદુ અને કઠિન એવા ધર્માન્તરનો વિકલ્પ ઉભો કરી નિત્ય-અનિત્યનાં વિકલ્પનું આપાદાન કરવામાં આવ્યું.

૮. સાધ્ય સમા →સાધ્ય સાથે સમાનતા બતાવી નિરાસ કરવો તે. જો જેવો ઘટ છે તેવો જ શબ્દ છે, તો તેનો અર્થ એ નીકળ્યો છે કે જેવો શબ્દ છે તેવો જ ઘટ છે. અને તેથી જો શબ્દ સાધ્ય છે, તો ઘટ પણ સાધ્ય હોવો જોઈએ. એમ થતાં સાધ્ય (ઘટ) સાધ્યનું દૃષ્ટાંત ન બની શકે. કા.કે. સિદ્ધને જ દૃષ્ટાંત બનાવાય. જો જેવો ઘટ તેવો શબ્દ ન હોય તો વિલક્ષણ થવાથી સુતરાં અદૃષ્ટાંત બનશે.

૯. પ્રાપ્તિ સમા / ૧૦. અપ્રાપ્તિ સમા : પ્રાપ્તિ અને અપ્રાપ્તિનો વિકલ્પ ઉભો કરી હેતુનો નિરાસ કરવો તે, જેમકે : જે આ કૃતકત્વને તે સાધન તરીકે મૂક્યું છે. તો શું તે કૃતકત્વ સાધ્યને પ્રાપ્ત કરીને તેની સિદ્ધિ કરી આપે છે, કે સાધ્યને પ્રાપ્ત કર્યા વગર ? જો "પ્રાપ્ત કરીને સિદ્ધિ કરી આપે છે" એ પક્ષનો સ્વીકાર કરશો તો

---

१ साध्यधर्मदृष्टान्तधर्मयोर्वैधर्म्यमापादयन्। २ वर्ण्येन साध्यधर्मेण दृष्टान्तस्यावर्ण्यभूतस्य समताख्यापने न दृष्टान्तत्वं स्यादिति वर्ण्यसमा जातिः। ३ अवर्ण्यरूपदृष्टान्तावष्टम्भेन साधनस्याऽवर्ण्यरूपत्वमायातमित्यवर्ण्यसमा जातिः। ४ यादृक् च घ०-मु-पा०।

अतिप्रसङ्गापादनेन प्रत्यवस्थानं प्रसङ्गसमा जाति : । यथा यद्यनित्यत्वे कृतकत्वं साधनं कृतकत्व इदानीं किं साधनम् ?। तत्साधनेऽपि किं साधनमिति ? (११) । प्रतिदृष्टान्तेन प्रत्यवस्थानं प्रतिदृष्टान्तसमा जातिः । यथा अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वात् घटवदित्युक्ते जातिवाद्याह-यथा घटः प्रयत्नानन्तरीयकोऽनित्यो दृष्ट एवं प्रतिदृष्टान्त आकाशं नित्यमपि प्रयत्नानन्तरीयकं दृष्टम्, कूपखननप्रयत्नानन्तरमुपलम्भादिति ।

જે પદાર્થ વિદ્યમાન હોય તેની પ્રાપ્તિ સંભવી શકે છે.પરંતુ એક સત્ હોય અને એક અસત્ તુચ્છ-અવિદ્યમાન હોય, તેમની બીજો પદાર્થ પ્રાપ્તિ કરી ન શકે. જેમ હાથ ટેબલ ઉપર વિદ્યમાન વસ્તુને જ પકડી શકે, અવિદ્યમાનને નહીં. એટલે તમારે સાધ્ય–સાધન બન્નેને વિદ્યમાન-હયાત તરીકે સિદ્ધ માનવાં પડશે. હવે જો બન્ને હયાત છે, તો પછી બંને સરખા હકદાર હોવાથી કોણ કોનું સાધન અને કોણ કોનું સાધ્ય ? હવે જો બીજો પક્ષ માનશો કે કૃતકત્વ હેતુ સાધ્યને પ્રાપ્ત કર્યા વિના જ સિદ્ધ કરે છે, તો તે કહેવું અજગતુ છે. પ્રાપ્ત કર્યા વિના કોઈ કોઈને સિદ્ધ કરી ન શકે. [ઘડીયાળની ચાવી પ્રાપ્ત કર્યા-પકડયા વગર ભરી શકાતી નથી. એટલે જો પ્રાપ્ત કર્યા વગર કોઈને કાર્ય સિદ્ધ કરનાર માનીએ તો અતિપ્રસંગ થશે મોઢામાં ભોજન નાંખ્યા વિના તૃપ્તિ થવાની આપત્તિ આવશે. એટલે કે ગામને પામીને તે રાજી-ખુશ થયો તો પોતે પણ સિદ્ધ હતો અને ગામ પણ સિદ્ધ અવસ્થાને પામેલું હતું તો તેને પ્રત્યક્ષ પ્રમાણથી પામી શક્યા ને પામ્યા તો ખુશ થઈ શક્યા, ગામને પામ્યા વિના ખુશ ન થાત. ગચ્છતિ ક્રિયા વખતે ગામ સાધ્યમાન અવસ્થામાં છે, કારણ કે હજી સુધી ગમનથી તેને હસ્તગત કરવામાં નથી આવ્યું, જ્યારે "ગત" એમ સિદ્ધ અવસ્થામાં આવશે ત્યારે જ તે પ્રાપ્ત થશે. કોઈ પણ ક્રિયાની બે અવસ્થા હોય છે, એટલે જ્ઞાનની પણ સાધ્ય-સિદ્ધ બે અવસ્થા હોય છે. સાધ્યને પામીને એટલે કે અસિદ્ધને તો પામી ન શકાય, માટે પ્રથમથી કોઈ પ્રમાણથી તે સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થયેલ પદાર્થ હોય તે સાધન દ્વારા સિદ્ધ કરવા જાઓ છો તો પછી હેતુ જેમ પ્રત્યક્ષ સિદ્ધ હોવાથી સાધ્ય બનતુ નથી. તેમ સાધ્ય પણ પ્રમાણ સિદ્ધ જ છે તો તે પણ સાધ્ય બની ન શકે. અથવા પરસ્પર બંને સિદ્ધ હોવાથી હેતુને પણ સાધ્યથી સિદ્ધ કરી લેવાય, એવું બની જશે. અથવા સિદ્ધ રૂપે બન્ને તુલ્ય બળવાળા છે, તો બન્ને સરખા ભણેલા વિદ્વાન પંડિત તરીકે સિદ્ધ છે. તો કોણ કોને ભણાવે એ કહી ન શકાય. પંરતુ એક હજી ભણતો હોય "તે પં. પાસે ભણી રહ્યો છે" એમ કહી શકાય.]

૧૧. પ્રસંગ સમા : અતિપ્રસંગનું આપાદાન કરી હેતુનો નિરાસ કરવો. જેમ જો શબ્દને અનિત્ય સિદ્ધ કરવા કૃતકત્વ હેતુનો પ્રયોગ કરવામાં આવ્યો છે, પણ કૃતકત્વની શબ્દમાં સિદ્ધિ કરવા માટે કયો હેતુ ? વળી કૃતકત્વ સિદ્ધિ માટેના હેતુને સિદ્ધ કરનાર હેતુ કયો ? આમ હેતુને સિદ્ધ કરવાની લંગાર લગાડી સાધ્યને સિદ્ધ કરવાનું અટકાવી દેવામાં આવે છે તે પ્રસંગસમા. [અતિપ્રસંગ-અતિવ્યાપ્તિ-કિસી નિયમ યા સિદ્ધાંત કા અનુચિત વિસ્તાર (સં.હિ)]

૧૨. પ્રતિદૃષ્ટાંત સમા → વિરોધી દૃષ્ટાંત દ્વારા હેતુનો નિરાસ કરવો તે. જેમકે : "શબ્દ અનિત્ય છે. પ્રયત્નજનિત હોવાથી જેમ ઘટ" એ પ્રમાણે વાદીએ કહ્યું હોય ત્યારે પ્રતિવાદી કહે કે → જેમ ઘડો પ્રયત્ન જનિત હોઈ અનિત્ય જોવા મળે છે. તેમ વ્યતિરેક–વિરોધ દૃષ્ટાંત આકાશ નિત્ય હોવા છતાં પ્રયત્નજનિત જોવા મળે છે. કારણ કે કુઓ ખોદવાનો પ્રયત્ન કરતા આકાશ-અવકાશનો ઉપલંભ થાય છે. અહીં પ્રયત્નજનિત હેતુ

न चेदमनैकान्तिकत्वोद्भावनम्, भङ्ग्यन्तरेण प्रत्यवस्थानात् (१२)। अनुत्पत्त्या प्रत्यवस्थानमनुत्पत्तिसमा जातिः । यथा अनुत्पन्ने शब्दाख्ये धर्मिणि कृतकत्वं धर्मः क्व वर्तते ? । तदेवं हेत्वभावादसिद्धिरनित्यत्वस्येति (१३) । साधर्म्यसमा वैधर्म्यसमा वा या जातिः पूर्वमुदाहृता सैव संशयेनोपसंहृियमाणा संशयसमा जातिर्भवति। यथा किं घटसाधर्म्यात् कृतकत्वादनित्यः शब्द उत तद्वैधर्म्यादाकाशसाधर्म्याद्वा निरवयवत्वान्नित्य इति ? (१४) । द्वितीयपक्षोत्थापनबुद्ध्या प्रयुज्यमाना सैव साधर्म्यसमा वैधर्म्यसमा वा जातिः प्रकरणसमा भवति । [1]तत्रैव अनित्यः शब्दः कृतकत्वाद् घटवदिति प्रयोगे-नित्यः शब्दः श्रावणत्वाच्छब्द[2]त्ववदिति उद्भा[3]वनप्रकारभेदमात्रे सति नानात्वं द्रष्टव्यम् (१५) ।

સાધ્ય, સાધ્યાભાવ બન્નેમાં રહેવાથી હેતુમાં અનૈકાન્તિકત્વનો ભાસ થાય છે, પરંતુ તેનું ઉદ્‌ભાવન કરી શકાતું નથી. કારણ કે વ્યભિચાર દોષ માટે હેતુનું સાધ્ય-સાધ્યાભાવ બન્નેમાં હોવું જરૂરી છે. તેના આધારે તેનું ઉદ્‌ભાવન કરવામાં આવે છે, જ્યારે અહીં તો હેતુ પક્ષ સપક્ષમાં નિશ્ચિત છે. વિપક્ષમાં જોવા પણ મળતો નથી. પરંતુ માત્ર આ તો ખોટો તુક્કો મૂકવામાં આવ્યો છે. હકીકતમાં આકાશ ત્યારે નવું નથી બનતું, માત્ર માટી દૂર થવાથી એવો ભાસ થાય છે. અનૈકાન્તિક દોષ સત્યદોષ છે. એટલે "न चेदं" આ કોઈ વાસ્તવિક રીતે અનૈકાન્તિક દોષ નથી. જ્યારે આ તો માત્ર "भङ्ग्यतरेण"- બીજીરીતે છટકવા માટેની બારી છે, કે વાદીને ગુંચવણમાં પાડવાની રીત છે.

૧૩. અનુત્પત્તિ સમા →અનુત્પત્તિ બતાવી હેતુનો નિરાસ કરવો તે જેમકે : જ્યારે શબ્દ નામનો ધર્મી ઉત્પન્ન થયેલો નથી. ત્યારે કૃતકત્વ ધર્મ કયાં રહે છે ? એટલે તે નથી હોતો. એ પ્રમાણે હેતુનો અભાવ હોવાથી અનિત્યત્વ સાધ્યની સિદ્ધિ થતી નથી.

૧૪. સંશયસમા→ પહેલા જે સાધર્મ્યસમા અને વૈધર્મ્યસમા જાતિ કહી. તેનો સંશય પૂર્વક ઉપસંહાર કરતા સંશયસમાજાતિ કહેવાય. જેમ ઘટનું સાધર્મ્ય એવું કૃતકત્વ શબ્દમાં હોવાથી શબ્દ અનિત્ય છે કે ઘટનું વૈધર્મ્ય હોવાથી અથવા આકાશનું સાધર્મ્ય એવું નિરવયવત્વ શબ્દમાં હોવાથી શબ્દ નિત્ય છે ? આ એકનો પણ નિર્ણય થઈ શકતો નથી, એમ આ કથનથી વાદીને સંશયમાં પાડે છે.

૧૫. પ્રકરણ સમા →બીજો પક્ષ ઉભો કરવાની બુદ્ધિથી પ્રયોગ કરાતી તે સાધર્મ્યસમા કે વૈધર્મ્યસમા જાતિ જ પ્રકરણસમા થઈ જાય છે.

જેમકે : "શબ્દ અનિત્ય છે, કૃતક હોવાથી જેમ ઘડો, આવો પ્રયોગ કરતાં જાતિવાદી કહેવા લાગે છે, કે "શબ્દ નિત્ય છે, શ્રાવણ–શ્રવણ ગ્રાહ્ય હોવાથી" શબ્દત્વની જેમ, સાધ્યધર્મથી વિશિષ્ટ ધર્મી એ પક્ષ કહેવાય છે, હવે અહીં સાધ્યધર્મ બદલી લેવાથી બીજો પક્ષ ઉભો થાય છે. સાધર્મ્યસમામાં પણ દૃષ્ટાંત ધર્મીના સાધર્મ્યથી તે ધર્મીમાં રહેલ નિત્યત્વ વગેરે ધર્મીની આપત્તિ પક્ષમાં આપવામાં આવે છે. જ્યારે અહીં તો સીધો હેતુ જ બદલી નાંખ્યો. એમ વાત તો એની એ જ છે. પરંતુ દોષનું ઉદ્‌ભાવન કરવાની પદ્ધતિ ભિન્ન ભિન્ન છે.

ત્યાં આકાશની જેમ નિરવયવ છે માટે નિત્ય માનવો પડશે, જ્યારે અહીં સીધું કહે છે કે શબ્દ નિત્ય માનવો પડશે કારણ કે શ્રાવણ છે, એટલે ત્યાં દૃષ્ટાંતગત સાધર્મ્યના આધારે નિત્ય બતાવામાં આવેલ છે, અહીં

१ तथैवानि०-डे । २ जैनं प्रति दृष्टान्तः साध्यविकलस्तेन हि शब्दत्वस्य नित्यानित्यत्वस्याभ्युपेतत्वात् व्याप्तिरप्यसिद्धा । ३ उद्भावनं प्र०-ता० ।

त्रैकाल्यानुपपत्त्या हेतोः प्रत्यवस्थानमहेतुसमा जातिः। यथा हेतुः साधनम् । तत् साध्यात्पूर्वं पश्चात् सह वा भवेत् ? । यदि पूर्वम्, असति साध्ये तत् कस्य साधनम् ? । अथ पश्चात्साधनम्, पूर्वं तर्हि साध्यम्, [1]तस्मिंश्च पूर्वसिद्धे किं साधनेन ? । अथ युगपत्साध्यसाधने, तर्हि तयोः सव्येतरगोविषाणयोरिव साध्यसाधनभाव एव न भवेदिति (१६) ।

अर्थापत्त्या प्रत्यवस्थानमर्थापत्तिसमा जातिः । यद्यनित्यसाधर्म्यात्कृतकत्वादनित्यः शब्दः, अर्थादापद्यते नित्यसाधर्म्यान्नित्य इति । अस्ति चास्य नित्येनाकाशादिना साधर्म्यं निरवयवत्वमित्युद्भा[2]वनप्रकारभेद एवाय[3]मिति १७ । अविशेषापादनेन प्रत्यवस्थानमविशेषसमा जातिः । यथा यदि शब्दघटयोरेको धर्मः कृतकत्वमिष्यते तर्हि समानधर्मयोगात्तयोरविशेषे तद्वदेव सर्वपदार्थानामविशेषः प्रसज्यत इति १८।

તો પ્રતિપક્ષ હેતુ આપી સાધર્મ્ય દૃષ્ટાંતદ્વારા પુષ્ટિ કરવામાં આવે છે. વળી જૈનોને પ્રતિ આ દૃષ્ટાંત સાધ્ય વિકલ પણ છે, કારણ કે જૈનો તો શબ્દત્વને પણ નિત્યાનિત્યમાને છે એટલે "यत्र[2] श्रावणत्वं[2] तत्र नित्यत्वं" આવી વ્યાપ્તિ જ સિદ્ધ થતી નથી. શબ્દત્વ આ શબ્દનું સ્વરૂપ સહભાવી પર્યાય છે, એટલે ભાષાવર્ગણા ભેદાય છે, ત્યાર પછી ટૂંક સમયમાં તેનું શબ્દસ્વરૂપ નાશ પામે છે, માટે અનિત્ય છે, અને પુદ્ગલ દ્રવ્યની અપેક્ષાએ નિત્યપણ છે, કા.કે. પુદ્ગલ દ્રવ્યનો શબ્દ પર્યાય છે, પણ મૂળ દ્રવ્ય સદા ટકવાવાળું છે, અને પર્યાય કથંચિત અભિન્ન હોવાથી તે પણ નિત્ય કહેવાય છે.

૧૬. અહેતુ સમા → હેતુની ત્રૈકાલિક અનુપપત્તિ દર્શાવી તેનો નિરાસ કરવો. જેમકે હેતુ એટલે સાધન. તો તે સાધન સાધ્યની પહેલાં હોય કે પાછળથી હોય કે સાથે જ હોય છે ? જો પહેલા હોય એમ કહેશો તો સાધ્ય જ હાજર ન હોવાથી તે કોનું સાધન બનશે ? જો "સાધન પાછળથી હોય છે" એમ માનશો તો એનો મતલબ એ થયો કે સાધનની પહેલાં જ સાધ્ય વિદ્યમાન છે. તો પછી સાધનની શી જરૂર ? હવે જો કહેશો કે સાધ્ય સાધન એક સાથે જ હોય તો ગાયના ડાબા જમણાં શિંગડાની જેમ બન્ને વચ્ચે સાધ્ય–સાધન ભાવ ઘટી શકતો નથી.

૧૭. અર્થાપત્તિ સમા → અર્થાપત્તિ દ્વારા નિરાકરણ કરવું તે અર્થાપત્તિ સમાજાતિ. જેમ જો અનિત્યનું સાધર્મ્ય એવું કૃતકત્વ હોવાથી શબ્દ અનિત્ય છે. આના ઉપરથી આ પણ કહી શકાય કે નિત્યનું સાધર્મ્ય હોવાથી નિત્ય કહેવાશે. નિત્ય આકાશની સાથે શબ્દનું નિરવયવત્વ રૂપે સાધર્મ્ય છે જ. અહીં પણ દોષને ઉદ્ભાવન કરવામાં જ માત્ર ફેર છે. અહીં સાધર્મ્યસમામાં દૃષ્ટાંતના ધર્મની સમાન ધર્મ પક્ષમાં બતાવી અનુમાન દ્વારા તેને નિત્ય સિદ્ધ કરવામાં આવતુ હતું. જ્યારે અહીં તો સીધી અર્થાપતિથી જ શબ્દને નિત્ય સિદ્ધ કરાય છે. "અનિત્ય ઘડા જેવું કૃતકત્વ શબ્દમાં છે" આ વાક્ય ઉપરથી આપણને અર્થવશાત્ એવો ખ્યાલ આવી જાય કે શબ્દ પણ અનિત્ય છે. જેમ કે → "દેવની જેમ આની પણ આંખ ફરકતી દેખાતી નથી". આ કથનથી અર્થવશાત્ "આ પણ દેવ છે" એવો ખ્યાલ આવે છે. સાધર્મ્યસમામાં સ્પષ્ટ કથન કરવામાં આવે છે, જ્યારે અહીં અર્થાપત્તિથી સમજી લેવાનું છે.

૧૮. અવિશેષ સમા →વિશેષતાનાં અભાવનું આપાદન કરી નિરાસ કરવો. જેમ શબ્દ અને ઘટના કૃતકત્વને એક જ ધર્મ માનતા હો તો, સમાનધર્મનાં યોગથી બન્નેમાં કોઈ વિશેષતા–ફેર નહીં રહે, જેમ આ બન્ને પદાર્થમાં વિશેષતા નથી. તેમ બધા પદાર્થમાં વિશેષતાનો અભાવ થઈ જશે. (કા. કે. સર્વ પદાર્થમાં પદાર્થત્વ / સત્ત્વ વગેરે અમુક ધર્મનું સાધર્મ્ય છે જ.)

---

१ तस्मिन् पूर्वं सिद्धे-डे० । २ -०द्भावनं प्र०-डे० । ३ अत्र पूर्वोक्तमेवोत्तरम् ।

उपपत्त्या प्रत्यवस्थानमुपपत्तिसमा जातिः । यथा यदि कृतकत्वोपपत्त्या शब्दस्यानित्यत्वम्, निरवयवत्वोपपत्त्या नित्यत्वमपि कस्मान्न भवति ? । पक्षद्वयोपपत्त्याऽनध्यवसायपर्यवसानत्वं विवक्षितमित्युद्भावनप्रकारभेद एवायम् १९ ।

उपलब्ध्या प्रत्यवस्थानमुपलब्धिसमा जातिः । यथा अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वादिति प्रयुक्ते प्रत्यवतिष्ठते-न खलु प्रयत्नान्तरीयकत्वमनित्यत्वे साधनम्, साधनं हि तदुच्यते येन विना न साध्यमुपलभ्यते । उपलभ्यते च प्रयत्नानन्तरीयकत्वेन विनाऽपि विद्युदादावनित्यत्वम् । शब्देऽपि क्वचिद्वायुवेगभज्यमान-वनस्पत्यादिजन्ये तथैवेति २० ।

अनुपलब्ध्या प्रत्यवस्थानमनुपलब्धिसमा जातिः । यथा तत्रैव प्रयत्ना-नन्तरीयकत्वहेतावुपन्यस्ते सत्याह जातिवादी-न प्रयत्नकार्यः शब्दः प्रागुच्चारणादस्त्येवासावावरणयोगात्तु नोपलभ्यते । आवरणानुपलम्भेऽप्यनुपलम्भान्नास्त्येव शब्द इति चेत्[२],

---

૧૯. ઉપપત્તિ સમા →ઉપપત્તિ દ્વારા નિરાકરણ કરવું તે, જેમ જો કૃતકત્વની ઉપપત્તિથી શબ્દ અનિત્ય છે. અર્થાત્ જો અનિત્ય ન હોય તો કૃતકત્વ અનુપપન્ન થઈ જાય (ઘટે નહીં), તો નિરવયવત્વની ઉપપત્તિથી નિત્ય કેમ ન હોય ? એમ બે પક્ષની ઉપપત્તિ થવાથી અનધ્યવસાય–અનિશ્ચિતમાં અંત આવે છે/ પર્યવસાન=અંત વિવક્ષિત થાય છે. અહીં પણ ઉદ્ભાવનમાં જ ભેદ છે, કૃતકત્વ ઘટતું હોવાથી અનિત્ય કહો છો, નિરવયવત્વ ઘટતું હોવાથી નિત્યપણ કહી શકાય. એટલે સાધર્મ્યસમાની જેમ દૃષ્ટાંતનો આધાર લીધા વિના ઉપપત્તિના આધારે જ આપત્તિ આપવામાં આવી છે. જ્યારે બે વિરોધી વાત ઉભી થાય, તેથી ભાઈ એક પણ વાતનો નિશ્ચય કરી શકતા નથી.

૨૦. ઉપલબ્ધિ સમા → ઉપલબ્ધિ દ્વારા નિરાકરણ કરવું તે, જેમ "શબ્દ અનિત્ય છે, પ્રયત્નજનિત હોવાથી" એમ વાદીએ પ્રયોગ કર્યે છતે જાતિવાદી કહેવા લાગે કે પ્રયત્નજનિતત્વ અનિત્યત્વને સિદ્ધ કરવામાં સાધન નથી, સાધનતો તેને જ કહેવાય કે જેના વિના સાધ્ય ઉપલબ્ધ / પ્રાપ્ત ન થઈ શકે. જ્યારે અહીં તો પ્રયત્ન વિના પણ વિજળી વિ.માં અનિત્યત્વ ઉપલબ્ધ થાય છે- જોવા મળે છે, અને વળી ક્યાંક પવનના વેગથી તૂટતા ઝાડ વિ. (ના પાન)થી અવાજ-શબ્દ ઉભો થાય છે, ત્યાં પ્રયત્ન ક્યાં છે ? तथैवेति –પ્રયત્ન વિના જ તે જન્ય છે. અહીં જવાબમાં આ રીતે સમાધાન કરી શકાય છે. આ તો "ધૂમવિના પણ વહ્નિ ઉપલબ્ધ થાય છે" આવું કહેવું તેની જેમ અજુગતુ જ છે, અમે એમ કહીએ છીએ કે પ્રયત્ન જનિત શબ્દ તે અનિત્ય છે, અમે આવું થોડુંક કીધુ છે કે અનિત્ય પ્રયત્નજન્ય જ હોય, વહ્નિ સાથે ધૂમ હોય જ.

૨૧. અનુપલબ્ધિ સમા : અનુપલબ્ધિ દર્શાવી નિરાસ કરવો તે. અનુમાનમાં જ જેમ પૂર્વના પ્રયત્નજનિત હેતુનો પ્રયોગ કરતા જાતિવાદી કહે શબ્દ પ્રયત્નનું કાર્ય નથી, ઉચ્ચારણની પહેલાં પણ વિદ્યમાન હોય જ છે. પરંતુ આવરણનાં કારણે તેની ઉપલબ્ધિ થતી નથી.

શંકાકાર : આવરણ ઉપલબ્ધ થતું નથી. ત્યારે પણ શબ્દ ઉપલબ્ધ થતો નથી, માટે ઉચ્ચારણ પહેલા શબ્દ

૧-०त्येवावर०-डे० । २ चेत् आ०-डे० ।

न, आवरणानुपलम्भेप्यनुपलम्भसद्भावात् । आवरणानुपलब्धेश्चानुपलम्भादभावः । तदभावे चावरणोपलब्धेर्भावो भवति । ततश्च मृदन्तरितमूलकीलोदकादिवदावरणोपलब्धिकृतमेव शब्दस्य प्रागुच्चारणादग्रहणमिति प्रयत्नकार्यत्वाभावान्नित्यः शब्द इति[1]२१ ।

નથી. રાત્રે અંધકારનું આવરણ ઉપલબ્ધ—જોવા મળે છે, તેથી તો એમ કહી શકાય કે ઘટાદિ છે ખરા,પણ અંધકારથી આવરાઈ ગયા હોવાથી દેખાતા નથી. પરંતુ ધોળા દિવસે અંધકાર કે વસ્ત્રાદિ વિગેરે કોઈ પણ જાતનું આવરણ જોવા મળતુ ન હોય અને ત્યાં ઘટાદિ ન દેખાય તો પછી ત્યાં ઘટાદિનો નિષેધ જ કરવો પડે ને !

સમાધાન : આવરણની જે અનુપલબ્ધિ છે, તે સ્વ વિષયક પણ છે, એટલે અનુપલબ્ધિ પોતાની અનુપલબ્ધિમાં પણ હેતુ છે, **आवरणानुपलम्भेप्यनुपलम्भसद्भावात्** - આવરણની અનુપલબ્ધિમાં પણ અનુપલમ્ભ રહેલો છે, તેથી આવરણની અનુપલબ્ધિનો ઉપલમ્ભ ન થાય. એટલે આવરણની અનુપલબ્ધિ = ગેરહાજરીનું ભાન ન થવાથી આવરણની અનુપલબ્ધિ = ગેરહાજરીનો અભાવ સિદ્ધ થાય છે, તદભાવે = અનુપલબ્ધિનો અભાવ સિદ્ધ થતા આવરણની ઉપલબ્ધિનો સદ્‌ભાવ સિદ્ધ થઈ જાય છે. જેમ ઘટાભાવનું ભાન ન થતા ઘટનો સદ્‌ભાવ સિદ્ધ થાય છે. એથી જ માટીમાં દટાયેલા મૂળીયું, ખીલ્લો, પાણી વગેરે દેખાતા નથી, પણ છે તો ખરા જ. તેમ ઉચ્ચારણની પહેલા શબ્દની અનુપલબ્ધિ આવરણની ઉપલબ્ધિથી કરાયેલ છે. એટલે માટી નામનું આવરણ દેખાય છે માટે મૂળ વગેરે દેખાતા નથી. તેમ શબ્દ નથી જણાતો તેનું કારણ પણ આવરણ છે. એમ શબ્દ પ્રયત્નનું કાર્ય ન હોવાથી નિત્ય[1] છે.

૨૨. નિત્ય સમા : સાધ્ય ધર્મમાં નિત્યતા અને અનિત્યતાનાં વિકલ્પ[1] દ્વારા શબ્દમાં નિત્યતાનું

१ अत्रोत्तरम्-प्रत्ययभेदभेदित्वात् अ(?) प्रयत्नानन्तरीयकत्वं विवक्षितशब्दस्य सिद्धमेव द्रव्यत्व (?)प्रयत्नेन शब्दो विवक्षितो जन्यत एव न तु व्यज्यते।

૧ શંકાકાર : દુનિયામાં વસ્તુ જે પ્રથમથી હાજર હોય તેના માટે માત્ર આવરણ હટાવવું પડે છે, આવરણ દૂર થતા તે વ્યક્ત જોવા મળે છે. જેમ ભૂમિમાં પાણી રહેલું છે, પરંતુ જ્યાં સુધી કૂઓ ના ખોદીએ ત્યાં સુધી આપણને પાણી નથી મળતું, પણ આટલા માત્રથી "ભૂમિમાં પાણી નથી" એવું ના કહી શકાય, કારણ કે કૂવા ખોદવાનો યત્ન કરનાર પુરુષ માત્ર માટીને દૂર હટાવવાનું કામ કરે છે. તેના સાધનો મેળવી એ કૂઓ ખોદે છે, પરંતુ પાણીને પેદા કરવાના સાધનો મેળવી તેને પેદા કરતો જોવાતો નથી, એનો મતલબ પાણી તો છે જ માત્ર માટીનું આવરણ દૂર કરાય છે. બસ આકાશના ખૂણે ખૂણે શબ્દ છે જ, કોઈક સાધન વિશેષથી તેને પ્રગટ કરાય છે, જેમ રેડિયો દ્વારા એક પુરુષ યુ.પી.માં બેઠો જે સમાચાર સાંભળે છે અને તે વખતે બીજો પુરુષ એમ.પી.માં છે તેણે જ્યાં સુધી રેડિયાની સ્વીચ ઓન નથી કરી ત્યાં સુધી કશું સંભળાતું નથી, જેવી ઓન કરે તરત જ તેવા જ સમાચાર સંભળાવા લાગે છે, હવે બોલો આ શબ્દો ઉપલંભ નહોતા થતા ત્યારે પણ હાજર હતા કે નહીં ? જો હાજર નહોતા તો બાજુમાં ધીમે આવાજે રેડિયો સાંભળનારને પણ ઉપલબ્ધ ન થાત, પણ તેને થાયછે, પણ તમે પ્રગટ કરવા યત્ન ન કર્યો, માટે તમને સંભાળાયા નહીં. આવરણ દૂર થતા દરેક ઠેકાણેથી શબ્દ સંભળાય છે યુ.પી. થી શબ્દ ઉડીને અહીં મધ્ય પ્રદેશમાં આવતા નથી, નહીંતર ત્યાં સંભળાવાનું બંધ થઈ જશે.

साध्यधर्मनित्यानित्यत्वविकल्पेन शब्दनित्यत्वापादनं नित्यसमा जातिः । यथा अनित्यः शब्द इति प्रतिज्ञाते जातिवादी विकल्पयति येयमनित्यता शब्दस्योच्यते सा किमनित्या नित्या वेति ? । यद्यनित्या, तदियमवश्यमपायिनीत्यनित्यताया अपायान्नित्यः शब्दः । अथानित्यता नित्यै[1]व, तथापि धर्मस्य नित्यत्वात्तस्य च निराश्रयस्यानुपपत्तेस्तदाश्रयभूतः शब्दोऽपि नित्यो भवेत्, तदनित्यत्वे तद्धर्मनित्यत्वायोगादित्युभयथापि नित्यः शब्द इति[2] २२ । सर्वभावानित्यत्वोपपादनेन प्रत्यवस्थानमनित्यसमा जातिः । यथा घटेन साधर्म्यमनित्येन शब्दस्यास्तीति तस्यानित्यत्वं यदि प्रतिपाद्यते, तद् घटेन सर्वपदार्थानामस्त्येव

આપાદન કરવું તે. જેમ "શબ્દ અનિત્ય છે". એવી પ્રતિજ્ઞા કરતાં જાતિવાદી વિકલ્પ[1] કરે કે તમે જે શબ્દની અનિત્યતા કહો છો તે અનિત્યતા અનિત્ય છે કે નિત્ય છે ? જો અનિત્ય છે તો તે અનિત્યતા અવશ્ય નાશ પામવાની અને અનિત્યતા નાશ પામવાથી શબ્દ નિત્ય બની જશે. હવે જો અનિત્યતા નિત્ય જ છે તો પણ શબ્દનો અનિત્યતા નામનો ધર્મ નિત્ય હોવાથી અને તે ધર્મ આશ્રય વિના રહી શકતો ન હોવાથી તેનો આશ્રયભૂત શબ્દ પણ નિત્ય જ હોવો જોઈએ. જો તેનો આશ્રયભૂત શબ્દ અનિત્ય હોય તો તેનો ધર્મ નિત્ય ન હોઈ શકે. એમ બન્ને રીતે શબ્દની નિત્યતા જ સિદ્ધ થાય છે.

૨૩. અનિત્યસમા : સર્વભાવોની અનિત્યતાનું આપાદાન કરી હેતુનો નિરાસ કરવો તે. જેમ જો

૧ -० त्यैव न तथा० -डे० । २ विनश्वरस्वभावायामनित्यतायां नित्यानित्यत्वकल्पना न घटत एव अन्यथा कृतकत्वस्याऽपि कृतकत्वं पृच्छ्यताम् ।

અહીં જૈનો ઉત્તર આપી શકે છે—વિવક્ષિત શબ્દમાં નિમિત્તના ભેદે ફેરફાર દેખાય છે, માટે તેનું પ્રયત્નાનન્તરીયકત્વ સિદ્ધ થાય છે, દ્રવ્યના પ્રયત્નથી વિવક્ષિત શબ્દ પેદા કરાય છે. પરંતુ પ્રગટ કરાતો નથી. જો શબ્દ પ્રથમથી તૈયાર જ હોય તો ફેરફાર ન થાય. જેમકે ઘડો પહેલેથી તૈયાર હોય તો ઉપર ચોટાડેલી માટી કાઢી લેવાથી દેખાવા લાગે; પણ એમાં બીજો કોઈ ફેરફાર ન સંભવે. હકીકતમાં જેવો આકાર આપવાનો હોય તે રીતે કુંભાર યત્ન કરે છે. કાળી માટી હોય તો કાળો બને ઈત્યાદિ ફેરફાર જે નવેસરથી બનાવવાનું હોય તો જ સંભવે. એમ શબ્દ જો તૈયાર માલ હોય તો તીવ્ર મંદતા, તીક્ષ્ણતા, કર્કશતા વિ. ફેરફારો તેતે નિમિત્તથી જોવા મળે છે તે જોવા જ ન મળે. કાગડાના તાલુઓષ્ઠના નિમિત્તથી શબ્દ પેદા કરાય ત્યારે કર્કશતા આવે, કોયલના નિમિત્તથી મધુરતા આવે છે. કાંઇ શબ્દ પહેલેથી તૈયાર જ હોત તો આવો ફેરફાર શક્ય નથી.

→ અલ્યા ભાઈ ! જ્યાં સુધી આકાશવાણીમાં જઈ કોઈ શબ્દ બોલ્યો ન હોત તો રેડીયોથી પણ કોને શબ્દ સંભળાય ? ફોનમાં કશું ન બોલે તો ભૂંગળુ હાથમાં લેવા છતાં ક્યાં કશું સંભળાય છે. માટે વક્તાના યત્નથી પહેલા ભાષાવર્ગણા ગ્રહણ કરી શબ્દ પેદા કરાય છે, તેની સ્થિતિ અંતર્મુહૂર્ત હોવાથી અને પુદ્ગલ રૂપ હોવાથી તેજ શબ્દોને સંગ્રહી લેવાય છે અને યંત્ર વિશેષથી ધક્કો મારી દૂર સુધી મોકલી શકાય છે. તે શબ્દો રેડિયોમાં આવે છે અને સ્વીચ ઓન કરે એટલે સંભળાય પણ પ્રથમ તો શબ્દ પેદા થાય જ છે. પાર્સલમાં મોકલેલી વસ્તુતો ખોલ્યા વગર ન દેખાય, તેમ રેડિયો તરંગમાં છુપાવેલા શબ્દો સ્વીચ ઓન કર્યા વિના ન સંભળાય.

ટી-૨→૧ વિનશ્વર સ્વભાવવાળી અનિત્યતામાં નિત્ય અનિત્યની કલ્પના ઘટતી જ નથી, ઘટાવવી યોગ્ય નથી. નહીંતર કૃતકત્વ માટે પણ પ્રશ્ન થશે કે / કરો કે શું કૃતકત્વ એ કૃતક છે કે અકૃતક છે ? કૃતક જો કૃતક હોયતો અનિત્ય બની જવાથી શબ્દમાં સદાકાળ ટકે નહી, તેમ થતા કૃતક ધર્મના અભાવમાં શબ્દ અનિત્ય નહીં બની શકે. અકૃતક માનશો તો જે કૃતકત્વ શબ્દમાં રહે છે તેને નિત્ય માનવું પડશે. [કા.કે. અકૃતક પદાર્થ ક્ષણ ભંગુર ન હોય તો નિત્ય જોવા મળે છે. મેરુ પર્વત વગેરે શાશ્વતા પદાર્થ કોઈથી બનાવેલા નથી તો નિત્ય જ છે ને. (નિત્ય = શાશ્વત, સદાકાળ વિદ્યમાન રહેનાર)] તો પછી તેનો આશ્રયશબ્દ પણ નિત્ય માનવો પડશે. આવી બધી કલ્પના અજુગતી છે, અન્યથા એટલે આવી વિકલ્પ કલ્પનાની જાળ રમતા રહેશો તો દુનિયામાં કશુ જ નિયતરૂપે કહી શકાશે નહીં-વ્યપદેશ કરી શકાત જ નહીં.

किमपि साधर्म्यमिति तेषामप्यनित्यत्वं स्यात् । अथ पदार्थान्तराणां तथाभावेऽपि नानित्यत्वम्, तर्हि शब्दस्यापि तन्मा भूदिति । अनित्यत्वमात्रापादनपूर्वकविशेषोद्भावनाच्चाविशेषसमातो भिन्नेयं जातिः २३ । प्रयत्नकार्यनानात्वोपन्यासेन प्रत्यवस्थानं कार्यसमा जातिः । यथा अनित्यः शब्दः प्रयत्नानन्तरीयकत्वादित्युक्ते जातिवाद्याहप्रयत्नस्य द्वैरूप्यं दृष्टम्-किञ्चिदसदेव तेन जन्यते यथा घटादि, किञ्चित्सदेवावरणव्युदासादिनाऽभिव्यज्यते यथा मृदन्तरितमूलकीलादि, एवं प्रयत्नकार्यनानात्वादेष प्रयत्नेन शब्दो व्यज्यते जन्यते वेति संशय इति । संशयापादनप्रकारभेदाच्च संशयसमातः कार्यसमा जातिर्भिद्यते २४ ।

§ ६५. तदेवमुद्भावनविषयविकल्पभेदेन जातीनामानन्त्येऽप्यसङ्कीर्णोदाहरणविवक्षया चतुर्विंशतिर्जातिभेदा एते दर्शिताः ।

અનિત્ય ઘટની સાથે સાધર્મ્ય હોવાથી શબ્દને અનિત્ય કહેતા હો તો ઘટની સાથે બધા પદાર્થોનું કોઈક જાતનું સત્ત્વાદિરૂપે સાધર્મ્ય રહેલું જ છે. તેથી તેઓ પણ અનિત્ય બની જશે / માનવા પડશે.

હવે જો અન્ય પદાર્થોમાં સત્ત્વ વિગેરેથી સાધર્મ્ય હોવા છતાં તે આકાશાદિ બધું અનિત્ય નથી, તો શબ્દ પણ અનિત્ય ન હો / ન થાઓ. પૂર્વોક્ત ૧૮મી અવિશેષસમાજાતિમાં પદાર્થોમાં સામાન્યતયા વિશેષતાનો અભાવ પ્રતિપાદન કરવામાં આવ્યો છે, જ્યારે અહીં બધા પદાર્થોમાં અનિત્યતાની સમાનતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું.

૨૪. કાર્ય સમા : પ્રયત્ન જન્ય કાર્યમાં અનેકતા ભિન્નતા-દર્શાવી હેતુનો નિરાસ કરવો તે. જેમ "શબ્દ અનિત્ય છે, પ્રયત્નજન્ય હોવાથી" આવું વાદી કહે ત્યારે જાતિવાદી કહેવા લાગે કે પ્રયત્નનાં બે જાતનાં રૂપ છે. એક તો અસત્ પદાર્થને ઉત્પન્ન કરવા, જેમ-ઘટ પહેલાં ન હતો કુંભારના પ્રયત્નથી થયો. બીજું રૂપ એ છે કે પ્રયત્નથી આવરણ દૂર થઈ જવાથી તેમાં છૂપાયેલ સત્ પદાર્થ પ્રગટ થાય છે. જેમ માટીમાં દટાયેલ મૂળ, ખીલ્લો વગેરે. એમ પ્રયત્નનાં કાર્ય વિવિધ પ્રકારનાં છે. તેથી સંશય ઉભો થાય છે કે પ્રયત્નથી શબ્દ પ્રગટ કરવામાં આવે છે કે પ્રયત્નથી ઉત્પન્ન કરવામાં આવે છે ?

ત્યાં સંશયસમામાં દૃષ્ટાંતના ધર્મને લઈ સંશય બતાવવામાં આવ્યો છે, જ્યારે અહીં હેતુના કાર્યના આધારે સંશય બતાવામાં આવ્યો છે. એમ સંશયસમા અને કાર્યસમા જાતિમાં સંશયનું આપાદન કરવામાં ભેદ છે. માટે બન્ને જુદી પડે છે.

૬૫. આમ અસત્ દોષનાં ઉદ્ભાવનના વિષય અને વિકલ્પના ભેદથી જાતિઓ અનંત છે. તો પણ જુદા જુદા ઉદાહરણની વિવિક્ષાથી ચોવીશ ભેદ બતાવવામાં આવ્યા છે.

---

१ जैनं प्रति (?) साध्यता नैयायिकं प्रत्यनित्यत्वस्य शब्दकृतकत्वेन व्याप्तिर्दृष्टा व्यभिचारात् (?) ।

प्रतिसमाधानं तु सर्वजातीनामन्यथानुपपत्तिलक्षणानुमान-लक्ष[1]णपरीक्षणमेव । न ह्यविप्लुतलक्षणे हेतावेवंप्रायाः पांशुपाताः प्रभवन्ति । कृतकत्वप्रयत्नानन्तरीयकत्वयोश्च दृढप्रतिबन्धत्वान्नावरणादिकृतं शब्दानुपलम्भनमपि त्वनित्यत्वकृतमेव । जातिप्रयोगे च परेण कृते सम्यगुत्तरमेव वक्तव्यं न प्रतीपं जात्युत्तरैरेव प्रत्यवस्थेयमासमञ्जस्य प्रसङ्गादिति ।

§ ६६. छलमपि च सम्यगुत्तरत्वाभावाज्जात्युत्तरमेव[2]। उक्तं ह्येतदुद्भावनप्रकारभेदेनानन्तानि जात्युत्तराणीति । तत्र परस्य वदतोऽर्थविकल्पोपपादनेन वचनविघातच्छलम् । तत्त्रिधा वाक्छलं सामान्यच्छलमुपचारच्छलं चेति ।

આ બધાનું પ્રતિસમાધાન–જવાબ એજ છે કે અન્યથાનુપપત્તિ સ્વરૂપ હેતુનાં–અનુમાનનાં લક્ષણની પરીક્ષા કરવી જ જોઈએ. જેમ સોનાનો છેદ થાય, તાપમાં મુકાય, એનાથી માત્ર તેની પરીક્ષા જ થાય છે તે કાંઇ ખોટું પડી જતું નથી, એમ અહીં પણ સત્ય હેતુની પરીક્ષા કરાય છે. (અને રખે) તમારા હાથે આવા પ્રયોગ થઈ જાય ને તમે આવા ગોટાળા વાળા હેતુ પ્રયોગ કરશો નહીં. તમારા હેતુમાં આવી કોઈ ગરબડ નથી ને ? તે તપાસી લેવું તે તપાસ-ચકાસણી માટે આ ઉપયોગી છે. આવાં અચલ = કોઇથી વિપ્લવ નહીં પામનાર લક્ષણયુક્ત હેતુ ઉપર આવાં પ્રકારની ધૂળ ઉડાડી શકાતી નથી. કૃતકત્વ અને પ્રયત્નાનન્તરીયક હેતુમાં નિશ્ચિત અવિનાભાવ હોવાથી શબ્દનો અનુપલંભ આવરણનાં કારણે નહી પરંતુ અનિત્યત્વના કારણે જ છે.

[સુવર્ણ નિત્ય દેખાવા છતાં ઘડો-કુંભ તો ત્યાં દેખાતો નથી. પરંતુ સોની જ્યારે પ્રયત્ન કરે છે ત્યારે જ તે તો જોવા મળે છે. પંરતુ અહીં સોનીને આવરણ દૂર કરતા જોયો નથી. તેમ વક્તાને આવરણ દૂર કરતો જોવામાં આવતો નથી. પણ ઈચ્છા મુજબ શબ્દ બોલવા તાલુ ઓષ્ઠ વગેરેથી પ્રયત્ન ઉભો કરી તે તે શબ્દને જન્મ આપે છે.

માટીને દૂર કરવાનો પ્રયત્ન કરતા ત્યાં ખાડાની ઉત્પત્તિ તો થાય જ છે.

વસ્ત્ર પહોળુ હતું તેને પ્રયત્ન કરી સાંકડા આકારમાં ગોઠવી દેવામાં આવે છે. એટલે આકાર તો નવો જ પેદા થયોને ! ભલે તેની સાથોસાથ તેમા આવૃત પદાર્થ-પર્યાય જોવા મળે. એમ પ્રયત્નથી કોઈને કોઈ કાર્ય તો અવશ્ય પેદા થાય જ છે. જે પૂર્વે ન હતું. અમે (જૈનો) તેને પર્યાય કહીએ છીએ, તે બધા અનિત્ય જ હોય છે.]

પ્રતિવાદી જાતિનો પ્રયોગ કરે ત્યારે વાદી સમીચીન ઉત્તર આપે. પણ અસત્ ઉત્તર આપી તેનો નિરાસ ન કરવો જોઈએ. જાતિ પ્રયોગનાં બદલામાં સામે જાતિનો પ્રયોગ કરતા અસમંજસ અયુક્ત-અવ્યવસ્થા થઈ જશે.

૬૬. છલ નિરૂપણ પણ સમ્યક્ ઉત્તર રૂપ ન હોવાથી છલ પણ જાત્યુત્તર જ છે. આ તો અમે પહેલા કહી જ ચૂકયા છીએ કે ઉદ્‌ભાવનનાં ભેદથી જાતિઓ અનંત છે. કોઈ વાદીનાં વચનમાં અર્થનો વિકલ્પ પેદા કરી તેના વચનનો વિઘાત–ખંડન કરવું તે છલ કહેવાય છે, તે ત્રણ પ્રકારની છે.

(૧) વાક્‌છલ (૨) સામાન્ય છલ (૩) ઉપચાર છલ

૧-०क्षणहेतुपरी०-डे । २-०मेव च । -डे० ।

तत्र साधारणे शब्दे प्रयुक्ते वक्तुरभिप्रेता[1]दर्थादर्थान्तरकल्पनया तन्निषेधो वाक्छलम् । यथा नवकम्बलोऽयं माणवक इति नूतनविवक्षया कथिते परः सङ्ख्यामारोप्य निषेधति-कुतोऽस्य नव कम्बला इति ? । सम्भावनयातिप्रसङ्गिनोऽपि सामान्यस्योपन्यासे हेतुत्वारोपणेन तन्निषेधः सामान्यच्छलम् ।
यथा अहो नु खल्वसौ ब्राह्मणो विद्याचरणसम्पन्न इति ब्राह्मणस्तुतिप्रसङ्गे कश्चिद्वदति-सम्भवति ब्राह्मणे विद्याचरणसम्पदिति । तत् छलवादी ब्राह्मणत्वस्य हेतुतामारोप्य निराकुर्वन्नभियुङ्क्ते-यदि ब्राह्मणे विद्याचरणसम्पद् भवति, व्रात्येऽपि सा भवेत् व्रात्योऽपि ब्राह्मण एवेति । औपचारिके प्रयोगे मुख्यप्रतिषेधेन प्रत्यवस्थानमुपचारच्छलम् । यथा मञ्चाःक्रोशन्तीति उक्ते परः प्रत्यवतिष्ठते-कथमचेतनाः मञ्चाः क्रोशन्ति मञ्चस्थास्तु पुरुषाः क्रोशन्तीति । तदत्र छलत्रयेऽपि वृद्धव्यवहारप्रसिद्धशब्दसामर्थ्यपरीक्षणमेव समाधानं वेदितव्यमिति ॥२९॥

૧ વાક્છલ → વક્તાએ સાધારણ-જેનો બીજો પણ અર્થ નીકળતો હોય તેવાં શબ્દનો પ્રયોગ કર્યો હોય, ત્યારે પ્રતિવાદી વક્તાનાં અભિપ્રેત અર્થથી અન્ય અર્થની કલ્પના કરી તેનાં વચનનું ખંડન કરે તે. જેમ →આ બાલક પાસે નવ કંબલ છે, અહીં વક્તાનો તાત્પર્ય નૂતન કાંબલથી હતો, પરંતુ પ્રતિવાદી નવ શબ્દમાં સંખ્યાનો આરોપ કરી = નૂતનથી અન્ય અર્થ – નવસંખ્યાની કલ્પના કરી તેનું ખડંન કરે કે આનીપાસે નવ કાંબલ ક્યાંથી હોય (કારણ આ તો દરિદ્ર છે).

૨. સામાન્ય છલ → સંભાવનાનાં આધારે વ્યભિચારી સામાન્યનું કથન કરતા પ્રતિવાદી તેને હેતુ માની લે અને તે કથનનો નિષેધ કરે. જેમ વાહ ! આ બ્રાહ્મણ છે વિદ્યા અને આચારથી સમ્પન્ન છે. આમ બ્રાહ્મણની પ્રશંસા પ્રસંગે કોઈ કહે કે બ્રાહ્મણમાં વિદ્યા અને આચારની સંપત્તિ સંભવી શકે છે. ત્યારે છલવાદી બ્રાહ્મણત્વ હેતુ માની પૂર્વોક્ત કથનનું નિરાકરણ કરતો કહેવા લાગે કે જો બ્રાહ્મણમાં વિદ્યા અને આચારની સંપત્તિ હોઈ શકે તો / હોય છે તો વ્રાત્ય–પતિત બ્રાહ્મણમાં પણ તે હોવી જોઈએ. કારણ વ્રાત્ય પણ બ્રાહ્મણ જ છે. વ્રાત્ય= પ્રથમ ત્રણ વર્ણનો પુરુષ જે મુખ્ય સંસ્કાર કે કર્તવ્ય અનુષ્ઠાન ન કરવાથી જ્ઞાતિથી બહિષ્કાર કરાયેલ હોય (સં.હિ.)

તાત્પર્ય એ છે કે અહીં બ્રાહ્મણ હોવાના નાતે વિદ્યા અને આચારના હોવાની સંભાવના માત્ર કરાઈ છે.જ્યારે છલવાદીએ બ્રાહ્મણને હેતુ બનાવી દીધો "આ વિદ્યાચાર સંપન્ન છે, બ્રાહ્મણ હોવાથી" આના આધારે વાદીનાં કથનમાં વ્રાત્ય દ્વારા વ્યભિચાર બતાવ્યો.

૩. ઉપચાર છલ →વાદીએ ઔપચારિક પ્રયોગ કર્યો હોય, તેને મુખ્ય પ્રયોગ માનવો અને તે કથનનો નિષેધ કરવો. જેમ "માંચો અવાજ કરે છે" આવો ઔપચારિક પ્રયોગ કરતા છલવાદી કહે અચેતન માંચો કેવી રીતે અવાજ કરી શકે ? અરે ભાઈ ! માંચા ઉપર બેઠેલા પુરૂષો અવાજ કરે છે.

આ ત્રણે છલનું સમાધાન એ છે કે વૃદ્ધ જનોનાં વ્યવહારથી પ્રસિદ્ધ શબ્દ સામર્થ્યની પરીક્ષા કરવી.

૧-० प्रेतादर्थान्तर०-डे० ।

§ ૬૭. साधनदूषणाद्यभिधानं च प्रायो वादे भवतीति वादस्य लक्षणमाह-

तत्त्वसंरक्षणार्थं प्राश्निकादिसमक्षं साधनदूषणवदनं वादः ॥३०॥

§ ૬૮. स्वपक्षसिद्धये वादिनः 'साधनम्' तत्प्रतिषेधाय प्रतिवादिनो 'दूषणम्' । प्रतिवादिनोऽपि स्वपक्षसिद्धये 'साधनम्' तत्प्रतिषेधाय वादिनो 'दूषणम्' । तदेवं वादिनः साधनदूषणे प्रतिवादिनोऽपि साधनदूष[1]णे द्वयोर्वादिप्रतिवादिभ्याम् 'वदनम्' अभिधानम् 'वादः' । कथमित्याह- 'प्राश्निकादिसमक्षम्' । प्राश्निकाः सभ्याः-

"स्वसमयपरसमयज्ञाः कुलजाः पक्षद्वयेप्सिताः क्षमिणः ।
वादपथेष्वभियुक्तास्तुलासमाः प्राश्निकाः प्रोक्ताः ॥"

इ[2]त्येवंलक्षणाः । 'आदि' ग्रहणेन सभापतिवादिप्रतिवादिपरिग्रहः, सेयं चतुरङ्गा कथा, एकस्याप्यङ्गस्य वैकल्ये कथात्वानुपपत्तेः ।

વડવાઓ માંચા ઉપર બેઠેલાં પુરૂષો અવાજ કરતા હોય છે, ત્યારે માંચો અવાજ કરે છે" એવો પ્રયોગ કરે જ છે. તે વ્યવહારથી "मञ्चाःक्रोशन्ति" શબ્દનું સામર્થ્ય હોવાથી तत्रस्थाः क्रोशन्तिનો ખ્યાલ આવી જ જાય છે. ગાડી ચાલતા સ્ટેશન ચાલતુ દેખાય છે, પણ "સ્ટેશન ચાલે છે" આવો પ્રયોગ થતો ન હોવાથી પરીક્ષાથી ખ્યાલ આવે કે આ શબ્દમાં તેવું સામર્થ્ય નથી. "ભારત પાકિસ્તાન લડે છે." વગેરે પ્રયોગો તો પ્રસિદ્ધ છે. નહિતર દેશ તો જડ હોય તે ક્યાંથી યુદ્ધ કરી શકે ? તેના માણસો જ યુદ્ધ કરે છે, પણ વ્યવહારથી તેવાં શબ્દ સામર્થ્યનો ખ્યાલ આવી જાય છે. ॥૨૯॥

૬૭. સાધન અને દૂષણનો પ્રયોગ પ્રાયઃ વાદમાં જ થાય છે. માટે વાદનું લક્ષણ કહે છે.

તત્ત્વના સંરક્ષણ માટે સભ્ય વગેરેની સમક્ષ સાધન અને દૂષણનું કથન કરવું તે વાદ ॥૩૦॥

૬૮. વાદી સ્વપક્ષની સિદ્ધિ માટે સાધનનો પ્રયોગ કરે છે. ત્યારે પ્રતિવાદી વાદીનાં પક્ષનો નિરાસ કરવા દૂષણનો પ્રયોગ કરે છે. પ્રતિવાદી પણ સ્વપક્ષની સિદ્ધિ માટે પ્રયોગ કરે તે સાધન અને તેના પક્ષના નિષેધ કરવા વાદી દૂષણનો પ્રયોગ કરે છે. એમ વાદી અને પ્રતિવાદીના સાધન દૂષણ હોય છે. તે બન્નેનું પોત પોતાના સાધન, દૂષણનું વાદી પ્રતિવાદી દ્વારા કહેવું તે વાદ. જેમકે વાદી,→"શબ્દ અનિત્ય છે कृतकत्वात्" આ સાધન પ્રયોગ થયો, પ્રતિવાદી → "શબ્દ અનિત્ય નથી श्रावणत्वात्", આ દૂષણ પ્રયોગ થયો. પ્રતિવાદી → "શબ્દ નિત્ય છે. આકાશગુણત્વાત્" સાધન થયું છે વાદી→ "શબ્દ નિત્ય નથી, કાદાચિત્ક ઉપલંભાત્" દૂષણ પ્રયોગ થયો.

પ્ર.→ આનું કથન કેવી રીતે કરવું ?

ઉ.→ સભ્યોની સમક્ષ કરવું. પ્રાશ્નિક એટલે સભ્ય (કહ્યું છે કે) →

સ્વ પર સિદ્ધાંતના જ્ઞાતા, કુલીન બન્ને પક્ષથી સ્વીકાર્ય, ક્ષમાવાન, વાદપક્ષમાં નિપુણ–ઉપયુક્ત,

---

१ -०षणे तयोर्वा -०डे० । २ इत्येवंलक्ष० -डे ० ।

नहि वर्णाश्रमपालनक्षमं न्यायान्यायव्यवस्थापकं पक्षपातरहितत्वेन समदृष्टि सभापतिं यथोक्तलक्षणांश्च प्राश्निकान् विना वादिप्रतिवादिनौ स्वाभिमतसाधनदूषणसरणिमाराधयितुं क्षमौ । नापि दुःशिक्षितकुतर्कलेशवाचालबालिशजनविप्लावितो गतानुगतिको जनः सन्मार्गं प्रतिपद्येतेति ।

तस्य फलमाह- 'तत्त्वसंरक्षणार्थम्' । 'तत्त्व'शब्देन तत्त्वनिश्चयः साधुजनहृदयविपरिवर्ती गृह्यते, तस्य रक्षणं दुर्विदग्धजनजनितविकल्पकल्पनात इति ।

§ ६९. ननु तत्त्वरक्षणं जल्पस्य वितण्डाया वा प्रयोजनम् । यदाह-"तत्त्वाध्यवसायसंरक्षणार्थं जल्पवितण्डे बीजप्ररोहसंरक्षणार्थं कण्टकशाखा परिचरणवत्" [न्यायसू० ४. २. ५०] इति, न, वादस्यापि निग्रहस्थानवत्त्वेन तत्त्वसंरक्षणार्थत्वात् । न चास्य निग्रहस्थानवत्त्वमसिद्धम् । "प्रमाणतर्कसाधनोपालम्भः सिद्धान्ताविरुद्धः पञ्चावयवोपपन्नः पक्षप्रतिपक्षपरिग्रहो वादः" [न्यायसू० १. २. १]

કાંટાતુલાની જેમ નિષ્પક્ષ ન્યાય કરનાર પ્રાશ્નિક કહેવાય છે." આવાં લક્ષણવાળા પ્રાશ્નિકો હોય છે. આદિ પદગ્રહણથી સભાપતિ, વાદી, પ્રતિવાદીનું ગ્રહણ થાય છે. જ્યાં આ ચારે હોય તે ચતુરંગ કથા કહેવાય છે. આમાંથી એક પણ અંગની ખામી હોય તો કથા ન ઘટી શકે.

"વર્ણાશ્રમ=બ્રાહ્મણ ક્ષત્રિય વેશ્ય અને શુદ્રરૂપ જનજાતિ પાલનક્ષમં=તેની યોગ્ય વ્યવસ્થા કરનાર, અથવા બ્રાહ્મણ કે ધાર્મિક જીવનની ચાર અવસ્થા બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ તથા સંન્યાસ તેના પાલનમાં સમર્થ," (સં.હિં.); ન્યાય– અન્યાયની વ્યવસ્થા કરનાર અને નિષ્પક્ષ- પક્ષપાત વગરનાં હોવાથી સમદૃષ્ટિવાળાં એવા સભાપતિ વિના અને ઉપરોક્ત લક્ષણવાળા સભ્યો વિના વાદી અને પ્રતિવાદી સ્વ અભિમત સાધન -દૂષણની નીક–પરમ્પરાને ધારવા સમર્થ થતા નથી. "આ સાધનનો પ્રયોગ થયો, તેનાં પ્રત્યે આને દૂષણનો પ્રયોગ કર્યો" આવું સભાપતિ કે સભ્ય વિના કોણ ધારી રાખે ? વાદી પ્રતિવાદી તો ફરી જાય, તેનો શું ભરોસો ? કારણ એ તો જીતવા માટે બધુ કરે. જ્યારે તેઓ તો કહી શકે કે ભાઈ ! આને આ દૂષણ તમને આપ્યું છે. વળી દુઃશિક્ષિત–થોડોક કુતર્ક ભણી બકવાસ કરનાર એવા મૂઢ માણસોથી ઠગાયેલ–લકરીના ફકીર–બીજાનાં પગલે ચાલનાર માણસ સન્માર્ગને પામી શકતો નથી. એટલે કે વાદ-ચર્ચા થાય તો આવા બિચારા અલ્પજ્ઞમાણસો કુવાદિના કુતર્કથી અસન્માર્ગ ઉપર જતા અટકી જાય. એટલે ચર્ચા સાંભળે તો તેમને પણ તત્ત્વનો નિર્ણય થઈ જાય.

વાદનું ફળ દર્શાવે છે. →તત્ત્વનું સંરક્ષણ કરવા માટે વાદ છે. અહીં તત્ત્વ શબ્દથી તત્ત્વનિશ્ચય અર્થ લેવાનો છે કે જે ભદ્રિક પુરૂષોના ચિત્તમાં ઉંધો ભાસવા લાગ્યો હોય, તેને ગ્રહણ કરવાનો છે, તેનું રક્ષણ એટલે કે દુર્વિદગ્ધ–પોતાને પંડિત માનનાર એવાં માણસોથી ઉભા કરાયેલ વિકલ્પની કલ્પનાથી રક્ષણ કરવાનું છે. એટલે ભોળો માણસ દુર્વિદગ્ધની વાતમાં આવી ખોટો નિર્ણય કરી બેસે, તેનું વાદ દ્વારા રક્ષણ થાય છે. એટલે પોતાનો ભ્રમ = ખોટો તત્ત્વ નિર્ણય ટળી જાય છે, જો વાદ કરવામાં ન આવે તો તે ભ્રમ તેના મગજમાં ઘર કરી જાય છે. તે માણસ સત્ય વાત સુધી પહોંચી શકતો નથી.તેનાથી બચાવવાનું કામ વાદનું છે. (નહીં કે કીર્તિ/અર્થલાભ)•

૬૯. શંકાકારઃ (તત્ત્વ જિજ્ઞાસુ) તત્ત્વની રક્ષા કરવી એતો જલ્પ કે વિતણ્ડાનું પ્રયોજન છે ને ?

ન્યાયસૂત્રમાં કહ્યું છે કે ધાન્યના અંકુરોની રક્ષા માટે કાંટાની વાડ ખેતરની ચારે તરફ લગાડવામાં આવે છે, તેમ તત્ત્વનિશ્ચયની રક્ષા માટે જલ્પ અને વિતણ્ડાનો ઉપયોગ કરવામાં આવે છે.

સમાધાનઃ આ કહેવું યુક્ત નથી. કારણ વાદ પણ નિગ્રહ સ્થાનવાળો હોઈ તત્ત્વનું રક્ષણ કરવા સમર્થ છે. એટલે કોઈએ અસત્ પ્રયોગ કર્યો હોય ત્યારે વાદ અન્તર્ગત નિગ્રહ સ્થાન સામેની વ્યક્તિને તેનાં પ્રયોગમાં દર્શાવી તેનો નિગ્રહ કરી શકાય છે. જેમ જલ્પ વિતણ્ડામાં નિગ્રહ સ્થાન આવે છે. તેનાં દ્વારા પ્રતિવાદીનો

इति वादलक्षणे सिद्धान्ताविरुद्ध इत्यनेनापसिद्धान्तस्य, पञ्चावयवोपपन्न इत्यनेन न्यूनाधिकयोर्हेत्वाभासे पञ्चकस्य चेत्यष्टानां निग्रहस्थानानामनुज्ञानात्, तेषां च निग्रहस्थानान्तरोपलक्षणत्वात् । अत एव न जल्पवितण्डे कथे, वादस्यैव तत्त्वसंरक्षणार्थत्वात् ।

§ ७०. ननु "यथोक्तोपपन्नच्छलजातिनिग्रहस्थानसाधनोपालम्भो जल्पः" [न्या० १. २. २], "स प्रतिपक्षस्थापनाहीनो[1] वितण्डा" [न्या० १.२.३] इति लक्षणे भेदाज्जल्पवितण्डे अपि कथे विद्येते एव, न, प्रतिपक्षस्थापनाहीनाया वितण्डायाः कथात्वायोगात् । वै[2]तण्डिको[3]हि स्व[4]पक्षमभ्युपगम्यास्थापयन् य[5]त्किञ्चिद्वादेन परपक्षमेव दूषयन् कथमवधेयवचनः ? । जल्पस्तु यद्यपि द्वयोरपि वादिप्रतिवादिनोः साधनोपालम्भसम्भावनया कथात्वं लभते तथापि न वादादर्थान्तरम्, वादेनैव चरितार्थत्वात् । छलजातिनिग्रहस्थानभूयस्त्वयोगादचरितार्थ इति चेत्, न, छलजातिप्रयोगस्य दूषणाभासत्वेनाप्रयोज्यत्वात्, निग्रहस्थानानां च वादेप्यविरुद्धत्वात् । न खलु खट[6]चपेटामुखबन्धादयोऽनुचिता निग्रह्या जल्पेऽप्युपयुज्यन्ते ।

નિગ્રહ કરાય છે. તેમ અહીં વાદમાં પણ સંભવી શકે છે. "વાદમાં નિગ્રહ સ્થાન હોય છે." આ વાત અસિદ્ધ નથી.

ન્યાયસૂત્રમાં વાદનું લક્ષણ દર્શાવ્યું છે કે **प्रमाणतर्कसाधनोपालम्भः सिद्धांताविरुद्धः पंचावयवोपपन्नः पक्षप्रतिपक्षपरिग्रहो वादः" ॥१।२।१॥** આ લક્ષણમાં સિદ્ધાંતાવિરૂદ્ધ આ પદથી અપસિદ્ધાંત નામનાં નિગ્રહસ્થાનો અને પંચાવયવ પદદ્વારા ન્યૂન અને અધિક નિગ્રહસ્થાનનો અને પાંચહેત્વાભાસનો એમ આઠ નિગ્રહસ્થાનોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તે આઠ અન્ય નિગ્રહસ્થાનોનાં ઉપલક્ષણ છે, એથી જ જલ્પ વિતણ્ડા કથા નથી. પરંતુ વાદ જે તત્ત્વનું સંરક્ષણ કરવા માટે થાય છે, માટે તે જ કથા રૂપ છે. આ સમાધાન ન્યાયસૂત્રના આધારે આપવામાં આવ્યું છે. [ગ્રંથકારે તો તેતે નિગ્રહસ્થાનનો નિરાસકર્યો છે અને સ્વપક્ષની અસિદ્ધિ જ પરાજય છે એમ માન્યું છે.]

૭૦. શંકાકાર : પૂર્વે કહેલ લક્ષણવાળા છલ, જાતિ, નિગ્રહસ્થાન, સાધન અને દૂષણનો પ્રયોગ જ્યાં હોય તે જલ્પ કહેવાય. તે જ જલ્પ પ્રતિપક્ષની સ્થાપના વગરનો હોય તો વિતણ્ડા કહેવાય છે. એમ જલ્પ અને વિતણ્ડાનાં લક્ષણ જુદા જુદા હોવાથી જલ્પ અને વિતંડા પણ કથા જ છે.

સમાધાન : પ્રતિપક્ષની સ્થાપના વગરનાં વિતંડાને કથા ન કહી શકાય. વિતંડાવાદી પોતાના પક્ષનો સ્વીકાર કરીને પણ તેને સિદ્ધ નહીં કરતો જેમ તેમ જે તે બોલી પરપક્ષને દૂષિત કરવા લાગે છે. તે માણસ કેવી રીતે આદેય વચનવાળો બની શકે ?

હા ! જલ્પમાં વાદી-પ્રતિવાદી બન્ને સ્વપક્ષમાં સાધન અને પરપક્ષમાં દૂષણ પ્રયોગ કરે છે. માટે કથાની મહોર તેનાં ઉપર લાગી શકે છે. પરંતુ જલ્પ વાદથી કોઈ જુદો નથી. વાદમાં જ તેનો સમાવેશ થઈ જાય છે. વાદથી તે ચરિતાર્થ બની જાય છે. એટલે જલ્પથી જે કાર્ય કરવાનું છે તે વાદથી જ સિદ્ધ થઈ જાય છે, માટે તેને અલગ માનવાની જરૂર નથી.

શંકાકાર : જલ્પમાં છલ-જાતિ અને નિગ્રહસ્થાનની પ્રચુરતા હોવાથી તેનું કામ વાદથી સંભવી શકતું નથી. એટલે વાદમાં તેનો સમાવેશ સંભવતો નથી.

સમાધાન : આમ નથી, છલ–જાતિનો પ્રયોગ દૂષણાભાસ હોવાથી પ્રયોગ કરવો યોગ્ય જ નથી અને

१-०हीना वि०-डे० । २ "प्रयोजनम्" (हैमश० ६.४.११७) इतीकण् । ३-०कोऽपि स्व०-ता० । ४ प्रत्यपि । ५ यच्च तत् किञ्चिच्च तस्य वादः । ६ तृणविशेष ० ।

उचितानां च निग्रहस्थानानां वादेऽपि न विरोधोऽस्ति, तन्न वादात् जल्पस्य कश्चित् विशेषोऽस्ति । लाभपूजाख्यातिकामितादीनि तु प्रयोजनानि तत्त्वाध्यवसायसंरक्षणप्रधानफलानु[1]बन्धीनि पुरुषधर्मत्वाद्वादेऽपि न निवारयितुं पार्यन्ते ।

§ ७१. ननु छलजातिप्रयोगोऽसदुत्तरत्वाद्वादे न भवति, जल्पे तु तस्यानुज्ञानादस्ति वादजल्पयोर्विशेषः यदाह-

"दुःशिक्षितकुतर्कांशलेशवाचालिताननाः ।
शक्याः किमन्य[2]था जेतुं वितण्डाटोपपण्डिताः ॥
गतानुगतिको लोकः कुमार्गं तत्प्रतारितः ।
मा गादिति च्छलादीनि प्राह कारुणिको मुनिः" ॥ इति । [न्यायम० पृ०]

नैवम् । असदुत्तरैः परप्रतिक्षेपस्य कर्तुमयुक्तत्वात्, न ह्यन्यायेन जयं यशो धनं वा महात्मानः समीहन्ते ।

નિગ્રહસ્થાનોનો પ્રયોગ તો વાદમાં થઈ શકે છે.

ઘાસના તણખલા તેની સામે ઉડાડવા, લાફો મારવો, પ્રતિવાદીનું મોઢું દાબવું વગેરે અનુચિત નિગ્રહોનો જલ્પમાં પણ પ્રયોગ કરી શકાતો નથી. ઉચિત નિગ્રહસ્થાનોનો તો વાદમાં પણ પ્રયોગ કરવો ઘટે છે, તેથી વાદથી જલ્પનો કોઈ ફેર નથી. લાભ–પૂજા– ખ્યાતિની ઝંખના વગેરે પ્રયોજનો તત્ત્વનિશ્ચયના સંરક્ષણ રૂપ પ્રધાન ફલને અનુસરનાર છે, તે તો પુરૂષનાં ધર્મ છે, તેથી રોકવા શક્ય નથી.

મુખ્યફળ તત્ત્વનિશ્ચયનું સંરક્ષણ થવું, તેના પ્રમાણે ફળ-લાભ મળે છે.→જેવી મેચ તે પ્રમાણે પ્રસિદ્ધિ–ઈનામ મળે. બે રાજ્યની મેચમાં જે પ્રસિદ્ધિ મળે, તેથી બે દેશની મેચમાં વધારે મળે, તેથી વિશ્વકપમાં વધારે મળે. તેમ તત્ત્વવાદ કેવો ચાલ્યો, કયા વિષયને લઈ, કોની સભામાં થયો. તે પ્રમાણે જેની વાદમાં જીત થાય તેને અર્થલાભ; પ્રસિદ્ધિ વગેરે સહજ થઈ જ જાય (પુરુષનો આવો ધર્મ–સ્વભાવ છે કે જેનો જય થાય તેને ભેટ સોગાદ આપે, અને દૂરદૂર સુધી તેની જાહેરાત કરે છે, તેથી તેને રોકવા શકય નથી. જેમ જીત થતા ક્રિકેટ મેચમાં પણ ઈનામ પ્રસિદ્ધિ વગેરે થાય જ છે ને. જેની વાદમાં પણ જિત થાય તેને અર્થ લાભ વિ. થાય તેને રોકવા શક્ય નથી.

૭૧. શંકાકાર : છલ અને જાતિનો પ્રયોગ અસત્ ઉત્તર હોવાથી વાદમાં નિશ્ચયથી નથી આવતો, પરંતુ જલ્પમાં તેની પણ અનુમતિ આપવામાં આવી છે. બસ એથી જ વાદ અને જલ્પમાં ભિન્નતા છે. અહીં ननु શબ્દ શંકા અર્થમાં નથી, પરંતુ निस्संदेह અર્થમાંછે "ननु → પૂછતાછ, નિસંદેહ, બેશક, સંબોધન સૂચક અવ્યય (સંહિ.)"

ન્યાયમંજરીમાં કહ્યું છે - જેમને ખોટી શિક્ષા મેળવી છે, થોડાક કુતર્ક ભણી જેમનું મોઢું બકવાસ કરતું થઈ ગયું છે, વિતંડાના આડંબરથી પંડિત બનેલા છે. શું તેમને અન્યથા = છલાદિ વિના જિતવા શક્ય છે ? અર્થાત્ અશક્ય છે."

"લોકો તો ગાડરીયા પ્રવાહની જેમ એકની પાછળ એક ચાલ્યા કરે છે. તે લોકો આવાં કુતાર્કિકોથી ઠગાયેલા કુમાર્ગે ન જતા રહે, તે માટે દયાળુ મુનિ→અક્ષપાદ ઋષિએ છલાદિનો ઉપદેશ આપ્યો છે."

સમાધાન : આવું ન કહેવું અસત્ ઉત્તરોથી પરપક્ષનું નિરાકરણ કરવું ઉચિત નથી. મહાત્મા પુરૂષો અન્યાયથી જય, યશ કે ધન મેળવવાની ઈચ્છા કરતા નથી.

---

१ अनुसारीणि । २ छलादीन् विना ।

अथ प्रबलप्रतिवादिदर्शनात् तज्ज[1]ये धर्मध्वंससम्भावनात्, प्रतिभाक्षयेण सम्यगुत्तरस्याप्रतिभासाद-सदुत्तरैरपि पांशुभिरिवावकिरन्नेकान्तपराजयाद्वरं सन्देह इति धिया न दोषमावहतीति चेत्[2], न, अस्यापवादिकस्य जात्युत्तरप्रयोगस्य कथान्तरसमर्थनसामर्थ्याभावात् । वाद एव द्रव्यक्षेत्रकालभावा-नुसारेण यद्यसदुत्तरं कथञ्चन प्रयुञ्जीत किमेतावता कथान्तरं प्रसज्येत ? । तस्माज्जल्पवितण्डानिराकरणेन वाद एवैकः कथाप्रथां लभत इति स्थितम् ॥३०॥

§ ७२. वादश्च जयपराजयावसानो भवतीति जयपराजययोर्लक्षणमाह-

स्वपक्षस्य सिद्धिर्जयः ॥३१॥

§ ७३. वादिनः प्रतिवादिनो वा या स्वपक्षस्य सिद्धिः सा जयः । सा च स्वपक्षसाधनदोषपरिहारेण परपक्षसाधनदोषोद्भावनेन च[3] भवति । स्वपक्षे साधनमब्रुवन्नपि प्रतिवादी वादिसाधनस्य विरुद्धतामुद्भावयन् वादिनं जयति, विरुद्धतोद्भावनेनैव स्वपक्षे साधनस्योक्तत्वात् । यदाह- "विरु[4]द्धं हेतुमुद्भाव्य वादिनं जयतीतरः" इति ॥३१॥

શંકાકાર : ક્યાંક પ્રબલ પ્રતિવાદીને જોઈ તેનો જય થતાં ધર્મનો ધ્વંસ થવાની સંભાવના હોવાથી અને તેનાં તેજથી પ્રતિભા ક્ષય થવાના કારણે તેને સમ્યગ્ ઉત્તર ન સૂઝે, ત્યારે જાણે કે ધૂળ ઉડાડતા હોય તે રીતે અસત્ ઉત્તરનો પ્રયોગ કરવો ઠીક છે. એકાન્ત પરાજય પ્રાપ્ત કરવા કરતાં હાર જિતનો સંદેહ-ડ્રો મેચનો દેખાવ ઉભો કરવો સારો. આવી બુદ્ધિથી તેમનો પ્રયોગ કરવો દોષ નથી.

સમાધાન : ના, આ જાત્યુત્તર પ્રયોગ આપવાદિક છે. કોઈ ઔત્સર્ગિક વિધાન નથી. તેથી તેવો આપવાદિક પ્રયોગ જુદા પ્રકારની કથાનું સમર્થન કરવા સમર્થ નથી. દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવના અનુસારે ક્યારેક વાદમાં જ અસત્ ઉત્તરનો પ્રયોગ કરી દેવામાં આવે. શું તેટલા માત્રથી તે કથા જુદા પ્રકારની બની જાય? તેથી–જલ્પ વિતંડાનુ નિરાકરણ થવાથી વાદ જ એક કથાની પ્રસિદ્ધિને મેળવી શકે છે. આ સિદ્ધાંત નિશ્ચિત થયો ॥૩૦॥

૭૨ જય અને પરાજય થતા વાદનો અંત આવે છે, માટે જય-પરાજયનું લક્ષણ કહે છે.....

પોતાનાં પક્ષની સિદ્ધિ થવી તે જય ॥૩૧॥

૭૩. વાદી કે પ્રતિવાદીનો જે પોતાનો પક્ષ છે, તેની સિદ્ધિ થવી તે જય. તે સિદ્ધિ પોતાનાં પક્ષના સાધનમાં પ્રતિવાદીએ આપેલા દોષને દૂર કરવાથી અને પરપક્ષના સાધનમાં દોષનું ઉદ્ભાવન કરવાથી થાય છે. પરિહાર અને ઉદ્ભાવન બન્ને ભેગા થવાથી સિદ્ધિ થાય છે, એકલા એકલા છુટા છુટા પ્રયોગથી સિદ્ધ ન થાય એમ આ 'ચ' શબ્દનો અર્થ છે. આ વાદી માટે જરૂરી છે. પોતાનાં પક્ષમાં સાધનનો પ્રયોગ નહીં કરનારો પણ પ્રતિવાદી વાદિનાં સાધનમાં વિરૂદ્ધ દોષનું ઉદ્ભાવન કરતા વાદી ઉપર જય મેળવી લે છે. કારણ કે પરપક્ષમાં વિરૂદ્ધ દોષનું ઉદ્ભાવન કરવાથી જ સ્વપક્ષમાં સાધન કહેવાઈ જાય છે. વિરૂદ્ધ હેતુ સાધ્યાભાવનો સાધક-વ્યાપ્ત હોય છે. એથી કરી વાદિના હેતુમાં વિરૂદ્ધ દોષ આપીએ એટલે સ્વતઃ સાધ્યાભાવ-પરપક્ષની સિદ્ધિ થઈ જાય છે. "શબ્દો નિત્યઃ કૃતકત્વાત્" આમ વાદીએ કહ્યું ત્યારે કૃતકત્વાત્" આ હેતુ અનિત્ય નિત્યાભાવ-સાધ્યાભાવમાં વ્યાપ્ત થઈને રહે છે, માટે પ્રતિવાદી જે શબ્દને અનિત્ય માને છે એની સિદ્ધિ થઈ

---

१ तस्य प्रतिवादिनो जये । २ चेत् अस्या ० -ता० । ३ परिहारोद्भावनाभ्यां समस्ताभ्यां न व्यस्ताभ्याम् इति चार्थः । ४ विरुद्धहे ० - डे० ।

असिद्धिः पराजयः ॥३२॥

§ ७४. वादिनः प्रतिवादिनो वा या स्वपक्षस्य 'असिद्धिः' सा 'पराजयः'। सा च साधनाभासाभिधानात्, सम्यक्साधनेऽपि वा परोक्तदूषणानुद्धरणाद्भवति ॥३२॥

§ ७५. ननु यद्यसिद्धिः पराजयः, स तर्हि कीदृशो निग्रहः ? निग्रहान्ता हि कथा भवतीत्याह-

स निग्रहो वादिप्रतिवादि[1]नोः ॥३३॥

§ ७६. 'सः' पराजय एव 'वादिप्रतिवादिनोः' 'निग्रहः' न वधबन्धा[2]दिः । अथवा स एव स्वपक्षासिद्धिरूपः पराजयो निग्रहहेतुत्वान्निग्रहो ना[3]न्यो यथाहुः प[4]रे-"विप्रतिपत्तिरप्रतिपत्तिश्च निग्रहस्थानम्" [न्यायसू० १. २. १९] इति ॥ ३३ ॥

§ ७७. तत्राह-

न विप्रतिपत्त्यप्रतिपत्तिमात्रम् ॥३४॥

§ ७८. विपरीता कुत्सिता विगर्हणीया प्रतिपत्तिः 'विप्रतिपत्तिः'-साधनाभासे साधनबुद्धिर्दूषणाभासे च दूषणबुद्धिः । अप्रतिपत्तिस्त्वारम्भविषयेऽनारम्भः । स च साधने दूषणं दूषणे चोद्धरणं तयोरकरणम्

જાય છે અને વાદીનું ખંડન પણ થઈ જાય છે.

કહ્યું પણ છે કે હેતુને વિરૂદ્ધ હેત્વાભાસ તરીકે જાહેર કરી વાદીને પ્રતિવાદી જીતે છે ॥૩૧॥

સ્વપક્ષની સિદ્ધિ ન થવી તે પરાજય ॥૩૨॥

૭૪. વાદી કે પ્રતિવાદીનો જે સ્વપક્ષ છે, તેની અસિદ્ધિ થવી તે પરાજય. તે અસિદ્ધિ સાધનનાં બદલે સાધનાભાસનો પ્રયોગ કરવાથી અથવા સુયુક્તિવાળો પ્રયોગ કરવા છતાં બીજાએ આપેલ દોષનો ઉદ્ધાર ન કરવાથી થાય છે. ॥૩૨॥

૭૫. શંકાકાર : જો અસિદ્ધિ પરાજય છે, તો નિગ્રહ કેવો હોય છે ?

નિગ્રહ થતાં જ તો કથાનો અંત થાય છે. આ શંકાનું સમાધાન કરતા ગ્રંથકાર કહે છે....

સમાધાન → પરાજય જ વાદી અને પ્રતિવાદીનો નિગ્રહ છે ॥૩૩॥

૭૬ વાદી અથવા પ્રતિવાદીનો પરાજય થવો જ નિગ્રહ છે. નહિ કે વધ બંધન વગેરે. અથવા સ્વપક્ષની અસિદ્ધિ રૂપ પરાજય જ નિગ્રહનું કારણ હોવાથી નિગ્રહ કહેવાય છે. આનાથી જુદો કોઈ નિગ્રહ નથી. જેમકે બીજા (નૈયાયિક) કહે છે....

વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિ નિગ્રહ સ્થાન છે. ॥૩૩॥

૭૭ આ બાબતમાં ગ્રંથકાર કહે છે કે....

વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિ માત્ર નિગ્રહસ્થાન નથી ॥૩૪॥

૭૮. વિપરીત- કુત્સિત કે ગર્હણીય, તિરસ્કરણીય પ્રતિપત્તિને અર્થાત્ ઉલ્ટી સમજને વિપ્રતિપત્તિ કહે છે. સાધનાભાસમાં સાધનની બુદ્ધિ અને દૂષણાભાસમાં વાસ્તવિક દૂષણની બુદ્ધિ થવી તે વિપ્રતિપત્તિ છે. અપ્રતિપત્તિ જે આરંભનો વિષય હોય તેમાં આરંભ ન કરવો, પરપક્ષનાં સાધનમાં દૂષણ આપવું અને સ્વપક્ષમાં

---

१ त्रयस्त्रिंशत्तमं चतुस्त्रिंशत्तमं च सूत्रद्वयं सहैव लिखितं सं-मू० प्रतौ । २ -०न्धादि । अ० -डे० । ३ -० स्वप० -डे० । ४ देशाऽतनादि । ४ परो-डे० ।

'अप्रतिपत्तिः'। द्विधा हि वादी पराजीयते-यथाकर्तव्यमप्रतिपद्यमानो विपरीतं वा प्रतिपद्य[1]मान इति । विप्रतिपत्त्यप्रतिपत्ती एव 'विप्रतिपत्त्यप्रतिपत्तिमात्रम्' 'न' पराजयहेतुः किन्तु स्वपक्षस्यासिद्धिरेवेति । विप्रतिपत्त्यप्रतिपत्त्योश्च निग्रंहस्थानत्वनिरासात् तद्भेदानामपि निग्रहस्थानत्वं निरस्तम् ।

§ ७९. ते च द्वाविंशतिर्भवन्ति । तद्यथा-१ प्रतिज्ञाहानिः, २ प्रतिज्ञान्तरम्, ३ प्रतिज्ञाविरोधः, ४ प्रतिज्ञासंन्यासः, ५ हेत्वन्तरम्, ६ अर्थान्तरम्, ७ निरर्थकम्, ८ अविज्ञातार्थम्, ९ अपार्थकम्, १० अप्राप्तकालम्, ११ न्यूनम्, १२ अधिकम्, १३ पुनरुक्तम्, १४ अननुभाषणम्, १५ अज्ञानम्, १६ अप्रतिभा, १७ विक्षेपः, १८ मतानुज्ञा, १९ पर्यनुयोज्योपेक्षणम्, २० निरनुयोज्यानुयोगः, २१ अपसिद्धान्तः, २२ हेत्वाभासाश्चेति । अत्राननुभाषणमज्ञानमप्रतिभा विक्षेपः पर्यनुयोज्योपेक्षणमित्यप्रतिपत्तिप्रकाराः । शेषा विप्रतिपत्तिभेदाः ।

§ ८० तत्र प्रतिज्ञाहानेर्लक्षणम्- "प्रति[2]दृष्टान्तध[3]र्मानुज्ञा स्वदृष्टान्ते प्रतिज्ञाहानिः" [न्यायसू० ५.२.२.]

દૂષણ આવ્યું હોય તેનો ઉદ્ધાર કરવો" આ બન્ને કાર્ય ન કરવા તે અપ્રતિપત્તિ.

વાદી બે રીતે પરાજિત થાય છે, એક તો પોતાનાં કર્તવ્યને પુરું ન કરવાથી, બીજું વિપરીત રૂપે પુરું કરવાથી. આવી માત્ર વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિ જ પરાજયનો હેતુ નથી, પરંતુ સ્વપક્ષની અસિદ્ધિ જ તેનો હેતુ છે. બીજાએ આપેલ દોષનો ઉદ્ધાર કરે પણ સ્વપક્ષને સિદ્ધ ન કરી શકે તો તે પરાજય પામે જ છે. બીજાનાં સાધનમાં દૂષણ આપવાથી શું ? જ્યાં સુધી પોતાનાં પક્ષમાં અવિનાભાવવાળો હેતુ સિદ્ધ ન કરી શકે તો તે સ્વપક્ષની સિદ્ધિ કરવાં સમર્થ ન બનવાથી પરાજયની જંજીરથી જકડાઈ જાય છે.

એટલે આ રીતે વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિનો નિગ્રહસ્થાન તરીકે નિષેધ કર્યો. તેનાં નિરાસથી તેના ભેદોનું પણ નિગ્રહસ્થાન તરીકેનો હક ખંડિત થઈ જાય છે.

નિગ્રહસ્થાનો

૭૯. તેનાં ભેદો બાવીસ છે. તે આ પ્રમાણે -

૧. પ્રતિજ્ઞાહાનિ	૧૨. અધિકમ્
૨. પ્રતિજ્ઞાન્તરમ્	૧૩. પુનરુક્તમ્
૩. પ્રતિજ્ઞાવિરોધ	૧૪. અનનુભાષણમ્
૪. પ્રતિજ્ઞાસંન્યાસ	૧૫. અજ્ઞાનમ્
૫. હેત્વન્તરમ્	૧૬. અપ્રતિભા
૬. અર્થાન્તરમ્	૧૭. વિક્ષેપ
૭. નિરર્થકમ્	૧૮. મતાનુજ્ઞા
૮. અવિજ્ઞાતાર્થમ્	૧૯. પર્યનુયોજયોપેક્ષણમ્
૯. અપાર્થકમ્	૨૦. નિરનુયોજયાનુયોગ
૧૦. અપ્રાપ્તકાલમ્	૨૧. અપસિદ્ધાન્ત
૧૧. ન્યૂનમ્	૨૨. હેત્વાભાસ

આ બાવીશમાંથી અનનુભાષણ, અજ્ઞાન, અપ્રતિભા, વિક્ષેપ, અને પર્યનુયોજયોપેક્ષણ અપ્રતિપત્તિનાં ભેદ છે. શેષ વિપ્રતિપત્તિના ભેદ છે.

૮૦. પ્રતિજ્ઞાહાનિ →પ્રતિદૃષ્ટાંતનાં ધર્મને પોતાનાં દૃષ્ટાંતમાં સ્વીકારવો તે (ન્યાયસૂત્ર ૫.૨.૨).

---

१ आरभमाणः । २ प्रतिदृष्टान्तस्य सामान्यस्य धर्मो नित्यत्वम् । ३ -० धर्माभ्यनुज्ञा-मु० ।

इति सूत्रम् । अस्य भाष्य[1]कारीयं व्याख्यानम्-"[2]साध्यधर्मप्रत्यनीकेन धर्मेण प्रत्यवस्थि[3]तः प्रतिदृष्टान्तधर्मं स्वदृष्टान्तेऽनुजानन् प्रतिज्ञां जहा[4]तीति प्रतिज्ञाहानिः ।
यथा अनित्यः शब्दः ऐन्द्रियकत्वाद् घटवदित्युक्ते परः प्रत्यवतिष्ठते-सामान्यमैन्द्रियकं नित्यं दृष्टं कस्मान्न तथा शब्दोऽपीत्येवं स्वप्रयु[5]क्तहेतोराभासता[6]मवस्यन्नपि कथावसानमकृत्वा प्रतिज्ञात्यागं करोति यद्यैन्द्रियकं सामान्यं नित्यम्, कामं घटोऽपि नित्योऽस्त्विति । स खल्वयं साधनस्य दृष्टान्तस्य नित्यत्वं प्रस[7]जन् निगमनान्तमेव [8]पक्षं जहाति । पक्षं च परित्यजन् प्रतिज्ञां जहातीत्युच्यते प्रतिज्ञाश्रयत्वात् पक्षस्येति"-

ભાષ્યકાર વાત્સ્યાયને આની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે... 'જ્યારે પ્રતિવાદી સાધ્ય ધર્મનાં કોઈક વિરોધી ધર્મથી વાદીનાં હેતુનું નિરાકરણ કરે ત્યારે વાદી વિરોધી દૃષ્ટાંતનાં ધર્મને સ્વદૃષ્ટાંતમાં સ્વીકારી લેતા પ્રતિજ્ઞાનો ત્યાગ કરે છે, માટે પ્રતિજ્ઞાહાનિ થાય છે. જેમ વાદીએ પ્રયોગ કર્યો કે "શબ્દ અનિત્ય છે, ઈંદ્રિયથી ગ્રાહ્ય હોવાથી" જેમ ઘટ, ત્યારે પ્રતિવાદી દૂષણ આપે છે કે સામાન્ય ઈંદ્રિયથી ગ્રાહ્ય છે છતાં નિત્ય છે, તો તેમ શબ્દ પણ નિત્ય કેમ ન હોય ? આમ કહેવાથી વાદી પોતે પ્રયોગ કરેલ હેતુની આભાસતા—અનૈકાન્તિકતા જાણતો છતાં કથાનો અંત કર્યા વગર પ્રતિજ્ઞાનો ત્યાગ કરે છે કે "જો સામાન્ય ઈંદ્રિય ગ્રાહ્ય હોઈ નિત્ય છે, તો ઘડો પણ ભલે (જરૂર) નિત્ય થાઓ." એમ વાદી સાધનસ્ય—પોતાનાં પક્ષ સાધક દૃષ્ટાંત ઘટમાં નિત્યતાનો પ્રસંગ આપતો નિગમન પર્યન્ત પક્ષનો જ ત્યાગ કરી દે છે. (આમ કહેવાથી હેતુ અને દૃષ્ટાંત અનિત્યતાના વિરોધી થવાથી "શબ્દ અનિત્ય" છે. તેવી પ્રતિજ્ઞાનો જ ત્યાગ થઈ જશે.)

શંકા → અહીં તો અનિત્ય એવા સાધ્યને છોડ્યું છે તો પક્ષને ત્યજે છે એમ કેમ કહો છો ?

સમા → સાધક દૃષ્ટાંતને નિત્ય માનતો વાદી નિચોડ કાઢતા એમ જ કહેશે ને, કે એટલે "ઘટ નિત્ય છે" એમ નિગમનનો પ્રયોગ કરતો પક્ષને છોડી દે છે ને. વળી સંદિગ્ધ સાધ્યવાળો હોય તે પક્ષ-શબ્દમાં અનિત્યને આશ્રયી સંદેહ હતો, હવે તો તેવો સંદેહ રહેવાનો નથી કા. કે. તે સાધ્ય તો છોડી દેવામાં આવ્યું છે. માટે શબ્દ પક્ષ તરીકે રહેતો નથી. અને પક્ષને છોડતા પ્રતિજ્ઞા છુટી જાય છે. કા.કે. પક્ષ પ્રતિજ્ઞાનો આશ્રય હોય છે.

(શબ્દની અનિત્યતા રૂપ પક્ષનો ત્યાગ કરે છે.) અને પક્ષનો પરિત્યાગ કરતાં પ્રતિજ્ઞાને જ છોડી દે છે. કારણ પક્ષનો આધાર પ્રતિજ્ઞા છે. પ્રતિજ્ઞાનો પ્રયોગ કરીએ તેમાં પક્ષ જરૂરી છે. કારણ પ્રતિજ્ઞાનો એક ભાગ પક્ષ છે. અંગ વિના તો અંગી કેમ રહી શકે ? એથી પ્રતિજ્ઞા પણ છૂટી જાય છે. (ન્યાયભા. ૫.૨.૨) સપક્ષભૂત ઘટની નિત્યતાની નવી પ્રતિજ્ઞા કરે છે. આ પ્રતિજ્ઞાહાનિ નિગ્રહ સ્થાન છે.)

જૈન : નૈયાયિકોનું આ કથન અસંગત છે. ઉપર્યુકત પ્રતિજ્ઞાહાનિ સાક્ષાત્ દૃષ્ટાંત હાનિ રૂપ છે. કારણ

---

૧ वात्स्यायनम् । ૨ वात्स्यायनभाष्ये तु - "साध्यधर्मप्रत्यनीकेन धर्मेण प्रत्यवस्थिते प्रतिदृष्टान्तधर्मं स्वदृष्टान्तेऽभ्यनुजानन्प्रतिज्ञां जहातीति प्रतिज्ञाहानिः । निदर्शनम्-ऐन्द्रियकत्वादनित्यः शब्दो घटवदिति कृतेऽपर आह दृष्टमैन्द्रियकत्वं सामान्ये नित्ये कस्मान्न तथा शब्द इति प्रत्यवस्थिते, इदमाह-यद्यैन्द्रियकं सामान्यं नित्यं कामं घटो नित्योस्त्विति । स खल्वयं साधकस्य दृष्टान्तस्य नित्यत्वं प्रसञ्जयन्निगमनान्तरमेव पक्षं जहाति । पक्षं जहत्प्रतिज्ञां जहातीत्युच्यते प्रतिज्ञाश्रयत्वात्पक्षस्येति ।" न्यायभा०५.२.२ भाटि० । ३ प्रतिवादिना पर्यनुयोजितः । ४ वादी। ५ -०युक्तस्य हेतो ० -डे० । ६ अनैकान्तिकत्वेन । ७ प्रसञ्जन -० डे० । प्रसज्जयन्-मु० । ८ अभ्युपगतं पक्षम् ।

[ન્યાયમા ० ૫, ૨.૨] तदेतदसङ्गतमेव, साक्षाद् दृष्टान्तहानिरूपत्वात् तस्या[1]: तत्रैव[2] धर्मपरित्यागात् । परम्परया तु हेतूपनयनिगमनानामपि त्यागः, दृष्टान्ता[3]साधुत्वे तेषामप्यसाधुत्वात् । तथा च प्रतिज्ञाहानिरेवेत्यसङ्गतमेव । वार्तिककारस्तु व्याचष्टे-"दृ[4]ष्टश्चासावन्ते[5] स्थितत्वादन्तश्चेति दृ[6]ष्टान्तः पक्षः । स्वदृष्टान्तः स्वपक्षः । प्रतिदृष्टान्तः प्रतिपक्षः । प्रतिपक्षस्य धर्मं स्वपक्षेऽभ्यनुजानन् प्रतिज्ञां जहाति यदि सामान्यमैन्द्रियकम् नित्यं शब्दोऽप्येवमस्त्विति" [न्यायवा० ५. २.२] । तदेतदपि व्याख्यानमसङ्गतम्, इत्थमेव प्रतिज्ञाहानेरवधारयितुमशक्यत्वात् । न खलु प्रतिपक्षस्य धर्मं स्वपक्षेऽभ्यनुजानत एव प्रतिज्ञात्यागो येनायमेक एव प्रकारः प्रतिज्ञाहानौ स्यात्, अधिक्षेपादिभिराकुलीभावात् प्रकृत्या सभाभीरुत्वादन्यमनस्कत्वादेर्वा निमित्ता[7] [त्] किञ्चित् साध्यत्वेन प्रतिज्ञाय तद्विपरीतं प्रतिजानानस्याप्युपलम्भात् पुरुषभ्रान्तेरनेकका[8]रणकत्वोपपत्तेरिति १।

§ ૮૧. प्रतिज्ञातार्थप्रतिषेधे परेण कृते तत्रैव धर्मिणि धर्मान्तरं साधनीयमभिदधतः प्रतिज्ञान्तरं नाम निग्रहस्थानं भवति । अनित्यः शब्दः ऐन्द्रियकत्वादित्युक्ते तथैव सामान्येन व्यभिचारे नोदिते यदि ब्रूयात्

અહીં દૃષ્ટાન્તમાં જ ધર્મનો પરિત્યાગ કરવામાં આવ્યો છે. એટલે ઘટમાં અનિત્ય ધર્મ હતો તેના બદલે નિત્યધર્મ સ્વીકાર્યો. હા પરમ્પરાએ હેતુ, ઉપનય, નિગમનનો ત્યાગ કરવામાં આવ્યો છે. દૃષ્ટાન્ત ખોટું પડતા હેતુ વગેરે ખોટા થઈ જાય છે. તેથી આને પ્રતિજ્ઞાહાનિ જ કહેવી તે અનુચિત છે.

ન્યાય વાર્તિકકાર ઉદ્યોતકર કહે છે કે લક્ષણમાં આપેલ દૃષ્ટાન્તનો અર્થ પક્ષ છે.

શંકા → દૃષ્ટાંતનો પક્ષ અર્થ ક્યાંથી નીકળ્યો ? સમા. → દૃષ્ટ એવું અંત આવી વ્યુત્પત્તિથી દૃષ્ટ = પ્રત્યક્ષાદિથી પ્રથમથી પ્રસિદ્ધ હોય અને અંતે નિગમનમાં પણ જે રહેલ હોય એટલે પક્ષ જ અર્થ નીકળશે. પર્વત પહેલાથી પ્રસિદ્ધ છે, અને "પર્વતો વહિનમાન્" એમ અંતે પણ પર્વત આવે છે.એમ પર્વત પક્ષ એજ દૃષ્ટાંત થયું. સ્વદૃષ્ટાંત–સ્વપક્ષ, પ્રતિદૃષ્ટાંત–પ્રતિપક્ષ, પ્રતિપક્ષનાં ધર્મને સ્વપક્ષમાં સ્વીકાર કરતા વાદી સ્વપ્રતિજ્ઞાનો ત્યાગ કરે છે. જેમ "જો સામાન્ય ઈદ્રિય ગ્રાહ્ય હોઈ નિત્ય છે. તો શબ્દ પણ નિત્ય થાઓ." (પૂ.૨૨ ન્યા.વા.)

આ શબ્દ નામનાં સ્વપક્ષમાં નિત્યધર્મ સ્વીકાર્યો.

જૈના→ વાર્તિકકાર ઉદ્યોતકરનું આ વ્યાખ્યાન સંગત નથી. ઈત્થં-સ્વપક્ષમાં પ્રતિપક્ષનો ધર્મ સ્વીકારવાથી જ પ્રતિજ્ઞાહાનિ થાય છે, આવું અવધારણ કરવું શક્ય નથી. કારણ આવી એક રીતથી જ પ્રતિજ્ઞાહાનિ થાય એવું નથી. પરંતુ વાદી જો આક્ષેપ તિરસ્કાર દોષારોપણ અપમાન વગેરેનાં કારણે વ્યાકુલ બની જવાથી પ્રકૃતિથી–સ્વભાવથીજ સભાભીરૂ હોવાથી અથવા અન્યમનસ્ક-મન બીજે જતું રહેવાથી ઈત્યાદિ નિમિત્તથી કોઈક ધર્મને સાધ્ય તરીકે બનાવી તેનાથી વિપરીત પ્રતિજ્ઞા-પ્રયોગ કરતો વાદી જોવા મળે છે. પુરૂષની ભ્રાન્તિના અનેક કારણો સંભવી શકે છે. માટે એક જ કારણ માનવું અસંગત છે. ॥૧॥

૮૧. પ્રતિજ્ઞાન્તર → પ્રતિજ્ઞા કરાયેલ અર્થનો પ્રતિવાદીએ નિષેધ કર્યે છતે જો વાદી તેજ ધર્મી-પક્ષમાં અન્યધર્મને સાધ્યરૂપે કહેતાં આ નિગ્રહસ્થાન થાય છે.

જેમકે : "શબ્દ અનિત્ય છે, ઈંદ્રિય ગ્રાહ્ય હોવાથી," એવું કહેતા પ્રતિવાદીએ પૂર્વની જેમ સામાન્યનાં

---

१ तस्याः प्रतिज्ञाहानेः । २ दृष्टान्ते । ३ -० न्तसाधुत्वे०-ता० । ४ न्यायवार्तिके तु- "दृष्टश्चासावन्ते व्यवस्थित इति दृष्टान्तः स्वश्चासौ दृष्टान्तश्चेति स्वदृष्टान्तशब्देन पक्ष एवाभिधीयते । प्रतिदृष्टान्तशब्देन च प्रतिपक्षः प्रतिपक्षश्चासौ दृष्टान्तश्चेति । एतदुक्तं भवति । परपक्षस्य यो धर्मस्तं स्वपक्ष एवानुजानातीति यथा अनित्यः शब्दः ऐन्द्रियकत्वादिति द्वितीयपक्षवादिनि सामान्येन प्रत्यवस्थिते इदमाह→यदि सामान्यमैन्द्रियकं नित्यं दृष्टमिति शब्दोऽप्येवं भवत्विति ।" न्यायवा० ५. २. २-मु-टि० । ५ अन्तो निगमनम् तत्र च स्थितः एकः पक्षः प्रतिज्ञायाः पुनर्वचनम् । ६ दृष्टान्तः स पक्षः प्रतिदृष्टान्तः डे० । ७ निमित्तत्वात्-डे० । ८ -० कारणत्वो ० डे ० ।

युक्तं सामान्यमैन्द्रियकं नित्यं तद्धि सर्वगतमसर्वगतस्तु शब्द इति । सोऽयम् 'अनित्यः शब्दः' इति [1]पूर्वप्रतिज्ञातः प्रतिज्ञान्तरम् 'असर्वगतः शब्दः' इति कुर्वन् प्रतिज्ञान्तरेण निगृहीतो भवति । एतदपि प्रतिज्ञाहानिवन्न युक्तम्, तस्याप्यनेकनिमि[2]त्तत्वोपप[3]त्तेः। प्रतिज्ञाहानितश्चास्य कथं भेदः पक्षत्यागस्योभयत्राविशेषात् ? यथैव हि प्रतिदृष्टान्तधर्मस्य स्वदृष्टान्तेऽभ्यनुज्ञानात् पक्षत्यागस्तथा प्रतिज्ञान्तरादपि । यथा च स्वपक्षसिद्ध्यर्थं प्रतिज्ञान्तरं विधीयते तथा शब्दानित्यत्वसिद्ध्यर्थं भ्रान्ति[4]वशात् 'तद्वच्छब्दोऽपि नित्योऽस्तु' इत्यनुज्ञानम्, यथा चाभ्रान्तस्येदं विरुद्ध्यते तथा प्रतिज्ञान्तरमपि । निमित्तभेदाच्च तद्भेदे अनिष्टनिग्रहस्थानान्तराणामप्यनु[5]षङ्गःस्यात् । तेषां च तत्रान्तर्भावे प्रतिज्ञान्तरस्यापि प्रतिज्ञाहानावन्तर्भावः स्यादिति २ ।

આધારે વ્યભિચાર આપ્યે છતે જો વાદી બોલે કે સારૂં સામાન્ય ઈંદ્રિય ગ્રાહ્ય હોઈ નિત્ય છે. પણ તે તો સર્વગત છે. પરંતુ શબ્દ તો અસર્વગત છે. તે આ "શબ્દ 'અનિત્ય છે," આવી પૂર્વ પ્રતિજ્ઞાથી અન્ય "શબ્દ અસર્વગત છે" આવી પ્રતિજ્ઞા કરતાં પ્રતિજ્ઞાન્તરથી નિગૃહીત બને છે.

જૈના : આ પણ પ્રતિજ્ઞાહાનિની જેમ યુક્ત નથી, કારણ તેનાં પણ પૂર્વની જેમ અનેક નિમિત્ત સંભવી શકે છે. જ્યારે પ્રતિવાદીએ પ્રતિજ્ઞાત અર્થનો પ્રતિષેધ કર્યો ન હોય છતાં "મારી પ્રતિજ્ઞામાં પ્રતિવાદી દોષ આપશે તો" આવી આશંકા કરીને બોલે કે "શબ્દ તો અસર્વગત છે," ત્યારે (આશંકા નામનું) પ્રતિજ્ઞાન્તરનું અન્ય નિમિત્ત આવી ગયું ને. વળી પ્રતિજ્ઞાહાનિથી આનો ભેદ કેવી રીતે ? કારણ બન્નેમાં પક્ષ પરિત્યાગ તો સમાન જ છે ને. જેમ પ્રતિદૃષ્ટાંતનો ધર્મ સ્વપક્ષ–સ્વદૃષ્ટાંતમાં સ્વીકારતા પક્ષનો ત્યાગ થાય છે, તેમ પ્રતિજ્ઞાન્તરથી પણ પક્ષ પરિત્યાગ થાય છે. માત્ર ધર્મી શબ્દ એ પક્ષનું લક્ષણ નથી, પરંતુ "સંદિગ્ધ સાધ્યવાળો ધર્મી" પક્ષ છે. પ્રતિજ્ઞાન્તરમાં સાધ્ય બદલાવાથી "શબ્દ અસર્વગત" આવો પક્ષ બની જાય છે. એટલે પૂર્વે કહેલ "શબ્દ અનિત્ય" આવા પક્ષનો પરિત્યાગ થાય છે.

વળી જેમ સ્વપક્ષની સિદ્ધિ માટે પ્રતિજ્ઞાન્તર–અન્ય પ્રતિજ્ઞા કરાય છે. એટલે હવે ભ્રાંતિ વશાત=નવી પ્રતિજ્ઞામાં તો પૂર્વોક્ત દોષ ન રહેવાથી સ્વપક્ષસિદ્ધ થવાની પોતાને સંભાવના હોવાથી તેની જ ધૂનમાં ભ્રાંત બની એવો પ્રયોગ કરી બેસે છે કે "શબ્દ પણ નિત્ય હો" પણ બિચારાને એ ધ્યાન ન રહ્યું કે ઈંદ્રિયગ્રાહ્યત્વ હેતુતો નિત્ય સાથે પણ વ્યભિચારી છે, કા.કે. યત્ર યત્ર ઈંદ્રિયગ્રાહ્યત્વં તત્ર નિત્યત્વં નથી (ઘટાદિમાં ઈંદ્રિયગ્રાહ્યત્વ છે, ત્યાં નિત્યત્વ નથી) તેમ શબ્દને અનિત્ય સિદ્ધ કરવા ભ્રાંતિવશથી તેની (સામાન્યની) જેમ "શબ્દ પણ નિત્ય હો" પાછળથી આવું જ્ઞાન કરી શકે છે–એવી અન્ય પ્રતિજ્ઞાની અનુમતિ છે / થઈ શકે છે; જેને તમે પ્રતિજ્ઞાહાનિ કહો છો. અને જેમ અભ્રાન્ત માણસ માટે આવો પ્રયોગ વિરોધી બને છે, તેમ ભ્રાંતિથી અન્ય પ્રતિજ્ઞા કરે તે પણ વિરૂદ્ધ= અયુક્ત જ કહેવાય. અભ્રાંત માણસ તો "ઈંદ્રિયગ્રાહ્ય હેતુ" નિત્યની સિદ્ધિ માટે વ્યભિચારી છે" એવો હેત્વાભાસ દર્શાવી "શબ્દ નિત્ય છે." પ્રયોગ કરનાર પ્રતિવાદીને નિગૃહીત કરે.

પ્રતિજ્ઞાન્તરમાં પ્રથમ "શબ્દને અનિત્ય છે" એવી પ્રતિજ્ઞા કરી તેમાં પ્રતિવાદીએ દોષ આપતા "શબ્દ અસર્વગત છે" એમ બીજી પ્રતિજ્ઞા કરી. અહીં શબ્દને અસર્વગત બતાવ્યો છે, તે વાત સાચી છે માટે પોતે ભ્રાંતતો ન કહેવાય. પરંતુ પ્રતિજ્ઞા છોડી માટે પ્રતિજ્ઞાન્તર દોષ આવે. જ્યારે પ્રતિજ્ઞાહાનિ વાળો શબ્દને "નિત્ય છે" એમ અસત્ય-વિરોધી પ્રતિજ્ઞાનો સ્વીકાર કરે છે. અહીં શબ્દ અનિત્ય હોવા છતાં નિત્યરૂપે સ્વીકારવાથી પોતે ભ્રાંત બન્યો કહેવાય. એટલે પૂર્વમાં સ્વપક્ષની સિદ્ધિ માટે અભ્રાંત થઈને પ્રતિજ્ઞા બદલી અને આણે-

---

૧ પૂર્વં પ્રતિ૦ ડે૦ । ૨ -૦ ત્તતોપ૦ -ડે૦ । ૩ यदा प्रतिवादिना अकृतेऽपि प्र[ति]ज्ञा[ता]र्थप्रतिषेधे आशङ्क्य(यै)वोच्यतेऽसर्वगतस्तु शब्द इति तदा अन्यनिमित्तकत्वं प्रतिज्ञान्तरस्य । ૪ -૦ વશાત્તચ્છબ્દો૦-ડે૦ । ૫ -૦નુષ્વઙ્ગઃ-ડે૦ ।

§ ८२ "प्रतिज्ञाहेत्वोर्विरोधः प्रतिज्ञाविरोधः" [न्यायसू० ५. २. ४] नाम निग्रहस्थानं भवति । यथा गुणव्यतिरिक्तं द्रव्यं रूपादिभ्योऽर्थान्तरस्यानुपलब्धेरिति । सोऽयं प्रतिज्ञाहेत्वोर्विरोधः- यदि गुणव्यतिरिक्तं द्रव्यंकथं रूपादिभ्योऽर्थान्तरस्यानुपलब्धिः ?, अथ रूपादिभ्योऽर्थान्तरस्यानुपलब्धिः कथं गुणव्यतिरिक्तं द्रव्य-मिति ?, तदयं प्रतिज्ञाविरुद्धाभिधानात् पराजीयते । तदेतदसङ्गतम् । यतो हेतुना प्रतिज्ञायाः प्रतिज्ञात्वे निरस्ते प्रकारान्तरतः प्रतिज्ञाहानिरेवेयमुक्ता स्यात्, हेतुदोषो वा विरुद्धतालक्षणः, न प्रतिज्ञादोष इति ३।

§ ८३. पक्षसाधने परेण दूषिते तदुद्धरणाशक्त्या प्रतिज्ञामेव निह्नुवानस्य प्रतिज्ञासंन्यासो नाम निग्रहस्थानं भवति । यथा अनित्यः शब्दः ऐन्द्रियकत्वादित्युक्ते तथैव सामान्येनानैकान्तिकतायामुद्भावितायां यदि ब्रूयात्-क एवमाह-अनित्यः शब्द इ'ति-स प्रतिज्ञासंन्यासात् पराजितो भवतीति । एतदपि प्रतिज्ञाहानितो न भिद्यते, हेतोरनैकान्तिकत्वोपलम्भेनात्रापि प्रतिज्ञायाः परित्यागाविशेषात् ४ ।

પ્રતિજ્ઞા હાનિવાળાએ ભ્રાંત બની પ્રતિજ્ઞા બદલી. બેમાં શું ફેર પડ્યો ? એટલે અભ્રાંત માણસની સામે શબ્દને અનિત્ય કહી પછી નિત્ય કહેવો વિરુદ્ધ કહેવાય, તેમ પ્રતિજ્ઞાન્તરમાં અનિત્ય કહી પછી અસર્વગત કહેવો એ પણ ખોટું કહેવાય.

નૈયાયિક : બન્નેમાં પક્ષ પરિત્યાગનું નિમિત્ત ભિન્ન હોવાથી બન્નેમાં ભેદ પડે છે.

જૈના : જો એવું માનશો તો તમને જે નિગ્રહસ્થાનો અનિષ્ટ-અમાન્ય છે, તેવાં નિગ્રહસ્થાનો પણ માનવાનો પ્રસંગ આવશે. ભિન્ન ભિન્ન નિમિત્તથી અનેક નિગ્રહસ્થાનો બની શકે છે. જો તેમનો તે બાવીશમાં જ સમાવેશ થવાનું કહો છો તો પ્રતિજ્ઞાન્તરનો પણ પ્રતિજ્ઞાહાનિમાં અંતર્ભાવ થવો જોઈએ. ॥૨॥

૮૨. **પ્રતિજ્ઞાવિરોધ** → પ્રતિજ્ઞા અને હેતુમાં વિરોધ હોવો તે (ન્યા. સૂ.જેમ ૫.૨૪). "દ્રવ્ય ગુણોથી ભિન્ન છે", રૂપાદિથી ભિન્ન પદાર્થ રૂપે ઉપલબ્ધ થતા ન હોવાથી, જે રૂપાદિથી ભિન્ન પદાર્થ રૂપે ઉપલબ્ધ ન થાય તે તો ગુણ રૂપે જ ઉપલબ્ધ થવાનું છે ને ! તો પછી તેવા હેતુથી ગુણ ભેદ—સાધ્યને સિદ્ધ ન કરી શકાય, પરંતુ સાધ્યાભાવ=ગુણભેદાભાવ=ગુણની સાથે વ્યાપ્ત થવાથી તેની સિદ્ધિ થશે, એટલે બસ તે આ પ્રતિજ્ઞા અને હેતુમાં વિરોધ સ્પષ્ટ છે. જો દ્રવ્ય ગુણથી ભિન્ન છે, તો રૂપાદિથી ભિન્ન ઉપલબ્ધ થવા જ જોઈએ. તેની--દ્રવ્યની રૂપાદિથી ભિન્ન તરીકે અનુપલબ્ધિ કેવી રીતે હોઈ શકે ? હવે જો દ્રવ્ય રૂપાદિથી ભિન્ન ઉપલબ્ધ થતુ નથી તો તે ગુણથી ભિન્ન કેવી રીતે ? પેન ઘડિયાળથી અલગ છે આવું ત્યારે જ કહી શકાય કે તેની ઉપલબ્ધિ પેનથી ભેદરૂપે—અલગથી થતી હોય, આ પ્રમાણે પ્રતિજ્ઞાથી વિરૂદ્ધ હેતુનો પ્રયોગ કરવાથી વાદી પરાજયને પામે છે.

જૈના →આ નિગ્રહસ્થાન પણ અસંગત છે. કારણ કે હેતુ દ્વારા પ્રતિજ્ઞાનું પ્રતિજ્ઞાપણું નિરાસ થતા હેતુથી સ્પષ્ટ રીતે આ કરેલી પ્રતિજ્ઞા ખંડિત થઈ જાય છે. એટલે આ પણ એક નવા પ્રકારથી પ્રતિજ્ઞાહાનિ જ થઈ કહેવાય. અથવા આ વિરૂદ્ધ નામનો હેત્વાભાસ થયો, કારણ કે અહીં હેતુ સાધ્યાભાવ=ગુણવ્યતિરેકાભાવ સાથે વ્યાપ્ત છે. એટલે આ પ્રતિજ્ઞા દોષ નથી. ॥૩॥

૮૩. **પ્રતિજ્ઞા સંન્યાસ** →પ્રતિવાદીએ વાદીના પક્ષનાં સાધનમાં દોષ આપ્યે છતે તેનો ઉદ્ધાર કરવા સમર્થ ન હોવાથી પ્રતિજ્ઞાને છુપાવતા વાદીને પ્રતિજ્ઞાસંન્યાસ નામનું નિગ્રહ સ્થાન લાગુ પડે છે.

"જેમ શબ્દ અનિત્ય છે, ઇન્દ્રિયનો વિષય હોવાથી" આવું કહેતાં પ્રતિવાદી પૂર્વની જેમ સામાન્યનાં આધારે વ્યભિચાર દોષ ઉભો કરે. ત્યારે વાદી બોલે કે કોણ એમ કહે છે કે "શબ્દ અનિત્ય છે" ? આમ

---

१ इति प्रति०-डे० ।

§ ૮૪. अविशेषाभिहिते हेतौ प्रतिषिद्धे तद्विशेषमभिदधतो हेत्वन्तरं नाम निग्रहस्थानं भवति । तस्मिन्नेव प्रयोगे तथैव सामान्यस्य[1] व्यभिचारेण दूषिते-'जातिमत्त्वे सति'[2] इत्यादिविशेषमुपाददानो हेत्वन्तरेण निगृहीतो भवति । इदमप्यतिप्रसृतम्, यतोऽविशेषोक्ते दृष्टान्ते उपनये निगमने वा प्रतिषिद्धे विशेषमिच्छतो दृष्टान्ताद्यन्तरमपि निग्रहस्थानान्तरमनुषज्येत, तत्राप्याक्षेपसमाधानानां समानत्वादिति ५ ।

§ ૮૫. प्रकृतादर्थादर्थान्तरं तदनौपयिकमभिदधतोऽर्थान्तरं नाम निग्रहस्थानं भवति । यथा अनित्यः शब्दः । कृतकत्वादिति हेतुः । हेतुरिति हिनोतेर्धातोस्तुप्रत्यये कृदन्तं पदम् । पदं च नामाख्यातनिपातोपसर्गा इति प्रस्तुत्य नामादीनि व्याचक्षाणोऽर्थान्तरेण निगृह्यते । एतदप्यर्थान्तरं निग्रहस्थानं समर्थे साधने दूषणे वा प्रोक्ते निग्रहाय कल्पेत, असमर्थेवा ? । न तावत्समर्थे, स्वसाध्यं प्रसाध्य नृत्यतोऽपि दोषाभावाल्लोकवत् ।

પોતાની પ્રતિજ્ઞાનો અપલાપ કરવાથી વાદી પરાજય પામે છે.

જૈના → આ પણ પ્રતિજ્ઞાહાનિથી જુદો પડતો નથી. પોતાનાં હેતુને અનૈકાન્તિક જાણી પ્રતિજ્ઞાનો ત્યાગ કરે છે. એટલે પ્રતિજ્ઞાનો ત્યાગ તો સરખો જ છે. ॥૪॥

૮૪. હેત્વન્તર → વાદીએ વિશેષણ વિના હેતુનો પ્રયોગ કર્યો હોય તેનો પ્રતિવાદી પ્રતિષેધ કરે ત્યારે વાદી હેતુમાં વિશેષણ જોડે તે વખતે હેત્વન્તર નામનું નિગ્રહસ્થાન થાય છે.

જેમ "શબ્દ અનિત્ય" ઇત્યાદિ પ્રયોગમાં પૂર્વની જેમ સામાન્યનાં વ્યભિચારથી હેતુ દૂષિત કર્યે છતે જાતિમત્ત્વે સતિ 'આવું વિશેષણ ઐન્દ્રિયક હેતુને લગાડનાર વાદી હેત્વન્તર નિગ્રહસ્થાનથી પરાજિત થાય છે. આ વિશેષણ મૂકતાં સામાન્યનો વ્યભિચાર ન આવે, કારણ કે તે માત્ર ઐન્દ્રિયક છે, પરંતુ જાતિમાન્ નથી.

જૈના →આ પણ બરાબર નથી. કારણ કે વિશેષણ રહિત દૃષ્ટાંત, ઉપનય, નિગમનનો પ્રતિવાદીએ પ્રતિષેધ કર્યે છતે તેમાં વિશેષણ મૂકતાં–ઇચ્છતાં દૃષ્ટાંતાંતર, ઉપનયાંતર, નિગમનાંતરને પણ નિગ્રહસ્થાન માનવા પડશે. જ્યાં દૃષ્ટાંતાદિમાં દોષનો આક્ષેપ અને તેમાં વિશેષણ લગાડી સમાધાન કરવું તે બધુ સરખુ જ છે. જેમ "આ સંયમી છે મહાવ્રતધારી હોવાથી," અભયકુમારની જેમ, અહીં અભયકુમાર તો અન્ય કોઈનું નામ પણ હોઈ શકે જે સંયમી ન હોય, તેથી વ્યભિચાર દૂર કરવા તેમાં શ્રેણિક પુત્ર આવું વિશેષણ મૂકે, ત્યારે દૃષ્ટાંતાન્તર નિગ્રહસ્થાન માનવું પડશે. ॥૫॥

૮૫ અર્થાન્તર → પ્રસ્તુત અર્થથી અર્થાન્તર–અસંબદ્ધ–પ્રકૃતમાં અનુપયોગીનું કથન કરતાં અર્થાન્તર થાય છે. જેમ "અનિત્ય શબ્દ કૃતક હોવાથી" હેતુ–"હિનોતિ" હિ ધાતુથી તુ પ્રત્યય લાગતાં હેતુ એવું કૃદંત પદ બને છે. નામપદ, આખ્યાત પદ, નિપાત પદ, ઉપસર્ગપદ, એમ પદનાં પ્રકાર છે. એમ કહી નામાદિની વ્યાખ્યા કરતો વાદી અર્થાન્તર નિગ્રહસ્થાનનાં નાગપાશથી બંધાય છે.

જૈના : અમે તમને પૂછીએ છીએ કે આ અર્થાન્તર નિગ્રહસ્થાન સમર્થ સાધન કે સમર્થ દૂષણનો પ્રયોગ કરતાં નિગ્રહનું કારણ બને છે, કે અસમર્થ સાધન/દૂષણનો પ્રયોગ કરતા ? ત્યાં સમર્થ સાધનનો પ્રયોગ કરવો એટલે પોતાના પક્ષને કોઈ દૂષણ લાગી ન શકે અને સમર્થદૂષણનો પ્રયોગ કરવો એટલે બીજાના પક્ષમાં સાચુ દૂષણ આપવું. તેવો પ્રયોગ કર્યા પછી વાદી અર્થાન્તરનું કથન કરે તો તેવું કથન નિગ્રહનું કારણ ન બની શકે.

---

૧ -०न्यव्य०-ता ० । ૨ इति हेत्वन्तरम् । ૩ प्रकृतार्थादर्थान्तरम्-डे० । ૪ पदं नाम - ता० । ૫ प्रत्ययनामा०-डे० ।

असमर्थेऽपि प्रतिवादिनः पक्षसिद्धौ तत्[1] निग्रहाय स्यादसिद्धौ वा ? । प्रथमपक्षे तत्पक्षसि[2]द्धेरेवास्य निग्रहो न त्व[3]तो निग्रहस्थानात् । द्वितीयपक्षेऽप्यतो न निग्रहः पक्षसिद्धेरुभयोरप्यभावादिति ६ ।

§ ८६. अभिधेयरहितवर्णानुपूर्वीप्रयोगमात्रं निरर्थकं नाम निग्रहस्थानं भवति । यथा अनित्यः शब्दः कचटतपानां गजडदबत्वाद् घझढधभवदिति । एतदपि सर्वथार्थशून्यत्वान्निग्रहाय कल्पेत, साध्यानुपयोगाद्वा ? । तत्राद्यविकल्पोऽयुक्तः, सर्वथार्थशून्यशब्दस्यैवासम्भवात्, वर्णक्रमनिर्देशस्याप्यनुकार्येणार्थेनार्थवत्त्वोपपत्तेः। द्वितीयविकल्पे तु सर्वमेव निग्रहस्थानं निरर्थकं स्यात् साध्यसिद्धावनुपयोगित्वाविशेषात् । किञ्चिद्विशेषमात्रेण[4]भेदे वा खाट्कृतहस्तास्फालनकक्षापिट्टितादेरपि साध्यानुपयोगिनो निग्रहस्थानान्तरत्वानुषङ्ग इति ७ ।

કારણ પોતાનાં સાધ્યને સિદ્ધ કરી લીધા પછી તે નાચવા લાગે તો પણ કોઈ દોષ નથી. અન્ય માણસોની જેમ– લોકો પોતાનું કોઈ ઈષ્ટ કાર્ય સિદ્ધ થતાં નાચવા લાગે છે તે કાંઇ દોષ કહેવાતો નથી. નહીતર રજોહરણ હાથમાં આવતા નાચનાર મુમુક્ષુને પણ દોષ આવશે.

હવે જો વાદીએ અસમર્થ સાધન કે દૂષણનો પ્રયોગ કર્યો હોય તો પ્રતિવાદીના પક્ષની સિદ્ધિ થતાં વાદી નિગૃહીત થશે કે સિદ્ધ ન થવા છતાં પણ નિગૃહીત થઈ જશે ? જો પ્રતિવાદીના પક્ષની સિદ્ધિ થવાથી વાદી નિગૃહીત થાય છે, એમ હોય તો પ્રતિપક્ષની સિદ્ધિ=સ્વપક્ષની અસિદ્ધિરૂપ પરાજય નામના નિગૃહસ્થાનથી પોતે નિગૃહીત બની જશે. પરંતુ આ અર્થાન્તર નામના નિગ્રહસ્થાનથી નિગૃહીત નહિ થાય. બીજો પક્ષ– પ્રતિવાદીનાં પક્ષની સિદ્ધિ ન થવા છતાં તેનો નિગ્રહ થાય છે, એવો સ્વીકાર કરશો તો નિગ્રહસ્થાનથી નિગ્રહ ન થઈ શકે; કારણ બન્નેને સ્વપક્ષની સિદ્ધિ થઈ નથી. એટલે કોઈનો જય કે પરાજય નિશ્ચિત થતો નથી. એટલે કે મેચ ડ્રો થઈ. ॥૬॥

૮૬. **નિરર્થક** →અભિધેય રહિત વર્ણાનુપૂર્વી માત્રનો પ્રયોગને નિરર્થક નિગ્રહસ્થાન કહેવાય છે. અર્થાત્ અનુક્રમથી એવા વર્ણોનો ઉચ્ચાર કરવો કે જેમનો કોઈ અર્થ ન નીકળે.

જેમકે : "શબ્દ અનિત્ય છે,કચટતપનું ગજડદબ હોવાથી ઘ,ઝ,ઢ,ધ,ભની જેમ."

જૈના : આને સર્વથા અર્થશૂન્ય હોવાથી નિગ્રહ માટે માનો છો કે સાધ્યમાં ઉપયોગી ન હોવાથી ? પહેલો પક્ષ યુક્ત નથી. સર્વથા અર્થ શૂન્ય શબ્દનો સંભવ જ નથી. વર્ણ ક્રમનો નિર્દેશ પણ અનુકાર્ય અર્થથી અર્થવાન્ હોય જ છે. વર્ણમાલા કેવી હોય છે ? તું અનુક્રમથી ઉચ્ચારકર, ત્યારે વર્ણમાલાના નિર્દેશ માટે, ઉચ્ચારમાહે આ વર્ણનો ક્રમ ઉપયોગી બને છે, અનુકાર્ય–જેવી લીપિ કે શબ્દ તેવું જ ઉચ્ચારાત્મક કાર્ય જેમકે 'ક'લખેલો હોય તો તેનો કોઈ અર્થ વિશેષની અપેક્ષા રાખ્યા વગર માત્ર તે 'ક'ને આશ્રયી કાર્ય કરવું તે. માત્ર તે શબ્દ કે વર્ણનો અનુક્રમથી ઉચ્ચાર કરવો જેનો કોઈ ભલે અર્થ ન નીકળતો હોય, સખિ અને પતિથી ડિ-નો ઔ થાય છે, અહીં કાંઈ તેમનો અર્થ ઉપયોગી નથી, પણ આવા અનુક્રમ વર્ણવાળા = સ પછી ખિ હોય, પ પછી તિ હોય આ શબ્દથી ડિ-નો ઔ કરવાનો. એમ પદને અંતે ચ અને જ નો ક અને ગ થાય છે/ એમ માત્ર આ બધામાં અનુકાર્યરૂપે તે તેવર્ણ ઉપયોગી છે, તે તે વર્ણની સત્તામાત્ર ઉપયોગી છે. અર્થાત્ આવાં નિર્દેશથી પણ કોઈકનું અનુકરણ તો જણાય જ છે. જેમ તે ગજડદબ વર્ણો ઉચ્ચારીને ગયો. શિશુને શિખવવા માટે પણ વર્ણ ક્રમ ઉલ્ટો સુલટો કરીને પૂછવામાં આવે છે. ઇત્યાદિ કાર્યમાં વર્ણ નિર્દેશ પણ

---

१ पक्षान्तरम् (?) अर्थान्तरम् । २ -०सिद्धिरेव - डे० । ३ अर्थान्तरात् । ४ भेदेन खाट्०-डे० भेदे वा षट्कृत- मु-पा० ।

§ ૮૭. यत् साधनवाक्यं दूषणवाक्यं वा त्रिरभिहितमपि परिषत्प्रतिवादिभ्यां बोद्धुं न शक्यते तत् अविज्ञातार्थं नाम निग्रहस्थानं भवति । अत्रेदमुच्यते-वादिना त्रिरभिहितमपि वाक्यं परिषत्प्रतिवादिभ्यां मन्दमतित्वादविज्ञानम्, गू[1]ढाभिधानतो वा, द्रुतोच्चाराद्वा ? प्रथमपक्षे सत्साधनवादिनाऽप्येतन्निग्रहस्थानं स्यात्, तत्रा[2]प्यनयोर्मन्दमतित्वेनाविज्ञातत्वसम्भवात् । द्वितीयपक्षे तु पत्रवाक्यप्रयोगेऽपि त[3]त्प्रसङ्गः, गू[4]ढाभिधानतया परिषत्प्रतिवादिनोर्महाप्राज्ञयोरप्यविज्ञातत्वोपलम्भात् । अथाभ्यामविज्ञातमप्येत[5]त् वादी व्याचष्टे, गूढोपन्यास[6]मप्यात्मनः स एव व्याचष्टाम्, अव्याख्याने तु जयाभाव एवास्य, न पुनर्निग्रहः, परस्य पक्षसिद्धेरभावात् । द्रुतोच्चारेप्यनयोः कथञ्चित् ज्ञानं सम्भवत्येव, सि[7]द्धान्तद्वयवेदित्वात् । साध्या[8]नुपयोगिनि तु वादिनः प्रलापमात्रे त[9]योरविज्ञा[10]नं नाविज्ञातार्थं वर्णक्रमनिर्देशवत् । ततो नेदमविज्ञातार्थं निरर्थकाद्विद्यत इति ८ ।

ઉપયોગી–અર્થવાન્ બને જ છે. "कवर्गाय स्वाहा" એમ વર્ણ માત્રનો પણ પૂજનાદિમાં ઉપયોગ થાય છે. એટલે વર્ણ સર્વથા અર્થ શૂન્ય તો નથી. બીજો પક્ષ અંગીકાર કરશો તો બધા નિગ્રહસ્થાન નિરર્થક બની જશે. કારણ તે તે નિગ્રહસ્થાન સાધ્યની સિદ્ધિમાં ઉપયોગી નથી. માટે જ તો તે નિગ્રહસ્થાન કહેવાય છે. એમ સાધ્ય સિદ્ધિની અનુપયોગિતા બધામાં સમાન હોવાથી બધા નિરર્થક નિગ્રહસ્થાન રૂપ બની જશે. થોડા ઘણાં ભેદનાં કારણે તેને અલગ માનશો તો ખટ્‌ખટ્ અવાજ કરવો, હાથ પછાડવો, કાંખ થપથપાવવી ઈત્યાદિનો વાદમાં ઉપયોગ વાદી–પ્રતિવાદી દ્વાર કરવામાં આવે જ છે. પણ તે સાધ્ય માટે ઉપયોગી નથી. તેથી તેમને પણ અલગ નિગ્રહસ્થાન માનવા પડશે. ॥૭॥

૮૭. अविज्ञातार्थ →જે સાધનવાક્ય કે દૂષણવાક્ય ત્રણવાર બોલવા છતાં પર્ષદા અને પ્રતિવાદી સમજી ન શકે તે અવિજ્ઞાતાર્થ નિગ્રહસ્થાન છે.

જૈના : અહીં આ પૂછવામાં આવે છે કે વાદી દ્વારા ત્રણવાર વાક્ય બોલવા છતાં સભા અને પ્રતિવાદી મંદબુદ્ધિના કારણે ન સમજી શક્યા ? કે ગૂઢશબ્દોના પ્રયોગના કારણે ? કે ઝડપી બોલી જવાથી ? ત્યાં પહેલો પક્ષ માનતાં સત્સાધનનો પ્રયોગ કરનારને આ નિગ્રહસ્થાન લાગુ પડી જશે. કારણ તત્ર=સત્ સાધનનો પ્રયોગ કરવા છતાં પણ મંદમતિના કારણે બન્નેને સમજ ન પડે એ સંભવી શકે છે. બીજો પક્ષ સ્વીકારતાં પત્રવાક્યમાં પણ આ દોષ માનવો પડશે. કારણ કે પત્રવાક્યમાં ગૂઢ શબ્દોનો પ્રયોગ હોવાથી મહાપ્રાજ્ઞ સભા અને પ્રતિવાદી પણ તેને સમજી નથી શકતા.

નૈયા : સભા અને પ્રતિવાદી પત્ર વાક્યના જે પદને સમજી નથી શકતા, તેની વ્યાખ્યા સ્વયં વાદી કરી લે છે. એથી પત્રવાક્યમાં આ દોષની આપત્તિ નથી.

જૈના : તો ગૂઢસાધ્ય-સાધન વાક્યની વ્યાખ્યા પણ વાદી પોતે કરી દેશે. વ્યાખ્યા નહિ કરે તો તેને જય જ પ્રાપ્ત નહીં થાય. પણ તે કાંઇ નિગૃહીત થતો નથી. કારણ કે પ્રતિવાદીનાં પક્ષની સિદ્ધિ થઇ નથી.

ત્રીજો પક્ષ ઝડપી બોલવા છતાં તે બન્નેને થોડુ કંઇક તો જ્ઞાન અવશ્ય થશે, કારણ આખરે તેઓ

---

१ गूढानां शब्दानामभिधानम् । २ सत्साधनेपि । ३ अविज्ञातत्वप्रसङ्गः । ४ प्रहेलिकादिकम् । ५ पत्रवाक्यम् । ६ साध्यवाक्यम् । ७ सिद्धान्तवेदि० - डे ० । ८ अथ निग्रहवादीएवं ब्रूयात् वादिनः प्रलापमात्रम् अविज्ञातस्य लक्षणम् इत्याशङ्कायामाह (?) । ९ कर्तरि षष्ठी न (?) । १० ज्ञातं ना०-ता ।

§ ૮૮. पूर्वापरासङ्गतपदसमूहप्रयोगादप्रतिष्ठितवाक्यार्थमपार्थकं नाम निग्रहस्थानं भवति । यथा दश दाडिमानि षडपूपा इत्यादि । एतदपि निरर्थकान्न भिद्यते । यथैव हि गजडदबादौ वर्णानां नैरर्थक्यं तथात्र[1] पदानामिति । यदि पुनः पदनैरर्थक्यं वर्णनैरर्थक्यादन्यत्वान्निग्रहस्थानान्तरं तर्हि वाक्यनैरर्थक्यस्याप्याभ्या[2]मन्यत्वान्निग्रहस्थानान्तरत्वं स्यात् पदवत्पौर्वापर्येणाऽप्रयुज्यमानानां वाक्यानामप्यनेकधोपलभ्यात्-

"शङ्खः कदल्यां कदली च भेर्यां तस्यां च भेर्यां सुमहद्विमानम् ।
तच्छङ्खभेरीकदलीविमानमुन्मत्तगङ्गप्रतिमं बभूव ॥" इत्यादिवत् ।

§ ૮૯. यदि पुनः पद[3]नैरर्थक्यमेव वाक्यनैरर्थक्यं पदसमुदायात्मकत्वात् तस्य, तर्हि वर्णनैरर्थक्यमेव पदनैरर्थक्यं स्यात् वर्णसमुदायात्मकत्वात् तस्य । वर्णानां सर्वत्र निरर्थकत्वात् पदस्यापि तत्प्रसङ्गश्चेत्, तर्हि पदस्यापि निरर्थकत्वात् तत्समुदायात्मनो वाक्यस्यापि नैरर्थक्यानुषङ्गः । पदस्यार्थवत्त्वेन(वत्त्वे च)

બન્નેનાં=વાદી પ્રતિવાદીના સિદ્ધાન્તના જાણકાર છે.

વાદી જો સાધ્ય માટે અનુપયોગી એવો પ્રલાપમાત્ર કરે અને તેનું પ્રતિવાદી અને પર્ષદાને જ્ઞાન ના થાય તો તે વર્ણક્રમનાં નિર્દેશની જેમ નિરર્થક બની જશે, પણ અવિજ્ઞાતાર્થ નહીં કહેવાય. તેથી આ નિરર્થકથી ભિન્ન નથી. માટે નિરર્થકમાં આપેલી આપત્તિથી જ આનો નિરાસ થઇ જશે. ॥૮॥

૮૮. અપાર્થક → પૂર્વાપર અસંગત પદોના સમૂહનો પ્રયોગ કરવાથી વાક્યનો અર્થ જ સિદ્ધ ન થાય તેવો પ્રયોગ અપાર્થક નિગ્રહસ્થાન કહેવાય છે. જેમ દશ દાડમ છ પૂડલા ઇત્યાદિ.

જૈના : આ પણ નિરર્થકથી ભિન્ન નથી. જેમ નિરર્થકમાં ગજડબાદિ વર્ણો અર્થ વગરનાં છે. તેમ અહીં પદો નિરર્થક છે.

નૈયા : અહીં પદોમાં નિરર્થકતા છે, ત્યાં વર્ણોમાં નિરર્થકતા છે, માટે બન્ને નિગ્રહસ્થાન ભિન્ન છે.

જૈના : તો પછી વાક્યની નિરર્થકતા વર્ણ અને પદોની નિરર્થકતાથી ભિન્ન હોવાથી એક વળી અન્ય નિગ્રહ સ્થાન માનવું પડશે. કારણ કે પદની જેમ એક બીજાથી આગળ પાછળ અસંગત પ્રયોગ કરાતાં નિરર્થક વાક્યો પણ અનેક પ્રકારે જોવા મળે છે.

જેમકે : "કદળીમાં શંખ છે." ભેરીમાં કદળી છે, તે ભેરીમાં ઘણું મોટુ વિમાન છે. તે શંખ,ભેરી, કદળી અને વિમાન ઉન્મત્ત ગંગા સમાન થઇ ગયા." વગેરે ઘણા આવા વાક્યો હોઈ શકે છે.

૮૯. નૈયા : વાક્યોની નિરર્થકતા પદોની જ નિરર્થકતા છે, એમ માનવું જ જોઈએ, કારણ વાક્ય પદના સમૂહરૂપે છે. તો વર્ણોની નિરર્થકતા વડે પદોની પણ નિરર્થકતા થઈ જશે, કારણ પદો વર્ણ સમુદાયાત્મક છે.

શંકાકાર : વર્ણો તો સર્વત્ર નિરર્થક જ હોય છે, તેથી તમારી વાત માનતા પદોને પણ સર્વત્ર નિરર્થક માનવાનો પ્રસંગ આવશે.

સમાધાન : એકલા પદ પણ વિશેષ અર્થ બતાવવા સમર્થ નથી માટે સર્વત્ર નિરર્થક છે, તેથી પદોનો સમૂહ સ્વરૂપ વાક્ય પણ નિરર્થક થઈ જશે.

---

१ साध्यानुपयोगित्वात् । २ वर्णपदनैरर्थक्याभ्याम् । ३ दश दाडिमानि षडपूपा इत्यत्र तु पदानामेव नैरर्थक्यम् न वाक्यस्य क्रियाया अश्रावणत्वात् (अश्रवणात्) ।

पदार्थापे[1]क्षया, [वर्णार्थापेक्षया] वर्णस्यापि त[2]दस्तु प्रकृतिप्रत्ययादिवत्, न खलु प्रकृतिः केवला पदं प्रत्ययो वा । नाप्य[3]नयोरनर्थकत्वम् । अभिव्यक्तार्थाभावादनर्थकत्वे, पदस्यापि तत् स्यात् । यथैव हि प्रकृत्यर्थः प्रत्ययेनाभिव्यज्यते प्रत्ययार्थश्च प्रकृत्या तयोः केवलयोरप्रयोगात् तथा देवदत्तस्तिष्ठतीत्यादिप्रयोगे स्याद्यन्तपदार्थस्य त्याद्यन्तपदार्थस्य च[4] स्त्याद्यन्तपदेनाभिव्यक्तेः केवलस्याप्रयोगः । पदान्तरापेक्षस्य पदस्य सार्थकत्वं प्रकृत्यपेक्षस्य प्रत्ययस्य तदपेक्षस्य च प्रकृत्यादिवर्णस्य समानमिति [९]।

§ ९०. प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनवचनक्रममुल्लङ्घ्यावयवविपर्यासेन प्रयुज्यमानमनुमानवाक्यमप्राप्तकालं नाम निग्रहस्थानं भवति, स्वप्रतिपत्तिवत् परप्रतिपत्तेर्जनने परार्थानुमाने क्रमस्याप्यङ्गत्वात् । एतदप्यपेशलम्, प्रेक्षावतां प्रतिपत्तृणामवयवक्रमनियमं विनाप्यर्थप्रतिपत्त्युपलम्भात् । ननु य[5]थापशब्दाच्छुताच्छब्दस्मरणं ततोऽर्थप्रत्यय इति शब्दादेवार्थप्रत्ययः परम्परया तथा प्रतिज्ञाद्यवयवव्युत्क्रमात् तत्क्रमस्मरणं ततो वाक्यार्थप्रत्ययो न पुनस्तद्व्युत्क्रमात्, इत्यप्यसारम्, एवंविधप्रतीत्यभावात् । यस्माद्धि शब्दादुच्चरितात् यत्रार्थे प्रतीतिः स एव तस्य वाचको नान्यः, अन्यथा शब्दात्तत्क्रमाच्चापशब्दे तदव्यतिक्रमे च स्मरणं ततोऽर्थप्रतीतिरित्यपि वक्तुं शक्येत । एवं शब्दान्वाख्यानवैयर्थ्यमिति चेत्,

---

શંકાકાર : વાક્યાર્થની અપેક્ષાએ પદ ભલે નિરર્થક હોય, પરંતુ પદાર્થની અપેક્ષાએ તે સાર્થક છે જ. અર્થાત્ વાક્યથી પ્રગટ થનારો અર્થ પદથી પ્રગટ નથી થતો, તથાપિ પદ પોતાનો અર્થ તો પ્રગટ કરે જ છે. જેમ "ગાય ઘોડા હાથી" આ પદ સમૂહ છે, પણ ગાય વગેરેનું શું કરવાનું છે ? ઈત્યાદિ વાક્યાર્થનો બોધ તો નથી થતો. પણ ગાય વગેરે પદ' ગાય વગેરે પદાર્થને તો જણાવનારાં છે જ. એથી પદોને નિરર્થક ન કહી શકાય.

સમાધાન : તો આ વાત વર્ણની બાબતમાં પણ માનવી જોઈએ. અર્થાત્ પદથી વ્યક્ત થનાર અર્થ વર્ણથી પ્રગટ ન થવા છતાં વર્ણ પોતાનો અર્થ તો પ્રગટ કરે જ છે. જેમ પ્રકૃતિ–મૂળ શબ્દ અને પ્રત્યય, એટલે એકલી પ્રકૃતિને કે એકલા પ્રત્યયને પદ કહેવાતા નથી.છતાં પણ ભી હ્રી વગેરે પ્રકૃતિ–ધાતુઓ અને તિ,અ,ણ,ટ, વગેરે પ્રત્યયો સાર્થક તો છે જ. ધાતુપાઠના આધારે ધાત્વર્થનો અને સૂત્ર પ્રમાણે સૂત્રવિહિત અર્થનો સંકેત પ્રકૃતિ-પ્રત્યય કરે જ છે. જો વ્યક્ત અર્થ પ્રગટ કરતા ન હોવાથી તેમને નિરર્થક માનશો, તો પદ પણ વાક્યનાં જેવો વ્યક્ત અર્થ પ્રગટ કરતાં નથી, તેથી પદ પણ નિરર્થક બની જશે.

જેમ પ્રકૃતિનો અર્થ પ્રત્યયથી વ્યક્ત થાય છે અને પ્રત્યયનો અર્થ પ્રકૃતિથી, આ કારણે તે બન્નેનો જુદો જુદો પ્રયોગ થતો નથી. તેમ 'દેવદત્તસ્તિષ્ઠતિ' ઈત્યાદિ પ્રયોગમાં સ્યાદ્યન્ત પદાર્થનો–દેવદત્તનો અર્થ ત્યાદ્યન્તપદથી અને ત્યાદ્યન્તપદાર્થનો–તિષ્ઠતિનો સ્યાદ્યન્ત પદથી અર્થ પ્રગટ થતો હોવાથી તેમનો એકલાનો પ્રયોગ થતો નથી. જો તમે એમ કહેશો કે પદાન્તર સાપેક્ષ પદ સાર્થક હોય છે, તો અમે કહીશું કે પ્રકૃતિ સાપેક્ષ પ્રત્યય, પ્રત્યય સાપેક્ષ પ્રકૃતિ આદિ વર્ણ (પરસ્પર સામેક્ષવર્ણ) પણ સાર્થક હોઈ શકે છે. આમ અપાર્થક નિગ્રહસ્થાન નિરર્થકનિગ્રહ સ્થાનથી અલગ નથી. ॥૯॥

૯૦. →અપ્રાપ્તકાલ : પહેલાં પ્રતિજ્ઞા પછી હેતુ પછી ઉદાહરણ પછી ઉપનય અને પછી નિગમનનો પ્રયોગ અનુમાનમાં કરવામાં આવે છે. આ ક્રમનું ઉલ્લંઘન કરી અવયવોનો ઉલટ-સુલટ અનુમાન પ્રયોગ કરતા અપ્રાપ્તકાલ નિગ્રહસ્થાન થાય છે.

---

૧ -०क्षया तस्यापि -डे० । ૨ अर्थवत्त्वम् । ૩ प्रकृतिप्रत्ययय्यो : । ૪ च स्तूपद्यन्त० -ता० । ૫ यथापि शब्दा० -डे ।

नैवम्, वा[1]दिनोऽनिष्टमात्रापादनात् अपशब्देऽपि चान्वाख्यानस्योपलम्भात् ।
संस्कृताच्छब्दात्स[2]त्यात् धर्मोऽन्यस्मादधर्म इति नियमे चान्यधर्माधर्मोपायानुष्ठानवैयर्थ्यं धर्माधर्मयोश्चाप्रति-
नियमप्रसङ्ग अ[3]धार्मिके च धार्मिके च तच्छब्दोपलम्भात् । भवतु वा तत्क्रमादर्थप्रतीतिस्तथाप्यर्थप्रत्ययः
क्रमेण स्थितो येन वाक्येन व्युत्क्रम्यते तन्निरर्थकं न त्वप्राप्तकालमिति [१०] ।

જેમ આપણને ક્રમથી પ્રતિપત્તિ થાય છે એટલે કે મનમાં પ્રતિજ્ઞાવાક્યથી કલ્પના થાય છે, ત્યારે હેતુનો ખ્યાલ આવે, પછી ઉદાહરણ—વ્યાપ્તિનું જ્ઞાન થાય છે, પછી ઉપનય અને નિગમન—નિચોડ લાવીયે છીએ. એટલે પક્ષને દેખી ધૂમાદિ હેતુને જોઈએ નહિ, ત્યાં સુધી વ્યાપ્તિ વગેરે કોઈની પ્રતીતિ થતી નથી. તેજ રીતે બીજાને પ્રતીતિ કરાવનાર પરાર્થાનુમાનમાં પણ ક્રમપણ કારણ છે .

જૈના : આ કહેવું પણ યુક્ત નથી. કારણ કે સમજનાર—સામેની વ્યક્તિ બુદ્ધિશાળી હોય, તો તે અવયવોના ક્રમ વિનાં પણ અર્થ સમજી લે છે.

શંકાકાર : જેમ અશુદ્ધ/અધાર્મિક શબ્દ સાંભળવાથી પહેલાં શુદ્ધ શબ્દનું સ્મરણ થાય છે, પછી એનાં અર્થનું જ્ઞાન થાય છે. જેમ મારવાડી વૃદ્ધા પદમ્સૂરીજી ઉચ્ચારે ત્યારે આપણને પણ પદમ્સૂરીજી આવો અશુદ્ધ શબ્દ જ સંભળાશે. પરંતુ તેના ઉપરથી આપણને પદ્મસૂરીજી એવા શુદ્ધ શબ્દનું સ્મરણ થઈ જતા પદ્મસૂરિજી ભગવંતનો ખ્યાલ આવી જાય છે. એ પ્રમાણે પ્રતિજ્ઞા આદિ અવયવોને વ્યુત્ક્રમથી સાંભળ્યા પછી તેમના ક્રમનું સ્મરણ થાય છે. પછી વાક્યના અર્થનું જ્ઞાન થાય છે. વ્યુત્ક્રમથી જ્ઞાન નથી થતું.

સમાધાન : આ કહેવું સાર વગરનું છે, કારણ કે આવો અનુભવ થતો નથી. જે શબ્દના ઉચ્ચારથી જે પદાર્થની પ્રતીતિ થાય છે, તે જ શબ્દને પદાર્થનો વાચક મનાય છે. પદમસૂરિજી શબ્દ સાંભળવાથી પદ્મસૂરિનું જ્ઞાન થયું તો પદમ્સૂરિજી શબ્દ જ તેનો વાચક મનાય છે, બીજાને નહીં. આવું માનવામાં ન આવે તો તમે કહ્યું તેનાથી ઉલ્ટુ કહી શકાશે કે શુદ્ધ શબ્દને સાંભળતા અશુદ્ધ શબ્દનું સ્મરણ થાય છે અને અવયવોનો અનુક્રમ સાંભળતા તેમનાં વ્યુત્ક્રમનું સ્મરણ થાય છે અને ત્યારે (વ્યુત્ક્રમના અનુસારે) અર્થની પ્રતીતિ થાય છે.

શંકાકાર : જો વ્યુત્ક્રમથી પ્રયુક્ત અવયવોથી અર્થની પ્રતીતિ માની લેવામાં આવે, તો તેમનું અનુક્રમથી આખ્યાન કરવું નકામું નીવડશે.

સમાધાન : આવું નહિ થાય, કારણ અહીં તો અનુક્રમવાદીને અનિષ્ટાપત્તિ માત્રનો પ્રસંગ દર્શાવવામાં આવ્યો છે. અનુક્રમ તો અશુદ્ધ શબ્દોમાં પણ જોવા મળે છે. (એટલે અનુક્રમ માત્રથી જ્ઞાન નથી થતું એટલું જ કહેવાનો તાત્પર્ય છે.)

શંકાકાર : સંસ્કૃત અને સત્ય શબ્દનું ઉચ્ચારણ કરવાથી ધર્મ થાય છે. અને આનાથી વિપરીત શબ્દના ઉચ્ચારણથી અધર્મ થાય છે.

સમાધાન : આવો નિયમ માની લેવામાં આવે તો ધર્મ અધર્મનાં અન્ય નિયમ, ઉપાયભૂત અનુષ્ઠાનો વ્યર્થ બની જશે. એટલે કે અહિંસા કરવાથી ધર્મ થાય અને હિંસા કરવાથી અધર્મ, દાન આપવાથી ધર્મ, ચોરીકરવાથી અધર્મ, ઇત્યાદિ જે ધર્મ અધર્મના ઉપાય છે, તે વ્યર્થ બની જશે. કા.કે. તમે તો એવો જ નિયમ ઘડી કાઢ્યો છે કે સુસંસ્કૃત અને સત્ય શબ્દ ઉચ્ચારો તો ધર્મ જ થાય છે, એટલે હિંસા કરતા કરતા પણ વેદના શુદ્ધ પાઠોનો ઉચ્ચાર કરશે, તેને તો ધર્મ જ થવાનો છે, અને તપ વગેરે કરતા પણ અજ્ઞાનતા, શારીરિક ખામી વગેરેના કારણે શબ્દ ખોટા બોલશે તો તેને અધર્મ જ થવાનો છે. તો પછી કયો ડાહ્યો માણસ આવી ક્લિષ્ટ ક્રિયામાં પ્રવૃત્ત થાય ? અર્થાત્ તે કષ્ટકારી ધર્મ ક્રિયાને કોઈ કરનાર ન રહેવાથી તે બધી વ્યર્થ થશે. (બજારમાં

१क्रमवादिनः । २ सत्याधर्मो-डे० । ३ अधार्मिके धार्मि०-डे० ।

§ ૯૧. પઞ્ચાવયવે વાક્યે પ્રયોક્તવ્યે તદન્યતમેનાપ્યવયવેન હીનં ન્યૂનં નામ નિગ્રહસ્થાનં ભવતિ, સાધનાભાવે સાધ્યસિદ્ધેરભાવાત્, પ્રતિજ્ઞાદીનાં ચ પઞ્ચાનામપિ સાધનત્વાત્, ઇત્યપ્યસમીચીનમ્, પઞ્ચાવયવપ્રયોગમન્તરેણાપિ સાધ્યસિદ્ધેરભિધાનાત્ પ્રતિજ્ઞાહેતુપ્રયોગમન્તરેણૈવ તત્સિદ્ધેરભાવાત્ । અતસ્તદ્ધીનમેવ ન્યૂનં નિગ્રહસ્થાનમિતિ [૧૧] ।

§ ૯૨. એકેનૈવ હેતુનોદાહરણેન વા પ્રતિપાદિતેઽર્થે હેત્વન્તરમુદાહરણાન્તરં વા વદતોઽધિકં નામ નિગ્રહસ્થાનં ભવતિ નિષ્પ્રયોજનાભિધાનાત્ । એતદપ્યયુક્તમ્, તથાવિધાદ્વાક્યાત્[૨] પક્ષસિદ્ધૌ પરાજયાયોગાત્ । કથં ચૈવં પ્રમાણસંપ્લવોઽભ્યુપગમ્યતે[૩] ? । અભ્યુપગમે વાઽધિકન્નિગ્રહાય જાયેત । પ્રતિપત્તિદાર્ઢ્યસંવાદસિદ્ધિપ્રયોજનસદ્ભાવાન્ન નિગ્રહઃ, ઇત્યન્યત્રાપિ સમાનમ્, હેતુનોદાહરણેન ચૈ(વૈ) કેન પ્રસાધિતેઽપ્યર્થે દ્વિતીયસ્ય હેતોરુદાહરણસ્ય વા નાનર્થક્યમ્, તત્પ્રયોજનસદ્ભાવાત્ । ન ચૈવમનવસ્થા,

---

આવેલી નવી આઈટમ-વસ્તુનો કોઈ ઉપયોગ કરનાર ન હોય તો તે વ્યર્થ-નકામી નીવડે છે.) વળી ધર્મ અને અધર્મમાં કોઈ પ્રતિનિયતતા નહિ રહે. કારણ કે તમારા હિસાબે તો ધાર્મિક અધાર્મિક બન્ને પ્રકારનાં પુરૂષોમાં બન્ને જાતનાં શબ્દોનો પ્રયોગ જોવા મળે છે(મળશે). અથવા "પ્રતિજ્ઞા વગેરે અવયવોનાં ક્રમનાં કારણે જ અર્થની પ્રતીતિ થાય છે." એવું માની લેવામાં આવે તો ક્રમનાંકારણે થવાવાળા અર્થ- પ્રત્યયને જે વાક્ય દ્વારા ક્રમ રહિત કરવામાં આવે એટલે અમુક વાક્ય એવું હોય તેના શબ્દો અનુક્રમથી ગોઠવવામાં આવેતો જ વક્તાનો તાત્પર્ય ખ્યાલ આવી શકે, અને ઉલટ સુલટ કરીએ તો અર્થ બદલાઈ જતો હોય, તો ત્યાં અનુક્રમ ગોઠવવો જરૂરી છે. પણ ન ગોઠવે તો તે નિરર્થક નિગ્રહ સ્થાન થઈ જશે. કારણ કે તેવું વાક્ય અભીષ્ટ અર્થ જણાવવામાં સમર્થ નથી માટે નિરર્થક જ થયું ને! તેને અપ્રાપ્તકાલ કહી ન શકાય ॥૧૦॥

૯૧. ન્યૂન → અનુમાનમાં પાંચ વાક્યોનો પ્રયોગ કરવો જોઈએ. તેમાંથી કોઈ પણ એકાદ અવયવનો પ્રયોગ ન કરવો તે ન્યૂન. સાધનનાં અભાવમાં સાધ્યની સિદ્ધિ સંભવી શકતી નથી, માત્ર હેતુ સાધન નથી, પરંતુ પ્રતિજ્ઞાદિ પાંચ અવયવો સાધન છે, (કા. કે. આ પાંચ દ્વારા પરાર્થાનુમાન થાય છે.) એથી પાંચેનો પ્રયોગ કરવો જોઈએ.

જૈના : આ કથન પણ સમ્યક્ નથી. અમે પહેલાં જ કહી ચૂક્યા છીએ કે પાંચ અવયવો વગર પણ સાધ્યની સિદ્ધિ થઈ શકે છે. પ્રતિજ્ઞા અને હેતુ વિના જ સાધ્યની સિદ્ધિ નથી થતી, માટે આ બન્નેમાંથી કોઈ એકનો પ્રયોગ ન કરવો જ ન્યૂન નિગ્રહ સ્થાન કહી શકાય. (વાદમાં તો પહેલાં સર્વપ્રથમ આપનો ઈષ્ટપક્ષ દર્શાવવો પડે એટલે પ્રતિજ્ઞા આવી જ જાય. તેની સિદ્ધિ માટે હેતુનો પ્રયોગ તો કરશે જ, તે દૂષિત કે શુદ્ધ છે એ પછીની વાત છે, એટલે ત્યાં ન્યૂન દોષ તો આવી શકતો નથી.)

૯૨ અધિક →એક જ હેતુથી કે એક જ ઉદાહરણથી અર્થનું પ્રતિપાદન થઈ જાય, છતાં અન્યહેતુ કે ઉદાહરણ કહીએ તો અધિક નામનું નિગ્રહ સ્થાન થાય છે. કારણ કે તે વધારાનું કથન પ્રયોજન વગરનું છે.

જૈના : આ પણ અયુક્ત છે. જો વાદી અન્ય હેતુ કે ઉદાહરણના પ્રયોગ કરીને પણ સ્વપક્ષને સિદ્ધ કરી દે તો તે પરાજયથી પ્લાવિત બનતો નથી. વળી તમે બીજા હેતુના પ્રયોગને અધિક નામનું નિગ્રહસ્થાન માનો છો, તો પ્રમાણસંપ્લવ[૧] કેવી રીતે માનો છો ? તે માનશો તો અધિક નામનું નિગ્રહસ્થાન આવી ચોટશે.

---

૧ -० विधाद्वा वाक्या०-ता०। ૨ हेत्वन्तरयुक्तात् । ૩-० पगम्यते वाधिकान्नि० -डे० ।

---

૧ પ્રમાણસંપ્લવ એટલે શું ? एकस्मिन् प्रमाणविषये प्रमाणान्तरवर्तनं प्रमाणसंप्लवः । એટલે જેના વિષયમાં એક પ્રમાણ આપ્યું હોય, તે જ વિષય માટે બીજુ પ્રમાણ આપવું તે.

कस्यचित् क्वचिन्निराकाङ्क्षतोपपत्तेः प्रमाणान्तरवत् ।
कथं चास्य कृतकत्वादौ स्वार्थिककप्रत्ययस्य वचनम्, यत्कृतकं तदनित्यमिति व्याप्तौ यत्तद्वचनम्, [१]वृत्तिपदप्रयोगादेव चार्थप्रतिपत्तौ वाक्यप्रयोगः अधिकत्वान्निग्रहस्थानं न स्यात् ? तथाविधस्याप्यस्य प्रतिपत्तिविशेषोपायत्वात्तन्नेति चेत्, कथमनेकस्य हेतोरुदाहरणस्य वा तदुपायभूतस्य वचनं निग्रहाधिकरणम् ? । निरर्थकस्य तु वचनं निरर्थकत्वादेव निग्रहस्थानं नाधिकत्वादिति [१२] ।

શંકાકાર : પ્રતિપત્તિમાં દ્રઢતા માટે અને સંવાદની સિદ્ધિ માટે પ્રમાણસંપ્લવ માનવાથી નિગ્રહ નથી થતો. કારણ તેનાથી વિશેષ પ્રયોજનની સિદ્ધ થાય છે.

સમાધાન (જૈનાઃ) આ વાત તો બીજા હેતુ ઉદાહરણ પ્રયોગમાં પણ સમાન છે. કારણ તેમનું પણ વિશેષ પ્રયોજન હોય છે.

આ કેરી પાકેલી છે આના માટે પહેલા ચાક્ષુષપ્રત્યક્ષનો પ્રયોગ કર્યો કે રાતી પીળી જોવા મળી. પછી અહીં હાથથી સ્પર્શ કરી પોચી પોચી લાગી આ સ્પાર્શનપ્રત્યક્ષ પ્રમાણ પણ તેજ કેરીને પાકી સિદ્ધ કરવામાં જ લાગું પાડ્યું, આ પ્રમાણસંપ્લવ કહેવાય.

શંકાકાર : આવું માનવાથી તો અનવસ્થા આવશે. એટલે પહેલાં હેતુને પુષ્ટ કરવા બીજા હેતુનો પ્રયોગ કર્યો, તેમ બીજા હેતુને પુષ્ટ કરવા ત્રીજા હેતુનો પ્રયોગ કરવો પડશે. એમ પછી પછીના હેતુની પુષ્ટિ માટે ઉત્તરોત્તર હેતુનો પ્રયોગ કરતા થાકી જશો, પણ છેડો નહિ આવે.

[પ્ર. જ્યાં એક સાધ્યની સિદ્ધિમાટે એક હેતુ કે ઉદાહરણનો પ્રયોગ કરીને અન્ય હેતુ કે ઉદાહરણનો પ્રયોગ કરી તે સાધ્યને સિદ્ધ કરે તો અધિક નિગ્રહસ્થાન થાય છે. પણ ત્યાં અનવસ્થા દોષ કેવી રીતે આવે ? કા.કે. જે અન્ય હેતુ કે ઉદાહરણનો પ્રયોગ કર્યો છે તે સાધ્યની પ્રતિપત્તિમાં દૃઢતા લાવવા માટે છે. જો પહેલા હેતુમાં ખામી હોય તેને પુષ્ટ કરવા માટે પ્રયોગ કર્યો હોય તો અનવસ્થા દોષ આવે. જેમ પ્રમાણસંપ્લવમાં કેરીની પક્વતાને જ–સાધ્યને સિધ્ધ કરવા માટે બીજું સ્પાર્શન પ્રત્યક્ષરૂપ પ્રમાણાન્તર લાગું પડ્યું, પરંતુ ચાક્ષુષપ્રત્યક્ષને સિદ્ધ કરવા નથી લગાડ્યું. એટલે "જે પોતે પહેલા અસિદ્ધ હોય અને તેને સિદ્ધ કરવા પુનઃતત્સજાતીયનો પ્રયોગ કરીએ ત્યાં અનવસ્થા આવે છે" જેમ → કેરી પાકી કેમ છે ? રાતી પીળી દેખાતી હોવાથી, રાતીપીળી કેમ છે ? કૃષ્ણાદિનીલાદિ વર્ણો ઉપલબ્ધ ન થતા હોવાથી, પુનઃ તે હેતુને પુષ્ટ કરવા નવો હેતુ આપે એવું માનીને શંકાકારે અનવસ્થાની શંકા કરી છે, તેના મગજમાં એમ બેસી ગયું કે હેતુ અપુષ્ટ હોય છે, માટે બીજો હેતુ મૂક્યો છે, તે પણ અપુષ્ટ જ હશે, કારણ કે તે પણ હેતુ છે, એમ બધા જ હેતુ અપુષ્ટ હોવાથી લંગાર ચાલુ જ રહેશે.]

સમાધાન : ક્યાંક આકાંક્ષાની સમાપ્તિ સંભવી શકતી હોવાથી આ અનવસ્થા દોષ નહીં આવે. જેમ પ્રમાણાન્તરની પ્રવૃત્તિની સમાપ્તિ થાય છે, કોઈ વાતને સિદ્ધ કરવા પ્રમાણ આપીને તેની સિદ્ધિ માટે બીજું પ્રમાણ આપીએ, આખરે ક્યાંક સંતોષ થઈ જતો હોવાથી પરંપરા ચલાવવી પડતી નથી. શબ્દ અનિત્ય છે. કૃતક હોવાથી, કૃતક કેમ છે ? તેની સિદ્ધિ માટે કહીએ કે "તાલુ-ઓષ્ઠ સંયોગ વગેરેથી પ્રયત્ન કરીએ ત્યારે પેદા થાય છે માટે" આ પ્રમાણાન્તર દર્શાવતા તેને સંતોષ થઈ જવાથી નવા પ્રમાણાન્તરની જરૂર પડતી નથી. "આ વીતરાગી છે. "ઉદાસીન ભાવે ક્રિયા કરતો હોવાથી" "કેવલજ્ઞાની હોવાથી," "ઘાતી કર્મનો ક્ષય થયેલ હોવાથી" બસ આવાં બે ચાર હેતુ આપી દઈએ તો સાધ્ય સિદ્ધિમાં દ્રઢતા આવી જાય છે.

વળી કૃતકત્વ આદિ હેતુઓમાં સ્વાર્થનો 'ક' પ્રત્યય લગાડીને પ્રયોગ કરવામાં આવ્યો છે.

१-०चनव् ० -डे० । २ कृतकानित्यमिति वृत्तिपदम् ।

§ ૯૩. शब्दार्थयोः पुनर्वचनं पुनरुक्तं नाम निग्रहस्थानं भवत्यन्यत्रानुवादात् । शब्दपुनरुक्तं नाम यत्र स एव शब्दः पुनरुच्चार्यते । यथा अनित्यः शब्दः अनित्यः शब्द इति । अर्थपुनरुक्तं[1] तु यत्र सोऽर्थः प्रथममन्येन शब्देनोक्तः पुनः पर्यायान्तरेणोच्यते । यथा अनित्यः शब्दो विनाशी ध्वनिरिति । अनुवादे तु पौनरुक्त्यमदोषो यथा "हेत्वपदेशात् प्रतिज्ञायाः पुनर्वचनं निगमनम्" [न्यायसू० १.१.३९] इति । अत्रार्थपुनरुक्तमेवानुपपन्नं न शब्दपुनरुक्तम्, अर्थभेदेन शब्दसाम्येऽप्यस्या[2]सम्भवात् यथा-

"हसति हसति स्वामिन्युच्चैरुदत्यतिरोदिति,
कृतपरिकरं स्वेदोद्गारि प्रधावति धावति ।
गुणसमुदितं [3]दोषापेतं प्रणिन्दति निन्दति,
धनलवपरिक्रीतं यन्त्रं प्रनृत्यति नृत्यति।।" - [वादन्यायः पृ० १११]

(૨) જે કૃતક હોય તે અનિત્ય હોય છે. આવી વ્યાપ્તિમાં યત્-તદ્નો પ્રયોગ.

(૩) સમાસયુક્ત પદના પ્રયોગથી અર્થ સિદ્ધિનો સંભવ હોવા છતાં સમાસ વગરનો વાક્ય પ્રયોગ, આમાં (૧) ક (૨) યત્ તત્ (૩) અસમસ્ત પદનો પ્રયોગ વધારાનો છે. તો તેમને અધિક નિગ્રહ સ્થાન કેમ નથી કહેતા ?

નૈયા : અધિક હોવા છતાં તેમનાથી વિશેષ પ્રતિપત્તિ થાય છે. એથી કરીને તેમને નિગ્રહસ્થાન નથી કહેતા.

જૈના : તો વિશેષ પ્રતિપત્તિના ઉપાયભૂત અનેક હેતુઓ કે ઉદાહરણનો પ્રયોગ કેવી રીતે નિગ્રહસ્થાન કહેવાય છે ? હા ! જો નિરર્થક હેતુ કે ઉદાહરણનો પ્રયોગ કરવામાં આવે તો તેઓ નિરર્થક હોવાથી જ નિગ્રહસ્થાન બની જશે, નહિ કે અધિક હોવાથી.

૯૩. પુનરુક્ત →અનુવાદને છોડી અન્યત્ર શબ્દ અને અર્થનું ફરીવાર કહેવું તે. એક જ શબ્દનો એકવારથી વધારે પ્રયોગ કરવો તે શબ્દ પુનરુક્તિ, જેમ 'અનિત્ય શબ્દ' 'અનિત્ય શબ્દ' પહેલા એકવાર અન્ય શબ્દથી જે અર્થ દર્શાવ્યો હોય તે જ અર્થ પર્યાયવાચી અન્ય શબ્દથી ફરીવાર કહેવો તે અર્થ પુનરુક્તિ. જેમ "શબ્દ અનિત્ય છે, ધ્વનિ વિનાશશીલ છે" પરંતુ અનુવાદ કરવામાં પુનરુક્તિ દોષ નથી લાગતો. જેમ → હેત્વપદેશાત્ - હેતુના કથનથી [અપદેશ –વક્તવ્ય, અસ્વીકૃતિ (સં.હિ.)] પક્ષમાં હેતુના સદ્ભાવના બલથી હેતુવિનાનું પ્રતિજ્ઞાનું પુનઃ કથન કરવું તે નિગમન; અહીં પુનરુક્તિ દોષ નથી. પક્ષે साध्यस्याबाधितत्व-प्रतिपादकवचननिगमनम् । तस्मात् तथेति "વહ્નિ વ્યાપ્યધૂમવાન્ પર્વત છે," "તેથી તે પર્વત વહ્નિમાન્ છે," પ્રતિજ્ઞામાં "પર્વતો વહ્નિમાન્ ધૂમાત્" એમ હેતુ પણ સાથે હતો, જ્યારે અહીં-નિગમન વાક્યમાં હેતુ છોડીને તેજ પ્રતિજ્ઞા વચનને ફરી કહેવામાં આવે છે.

જૈના → અહીં વાદમાં અર્થની પુનરુક્તિ જ અજુગતી છે. શબ્દની નહીં. કારણ શબ્દ સરખા હોવા છતાં પણ અર્થ ભેદ હોઈ શકે[4]છે. માટે શબ્દની પુનરુક્તિનો સંભવ નથી જેમકે હસતિ હસતિ..... પુનરુક્તિ

"ધનનાં અંશથી-મૂલ્યથી ખરીદાયેલ યન્ત્ર જેવો નોકર સ્વામી હસતા છતાં પોતે હસે છે. જોરથી રડતા છતાં મોટે અવાજે રડે છે. સ્વામી દોડતા ચારે બાજુ પરસેવો ફરી વળે-પરસેવાથી રેબઝેબ થાય એવી રીતે પોતે દોડે છે. ગુણથી ભરેલાની કે દોષયુક્તની નિંદા કરતા છતાં પોતે નિંદા કરે છે. સ્વામી નાચતા છતાં યન્ત્ર સમાન સેવક નાચવા લાગે છે."

વાદન્યાયમાં આ શ્લોક દર્શાવવામાં આવ્યો છે, એક સરખા શબ્દનો પ્રયોગ છે, છતાં અર્થ ભેદ હોવાથી

१ -०क्तं यत्र० -डे० । २ -० रुक्तम० डे० । ३ -० स्य सम्भ ० -डे ० । ४ दोषोपेतम् -डे० ।

इत्यादि । ततः स्पष्टार्थवाचकैस्तैरेवान्यैर्वा शब्दैः सभ्याः प्रतिपादनीयाः । तदप्रतिपादकशब्दानां तु सकृत् पुनः पुनर्वाभिधानं निरर्थकं न तु पुनरुक्तमिति । यदपि अर्थादापन्नस्य स्वशब्देन पुनर्वचनं पुनरुक्तमुक्तं यथा असत्सु मेघेषु वृष्टिर्न भवतीत्युक्ते अर्थादापद्यते सत्सु भवतीति तत् कण्ठेन कथ्यमानं पुनरुक्तं भवति, अर्थगत्यर्थे हि शब्दप्रयोगे प्रतीतेऽर्थे किं तेनेति ? । एतदपि प्रतिपन्नार्थप्रतिपादकत्वेन वैयर्थ्यान्निग्रहस्थानं नान्यथा । तथा चेदं निरर्थकान्न [१]विशिष्येतेति [१३] ।

§ ९४. पर्षदा विदितस्य वादिना त्रिरभिहितस्यापि यदप्रत्युच्चारणं तदननुभाषणं नाम निग्रहस्थानं भवति, अप्रत्युच्चारयत् (न्) किमाश्रयं दूषणमभिदधतीति(०दधीतेति) । अत्रापि किं सर्वस्य वादिनोक्तस्याननुभाषणम् उत[२] यन्नान्तरीयिका साध्यसिद्धिस्तस्येति ?। तत्राद्यः पक्षोऽयुक्तः,

---

પુનરુક્તિ દોષ લાગતો નથી. અહીં આગલ હસતિ રુદતિ, પ્રધાવતિ, પ્રણિન્દતિ, પ્રનૃત્યતિ વર્તમાન કૃદંતની સપ્તમી વિભક્તિ છે. સતિ સપ્તમીના અર્થમાં "यद्भावो भाव लक्षणम्" ॥२॥२॥१०९॥ સિ.હે.થી સપ્તમી વિ. થયેલ છે. અન્ય હસતિ વિગેરે પ્રયોગો વર્તમાન ક્રિયા પદ છે.

સ્પષ્ટ અર્થના વાચક તેજ શબ્દો દ્વારા કે અન્ય શબ્દો દ્વારા સભ્યોને સ્વઈષ્ટ અર્થ સમજાવવો જોઈએ. પૂર્વના શબ્દોથી ખબર ન પડે તો તેવા જ અર્થનું પ્રતિપાદન કરનાર અન્ય શબ્દો દ્વારા પણ સભાજનોને સમજાવવાથી પુનરુક્તિ દોષ માનવો યોગ્ય નથી. હા જે અભીષ્ટ અર્થના પ્રતિપાદક ન હોય તેમનું એકવાર કહેવુ કે વારંવાર કહેવું, તે નિરર્થક જ છે. તેથી તે નિરર્થક નિગ્રહસ્થાન બનશે. પરંતુ તે પુનરુક્ત નહીં બને.

જે વાત અર્થથી જાણી લેવાય, તેને શબ્દો દ્વારા ફરી કહેવી પુનરુક્તિ છે. જેમ વાદળાનાં અભાવમાં વૃષ્ટિ નથી થતી, આમ કહેતા પોતાને મેળે જ એની ખબર પડી જાય છે કે વાદળા હોય તો વૃષ્ટિ થાય છે, માટે તે વાત કંઠ દ્વારા શબ્દો બોલીને કહેવી પુનરુક્તિ કહેવાય. અર્થને સમજવા માટે તો શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, હવે જો અર્થ જણાઈ જ આવ્યો છે તો પછી શબ્દ પ્રયોગની શી જરૂર ?

જૈના→ આવી પુનરુક્તિ પણ પ્રતિપન્નાર્થ =પ્રતીત અર્થનું પ્રતિપાદન કરનાર શબ્દ પ્રયોગના કારણે છે. એટલે તેવો પ્રયોગ સાર્થક ન બનતો હોવાથી દોષ રૂપે બને છે, નહીં કે બીજીવાર કહેવાથી. તેથી આ પણ નિરર્થક નિગ્રહ સ્થાનથી ભિન્ન નથી. ઉપરોક્ત વાક્યથી વાદળા હોય ત્યાં વૃષ્ટિ થાય છે, આ પ્રતીતિ થઈ જાય છે, તે માટે શબ્દ પ્રયોગ કરવો નકામો છે, જે લાકડું પોતાની મેળે તુટી ગયું/જાય, તેના ઉપર કુહાડાના ઘા કરવા વ્યર્થ છે. તેની જેમ જ્યાં અર્થ જણાઈ જતો હોય ત્યાં તે માટે શબ્દ પ્રયોગ જરૂરી ન હોવાથી દોષ રૂપ બને છે. કાંઈ બીજી વાર કહેવાથી નહીં. એટલે નકામો શબ્દ પ્રયોગ કરવો તે તો નિરર્થક નિગ્રહ સ્થાન થયુ ને. અને જ્યાં અર્થ પ્રતીત ન થતો હોય ત્યાં તો તેવો શબ્દ પ્રયોગ અર્થ સમજાવવામાં ઉપયોગી થતો હોવાથી દોષ રૂપ નથી. જેમ અન્યભાષાના માનવીને, ઉક્તશબ્દના પર્યાયથી અજ્ઞાતને પ્રતિ સરળ–પ્રસિદ્ધ પર્યાયવાચીનો પ્રયોગ કરવો ઉપયોગી બને છે. જેમ ટીકામાં પર્યાયવાચી શબ્દો દર્શાવવામાં આવે છે.

૯૪. અનનુભાષણ →સભ્યો જેને સમજી લે અને વાદીએ તેનો ત્રણવાર ઉચ્ચાર કર્યો હોય છતાં પ્રતિવાદી તેનું પ્રતિ ઉચ્ચારણ ન કરે તો આ નિગ્રહ સ્થાન લાગુ પડે છે. વાદીના કથનનું પ્રત્યુચ્ચારણ જ ન કરે તો તેમાં દૂષણ કેવી રીતે આપી શકે ? શેને આશ્રયી દૂષણ આપે ?

જૈના : અહીં પણ આ વિચારણીય છે કે વાદીના સમગ્ર કથનનું ઉચ્ચારણ ન કરવું અનનુભાષણ નિગ્રહ

---

१ विशेष्ये ० -डे० । २ उत यन्नान्तरीयिका ०-ता । उत प्रयन्नानन्तरीयिका-डे० ।

परोक्तमशेषमप्रत्युच्चारयतोऽपि दूषणवचनाव्याघातात् । यथा सर्वमनित्यं सत्त्वादित्युक्तेसत्त्वादित्ययं हेतुविरुद्ध इति हेतुमेवोच्चार्य विरुद्धतोद्भाव्यतेक्षणक्षयाद्येकान्ते सर्वथार्थक्रियाविरोधात् सत्त्वानुपपत्तेरिति च समर्थ्यते । ता[1]वता च परोक्तहेतोर्दूषणात्किमन्योच्चारणेन ?। अथैवं दूषयितुमसमर्थः शास्त्रार्थपरिज्ञानविशेषविकलत्वात्, तदायमुत्तराप्रतिपत्तेरेव तिरस्क्रियते न पुनरननुभाषणादिति [१४]।

§ ९५. पर्षदा विज्ञातस्यापि वादिवाक्यार्थस्य प्रतिवादिनो यदज्ञानं तदज्ञानं नाम निग्रहस्थानं भवति । अविदितोत्तरविषयो हि कोत्तरं ब्रूयात् ? । न चाननुभाषणमेवेदम्, ज्ञातेऽपि वस्तुन्यनुभाषणासामर्थ्यदर्शनात् । एतदप्यसाम्प्रतम्, प्रतिज्ञाहान्यादिनिग्रहस्थानानां भेदा[2]भावानुषङ्गात्, तत्राप्यज्ञानस्यैव सम्भवात् । तेषां तत्प्रभेदत्वे वा निग्रहस्थानप्रतिनियमाभावप्रसङ्गः, परोक्तस्याऽर्धाऽज्ञानादिभेदेन निग्रहस्थानानेकत्वप्रसङ्गात् [१५] ।

સ્થાન છે કે જેનું ઉચ્ચારણ કર્યા વિના સાધ્યની સિદ્ધિ ન થઈ શકે, તેનું ઉચ્ચારણ ન કરવાથી અનનુભાષણ થાય છે ?

તેમાં પહેલો પક્ષ સ્વીકારવો અયુક્ત છે, કારણ વાદીએ કહેલું બધું પ્રત્યુચ્ચારણ કર્યા વગર પણ દૂષણનો પ્રયોગ કરવામાં કોઈ બાધ આવતો નથી. જેમ વાદીએ કહ્યું "બધા પદાર્થો અનિત્ય છે, સત્ હોવાથી" અહીં પ્રતિવાદી વાદીના સમગ્ર કથનને ઉચ્ચાર્યા વગર "સત્ હોવાથી" આ હેતુ વિરૂદ્ધ છે. એમ માત્ર હેતુનો જ ઉચ્ચાર કરી વિરુદ્ધ દોષનું ઉદ્‌ભાવન કરવામાં આવે છે કે→"ક્ષણક્ષય આદિ એકાન્તમાં અર્થક્રિયાનો સર્વથા વિરોધ છે, માટે ત્યાં સત્ત્વ ઘટી શકતું નથી." આમ કહી પ્રતિવાદીના હેતુનું નિરસન કરે છે. એટલે આવી દલીલ આપી હેતુ વિરૂદ્ધ છે, એનું સમર્થન કરે છે. તેટલા કથનથી બીજાએ કહેલ હેતુ દૂષિત થઈ જતો હોવાથી તેનાથી વધારે ઉચ્ચાર કરવાનો શો મતલબ ? એથી જે શબ્દો ફરી ઉચ્ચાર્યા વગર સાધ્યની સિદ્ધિ ન થઈ શકે, તેમનો જ ઉચ્ચાર ન કરવો તે **અનનુભાષણ** માનવું જોઈએ. કદાચિત પ્રતિવાદી શાસ્ત્રનાં અર્થના વિશિષ્ટ પરિજ્ઞાનથી વિકલ હોવાથી હેતુનો ઉચ્ચાર કરી તેને દૂષિત કરવા સમર્થ ન પણ હોય, તેથી આ તો ઉત્તર-જવાબ ન સૂજવાના કારણે જ તિરસ્કૃત–પ્રતિવાદી પરાજિત થઈ જશે. નહીં કે અનનુભાષણનાં કારણે.

૯૫. **અજ્ઞાન** → વાદી દ્વારા પ્રયુક્ત વાક્યનાં અર્થને સભા સમજી લે, પરંતુ પ્રતિવાદીની સમજમાં ન આવે તે **અજ્ઞાન નિગ્રહસ્થાન** છે. પ્રતિવાદી ઉત્તરના વિષયને જ ન સમજે તો શેની બાબતમાં ઉત્તર આપશે? આનો અનનુભાષણમાં સમાવેશ થઈ શકતો નથી. કારણ કે અનુભાષણ=પુનરુચ્ચાર કરવાનું અસમાર્થ્ય તો જ્ઞાત વસ્તુમાં પણ જોવા મળે છે. પ્રતિવાદીને વાદીએ કહેલ હેતુ પ્રયોગ તો ખ્યાલમાં છે, એટલે તે શબ્દનો વિષયતો જ્ઞાત થયેલો છે, પરંતુ ભાઈ સાહેબને ઉત્તર સૂઝતો નથી, માટે ક્ષોભ પામી જવાથી કશું બોલતો નથી. એમ તે પ્રતિજ્ઞા વિ.નો પુનઃ પ્રતિવાદી દ્વારા ઉચ્ચારણ–અનુભાષણ ન કરવામાં અસામર્થ્ય તો વાદીના કથનનો ખ્યાલ હોય તો પણ સંભવે છે.

જૈના : નૈયાયિકની આ માન્યતા પણ બરાબર નથી, કારણ કે અજ્ઞાન નિગ્રહસ્થાન જુદુ માનતાં પ્રતિજ્ઞાહાનિ વગેરે નિગ્રહસ્થાનો અલગ નહિ રહી શકે, કારણ કે પ્રતિજ્ઞાહાનિ વગેરે થવામાં પણ અજ્ઞાન જ હેતુ છે, જો તેઓને અજ્ઞાન નિગ્રહસ્થાનથી ભિન્ન માનવાનો આગ્રહ રાખશો તો નિગ્રહસ્થાનોની પ્રતિનિયત સંખ્યા નહી રહી શકે. પછી તો વાદીનાં અડધા કથનને નહી સમજવાથી, તેનાં સાધ્યને નહીં સમજવાથી

---

१ तावता परो० -डे० । २ भेदमा० -डे० ।

§ ९६. परपक्षे गृहीतेऽप्यनुभाषितेऽपि तस्मिन्नुत्तराप्रतिपत्तिरप्रतिभा नाम निग्रहस्थानं भवति । एषाप्यज्ञानान्न भिद्यते [१६] ।

§ ९७. "कार्यव्यासङ्गात् कथाविच्छेदो विक्षेपः" [न्यायसू० ५.२.१९] नाम निग्रहस्थानं भवति । सिषाधयिषितस्यार्थस्याशक्यसाधनतामवसाय कथां विच्छिनत्ति 'इदं मे करणीयं परिहीयते, पीनसेन कण्ठ उपरुद्धः' इत्याद्यभिधाय कथां विच्छिन्दन् विक्षेपेण पराजीयते । एतदप्यज्ञान[1]तो नार्थान्तरमिति [१७] ।

§ ९८. स्वपक्षे परापादितदोषमनुद्धृत्य तमेव परपक्षे प्रतीपमापादयतो मतानुज्ञा नाम निग्रहस्थानं भवति । चौरो भवान् पुरुषत्वात् प्रसिद्धचौरवदित्युक्ते-भवानपि चोरःपुरुषत्वादिति ब्रुवन्नात्मनः परापादितं चौरत्वदोषमभ्युपगतवान् भवतीति मतानुज्ञया निगृह्यते । इदमप्यज्ञानान्न भिद्यते । अनैकान्तिकता वात्र हेतोः, स ह्यात्मीयहेतो[2]रात्मनैवानैकान्तिकतां दृष्ट्वा प्राह-भवत्पक्षेऽप्यं दोषः समानस्त्वमपि [3]पुरुषोऽसी-त्यनैकान्तिकत्वमेवोद्भावयतीति १८ ।

ઇત્યાદીના કારણે ભિન્ન ભિન્ન અનેક નિગ્રહસ્થાન માનવા પડશે.

૯૬. **અપ્રતિભા**→ પરપક્ષને સમજવા છતાં અને પરપક્ષ સંબંધી કથનનું અનુભાષણ કરવા છતાં તેનો ઉત્તર ન સૂઝવો તે અપ્રતિભા નિગ્રહસ્થાન છે. પ્રતિવાદીના કહેવાનો મતલબ એ છે કે "શબ્દ અનિત્ય છે" અને પોતે પાછો સભા અને પ્રતિવાદીની સામે ઉચ્ચાર પણ કર્યો કે તમે "શબ્દ અનિત્ય છે" એમ કહી રહ્યા છો ને ? એમ અનુભાષણ પણ થઈ ગયું. પણ ભાઈસાહેબને આનું ખંડન કરવાની કોઈ યુક્તિ હાથમાં ન આવી.

જૈના : ભગાભાઈ ! આનો અજ્ઞાન નિગ્રહસ્થાનથી કશો ફેર પડતો નથી.

૯૭. **વિક્ષેપ** →કોઈ કાર્યનો વ્યાસંગ–બહાનું બતાવી વચ્ચે જ કથાનો વિચ્છેદ કરી દેવો, તેને વિક્ષેપ નામનું નિગ્રહસ્થાન કહે છે. ઇચ્છેલ અર્થને સિદ્ધ કરવાનું અશક્ય જાણી વચ્ચે જ કથાવાદને સમાપ્ત કરી દે કે "મારે આ કામ બગડી રહ્યું છે," "શરદી કે કફને લીધે મારો કંઠ રૂંધાઈ ગયો છે" ઇત્યાદિ કહી કથાનો વિચ્છેદ કરતો વ્યક્તિ વિક્ષેપ નિગ્રહ સ્થાનથી નિગૃહીત–પરાજિત થાય છે.

જૈના : પરંતુ આ પણ અજ્ઞાનથી અલગ નથી કારણ કે ભાઈસાહેબ પોતાનામાં ખામી જોઈ છટકવાની બારી કાઢી રહ્યા છે, એટલે મૂલમાં તો સાધ્ય સિદ્ધ કરવાનુ અજ્ઞાન જ કારણ બન્યું ને !

૯૮. **મતાનુજ્ઞા** →સ્વપક્ષમાં બીજાએ આપેલ દોષનો ઉદ્ધાર કર્યા વિના તેજ દોષ ઉલ્ટો પરપક્ષમાં આપતા મતાનુજ્ઞા નિગ્રહસ્થાન થાય છે. જેમ વાદી કહે કે "આપ ચોર છો, પુરૂષ હોવાથી, પ્રસિદ્ધ ચોરની જેમ" ત્યારે પ્રતિવાદી કહે "આપશ્રી પણ ચોર છો, પુરૂષ હોવાથી" આમ કહેતા બીજાએ પોતાનાં ઉપર જે દોષનો ટોપલો ઢોળ્યો હતો તેનો=ચોરત્વ દોષનો સ્વીકાર થઈ જાયછે.

જૈના : આ પણ અજ્ઞાનથી અલગ નથી, બીજાને દોષ આપતા પોતાને ખ્યાલ ન આવ્યો કે મારા ઉપર આક્ષેપનો કળશ ઢોળાઈ જશે. અથવા અહીં તો હેતુમાં અનૈકાન્તિકતા સમજવી.

વાદી દ્વારા ચોરનો આક્ષેપ કરવા જે પુરૂષત્વ હેતુ આપ્યો તે પ્રતિવાદીનો પોતાનો હેતુ છે, કારણ એ પુરૂષત્વ પોતાનામાં રહેલુ જ છે. પણ તે હેતુની પોતાના વડે=પુરૂષત્વ હેતુ દ્વારા અનૈકાન્તિકતા જોઈ (આત્મીયહેતુ હોવાથી સ્વમાં જ રહેવો જોઈએ પરંતુ તે પુરૂષત્વ અન્ય પુરૂષમાં પણ રહેલું છે માટે) પોતાના

---

१ -०नतो न भिद्यते । स्व०-मु-पा० । २-०रात्मीयेनैव -डे० । ३ पुरुषो भवसी०-डे० ।

§ ९९. निग्रहप्राप्तस्यानिग्रहः पर्युनुयोज्योपेक्षणं नाम निग्रहस्थानमुपनतमतो निगृहीतोऽसि' इत्येवं वचनीयस्तमुपेक्ष्य न निगृह्णाति यः स पर्यनुयोज्योपेक्षणेन निगृह्यते । एतच्च 'कस्य निग्रहः' इत्यनुयुक्तया परिषदोद्भावनीयं न त्वसावात्मनो दोषं विवृणुयात् 'अहं निग्राह्यस्त्वयोपेक्षितः' इति । एतदप्यज्ञानान्न भिद्यते [१९]।

§ १००. "अनिग्रहस्थाने निग्रहस्थानानुयोगो निरनुयोज्यानुयोगः" [न्यायसू० ५.२.२२] नाम निग्रहस्थानं भवति । उपपन्नवादिनमप्रमादिनमनिग्रहार्हमपि 'निगृहीतोऽसि' इति यो ब्रूयात्स एवाभूतदोषोद्भावनान्निगृह्यते । एतदपि नाज्ञानाद्व्यतिरिच्यते [२०] ।

§ १०१. "सिद्धान्तमभ्युपेत्यानियमात्कथाप्रसङ्गोऽपसिद्धान्तः" [न्यायसू० ५२.३] नाम निग्रहस्थानं भवति । यः प्रथमं कञ्चित् सिद्धान्तमभ्युपगम्य कथामुपक्रमते ।

વડે વ્યભિચારિતા દેખીને એટલે કે પુરષત્વ હેતુને પોતે જ્યાં નથી ત્યાં પણ જોઈને સ–તે પ્રતિવાદી કહે કે આપના પક્ષમાં પણ આ દોષ સમાન છે, કારણ તમે પણ પુરૂષ છો. એમ ચોરત્વ સાધ્ય પોતાનામાં હતુ, તેનાં વિપક્ષભૂત વાદીમાં હેતુ રહેલો જણાવી દોષનું આરોપણ કરવામાં આવ્યું હોવાથી અહીં હેતુની વ્યભિચારિતા જ પ્રગટ કરવામાં આવી રહી છે. (વાદી પ્રતિવાદીમાં ચૌરત્વ સાધ્યનીસિદ્ધિ કરવા માંગેછે, તેથી તે પ્રતિવાદી પક્ષ થયો, અને પ્રસિદ્ધ ચૌર તે સપક્ષ છે, અને વાદી પોતાને તો ચૌર નથી માનતો એટલે પોતે અને બીજા સાહુકાર પણ વિપક્ષ ભૂત છે, પણ ત્રણેમાં પુરુષત્વ હેતુ રહેલો હોવાથી વ્યભિચાર આવે છે.)

૯૯ પર્યનુયોજ્યોપેક્ષણ →નિગ્રહ પ્રાપ્તનો નિગ્રહ ન કરતાં પર્યનુયોજ્યોપેક્ષણ નિગ્રહસ્થાન લાગુ પડે છે. જે નિગ્રહ સ્થાન પ્રાપ્ત થયો હોય, તેને અવશ્ય પ્રેરવો જોઈએ કે તમારે આ નિગ્રહસ્થાન લાગુ પડે છે કે જેથી તે નિગૃહીત બની જાય છે. એમ કહેવું જોઈએ, તેની ઉપેક્ષા કરી જે તેને નિગૃહીત ન કરે તે આનાથી નિગૃહીત થાય છે. 'કોનો નિગ્રહ થયો' એમ પૃચ્છા કરવા દ્વારા આ વાત સભા સમક્ષ પ્રગટ કરવી જોઈએ. એટલે જેનો નિગ્રહ થતો હોય તેનું નામ બતાવવું જોઈએ. કારણ કોઈ પણ પોતાનો દોષ જાતે તો જાહેર નહિ કરે, કે "હું નિગ્રહ પ્રાપ્ત છું" તે તો ઉપેક્ષા કરશે, પરંતુ જો વાદી નિગૃહીત બને તો પ્રતિવાદીએ કહેવું જોઈએ કે આ વાદી આ નામના નિગ્રહસ્થાનથી નિગૃહીત બને છે. અનુયુક્ત, અનુયોગ-પ્રશ્ન, પૃચ્છા, પરીક્ષા સં.હિં.

જૈના : આ પણ અજ્ઞાનથી અલગ નથી, કારણ કે પોતાને ખ્યાલ ન આવ્યો તેથી જ તો સામેની વ્યક્તિને નિગૃહીત જાહેર ન કરી શક્યો. નહીતર આવો ક્યો વિજયેચ્છુ વાદી કે પ્રતિવાદી હોય કે પોતાને ખ્યાલ આવી જાય કે પ્રતિવાદી દોષિત બન્યો છે, છતાં પોતે જાહેર ન કરે ?

૧૦૦. નિરનુયોજ્યાનુયોગ →નિગ્રહસ્થાનને પ્રાપ્ત ન થવા છતાં નિગ્રહસ્થાન પ્રાપ્તિનો આરોપ લગાડવો તે. જે યુક્તિયુક્ત વાદ કરનાર હોય, અપ્રમાદી હોય અને નિગ્રહ માટે યોગ્ય ન હોય તે વ્યક્તિને "તું નિગૃહીત થયો છે" એમ જે બોલે તે અસદ્‌ભૂત દોષનું ઉદ્‌ભાવન કરનાર હોવાથી આ નિગ્રહ સ્થાનથી નિગૃહીત બને છે.

જૈના →આ પણ અજ્ઞાનથી જુદુ પડતું નથી. કારણ કે વાદીમાં દોષ નથી છતાં દોષનો ભ્રમ થયો એટલે અયથાર્થ અનુભવ = અજ્ઞાન જ થયું ને.

૧૦૧. અપસિદ્ધાંત →કોઈક સિદ્ધાન્તનો સ્વીકાર કરી તેના નિયમથી વિરુદ્ધ કથા કરવી તે અપસિદ્ધાંત નામનું નિગ્રહ સ્થાન બને છે. કોઈ પણ વાદી પહેલાં કોઈક સિદ્ધાંતનો સ્વીકાર કરીને કથાનો પ્રારંભ કરે છે.

१-०स्थानाभियो ०-मु-पा० ।

तत्र च सिषाधयिषितार्थसाधनाय परोपालम्भाय वा सिद्धान्तविरुद्धमभिधत्ते सोऽपसिद्धान्तेन निगृह्यते । एतदपि प्रतिवादिनः प्रतिपक्षसाधने सत्येव निग्रहस्थानं नान्यथेति [२१] ।

§ १०२ "हेत्वाभासाश्च यथोक्ता" [न्यायसू० ५.२.२४] असिद्धविरुद्धादयो निग्रहस्थानम् । अत्रापि विरुद्धहेतूद्भावनेन प्रतिपक्षसिद्धेर्निग्रहाधिकरणत्वं युक्तम्, असिद्धाद्युद्भावने तु प्रतिवादिना प्रतिपक्षसाधने कृते तद्युक्तं नान्यथेति [२२] ॥ ३४॥

§ १०३ तदेवमक्षपादोपदिष्टं पराजयाधिकरणं परीक्ष्य सौगतागमितं[१] तत् परीक्ष्यते

પણ પછી પોતે જે અર્થની સિદ્ધિ કરવાનું ધાર્યું હતું, તેની સિદ્ધિ સ્વીકૃત સિદ્ધાંતથી થઈ શકતી ન હોય; એટલે તેની સિદ્ધિ માટે અથવા પરપક્ષને દૂષિત કરવા સ્વીકૃત સિદ્ધાંતથી વિરૂદ્ધ કથન કરે છે, ત્યારે અપસિદ્ધાંતથી નિગૃહીત બને છે.

[જેમ નૈયાયિકનો સિદ્ધાન્ત છે કે શબ્દ આકાશનો ગુણ છે, અમૂર્તનોગુણ અસ્માદાદિ પ્રયત્નથી જન્ય ન હોઈ શકે. એટલે શબ્દને અનિત્ય સિદ્ધ કરવો મુશ્કેલ પડે, ત્યારે પોતાનો સિદ્ધાંત છોડે કે શબ્દ એ પુદ્ગલનો પર્યાય છે, તે મૂર્ત્ત હોવાથી અને દ્રવ્યરૂપ હોવાથી આપણાં પ્રયત્નનો વિષય બની શકે છે, માટે અનિત્ય છે. અને મીમાંસક નિત્ય માને છે, તેનાં પક્ષમાં મૂર્ત્ત દ્રવ્ય જો વિદ્યમાન હોય તો ગ્રાહ્ય બને, જેમ વક્તા બોલે છે ત્યારે આપણને બરાબર અનુભવ થાય છે. તેમ સર્વદા શબ્દનો અનુભવ થવો જોઈએ, મીમાંસકને આવી આપત્તિ મૂર્ત્ત દ્રવ્ય માનીને આપી શકાય છે, નહીંતર—મૂર્ત્ત માન્યા વિના અમૂર્ત્ત ગુણનો સર્વદા સાક્ષાત્કાર થવાનું કહી શકાતું નથી. આત્મા દિશા વગેરેનાં ગુણો ક્યાં સર્વદા જોવા મળે છે ? એમ સ્વપક્ષ સિદ્ધિ અને પરપક્ષને દૂષિત કરવા નૈયાયિક પોતાનો સિદ્ધાન્ત છોડે તો આ અપસિદ્ધાન્તથી નિગૃહીત બને છે.]

જૈના : આ પણ પ્રતિવાદીનાં પક્ષની સિદ્ધિ ન થાય તો કાંઇ વાદી પરાજિત કહેવાતો નથી. તો પછી નિગૃહીત શેનો ? વાદી (સાંખ્ય) આત્માને નિત્ય માને છે, એ એનો સિદ્ધાંત છે, પણ આત્માને સત્ સિદ્ધ કરવા અર્થક્રિયા ઘટવી જોઈએ નિત્યમાં ઘટી ન શકે એટલે નિત્યાનિત્ય માનવા જતા જૈન (પ્રતિવાદી) ના પક્ષની "આત્મા નિત્યાનિત્ય છે" એવી સિદ્ધિ થઈ જાય તો વાદી અપસિદ્ધાંતથી નિગૃહીત બને, પણ ત્યારે તો વાદી પરાજિત થવાનાં કારણે જ નિગૃહીત બની જાય છે. માટે અપસિદ્ધાંતને માનવાની જરૂર રહેતી નથી.

૧૦૨. હેત્વાભાસા →પૂર્વે કહેલાં (અસિદ્ધ વિરૂદ્ધ વગેરે) હેત્વાભાસ પણ નિગ્રહસ્થાન કહેવાય છે.

જૈના : અહીં પણ વિરૂદ્ધ હેતુનું ઉદ્ભાવન કરવાથી પ્રતિપક્ષની સિદ્ધિ થઈ જવાથી વાદી નિગૃહીત બને છે તે માનવું ઉચિત છે. અને અસિદ્ધ વગેરેનું ઉદ્ભાવન કરતા તો પ્રતિવાદી પોતાનો પક્ષ સિદ્ધ કરે ત્યારે જ નિગ્રહ સ્થાન મનાય. પ્રતિવાદી પોતાના પક્ષને સિદ્ધ ન કરે તો નિગ્રહસ્થાન ન મનાય. એટલે હું ખોટો હેતુ મૂકું, પણ સામે તેનાં આધારે તમારો પક્ષ સિદ્ધ ન કરી શકો તો હું હાર્યો તો ન જ કહેવાઉં. ક્રિકેટમાં બેટ્સમેન ખોટી રીતે શૉટ મારે પણ ફિલ્ડર કેચ ન પકડે તો તે કાંઇ આઉટ થતો નથી. જ્યારે વિરૂદ્ધ દોષ તો ક્લીન બોલ્ડ જેવો છે,માટે ડાયરેક્ટ આઉટ થઈ જાય,- હારી જાય ॥૩૪॥

૧૦૩. આમ અક્ષપાદે ઉપદેશેલ નિગ્રહસ્થાનની પરીક્ષા કરી. હવે બૌદ્ધ સમ્મત નિગ્રહસ્થાનોની પરીક્ષા કરે છે.

૧-०मितं परी० -ता० ।

ना[1]प्यसाधनाङ्गवचनादोषोद्भा[2]वने ॥३५॥

§ १०४ स्वपक्षस्यासिद्धिरेव पराजयो 'न' 'असाधनाङ्गवचनम्' 'अदोषोद्भावनम्' च । यथाह धर्मकीर्तिः→

"असाधनाङ्गवचनमदोषोद्भावनं द्वयोः ।
निग्रहस्थानमन्यत्तु न युक्तमिति नेष्यते ॥" –[वादन्यायः का० १]

§ १०५. अत्र हि स्वपक्षं साधयन् वा वादिप्रतिवादिनोरन्यतरोऽसाधनाङ्गवचनाददोषोद्भावनाद्वा परं निगृह्णाति ? । प्रथमपक्षे स्वपक्षसिद्धयैवास्य पराजयादन्योद्भावनं व्यर्थम् । द्वितीयपक्षे असाधनाङ्गवचनाद्युद्भावनेपि[3] न कस्यचिज्जयः, पक्षसिद्धेरुभयोरभावात् ।

§ १०६. यच्चास्य व्याख्यानम्→साधनं सिद्धिस्तदङ्गं त्रिरूपं लिङ्गं तस्यावचनम्-तूष्णीम्भावो यत्किञ्चिद्भाषणं वा, साधनस्य वा त्रिरूपलिङ्गस्याङ्गं समर्थनं विपक्षे बाधकप्रमाणोपदर्शनरूपं तस्यावचनं वादिनो निग्रहस्थानमिति-तत् पञ्चावयवप्रयोगवादिनोऽपि समानम् । शक्यं हि तेनाप्येवं वक्तुं सिद्ध्यङ्गस्य पञ्चावयवप्रयोगस्यावचनात् सौगतस्य वादिनो निग्रहः । ननु चास्य तदवचनेऽपि[4] न निग्रहः, प्रतिज्ञानिगमनयोः [5]पक्षधर्मोपसंहारसामर्थ्येन गम्यमानत्वात्, गम्यमानयोश्च वचने पुनरुक्तत्वानुषङ्गात्, तत्प्रयोगेऽपि हेतु[6]प्रयोगमन्तरेण साध्यार्थाप्रसिद्धेः, इत्यप्यसत्, पक्षधर्मोपसंहारस्याप्ये[7]वमवचनानुषङ्गात् ।

असाधनांगवचनं अने अदोषोद्भावन पण पराज्य नथी ॥३५॥

સ્વપક્ષની અસિદ્ધિ જ પરાજય છે, અસાધનાંગવચન અને અદોષોદ્ભાવન પરાજય.

ધર્મકીર્તિવાદન્યાયમાં કહે છે → અસાધનાંગવચન અને અદોષોદ્ભાવન આ બેજ નિગ્રહસ્થાન છે. અન્યને નિગ્રહસ્થાન માનવા યુક્ત નથી, તેથી તેમને-અન્યનિગ્રહસ્થાનોને ઈચ્છતા નથી (વાદન્યાય કા.૧)

૧૦૫. જૈના : વાદી કે પ્રતિવાદીમાંથી કોઈ સ્વપક્ષને સિદ્ધ કરતો અસાધાનાંગવચન કે અદોષોદ્ભાવન દ્વારા બીજાને નિગૃહીત કરે છે કે સિદ્ધ ન કરતો ?

પ્રથમ પક્ષ માનતા તો સ્વપક્ષની સિદ્ધિ દ્વારા જ વિરોધી પક્ષનો પરાજય થઈ જશે. તેથી પાછળથી બીજા દોષનું ઉદ્ભાવન કરવું નકામુ છે. બીજો પક્ષ માનતાં અસાધનાંગવચન આદિ દોષનું ઉદ્ભાવન કરવા છતાં કોઈનો જય નહીં થાય. કારણ કે વાદી –પ્રતિવાદી ઉભયમાં પક્ષની સિદ્ધિનો અભાવ છે.

૧૦૬. અસાધનાંગવચનની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે. સાધન એટલે સિદ્ધિ તેના અંગ ત્રિરૂપ લિંગ=પક્ષધર્મત્વ, સપક્ષસત્ત્વ, વિપક્ષવ્યાવૃત્તિ લક્ષણવાળો હેતુ તેનું અવચન=પ્રયોગ ન કરવો–મૌન ધારણ કરવું–ચૂપ થઈ જવું અથવા જે તે બોલી જવું.

અથવા સાધન - ત્રિરૂપલિંગ તેનું અંગ - સમર્થન (કરવું). અર્થાત્ વિપક્ષમાં બાધક પ્રમાણનું ઉપદર્શન (કરવું) તેનું અવચન-કથન ન કરવું. તાત્પર્ય એ છે કે ત્રણ લક્ષણવાળા હેતુનો પ્રયોગ ન કરવો અથવા હેતુનું સમર્થન ન કરવું તે અસાધનાંગવચન નામનું નિગ્રહસ્થાન કહેવાય છે.

પરંતુ આ વાત તો પંચાવયવ પ્રયોગવાદી નૈયાયિક માટે પણ સમાન છે. તે નૈયાયિક પણ કહી શકે છે કે પંચાવયવનો પ્રયોગ ન કરવાથી વાદી–બૌદ્ધનો નિગ્રહ થાય છે.

શંકાકાર : પંચાવયનો પ્રયોગ ન કરવા છતાં અસ્ય-સૌગતનો નિગ્રહ થતો નથી, કારણ કે પ્રતિજ્ઞા અને નિગમનનો પક્ષ ધર્મના ઉપસંહાર (ઉપનયના) ના સામર્થ્યથી જ ખ્યાલ આવી જાય છે અને જો અર્થનું સ્વતઃ

---

१ नासाध०- -ता-मू० । २ इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां प्रमाणमीमांसायां द्वितीयस्याध्यायस्य कियन्ति सूत्राणि ॥ श्रीवामातनयाय नमः ॥ शुभं भवतु लेखकपाठकाय सदा ॥ छ ॥-सं-मू० । ३-०पि कस्य०-ता० । ४ -० पि निग्र०-डे० । ५ पक्षधर्मोपक्षधर्मोपसं०-डे० पक्षधर्मापक्षधर्मापसं-मु० । ६ हेतुना प्रयो० -ता० । ७-०प्येवं वच० -डे० ।

अथ सामर्थ्याद्गम्यमानस्यापि यत् सत् तत् सर्वं क्षणिकं यथा घटः, संश्च शब्द इति पक्षधर्मोपसंहारस्य व[1]चनं हेतोरपक्ष[2]धर्मत्वेनासिद्धत्वव्यवच्छेदार्थम्, तर्हि साध्याधारसन्देहापनोदार्थं गम्यमानाया अपि प्रतिज्ञायाः, प्रतिज्ञाहेतूदाहरणोपनयानामेका[3]र्थत्वप्रदर्शनार्थं निगमनस्य वचनं किं न स्यात् ? । नहि प्रतिज्ञादीनामेकार्थत्वोपदर्शनमन्तरेण सङ्गतत्वं घटते, भिन्नविषयप्रतिज्ञादिवत् ।

ननु प्रतिज्ञातः साध्यसिद्धौ हेत्वादिवचनमनर्थकमेव स्यात्, अन्यथा नास्यां साधनाङ्गतेति चेत्, तर्हि भवतोऽपि हेतुतः साध्यसिद्धौ दृष्टान्तोऽनर्थकः स्यात्, अन्यथा नास्य साधनाङ्गतेति समानम् । ननु साध्यसाधनयोर्व्याप्तिप्रदर्शनार्थत्वात् नानर्थको दृष्टान्तः, तत्र तदप्रदर्शने हेतोरगमकत्वात्, इत्यप्ययुक्तम्, सर्वानित्यत्वसाधने सत्त्वादेर्दृष्टान्तासम्भवतोऽगमकत्वानुषङ्गात् । विपक्षव्यावृत्त्या सत्त्वादेर्गमकत्वे वा

જ્ઞાન થઈ જતુ હોય તેના માટે શબ્દ પ્રયોગ કરતાં પુનરુક્તિ દોષ લાગે. પ્રતિજ્ઞા અને નિગમનનો પ્રયોગ કરવા છતાં હેતુનો પ્રયોગ કર્યા વિના સાધ્યની સિદ્ધિ થઈ શકતી નથી. (તેથી પ્રતિજ્ઞા નિગમનનો પ્રયોગ નિરર્થક છે)

સમાધાન : આ કથન અસત્-તુચ્છ છે, શંકાકારની આ યુક્તિથી તો પક્ષધર્મોપસંહારનો પ્રયોગ પણ નિરર્થક હોવાથી નહીં કરવાનો પ્રસંગ આવશે.

શંકાકાર : જે સત્ હોય તે બધુ ક્ષણિક હોય છે જેમ ઘટ, શબ્દ પણ સત્ છે. આ રીતે પક્ષધર્મોપસંહાર નિરર્થક નથી. આ પ્રયોગ હેતુમાં પક્ષધર્મતાના અભાવે આવનારી અસિદ્ધતાનો વ્યવચ્છેદ કરવા માટે છે. સત્ત્વહેતુ ઉપનયન દ્વારા પક્ષમાં દર્શાવવાથી "પક્ષે હેત્વભાવ સ્વરૂપ સ્વરૂપાસિદ્ધ" નામનો દોષ કે તેની શંકાનો વ્યવચ્છેદ થઈ જાય છે.

સમાધાન (નૈયા+જૈન)→સાધ્ય ક્યાં સિદ્ધ કરવામાં આવી રહ્યું છે "એવી શંકાને દૂર કરવા ગમ્યમાન એવી પ્રતિજ્ઞાનો પણ પ્રયોગ નિરર્થક ન કહી શકાય, પ્રતિજ્ઞા હેતુ ઉદાહરણ ઉપનય બધા એકાર્થક છે-એક જ સાધ્યને સિદ્ધ કરનાર છે, એટલે તમે જે પ્રતિજ્ઞા કરી છે અને તેના માટે જે હેતુ વિ.નો પ્રયોગ કર્યો છે તેના નિચોડ રૂપે નિગમન છે, માટે નિગમનનો પ્રયોગ કરવાથી આ બધા એકજ સાધ્યના સાધક છે એ ખ્યાલ આવી જાય છે. "આ કારણથી પહાડમાં અગ્નિ છે" આ નિગમન છે, એમાં પહાડમાં અગ્નિ છે, આનાથી (પક્ષપહાડમાં સાધ્ય સિદ્ધ કરવાની એમની પ્રતિજ્ઞા હતી, તેજ પહાડનો અને સાધ્યનો ઉલ્લેખ કરેલો હોવાથી) પ્રતિજ્ઞાની એકાર્થતા અને "આ કારણથી" આ વચનદ્વારા ઉપરોકત ઉપનયનો પરામર્શ થાય છે, એટલે "પર્વતમાં ધૂમ છે તેથી આ પર્વત અગ્નિવાળો છે", એમ ધૂમ હેતુનો આજ સાધ્ય સાથે સંબંધ છે, તે જણાઈ આવે છે. આ વાતને પ્રગટ કરવા માટે નિગમનનો પ્રયોગ (તે પ્રયોગ નિરર્થક નથી સાર્થક છે) કેમ ન થાય? પ્રતિજ્ઞા વગેરે અવયવોની એકાર્થકતા દર્શાવ્યા વગર તેમની સંગતિ થઈ શકતી નથી. પ્રતિજ્ઞાનો વિષય બીજો કોઈ હોય, હેતુનો વિષય તેથી અન્ય સાધ્યને સિદ્ધ કરનાર હોય અને ઉદાહરણનો વિષય વળી કોઈ હોય તો તેઓ કેવી રીતે સંગત થઈ શકે ?

શંકાકાર (બૌદ્ધ) → જો પ્રતિજ્ઞાથી સાધ્ય સિદ્ધિ માની લેવામાં આવે તો હેતુ વગેરેનો પ્રયોગ નિરર્થક જ થઈ જશે અને જો પ્રતિજ્ઞાથી સાધ્ય સિદ્ધિ નથી થતી તો આવી પ્રતિજ્ઞા સાધનનું અંગ નહિ કહેવાય.

સમાધાન (નૈયા) →તો આપશ્રીને પણ હેતુથી સાધ્યની સિદ્ધિ થઈ જતાં દૃષ્ટાંતનો પ્રયોગ અનર્થક થઈ જશે. જો હેતુથી સાધનની સિદ્ધિ નહિ માનો તો હેતુ સાધનાંગ નહીં કહી શકાય, એમ આપત્તિ તમારે પણ સમાન છે.

શંકાકાર (બૌદ્ધ) →દૃષ્ટાંત સાધ્ય સાધનની વ્યાપ્તિ દર્શાવનાર હોવાથી નિરર્થક નથી. તત્ર દૃષ્ટાંતથી સાધ્ય-સાધનની વ્યાપ્તિ પ્રદર્શિત કરવામાં ન આવે તો હેતુ ગમક–સાધ્યનો જ્ઞાપક ન બની શકે.

સમાધાન (નૈયા) : આ કથન પણ યુક્ત નથી, કેમકે જ્યારે આપશ્રી (બૌદ્ધ) સત્ત્વ હેતુથી સમસ્ત

---

१ वचनहे०-डे० । २-०क्षधर्मत्वे त्वसि० -डे० । ३-०कार्थप्रतिप्रद०-मु । ० कार्थप्रतिज्ञाप्रद० - डे० ।

सर्वत्रापि हेतौ तथैव गमकत्वप्रसङ्गात् दृष्टान्तोऽनर्थक एव स्यात् । विपक्षव्यावृत्त्या च हेतुं समर्थयन् कथं प्रतिज्ञां प्रतिक्षिपेत्? । तस्याश्चानभिधाने क्व हेतुः साध्यं वा वर्तते ? । गम्यमाने प्रतिज्ञाविषय एवेति चेत्, तर्हि गम्यमानस्यैव हेतोरपि समर्थनं स्यान्न तूक्तस्य । अथ गम्यमानस्यापि हेतोर्मन्दमतिप्रतिपत्त्यर्थं वचनम्, तथा प्रतिज्ञावचने कोऽपरितोषः ?।

§ ૧૦૭. यच्चेदमसाधनाङ्गमित्यस्य व्याख्यानान्तरम्-साधर्म्येण हेतोर्वचने वैधर्म्यवचनम्, वैधर्म्येण च प्रयोगे साधर्म्यवचनं गम्यमानत्वात् पुनरुक्तमतो न साधनाङ्गम्, इत्यप्यसाम्प्रतम्, यतः सम्यक्साधनसामर्थ्येन स्वपक्षं साधयतो वादिनो निग्रहः स्यात्, असाधयतो वा ? । प्रथमपक्षे न साध्य-सिद्धयप्रतिबन्धिवचनाधिक्योपालम्भमात्रेणास्य निग्रहः, अविरोधात् । नन्वेवं नाटकादिघोषणतोऽप्यस्य निग्रहो न स्यात्, सत्यमेतत्, स्वसाध्यं प्रसाध्य नृत्यतोऽपि दोषाभावाल्लेकवत्, अन्यथा ताम्बूलभक्षण-भ्रूक्षेपखाट्कृत-हस्तास्फालनादिभ्योऽपि सत्यसाधनवादिनोऽपि निग्रहःस्यात् ।

પદાર્થોને અનિત્ય સિદ્ધ કરવા જાઓ છો, ત્યાં કોઈ પણ દૃષ્ટાંતનો સંભવ નથી. (બધા પદાર્થ પક્ષમાં સમાવિષ્ટ હોવાથી) તેથી આપનો હેતુ ગમક નહીં બની શકે. પરંતુ દૃષ્ટાંતના અભાવમાં પણ તમે સત્ત્વહેતુને ગમક સ્વીકાર્યો છે

શંકાકાર (બૌદ્ધ) : સત્ત્વ વગેરે હેતુ સપક્ષ વિના પણ માત્ર વિપક્ષ વ્યાવૃત્તિથી જ ગમક બની જાય છે, માટે અમારે વાંધો નથી.

સમાધાન (જૈન) : તો પછી બધે જ વિપક્ષ વ્યાવૃત્તિથી જ હેતુ ગમક થઈ જશે, અડધામાં સપક્ષસત્ત્વ અને અડધામાં વિપક્ષ વ્યાવૃત્તિથી ગમક માનતા "અર્ધ જરતીય ન્યાય (દોષ) લાગશે. એટલે પાછુ દૃષ્ટાંત તો નિરર્થક જ રહ્યું, વળી વિપક્ષ વ્યાવૃત્તિથી હેતુને સમર્થ-ગમક માનતા પ્રતિજ્ઞાનો તિરસ્કાર કયાં મોઢે કરો છો-પ્રતિક્ષેપ (નિષેધ) કેવી રીતે કરો છો ? પ્રતિજ્ઞાનું જ કથન કરવામાં ન આવે તો હેતુ કે સાધ્ય ક્યાં રહે છે ? તેની ખબર કેવી રીતે પડશે ? જ્યાં સુધી પ્રતિજ્ઞા દ્વારા પક્ષ દર્શાવી તેમાં હેતુ-સાધ્યને દર્શાવવામાં ન આવે તો "જ્યાં સાધ્ય નથી એવા વિપક્ષમાં હેતુ નથી રહેતો" આ કથન કેવી રીતે કહી શકાય ? કારણ જ્યાં સાધ્યની સિદ્ધિ કરવા માંગો છો તેમાંથી પણ વિપક્ષ શંકા કેવી રીતે ટળશે. જેનું ક્યાંય સત્ત્વ પ્રસિદ્ધ હોય તેની જ વ્યાવૃત્તિ દર્શાવી શકાય, નહિંતર શશવિષાણની પણ વિપક્ષમાં વ્યાવૃત્તિ તો છે જ, તેથી તે પણ ગમક બની જશે.

શંકાકાર → પ્રસંગ આદિથી ગમ્યમાન પ્રતિજ્ઞાના વિષયભૂતપક્ષમાં જ હેતુ-સાધ્ય રહી જશે.

સમાધાન (જૈન) : તો પછી આ રીતે ગમ્યમાન હેતુ જ સાધ્ય સિદ્ધિનું સમર્થન કરી લેશે, હેતુનું કથન કરવાની શી જરૂર ?

શંકાકાર (બૌદ્ધ) : મંદબુદ્ધિવાળાને સમજાવવા ગમ્યમાન હેતુનો પણ પ્રયોગ કરવો આવશ્યક છે.

સમાધાન (જૈન) : પ્રતિજ્ઞા વગેરેનો પ્રયોગ પણ તેમના માટે જ છે ને ! તેના ઉપર કેમ અસંતોષ રાખો છો ?

૧૦૭. અસાધનાંગ વચનની બીજી પણ વ્યાખ્યા છે... સાધર્મ્યથી હેતુનો પ્રયોગ કર્યે છતે વૈધર્મ્યથી પ્રયોગ કરવો અથવા વૈધર્મ્ય હેતુનો પ્રયોગ કર્યે છતે સાધર્મ્ય પ્રયોગ કરવો પુનરુક્ત છે. માટે તે સાધનનું અંગ નથી. અર્થાત્ એક જ સ્થળે બન્ને પ્રકારનાં પ્રયોગ કરવા અસાધનાંગ નિગ્રહ સ્થાન છે.

જૈના : આ વ્યાખ્યા પણ યુક્તિ બાહ્ય છે.અમે પૂછીએ કે નિર્દોષ હેતુના સામર્થ્યથી સ્વપક્ષને સિદ્ધ કરતો વાદી આનાથી નિગૃહીત બને છે કે સ્વપક્ષને સિદ્ધ ન કરતો વાદી આનાથી નિગૃહીત બને છે ? પહેલાં પક્ષમાં સાધ્યની સિદ્ધિમાં પ્રતિબંધ નહિં કરનાર વચનોની અધિકતાના ઉપાલંભ–ઠપકા માત્રથી વાદી નિગૃહીત થઈ શકતો નથી, કારણ વચનનોની અધિકતાનો પક્ષ-સિદ્ધિ સાથે કોઈ વિરોધ નથી.

શંકાકાર : આમ તો નાટક પ્રેક્ષણ વગેરેની જાહેરાતથી પણ આનો (વાદીનો) નિગ્રહ નહીં થાય.

अथ स्वपक्षमप्रसाधयतोऽस्य ततो निग्रहः, नन्वत्रापि किं प्रतिवादिना स्वपक्षे साधिते वादिनो वचनाधिक्योपालम्भो निग्रहो लक्ष्येत, असाधिते वा ? प्रथमपक्षे स्वपक्षसिद्धयैवास्य निग्रहाद्वचनाधिक्योद्भावनमनर्थकम्, तस्मिन् सत्यपि पक्षसिद्धिमन्तरेण जयायोगात् । द्वितीयपक्षे तु युगपद्वादिप्रतिवादिनोः पराजयप्रसङ्गो जयप्रसङ्गो वा स्यात्, स्वपक्षसिद्धेरभावाविशेषात् ।

§ ૧૦૮. ननु न स्वपक्षसिद्धिनिबन्धनौ जयपराजयौ, तयोर्ज्ञानाज्ञाननिबन्धनत्वात् । साधनवादिना हि साधुसाधनं ज्ञात्वा वक्तव्यम्, दूषणवादिना च दूषणम् । तत्र सा[1]धर्म्यवचनाद्वैधर्म्यवचनाद्वाऽर्थस्य प्रतिपत्तौ तदुभयवचने वादिनः प्रतिवादिना सभायामसाधनाङ्गवचनस्योद्भावनात् साधुसाधनाज्ञानसिद्धेः पराजयः । प्रतिवादिनस्तु तद्दूषणज्ञाननिर्णयाज्जयः स्यात्, इत्यप्यविचारितरमणीयम्, यतःस प्रतिवादी सत्साधनवादिनः साधनाभासवादिनो वा वचनाधिक्यदोषमुद्भावयेत् ? । तत्राद्यपक्षे वादिनः कथं साधुसाधनाज्ञानम्, तद्वचनेयत्ताज्ञानस्यैवाभावात् ? ।

સમાધાન : હા ! સાચી વાત છે, પોતાના સાધ્યને સિદ્ધ કર્યા પછી કોઈ નાચવા લાગે તોપણ નિગૃહીત, બનતો નથી. દોષાભાવ હોવાથી, લોકમાં જેમ પ્રસિદ્ધ છે, તેમ. અન્યથા સાધ્ય સિદ્ધિ પછી વચન આધિક્યથી જો નિગ્રહ માનશો તો તાંબૂલ ભક્ષણ, ભ્રૂક્ષેપ, ખાટ્કૃત્=ખટખટ અવાજ કરવો, ખોંખારો ખાવો, હાથ પછાડવો વગેરેથી પણ નિગ્રહ માનવો પડશે.

હવે જો બીજો પક્ષ માનો તો પોતાના પક્ષને નહિ સાધનારો વચનાધિક્યથી નિગૃહીત થાય છે. તો અહીં અમારે પૂછવાનું છે કે ... (૧) પ્રતિવાદી વડે સ્વપક્ષ સિદ્ધ કર્યો છતો વાદીનો વચનાધિક્યથી નિગ્રહ થાય છે અથવા (૨) પ્રતિવાદીએ સ્વપક્ષ સિદ્ધ ન કર્યો હોય ત્યારે પણ વચનાધિક્યથી નિગ્રહ થાય છે ? પહેલાં પક્ષમાં પ્રતિવાદીનાં સ્વપક્ષની સિદ્ધિથી જ વાદી નિગૃહીત થઈ જશે. વચનાધિક્યનું ઉદ્ભાવન કરવું વ્યર્થ છે. ગોળીથી જ તાવ ઉતરી ગયા પછી ઈંજેક્શન લગાડવાની જરૂર નથી. વચન આધિક્યનું ઉદ્ભાવન કરવા છતાં પ્રતિવાદી સ્વપક્ષને સિદ્ધ કર્યા વિના જયને મેળવી શકતો નથી. ઈંજેક્સન લગાવવા છતાં તાવ ન ઉતરે તો સુખી થવાતું નથી. એટલે તો ઈંજેક્શન તે વ્યક્તિ માટે વ્યર્થ છે. તેમ જય માટે વચનાધિક્ય વ્યર્થ છે.

બીજો પક્ષ સ્વીકારતા એક સાથે વાદી પ્રતિવાદીને જયનો કે પરાજયનો પ્રસંગ આવશે. સ્વપક્ષની સિદ્ધિનો અભાવ બન્નેને સરખો જ છે.

૧૦૮. શંકાકાર : સ્વપક્ષની સિદ્ધિ થવી અને ન થવી તે કાંઇ જય અને પરાજયના કારણ નથી. જય અને પરાજયનાં કારણતો જ્ઞાન અને અજ્ઞાન છે. સાધનવાદીએ સત્સાધન જાણીને પ્રયોગ કરવો જોઇએ, અને દૂષણવાદીએ સાચુ દૂષણ જાણીને પ્રયોગ કરવો જોઇએ. ત્યાં સાધર્મ્ય પ્રયોગ કે વૈધર્મ્ય પ્રયોગથી અર્થની પ્રતિપત્તિ થઇ જવા છતાં વાદી તે બન્નેનો પ્રયોગ કરે ત્યારે પ્રતિવાદી ચતુરંગ સભામાં અસાધનાંગ વચન દોષનું ઉદ્ભાવન કરે તેનાથી વાદીનું સત્સાધનનું–(સાધનવાદીએ સાધનનો સારીરીતેપ્રયોગ કરવો જોઈએ તે બાબતમાં) અજ્ઞાન સિદ્ધ થવાથી વાદીનો પરાજય થાય છે. અને પ્રતિવાદીને સાધનવચનના દૂષણ જ્ઞાનનો નિર્ણય થવાથી જય થાય છે.

સમાધાન : આ કથન વિચારની કસોટીથી ન કસીએ ત્યાં સુધી જ સારૂં લાગે એમ છે. કારણ કે તે પ્રતિવાદી સત્સાધનવાદીને–સત્સાધનનો પ્રયોગ કરનાર વાદીને પ્રતિ વચનાધિક્ય દોષનું ઉદ્ભાવન કરે છે કે સાધનાભાસનો પ્રયોગ કરનાર વાદીને પ્રતિ ? ત્યાં પહેલાં પક્ષમાં વાદીને સત્સાધનનું અજ્ઞાન કેવી રીતે કહી

---

१ साधर्म्यवचनाद्वार्थस्य - डे० ।

द्वितीयपक्षे तु न प्रतिवादिनो दूषणज्ञानमवतिष्ठते साधनाभासस्यानुद्भावनात् । त[1]द्वचनाधिक्यदोषस्य ज्ञानात् दूषणज्ञोऽसाविति चेत्, साधनाभासाज्ञानाददूषणज्ञोऽपीति नैका[2]न्ततो वादिनं जयेत्, तददोषोद्भावनलक्षणस्य पराजयस्यापि निवारयितुमशक्तेः । अथ वचनाधिक्यदोषोद्भावनादेव प्रतिवादिनो जयसिद्धौ साधनाभासोद्भावनमनर्थकम्, नन्वेवं साधनाभासानुद्भावनात्तस्य पराजयसिद्धौ वचनाधिक्योद्भावनं कथं जयाय प्रकल्पेत ? ।

अथ वचनाधिक्यं साधनाभा[3]सं वोद्भावयतः प्रतिवादिनो [4]जयः, कथमेवं साधर्म्यवचने वैधर्म्यवचनं वैधर्म्यवचने वा साधर्म्यवचनं पराजयाय प्रभवेत् ? । कथं चैवं वादिप्रतिवादिनोः पक्षप्रतिपक्षपरिग्रहवैयर्थ्यं न स्यात्, क्वचिदेकत्रापि पक्षे साधनसामर्थ्यज्ञानाज्ञानयोः सम्भवात् ?

શકાય? એટલે તેને સાચાં સાધનનું જ્ઞાન તો છે જ, એટલે તો તેનો પ્રયોગ કર્યો, હા ! તેનાં સાધન વચનનાં પરિમાણ (ઇયત્તા)સંખ્યાનાં જ્ઞાનનો જ અભાવ છે. (જેથી એકને બદલે બે પ્રયોગ કરે છે). બીજા પક્ષમાં તો પ્રતિવાદીને દૂષણનું જ્ઞાન છે તેની સિદ્ધિ નથી થતી. કારણ વાદીએ સાધનાભાસનો પ્રયોગ કર્યો હોવાથી તેમાં કોઇક હેત્વાભાસનું ઉદ્‌ભાવન પ્રતિવાદીએ કરવુ જોઇએ. તે કર્યા વગર માત્ર વચનાધિક્ય દર્શાવ્યું પણ વચનમાં શું ખામી-દૂષણ છે તે ન દર્શાવ્યું હોવાથી ઉલ્ટુ પ્રતિવાદીનું દૂષણ સંબંધી અજ્ઞાન જ પ્રગટ થાય છે.

શંકાકાર : વાદીના વચનાધિક્યદોષને સમજી લેવાથી પ્રતિવાદી દૂષણનો જ્ઞાતા છે.

સમાધાન : પરંતુ વાદી દ્વારા પ્રયુક્ત સાધનાભાસનું જ્ઞાન ન હોવાથી ભાઈસાહેબ અદોષજ્ઞ પણ ખરા ને ! આવી સ્થિતિ હોવાથી તે વાદીને એકાન્તે પરાજિત નહીં કરી શકે, કારણ કે સાધનાભાસ રૂપ દોષનું ઉદ્‌ભાવન ન કરવા સ્વરૂપ પરાજયને ("તમારા કથનમાં આ હેત્વાભાસ આવે છે" આમ દોષનું ઉદ્‌ભાવન ન કરવું એ જ પરાજય છે તેને) પોતાનાં પક્ષમાંથી દૂર કરવા પ્રતિવાદી સમર્થ નથી. કારણ કે દૂષણનું અજ્ઞાન એ પરાજયનું કારણ છે.

શંકાકાર : વચનાધિક્ય દોષનું ઉદ્‌ભાવન કરવાથી પ્રતિવાદીનો જયસિદ્ધ થઇ જવાથી સાધનાભાસનું ઉદ્‌ભાવન કરવું વ્યર્થ છે .

સમાધાન : એમ તો સાધનાભાસનું ઉદ્‌ભાવન ન કરવાથી પ્રતિવાદીએ વાદીને જણાવવું જોઇએ કે તારે આ જાતનો સાધનાભાસ દોષ આવે, એમ કહેવાથી વાદીનું અજ્ઞાન પ્રગટ થતું હોવાથી તેનો પરાજય થાય, પરંતુ બિચારો પ્રતિવાદી તેનાથી અજ્ઞાત હોય તો તેવું ન જણાવે તો પ્રતિવાદી પોતે અજ્ઞાનના કારણે પરાજય પામે છે. તસ્ય તેનો=પ્રતિવાદીનો પરાજય સિદ્ધ થવાથી વચનાધિક્યનું ઉદ્‌ભાવન તેને કેવી રીતે જય અપાવી શકે? તાવ રહી જવાથી દુઃખી માણસ માથાનું દર્દ દૂર થવા માત્રથી થોડો કાંઇ સુખી થઇ જાય છે ?

શંકાકાર→ વાદીના કથનમાં વચનાધિક્ય કે સાધનાભાસ બે માંથી કોઈ પણ એક દોષનું ઉદ્‌ભાવન કરવાથી જ પ્રતિવાદીને જય પ્રાપ્ત થઈ જાય છે.

સમાધાન : જો આ પ્રમાણે તમે માનતા હો તો સાધર્મ્યથી પ્રયોગ કર્યો હોય ત્યાં વૈધર્મ્યનો પ્રયોગ અને વૈધર્મ્યથી પ્રયોગ કર્યો હોય ત્યાં સાધર્મ્યનો પ્રયોગ પરાજય માટે કેવી રીતે ઉદ્યત બની શકે ? જો તમે એમ બેમાંથી કોઈનો પણ પ્રયોગ જય માટે માનશો તો સાધર્મ્યવચનથી જ્યાં જયસિદ્ધ છે, એટલે કે સાધર્મ્યના પ્રયોગથી જયનિશ્ચિત થઈ ગયો, તો પછી વૈધર્મ્યથી હવે પરાજય કેવી રીતે થઈ શકશે ? કારણ બે માંથી કોઈનો પ્રયોગ જય માટે હોય તો તે બન્ને જય માટે કેમ ન થાય ? ઈંજેક્શનથી કે ગોળીથી તાવ ઉતરતો હોય તો

---

૧ -० तदव० -डे० । ૨ नैकान्ततो जयेत् - डे० । ૩ -० भासं चोद्भा० डे० । ૪ जयति कथम् डे० ।

न खलु शब्दादौ नित्यत्वस्या-नित्यत्वस्य वा परीक्षायामेकस्य साधनसामर्थ्ये ज्ञानमन्यस्य चाज्ञानं जयस्य पराजयस्य[१] वा निबन्धनं न भवति । युगपत्साधनासामर्थ्यज्ञाने[A] च वादिप्रतिवादिनोः कस्य जयः पराजयो वा स्यादविशेषात् ?। न कस्यचिदिति चेत्, तर्हि साधनवादिनो वचनाधिक्यकारिणः साधनसामर्थ्याज्ञानसिद्धेः प्रतिवादिनश्च वचनाधिक्यदोषोद्भावनात्तद्दोषमात्रज्ञानसिद्धेर्न कस्यचिज्जयः पराजयो वा स्यात् ।

બન્નેનો પ્રયોગ કરવાથી કેમ તાવ ન ઉતરે ? ઉભયનો પ્રયોગતો સુતરાં જય માટે જ થવો જોઈએ. વળી બીજું જય અને પરાજયનો આધાર જો જ્ઞાન અને અજ્ઞાનને જ માનવામાં આવે તો વાદી અને પ્રતિવાદીના પક્ષ અને પ્રતિપક્ષ બન્નેનું ગ્રહણ વ્યર્થ થઈ જશે. સાધન સામર્થ્યનું જ્ઞાન અને અજ્ઞાન કોઈ એક પક્ષમાં પણ હોઈ શકે છે.

શબ્દ વગેરે કોઈ એક પદાર્થની નિત્યતા કે અનિત્યતાની પરીક્ષા કરવામાં એકને વાદીને સાધન સામર્થ્યનું જ્ઞાન બીજાને–પ્રતિવાદીને સાધન સામર્થ્યનું અજ્ઞાન જય પરાજયનું કારણ નથી બનતું એમ નથી. શબ્દને અનિત્ય સિદ્ધ કરનાર વ્યાપ્તિવાળા હેતુનું જ્ઞાન વાદીને છે, તેવું જ્ઞાન પ્રતિવાદીને નથી. એટલે કે વાદીને અનિત્યને સિદ્ધ કરનાર હેતુનું જ્ઞાન છે અને પ્રતિવાદીને નથી. એમ માત્ર એક પક્ષને પકડવાથી પણ જય પરાજય સંભવી શકે છે, કારણ કે તમારે હિસાબે તો માત્ર જ્ઞાન અને અજ્ઞાન હોવું તે જ તે બન્નેનું કારણ છે. તમારે હિસાબે તો કંઈ સ્વપક્ષને સિદ્ધ કરવાનો નથી અને કંઈ પ્રતિપક્ષનો નિરાસ કરવાનો નથી, વાદીની પ્રતિજ્ઞા તે પક્ષ અને પ્રતિવાદીની પ્રતિજ્ઞા તે પ્રતિપક્ષ જેમકે વાદી કહે "शब्दो अनित्यः कृतकत्वात्" ત્યારે પ્રતિવાદી કહે "शब्दो नित्यः श्रावणत्वात्" આ બે પક્ષ અને પ્રતિપક્ષની જરૂર ન હોવાથી તેમનું ગ્રહણ કરવું નકામુ નીવડશે. એક પક્ષથી જ ચાલી જાય છે.

હવે એક પક્ષને માનશો તો આપત્તિ એ ઉભી થશે કે જો એક જ સાથે વાદી અને પ્રતિવાદીને સાધનના સામર્થ્યનું જ્ઞાન થઈ જાય તો-"**युगपत्साधनसामर्थ्यज्ञाने**" (A.S. ભા-૨, પે. ૩૦) વાદી અને પ્રતિવાદીમાંથી કોનો જય અને કોનો પરાજય થશે ? કારણ કે બન્નેની પાસે સામર્થ્યનું જ્ઞાન સરખું જ છે (युगपत् લખવાનું કારણ એ છે કે જેને કદાચ પહેલા જ્ઞાન થઈ જાય તો તે પ્રશ્ન રહેતો જ નથી, કારણ કે તે તરત જ પ્રતિવાદીની ઉપર જય મેળવી લેશે. કા.કે. પ્રતિવાદીને હજી જ્ઞાન થયું નથી અને વાદીને તો જ્ઞાન થઈ ગયુ છે એટલે તરત જ તેનો જય થઈ જશે. તમારે સ્વપક્ષ સિદ્ધ કરવાની તો કંઈ જરૂર જ નથી, પ્રતિવાદીને સ્વપક્ષ સિદ્ધ કરતા કરતા પણ જ્ઞાન સંભવી શકે છે. એતો તમારે માનવાનું નથી.)

એટલે જયનું કારણભૂત જે જ્ઞાન છે તે બન્નેની પાસે હાજર છે, પણ એકને વિજયી જાહેર કરતા બીજા ઉપર હારનો આક્ષેપ આવી જાય છે, તેથી તમે એકને પણ જય આપી શકશો નહીં. તેમજ (સમીચીન સાધન હોવાથી સાધનના ગુણોનું જ્ઞાન પણ રહેલું છે એનો ફાયદો શું થયો ?) બૌદ્ધ→એમ કહીશું કે કોઈનો જય પરાજય નહિ થાય, જૈના→તો સત્સાધનવાદીજૈનનું વચનાધિક્યનો પ્રયોગ કરવાથી = [અન્વયપ્રયોગ કરી વ્યતિરેક પ્રયોગ કરવાથી અધિક વચન બોલનાર એવા અમોને (જૈનોને) એટલે અન્વયમાં સ્વપક્ષ સિદ્ધ કરવાનું સામર્થ્ય છે,એવું અમોને (જૈનોને) જ્ઞાન હોત તો વ્યતિરેક પ્રયોગ કરત જ નહી, પણ પ્રયોગ કર્યો છે, અધિકવચન બોલ્યા છો, એ જ "અમારામાં સાધનના સામર્થ્યનું પુરેપુરું જ્ઞાન નથી" એવું છતું કરી આપે છે. સાધનસામર્થ્યનું અજ્ઞાન સિદ્ધ (થાય છે.) થવાથી અને તેની જેમ માત્ર એકલા વચનાધિક્યનું ઉદ્ભાવન

१ ०स्य निब० ता० । २ ० मात्रे ज्ञा० ता० । [A]'साधनसामर्थ्यज्ञाने' આવુ યોગ્ય છે.

नहि यो यद्दोषं वेत्ति स तद्गुणमपिं, कुतश्चिन्मारणशक्तौ वेदनेऽपि विष[1]द्रव्यस्य कुष्ठापनयनशक्तौ संवेदनानुदयात् । तन्न तत्सामार्थ्यज्ञानाज्ञाननिबन्धनौ जयपराजयौ व्यवस्थापयितुं शक्यौ, यथोक्तदोषानुषङ्गात् । स्वपक्षसिद्ध्यसिद्धिनिबन्धनौ तु तौ निरवद्यौ पक्षप्रतिपक्षपरिग्रहवैयर्थ्याभावात् । कस्यचित् कुतश्चित् स्वपक्षसि[2]द्धौ सुनिश्चितायां परस्य तत्सिद्ध्यभावतः सकृज्जयपराजयप्रसङ्गात् ।

§ ૧૦૯. यच्चेदमदोषोद्भावनमित्यस्य व्याख्यानम्-प्रसज्यप्रतिषेधे दोषोद्भावनाभावमात्रम्-अदोषोद्भावनम्, पर्युदासे तु दोषाभासानामन्यदोषाणां चोद्भावनं प्रतिवादिनो निग्रहस्थानमिति-तत् वादिनाऽदोषवति साधने प्रयुक्ते सत्यनुमतमेव यदि वादी स्वपक्षं साधयेन्नान्यथा । वचनाधिक्यं तु दोषः प्रागेव प्रतिविहितः । यथैव हि पञ्चावयवप्रयोगे वचना[3]धिक्यं निग्रहस्थानं तथा त्र्यवयवप्रयोगे न्यूनतापि

કરવાથી પ્રતિવાદીને (બૌદ્ધ) માત્ર તેનું જ જ્ઞાન સિદ્ધ થવાથી (સાધનના ગુણોનું જ્ઞાન ન હોવાથી) તમારામાં (બૌદ્ધમાં) પણ કંઈક અજ્ઞાન રહી જ ગયું ને, માટે કોઈનો પણ જય કે પરાજય ન થવો જોઈએ. એટલે બન્ને પાસે જયનું કારણ જ્ઞાન અને પરાજયનું કારણ અજ્ઞાન હાજર છે. એટલે કોઈ એકના કંઠે વિજયહાર નાખી શકાય એમ નથી. પણ અમારી વાત માનો તો વાંધો નહીં આવે. એટલે કે વચનાધિક્ય પ્રયોગ કરનાર વાદીને "વચનાધિક્ય અને સાધનાભાસ બન્ને દોષ આપે તો પ્રતિવાદીનો જય થાય," એવું માનતા અહીં પ્રતિવાદીએ વચનાધિક્ય જ દર્શાવ્યું છે, માટે તેટલા માત્રથી તેનો જય થવાનો નથી અને વાદીનું સાધન સાચુ હોવાથી જય થઈ જશે. પરંતુ અમારી આ વાત માનવા જાઓ ત્યારે અમારા હિસાબે તમારે દોષ તો બે આપવા પડે, પરંતુ જ્ઞાનના કારણે જય થતો હોવાથી સાધનાભાસ = દૂષણના જ્ઞાનથી વાદીનો જય થઈ જાય છે, એટલે કે પહેલા જ સાધનાભાસના અજ્ઞાનના કારણે પ્રતિવાદીનો પરાજય સિદ્ધ થઈ જવાથી તે મહાશયને (પ્રતિવાદીને) આપેલું વચનાધિક્ય નકામું નીવડશે, એટલે બિચારું વચનાધિક્ય નિગ્રહસ્થાન કોઈ કામનું ન હોવાથી તે માનવું અને પ્રયોગ કરવો તે અયુક્ત છે.] એવો કોઈ નિયમ નથી કે જે જેનાં દોષને જાણે તે તેનાં ગુણને જાણે જ. કોઈક રીતે વિષ દ્રવ્યની-ઝેરની મારણ શક્તિ જાણવા છતાં કોઢરોગને દૂર કરવાની તેની શક્તિનું જ્ઞાન ન પણ થાય. એની જેમ અહીં સત્સાધનવાદી પ્રયોગ સાચો કરે છે, તેથી સાધનપ્રયોગના ગુણનું (સામર્થ્ય)નું જ્ઞાનતો ખરું, પણ સાધર્મ્ય-વૈધર્મ્ય બે પ્રયોગ કરવા તે સાધનઅસામર્થ્ય-દૂષણ રૂપ છે, એ જ્ઞાન ન પણ હોય. આમ આ બધા દોષ આવતા હોવાથી સાધનના સામર્થ્યનું જ્ઞાન અને અજ્ઞાનના કારણે હાર જિતની વ્યવસ્થા કરવી શક્ય નથી. સ્વપક્ષની સિદ્ધિ અને અસિદ્ધિનાં કારણે જિત હાર માનવી નિર્દોષ છે, આવું માનવાથી પક્ષ પ્રતિપક્ષનું ગ્રહણ નકામું નીવડતુ નથી. વાદી-પ્રતિવાદીમાંથી કોઈને કોઈક હેતુથી સ્વપક્ષની સિદ્ધિ સુનિશ્ચિત થતાં બીજાને પોતાના પક્ષની- પ્રતિપક્ષની સિદ્ધિનો અભાવ થવાથી જય પરાજય ઘટી શકે છે. એટલે એકસાથે બન્નેનો જય કે પરાજય થવાનો પ્રસંગ નથી આવતો. (सकृत्तज्जयपराजययोरप्रसक्ते A.S.૩૪ તુલના)

૧૦૯. બૌદ્ધ સમ્મત બીજું નિગ્રહસ્થાનના "નઞ્"ભેદથી બે પ્રકારે થઈ શકે છે. ત્યાં પ્રસજ્ય પક્ષમાં બિલકુલ દોષોનું ઉદ્ભાવન જ ન કરવું.

પ્રર્યુદાસપક્ષ દોષાભાસ[1] અને અન્ય[1] દોષોનું ઉદ્ભાવન કરવું તે પ્રતિવાદી માટે નિગ્રહ સ્થાન છે.

જૈન : વાદીએ નિર્દોષ સાધનનો પ્રયોગ કર્યો હોય અને તે પોતાનાં પક્ષની સિદ્ધિ કરી લે તો પ્રતિવાદી નિગૃહીત થાય, એ તો તમને પણ અનુમત-સમ્મત છે. (કારણ કે વાદીએ નિર્દોષ સાધનનો પ્રયોગ કર્યો હોય

૧ विषयद्र० -ता० । २ ० सिद्धोनिश्चि- -डे० । ३ '-०क्यंयथा भि० -डे० ।

કૂ-૧ છલ, જાતિનો પ્રયોગ કરવો તે દોષાભાસ, ન્યૂનતા આધિક્ય વગેરે અન્ય દોષો છે.

स्याद्विशेषाभावात् । प्रतिज्ञादीनि हि पञ्चाप्यनुमानाऽङ्गम्-"प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनान्यवयवाः" [न्याय सू० १.१.३२] इत्यभिधानात् । तेषां मध्येऽन्यतमस्याप्यनभिधाने न्यूनताख्यो दोषोऽनुषज्यत एव "हीनमन्यतमेनापि न्यूनम्" [न्यायसू ० प.२.१२] इति वचनात् । ततो जयेतरव्यवस्थायां नान्यन्निमित्तमुक्तान्निमित्तादित्यलं प्रसङ्गेन ॥ ३५ ॥

§ ११०. अयं च प्रागुक्तश्चतुरङ्गो वादः कदाचित्पत्रालम्बनमप्यपेक्षतेऽतस्तल्लक्षणमत्रावश्याभिधातव्यं यतो नाविज्ञातस्वरूपस्यास्यावलम्बनं जयाय प्रभवति न चाविज्ञातस्वरूपं परपत्रं भेत्तुं शक्यमित्याह

स्वेष्टार्थसाधकमबाधितं गूढपदसमूहात्मकं
प्रसिद्धावयवोपेतवाक्यं पत्रम् ॥३६॥

§ १११ स्वेष्टार्थसाधकं स्वाभिहितपदार्थसाधनाय समर्थम् अबाधितं हेत्वाभासादिदौषैरदूषितं

અને પ્રતિવાદી તેમાં દોષ બતાવી ન શકે અથવા દોષાભાસનું ઉદ્‌ભાવન કરે તો પ્રતિવાદી પરાજિત થવાનો જ છે. અન્યથા હા/જો વાદી પણ પોતાના પક્ષને સિદ્ધ ન કરી શકે તો તેને વિજય પ્રાપ્ત થતો નથી. વચનાધિક્યનો જવાબ પહેલાં કહી ચૂક્યા છીએ. જેમકે પાંચ અવયવોનો પ્રયોગ કરવો જો બૌદ્ધની દૃષ્ટિએ અધિક નામક નિગ્રહ સ્થાન છે. તો ત્રણ અવયવનો પ્રયોગ કરતા નૈયાયિક દૃષ્ટિએ ન્યૂનનામક નિગ્રહ સ્થાન છે. બન્ને પક્ષની યુક્તિમાં કોઈ ફેર નથી. પ્રતિજ્ઞા વગેરે પાંચે પણ અનુમાનના અંગ છે. ન્યાય સૂત્રમાં કહ્યું છે કે.... પ્રતિજ્ઞા હેતુ, ઉદાહરણ ઉપનય અને નિગમન આ અનુમાનનાં અવયવ છે. તેમાંથી કોઈ પણ એક અવયવનો પ્રયોગ ન કરતા ન્યૂનતા નામના દોષનો પ્રસંગ આવે છે. કોઈ પણ એક અવયવથી હીન પ્રયોગ કરવો, તે ન્યૂન દોષ છે. (ન્યાય. સૂ. ૫-૨-૧૨) એથી જય અને પરાજયની વ્યવસ્થામાં પૂર્વોક્ત નિમિત્ત સ્વપક્ષની સિદ્ધિ અને અસિદ્ધિ સિવાય અન્ય કોઈ નિમિત્ત હોઈ શકે નહીં. વધારે ચર્ચાથી સર્યું ॥૩૪॥

૧૧૦. આ પૂર્વોક્ત ચતુરંગ વાદ ક્યારેક પત્રના આધારે પણ થાય છે. તેથી તેનું લક્ષણ બતાવવું આવશ્યક છે, કારણ કે જ્યાં સુધી પત્રનું સ્વરૂપ જાણ્યું ન હોય ત્યાં સુધી તેનું અવલંબન જય અપાવવા માટે સમર્થ ન બને. વળી પત્રનું સ્વરૂપ જાણ્યા વગર પ્રતિપક્ષીના પત્રનું ભેદન-ખંડન પણ ન કરી શકાય. માટે પત્રનું સ્વરૂપ કહે છે. "પત્રનું સ્વરૂપ કહે છે" આ કથનથી આચાર્યશ્રી આ ગ્રંથને પૂર્ણતા પમાડ્યા પહેલા જ પરલોકતાને પામ્યા લાગે છે. તેઓશ્રીની દિવ્ય કૃપાથી અધુરપને પૂર્ણ કરવા આંશિક રૂપે સૂત્ર રચના કરી ગ્રંથને પૂર્ણતા આપવાનો પ્રયાસ કર્યો છે. (બસ ! આચાર્યશ્રીનો અહી સુધીનો જ ગ્રંથ ઉપલબ્ધ થાય છે.)

(જ્યારે શાસ્ત્રાર્થ મૌખિક રૂપથી નહિ, પરંતુ લેખિતરૂપે હોય છે, ત્યારે વાદી પ્રતિવાદી પોતાના મંતવ્યોને પત્રમાં લખીને અરસ–પરસ મોકલે છે. તે પત્રનું સ્વરૂપ દર્શાવવામાં આવે છે.)

સ્વઈષ્ટનું સાધક અબાધિત ગૂઢપદના સમૂહવાળુ અનુમાનના અવયવોથી યુક્ત એવું જે વાક્ય તે પત્ર ॥ ૩૬॥

પોતાના ઈચ્છિત પદાર્થને સાધવા માટે સમર્થ, હેત્વાભાસ વગેરેથી અદૂષિત -અબાધિત, વિવધવિચિત્ર

---

૧ -०मानं प्र० -डे० । २ ॥ छ ॥ श्रीः ॥ छ ॥ मङ्गलम् ॥ महाश्रीः ॥ छ ॥ - ता० । -० मित्याहुः । इत्याचार्यश्री ५श्रीहेमचन्द्रविरचितायाः प्रमाणमीमांसायास्तद्वृत्तेश्च द्वितीयस्याध्यायस्य प्रथमाह्निकं समाप्तम् ॥ श्री ॥ संवत् १७०७ वर्षे मार्गशीर्षमासे कृष्णतृतीयायां पुण्यतिथौ रविवासरे श्री अणहिलपुरपत्तनमध्ये पुस्तकं लिखितमिदं ॥ छ ॥ शुभं भवतु ॥ श्रीकल्याणमस्तु ॥ ० ॥ श्री ॥ ० ॥ छ ॥ छ ॥ ० ॥ - डे० । इतःपराणि ग्रन्थकारतात्पर्यप्रयुक्तानि अभिनवानि सूत्राणि ।

टी-३ पदानि त्रायन्ते गोप्यन्ते रक्ष्यन्ते परेभ्यः (प्रतिवादिभ्यः) स्वयं विजिगीषुणा यस्मिन् वाक्ये तत् पत्रम् इति व्युत्पत्यर्थः ।

'गूढापदसमूहात्मकं विविधविचित्रसंधिसमासादिभिर्जटिलं पदप्रयोगो यस्मिन् तत् प्रसिद्धावयवोपेतं अनुमानस्य प्रसिद्धाः प्रतिज्ञादिपञ्चावयवाः तत्प्रयोगसमन्वितम्' ।

११२ § यथा स्वान्तभासितभूत्याद्यत्र्यन्तात्मतदुभान्तवाक्, परान्तद्योतितोद्दीप्तमितीतस्वात्मकत्वतः ॥

अन्त एव आन्तः, स्वार्थिकोऽण् वानप्रस्थादिवत् । प्रादि पाठापेक्षया सोरान्तः स्वान्तः उत् । तेन भासिता द्योतिता भूतिरुद्भूतिरित्यर्थः । सा आद्या येषां ते स्वान्तभासितभूत्याद्याः ते च ते त्र्यन्ताश्च उद्भूतिव्ययध्रौव्यधर्मा इत्यर्थः । ते एवात्मनः तांस्तनोतीति स्वान्तभासितभूत्याद्यत्र्यन्तात्म तत् इति साध्यधर्मः। उभान्ता वाग्यस्य तदुभान्तवाक्=विश्वम्, इति धर्मि तस्य साध्यधर्मविशिष्टस्य निर्देशः । उत्पादादित्रिस्वभावव्यापि सर्वमित्यर्थः ।

परान्तो-यस्यासौ परान्तः प्रः, स एव द्योतितं द्योतनमुपसर्ग इत्यर्थः । तेनोद्दीप्ता चासौ मितिश्च तया इतः स्वात्मा यस्य तत्परान्तद्योतितोद्दीप्तमितीतस्वात्मकं "प्रमिति प्राप्तस्वरुपम्" इत्यर्थः । तस्य भावस्तत्त्वं प्रमेयत्वम् इत्यर्थः, प्रमाणविषयस्य प्रमेयत्वव्यवस्थितेः इति साधनधर्मनिर्देशः । ॥३६॥

(इति द्वितीयाध्यायस्य प्रथम आह्निकः)

સંધિ સમાસાદિથી જટિલ એટલે એવી ગૂઢ સંધિઓ કરેલી હોય અને એક જ વાક્યમાં અનેક જાતના સમાસ કરીને શબ્દો બનાવેલા હોય અને શ્લેષ થતો હોય ઈત્યાદિ ગુંચવણોના કારણે સામાન્ય જન સમજી ન શકે એવા ગૂઢ પદોનો જેમાં પ્રયોગ હોય અને અનુમાનના પ્રસિદ્ધ અવયવોથી યુક્ત હોય તેવા પદોવાળું વાક્ય તે પત્ર કહેવાય છે. જિતવાની ઈચ્છાવાળા વાદીવડે પ્રતિવાદીથી પદોનું રક્ષણ જેના દ્વારા કરાય તે પત્ર.

જેમ કે "स्वान्तभासित" આ વાક્ય પત્ર સ્વરૂપ છે, એની વ્યાખ્યા કરતા આપણને ખ્યાલ આવે છે કે → "આંખુયે જગત, ઉત્પાદાદિ ત્રણ ધર્મ યુક્ત છે, કા. કે. પ્રમાણનો વિષય હોવાથી." અન્તથી પ્રકાશિત ઉદ્‌ભૂતિ વગેરે ત્રણ ધર્મરૂપ આત્મા–સ્વરૂપને પ્રગટ કરનાર આ સાધ્ય થયું, બે લિંગવાળુ એટલે વિશ્વ આ પક્ષ થયો. પ્ર (ઉપસર્ગ) = પ્ અને ર્ અન્તવાળો દ્યોતિત એટલે ઉપસર્ગ તે, તેનાથી પ્રકાશિત જે મિતિ તેનાથી–પ્રમિતિથીઈત= પ્રાપ્ત કર્યુ છે પોતાનું સ્વરૂપ જેને, પ્રમિતિ સ્વરૂપને પ્રાપ્ત કરનાર પ્રમેય હોય છે,કારણ કે જે પદાર્થ જ્ઞાનનો વિષય ન બને ત્યાં સુધી તે પ્રમેય કહેવાતો નથી. એટલે પ્રમિતિના આધારે જ પ્રમેયનું અસ્તિત્વ ટકી શકે છે. પ્રમાણનો વિષય પ્રમેય આવી રીતે જ વ્યવસ્થિત થયેલ હોવાથી આ સાધનધર્મ નિર્દેશ થયો. વિશ્વ શબ્દ પુ. નપું.બે લિંગમાં હોવાથી ઉભાન્તવાક્ કહેવાય. ॥૩૬॥

એમ દ્વિતીય અધ્યાયનું પ્રથમ આહ્નિક અધુરું હતુ તેને પુરું કરવા પ્રયત્ન કરાયો છે.

"હવે પછીના ગ્રંથ માટે પૂજ્યશ્રી ગ્રંથકાર કૃપા દૃષ્ટિની"

"અમીવૃષ્ટિ વરસાવતા રહો...."

द्वितीयाध्यायस्य द्वितीयमाह्निकम् :

अतिरस्कृतान्यपक्षोऽभिप्रेतपदार्थांशग्राही ज्ञातुरभिप्रायो नय[1]: ॥१॥

१→ स्वाभिमतनयपक्षाद् इतरनयाभिप्रायस्य तिरस्कारम् अकृत्वा स्वेष्टनयाभिप्रायेण वस्तुनो विवक्षितस्य धर्मस्य प्ररूपणपरो ज्ञापकस्य अभिप्रायविशेषो नय इति व्यपदिश्यते। यद्वा स्वाभिमतनयेतरपक्षस्य एकान्तेन अपलापम् अकृत्वा वस्तुनो अनंतधर्ममध्यात् स्वीकृतनयानुसारेण विवक्षितधर्मस्य निरूपणकुशलो वक्तुः-ज्ञातुः अभिप्रायः-तात्पर्यविशेषो नय[1] इति व्यपदिश्यते ॥

ननु वस्तुनो एकः स्वभावो यदि वस्तु स्यात् तदा तद्ग्राहिनयस्य प्रमाणता प्रसज्यते, वस्तुग्राहित्वात् । एकभावो अवस्तु स्यात् तदा तद्ग्राहि मिथ्याज्ञानं स्यात् । अत आह वस्तुनो एकस्वभावो वस्तुनोऽंशरूपतया न कापि आपत्तिः । यथा समुद्रतरङ्गो न समुद्रो नच असमुद्रो अपितु समुद्रांशः ।

द्रव्यपर्यायान्यतरस्य उभयस्य वा गौणमुख्यभावेन प्ररूपणप्रवीणो नैगमः ॥२॥

२→ यथा पर्यायस्य द्रव्यस्य उभयस्य वा गौणभावेन, प्राधान्येन निरूपणकारी नैगमो नयः ॥ "जीवगुणः सुखं इत्यत्र हि जीवस्य धर्मिणो अप्राधान्यं विशेषणत्वात् सुखलक्षणस्य धर्मस्य प्राधान्यं विशेष्यत्वात् ॥ "सुखी जीव" इत्यत्र सुखस्याऽप्राधान्यं विशेषणत्वात् ।

जीवस्य तु प्राधान्यं विशेष्यत्वात्,

"आत्मनि चैतन्यं सत्" इत्यत्र चैतन्यधर्मस्य विशेष्यत्वात् प्राधान्यं सत्त्वाख्यपर्यायस्य चैतन्ये विशेषणत्वात् अप्राधान्यम् ।

અન્ય પક્ષનો તિરસ્કાર કર્યા વિના પદાર્થના અભિપ્રેત અંશને ગ્રહણ કરનારો એવો જે જ્ઞાતાનો અભિપ્રાય તે નય ॥૧॥

૧→ સ્વ ઈષ્ટ નયપક્ષથી ઈતર બીજા નયના અભિપ્રાયનો તિરસ્કાર કર્યા વિના સ્વઈષ્ટ નયના અભિપ્રાયના અનુસારે વસ્તુના કોઈ ધર્મની પ્રરૂપણા કરવાવાળો જ્ઞાતાનો અભિપ્રાય વિશેષ તે નય કહેવાય છે. અથવા અન્યનો એકાન્તે અપલાપ કર્યા વિના વસ્તુના અનંતધર્મમાંથી સ્વીકારેલ નયના અનુસારે કોઈક ધર્મનું નિરૂપણ કરવામાં કુશળ એવો જ્ઞાતાનો તાત્પર્ય તે નય.

શંકા→વસ્તુનો એક સ્વભાવ જો વસ્તુ કહેવાતી હોય તો તેને ગ્રહણ કરનાર નય પણ પ્રમાણ બની જશે. અને જો તે એકધર્મને અવસ્તુ કહેવાતી હોય તો તેને ગ્રહણ કરનાર મિથ્યાજ્ઞાન કહેવાશે. સમા → વસ્તુનો એક સ્વભાવ વસ્તુ પણ નથી અને અવસ્તુ પણ નથી, પરંતુ વસ્તુનો અંશ છે. જેમ સમુદ્રના તરંગ સમુદ્ર કે અસમુદ્ર નથી, પરંતુ સમુદ્રાંશ છે ॥૧॥

પર્યાય કે દ્રવ્ય અથવા ઉભયને ગૌણ મુખ્ય-ભાવથી જણાવનાર નૈગમનય છે. ॥૨॥

૨→પર્યાયનો દ્રવ્યનો કે ઉભયનો ગૌણ રૂપે અને પ્રધાનરૂપે પ્રરૂપનાર તે નૈગમનય.

જેમકે (૧) "જીવનો ગુણ સુખ છે," અહીં જીવ દ્રવ્ય વિશેષણ હોવાથી ગૌણ છે અને સુખ એ વિશેષ્ય હોવાથી મુખ્ય છે (ક્રિયા સાથે સુખનો સંબંધ હોવાથી વિશેષ્ય બને છે / મુખ્ય કહેવાય છે.) (૨) સુખી જીવ છે, અહીં જીવ વિશેષ્ય હોવાથી પ્રધાન, સુખ તો વિશેષણ હોવાથી ગૌણ છે. સુખવાળો આમાંથી સુખ એ

---

१ प्रमाणेन गृहीतवस्तुनोऽंशग्राही नयः [प्र.रत्न]

"वस्तु पर्यायवद्द्रव्यं" पर्यायवद्द्रव्यं वस्तु अभिधीयते इति विवक्षायां पर्यायवद्द्रव्याख्यस्य धर्मिणो विशेष्यत्वेन प्राधान्यं, वस्तु तु विशेषणत्वेन अप्राधान्यम् ।

૩ → (૧) यदा- पर्यायस्य मुख्यभावेन प्ररूपणं, तदा द्रव्यस्य गौणभावेन प्ररूपणमिति प्रथमोऽभिप्रायः ।

(૨) यदा द्रव्यस्य मुख्यभावेन प्ररूपणं,
तदा पर्यायस्य गौणभावेन प्ररूपणमिति द्वितीयोऽभिप्रायः ।

(૩) यदा एकस्य पर्यायस्य मुख्यभावेन प्ररूपणं
तदा पर्यायान्तरस्य गौणभावेन प्ररूपणमिति तृतीयोऽभिप्रायः ।

(૪) १. यदा एकस्य द्रव्यस्य मुख्यभावेन प्ररूपणं तदा द्रव्यान्तरस्य गौणभावेन प्ररूपणमिति चतुर्थोऽभिप्रायः ।

यद्वा अनिष्पन्नपर्यायस्य सङ्कल्पमात्रग्राही नैगमः ॥२॥

૪ → तव पिता क्व गतः ? इति पृष्टे स आह कर्णावतीं नगरीं गतवान् । अधुना तत्पिता अग्निरथस्थाने वर्तते, तथापि स कर्णावतीगमनस्य संकल्पं कृत्वा गतवान् । अत अनिष्पन्नार्थे अपि एतादृशः प्रयोग एतन्नयानुसारेण कर्तुं शक्यते ।

अन्यदपि लौकिकव्यवहारा एतन्नये पतति, यथा को युद्ध्यते इति पृष्टे आह हिंदुस्तानः पाकिस्तानेन सह युद्ध्यते । निश्चयेन तु एतद् अशक्यं तयोरचेतनत्वात् । अत्र हि आधारे आधेयस्य उपचारो अस्ति । यथा च कारणे कार्योपचाराद् आयुर्घृतं इति वक्तुं पार्यते ॥

"अद्य वीरस्य निर्वाणकल्याणकम्" इत्यत्र भूतस्य वर्तमाने उपचारः । एवं सर्वं औपचारिक-व्यवहार एतन्नयानुसारेण भवति इति अवधेयम् । पर्यायस्य अनिष्पन्नेऽपि वक्ता संकल्पबलेन तादृशः उपचारे प्रयोगः करोति ॥ अंशेन अंशिनो व्यवहारोऽपि एतन्नयस्य अभिप्रायः-अयं नयो गुणगुणिनो- र्मध्ये गौणमुख्यभावेन भेदाभेदं प्ररूपयति । सर्वथा भेदवादस्तदाभासः ।

नैयायिकास्तु गुणगुणिमध्ये सर्वथा भेद एव स्वीकरोति अत अन्यापेक्षां उपेक्ष्य प्रवृत्तत्वात् अयं अभिप्रायो नैगमाभासः ॥२॥

વિશેષણ કહેવાય. (૩) આત્મામાં ચૈતન્ય સત્‌ધર્મવાળું છે. સત્ત્વવત્ ચૈતન્યં = સત્–સત્ત્વ એ ચૈતન્યનું વિશેષણ હોવાથી ગૌણ છે, અહીં ચૈતન્ય અને સત્ બન્ને જીવના ધર્મ છે. (૪) પર્યાયવદ્ આ પણ દ્રવ્ય છે અને વસ્તુ એ પણ દ્રવ્ય છે, પરંતુ પર્યાયવદ્ એ મુખ્ય છે અને વસ્તુ એ વિશેષણ રૂપે હોવાથી ગૌણ છે.

૩ → પહેલા અભિપ્રાયમાં પર્યાયની મુખ્યભાવે પ્રરૂપણા છે અને દ્રવ્યની ગૌણ ભાવે. બીજા અભિપ્રાયમાં દ્રવ્યની મુખ્ય છે અને પર્યાયની ગૌણ છે. ત્રીજા અભિપ્રાયમાં એક પર્યાય ચૈતન્ય-મુખ્ય છે અને સત્ એ ગૌણ છે. ચોથા અભિપ્રાયમાં એક દ્રવ્ય-પર્યાયવદ્‌દ્રવ્ય એ મુખ્ય છે અને અન્ય દ્રવ્ય-વસ્તુએ ગૌણ છે.

૪ → અથવા કરીને બીજું લક્ષણ બનાવે છે, અનિષ્પન્નપર્યાયસ્ય = પૂર્ણતાને નહી પામેલ પર્યાયના સંકલ્પને ગ્રહણ કરનાર તે નૈગમ, કર્ણાવતી જવા માટે હજી માત્ર ઘરથી માંડ સ્ટેશન પહોંચ્યા હોય છતાં કર્ણાવતીનો સંકલ્પ હોવાથી કર્ણાવતી ગયા એમ કહેવાય છે, તેમાં આ નય લાગુ પડે છે.

બીજા પણ લૌકિક વ્યવહારો આ નયમાં સમાવેશ પામે છે. જેમકે → ભારત-પાકિસ્તાન લડે છે, નિશ્ચયથી બન્નેનું લડવાનું શક્ય નથી અચેતન હોવાથી. અહીં આધારમાં આધેયનો ઉપચાર કરી આ પ્રયોગ થાય છે, જેમ કારણમાં કાર્યનો ઉપચાર કરી ઘીને આયુ કહેવાય છે, ઘી પોતે આયુ થોડુંક છે, પરંતુ તેનું પ્રબળ

अभेदरूपतया वस्तुजातस्य संग्राहकः संग्रहः ॥३॥

५→ सर्वे पदार्थाः सत्त्वादिरूपेण एकरूपा एव, पृथिव्यादिद्रव्यत्वेन घटशरावादि एकरूप एव, इति अपरसंग्रहः – अपरसामान्यः ।

ब्रह्मवादस्तदाभासः यथा... सर्वे व खल्विदं ब्रह्म नेह नानास्तिः किञ्चनेत्यादि संग्रहाभासः।

संग्रहगृहीतार्थानां भेदरूपतया विधिपूर्वकं व्यवहरणं व्यवहारः ॥४॥

६→ सत् - द्रव्यपर्यायेण द्विविधम्, द्रव्यं - चेतनाचेतनरूपेण द्विविधम् ।

जीवः - संसारिमुक्तभेदेन द्विविधः, इत्यादि संग्रहगृहीतवस्तूनां व्यवहारोपयोगिव्यपदेशं करोति। यथा इमाः सर्वा वनस्पतयः तथापि व्यञ्जननिर्माणाय वनस्पतिमात्रस्तूपयोगी न भवति तत्र तत्तन्नामधेयः वनस्पतिविशेष एव उपयोगी । अथ- तत्तन्नामधेयत्वेन तेषां व्यपदेशनं व्यवहारः ।

७→ अपेक्षामन्तरेण एकान्तेन भेदस्तु काल्पनिक एव इति अभिप्रायविशेषो व्यवहाराभासः । यथा चार्वाकः सत्त्ववाद्यपेक्षामन्तरेण द्रव्यपर्यायस्य भेदः काल्पनिको मन्यते । संज्ञासंख्याद्यपेक्षया तेषां भेदो अस्ति, सत्त्वं प्रमेयत्वं इत्याद्यपेक्षया अभेदोऽस्ति तादृशीमपेक्षां अतिक्रम्य सर्वथा भेदस्य अपलपनं व्यवहारनयाभासः ॥४॥

કારણ હોવાથી આયુનામના કાર્યનો તેમાં ઉપચાર કરાય છે.

આજે પ્રભુવીરનું નિર્વાણ કલ્યાણ છે, અહીં ભૂતનો વર્તમાનમાં ઉપચાર કરાયો. એમ બધો ઔપચારિક વ્યવહાર આ નયના અનુસારે થાય છે. અનિષ્પન્નપર્યાયમાં પણ સંકલ્પના બળથી ઉપચાર કરે છે. અંશને લઈ અંશીનો વ્યવહાર આ નયથી થાય છે, જેમ સાડીનો એક છેડો બળતા મારી સાડી બળી ગઈ, એમ આ નયથી કહેવું શક્ય બને છે. આ નય ગૌણ-મુખ્યભાવથી ભેદાભેદ પ્રરૂપે છે, સર્વથા ભેદવાદ તો નૈગમાભાસ છે. જેમ નૈયાયિક ગુણ ગુણીમાં સર્વથા ભેદ માને છે, એમ અન્ય અપેક્ષાની ઉપેક્ષા કરીને પ્રવૃત્ત થયેલ હોવાથી આ અભિપ્રાય નૈગમાભાસ છે.

વસ્તુ સમૂહને અભેદરૂપે સંગ્રહ કરનાર સંગ્રહ નય છે ॥ ૪ ॥

૫ → ટી- જેમ બધા પદાર્થો સત્ત્વ, પ્રમેયત્વ ઈત્યાદિરૂપથી એક જ છે. આ પરસામાન્ય થયું. એટલે જેનાથી માત્ર સંગ્રહનું લક્ષ હોય, અને તેથી તમામે તમામ પદાર્થનો સંગ્રહ થતો હોય છે. ઘટ, શરાવ, ઈત્યાદિ અનેક પૃથ્વીના પર્યાયો પડ્યા છે, તે બધાને "આ બધુ પૃથ્વી દ્રવ્ય છે" એમ એક રૂપે સંગ્રહ કરવો તે અપરસામાન્ય. બરફ કરા વગેરેને પાણી દ્રવ્ય કહેવું, એમ તે તે દ્રવ્યના પર્યાયને તે દ્રવ્યરૂપે કહેવું તે આ સંગ્રહનયનો પ્રભાવ છે. આખું જગત્ બ્રહ્મરૂપ જ છે, આનાથી ભિન્ન કશું જ નથી. આ એકાન્ત તે સંગ્રહાભાસ છે. ॥૩॥

સંગ્રહથી ગ્રહણ જરાયેલ પદાર્થોને ભેદરૂપથી વિધિપૂર્વક વ્યવહાર કરવો તે વ્યવહાર નય ॥૫॥

૬ → સત્પદાર્થ દ્રવ્યપર્યાયરૂપથી બે પ્રકારે છે. દ્રવ્ય ચેતન અને અચેતન રૂપથી બે પ્રકારે છે, જીવ સંસારી અને મુક્ત ભેદથી બે પ્રકારે છે, આમ ઉપર ઉપરના સંગ્રહને જુદો પાડી તે વર્ગના પાછા ભેદ બતાવે છે. અહીં "વિધિપૂર્વક" લખ્યું છે તે એમ બતાવે છે કે જે જાતનો વ્યવહાર લોકમાં પ્રસિદ્ધ હોય તેટલો જ / તેને જ ભેદ પાડી વ્યવહાર કરવાનો, નહીં કે મન ફાવે તેમ ભેદ પાડવાનો છે.. એટલે સંગ્રહ ગૃહીત વસ્તુનો વ્યવહાર ઉપયોગી હોય તે રૂપે વ્યપદેશ કરવો. શાક બનાવવાનું હોય તો કાંઈ વનસ્પતિ લઈ આવો એમ કહેવાથી વ્યવહાર ન ચાલે, તે વ્યવહાર માટે તો તે તે અમુક શાકનું નામ આપવું જ પડે.

૭→ અપેક્ષા વિના એકાન્તે દ્રવ્યપર્યાયના ભેદને કાલ્પનિક માને છે તે વ્યવહાભાસ. જેમ ચાર્વાક દર્શન

४ वर्तमानमात्रपर्यायग्राही ऋजुसूत्रः ॥५॥

८ →अतीतानागतकाललक्षणकौटिल्यवैकल्यात् प्राञ्जलम्, अयं नयो हि सद् अपि द्रव्यं गौणीकृत्य न विवक्षति, क्षणमात्रस्थायिनः पर्यायांस्तु प्रधानीकृत्य दर्शयति।

यथा- सम्प्रति सुखपर्यायोऽस्ति, इत्येवं सुखपर्यायं प्रधानेन प्रदर्शयति, न तु तदधिकरणभूतम् आत्मानं विवक्षयति ।

क्षणिकैकान्तनयः तदाभासः यथा बौद्धः ।

सर्वथा-गुणप्रधानभावम् उल्लङ्घ्य त्रैकालिकमपि द्रव्यम् एकान्तेन अपलपति, ज्ञानपर्यायं मुक्त्वा नास्ति कोऽपि आत्मा ॥५॥

कालादिभेदेन शब्दस्य भिन्नार्थवाचकत्वेन अभ्युपगमपरः शब्दः॥६॥

९→आदिपदेन कारकलिंगसंख्यासाधनोपग्रहाणं संग्रहः ।

लिङ्गसंख्यासाधनकालोपग्रहकारकभेदेन भिन्नमर्थं पश्यति–प्रतिपादयत्यनेनेति शब्दः। यथा पुष्यस्तारका नक्षत्रमित्यत्र लिङ्गभेदेन, सलिलमाप इत्यत्र सङ्ख्याभेदेन भिन्नार्थत्वं मन्यते । एहिमन्ये रथेन यास्यसि, यातस्ते पिता इत्यत्र साधनभेदेनार्थभेदः । विश्वदृश्वाऽस्य पुत्रोभविता, वा भाविकृत्यमासीदित्यत्र कालभेदेनार्थान्तरत्वं मन्यते । सन्तिष्ठते तिष्ठति, विरमति विरमते

સત્ત્વાદિ અપેક્ષા વિના દ્રવ્યપર્યાયના ભેદને કાલ્પનિક માને છે. સંજ્ઞા સંખ્યાદિની અપેક્ષાએ તેઓનો ભેદ છે, સત્ત્વ પ્રમેયત્વ ઈત્યાદિની અપેક્ષાએ અભેદ છે. તેવી અપેક્ષાને ગણકાર્યા વિના સર્વથા ભેદનો કે અભેદનો અપલાપ કરવો તે વ્યવહારાભાસ/ કારણ કે અપેક્ષાએ અભેદપણ સાચો છે, તેનો અપલાપ એ તો મિથાત્વ છે.

નૈયાયિક અત્મામાં મનુષ્ય વિગેરે અને જ્ઞાનાદિના નવા પર્યાય પેદા થાય છે તે માને છે, જ્યારે ચાર્વાક તો આ આત્માનો કોઈ નવો પર્યાય હોઈ ન શકે, કારણ કે આ શરીર જ આત્મા છે, તેનાથી અલગ કોઈ નથી, તે આત્મા તો કલ્પના માત્ર છે. "આ આત્માનું આ શરીર છે (એટલે મનુષ્ય પર્યાય છે) આત્માથી અલગ આત્માનો પર્યાય હોય છે" આ બધુ તો કલ્પના માત્ર છે.

વર્તમાન પર્યાયમાત્રને ગ્રહણ કરનાર ઋજુસૂત્ર છે ॥૫॥

૮ → અતીત અનાગત કાલની કુટિલતાથી રહિત હોવાથી સરળ, કોઈ વસ્તુ સામે વર્તમાનમાં સાક્ષાત્ દેખાતી હોય, તો તેના માટે કોઈ આડી અવળી વિચારણા કરવી પડતી નથી "આ ઘડો દેખાય છે" માટે ઘડો છે. જ્યારે સામે માટી હોય અને તેને ઘટ કહેવું ત્યારે શ્રોતાનું મન ચકરાવે ચઢી જાય છે, અરે ! આમ કેમ ? ત્યારે તેણે ભૂત ભાવીની વિચારણા કરવી પડે છે, એમ સીધા મનને આડું ચલાવવુ પડે છે.

આ નય સદ્ પણ દ્રવ્યને ગૌણભાવે પણ વિવક્ષા કરતો નથી, પરંતુ ક્ષણમાત્ર સ્થાયી વર્તમાન પર્યાયને પ્રધાનભાવે બતાવે છે. જેમકે અત્યારે સુખપર્યાય છે, પણ તેના આધારભૂત આત્માની વિવક્ષા નથી કરતો.

પરંતુ ક્ષણિક એકાન્તવાદ તો ઋજુસૂત્રાભાસ છે. (જેમ બૌદ્ધ ગૌણપ્રધાનભાવનું સર્વથા ઉલ્લંઘ કરી ત્રણે કાળના દ્રવ્યનો એકાન્તે અપલાપ કરે છે, જ્ઞાનપર્યાયને મૂકી કોઈ અન્ય આત્મા છે જ નહીં ॥૫॥

કાલાદિના ભેદે શબ્દને ભિન્ન અર્થના વાચક તરીકે માનવામાં પ્રવીણ તે શબ્દ ॥૬॥

૯ → લિંગ, સંખ્યા સાધન, કાલ, ઉપગ્રહ = ઉપસર્ગ કારકના ભેદે પદાર્થને ભિન્ન માને, તે શબ્દનય.

इत्यत्रोपग्रहभेदेन भिन्नार्थताभिमननम्, अनेन क्रियते अयं करोति इत्यत्र कारकभेदेन भिन्नार्थत्वम् मन्यते ।

कालादिभेदेन शब्दस्य सर्वथा भिन्नार्थवाचकत्वेन कल्पनं शब्दाभासः ॥ यथा भूतमेरोः सकाशात् भविष्यमेरुः सर्वथा भिन्न एव, अर्थात् अत्र कालम् अपेक्ष्य शब्दस्य भिन्नतां स्वीकृत्य तद्वाच्यस्य अर्थस्य भेदं स्वीकरोति ॥६॥

निरुक्तिभेदजन्यभिन्न-पर्याय-वाचकशब्दात्
पदार्थनानात्वनिरूपकः सभभिरूढः ॥७॥

१०→यद्यपि शब्दनयः कालादिभेद अर्थभेदं स्वीकरोति । अयं तु पर्यायाऽभेदेऽपि निरुक्तिबलात् अर्थभेदमभ्युपगच्छति । यथा इन्दनात् इन्द्रः, शकनात् शक्रः नृन् पालयति नृपः, राजत इति राजा । यदि स चामरछत्रादिना शोभां विरचयति नतु नराणां योगक्षेमं करोति तर्हि समभिरूढस्तं राजा इति व्यपदिशति न तु नृपः। नानार्थान्समेत्याभिमुख्येन रूढः समभिरूढः (प्र.क.) ॥

। पर्यायवाचिनां सर्वथा भिन्नार्थवाचकत्वेन स्वीकारस्तदाभासः नृपाद् राजा सर्वथा भिन्न एव ॥७॥

જેમ પુષ્ય—(પુલિંગ) તારકા-(સ્ત્રી) નક્ષત્ર-(નપું) માં લિંગના ભેદે ભેદ છે, તટી (સ્ત્રી.)-નાની નદીનો નાજુક કિનારો, તટઃ (પુ.) મોટી નદીનો રેતાળ કિનારો, તટં (નં.) ખાબડ ખુબડ પથરાળો કિનારો. આમ બધાનો અર્થ કિનારો છે છતાં લિંગ ભેદે ભેદ પડે છે. "सलिलं" એકવચનમાં છે , "आपः" બહુવચનમાં છે માટે ભિન્ન, "એહિ"માં આજ્ઞાર્થ છે, यास्यतिમાં વર્તમાન છે. "વિશ્વમાં પ્રસિદ્ધ એવો આને પુત્ર થશે" અહીં दृश्+क्वनिप् પ્રત્યય ભૂત અર્થમાં છે અને "ता" પ્રત્યયતો શ્વસ્તનીનો= ભવિષ્ય કાળનો છે, "ભાવિકૃત્યહતું" અહી ભાવિ भू+णिन् ભવિષ્યકાળમાં છે, "आसीत्" આ ભૂતકાળ છે, માટે અહીં કાળભેદે ભેદ છે. संतिष्ठते વિ.માં ઉપસર્ગભેદે ભેદ છે, આના વડે કરાય છે, આ કરે છે, અહીં કારકભેદે ભેદ છે, એમ માને છે.

કાલાદિના ભેદથી શબ્દને સર્વથા બીજા અર્થનો વાચક માનવો તે શબ્દાભાસ. જેમ ભૂતમેરુથી ભાવિમેરુ સર્વથા ભિન્ન જ છે. અર્થાત્ અહીં કાલની અપેક્ષાએ શબ્દની ભિન્નતા સ્વીકારી તેના વાચ્યનો ભેદ માન્યો છે એટલે વ્યાકરણ-કોશ અનુસાર શબ્દના અર્થને માનનારો, એથી જ વ્યાકરણમાં લિંગ-વચનાદિમાં ફેરફાર થઈ જાય તો ખોટુ કહેવાય, તેમ આ નય પણ બધી જ વ્યાકરણની મર્યાદામાં રહે છે. ॥૬॥

નિરુક્તિ ભેદથી જન્ય ભિન્નપર્યાયના વાચક શબ્દના લીધે પદાર્થોને ભિન્ન કહેનારો સમભિરૂઢનય છે. ॥૭॥

૧૦→પર્યાય વાચક શબ્દોમાં પણ વ્યુત્પત્તિના ભેદે તે તે શબ્દને ભિન્ન પર્યાયનો વાચક માને છે, માટે તે શબ્દથી વાચ્ય પદાર્થને પણ જુદો જુદો માને છે.

જો કે શબ્દ કાલાદિના ભેદે અર્થભેદ માને છે, આ તો પર્યાયના અભેદમાં પણ નિરુકિતના બળે જુદો જુદો અર્થ માને છે. જેમ ઐશ્વર્યથી શોભતો હોવાથી ઈન્દ્ર, અને સમર્થ હોવાથી શક્ર, તો એક જ ઈન્દ્રનાપર્યાય હોવા છતાં આ બન્નેને ભિન્ન માને. માણસોનું પાલન કરે તે નૃપ અને શોભે તે રાજા, જો તે ચામર છત્રાદિથી શોભા કરાવતો હોય, પરંતુ માણસોનું પાલન ન કરતો હોય તો તેને રાજા કહેશે પરંતુ નૃપ નહીં કહે. પર્યાય

शब्दप्रवृत्तिनिमित्तभूतक्रियायुक्तस्य अर्थस्य तच्छब्दवाच्यत्वेन प्ररूपक एवंभूतः ॥८॥

११→ न्यायाधीशो यदा न्यायालये न्यायं दातुं प्रवृत्तस्तदासौ न्यायाधीशशब्देन वाच्यः । गृहे मातृपादपतने तु पुत्र एव असौ न तु न्यायाधीशो, न्यायक्रियावियुक्तत्वात् । यतोऽर्थक्रियायुक्तो हि पदार्थः सत्त्वेन व्यपदिश्यते, तत्क्रियाविकलस्यापि तच्छब्देन वाच्ये घटादिपदार्थानाम् अपि न्यायाधीशशब्देन वाच्यत्वप्रसङ्गः क्रियाविकलत्वमुभयत्राविशेषात् । "एवमित्थं विवक्षित-क्रियापरिणामप्रकारेण भूतं परिणतमर्थं योऽभिप्रैति स एवम्भूतो नयः" (प्र.क.)

। तत्क्रियाविकलपदार्थानां सर्वथा तत्शब्दवाच्यत्वेनापलापस्तदाभासः ।

न्यायप्रदानक्रियाविकलस्य गृहे स्थितस्य पुरुषस्य सर्वथा न्यायधीशशब्दवाच्यत्वेन अपलपने अयुक्तम्, यत एकान्तेनापलापे तद्बहुमानसत्कारादीनां सर्वथा अभावः प्रसज्येत ॥८॥

વાચી શબ્દોને સર્વથા ભિન્ન અર્થના વાચક માનવા તે સમભિરુઢાભાસ છે. જેમ નૃપથી રાજા સર્વથા ભિન્ન છે. (રાત્રે પ્રજલતી આગને ચિત્રભાનુ કહેવાય છે, દિવસે પ્રજલતી આગને અગ્નિ કહેવાય છે, માટે ચિત્રભાનુ અને અગ્નિ શબ્દને ભિન્ન અર્થના જ વાચક કહેવાય, એટલે તેના હિસાબે દિવસની આગ માટે ચિત્રભાનુનો પ્રયોગ ન જ કરાય.)

શબ્દ પ્રવૃત્તિના નિમિત્તભૂત ક્રિયાથી યુક્ત અર્થને તે શબ્દથી વાચ્ય માનનાર/કહેનાર એવંભૂત નય છે. ॥૮॥

૧૧→ન્યાયાલયમાં ન્યાય આપતો હોય ત્યારે તે ન્યાયાધીશ શબ્દથી વાચ્ય છે, ઘરમાં આવતા માતાના પગમાં પડતા તો પુત્ર જ કહેવાય, પરંતુ ન્યાયાધીશ ન કહેવાય, ન્યાયક્રિયાથી રહિત હોવાથી. કારણ કે અર્થક્રિયાથી યુક્ત પદાર્થ જ સત્ કહેવાય છે. હવે તેવી ક્રિયાથી વિકલ પદાર્થને પણ તે રૂપે કહી શકાતો હોય તો=તે શબ્દથી પણ વાચ્ય માનશો તો ઘટાદિને પણ ન્યાયાધીશ શબ્દથી વાચ્ય માની શકાશે; કારણ કે બન્ને ઠેકાણે અર્થક્રિયાનો અભાવ તો સમાન જ છે.

તે તે ક્રિયાથી વિકલ પદાર્થને સર્વથા તે તે શબ્દથી વાચ્યનો અપલાપ કરવો તે એવંભૂતાભાસ છે. એકાન્તે અપલાપ કરતા ન્યાયાધીશ ઘરમાં હોય ત્યારે કોઈનાથી સત્કારાદિ મેળવી શકશે નહીં, જ્યારે "જજ સાહેબ" "જજ સાહેબ", કહીને માન આપીએ તો છીએ.

[સાત નયોની એક જ પદાર્થમાં ઘટવણ આ પ્રમાણે થાય છે (૧) શર્ટનું કાપડ લેવા જનારને પૂછીએ ક્યાં જાય છે ? શર્ટ લેવા આ નૈગમનય ૨. શર્ટ પેંટ, વગેરે અનેક જાતના કાપડ દુકાનમાં હોવા છતાં "કાપડની દુકાન છે" એમ બધાના સંગ્રહરૂપ સંગ્રહ નય છે (૩) શર્ટનું કાપડ, જેને દર્જી વેતરી રહ્યો હોય તેને પૂછીએ આ શું છે ? આ શર્ટ છે, આ વ્યવહાર નય છે. કા. કે. અન્ય કાપડથી જુદુ પાડી શર્ટ માટે ઉપયોગમાં લેવાય એમ છે. (૪) વર્તમાનમાં શર્ટ રૂપે હોય તેને શર્ટ કહેવો તે ઋજુસૂત્રનય (૫) શર્ટ, ટીશર્ટ, બેગી વગેરે બધાને ઘરડોમાણસ કે ગામડીયો શર્ટ કહે છે, કારણ કે "ઉપરના પહેરવાના વસ્ત્ર શર્ટ હોય છે," આ વાત બધામાં

૧૨→ નયવાક્યમપિ સ્વવિષયે પ્રવર્તમાનં વિધિપ્રતિષેધાભ્યાં સપ્તભંગીમ્ અનુસરતિ ।

સકલાદેશસ્વભાવં પ્રમાણવાક્યમિવ વિકલાદેશસ્વભાવં નયવાક્યમપિ સ્વાભિધેયે પ્રવર્તમાનં વિધિપ્રતિષેધાભ્યાં પરસ્પરભિન્નાર્થનયયુગલસમુત્થવિધાનનિષેધાભ્યાં કૃત્વા સપ્તભંગીમ્ અનુવ્રજતિ । પ્રત્યેકભંગે સ્યાત્કારસ્તથા એવકારપ્રયોગસત્ત્વેઽપિ નયવાક્યં વિકલાદેશસ્વભાવં ન મુઞ્ચતિ । અત એવ તસ્ય પ્રમાણવાક્યતા ન ભવતિ ।

૧૩→કસ્યાપિ ગૃહે ચૌર્યં જાતમ્ તદા તત્સ્વામી સપ્તપ્રકારેણ વિચારયતિ, યદા વિધિમુખેન વિચારઃ તદા "ચૌર્યં સ્યાત્ એવ" નિષેધમુખેન વિચારસ્તદા "ચૌર્યં ન સ્યાત્ એવ," "ન કિમપિ વક્તું પાર્યતે" ઇતિ અવક્તવ્યમ્ ॥ ક્રમાર્પિતં ચૌર્યં સ્યાત્ એવ, ચૌર્યં ન સ્યાત્ એવ ।

સરખી છે) તે શબ્દનય. ૬. શર્ટ–ટીશર્ટ બધા અલગ જાતના છે. અમુક જાતનો આકાર હોય તો જ ટીશર્ટ કહેવાય, નહીંતર તો તે માત્ર શર્ટ છે. આ સમભિરૂઢ છે

૭. કબાટમાં ટીંગાડેલો શર્ટ એ શર્ટ નથી, જ્યારે એને શર્ટરૂપે વાપરો / પહેરો ત્યારેજ શર્ટ, હાથમાં લઈ ફરતા હો તો પણ શર્ટ નહી કહેવાય, આ થયો એવંભૂત નય ॥૯॥

સાત નયોની ઉત્તરોત્તર અલ્પ વિષયતા છે, જેમકે →પંખીનો અવાજ સાંભળી.

– નૈગમવાદી કહે છે કે→વનમાં પંખીઓ બોલે છે.
– સંગ્રહ નયી → ઝાડ પર પંખી બોલે છે.
– વ્યવહાર નયી → ડાળ ઉપર પંખી બોલે છે.
– ઋજુસૂત્ર નયી → પંખી જે પાતળી ડાળ ઉપર બેઠું છે, ત્યાં બોલે છે.
– શબ્દ નયી → પોતાનાં માળામાં પંખી બોલે છે.
– સમભિરૂઢ નયી → પોતાના શરીરમાં પંખી બોલે છે.
– એવંભૂત નયી → પોતાના કંઠમાં પંખી બોલે છે.]

૧૨→ નયવાક્ય પણ પોતાના વિષયમાં પ્રવર્તતા હોય ત્યારે વિધિપ્રતિષેધના કારણે સપ્તભંગીને અનુસરે છે.

એક વ્યવહારનયને આશ્રયી જયારે આપણે યુવરાજને રાજા કહીએ છીએ આ વિધાન-વિધિ કરાય છે, ત્યારે ઋજુસૂત્રનયથી આ રાજા નથી એમ નિષેધ ઉભો થાય છે તેથી કરીને તે બે નય ભેગા મળી સપ્તભંગીને અનુસરે છે. એટલે એક જ નયથી નહીં પણ નયયુગલથી સપ્તભંગી બને છે. હવે સામે યુવરાજ છે તેને વ્યવહારનયથી રાજા કહીએ, તે પ્રત્યક્ષાદિપ્રમાણથી તો સત્ય નથી, માટે આ વાક્યમાં સ્યાત્ અને એવનો પ્રયોગ હોવા છતાં પ્રમાણ રૂપે આ વાક્ય બનતું નથી.

બાહ્યવેશને સ્વીકારી લે એટલે વ્યવહારનયી તેને સાધુ માનવા લાગે.

ઋજુસૂત્રનયી માત્ર વર્તમાન ક્ષણને આશ્રયી સાધુ માને, માત્ર વેશ હોય તો પણ ચાલે, આગળ પાછળની પ્રભાવકતાનો કે સાધુતાનો કે વેશનો આશ્રય લેતો નથી. શબ્દનયી ભાવથી જેમાં સાધુતા રહેલી હોય તેને જ માને સમભિરૂઢ સાધુતાના ભાવથી સાધુ માને, મુનિત્વના ભાવથી મુનિ માને, જ્યારે એવંભૂત વર્તમાન પોતે જે ભાવમાં વર્તતો હોય તે જ રૂપે તેને માને.

૧૩→વિધિનિષેધને લીધે આમ સપ્તભંગી ઉભી થાય છે. જેમકે કોઈના ઘેર ચોરી થઈ, તેનો માલિક તેની સાતપ્રકારે વિચારણા કરે છે.– ૧.ચોરી થઈ જ હશે, ૨. ચોરી નહીં જ થઈ હોય, ૩. ચોરી થઈ પણ હોય, ન પણ થઈ હોય, ૪. કંઈ કહેવાય નહીં, ૫. ચોરી થઈ હશે, કંઈ કહેવાય નહીં, ૬. ચોરી નહીં થઈ હોય, કંઈ કહેવાય નહીં, ૭. ચોરી થઈ હશે, નહીં થઈ હોય, કશું કહેવાય નહિ.

१४→ प्रमाणसप्तभंगी सकलादेशस्वभावा यथावद् वस्तु-स्वरूपप्ररूपकत्वात् तथा हि -

१. स्याद् अस्ति (घटः) जीवादिवस्तु स्वद्रव्यादिचतुष्टयापेक्षया इति विधिमुखेन

२. स्यान्नास्ति (घटः) जीवादिवस्तु परद्रव्यादिचतुष्टयापेक्षया इति निषेधमुखेन ।

३. क्रमार्पितद्रव्यापेक्षया स्याद् अस्ति (घटः) जीवादिवस्तु स्यान्नास्ति जीवादिवस्तु ।

४. स्याद् अवक्तव्यं जीवादिवस्तु सहार्पितद्रव्यापेक्षया ।

५. स्याद् अस्ति (घटः) जीवादिवस्तु स्वद्रव्यादिचतुष्टयापेक्षया स्याद् अवक्तव्यं (घटः) जीवादिवस्तु सहार्पितद्वयापेक्षया ।

६. नास्ति (घटः) जीवादिवस्तु परद्रव्याद्यपेक्षया अवक्तव्यं (घटः) जीवादिवस्तु सहार्पितद्वयापेक्षया ।

७. स्वद्रव्यादि चतुष्टयापेक्षया परद्रव्यादि चतुष्टयापेक्षया क्रमार्पितद्वयापेक्षया सहार्पितद्वयापेक्षया। अस्ति नास्ति (घटः) जीवादिवस्तु अवक्तव्यं जीवादिवस्तु ।

१५→ नयसप्तभंगी → राजकुमारं आश्रित्य व्यवहारनयः "स राजा" इति व्यपदिशति ।

अत "स्याद् राजा अस्ति एव" व्यवहारनयापेक्षया स्वद्रव्यादिना । युवराजशरीरादि व्यवहारनयापेक्षया स्वद्रव्यादि, संग्रहमान्यराजकुलोत्पन्नसर्वशिशुबालकादि तस्य परद्रव्यादि; "स्याद राजा नास्ति एव" संग्रह–संगृहीतद्रव्यादिना । स्याद् राजा अस्ति एव, स्याद् राजा नास्ति एव क्रमार्पितस्वपरद्रव्याद्यपेक्षया ।

१४→કાળાદિની અપેક્ષાએ ધર્મો અને ધર્મી વચ્ચે અભિન્નભાવને પ્રધાનગણીને સમકાળે ધર્મ અને ધર્મીનો નિર્દેશ કરતું વાક્ય સકલાદેશ. ભેદને પ્રધાન ગણીને ક્રમશઃ ધર્મોનો નિર્દેશ કરતું વચન વિકલાદેશ. પ્રમાણ સપ્તભંગી યથાવસ્થિત સ્વરૂપને પ્રરૂપનાર હોવાથી સકલાદેશ સ્વભાવવાળી કહેવાય છે. જેમકે →

૧. જીવાદિ પદાર્થો છે જ. પોતે જે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવ રૂપે રહેલા છે, તેની અપેક્ષાએ (જેમ ઘટ પોતે અમદાવાદી હોવાથી તેવી માટી તે દ્રવ્ય, અમદાવાદ તે ક્ષેત્ર અથવા અત્યારે પોતે જ્યાં રહેલ છે તે ક્ષેત્ર, જે કાલમાં છે તે કાળ "ઘટરૂપે છે" તે ભાવ આ ચાર રૂપે તે વિદ્યમાન છે.

૨. અન્ય દ્રવ્યાદિ રૂપે વિદ્યમાન નથી. ૩. ઉભયની અપેક્ષાએ છે અને નથી,

૪. યુગપદ્ વિધિનિષેધ કહેવાનો કોઈ શબ્દ જ નથી માટે અવક્તવ્ય.

૫. કેટલીકવાર વિધિનો વિચાર કરીને પણ સાથોસાથ યુગપદ્નો પણ વિચાર આવે ત્યારે "છે અને અવક્તવ્ય" ભાંગો આવે.

૬. નિષેધ સાથે યુગપદ્વિચાર આવતા "નથી અને અવક્તવ્ય .

૭. વિધિ નિષેધની સાથે યુગપદ્ વિચાર આવતા "છે, નથી અને અવક્તવ્ય."

૧૫→વ્યવહાર નયથી માન્ય જે સ્વદ્રવ્યાદિ છે તેની અપેક્ષાએ રાજકુમારતે રાજા છે જ. પરદ્રવ્યાદિની અપેક્ષાએ રાજા નથી. બન્નેયને ક્રમથી વિચારીએ તો રાજા છે, રાજા નથી. બન્નેને યુગપદ્ વિચારીએ તો

स्याद् अवक्तव्यं एव, सहार्पितस्वपरद्रव्याद्यपेक्षया, न हि युगपत्व्यपदेशसमर्थो वाचकशब्दो अस्ति ॥ एवं शेषत्रयो भंगा भावनीयाः ॥

અવક્તવ્ય (રાજકુમારને રાજા પણ ન કહેવાય અને રાજા નથી એમ પણ ન કહેવાય, યુગપદ્માં બન્નેની અપેક્ષા સંતોષાવી જોઈએ તે એક પણ વાક્યથી સંભવતુ નથી, માટે અવક્તવ્યનો પ્રયોગ થાય છે.)

વ્યવહાર નય પણ આજે યુવરાજ શરીર છે, તે દ્રવ્યને આશ્રયી તે આત્માને રાજા કહે છે, અન્ય શરીર દ્રવ્યને આશ્રયી નહિ, એટલે સંગ્રહનયની જેમ માત્ર શિશુ શરીરને આશ્રયી તેવી પ્રરૂપણા ન કરે. એટલે યુવરાજ શરીર દ્રવ્ય એ રાજા માટે વ્યવહાર નયની અપેક્ષાએ સ્વદ્રવ્ય થયું. શિશુ શરીર પરદ્રવ્ય થયું.

ક્ષેત્ર : જે દેશમાં પિતાશ્રી/ભાઈ રાજા હોય તે દેશને આશ્રયી યુવરાજને રાજા કહે છે, (અન્ય દેશને આશ્રયી નહિં.) તેવો દેશ સ્વદેશ થયો.

કાળ : જે કાળમાં પોતે યુવરાજ રૂપે વર્તી રહ્યો છે, તેકાળને આશ્રયી રાજા કહે છે, તે સ્વકાળ થયો. સાવ ડોહો થઈ ગયો તેવાં છેલ્લા કાળ અને સાવ બાળપણનો કાળ તેને આશ્રયી રાજા ન કહેવાય, માટે તે પરકાળ.

ભાવ : એમ જેનામાં સેવકનું રક્ષણ, શત્રુનો નિગ્રહ ઈત્યાદિ રાજા યોગ્ય ગુણો રહેલાં હોય તે ભાવને આશ્રયી તેને રાજા કહે છે. તે ભાવ સ્વ થયો, સાવ માયકાંગળાને, વ્યસનીને રાજા નહી કહે, તેવા ભાવો પર સમજવા.

પરસ્પર વિભિન્ન અભિપ્રાયવાળા નયયુગલથી ઉભા થયેલ વિધિ નિષેધે કરીને નયવાક્ય પણ સપ્તભંગીને અનુસરે છે. (સ્યા.રત્ના. ૧૦૭. પે. પરિ. ૬ સૂત્ર ૫૨)

જેમ નૈગમની સંગ્રહાદિની સાથે સપ્તભંગી બને છે.→

જેમકે → નૈગમ → હું પ્રસ્થાદિમાટે જાઉં છું.

સંગ્રહ → પ્રસ્થાદિના સંકલ્પમાં પ્રસ્થવિ.અસત્ છે, તેથી પ્રસ્થાદિની પ્રતીતિ ન થાય, એમ નિષેધ કરે છે. કા. કે. એ તો સત્ને જ માને છે.

વ્યવહાર → દ્રવ્યમાં તેવી ઉપલબ્ધિ થાય, અસત્-અદ્રવ્યમાં-વિચારમાં તેવી ઉપલબ્ધિ ન સંભવે.

ઋજુસૂત્ર → પ્રસ્થાદિ પર્યાયમાં જ તેવી પ્રતીતિ સંભવે, તેનો અહીં અભાવ છે.

શબ્દ → કાલાદિ ભેદથી ભિન્ન શબ્દથી વાચ્યઅર્થમાં તેવી ઉપલબ્ધિ સંભવે છે, અહીં તેવો અર્થ છે જ નહીં.

સમભિરૂઢ → પર્યાયભેદથી ભિન્નઅર્થમાં તેવી પ્રતીતિ થાય. અહીં એવો પર્યાય વિદ્યમાન નથી.

એવંભૂત → ક્રિયાયુક્ત અર્થને જ પ્રસ્થ મનાય. અહીં તો તેવી ક્રિયા જ નથી, માટે આવા સંકલ્પ ને પ્રસ્થ ન મનાય. આમ નૈગમથી વિધિ બતાવી શેષ નયો વડે નિષેધ દર્શાવ્યો. ક્રમથી-નેગમનયથી પ્રસ્થ છે(વિધિ), સંગ્રહાદિથી પ્રસ્થ નથી (નિષેધ). યુગપત્ તો બન્નેયના અભિપ્રાયને વ્યક્ત કરનાર શબ્દ ન હોવાથી અવકતવ્ય. એમ ક્રમથી અને યુગપત્ને લઈ સપ્તભંગી થશે.

→ એવંભૂત નયમાં પણ → દ્રવ્યાદિની સ્વ-પર બન્ને રીતે વિચારણા થઈ શકે છે.

(૧) દ્રવ્ય→ કોર્ટમાં ન્યાય આપતા જજને પણ પોતાના બાળ શરીરને આશ્રયી જજ નથી કહેતા પરંતુ

"स्यात्" शब्दो निर्दिश्यमानधर्मव्यतिरिक्ताशेषधर्मान्तरसूचकः ॥

॥ इति द्वितीयाध्यायस्य द्वितीयाह्निकः

અત્યારે જે શરીર દ્વારા ન્યાય આપી રહ્યા છે, તેદ્રવ્યને આશ્રયી જજ કહેવાય. અથવા જે મનોદ્રવ્ય દ્વારા પોતે ન્યાયની વિચારણા કરે અને જે ભાષાદ્રવ્યનો ન્યાય આપવા માટે પ્રયોગ કરે તે દ્રવ્યને આશ્રયી જજ અને તેજ વખતે બીજા અંગગતદ્રવ્યો—પુદ્ગલો જે ન્યાય આપવામાં ઉપયોગી નથી તેને આશ્રયી જજ ન કહેવાય. જેમ પોતાની પાસે ત્યારે ચાર પેન પડી છે, તેમાંથી જે પેનને આશ્રયી જે હાથથી ચૂકાદો લખે છે, તે જ પેનની અને હાથની અપેક્ષાએ જજ અન્યપેનની અપેક્ષાએ નહીં. જે વ્યક્તિને આશ્રયી ન્યાય આપી રહ્યા છે એની અપેક્ષાએ જજ, પણ તેજ વખતેકોર્ટમાં હાજર અન્ય વ્યક્તિની અપેક્ષાએ જજ ન કહેવાય.

(૨) ક્ષેત્ર→તેમ ન્યાયાધીશને પોતે જે કોર્ટમાં જજ છે, તેક્ષેત્રની અપેક્ષાએ જ જજ કહેવાય. ન્યાયઆપતી વખતે પણ અન્ય કોર્ટની અપેક્ષાએ તો જજ નથી જ, તે ક્ષેત્ર તેનું પરક્ષેત્ર થયું.

(૩) કાળ→ જ્યારે ન્યાય આપતા હોય તે ન્યાયધીશનો સ્વકાળ અને તેજ વખતે= ન્યાય આપતી વખતે તેમને ભિન્નકાળને આશ્રયી પૂછવામાં આવે તો પણ તે નિષેધ કરશે. જેમ ઘટવિધમાન છે, તેજ વખતે ભિન્ન ક્ષેત્રાદિને આશ્રયી પૂછવામાં આવશે તો પણ ઘટનો નિષધ જ કરાય છે.

કાળને આશ્રયી જે કાળમાં પોતે જજ તરીકે નિમણૂક થયા હોય તે સ્વકાળ કહેવાય. તેનાં પૂર્વના કાળની અપેક્ષાએ જજ નથી. અહીં તાત્પર્ય એમ છે કોઈ પૂછે આ ન્યાય આપતા જજ કઈ સાલમાં ન્યાયાધીશ થયેલાં છે. કયા વર્ષનાં ન્યાયાધીશ છે ? તો એમને ૧૯૯૫ ઈ.સ. વિ. જે કાળમાં નિમણૂક કરવામાં આવ્યા હોય તે કાળનો પ્રયોગ કરીએ તો સાચો અને તેનાથી ભિન્ન કાળનો પ્રયોગ કરે તો ખોટો. જેમ ઘટને શિયાળામાં બનાવ્યો હોય તો શિયાળુ ઘટ કહેવો તે સ્વકાળ અને ઉનાળું કહે તો તે પરકાળ-એટલે પાણી લાવતી વખતે પણ તેનો ઉનાળુઘટની અપેક્ષાએ ઘટ તરીકેનો નિષેધ જ થાય. આમ અનેક દૃષ્ટિથી વિચારી શકાય છે.

(૩) ભાવ → ન્યાય આપતી વખતે પણ જે બોલવાની છણાવટ, ન્યાય માટેની યુક્તિનો પ્રયોગ ઈત્યાદિ ભાવોને આશ્રયી જજ કહેવાય અને તે જ વખતે તેમાં રહેલા મનુષ્યત્વ—માનવતા, સજ્જનતા, દાનવીરતા, ઉદારતા, વિગેરે ભાવો છે ખરા, પરંતુ તે ભાવોને આશ્રયી કાંઇ તેમને જજ નથી કહેવાતા.

પ્રમાણથી "આ રાજા છે" એમ કહેવાની સાથે તે મનુષ્યત્વ વગેરે અનંતધર્મોનો સ્વીકાર કરી જ લે છે.

"स्यात्" શબ્દ નિર્દેશ કરાતા ધર્મથી બાકી રહેલા બધા ધર્મોનો સૂચક છે. જ્યારે વ્યવહાર નયની અપેક્ષાએ "જે યુવરાજ છે તે રાજા છે" બસ તેટલો અભિપ્રાય પૂરતો છે. તે મનુષ્યત્વ વગેરેધર્મની બાબતમાં કશો પણ પોતાનો અભિપ્રાય દર્શાવતો નથી, હા ! કોઈને તેની ના પણ નથી પાડતો. એટલી સાહુંકારી ખરી.

જ્યારે દુર્નય માત્ર જ કારથી પોતાનો અભિપ્રાય દર્શાવી અન્યધર્મોનો તિરસ્કાર-નિષેધ કરી નાંખે છે. આખા મકાનને લઈ વિચારણા કરવી તે પ્રમાણ, તેના જ એક બારી-બારણાની વિચારણા કરવી તે નય.

(બીજા અધ્યાયનું બીજું આહ્નિક પુરું — બીજો અધ્યાય સમાપ્ત)

।। अथ तृतीयाध्यायः ।।

संयोगसमवायविशिष्टसामान्यान्यतमावच्छेदेन नास्तीति प्रतीतिविषयोऽत्यन्ताभावः ॥१॥

१→गृहे संयोगेन चैत्रो नास्ति, शशे समवायेन शृङ्गो नास्ति। घटपरिमाणविशिष्टमुक्ताफलो नास्ति । खे चंद्रसमानोऽन्यचंद्रो नास्ति ॥१॥

"ત્રીજો અધ્યાય"

નય અને સપ્તભંગીમાં વિધિની જેમનિષેધ પણ બતાવવામાં આવ્યો, તે નિષેધ એટલે કે "ન હોવું" તેને અભાવ કહેવાય છે, તે અભાવ અત્યંતાભાવ વગેરેની અપેક્ષાએ ચાર પ્રકારે છે, ક્રમપ્રાપ્ત પ્રથમ અત્યંતાભાવનું સ્વરૂપ દર્શાવે છે....

સંયોગ સમવાય, વિશિષ્ટ અને સામાન્યમાંથી કોઈની અપેક્ષાએ "નાસ્તિ"–"નથી" એ પ્રમાણેની પ્રતીતિનો વિષય તે અત્યંતાભાવ. ॥૧॥

૧→ ૧. ગૃહ -ઘરમાં સંયોગથી ચૈત્ર નથી, અહીં પ્રતિયોગી ચૈત્ર બન્યો, પરંતુ પ્રતીતિનો વિષય તો તેનું ઘર બન્યું, એટલે અભાવ ચૈત્રશૂન્યગૃહ રૂપ થયો. એમ અભાવ સર્વથા અસત્ય નથી, પરંતુ વસ્તુનો જ પર્યાય છે માટે સત્ છે, પહેલા જે ઘર ચૈત્રના સંયોગવાળું હતું તેજ ઘર અત્યારે ચૈત્રના સંયોગ વગરનું છે. એમ ઘરના પર્યાયમાં રૂપાન્તર થયું, કંઈ સર્વથા ઘર નષ્ટ થયું નથી. એમ અભાવની પ્રતીતિ પણ કોઈ આધારને આશ્રયીને થાય છે, તે અનુયોગી તો વિદ્યમાન જ છે. કંબુગ્રીવાદિવાળો પદાર્થ જોવામાં આવતા "આ ઘટ છે" આવી પ્રતીતિ થાય છે માટે તેનો વિષય બનનાર તે પદાર્થ ઘટ કહેવાય છે. તેમ ચૈત્રશૂન્ય ઘર દેખાતા "અહીં ચૈત્રનો સંયોગ નથી" આવી પ્રતીતિ થાય છે, માટે તેનો વિષય બનનાર તે ઘરને અભાવ (ચૈત્રાભાવ) રૂપ કહેવાય છે. ॥૧॥

૨. સસલામાં સમવાય સંબંધથી શિંગડું નથી, અહીં અવયવ-અવયવીને આશ્રયી સમવાય સંબંધ દર્શાવ્યો છે, પણ "શૃઙ્ગસમવાય સસલામાં નથી" આવી પ્રતીતિ થાય છે, સસલુ પણ છે અને શિંગડુ પણ છે, તેનો સમવાય માત્ર સસલામાં નથી. એમ સર્વથા અસત્ નથી.

૩. ઘટ પ્રમાણથી વિશિષ્ટ મુકતાફળ નથી એટલે મુકતાફળ -મોતી સર્વથા અસત્ નથી પરંતુ ઘટ જેવડા નથી .

૪. આકાશમાં ચંદ્ર સરખો બીજો ચંદ્ર નથી, પણ ચંદ્રસિવાય કશું જ નથી એમ નહી. એટલે તારા નક્ષત્ર વિગેરેનો નિષેધ નથી. અથવા બે સંખ્યાનો નિષેધ છે, સર્વથા ચંદ્રનો નિષેધ નથી. અહીં સામાન્યનો નિષેધ છે, એટલે ચંદ્રસમાન તેજસ્વી બીજો ચંદ્ર નથી, પરંતુ ઓછાવત્તા તેજવાળા તારાદિનો નિષેધ નથી, એમ નૈયાયિકો જે અત્યંતાભાવ માને છે. તેનો આ ચારમાં સમાવેશ થઇ જાય છે, તેને નિત્ય માનવો તે સર્વથા અજુગતું છે. કારણ કે આ તો પદાર્થનો પર્યાય હોવાથી બદલાયા કરે છે, ભૂતલમાં ઘટ આવતા પાછો પૂર્વનો "ઘટો નાસ્તિ" ઘટ શૂન્ય એવો ભૂતલનો પર્યાય નાશ પામી જાય છે, માટે તે પર્યાય રૂપ જ અત્યંતાભાવ છે ॥૧॥

कार्यकारव्यावृत्तिमान् कार्यपूर्वपर्याय एव प्रागभावः॥२॥

[प्रतियोग्युपादाने कार्यप्राक्कालावच्छेदेन "एकत्कार्यं भविष्यति इति प्रतीतिविषयत्वं प्रागभावः] ॥२॥

२ → मृत्पिण्डस्य घटप्रागभावप्रतीतिविषयत्वात् मृत्पिण्डपर्यायात्मको घटप्रागभावः, मृत्पिंडपर्याय एव घटाकारव्यावृत्तिमात्रात् घटप्रागभात्रो व्यपदिश्यते वि.भा. ४७९ ॥

कार्यकार व्यावृत्तिमान् कार्योत्तरपर्यायो ध्वंसः ॥३॥

प्रतियोग्युपादाने कार्योत्तरकालावच्छेदेन एतत्कार्यं न उपलभ्यते (नष्टम्) इति प्रतीतिविषयत्वं ध्वंसः ॥३॥

३ → एवं कपालस्य ध्वंसाभावप्रतीतिविषयत्वात् कपालपर्याय एव घटध्वंसः ।

अनंतधर्मात्मकवस्तुनः तत्तद्धर्मो द्रव्यक्षेत्रकालभावादीन् अवलम्ब्य उपलब्धिविषयो भवति। तथा हेतौ साध्यसाधकनियमाभावो दोषरूप (भावत्वेन) उक्तः ॥

निर्मलगुणस्यैव दोषाभावीयप्रतियोगिनिष्ठप्रतियोगितायाः निरूपकत्वात् अभावत्वं, न तु दोषाभावोऽतिरिक्तुच्छपदार्थः। एवं निर्मलगुण एव दोषाभावस्वरूपः ।

કાર્યાકારવગરનો કાર્યની પૂર્વનો પર્યાયતે પ્રાગભાવ [પ્રતિયોગીના ઉપાદાનમાં કાર્ય ઉત્પત્તિના પૂર્વ કાલને આશ્રયી "અહીં આ કાર્ય થશે આવી" પ્રતીતિનો વિષય તે પ્રાગભાવઃ] ॥૨॥

૨→ આ પણ સત્ પદાર્થ છે, કારણ કે સામે પડેલા મૃત્પિંડને જોઈને આ પ્રતીતિ થાય છે.અહીંમાત્ર મૃત્પિંડનો જે ઘટ પર્યાય છે તે અત્યારે વિદ્યમાન નથી, તેનો નિષેધ છે, એ અપેક્ષાએ આને અભાવ કહેવાય છે. કાર્યોત્પત્તિ કે પહેલે કારણમેં કાર્યકા અભાવ = પ્રાગભાવઃ "मृत्तिकायां घटाभावः" (A.S. ૭૬) ॥૨॥

કાર્યાકાર વગરનો કાર્ય પછીનો પર્યાય તે ધ્વંસ. [પ્રતિયોગીના ઉપાદાનમાં કાર્ય પછીના કાલને આશ્રયી "અહીં આ કાર્ય દેખાતું નથી–ઉપલબ્ધ થતું નથી" એવી પ્રતીતિનો વિષય તે ધ્વંસ] ॥૩॥

૩→ માટીની ઠીકરીઓ પડી હોય તે જોઈ નાશની પ્રતીતિ થાય છે, છતાં તેમાં માટી દ્રવ્યતો નાશ થયું નથી કા.કે. તેના ગુણધર્મ તેમાં હયાત છે. એટલે જે માટી પહેલા ઘટપર્યાયરૂપે હતી તે જ કપાલ–ઠીકરીઓના પર્યાયને પામી છે, એમ સત્પદાર્થ જ છે.

અનંત ધર્માત્મક વસ્તુના તે તે પર્યાયો–ધર્મો દ્રવ્યાદિને અવલંબી ઉપલબ્ધિના વિષય બને છે. એટલે કે તેમનું જ્ઞાન– ભાન થાય છે તથા હેતુમાં સાધ્ય-સાધનના નિયમના અભાવને દોષરૂપે એટલે દોષનામના ભાવપર્યાય રૂપે જ કહ્યો છે.

નિર્મલગુણ જ દોષાભાવની પ્રતિયોગિતાનો નિરૂપક હોવાથી નિર્મલગુણ જ દોષાભાવ રૂપ છે, કંઈ દોષાભાવ અતિરિક્ત તુચ્છ-અસત્ પદાર્થ નથી. એટલે ચક્ષુમાં રહેલ નિર્મલ ગુણને જ આશ્રયી એમ કહેવાય છે કે અહીં-આંખમાં દોષાભાવ છે. એટલે દોષાભાવની ઓળખાણ નિર્મલગુણના આધારે થઈ, માટે તે તત્પ્રતિયોગિતાનો નિરૂપક કહેવાય છે. એમ ઘટાભાવની ઓળખાણ-પ્રતીતિ ઘટ શૂન્ય ભૂતલને આશ્રયી થાય છે. માટે તેવું ભૂતલ ઘટાભાવીય પ્રતિયોગિતાનું નિરૂપક બને છે, એથી તાદૃશ ભૂતલ સ્વરૂપ ઘટાભાવ કહેવાય

घटशून्यभूतलपर्याय एव "भूतले घटाभाव" "इत्याकारकप्रतीतिविषयः ॥

४→अभावाधिकरणकाऽभावस्य अधिकरणत्वेन स्वीकारात् द्रव्याद्यधिकरणकाभावस्य अधिकरणत्वेन अस्वीकारात् नैयायिकमते अर्धजरतीयन्यायापत्तिः । अत एव अधिकरणपर्याय-विशेषात्मकोऽभावः स्वीकार्यः ॥१।२।३॥

स्वरूपावच्छेदेन स्वरूपान्तरव्यवच्छेदोऽन्योऽन्याभावः ॥४॥

५→यथा घटपर्यायावच्छेदेन घटान्तरस्य=पटस्य व्यवच्छेदो यथा "घटो न पटः" स्वपर्यायापेक्षया घटो घटान्तरात् अपि भिन्नः "स्वभावान्तरात् स्वभावव्यावृत्तिः इतरेतराभावः" (A.S. भा-२) ॥४॥

६→"अस्ति नास्ति" इति प्रतीतिस्तु प्रमाणम् अथ- प्रमाणमिति जगति प्रसिद्धं तर्हि अवश्यमेव कोऽपि प्रमाकर्ता-जीवात्मा भविष्यति । स कीदृश इति आरेकां समुत्थाय आह-

ज्ञानदर्शनचारित्रगुणवान् जीवात्मा ॥५॥

છે. કા.કે. જેને આશ્રયી જે પ્રતીતિ થાય તે જ તે પ્રતીતિનો વિષય બને છે. જે વ્યક્તિને દેખી સાધુની પ્રતીતિ થાય તો તે જ વ્યક્તિ સાધુ કહેવાય ને—તે પ્રતીતિનો વિષય બને છે.

૪→વળી નૈયાયિક અભાવાધિકરણક અભાવને તો અધિકરણ સ્વરૂપ માને છે અને પ્રથમ દ્રવ્યાદિના અભાવને અસત્—તુચ્છ પદાર્થ માને છે, એમ તેના મતમાં અર્ધજરતીયદોષ આવે, માટે બધા જ અભાવને અધિકરણ સ્વરૂપ માનવા શ્રેયસ્કર છે.॥૧।૨।૩॥

સ્વરૂપ અપેક્ષાએ અન્ય સ્વરૂપનો નિષેધ કરવો તે અન્યોન્યાભાવ ॥૪॥

૫→ જેમ ઘટ પર્યાયને આશ્રયી ઘટાન્તર- પટપર્યાયનો નિષેધ કરવો "આ ઘટ તે પટ નથી", સ્વપર્યાયની અપેક્ષાએ ઘટ પણ અન્યઘટથી ભિન્ન છે. "બધા જ ગુણપર્યાયો એકબીજાથી સ્વભાવથી ભિન્ન છે. (A.S.)" ॥૪॥

૬→ "છે, નથી" આવી પ્રતીતિ થાય છે તેનું નામ પ્રમાણ (પ્રમા) છે, એટલે કે જગતમાં પ્રમાણ આ તો પ્રસિદ્ધ છે, તો કોઈ પ્રમાનો કર્તા=જીવાત્મા પણ હોવો જ જોઈએ, તે કેવો છે, એવીશંકા ઉઠાવીને કહે છે....

તાદાત્મ્ય[1]થી જ્ઞાન-દર્શન-ચારિત્રવાળો જીવાત્મા છે. ॥૫॥

૭ શંકા→ જ્ઞાનાદિગુણો શરીરમાં જ ઉપલબ્ધ થાય છે, માટે શરીરથી ભિન્ન અનાદિ કોઈ આત્મા નથી.

સમા → "હું સુખી છું," "હું દુખી છું" આવા સંવેદનનો શરીર સાથે વ્યભિચાર જોવા મળે છે, એટલે

---

[1] अत्र गुणगुणिनोस्तादात्म्यसंबन्ध, समवायस्य एकत्वात् विभुत्वाच्च सर्वात्मसु ज्ञानसांकर्यापत्तिः नैया →ગુણ ગુણી ભિન્ન હોય છે, તેને સમવાયથી જોડી શકાય છે, જૈન →તે યોગ્ય નથી, કારણ કે તે વિભુ હોવાથી બધા આત્માની સાથે જોડાઈ જવાની આપત્તિ આવે અને તેથી જ્ઞાનનું સાંકર્ય થશે, એટલે ભિન્ન ભિન્ન આત્મામાં રહેનારા જ્ઞાન દરેક આત્મામાં આવી જવાથી જ્ઞાનનું સાંકર્ય થશે. આત્મા અને સમવાય બંને નિત્ય પદાર્થ હોવાથી તેમાં સહકારીનો ઉપકાર થઈ શકે તેમ નથી. એટલે સમવાય તેતે જ્ઞાનને અમુક જ આત્મા સાથે જોડે એવી કોઈ વિશેષતા સમવાયમાં જોવા મળતી નથી. અથવા "કથંચિત્ વિશેષતા રહેલી છે જેથી તે અમુક સાથે જોડી આપે છે, તો તે સમવાયમાં આત્માનાં તેવા સ્વભાવના લીધે તેવી વિશેષતા પેદા થાય છે કે જેથી તે જ્ઞાનને તે તે આત્મા સાથે જોડી આપે છે" એમ માનશો તો, એનો મતલબ તો આત્માનો સ્વભાવ જ તેવી પ્રતિનિયતતા કરનારો થયો માટે તે સંબંધ બનવાથી આત્માનું સ્વરૂપ જ સબંધ થયો ને, તો અમે પણ કથંચિત્ તાદાત્મ્ય આને જ કહીએ છીએ. વળી તમે સમવાયને પદાર્થમાનો છો તે આત્મા સાથે કેવી રીતે જોડાશે ? (પાછળ જુઓ)

७ →ननु शरीरे एव ज्ञानादिगुणोपलब्धि र्दृश्यते, अत शरीरात् भिन्नो न कोऽपि अनादि-निधनःआत्मा अस्ति।

"अहं सुखी" "अहं दुखी" इत्याकारकसंवेदनस्य शरीरे व्यभिचारात् देहात् भिन्न एव आत्मा।

८→एकेन्द्रियादीनां सर्वेषां यत्किञ्चित् ज्ञानादिमात्रा विद्यते । आत्मप्रदेशानां स्वभावतः ज्ञानाद्यात्मकत्वात् दीपज्योतिर्वत् । न च ज्ञानादि आत्मनः स्वभावस्तर्हि कथं तेषां तारतम्यता इति वाच्यम् । तेषां कर्मणा आवृतत्वात् क्षयोपशमवैचित्र्याच्च तारतम्यभावेन ज्ञानादीनां प्रतीतिः ॥५॥

९→किं नाम कर्म अत आह ।.....

जडत्वे सति आत्मनो विभावदशाजनकत्वं कर्म ॥६॥

१०→'जडत्वे सति' - इति पदोपादानात् आत्मगुणत्वेन नैयायिकाभिमताऽदृष्टस्य निरासो भवति । अन्यथा मोक्षानुपपत्तेः । यथाहि नहि स्वधर्मस्य- स्वभावस्य कदापि सर्वथा विनाशो दृश्यते ज्ञानवत्, कर्मणि अविनाशे च मोक्षाभावः । कर्मसंयोगात्मकस्य संसारत्वेन प्रसिद्धिः ।

'आत्मनः विभावदशाजनकत्वमिति पदेन प्रधानविकारवादिनां सांख्यानां मतं निरस्तं नहि जडेन जडस्य विकृतौ कृत्यां सत्यां आत्मनः स्वभावदशालोपः स्यात्, तदभावे–विकृत्यभावे तस्य आत्मनः संसाराघटमानतया मोक्षस्य अन्याय्यापत्तेः, मोक्षस्य बंधपूर्वकत्वात् ॥६॥

શરીર તાવથી ધગધગતું હોય, છતાં પ્રિયના સંયોગથી અથવા જિનશાસનવાસિત હૃદય આનંદનો અનુભવ કરે છે, એમ શરીરમાં દુખ હોવા છતાં જે આનંદનો અનુભવ કરે છે, તે તો તેનાથી અવશ્ય જુદો જ હોવો જોઈએ, જેમ ચૈત્રને દુખ હોવા છતા તેનાથી ભિન્ન ચૈત્ર આનંદ અનુભવે છે.

८→ એકેન્દ્રિયાદિ સર્વ જીવોમાં થોડી ઘણી જ્ઞાનાદિની માત્રા હોય જ છે, કારણ કે આત્મપ્રદેશો સ્વભાવથી જ્ઞાનાદિમય જ છે, જેમ દીવાના કિરણો પ્રકાશમય છે. શંકા → જ્ઞાનાદિ ગુણ એ આત્માનો સ્વભાવ છે તો તેમાં તરતમતા કેમ જોવા મળે છે ? સમા → તેઓ કર્મથી આવૃત હોવાથી અને ક્ષયોપશમની વિચિત્રતા હોવાથી તરતમભાવે ઉપલબ્ધ થાય છે ॥२॥

९ → કર્મ શું છે એથી કહે છે....

જડરૂપ હોવા સાથે આત્માની વિભાવદશા પેદા કરનાર તે કર્મ ॥६॥

१०→વિશેષણનું ઉપાદાન કરવાથી નૈયાયિક અભિમત જે અદૃષ્ટને આત્મગુણ માન્યો છે, તેનો નિરાસ થઈ જાય છે. નહીંતર મોક્ષ જ ઘટી ન શકે, તે આ પ્રમાણે→પોતાના ધર્મનો સર્વથા નાશ જોવા મળતો નથી, જેમ જ્ઞાનનો સર્વથા નાશ નથી થતો. તેમ અદૃષ્ટનો પણ નાશ નહી થાય, અને તેથી મોક્ષનો અભાવ થશે. કા.કે. કર્મનાં સંયોગ સ્વરૂપ તો સંસાર છે.

"આત્મનः વિભાવદશાજનકત્વં" આ પદથી પ્રધાન–પ્રકૃતિનો વિકાર અને પુરુષ–આત્માને માત્ર કૂટસ્થ નિત્ય માનનાર સાંખ્યમતનો નિરાસ થઈ જાય છે. જડ દ્વારા જડની વિકૃતિ કરવાથી આત્માની સ્વભાવદશાનો લોપ થઈ શકે નહિ. આત્માની વિકૃતિ વિના સંસાર ઘટી શકતો નથી. સંસાર વિના મોક્ષ ઘટવો ઉચિત નથી.

તેના માટે સ્વરૂપ સંબંધ માનેલ છે, તેનાં કરતા સમવાયને માન્યા વિના સીધો જ તે જ્ઞાનને આત્માનો ગુણ–સ્વભાવ માની તાદાત્મ્ય સંબંધ (સંબંધીનો પોતાનો જ સ્વભાવ)ને ત્યાં કારણ માનવું સારૂં છે. એટલે કે આત્માનો તેવો સ્વભાવ છે કે જ્ઞાનને પોતાની સાથે તાદાત્મ્યથી જોડી રાખે છે અને જ્ઞાનનો એ સ્વભાવ છે કે પોતે તાદાત્મ્યથી આત્મા સાથે જોડાઇ રહે છે, માટે તેનો ઉચ્છેદ થવો સંભવ નથી. કારણ કે જે જેનો સ્વભાવ હોય તેનો ઉચ્છેદ થતાં વસ્તુ નિઃસ્વભાવ બની જતાં તુચ્છ બની જાય છે.

૧૧→"कर्म पौद्गलिकं आत्मनः पारतंत्र्यजनकत्वात् निगडादिवत्"—बाह्यौषधिमद्येत्यादि-मूर्त्तपदार्थेन अमूर्ते आत्मनि अनुग्रहोपकारयोः प्रत्यक्षसिद्धत्वात् "अमूर्तात्मनि कथं मूर्त्तेन कर्मणा विकारो जन्यते" इति न शङ्कनीयम् ॥६॥

૧૨→केन हेतुना जीवस्तादृशं कर्मोपादानं करोति इत्याह.....

मिथ्यात्वाविरतिकषाययोगेन कर्मण आत्मना सह एकीभवनं कर्मबन्धः ॥७॥

૧૩→एतादृशैरभ्यन्तरहेतुभिरात्मा कर्मणा लिप्यते । अत एव विमुक्तये तत्प्रतिपक्षीभूतेषु अप्रमत्तेन यतितव्यम् ॥७॥

૧૪→किं नाम मिथ्यात्वम् ?

॥ यथाध्यात्मम् असति सत्प्रकारिका बुद्धिः तत्कारणं वा मिथ्यात्वम् ॥८॥

૧૫→'यथाध्यात्मं पदानुपादाने छागे अश्वबुद्धावतिव्याप्तिः स्यात् । "आत्मोन्नतिमुद्दिश्य छागादिघातने धर्मो भवति "इत्याकारिका बुद्धि र्मिथ्यात्वम् । यद्दृष्ट्वा अन्येषामपि तत्र धर्मबुद्धि-र्भवति इति तत्कारणभूतेषु यागादिषु प्रवर्तनमपि मिथ्यात्वम् । अत एव परतीर्थिकगृहीतार्हतबिम्ब-पूजने मिथ्यात्वं लगति =असति अधर्मात्मके-यागे सत् = धर्मोऽयं इति बुद्धिर्मिथ्यात्ववशात् जायते ॥८॥

કારણકે પૂર્વે બંધ હોય તો તેનાથી મુક્ત થવાનું હોય. જેલમાં ગયેલાને રજા મળતાં છૂટો થયો કહેવાય. ઘેર રહેલાને છૂટી ગયો એમ કહેવાતું નથી.

૧૧→"કર્મ એ પુદ્ગલનો જ વિકાર છે." આત્માને પરતંત્ર બનાવતું હોવાથી, જેમ આપણને પરતંત્ર બનાવનાર બેડી. બ્રાહ્મી ઔષધિ મદિરા વિગેરે મૂર્ત્ત પદાર્થ દ્વારા અમૂર્ત્ત આત્માને વિષે અનુગ્રહ અને ઉપકાર પ્રત્યક્ષ જોવા મળે છે. માટે "અમૂર્ત્ત આત્મા ઉપર મૂર્ત્તકર્મની અસર કેવી રીતે થઈ શકે ?" એવી શંકા કરવાની જરૂર રહેતી નથી. ॥૬॥

૧૨→જીવાત્મા કયા હેતુથી તેવા કર્મને ગ્રહણ કરે છે ? એથી કહે છે.....

મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગથી કર્મનું આત્મા સાથે એકમેક થવું તે કર્મબંધ છે. ॥૭॥

આવાં અભ્યંતર હેતુથી આત્મા કર્મ બાંધે છે. એટલે કે કર્મ પુદ્ગલો આત્મા સાથે ક્ષીર-નીરની જેમ એકમેક થઈ જાયછે. એટલે તેમનો=આત્મ કર્મનો બાહ્ય પ્રયત્નથી સંયોગ પણ થઈ શકતો નથી અને મુક્તિપણ સંભવી શકતી નથી. એટલે કર્મબંધમાં આમાંથી કોઈ કારણ હોવું જરૂરી છે, અને છૂટકારા માટે તેના પ્રતિપક્ષની જરૂરત પડે છે. ॥૭॥

મિથ્યાત્વ એટલે શું ?

અધ્યાત્મનાં અનુસારે અસત્માં સત્ની બુદ્ધિ થવી કે તેવી બુદ્ધિનુંકારણ તે મિથ્યાત્વ ॥૮॥

૧૫→ યથાધ્યાત્મ પદ ન મૂકીએ તો બકરામાં ઘોડાની બુદ્ધિ તો સમકિતીને પણ થઈ શકે, તેને પણ મિથ્યાત્વ માનવું પડશે, એટલે અતિવ્યાપ્તિ થશે. તેવી બુદ્ધિ થવામાં માત્ર પોતાની અજ્ઞાનતા કારણ છે, પોતે કાંઇ "આમ માનવાથી મારા આત્માનો અભ્યુદય થશે." એવું માનીને કરતો નથી. આત્માનો અભ્યુદય થશે એવું માનીને બોકડાનાં ઘાતમાં "મને ધર્મ થશે" એવી બુદ્ધિ થવી તે મિથ્યાત્વ છે. એટલે તેવા ઘાતમાં ધર્મબુદ્ધિ એજ મિથ્યાત્વનાં કારણે થાય છે. તેવું જોઇ અન્યને પણ તેમાં ધર્મબુદ્ધિ પેદા થાય છે, માટે યાગમાં પ્રવર્તવું તે પણ મિથ્યાત્વ છે. યેન અસત્=અધર્મ રૂપયાગમાં સત્=ધર્મની બુદ્ધિ થવી તે અને તેનું કારણ તે મિથ્યાત્વ છે. ॥૮॥

षट्कायवधषडिन्द्रियेभ्यो यतनया अनिवर्तनं अविरतिः ॥९॥

१६→यथा षडशीतिकर्मग्रंथे "पणमिच्छ बार अविरइ मणकरणा-नियमु छ जिअ वहो" एषा अविरतिः। यथाशक्यं अहितपरिहारपूर्वको कस्यापि अनिष्टं मा भूयात्" इत्याकारको मनसःपरिणामविशेषो, यद्वा बहुवायाविनाभाव्यल्पव्ययगोचरो यत्नो यतना ।

यतना→"एसा य होई णियमा तयहिगदोसणिवारिणी जेण ।

तेण णिवित्तिपहाणा विन्नेया बुद्धिमंतेण" (१५५ स्तवपरिज्ञा)

यतनां उपेक्ष्य त्रियोगेन प्रवृत्तिं करोति सो अविरत उच्यते । यथा कारणं विना मार्गे पर्णानि उच्छेद्य उच्छेद्य गच्छति "सावद्ययोगेभ्यो निवृत्त्यभावः अविरतिः" ।

१७→ षड्कायवध इति ग्रहणात् षड्कायेषु जीवसिद्धिदर्शनं आवश्यकं । अतो ग्रन्थकारेण स्वयं पृथिव्यादिनां च प्रत्येकं जीवत्वसिद्धिरग्रे वक्ष्यते ॥ (प्रमाणमीमांसा पे.१७ पं.१२ संपां दलसुख मालवणीया) इति कथनं कृतं आसीत्, इति तत्भावनां परिपूर्णाय अत्र ग्रन्थान्तरेण षड्जीवनिकायस्य स्वरूपं दर्शयति । ॥९॥

जातिम्लानिवृद्धिप्रभृतिधर्मवान् सजीवः ॥१०॥

१८→साम्प्रतं वनस्पतिजीवास्तित्वे लिङ्गमाह से बेमि इमपि जाईधम्मयं एयं पि जाइधम्मयं, इमं पि वृद्धिधम्मयं एयं पि वृद्धिधम्मयं, इमं पि चित्तमंतयं एयं पि चित्तमंतयं, इमं पि छिण्णं मिलाइ एयं पि छिण्णं मिलाइ, इमंपि आहारगं, एयं पि आहारगं इमं पि अणिच्चयं एयं पि अनिच्चयं इमं पि असासयं एयंपि असासयं इमं पि चओवचइयं एयं पि चओवचइयं इमं पि विपरिणामधम्मयं एयंपि विपरिणामधम्मयं" आचारांग प्रथम सू.अ. १.३प सू. ४६ पृ.६५ ॥)

यतनापूर्वक छ કાયનાં વધથી અને ઇંદ્રિયોથી પાછું ન ફરવું તે અવિરતિ ॥૯॥

૧૬→"કોઈ પણ જીવને દુખ ન થાઓ" તે રીતે પ્રવૃત્તિ કરવાનો ખ્યાલ–ઉપયોગ તે જયણા "અજય–અવિરત=અનુદ્યોગી–પાપકર્મથી નહીં અટકેલ. (નિશીથચૂર્ણી)" યતના એટલે "બની શકે તેટલા અહિતનો પરિહાર સાથે કોઈનું અનિષ્ટ ન થાઓ એવો પરિણામ." અથવા (યદ્‌વા) જેમાં ઘણો લાભ રહેલો છે અને અલ્પ નુકસાન છે એવો યત્ન તે યતના" તેવી યતના- જયણા વિના ત્રણે યોગની જેકાંઇ પ્રવૃત્તિ થાય તેમાં પછી વધ ન થાય તો પણ તે અવિરત છે. એટલે સૂક્ષ્મ એકેન્દ્રિય કોઈનો વધ કરતા નથી, અને પોતાની ઈંદ્રિયો કયાંય સ્પષ્ટ રૂપે ભટકવાની નથી પરંતુ જયણાનો ભાવ ન હોવાથી અવિરત જ કહેવાય છે. જેમ કારણ વિના માર્ગમાં પાંદડાને છેદતો છેદતો જાય.

૧૭→અહીં ષટ્કાય એમ ગ્રહણ કરવાથી તેમાં જીવ સિદ્ધિ બતાવવી જરૂરી છે. એથી ગ્રંથકારે જાતે "પૃથ્વી વિ. પ્રત્યેકની જીવત્વ સિદ્ધિ આગળ કહીશું" એમ (પે. ૧૭ ઉપર) કહેલ છે. તે ભાવનાને પૂર્ણતા આપવા અન્યગ્રંથોના આધારે ષડ્ જીવનિકાયનું સ્વરૂપ અને તેમાં જીવત્વ સિદ્ધિ દર્શાવવામાં આવે છે ॥૯॥

જન્મ, મ્લાનિ, વધ-ઘટ વગેરે ધર્મવાળો હોય તે સજીવ છે. ॥૧૦॥

૧૮→અત્યારે વનસ્પતિમાં જીવ છે તે માટે લિંગ બતાવે છે, તેને હું કહું છું → આ પણ = આ સજીવ મનુષ્ય શરીર પણ જન્મ પામે છે, આ વનસ્પતિ પણ ઉગે છે, આ વધે છે, તેમ આ પણ વધે છે, આ ચિત્તવાળું છે, તેમ આ પણ ચૈતન્યવાળું છે, આની આંગળી વગેરે કાપી હોય મ્લાન થઈ જાય છે, તેમ કાપેલી ડાળીયો

૧૯→आधुनिकवैज्ञानिका विविधप्रयोगान् वनस्पतिचैतन्यनिश्चयने कुर्वन्ति । तत्र त्रिषु गुल्मेषु छेदं कृत्वा एको निर्गच्छति, पश्चात् तस्मिन्नवरके अन्यौ पुरुषौ प्रविशतः तथापि गुल्मेषु न काचित्विक्रिया दृष्टा । यदा तु स पूर्वोक्तः छेदको हस्ते छुरिकां प्रगृह्य आगच्छति, तदा तेषां गुल्मानां अग्रभागाः प्रकम्पन्ते, नहि अजीवे एतादृग्भावो दृश्यते, अत एव तत्र जीवसद्भावोऽनुमीयते ॥

૨૦→ महाभारत–मनुस्मृत्योरपि वनस्पत्यादीनां सचेतनत्वमित्थं समर्थितं दृश्यते ।

उष्मतो म्लायते वर्णत्वक्फलं पुष्पमेव च ।
म्लायते शीर्यते चापि स्पर्शस्तेनात्र विद्यते॥
सुखदुःखयोश्च ग्रहणात् छिन्नस्य च विरोहणात् ।
जीवं पश्यामि वृक्षाणामचैतन्यं न विद्यते (महाभा. शान्ति.भा. प.अ.१८२ श्लो६-१२-पृ. २९) तमसा बहुरूपेण वेष्टिताः कर्महेतुना अन्तःसंज्ञा भवन्त्येते सुख-दुःखसमन्विताः ॥ मनु. अ.१ श्लो. ४६-४९ पृ. १४-१५॥

૨૧→अथ सामान्येन तरूणां पृथ्वीविशेषाणां च विद्रुमादीनां सचेतनत्वं साधनायाह -

तरुगणः तथा विद्रुमलवणोपलादयश्च स्वाश्रयस्थाः स्वजन्मस्थानगताः सन्तश्चेतनावन्तः छिन्नानामप्यमीषां पुनस्तत्स्थान एव समानजातीयाङ्कुरोत्थानात् अर्शोमांसाङ्कुरवत्" ।

आकारमध्यात् सततं उपलशिलानिष्काषणेऽपि आकरस्य अरिक्तादर्शनेन अभिनवा अभिनवा शिलास्तत्र प्रादुर्भवन्ति इति अनुमीयते । प्रादुर्भावश्च चैतन्यं ख्यापयति, यथा मांसाङ्कुरमध्ये जीवसद्भावात् अन्योऽन्योः नूतनोमांसाङ्कुरः प्रादुर्भवति तथा च इयम् ।

કરમાઈ જાય છે, આ પણ આહાર કરે છે, આ પણ ખાતર વિગેરેનો આહાર કરે છે, આ પણ અમુક વર્ષો પછી નાશ પામી જાય છે, તેમ આ પણ, આ સદાકાળ નથી ટકતું, આ પણ નથી ટકતું, આ મનુષ્ય શરીરમાં રોગાદિના-કાલાદિના કારણે ફેરફાર જોવા મળે છે, તેમ વનસ્પતિ ક્યારે સુકાય, ક્યારે એકદમ લીલીછમ થઈ જાય ઈત્યાદિ ફેરફારો જોવાં મળે છે.

૧૯→આધુનિક વૈજ્ઞાનિકો વનસ્પતિમાં ચેતનાસિદ્ધ કરવા અનેક પ્રયોગો કરે છે.તેમાં એક જણ ત્રણ છોડમાં છેદ કરીને જાય છે, પાછળથી બીજા બે તેની પાસે જાય છતાં તે છોડમાં કોઈ વિક્રિયા પેદા થતી નથી. અને જ્યારે પેલો છેદકરનારો હાથમાં છરી લઈને આવે છે, ત્યારે તેમના અગ્રભાગો હલવા લાગે છે, અજીવમાં આવો પરિણામ જોવા નથી મળતો, તેથી તેમાં જીવના સદ્ભાવનું અનુમાન કરાય છે.

૨૦→મહાભારત અને મનુસ્મૃતિમાં વનસ્પતિ વગેરેનું સજીવ હોવાનું સમર્થન કરવામાં આવ્યું છે.....

ગર્મીથી વર્ણ, છાલ, ફળ, ફૂલ ચિમળાઈ જાય છે– કરમાય છે અને નાશપામે ખરી પડે છે, તેથી તેમનામાં સુખદુઃખનો સ્પર્શ જણાય છે, છેદાયેલ પાછું ઉગતુ હોવાથી હું તેમાં જીવ જોઉ છું, વૃક્ષોમાં અચૈતન્ય નથી, અનેક પ્રકારના અંધકારમય કર્મના હેતુથી આ વીંટલાયેલા છે, આંતરિક જ્ઞાનવાળા એઓ સુખદુઃખથી યુક્ત છે. (મનુસ્મૃતિ.)

૨૧→હવે સામાન્યથી ઝાડ અને પૃથ્વી વિશેષ, પરવાળા વિદ્રુમ વગેરેનું સચેતનત્વ સાધવા કહે છે.....

२२→अथोदकस्य सचैतनत्वं साधयितुमाह-

भौममम्भः सचेतनमुक्तं क्षतभूमीमध्ये सजातीयस्वाभाविकस्य तस्य संभवात् दर्दुरवत् । अथवा सचेतनमन्तरिक्षमम्भः अभ्रादिविकारस्वभावसंभूतपातात् मत्स्यवदिति ।

ग्रीष्मे कूपस्थजलस्य शीतीभवनेन हेमन्ते उष्णीभवनेन तेजस्शरीरसत्तानिश्चयात् जले जीवसद्भावोऽनुमीयते मनुष्यशरीरवत् । अजीवकाष्ठादिषु नहि तादृशो विपरिणामो दृश्यते ।

२३→तेजोऽनिलावधिकृत्याह- तथा सात्मकं तेजः आहारोपादानात्" अजीवपदार्थास्तदनुकूलाहाराभावेऽपि न ते कृशीभवन्तः दृश्यन्ते, तेजस्तु तदनुकूलेन्धनाद्यप्रक्षेपणे कृशीभवत् दृश्यते, तस्मात् तेजसि–अग्नौ जीवसद्भावो अनुमानेन निश्चीयते तद्वृद्धौ विकारविशेषोपलम्भाच्च नरवत् ॥ (विशेषा भा.गा. १७५३-१७५८ पृ. ७४४-७४६)

२४→"सात्मको वायुः अपर-प्रेरितितिर्यगनियमितदिग्गमनात् गोवत्"

न परेण प्रेरित=अपरप्रेरित सन् तिर्यग् अनियमेन इतस्ततः वायु र्गमनं करोति यथा गौः, यन्त्रमानवस्तु अनियमितं गमनं करोति,

---

ઝાડનો સમૂહ અને વિદ્રુમ લવણ-મીઠું પત્થરો વગેરે પોતાના જન્મસ્થાનમાં રહેલા છતાં ચેતન છે, તેમને છેદવા છતાં ફરી તે સ્થાને જ સમાનજાતિવાળા અંકુરા ઉગતા હોવાથી, મસાની જેમ, જેમ ખાણમાંથી પત્થર સતત નીકાલવા છતાં ખાણ ખાલી થતી નથી, તેથી "ત્યાં નવા પત્થર પેદા થતા હશે" એવુ અનુમાન કરાય છે. પેદા થવું એ ચૈતન્યને જણાવે છે, જેમ મસામાં જીવ હોવાથી નવો નવો ઉગે છે, તેમ આ શિલા પણ.

૨૨→હવે પાણીનું ચૈતન્ય સાધવા કહે છે....

ભૂમિનું પાણી ચૈતન્યવાળું છે ખોદેલી ભૂમિમાં સજાતીય સ્વાભાવિક પાણી જોવા મળે છે, દેડકાની જેમ. એટલે કોઈ રાસાયણિકપ્રયોગ કર્યા વગર પાણી ક્યાંથી આવે ? માટે ત્યાં પેદા થાય છે એમ સમજવું. અથવા આકાશનું પાણી સચેતન છે, અભ્રાદિ-વાદળા વગેરેના વિકાર–(સ્વભાવ)થી પેદા થઈને પડેલું હોવાથી, માછલાની જેમ.

વળી ઉનાળામાં કૂવાનુંપાણી ઠંડુ રહેવાથી અને શીયાળામાં ગરમ રહેવાથી તૈજસ શરીરનો સદ્ભાવનો નિશ્ચયથવાથી પાણીમાં જીવનું અનુમાન કરાય છે, મનુષ્ય શરીરની જેમ, અજીવ લાકડા વગેરેમાં આવો ફેરફાર જોવા મળતો નથી.

૨૩→તેઉકાય અને પવનને આશ્રયી કહે છે.....

તથા તેજ (આગ) આત્માવાળું છે આહાર ગ્રહણ કરતો હોવાથી. અજીવ પદાર્થો તદનુકૂલ આહારના અભાવમાં પણ પાતળા પડતા જોવાતા નથી (ટેબલ વિ. તેવાના તેવાજ પ્રમાણના હોય છે નાના નથી થતા) જ્યારે તેજ-આગ તો તદનકૂલ ઈંધનાદિ ન નાંખો તો ધીમી પડે જાય છે. તેથી અગ્નિમાં જીવનો નિશ્ચય કરાય છે. તેની વૃદ્ધિ થતા એટલે કે દાહક શક્તિની તીવ્રતા-પ્રકાશનો ફેલાવો વગેરે વિશેષ વિકાર જોવા મળે છે. જેમ માણસ મોટો થાય તો તેની મજબુતાઈ વગેરેમાં ફેર પડે છે. ॥૧૦॥

तथापि तत्र अन्यजीवप्रेरणा अवश्यं विद्यते । अतो न अतिव्याप्तिः। तथा परमाणुरपि गतिं करोति परंतु तस्य आकाशश्रेण्या नियतगमनं भवति । अत एव तत्रापि न अतिव्याप्तिः ।

प्रमादवशात् प्राणिपीडनं हिंसा ॥११॥

૨૫→योगशास्त्रे "मियंस्वेत्युच्यमानेऽपि देही भवति दुःखी" इति वचनयोगेन "तथा हन्मीति संक्लेशात्" इति मनोयोगेन अपि हिंसा भवति अष्टक - १६ ॥ प्रमादवशात् इति पदोपादानात् अनशनादिबाह्यतपः हिंसाकोटिं न बिभर्ति, तत्र कषायादिप्रमादस्य अभावात् आत्मोन्नतिं लक्ष्यीकृत्य आचरणाच्च प्रमादलेशगंधमपि नास्ति ॥

शिष्यस्य प्रतिचोदनायामपि न अतिव्याप्तिः, तत्र "एनं हन्मि" इति क्रोधकषायात्मकप्रमादस्य अभावात्, अपि तु एनं गुणोपेतं करोमि इति भावदयासमन्वितत्वेन परमार्थतोऽहिंसा । तथा वैद्यशास्त्रक्रियावत् परोपकारस्वरूपा। "प्रमत्ताध्यवसायप्रकारतानिरूपितविशेष्यताशालिकाययोगो हिंसा" अत एव मनसि "एनं हन्मि" इति संक्लेशात्मकप्रमत्ताध्यवसायके मनोयोगे सति वाग्योगस्य शुद्धता अपि हिंसां निवारयितुं न सक्षमा । आत्महत्यायां तु संसारदुखतप्तजीवात्मा कर्मक्षयोपायमुपेक्ष्य "एनं आत्मानं हन्मि" इति प्रमादवशेन प्रवृत्तत्वात् न अव्याप्तिः ।

यद्वा

प्रमादयोगेन शुभसंकल्पाभावे सति प्राणव्यपरोपणं हिंसा ॥११॥

૨૬→ यतनाभाव प्रमादयोगः, यथाशक्यं जीवरक्षानुकूलो व्यापारः यतना । विधिजन्यमोक्षेच्छा शुभसंकल्पः ।

૨૪→વાયુ આત્માવાળો છે બીજાએ હંકાર્યો ન હોવા છતાં તિર્છો આમતેમ—અનિયત રીતે જતો હોવાથી ગાયની જેમ. યન્ત્ર માનવ અનિયત ગમનાદિ કરે છે ખરો પણ અન્યની પ્રેરણાથી માટે અતિવ્યાપ્તિ નથી. તથા પરમાણુ ગતિ કરે છે, પરંતુ તેનું ગમન આકાશશ્રેણીના અનુસારે જ થાય છે, તેથી તેમાં પણ અતિવ્યાપ્તિ નથી.

પ્રમાદના વશથી પ્રાણીને પીડા ઉપજાવવી તે હિંસા ॥૧૧॥

૨૫→ યોગશાસ્ત્રમાં "તું મરી જા" આમ કહેવાથી પણ જીવ દુખી થાય છે" એમ વચન યોગથી હિંસા દર્શાવી છે, "હું હણું" આવા સંક્લેશથી હિંસા થાય છે એમ (હરિ.અષ્ટક)માં કહ્યું છે. "પ્રમાદવશાત્" પદ મૂકવાથી બાહ્યતપમાં પ્રાણી દુઃખી થાય છે, પરંતુ ત્યાં પ્રમાદ ન હોવાથી અતિવ્યાપ્તિ નથી. શિષ્યને કડક શિક્ષા વગેરેમાં પણ હિંસા નથી લાગતી, કારણ કે ત્યાં ક્રોધકષાયરૂપ પ્રમાદનો અભાવ છે, ઉલટુ આને ગુણવાળો બનાવું એવી ભાવદયા હોવાથી અહિંસા રૂપ છે, વૈદ્યના ઓપરેશનની જેમ આ પરોપકાર સ્વરૂપ છે.

પ્રમત્તઅધ્યવસાયવાળો કાયયોગ હિંસા છે, તેથી મનમાં સંક્લેશ અધ્યવસાય હોય તો વાગ્યોગ શુદ્ધ હોવા માત્રથી હિંસા અટકી જતી નથી. આત્મહત્યા સ્થળે સંસાર દુઃખથી તપ્ત થયેલ જીવાત્મા કર્મક્ષયના લક્ષ્યની ઉપેક્ષા કરી "આ આત્માને હણી નાખું" આવા ક્રોધલોભથી મિશ્રિત પ્રમાદથી પ્રવૃત્ત થયેલ હોવાથી તે હિંસા જ કહેવાય, માટે તેમાં અવ્યાપ્તિ નથી આવતી ।૧૧।

અથવા

राज्यादिनिदानार्थे कृते अनशने आत्महत्यायां च तादृशशुभसंकल्पस्य अभावात् न अव्याप्तिः । निदानरहिते भवचरिमभक्तप्रत्याख्यानादिमरणे शुभसंकल्पसत्त्वात् न अतिव्याप्तिः [शास्त्र वा. भा-२ पे.-६२]

२७→तृतीय हेतु माह

[रागद्वेषजन्यो मनसः परिणामः कषायः]

भवप्रयोजकाध्यवसायः कषायः ॥ ॥१२॥

२८→ कषायत्वावच्छिन्नाध्यवसायेनैव कर्मणि स्थितिरुपपद्यते स्थित्या आत्मनो भवे अवस्थानं भवति इत्यर्थः । कलुषयन्ति शुद्धस्वभावं सन्तं कर्ममलिनं कुर्वन्ति जीवम् इति कषाया:इत्यर्थः ॥१२॥

२९→ यद्यपि मनोवचःकायानां व्यापारो योगः, तथापि तेषां योगात्मकत्वात् आत्माश्रय अत आह....

आत्मपरिस्पन्दनप्रयोजकत्वं योगत्वम् ॥१३॥

३०→योगमाहात्म्यात् आत्मप्रदेशानां सर्वदा क्वथ्यमानोदकवत् परिस्पन्दनात् कर्मबंधः । एवं योगसेनापतिसहायेन कर्मराज आत्मनि स्वध्वजं धारयति । योगसाम्राज्यविलीने कर्मराजस्य स्वतः विलयो भवति । योगाभावकाले आत्मप्रदेशानां स्थिरत्वात् कर्मबन्धाभावः । अन्यथा मुक्तानामपि कर्मबंधप्रसंगः ।

३१→अथ तत्प्रतिपक्षभूतानां आत्मगुणानां स्वरूपं दर्शयन् आह-

[શુભસંકલ્પનો અભાવ હોય ત્યારે પ્રમાદના વશથી પ્રાણનો નાશ કરવો તે હિંસા. ॥૧૧॥]

૨૬→ તેમાં યતના- જયણાનો અભાવ તે પ્રમાદ કહેવાય.

જેટલું શક્ય હોય તેટલા પ્રમાણમાં જીવની રક્ષા કરવાનો વ્યાપાર કરવો તે જયણા.

વિધિથી જન્ય=સુશાસ્ત્રવિહિત કથનાનુસાર ઉત્પન્ન થયેલી જે મોક્ષની ઇચ્છા તે શુભસંકલ્પ છે.

નિયાણાથીમરણમાં તથા આત્મહત્યામાં આવો શુભ–સંકલ્પ ન હોવાથી હત્યા ઘટી જશે, એટલે અવ્યાપ્તિ નહી થાય. તેમજ નિયાણા વગરના ભક્તપરિજ્ઞા વગેરે અનશનમાં મરણ છે ખરું, પણ ત્યાં મોક્ષની ઇચ્છા બેઠેલી છે, માટે ત્યાં અતિવ્યાપ્તિ પણ નહીં થાય.

૨૭→ કર્મબંધના ત્રીજા હેતુને કહે છે.....

[રાગ દ્વેષથી ઉભા થયેલ મનના પરિણામ તે કષાય]

ભવ પ્રયોજક એવો આત્મ-પરિણામ તે કષાય ॥૧૨॥

૨૮→ કાષાયિક અધ્યવસાયથી જ કર્મમાં સ્થિતિ ઉભી થાય છે, જે સ્થિતિના કારણે આત્મા સંસારમાં રહે છે, સ્થિતિબંધ ન થતો હોય તો કોઈ પણ કર્મ ટકી શકે નહીં, એટલે મોક્ષ થતા વાર ન લાગે, સ્થિતિ વગરના બંધને તો માત્ર યોગના બળથી–રોધથી જ રોકી શકાય છે. એટલે રાગદ્વેષથી ઉભા થતા મનના પરિણામ તે કષાય. ॥૧૨॥

૨૯→મન વચન કાયાનો વ્યાપાર તે યોગ, આવું લક્ષણકરીએ તો તેઓ ત્રણે પણ યોગ રૂપે હોવાથી આત્માશ્રય દોષ આવે, તેથી કહે છે.....

जिनवचनविषयकास्तिक्यप्रयोजकत्वं सम्यक्त्वम् ॥१४॥

૩૨→ "तमेवसच्चं निस्संकं जं जिणेहिं पवेइयं" इत्याकारात्मकं आस्तिक्यम् । (एतादृशास्तिक्ये सति) अत एव गुरु पारतंत्र्येण अन्यथा आचरणे अयथावस्थिततत्त्वज्ञानेऽपि न सम्यक्त्वहानिः ।

सम्यक्श्रद्धया यथावस्थितपदार्थावगमः सम्यग्ज्ञानम् ॥१५॥

૩૩→ सा एव ज्ञपरिज्ञा इति उच्यते । अध्यात्मवादे इदं अतीवावश्यकम्, अन्यथा सम्यक्त्वस्य विप्लवापत्तिः ॥१५॥

ज्ञपरिज्ञापूर्वकः पापव्यापारपरिहारः संयमः ॥१६॥

આત્મપરિસ્પંદનું પ્રયોજક જે હોય તે યોગ ॥૧૩॥

૩૦→ યોગના પ્રભાવે આત્મપ્રદેશો ઉકળતાપાણીની જેમ ઉછલતા રહે છે, તેથી કર્મબંધ થાય છે, એમ યોગ સેનાપતિના સહાયથી કર્મરાજા આત્મા ઉપર પોતાની હકુમત ચલાવે છે. યોગનું રાજ્ય નાશ પામતા કર્મરાજા જાતે જ વિલીન થઈ જાય છે, યોગના અભાવમાં આત્મપ્રદેશો સ્થિર થવાથી કર્મબંધ થતો નથી. નહીંતર મુક્તજીવોને કર્મબંધનો પ્રસંગ આવત. ॥૧૩॥

૩૧→ તેના પ્રતિપક્ષીભૂત-સંસારનો નાશકરાવનાર એવા જે આત્માના ગુણો છે, તેનું સ્વરૂપ દર્શાવતા કહે છે....

જિનવચનમાં આસ્તિક્ય પેદા કરાવે તે સમ્યક્ત્વ ॥૧૪॥

૩૨→ "તે જ સાચુ છે, જે જિનેશ્વરે ભાખ્યું છે, ભલે કદાચ મને ન સમજાય. આ આસ્તિકય છે. પોતે ગુરુએ જેમ દર્શાવ્યું તેમ માનવા અને કરવા લાગ્યો, ભલે પછી તેમાં કંઈ ગરબડ હોય, પરંતુ પોતાની અંદર એવો ભાવ હોય કે જેમ ભગવાને કહ્યું છે, તે પ્રમાણે હું કરી રહ્યો છું અને સમજી રહ્યો છું. અને વળી કોઈ સત્ય સમજાવે તો સ્વીકારવા પણ તૈયાર હોય છે. માટે તેના સમકિતમાં ખોટ—ખામી આવતી નથી. મિથ્યા-વિપરીત જ્ઞાનથી સમકિત અટકતું હોય ત્યારે ઉપા.યશો વિજયજી મહારાજે કમ્મપયડિમાં આવા આસ્તિક્યને ઉત્તેજક દર્શાવ્યું છે.

સમ્યગ્શ્રદ્ધાથી પદાર્થને યથાવસ્થિત રીતે જાણવા સમજવા તે સમ્યગ્જ્ઞાન; ॥૧૫॥

૩૩→આને જ જ્ઞપરિજ્ઞા કહેવાય છે. જ્યારે અધ્યાત્મની વાત આવે ત્યારે આ જ્ઞાનની અત્યંત જરૂર પડે છે, નહીંતર સત્ય વાતનો ખ્યાલ ન રહેવાથી ક્યાંક મિથ્યાત્વ પ્રવાહમાં તણાઈ જાય એટલે શ્રદ્ધા પ્રાપ્ત કર્યા પછી તેને ટકાવી રાખવા આ જ્ઞાન બહુ જ ઉપયોગી છે.

જ્ઞપરિજ્ઞાપૂર્વક પાપ વ્યાપારનો પરિહાર કરવો તે સંયમ ॥૧૬॥

૩૪→अनेनैव पूर्वद्वयोः साफल्यम् अन्यथातदनुसारसंयमानासेवनात् संसाररोगाऽनिवर्तनात् आत्मनो न कोऽपि लाभः । वैद्योपदिष्टौषधस्य ज्ञानश्रद्धयोः सत्योरपि तदनुसारेण औषधस्य असेवनात् न रोगो विलयं याति । तद्वत् सर्वं निष्फलं भवति । यदा एतेषां त्रयाणां पराकाष्ठा भवति तदा मोक्षो भवति ॥१६॥

૩૫→किं नाम मोक्षः? कार्मणवर्गणात्मककर्म अनंतानंतपुद्गलस्कन्धैरेकैकस्मिन् आत्मप्रदेशे गुणावरणाय प्रवर्तते, एतद् एव ख्यापयति एकैकस्मिन् प्रदेश अनंता गुणाः सन्ति ।

अतः तेषांकर्मणां सर्वथा विलयात् अनंतज्ञानं, अनंतदर्शनं, अनंतचारित्रं, अक्षयस्थितिः, अरूपित्वं, अगुरुलघुत्वं, अनंतवीर्यम् इति अष्टौ गुणा प्रादुर्भवन्ति । तदात्मको मोक्षः एतदेवआह ॥

उपाधिमात्रध्वंसो मोक्षः ॥१७॥

૩૬→उपाधिनाम कर्मणरुदयक्षयोपशमोपशमजन्यभावः=मनुष्यगत्यादिस्वरुपौदयिकभावः इन्द्रियशक्ति र्ज्ञानादिलब्ध्यात्मकः क्षयोपशमभावः सम्यक्त्वसंयमरूप उपशमभावः।
मात्रपदग्रहणात् देशक्षयात्मकनिर्जरायां न अतिव्याप्तिः । तत्र अन्यकर्मजन्योपाधेः सद्भावात् । अर्थात् आत्मनः स्वरूपे अवस्थानं मोक्षः ।

૩૪→આનાથી ઉપરના બેની સફલતા છે, નહીંતર તદનુસાર સંયમના આ સેવન વિના સંસારરોગ ન મટવાથી આત્માને શું ફાયદો ? જેમ વેદ ઉપર શ્રદ્ધા હોય, તેની દવાનો ખ્યાલ પણ હોય, પરંતુ લઈએ નહીં તો રોગ મટતો નથી. એટલે તેની જેમ બધુ નિષ્ફળ થવાની આપત્તિ આવે. આ ત્રણે પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે મોક્ષ થાય છે.

૩૫→મોક્ષ એટલે શું ? કાર્મણ વર્ગણાસ્વરૂપ જે કર્મ છે, તે અનંતાનંત પુદ્ગલના સ્કંધોદ્વારા એક એક આત્મપ્રદેશના ગુણને ઢાંકવા યત્ન કરે છે, આજ બતાવે છે કે ત્યાં ગુણ અનંતા હોવા જોઈએ. નહીંતર આટલી બધી વર્ગણાની શી જરૂર ? કર્મના સર્વથા વિલયથી અનંતજ્ઞાનાદિ આઠ ગુણો પ્રગટ થાય છે, તે સ્વરૂપ જ મોક્ષ છે, એથી તેનું લક્ષણ દર્શાવે છે.

તમામ ઉપાધિનો નાશ તે મોક્ષ ॥૧૭॥

૩૫→ આત્માના સ્વરૂપનું પ્રકટીકરણ થવું તે મોક્ષ.

ઉપાધિ → કર્મના ઉદય ક્ષયોપશમ ઉપશમજન્યભાવ એટલે કે કર્મના ઉદયથી જેમ મનુષ્ય ગતિ વગેરે મળે છે, ક્ષયોપશમથી ઈંદ્રિય વગેરે મળે છે, ઉપશમથી સમકિત અને ઉપશમચારિત્ર મળે છે, આ બધા જ ભાવોનો ધ્વંસ- નાશ થઈ જાય ત્યારે આત્માનું સાહજિક સ્વરૂપ પ્રગટ થાય. અનંત જ્ઞાનાદિ તે જ મોક્ષ છે. માત્રપદગ્રહણ કરવાથી દેશથી ઉપાધિના નાશ સ્વરૂપ નિર્જરામાં અતિવ્યાતિ નહીં થાય, કારણ કે તે વખતે બીજાકર્મથી જન્ય ઉપાધિ હાજર હોય, અર્થાત્ આત્માનું સ્વ સ્વરૂપમાં (આનંદમગ્ન) રહેવું તે મોક્ષ.

૩૭→ननु अनादिसंयोगस्य ध्वंसो ऽशक्यः, आकाशात्मसंयोगवत् । इति चेन्नअनादिमलस्य सुवर्णात् क्षारमृत्पुटपाकादिना विभागो भवति, तद्वत् अनादिकर्ममलस्य आत्मनःसकाशात् तपःस्वरूपतापेन विभागो शक्यः ।

अत एव नैयायिकाभिमतज्ञानादिसंतानोच्छेदो दुःखध्वंसो मोक्षोऽयुक्तः। न कोपि जनो जडीभवितुमिच्छति । सत्यपि दुःखाभावे सुखस्यापि अभिलाषा अस्ति एव, अतएव अस्वादुना भोजनेन क्षुधादुःखस्य नाशसम्भवेऽपि जनः स्वादुभोजने प्रवर्तते ॥१७॥

---

૩૭ શંકા→આકાશ અને આત્માનો સંબંધ અનાદિ હોવાથી નાશ નથી પામતો તો આત્મા અને કર્મનો સંયોગ કેમ કરીને થઈ શકે ?

સમા→સોનામાંથી અનાદિમળને અગ્નિ સંયોગ વગેરેથી દૂર કરી શકાય છે, તેમ તપ[1]રૂપી તાપથી આત્માથી કર્મ છૂટા પાડી શકાય છે.

એટલે જ્ઞાનાદિ સંતાન વગરનો માત્ર દુઃખ ધ્વંસ સ્વરૂપ મોક્ષ નથી. ભુખ શાંતકરવા સાથે સ્વાદની પણ અપેક્ષા બધાને હોય છે. ॥૧૭॥

इति
समाप्तप्रायम्
प्रमाणमीमांसाशास्त्रम् ।

"પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી રત્નશેખરસૂરિશ્વરના શિષ્ય રત્ન આચાર્યદેવશ્રી રત્નાકરસૂરિશ્વરજીના"
"શિષ્ય મુનિરત્નજ્યોત વિજય દ્વારા રચિત ગુર્જર વિવરણ સમાપ્ત"

शुभं भवतु

---

૧ દર્શનજ્ઞાન ચારિત્રની તમામ આરાધના બારમાંથી કોઈક તપમાં સમાવેશ પામી જાય છે, જિનદર્શન પણ વિનય અને સ્વાધ્યાય નામના તપ સ્વરૂપ છે, પ્રભુનો વિનય અને આત્માનું ભાન થતું હોવાથી.

परिशिष्ट

१. प्रमाणमीमांसाया : सूत्रपाठः ।

अथ प्रमाणमीमांसा ॥ १ ॥
सम्यगर्थनिर्णयः प्रमाणम् ॥ २॥
स्वनिर्णयः सन्नप्यलक्षणम्, अप्रमाणेऽपि भावात् ॥३॥
ग्रहीष्यमाणग्राहिण इव गृहीतग्राहिणोऽपि नाप्रामाण्यम् ॥४॥
अनुभयत्रोभयकोटिस्पर्शी प्रत्ययः संशयः ॥५॥
विशेषानुल्लेख्यनध्यवसायः ॥६॥
अतस्मिंस्तदेवेति विपर्ययः ॥७॥
प्रामाण्यनिश्चयः स्वतः परतो वा ॥८॥
प्रमाणं द्विधा ॥९॥
प्रत्यक्षं परोक्षं च ॥१०॥
व्यवस्थान्यथानिषेधानां सिद्धेः प्रत्यक्षेतरप्रमाणसिद्धिः ॥११॥
भावाभावात्मकत्वाद्वस्तुनो निर्विषयोऽभावः ॥१२॥
विशदः प्रत्यक्षम् ॥१३॥
प्रमाणान्तरानपेक्षेदन्तया प्रतिभासो वा वैशद्यम् ॥१४॥
तत् सर्वथावरणविलये चेतनस्य स्वरूपाविर्भावो मुख्यं केवलम् ॥१५॥
प्रज्ञातिशयविभ्रान्त्यादिसिद्धेस्तत्सिद्धिः ॥१६॥
बाधकाभावाच्च ॥१७॥
तत्तारतम्येऽवधिमनःपर्यायौ च ॥१८॥
विशुद्धिक्षेत्रस्वामिविषयभेदात् तद्भेदः ॥१९॥
इन्द्रियमनोनिमित्तोऽवग्रहेहावायधारणात्मा सांव्यवहारिकम् ॥२०॥
स्पर्शरसगन्धरूपशब्दग्रहणलक्षणानि स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणीन्द्रियाणि द्रव्यभावभेदानि ॥२१॥
द्रव्येन्द्रियं नियताकाराः पुद्गलाः ॥२२॥
भावेन्द्रियं लब्ध्युपयोगौ ॥२३॥
सर्वार्थग्रहणं मनः ॥२८॥
नार्थालोकौ ज्ञानस्य निमित्तमव्यतिरेकात् ॥२५॥
अक्षार्थयोगे दर्शनानन्तरमर्थग्रहणमवग्रहः ॥२६॥
अवगृहीतविशेषाकाङ्क्षणमीहा ॥२७॥
ईहितविशेषनिर्णयोऽवायः ॥२८॥
स्मृतिहेतुर्धारणा ॥२९॥
प्रमाणस्य विषयो द्रव्यपर्यायात्मकं वस्तु ॥३०॥
अर्थक्रियासामर्थ्यात् ॥३१॥
तल्लक्षणत्वाद्वस्तुनः ॥३२॥
पूर्वोत्तराकारपरिहारस्वीकारस्थितिलक्षणपरिणामेनास्यार्थक्रियोपपत्तेः ॥३३॥
फलमर्थप्रकाशः ॥३८॥
कर्मस्था क्रिया ॥३५॥
कर्तृस्था प्रमाणम् ॥३६॥
तस्यां सत्यामर्थप्रकाशसिद्धेः ॥३७॥
अज्ञाननिवृत्तिर्वा ॥३८॥
अवग्रहादीनां वा क्रमोपजनधर्माणां पूर्वं पूर्वं प्रमाणमुत्तरमुत्तरं फलम् ॥३९॥
हानादिबुद्धयो वा ॥४०॥
प्रमाणाद्भिन्नमभिन्नम् ॥४१॥
स्वपराभासी परिणाम्यात्मा प्रमाता ॥४२॥

इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां प्रमाणमीमांसायां प्रथमस्याध्यायस्य प्रथमाह्निकम् - ता-मू० ॥

अविशदः परोक्षम् ॥१॥
स्मृतिप्रत्यभिज्ञानोहानुमानागमस्तद्विधयः ॥२॥
वासनोद्बोधहेतुका तदित्याकार स्मृतिः ॥३॥
दर्शनस्मरणसम्भवं तदेवेदं तत्सदृशं तद्विलक्षणं तत्प्रतियोगीत्यादिसङ्कलनं प्रत्यभिज्ञानम् ॥४॥
उपलम्भानुपलम्भनिमित्तं व्याप्तिज्ञानम् ऊहः ॥५॥
व्याप्तिर्व्यापकस्य व्याप्ये सति भाव एव व्याप्यस्य वा तत्रैव भावः ॥६॥
साधनात्साध्यविज्ञानम् अनुमानम् ॥७॥
तत् द्विधा स्वार्थं परार्थं च ॥८॥
स्वार्थं स्वनिश्चितसाध्याविनाभावैकलक्षणात् साधनात् साध्यज्ञानम् ॥९॥
सहक्रमभाविनोः सहक्रमभावनियमोऽविनाभावः ॥१०॥
ऊहात् तन्निश्चयः ॥११॥
स्वभावः कारणं कार्यमेकार्थसमवायि विरोधि चेति पञ्चधा साधनम् ॥१२॥
सिषाधयिषितमसिद्धमबाध्यं साध्यं पक्षः ॥१३॥
प्रत्यक्षानुमानागमलोकस्ववचनप्रतीतयो बाधाः ॥१४॥

साध्यं साध्यधर्मविशिष्टो धर्मी, क्वचित्तु धर्मः ॥१५॥
धर्मी प्रमाणसिद्धः ॥१६॥
बुद्धिसिद्धोऽपि ॥१७॥
न दृष्टान्तोऽनुमानाङ्गम् ॥१८॥
साधनमात्रात् तत्सिद्धेः ॥१९॥
स व्याप्तिदर्शनभूमिः ॥२०॥
स साधर्म्यवैधर्म्याद् द्वेधा ॥२१॥
साधनधर्मप्रयुक्तसाध्यधर्मयोगी साधर्म्यदृष्टान्तः ॥२२॥
साध्यधर्मनिवृत्तिप्रयुक्तसाधनधर्मानिवृत्तियोगी वैधर्म्यदृष्टान्तः ॥२३॥

इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां प्रमाणमीमांसायां प्रथमस्याध्यायस्य द्वितीयमाह्निकम् । ता. मू० ॥

यथोक्तसाधनाभिधानजः परार्थम् ॥१॥
वचनमुपचारात् ॥२॥
तद् द्वेधा ॥३॥
तथोपपत्त्यन्यथानुपपत्तिभेदात् ॥४॥
नानयोस्तात्पर्ये भेदः ॥५॥
अत एव नोभयोः प्रयोगः ॥६॥
विषयोपदर्शनार्थं तु प्रतिज्ञा ॥७॥
गम्यमानत्वेऽपि साध्यधर्माधारसन्देहापनोदाय धर्मिणि पक्षधर्मोपसंहारवत् तदुपपत्तिः ॥८॥
एतावान् प्रेक्षप्रयोगः ॥९॥
बोध्यानुरोधात् प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनानि पञ्चापि ॥१०॥
साध्यनिर्देशः प्रतिज्ञा ॥११॥
साधनत्वाभिव्यञ्जकविभक्त्यन्तं साधनवचनं हेतुः ॥१२॥
दृष्टान्तवचनमुदाहरणम् ॥१३॥
धर्मिणि साधनस्योपसंहार उपनयः ॥१४॥
साध्यस्य निगमनम् ॥१५॥
असिद्धविरुद्धानैकान्तिकास्त्रयो हेत्वाभासाः ॥१६॥
नासन्निश्चितसत्त्वो वाऽन्यथानुपपन्न इति सत्त्वस्यासिद्धौ सन्देहे वाऽसिद्धः ॥१७॥
वादिप्रतिवाद्युभयभेदाच्चैतद्भेदः ॥१८॥
विशेष्यासिद्धादीनामेष्वेवान्तर्भावः ॥१९॥
विपरीतनियमोऽन्यथैवोपपद्यमानो विरुद्धः ॥२०॥
नियमस्यासिद्धौ सन्देहे वाऽन्यथाप्युपपद्यमानोऽनैकान्तिकः ॥२१॥
साधर्म्यवैधर्म्याभ्यामष्टावष्टौ दृष्टान्ताभासाः ॥२२॥
अमूर्तत्वेन नित्ये शब्दे साध्ये कर्मपरमाणुघटाः साध्यसाधनोभयविकलाः ॥२३॥
वैधर्म्येण परमाणुकर्माकाशाः साध्याद्यव्यतिरेकिणः ॥२४॥
वचनाद्रागे रागान्मरणधर्मकिञ्चिज्ज्ञत्वयोः सन्दिग्धसाध्यधर्मान्वयव्यतिरेका रथ्यापुरुषादयः ॥२५॥
विपरीतान्वयव्यतिरेकौ ॥२६॥
अप्रदर्शितान्वयव्यतिरेकौ ॥२७॥
साधनदोषाद्भावनं दूषणम् ॥२८॥
अभूतदोषोद्भावनानि दूषणाभासा जात्युत्तराणि ॥२९॥
तत्त्वसंरक्षणार्थं प्राश्निकादिसमक्षं साधनदूषणवदनं वादः ॥३०॥
स्वपक्षस्य सिद्धिर्जयः ॥३१॥
असिद्धिः पराजयः ॥३२॥
स निग्रहो वादिप्रतिवादिनोः ॥३३॥
न विप्रतिपत्त्यप्रतिपत्तिमात्रम् ॥३४॥
नाऽप्यसाधनाङ्गवचनमदोषोद्भावने ॥३५॥

इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां प्रमाणमीमांसायां द्वितीयस्याध्यायस्य कियन्ति सूत्राणि-सं मू० ॥

- स्वेष्टार्थसाधकमबाधितं गूढपदसमूहात्मकं प्रसिद्धावयवोपेतं वाक्यं पत्रम् ॥३६॥

(इति द्वितीयाध्यायस्य प्रथममाह्निकम्)

● द्वितीयाह्निकम् ●

- अतिरस्कृतान्य पक्षोऽभिप्रेत पदार्थांशग्राही ज्ञातुरभिप्रायो नयः ॥१॥
- द्रव्यपर्यायान्यतरस्य उभयस्य वा गौण मुख्य भावेन प्ररुपण प्रवीणो नैगमः ॥२॥
- अनिष्पन्न पर्यायस्य संकल्पमात्र ग्राही नेगमः ॥२॥
- अभेदरूपतया वस्तुजातस्य संग्राहक:संग्रहः ॥३॥
- संग्रहगृहीतार्थानां भेदरुपतया विधिपूर्वकं व्यावहरणं व्यवहारः ॥४॥
- वर्तमानमात्र पर्यायग्राही ऋजुसूत्रः ॥५॥

- कालादि भेदेन शब्दस्य भिन्नार्थवाचकत्वेन अभ्युपगमपरः शब्दः ॥६॥
- निरुक्ति भेदजन्य भिन्न पर्यायवाचकशब्दात् पदार्थनानात्व निरुपकः समभिरुढः ॥७॥
- शब्दप्रवृत्ति निमित्त भूत क्रिया युक्तस्य अर्थस्य तच्छब्द वाच्यत्वेन प्ररुपक एवं भूतः ॥८॥

[तृतीयाध्यायः]

- संयोग-समवाय-विशिष्टसामान्यान्यतमावच्छदेन नास्तीति प्रतीतिविषयोऽत्यन्ताभावः ॥१॥
- कार्याकारव्यावृत्तिमान् कार्यपूर्वपर्याय एव प्रागभावः [प्रतियोग्युपादाने कार्यप्राक्कालावच्छेदेन "एतत्कार्यं भविष्यति" इति प्रतीतिविषयत्वं प्रागभावः] ॥२॥
- कार्यकारव्यावृत्तिमान् कार्योत्तरपर्यायोध्वंसः [प्रतियोग्युपादाने कार्योत्तरकालावच्छेदेन एतत्कार्यं न उपलभ्यते (नष्टम्)" इति प्रतीतिविषयत्वं ध्वंसः ॥३॥
- स्वरूपावच्छेदन स्वरूपान्तरव्यवच्छेदोऽन्योऽन्यभावः ॥४॥
- ज्ञानदर्शनचारित्रगुणवान् जीवात्मा ॥५॥
- जडत्वे सति आत्मनो विभावदशाजनकत्त्वं कर्म ॥६॥
- मिथ्यात्वाविरतिकषाययोगेन कर्मण आत्मना सह एकीभवनं कर्मबंधः ॥७॥
- यथाध्यात्मम् असति सत्प्रकारिका बुद्धिः तत्कारणं वा मिथ्यात्वम् ॥८॥
- षट्कायवधषडिन्द्रभ्यो यतनया अनिवर्तनं अविरतिः ॥९॥
- जातिम्लानिवृद्धिप्रभतिधर्मवान् सजीवः ॥१०॥
- प्रमादवशात् प्राणिपीडनं हिंसा ॥११॥ [प्रमादयोगेन शुभसंकल्पाभावे इति प्राणव्यपरोपणं हिंसा ॥११॥]
- रागद्वेषजन्यो मनसः परिणामः कषायः ॥१२॥ [भवप्रयोजकाध्यवसायःकषायः]
- आत्मपरिस्पन्दनप्रयोजकत्वं योगत्वम् ॥१३॥
- जिनवचनविषयकास्तिक्यप्रयोजकत्वं सम्यक्त्वम् ॥१४॥
- सम्यक्श्रद्धया यथावस्थितपदार्थावगमः सम्यग्ज्ञानम् ॥१५॥
- ज्ञपारिज्ञापूर्वकः पापव्यापारपरिहारः संयमः ॥१६॥
- उपाधिमात्रध्वंसो मोक्षः ॥१७॥

[इति तृतीयाध्यायः]

२. प्रमाणमीमांसायाः सूत्राणां तुलना ।

१.१.२ परी० १.१ । प्रमाणन० १.२ ।
१.१.५ लघी० स्ववि० १.४ । प्रमाणन० १.१२ ।
१.१.६ प्रमाणन० १.१४ ।
१.१.७ प्रमाणन० १.१० ।
१.१.८ परी० १.१३ । प्रमाणन० १.२१ ।
१.१.९-१० परी० २.१-२ । प्रमाणन० २.१।
१.१.११ परी० ६.५६ ।
१.१.१३ न्याया०८ । लघी० १.३ । परी० २.३ । प्रमाणन० २.२।
१.१.१४ लघी० १.४ । परी० २.४ । प्रमाणन० २.३ ।
१.१.१५ न्याया० २७ । परी० २.११ ।
१.१.१६ योगभा० १.२५ ।
१.१.१७ लघी० स्ववि० १.४ ।
१.१.१८ प्रमाणन० २.२०-२२ ।
१.१.१९ तत्त्वार्थ० १.२६ ।
१.१.२० तत्त्वार्थ० १.१४-१५ । लघी० १.५,६ । परी० २.५ । प्रमाणन० २.५,६।
१.१.२१ न्यायसू० १.१.१२.१४ । तत्त्वार्थ० २.२०,२१।
१.१.२२ तत्त्वार्थ २.१७ ।

१.१.२३ तत्त्वार्थ २.१८ ।
१.१.२४ न्यायभा० १.१.९ ।
१.१.२५ लघी० ६.३.७। लघी० स्ववि० ६.५,७ । परी० २.६ ।
१.१.२६-२९ लघी ० १.५, ६ । प्रमाणन० २.७-१० ।
१.१.२७ लघी० स्ववि० १.५ ।
१.१.२८ लघी० स्ववि० १.५ ।
१.१.२९ लघी० स्ववि० १.६ ।
१.१.३० न्याया० २९ । लघी० २.१ । परी० ४.१ । प्रमाणन० ५.१ ।
१.१.३१.३२ न्यायबि० १.१५ ।
१.१.३३ परी० ४.२ । प्रमाणन० ५.२ ।
१.१.३४ न्यायबि० १.१९ । तत्त्वसं० का०१३४४ ।
१.१.३७ न्यायबि० १.२१ ।
१.१.३८ न्याय० २८ । आप्तमी० १०२ । परी० ५.१ । प्रमाणन० ६.३.१
१.१.३९ लघी० १.६ ।
१.१.४० न्याया०२८ । आप्तमी० १०२ । परी० ५.१ । प्रमाणन० ६.४,५ ।
१.१.४१ अष्टश०का०१०२ । परी० ५.२ । प्रमाणन० ६.६ ।
१.१.४२ न्याया० ३१ । प्रमाणन ७.५४,५५ ।
१.२.१ न्याया० ४ । लघी० १.३ । परी०३.१ । प्रमाणन० ३.१ ।
१.२.२ लघी० ३.१ । परी० ३.२ । प्रमाणन० ३.२ ।
१.२.३ परी० ३.३ । प्रमाणन० ३.३ ।
१.२.४ परी० ३.५-१० । प्रमाणन० ३.५६ ।
१.२.५ परी० ३.११ । प्रमाणन० ३.७ ।
१.२.६ हेतुबि० टि० लि० पृ० १८ ।
१.२.७ न्याया० पृ । लघी० ३.३ । न्याबि० २.१। परी० ३.१४ ।
१.२.८ न्यायबि० २.१२ । न्याय० १० । परी०३. ४२,५३। प्रमाणन० ३.९।
१.२.६ न्यायबि० २.३ । न्याय० ५ । लघी० ३.३. परी० ३.१४,५४ । प्रमाणन० ३.१० ।
१.२.१० परी० ३.१६-१८ ।
१.२.११ न्याबि० २.१५९ । परी० ३.१९ ।
१.२.१२ वै० सू० ६.२.१ ।
१.२.१३ न्यायबि० ३.४० । न्याय०१४ । न्यायबि० २.३ । परी० ३.२० । प्रमाणन० ३.१४ ।
१.२.१४ न्यायबि० ३.५ । न्याया० १४ । परी० ६.१५ । प्रमाणन० ६.४० ।
१.२.१५ न्यायवि० २.८ । परी० ३.२५, २६, ३२ । प्रमाणन० ३.१८-२०।
१.२.१६ -१७ परी० ३.२७-३१ । प्रमाणन० ३.२१,२२
१.२.१८-१९ न्यायबि० ३.१२२,१२३ । परी० ३.३७-४३ । प्रमाणन० ३.२८,३४-३८।
१.२.२० प्रमाणन० ३.४३ ।
१.२.२१ परी० ३.४७ । प्रमाणन० ३.४४ ।
१.२.२२ न्याया० १८ । परी ३.४८ । प्रमाणन० ३.४५ ।
१.२.२३ न्याया० १९ । परी० ३.४९ । प्रमाणन० ४६ ।
२.१.१-२ न्याया० १०,१३ । न्यायबि० ३.१,२ । परी० ३.५५,५६ प्रमाणन० ३.२.३ ।
२.१.३-६ न्याया० १७ । न्यायबि० ३.३-७ । परी० ३.९४-६७ प्रमाणन० ३.२९-३३
२.१.५ न्यायबि० ३६ ।
२.१.६ प्रमाणन० ३.३३
२.१.७-८ न्याया० १४ । परी० ३.३४-३६,९८ । प्रमाणन० ३.२८-२५
२.१.९ परी ३.३७ । प्रमाणन० ३.२८ ।
२.१.१० परी० ३.४६ । प्रमाणन० ३.४२
२.१.११ न्यायसू० १.१.३३ ।
२.१.१२ न्यायसार पृ० ५ ।
२.१.१३ न्यायसार पृ० १२ ।
२.१.१४ परी० ३.५० । प्रमाणन०३.४७।
२.१.१५ परी० ३.५१ । प्रमाणन ३.४८
२.१.१६ न्यायप्र० पृ० ३ । परी० ६.२१ । प्रमाणन० ६.४७ ।
२.१.१७ न्याया० २३ । परी० ६.२२.२८ । प्रमाणन० ६.४ ।
२.१.१८ न्यायबि० ३.५८ । प्रमाणन० ६.४९ ।
२.१.१९ प्रमेयक० पृ १५१ पं० १०
२.१.२० न्याया० २३ । परी० ६.२९। प्रमाणन० ६.५२ ।
२.१.२१ न्यायबि० ६.६५ । न्याया० २३ परी० ६.३०-३४ । प्रमाणन० ६.५८-५७ ।
२.१.२३ न्यायबि० ३.१२५ । परी० ६. ४०,४१ । प्रमाणन० ६.६०-६२ ।
२.१.२८ न्यायबि० ३.१३० । परी० ६. ४४ । प्रमाणन० ६.७१-७३ ।
२.१.२५ न्यायबि० ३.१२६, १३११३३ । प्रमाणन० ६.६३-६५, ७४-७६ ।
२.१.२६ न्यायबि० ३.१२८, १३६ । परी० ६.४२, ४५ । प्रमाणन० ३.६८,७६
२.१.२७ न्यायबि० ३.१२७, १३५। प्रमाणन० ६.६७,७८
२.१.२८ न्यायप्र० पृ० ८ । न्यायबि० ३.१३८, १३९ ।
२.१.२९ न्यायप्र० पृ० ८ । न्यायबि ० ३.१४०, १४१ न्याबि० २.२०२ ।
२.१.३० प्रमाणसं० परि० ६ । न्यायबि० २.२१२ । प्रमाणन० ८.१ ।
२.१.३१-३३ तत्त्वार्थश्लो०पृ०२८१पं०२ ।
२.१.३४ तत्त्वार्थश्लो० पृ० २८३ श्लो० ९९ से ।
२.१३५ न्यायवि० २.२०८ । तत्त्वार्थश्लो० पृ० २८१ श्लो० ६२ से ।

३. प्रमाणमीमांसागतानां विशेषनाम्नां सूची ।

[अ]

अकलङ्क २
अक्षपाद १,
अङ्गारमर्दक ७७
अद्वैतवादिन् १६०
अर्हत् १, ५०

[ई]

ईश्वरकृष्ण १००

[ए]

एकान्तपराभासिवादिन् १२९
एकान्तभिन्नाभिन्नफलवादिन् १२६
एकान्तस्वाभासिवादिन् १२९

[औ]

औलूक्य ११३

[क]

कणाद १
कपिल २१६
काणाद ११२
काव्यानुशासन ३
कुमारिल ५१

[च]

चार्वाक ३०.

[छ]

छन्दोनुशासन ३

[ज]

जैन १
जैमिनि ५४
जैमिनीय ९७

[त]

तत्त्वार्थसूत्राणि २
त्रिलोचन ९४

[ध]

धर्मकीर्ति २, ३५, २६८

[न]

नैयायिक २, ६, ३०, ९४ १६१, २०५
न्यायवादिन् १६९, १७१
न्यायविद् ८९

[प]

पाणिनि १
पारमर्ष १०२
पिङ्गल १
प्रमाणपरीक्षा ५
प्रमाणमीमांसा ३
प्रभाकर ३०

[ब]

बौद्ध २१४
ब्रह्म ५१

[भ]

भट्ट १४२
भद्रबाहु २०६
भाट्ट ३०
भाष्यकार ९२
भाष्यकारीय २५०
भिक्षु १५५

[म]

महेश्वर ५१
मीमांसक २०५

[य]

यौग १४९,

[ल]

लौकायतिक ३२

[व]

वाचक ८०
वाचकमुख्य २, ८०, १०२
वाचस्पति ९४
वार्तिककार २५१
विष्णु ५१
वृद्धसांख्य ९९
वैशेषिक ३०, १४७,

[श]

शब्दानुशासन ३

[स]

सांख्य ३०, २०५, २१३
सिद्धसेन १०२
सौगत २८, ३०, ३५, ९३, ९६, १६१, १८४
स्याद्वाद १२४
स्याद्वादिन् ११४

५. प्रमाणमीमांसागतानामवतरणानां सूची ।

[अ]

अग्निस्वभावः शक्रस्य [प्रमाणवा० १.३०] १७३
अथप्रमाणपरीक्षा [प्रमाणप० पृ० १] ५
अथापि नित्यं परमार्थसन्तम् [न्यायम० पृ० ४६४] १०९
अथापि वेददेहत्वात् [तत्त्वसं० का० ३२०८] ५१
अनिग्रहस्थाने [न्यासू० ५. २. २२] २६६
अनुपलम्भात् कारणव्यापकानुपलम्भाच्च [ ] १४७
अन्यथाऽनुपपन्नत्वम् [ ] १६१
अपाणिपादो ह्यमनो ग्रहीता [श्वेताश्व० ३.१६] ४६
अभिलापसंसर्गयोग्य-[न्यायवि० १.५,६] ९६
अयमेवेति यो होष [श्लोकवा० अभाव० श्लो० १५] ३६
अर्थक्रिया न युज्येत [लघी० २.१] ४५
अर्थक्रियाऽसमर्थस्य [प्रमाणवा० १.२१५] १०४
अर्थस्यासम्भवेऽभावात् [धर्मकीर्ति] ३५
अर्थादापन्नस्य स्वशब्देन [न्यासू० ५२.१५] २०३
अर्थेन घटयत्येनाम् [प्रमाणवा० ३.३०५] ८६
अर्थोपलब्धिहेतुः प्रमाणम् [ ] २६
अल्पाक्षरमसन्दिग्धम् [ ] १४०
अविच्चुई धारणा होई [विशेषा०गा० १८०] ९२
असाधनाङ्गवचनम् [वादन्यायः का० १] २६८

[आ]

आद्यन्तापेक्षिणी सत्ता [ ] १७८
आवर्तवर्तनाशालि- [न्यायम० पृ० ३०] १७२

[इ]

इदमल्पं महद्दूरम् [लघी ० ३. १२] १४०
इन्द्रियार्थसन्निकर्षोत्पन्नम् [न्यायसू० १.१.४] ९४

[उ]

उत्पादव्ययध्रौव्ययुक्तं सत् [तत्त्वार्थ०५.२९] १०२
उपन्नेइ वा विगमेइ वा [ ] १०२
उपमानं प्रसिद्धार्थ- [लघी० ३.१०] १३९

[ए]

एवं सत्यनुवादित्वम् [श्लोकवा ० सू० ४ श्लो० ३९] ९७
एकसामग्र्यधीनस्य [प्रमाणवा० १.१०] १७१
एकार्थसमवायस्तु [ ] १७७

[क]

कत्थइ पञ्चावयवं [दश०नि०५०] २०६
कार्यं धूमो हुतभुजः [प्रमाणवा० १.३५] १७३
कार्यव्यासङ्गात् [न्यायसू० ५.२.१९] २६५
कालमसंखं संखं च [विशेषा०९३०३३३] १३३
किन्त्वस्य विनिवर्तन्ते [तत्त्वस. का० २२५] १३०

[ग]

गतानुगतिको लोकः [न्यायम० प०१] २४६
गम्भीरगर्जितारम्भ [न्यायम० पृ १२९] १७२
गृहीत्वावस्तुसद्भावम् [श्लोकवा० अभाव० श्लो० २७] ३७

[ज]

जाणइ बज्झेणुमाणेणं [विशेषा०गा०८१४] ६१
ज्ञानमप्रतिघं यस्य [ ] ५०
ज्ञानादतिरिक्तो भावनाख्यः [ ] ९१

[ड]

डिण्डिकरागं परित्यज्य [हेतु० परि०१] २०३

[त]

तत्त्वाध्यवसायसंरक्षणार्थम् [न्यायसू० ४.२.५०] २४४
तत्रापूर्वार्थविज्ञानम् [ ] १५
तत्संप्रयोगे पुरुषस्य [शाबरभा० १.१.५] ९९
तथैव नित्यचैतन्य- [तत्त्वसं०का०२२४] १३०
त्रिकालविषयं तत्त्वम् [सिद्धिवि० लि० पृ० ४१४ ए] ४८

[द]

दुःशिक्षितकुतर्कांश- [न्यायम० पृ० ११] २४६
दृष्टश्चासावन्ते [न्यायवा० ५.२.२] २५१
दोहिं वि नएहिं [सन्मति० ३.४९] १०२

[ध]

धीरत्यन्तपरोक्षेऽर्थे [सिद्धिवि० लि० पृ० ४१३ A] ४७


[न]

न च कर्तृत्वभोक्तृत्वे [तत्त्वसं० का० २२७]१३०
न तावदिन्द्रियेणैषा [श्लोकवा० अभाव० श्लो० १८] ३७
नर्ते तदागमात्सिध्येत् [श्लोकवा० सू० श्लो० १४२] ४६
न स्मृतेरप्रमाणत्वम् [न्यायम० पृ० २३] १९
नाननुकृतान्वयव्यतिरेकम् [ ] १३६
नानुपलब्धे न निर्णीते [न्यायमा० १.१.१] १८१
नासतो हेतुता नापि [ ] १२३
नासिद्ध भावधर्मोऽस्ति [प्रमाणवा० १.१९२.३] १८६
नोदना हि भूतं भवन्तम् [शाबरभा० १.१. २] ४८

[प]

पञ्चवर्ण भवेद्वस्त्रम् [ ] १३८

पयोम्बुभेदी हंसः स्यात् [ ] १३८
पित्रोश्च ब्राह्मणत्वेन [ ] २१२
पुट्ठं सुणेइ सद्दं [आव० नि०५] ८८
पुढवी चित्तमन्तमक्खाया [दशवै०४.१] ६९
पूर्वप्रमितमात्रे हि [तत्त्वसं० का०४५३] १४१
प्रतिज्ञाहेतूदाहरण-[न्यायसू० १. १. ३२] २७५
प्रतिज्ञाहेत्वोर्विरोधः [न्यायसू० ५.२.४] २५३
प्रतिदृष्टान्तधर्मानुज्ञा [न्यायसू० ५.२.२] २४९
प्रतिविषयाध्यवसायो दृष्टम् [सांख्याका०५] १००
प्रत्यक्षं कल्पनाऽपोढम् [न्यायवि १.४] ९६
प्रत्यक्षमनुमानं च [प्रमाणमु० १.२ न्यायवि० १.३] ३०
प्रत्यक्षागमबाधित- [ ] २११
प्रत्येकं यो भवेद्दोषः [ ] १२०
प्रमाणं स्वपराभासि [न्याया०१] ९
प्रमाणतर्कसाधनोपालम्भः [न्यासू० १.२ १] २४४
प्रमाणनयैरधिगमः [तत्त्वार्थ० १.६] ५
प्रमाणमविसंवादि ज्ञानम् [प्रमाणवा० २.१] २८
प्रमाणस्य फलं साक्षात् [न्याया० २८] १२५
प्रमाणेतरसामान्य [धर्मकीर्ति] ३५
[ब]
बाधाऽविनाभावयोर्विरोधात् [हेतु० परि०४] १६२
[म]
भिन्नकालं कथं ग्राह्यम् [प्रमाणवा० ३.२४७] ८४
[म]
मतिश्रुतयोर्निबन्धः [तत्त्वार्थ०१.२७] ८०
मदेन मानेन मनोभवेन [अयोग०२५] ५२
[य]
यत्र तत्र समये यथा तथा [अयोग० ३१] ५३
यथाहेः कुण्डलावस्था [तत्त्वसं० का० २२३] १३०
यथोक्तोपपन्नच्छलजाति- [न्यायसू० १.२.२] २४५
यदीयसम्यक्त्वबलात् प्रतीमः [अयोग०२१] ५०
यश्चाप्यतिशयो दृष्टः [श्लोकवा० सू० २ श्लो० ११४] १४२
यस्त्वन्यतोऽपि भवन्नुपलब्धः [ ] १७३
यो यत्रैव स तत्रैव [ ] १०९
[र]
रूपं यद्यन्वयो हेतोः [ ] १७५
रूपालोकमनस्कार- [ ] ८१
रूपिष्ववधेः- [तत्त्वार्थ० १.२८] ६०
रोमशो दन्तुरः श्यामः [न्यायम० पृ० १४३] १३८
रोलम्बगवलव्याल- [षड्द० २०, न्यायम पृ० १२९] १७२
[ल]
लिङ्गस्यानन्वया अष्टौ [ ] २२८
लिङ्गे लिङ्गी भवत्येव [ ] १५३
[व]
वर्षातपाभ्यां किं व्योम्नः [ ] ४४
वहद्बहलशेवाल- [न्यायम० पृ० १३०] १७३
विदुषां वाच्यो हेतुरेव हि केवलः [प्रमाणवा० १.२८] २०५
विप्रतिपत्तिरप्रतिपत्तिश्च [न्यायसू० १२.१९] २४८
विरुद्धं हेतुमुद्भाव्य [ ] २४७
व्याप्तिग्रहणकाले [ ] ८९
[श]
शङ्खः कदल्यां कदली च [ ] २५७
श्रुतमनिन्द्रियस्य [तत्त्वार्थ०२.२२] ८०
श्रोत्रादिवृत्तिरविकल्पिका प्रत्यक्षम् [ ] ९९
[स]
सकलप्रमाणज्येष्ठं प्रत्यक्षम् [ ] ३२
सत्संप्रयोगे पुरुषस्य [जैमि० १.१.४] ९७, ९९
स प्रतिपक्षस्थापनाहीनः [न्यायसू०१.२.३] २४५
सम्बद्धं वर्तमानं च [श्लोकवा० स्०४ श्लो० ८४] ५३, १४१
सम्यगनुभवसाधनं प्रमाणम् [न्यायसा:पृ०१] २७
सम्यगर्थे च संशब्दः [श्लोकवा० सू ४ श्लो० ३८,३९] ९८
सर्व एवानुमानानुमेयव्यवहारः [ ] १८४
सर्वमस्ति स्वरूपेण [ ] ५०
सादेरपि न सान्तत्वम् [ ] १६९
साध्यधर्मप्रत्यनीकेन [न्यायभा० ५.२.२] २५०
साध्यानुवादाल्लिङ्गस्य [ ] २२६
सापेक्षमसमर्थम् [पात०महा०३.१.८] १०५
सिद्धान्तमभ्युपेत्य [न्यायसू० ५.२.२३] २६६
स्यातामत्यन्तनाशे हि [तत्त्वसं०का०२२६] १३०
स्वसमयपरसमयज्ञाः [ ] २४३
स्वापूर्वार्थव्यवसायात्मकम् [परी०१.१] १५
स्वार्थव्यवसायात्मकम् [तत्त्वार्थश्लो० १.१०७७] ९
[ह]
हसति हसति स्वामिन्युच्चैः [वादन्यायः पृ० १११] २६२
हीनमन्यतमेनापि न्यूनम् [न्यायसू० ५.२.१२] २७५
हेतोस्तथोपपत्त्या वा [न्याया० १७] १९९
हेत्वपदेशात् प्रतिज्ञायाः [न्यायसू० १.१ ३९] २६२
हेत्वाभासाश्च यथोक्ताः [न्यायसू० ५.२.२४] २६७



Printed by : Navneet Printers, Phone 079-5625326 Mob. : 98252 61177